# “અહો શ્રુતજ્ઞાનમ્” ગ્રંથ જીર્ણોધ્ધાર ૧૪૧

## જૈન સાહિત્ય સંશોધક

## વર્ષ-૦૩ – અંક-૧, ૨

**: દ્રવ્ય સહાયક :**

પૂજ્ય આચાર્ય શ્રી રામચન્દ્ર-ભદ્રંકર-કુંદકુંદસૂરીશ્વરજી મહારાજાના
શિષ્યરત્ન વર્ધમાન તપની ૧૦૦+૭૯ ઓળીના આરાધક
પૂ. પંન્યાસ પ્રવર શ્રી નયભદ્રવિજયજી મ.સા.ની શુભ પ્રેરણાથી
શ્રી ભાવવર્ધક જૈન સંઘ, રાહેજા ટાવર, મલાડ (ઇસ્ટ), મુંબઈની
જ્ઞાનખાતાની ઉપજમાંથી

**: સંયોજક :**

શાહ બાબુલાલ સરેમલ બેડાવાળા
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર
શા. વીમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હીરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-380005
(મો.) 9426585904 (ઓ.) 22132543

સંવત ૨૦૬૮ ઈ.સ. ૨૦૧૨

# શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર


સંયોજક – શાહ બાબુલાલ સરેમલ

શાહ વીમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન

હીરાજૈન સોસાયટી, રામનગર, સાબરમતી, અમદાવાદ-૦૫.

(મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩ (ઇ-મેલ) ahoshrut.bs@gmail.com


## અહો શ્રુતજ્ઞાનમ્ ગ્રંથ જીર્ણોદ્ધાર – સંવત ૨૦૬૫ (ઈ. ૨૦૦૯) – સેટ નં-૧

પ્રાયઃ જીર્ણ અપ્રાપ્ય પુસ્તકોને સ્કેન કરાવીને ડી.વી.ડી. બનાવી તેની યાદી.

*આ પુસ્તકો **www.jainelibrary.org** વેબસાઇટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.*

| ક્રમાંક | પુસ્તકનું નામ | કર્ત્તા-ટીકાકાર-સંપાદક | પૃષ્ઠ |
|---|---|---|---|
| 001 | શ્રી નંદીસૂત્ર અવચૂરી | પૂ. વિક્રમસૂરિજી મ.સા. | 238 |
| 002 | શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ચૂર્ણી | પૂ. જિનદાસગણિ ચૂર્ણીકાર | 286 |
| 003 | શ્રી અર્હદ્‌ગીતા-ભગવદ્‌ગીતા | પૂ. મેઘવિજયજી ગણિ મ.સા. | 84 |
| 004 | શ્રી અર્હચ્ચૂડામણિ સારસટીકઃ | પૂ. ભદ્રબાહુસ્વામી મ.સા. | 18 |
| 005 | શ્રી યૂક્તિ પ્રકાશસૂત્રં | પૂ. પદ્મસાગરજી ગણિ મ.સા. | 48 |
| 006 | શ્રી માનતુઙ્ગશાસ્ત્રમ્ | પૂ. માનતુંગવિજયજી મ.સા. | 54 |
| 007 | અપરાજિતપૃચ્છા | શ્રી બી. ભટ્ટાચાર્ય | 810 |
| 008 | શિલ્પ સ્મૃતિ વાસ્તુ વિદ્યાયામ્ | શ્રી નંદલાલ ચુનિલાલ સોમપુરા | 850 |
| 009 | શિલ્પરત્નમ્ ભાગ-૧ | શ્રીકુમાર કે. સભાત્સવ શાસ્ત્રી | 322 |
| 010 | શિલ્પરત્નમ્ ભાગ-૨ | શ્રીકુમાર કે. સભાત્સવ શાસ્ત્રી | 280 |
| 011 | પ્રાસાદતિલક | શ્રી પ્રભાશંકર ઓઘડભાઈ | 162 |
| 012 | કાશ્યશિલ્પમ્ | શ્રી વિનાયક ગણેશ આપટે | 302 |
| 013 | પ્રાસાદમઞ્જરી | શ્રી પ્રભાશંકર ઓઘડભાઈ | 156 |
| 014 | રાજવલ્લભ યાને શિલ્પશાસ્ત્ર | શ્રી નારાયણ ભારતી ગોંસાઈ | 352 |
| 015 | શિલ્પદીપક | શ્રી ગંગાધરજી પ્રણીત | 120 |
| 016 | વાસ્તુસાર | શ્રી પ્રભાશંકર ઓઘડભાઈ | 88 |
| 017 | દીપાર્ણવ ઉત્તરાર્ધ | શ્રી પ્રભાશંકર ઓઘડભાઈ | 110 |
| 018 | જિનપ્રાસાદ માર્તણ્ડ | શ્રી નંદલાલ ચુનીલાલ સોમપુરા | 498 |
| 019 | જૈન ગ્રંથાવલી | શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફ્રન્સ | 502 |
| 020 | હીરકલશ જૈન જ્યોતિષ | શ્રી હિમ્મતરામ મહાશંકર જાની | 454 |
| 021 | ન્યાયપ્રવેશઃ ભાગ-૧ | શ્રી આનંદશંકર બી. ધ્રુવ | 226 |
| 022 | દીપાર્ણવ પૂર્વાર્ધ | શ્રી પ્રભાશંકર ઓઘડભાઈ | 640 |
| 023 | અનેકાન્ત જયપતાકાખ્યં ભાગ-૧ | પૂ. મુનિચંદ્રસૂરિજી મ.સા. | 452 |
| 024 | અનેકાન્ત જયપતાકાખ્યં ભાગ-૨ | શ્રી એચ. આર. કાપડીઆ | 500 |
| 025 | પ્રાકૃત વ્યાકરણ ભાષાંતર સહ | શ્રી બેચરદાસ જીવરાજ દોશી | 454 |

| | | | |
|---|---|---|---|
| **026** | **तत्त्पोपप्लवसिंहः** | **श्री जयराशी भट्ट, बी. भट्टाचार्य** | **188** |
| **027** | **शक्तिवादादर्शः** | **श्री सुदर्शनाचार्य शास्त्री** | **214** |
| **028** | **क्षीरार्णव** | **श्री प्रभाशंकर ओघडभाई** | **414** |
| **029** | **वेधवास्तु प्रभाकर** | **श्री प्रभाशंकर ओघडभाई** | **192** |
| **030** | **शिल्परत्नाकर** | **श्री नर्मदाशंकर शास्त्री** | **824** |
| **031** | **प्रासाद मंडन** | **पं. भगवानदास जैन** | **288** |
| **032** | **श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-१** | **पू. लावण्यसूरिजी म.सा.** | **520** |
| **033** | **श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-२** | **पू. लावण्यसूरिजी म.सा.** | **578** |
| **034** | **श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-३ (१)** | **पू. लावण्यसूरिजी म.सा.** | **278** |
| **035** | **श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-3 (२) (३)** | **पू. लावण्यसूरिजी म.सा.** | **252** |
| **036** | **श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-५** | **पू. लावण्यसूरिजी म.सा.** | **324** |
| **037** | વાસ્તુનિધંટુ | પ્રભાશંકર ઓધડભાઈ સોમપુરા | 302 |
| **038** | તિલકમઞ્જરી ભાગ-૧ | પૂ. લાવણ્યસૂરિજી | 196 |
| **039** | તિલકમઞ્જરી ભાગ-૨ | પૂ. લાવણ્યસૂરિજી | 190 |
| **040** | તિલકમઞ્જરી ભાગ-૩ | પૂ. લાવણ્યસૂરિજી | 202 |
| **041** | સપ્તસન્ધાન મહાકાવ્યમ્ | પૂ. વિજયઅમૃતસૂરિશ્વરજી | 480 |
| **042** | સપ્તભઙ્ગીમિમાંસા | પૂ. પં. શિવાનન્દવિજયજી | 228 |
| **043** | ન્યાયાવતાર | સતિષચંદ્ર વિદ્યાભૂષણ | 60 |
| **044** | વ્યુત્પત્તિવાદ ગુઢાર્થતત્વાલોક | શ્રી ધર્મદત્તસૂરિ (બચ્છા ઝા) | 218 |
| **045** | સામાન્યનિર્યુક્તિ ગુઢાર્થતત્વાલોક | શ્રી ધર્મદત્તસૂરિ (બચ્છા ઝા) | 190 |
| **046** | સપ્તભઙ્ગીનયપ્રદીપ બાલબોધિનીવિવૃત્તિઃ | પૂ. લાવણ્યસૂરિજી | 138 |
| **047** | વ્યુત્પત્તિવાદ શાસ્ત્રાર્થકલા ટીકા | શ્રીવેણીમાધવ શાસ્ત્રી | 296 |
| **048** | નયોપદેશ ભાગ-૧ તરઙ્ગિણીતરણી | પૂ. લાવણ્યસૂરિજી | 210 |
| **049** | નયોપદેશ ભાગ-૨ તરઙ્ગિણીતરણી | પૂ. લાવણ્યસૂરિજી | 274 |
| **050** | ન્યાયસમુચ્ચય | પૂ. લાવણ્યસૂરિજી | 286 |
| **051** | સ્યાદ્યાર્થપ્રકાશઃ | પૂ. લાવણ્યસૂરિજી | 216 |
| **052** | દિન શુદ્ધિ પ્રકરણ | પૂ. દર્શનવિજયજી | 532 |
| **053** | બૃહદ્ ધારણા યંત્ર | પૂ. દર્શનવિજયજી | 113 |
| **054** | જ્યોતિર્મહોદય | સં. પૂ. અક્ષયવિજયજી | 112 |

# શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર


**સંયોજક – શાહ બાબુલાલ સરેમલ**

શાહ વીમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન

હીરાજૈન સોસાયટી, રામનગર, સાબરમતી, અમદાવાદ-૦૫.

(મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩ (ઇ-મેલ) ahoshrut.bs@gmail.com


## અહો શ્રુતજ્ઞાનમ્ ગ્રંથ જીર્ણોદ્ધાર – સંવત ૨૦૬૬ (ઈ. ૨૦૧૦) – સેટ નં-૨

પ્રાયઃ જીર્ણ અપ્રાપ્ય પુસ્તકોને સ્કેન કરાવીને ડી.વી.ડી. બનાવી તેની યાદી.

*આ પુસ્તકો **www.jainelibrary.org** વેબસાઇટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.*

| ક્રમ | પુસ્તકનું નામ | ભાષા | કર્ત્તા-ટીકાકાર-સંપાદક | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| 055 | **श्री सिद्धहेम बृहद्वृत्ति बृहद्न्यास अध्याय-६** | **सं** | **पू. लावण्यसूरिजी म.सा.** | **296** |
| 056 | **विविध तीर्थ कल्प** | **सं** | **पू. जिनविजयजी म.सा.** | **160** |
| 057 | ભારતીય જૈન શ્રમણ સંસ્કૃતિ અને લેખનકળા | ગુજ. | **પૂ. પૂણ્યવિજયજી મ.સા.** | **164** |
| 058 | **सिद्धान्तलक्षणगूढार्थ तत्त्वलोकः** | **सं** | **श्री धर्मदत्तसूरि** | **202** |
| 059 | **व्याप्ति पञ्चक विवृत्ति टीका** | **सं** | **श्री धर्मदत्तसूरि** | **48** |
| 060 | જૈન સંગીત રાગમાળા | ગુ. | **શ્રી માંગરોળ જૈન સંગીત મંડળી** | **306** |
| 061 | **चतुर्विंशतीप्रबन्ध (प्रबंध कोश)** | **सं** | **श्री रसिकलाल एच. कापडीआ** | **322** |
| 062 | **व्युत्पत्तिवाद आदर्श व्याख्यया संपूर्ण ६ अध्याय** | **सं** | **श्री सुदर्शनाचार्य** | **668** |
| 063 | **चन्द्रप्रभा हेमकौमुदी** | **सं** | **पू. मेघविजयजी गणि** | **516** |
| 064 | **विवेक विलास** | **सं/ગુ.** | **श्री दामोदर गोविंदाचार्य** | **268** |
| 065 | **पञ्चशती प्रबोध प्रबंध** | **सं** | **पू. मृगेन्द्रविजयजी म.सा.** | **456** |
| 066 | **सन्मतितत्त्वसोपानम्** | **सं** | **पू. लब्धिसूरिजी म.सा.** | **420** |
| 067 | ઉપદેશમાલા દોઘટ્ટી ટીકા ગુર્જરાનુવાદ | ગુજ. | **પૂ. હેમસાગરસૂરિજી મ.સા.** | **638** |
| 068 | **मोहराजापराजयम्** | **सं** | **पू. चतुरविजयजी म.सा.** | **192** |
| 069 | **क्रियाकोश** | **सं/हिं** | **श्री मोहनलाल बांठिया** | **428** |
| 070 | **कालिकाचार्यकथासंग्रह** | **सं/ગુ.** | **श्री अंबालाल प्रेमचंद** | **406** |
| 071 | **सामान्यनिरुक्ति चंद्रकला कलाविलास टीका** | **सं.** | **श्री वामाचरण भट्टाचार्य** | **308** |
| 072 | **जन्मसमुद्रजातक** | **सं/हिं** | **श्री भगवानदास जैन** | **128** |
| 073 | **मेघमहोदय वर्षप्रबोध** | **सं/हिं** | **श्री भगवानदास जैन** | **532** |
| 074 | જૈન સામુદ્રિકનાં પાંચ ગ્રંથો | ગુજ. | **શ્રી હિમ્મતરામ મહાશંકર જાની** | **376** |

| | | | | |
|---|---|---|---|---|
| **075** | જૈન ચિત્ર કલ્પદ્રૂમ ભાગ-૧ | ગુજ. | **શ્રી સારાભાઈ નવાબ** | **374** |
| **076** | જૈન ચિત્ર કલ્પદ્રૂમ ભાગ-૨ | ગુજ. | **શ્રી સારાભાઈ નવાબ** | **238** |
| **077** | સંગીત નાટ્ય રૂપાવલી | ગુજ. | **શ્રી વિદ્યા સારાભાઈ નવાબ** | **194** |
| **078** | ભારતનાં જૈન તીર્થો અને તેનું શિલ્પસ્થાપત્ય | ગુજ. | **શ્રી સારાભાઈ નવાબ** | **192** |
| **079** | શિલ્પ ચિન્તામણિ ભાગ-૧ | ગુજ. | **શ્રી મનસુખલાલ ભુદરમલ** | **254** |
| **080** | બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-૧ | ગુજ. | **શ્રી જગન્નાથ અંબારામ** | **260** |
| **081** | બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-૨ | ગુજ. | **શ્રી જગન્નાથ અંબારામ** | **238** |
| **082** | બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-૩ | ગુજ. | **શ્રી જગન્નાથ અંબારામ** | **260** |
| **083** | આયુર્વેદના અનુભૂત પ્રયોગો ભાગ-૧ | ગુજ. | **પૂ. કાન્તિસાગરજી** | **114** |
| **084** | કલ્યાણ કારક | ગુજ. | **શ્રી વર્ધમાન પાર્શ્વનાથ શાસ્ત્રી** | **910** |
| **085** | **વિશ્વલોચન કોશ** | **સં./હિં** | **શ્રી નંદલાલ શર્મા** | **436** |
| **086** | કથા રત્ન કોશ ભાગ-1 | ગુજ. | **શ્રી બેચરદાસ જીવરાજ દોશી** | **336** |
| **087** | કથા રત્ન કોશ ભાગ-2 | ગુજ. | **શ્રી બેચરદાસ જીવરાજ દોશી** | **230** |
| **088** | હસ્તસઞ્જીવનમ્ | સં. | **પૂ. મેઘવિજયજીગણિ** | **322** |
| **089** | ઐન્દ્રચતુર્વિંશતિકા | સં. | **પૂ.યશોવિજયજી, પૂ. પુણ્યવિજયજી** | **114** |
| **090** | સમ્મતિ તર્ક મહાર્ણવાવતારિકા | સં. | **આચાર્ય શ્રી વિજયદર્શનસૂરિજી** | **560** |

# श्री आशापूरण पार्श्वनाथ जैन ज्ञानभंडार

**संयोजक – शाह बाबुलाल सरेमल -** (मो.) 9426585904 (ओ.) 22132543 - ahoshrut.bs@gmail.com

**शाह वीमळाबेन सरेमल जवेरचंदजी बेडावाळा भवन**

हीराजैन सोसायटी, रामनगर, साबरमती, अमदावाद-05.

## अहो श्रुतज्ञानम् ग्रंथ जीर्णोद्धार – संवत २०६७ (ई. 2011) सेट नं.-३

**प्रायः अप्राप्य प्राचीन पुस्तकों की स्केन डीवीडी बनाई उसकी सूची ।** *यह पुस्तके www.jainelibrary.org वेबसाइट से भी डाउनलोड कर सकते हैं ।*

| क्रम | पुस्तक नाम | कर्त्ता / टीकाकार | भाषा | संपादक / प्रकाशक | पृष्ठ |
|---|---|---|---|---|---|
| 91 | स्याद्वाद रत्नाकर भाग-१ | वादिदेवसूरिजी | सं. | मोतीलाल लाघाजी पुना | 272 |
| 92 | स्याद्वाद रत्नाकर भाग-२ | वादिदेवसूरिजी | सं. | मोतीलाल लाघाजी पुना | 240 |
| 93 | स्याद्वाद रत्नाकर भाग-३ | वादिदेवसूरिजी | सं. | मोतीलाल लाघाजी पुना | 254 |
| 94 | स्याद्वाद रत्नाकर भाग-४ | वादिदेवसूरिजी | सं. | मोतीलाल लाघाजी पुना | 282 |
| 95 | स्याद्वाद रत्नाकर भाग-५ | वादिदेवसूरिजी | सं. | मोतीलाल लाघाजी पुना | 118 |
| 96 | पवित्र कल्पसूत्र | पुण्यविजयजी | सं./अं | साराभाई नवाब | 466 |
| 97 | समराङ्गण सूत्रधार भाग-१ | भोजदेव | सं. | टी. गणपति शास्त्री | 342 |
| 98 | समराङ्गण सूत्रधार भाग-२ | भोजदेव | सं. | टी. गणपति शास्त्री | 362 |
| 99 | भुवनदीपक | पद्मप्रभसूरिजी | सं. | वेंकटेश प्रेस | 134 |
| 100 | गाथासहस्त्री | समयसुंदरजी | सं. | सुखलालजी | 70 |
| 101 | भारतीय प्राचीन लिपीमाला | गौरीशंकर ओझा | हिन्दी | मुन्शीराम मनोहरराम | 316 |
| 102 | शब्दरत्नाकर | साधुसुन्दरजी | सं. | हरगोविन्ददास बेचरदास | 224 |
| 103 | सुबोधवाणी प्रकाश | न्यायविजयजी | सं./गु | हेमचंद्राचार्य जैन सभा | 612 |
| 104 | लघु प्रबंध संग्रह | जयंत पी. ठाकर | सं. | ओरीएन्ट इन्स्टीट्युट बरोडा | 307 |
| 105 | जैन स्तोत्र संचय-१-२-३ | माणिक्यसागरसूरिजी | सं, | आगमोद्धारक सभा | 250 |
| 106 | सन्मति तर्क प्रकरण भाग-१,२,३ | सिद्धसेन दिवाकर | सं. | सुखलाल संघवी | 514 |
| 107 | सन्मति तर्क प्रकरण भाग-४,५ | सिद्धसेन दिवाकर | सं. | सुखलाल संघवी | 454 |
| 108 | न्यायसार – न्यायतात्पर्यदीपिका | सतिषचंद्र विद्याभूषण | सं. | एसियाटीक सोसायटी | 354 |
| 109 | जैन लेख संग्रह भाग-१ | पुरणचंद्र नाहर | सं./हि | पुरणचंद्र नाहर | 337 |
| 110 | जैन लेख संग्रह भाग-२ | पुरणचंद्र नाहर | सं./हि | पुरणचंद्र नाहर | 354 |
| 111 | जैन लेख संग्रह भाग-३ | पुरणचंद्र नाहर | सं./हि | पुरणचंद्र नाहर | 372 |
| 112 | जैन धातु प्रतिमा लेख भाग-१ | कांतिविजयजी | सं./हि | जिनदत्तसूरि ज्ञानभंडार | 142 |
| 113 | जैन प्रतिमा लेख संग्रह | दौलतसिंह लोढा | सं./हि | अरविन्द धामणिया | 336 |
| 114 | राधनपुर प्रतिमा लेख संदोह | विशालविजयजी | सं./गु | यशोविजयजी ग्रंथमाळा | 364 |
| 115 | प्राचिन लेख संग्रह-१ | विजयधर्मसूरिजी | सं./गु | यशोविजयजी ग्रंथमाळा | 218 |
| 116 | बीकानेर जैन लेख संग्रह | अगरचंद नाहटा | सं./हि | नाहटा ब्रधर्स | 656 |
| 117 | प्राचीन जैन लेख संग्रह भाग-१ | जिनविजयजी | सं./हि | जैन आत्मानंद सभा | 122 |
| 118 | प्राचिन जैन लेख संग्रह भाग-२ | जिनविजयजी | सं./हि | जैन आत्मानंद सभा | 764 |
| 119 | गुजरातना ऐतिहासिक लेखो-१ | गिरजाशंकर शास्त्री | सं./गु | फार्बस गुजराती सभा | 404 |
| 120 | गुजरातना ऐतिहासिक लेखो-२ | गिरजाशंकर शास्त्री | सं./गु | फार्बस गुजराती सभा | 404 |
| 121 | गुजरातना ऐतिहासिक लेखो-३ | गिरजाशंकर शास्त्री | सं./गु | फार्बस गुजराती सभा | 540 |
| 122 | ऑपरेशन इन सर्च ऑफ संस्कृत मेन्यु. इन मुंबई सर्कल-१ | पी. पीटरसन | अं. | रॉयल एशियाटीक जर्नल | 274 |
| 123 | ऑपरेशन इन सर्च ऑफ संस्कृत मेन्यु. इन मुंबई सर्कल-४ | पी. पीटरसन | अं. | रॉयल एशियाटीक जर्नल | 414 |
| 124 | ऑपरेशन इन सर्च ऑफ संस्कृत मेन्यु. इन मुंबई सर्कल-५ | पी. पीटरसन | अं. | रॉयल एशियाटीक जर्नल | 400 |
| 125 | कलेक्शन ऑफ प्राकृत एन्ड संस्कृत इन्स्क्रीप्शन्स | पी. पीटरसन | अं. | भावनगर आर्चीऑलॉजीकल डिपा. | 320 |
| 126 | विजयदेव माहात्म्यम् | जिनविजयजी | सं. | जैन सत्य संशोधक | 148 |

# श्री आशापूरण पार्श्वनाथ जैन ज्ञानभंडार

**संयोजक – शाह बाबुलाल सरेमल -** (मो.) 9426585904 (ओ.) 22132543 - ahoshrut.bs@gmail.com

**शाह वीमळाबेन सरेमल जवेरचंदजी बेडावाळा भवन**

हीराजैन सोसायटी, रामनगर, साबरमती, अमदावाद-05.

## अहो श्रुतज्ञानम् ग्रंथ जीर्णोद्धार – संवत २०६८ (ई. 2012) सेट नं.-४

**प्रायः अप्राप्य प्राचीन पुस्तकों की स्केन डीवीडी बनाई उसकी सूची ।** ***यह पुस्तके www.jainelibrary.org वेबसाइट से भी डाउनलोड कर सकते हैं ।***

| क्रम | पुस्तक नाम | कर्त्ता / संपादक | भाषा | प्रकाशक | पृष्ठ |
|---|---|---|---|---|---|
| 127 | महाप्रभाविक नवस्मरण | साराभाई नवाब | गुज. | साराभाई नवाब | 754 |
| 128 | जैन चित्र कल्पलता | साराभाई नवाब | गुज. | साराभाई नवाब | 84 |
| 129 | जैन धर्मनो प्राचीन इतिहास भाग-२ | हीरालाल हंसराज | गुज. | हीरालाल हंसराज | 194 |
| 130 | ओपरेशन इन सर्च ओफ सं. मेन्यु. भाग-६ | पी. पीटरसन | अंग्रेजी | एशियाटीक सोसायटी | 171 |
| 131 | जैन गणित विचार | कुंवरजी आणंदजी | गुज. | जैन धर्म प्रसारक सभा | 90 |
| 132 | दैवज्ञ कामधेनु (प्राचिन ज्योतिष ग्रंथ) | शील खंड | सं. | ब्रज. बी. दास बनारस | 310 |
| 133 | करण प्रकाश | ब्रह्मदेव | सं./अं. | सुधाकर द्विवेदि | 276 |
| 134 | न्यायविशारद महो. यशोविजयजी स्वहस्तलिखित कृति संग्रह | यशोदेवसूरिजी | गुज. | यशोभारती प्रकाशन | 69 |
| 135 | भौगोलिक कोश-१ | डाह्याभाई पीतांबरदास | गुज. | गुजरात वर्नाक्युलर सोसायटी | 100 |
| 136 | भौगोलिक कोश-२ | डाह्याभाई पीतांबरदास | गुज. | गुजरात वर्नाक्युलर सोसायटी | 136 |
| 137 | जैन साहित्य संशोधक वर्ष-१ अंक-१, २ | जिनविजयजी | हिन्दी | जैन साहित्य संशोधक पुना | 266 |
| 138 | जैन साहित्य संशोधक वर्ष-१ अंक-३, ४ | जिनविजयजी | हिन्दी | जैन साहित्य संशोधक पुना | 244 |
| 139 | जैन साहित्य संशोधक वर्ष-२ अंक-१, २ | जिनविजयजी | हिन्दी | जैन साहित्य संशोधक पुना | 274 |
| 140 | जैन साहित्य संशोधक वर्ष-२ अंक-३, ४ | जिनविजयजी | हिन्दी | जैन साहित्य संशोधक पुना | 168 |
| 141 | जैन साहित्य संशोधक वर्ष-३ अंक-१, २ | जिनविजयजी | हिन्दी | जैन साहित्य संशोधक पुना | 282 |
| 142 | जैन साहित्य संशोधक वर्ष-३ अंक-३, ४ | जिनविजयजी | हिन्दी | जैन साहित्य संशोधक पुना | 182 |
| 143 | नवपदोनी आनुपूर्वी भाग-१ | सोमविजयजी | गुज. | शाह बाबुलाल सवचंद | 384 |
| 144 | नवपदोनी आनुपूर्वी भाग-२ | सोमविजयजी | गुज. | शाह बाबुलाल सवचंद | 376 |
| 145 | नवपदोनी आनुपूर्वी भाग-३ | सोमविजयजी | गुज. | शाह बाबुलाल सवचंद | 387 |
| 146 | भास्वति | शतानंद मारछता | सं./हि | एच.बी. गुप्ता एन्ड सन्स बनारस | 174 |
| 147 | जैन सिद्धांत कौमुदी (अर्धमागधी व्याकरण) | रत्नचंद्र स्वामी | प्रा./सं. | भैरोदान सेठीया | 320 |
| 148 | मंत्रराज गुणकल्प महोदधि | जयदयाल शर्मा | हिन्दी | जयदयाल शर्मा | 286 |
| 149 | फक्कीका रत्नमंजूषा-१, २ | कनकलाल ठाकूर | सं. | हरिकृष्ण निबंध | 272 |
| 150 | अनुभूत सिद्ध विशायंत्र (छ कल्प संग्रह) | मेघविजयजी | सं./गुज | महावीर ग्रंथमाळा | 142 |
| 151 | सारावलि | कल्याण वर्धन | सं. | पांडुरंग जीवाजी | 260 |
| 152 | ज्योतिष सिद्धांत संग्रह | विश्वेश्वरप्रसाद द्विवेदी | सं. | ब्रीजभूषणदास बनारस | 232 |
| 153 | ज्ञान प्रदीपिका तथा सामुद्रिक शास्त्रम् | रामव्यास पान्डेय | सं. | जैन सिद्धांत भवन | 160 |
| | **नूतन संकलन** | | | | |
| १ | आ. चंद्रसागरसूरिजी ज्ञानभंडार – उज्जैन | हस्तप्रत सूचीपत्र | हिन्दी | श्री आशापुरण पार्श्वनाथ जैन ज्ञानभंडार | |
| २ | श्री गुजराती श्वे.मू. जैन संघ-हस्तप्रत भंडार – कलकत्ता | हस्तप्रत सूचीपत्र | हिन्दी | श्री आशापुरण पार्श्वनाथ जैन ज्ञानभंडार | |

ખંડ ૩. અંક ૧.

# જૈન સાહિત્ય સંશોધક

## જૈન

## સાહિત્ય સંશોધક

જૈન ઇતિહાસ, સાહિત્ય, તત્ત્વજ્ઞાન આદિ વિવિધ વિષયક

સચિત્ર ત્રૈમાસિક પત્ર

સંપાદક

**શ્રીજિનવિજય**

આચાર્ય-ગૂજરાત પુરાતત્ત્વ મંદિર-અમદાવાદ

પ્રકાશક

જૈન સાહિત્ય સંશોધક કાર્યાલય

ફાલ્ગુણ ] અમદાવાદ [ ૧૯૮૩

Aho ! Shrutgyanam

# સંપાદકીય વક્તવ્ય

લગભગ ત્રણેક વર્ષથી બંધ પડેલું આ પત્ર કેટલાક સાહિત્યપ્રેમી સ્નેહિઓની ઇચ્છા અને અમારી પોતાની 'લત' ને લઇને ફરી એકવાર ચાલુ કરવાનો પ્રયત્ન અમે યદૃચ્છાએ આદર્યો છે. આ વખતથી લેખ વગેરેનું ધોરણ આગળ કરતાં જે વધારે વ્યાપક રાખ્યું છે તે આ અંક પરથી સુજ્ઞ વાચક સારી પેઠે સમજી શકશે.

આ વખતથી પત્રને 'ત્રૈમાસિક' નહિ પણ 'ચાતુર્માસિક' તરીકે પ્રસિદ્ધ કરવાનો અમે વિચાર રાખ્યો હતો અને તે જ પ્રમાણે જાહેરાતમાં છપાવ્યું પણ હતું. પરંતુ પૂજ્ય મહાત્માજી પાસે જ્યારે અમે આ પત્ર માટે તેમનો આશીર્વાદાત્મક 'સંદેશો' લેવા ગયા ત્યારે તે લખતી વખતે તેમણે 'પત્ર કેવું છે માસિક કે ?–' આવો પ્રશ્ન કર્યો જેના ઉત્તરમાં અમારા મ્હોંઢેથી અભ્યાસવશ 'ત્રૈમાસિક' એ શબ્દ નીકળી ગયો અને મહાત્માજીની કલમથી તત્ક્ષણે જ તે કાગળ ઉપર લખાઇ ગયો. બીજી જ ક્ષણે અમને અમારી ભૂલ જણાઇ પણ મહાત્માજી પાસેથી 'ત્રૈમાસિક' શબ્દને બદલે 'ચાતુર્માસિક' શબ્દ બદલાવવો અમને ઠીક ન લાગતાં અમારો વિચાર જ બદલવો અમને વધારે સરલ લાગ્યો અને તેથી જાહેરાતમાં 'ચાતુર્માસિક' જાહેર કરીને પણ આ અંકના મુખપૃષ્ઠ ઉપર અમે 'ત્રૈમાસિક' નામ પ્રસિદ્ધ કરીએ છીએ અને એ જ રૂપે હવે એ પ્રકટ કરવામાં આવશે.

આ પત્રના પ્રસ્તુત પુનરવતાર માટે અમે અમારા કેટલાક અજૈન વિદ્વાન મિત્રોને પણ લેખો લખી મોકલવાનું નિમંત્રણ આપ્યું અને તેના ઉત્તરમાં શ્રીયુત કેશવલાલ હ. ધ્રુવ, શ્રીયુત બલવંતરાય ક. ઠાકોર, શ્રીયુત નાનાલાલ ચ. મ્હેતા, શ્રીયુત રવિશંકર મ. રાવલ, શ્રીયુત રામનારાયણ વિ. પાઠક, શ્રીયુત ડૉ. હરિપ્રસાદ વ્ર. દેશાઇ, કાકા સાહેબ કાલેલકર વગેરે ગૂજરાતના પ્રસિદ્ધ લેખક–સાક્ષરોએ સહૃદયપૂર્વક અમારી ઝોળીમાં ભીક્ષા આપીને કે આપવાની ઇચ્છા દર્શાવીને જૈન ધર્મ પ્રત્યે પોતાનો જે સદ્‌ભાવ બતાવ્યો તે માટે એ બધા અમારા વિદ્વાન મિત્રોના, અમારી સાથે અમારા વાચકો પણ કૃતજ્ઞ થશે એવી આશા છે.

જાહેરાતમાં જે જે વિષયો આ અંકમાં પ્રકટ કરવાની અમે પ્રસિદ્ધિ આપી હતી તે બધા આમાં ન આવી શકયા જેનું કારણ સ્પષ્ટ છે. બહારના મિત્રોના જે લેખો અમારી પાસે આવી પહોંચ્યા તેમને પ્રકટ કરવાના લોભને અમે છોડી ન શકયા હોવાથી નિર્ધારિત લેખોને અમારે આગળના અંકો માટે મુલતવી રાખવા પડયા છે; એટલું જ નહિ પણ એ બહારના અભીષ્ટ લેખોને પુરતું સ્થાન આપવા માટે અમારે મર્યાદા કરતાંયે ૬–૭ ફાર્મ વધારે આપવા પડયા છે.

ચિત્રો પણ સંકલ્પિત સંખ્યા કરતાં વધારે મુકાણાં છે.

ભવિષ્યના અંકો પણ આ જ પ્રમાણે આકર્ષક અને ઉત્તમ લેખોના સંગ્રહોથી ભરેલા હશે.

આ અંકનું દર્શન–વાચન–મનન કરીને સુજ્ઞ બંધુઓ પોતાનું જે યોગ્ય કર્તવ્ય હોય તે કરે એટલું જ સૂચવી આજે તો વિરમીએ છીએ.

ફાલ્ગુણ વદ ૧૩ ગુરૂવાર
સંવત્ ૧૯૮૩

—સંપાદક

Aho ! Shrutgyanam

# ખંડ ૩] વિષયાનુક્રમણિકા [અંક ૧


૧ શ્રી મદ્દેવવાચક ક્ષમાશ્રમણકૃત શ્રી મહાવીરદેવની નાન્દિક સ્તુતિ [સંપાદકીય] ૧-૬
૨ ,, શ્રમણસંઘની સ્તુતિ ,, ૬-૮
૩ ,, વીરશાસન સ્તુતિ ,, ૯
૪ શ્રી હેમચંદ્રસૂરિપ્રસાદીકૃત મંત્રપટ્ટો ,, ૯-૨૦
૫ જિનપ્રભસૂરિકૃત ફારસીભાષામાં ઋષભ દેવસ્તવન ,, ૨૧-૨૯
૬ શ્વેતાંબર સંપ્રદાયના ૮૪ ગચ્છ ,, ૩૦-૪૦
૭ ધર્માસ્તિકાય એટલે શું ?
[ લે. પંડિત શ્રીયુત બેચરદાસ જીવરાજ ન્યાય-વ્યાકરણ તીર્થ ] ૩૫-૪૨
૮ રત્નસિંહસૂરિકૃત આત્માનુશાસ્તિ ભાવના
[ અનુવાદક-પં. શ્રીસુખલાલજી ] ૪૩-૪૬
૯ રાયચંદભાઇનાં કેટલાંક સ્મરણો
[ લેખક-શ્રીમાન્ મહાત્મા ગાંધીજી ] ૪૭-૫૭
૧૦ જૈન પ્રતિમાવિધાન અને ચિત્રકલા
[ લેખક-શ્રીયુત નાનાલાલ ચમનલાલ મ્હેતા. આઈ. સી. એસ. ] ૫૮-૬૧
૧૧ શ્રી ઉમાસ્વાતિવાચક અને તત્ત્વાર્થાધિગમસૂત્ર
[ લેખક-શ્રીયુત ચિમનલાલ દલસુખરામ શાહા બી. કોમ. ] ૬૨-૬૭
૧૨ ભાવનગરની જૈનધર્મપ્રસારક સભાએ બજાવેલી જૈન સાહિત્યની સ્તુત્ય સેવા
[ લેખક-શ્રીયુત કુંવરજી આણંદજી શાહા. ] ૬૮-૭૮
૧૩ હિંદી કલા અને જૈન ધર્મ
[ લેખક-શ્રીયુત રવિશંકર મહાશંકર રાવલ ] ૭૯-૮૧
૧૪ વડોદરા નરેશનો જૈન સાહિત્ય પ્રેમ [ સંપાદકીય ] ૮૨-૮૪
૧૫ આહાર શુદ્ધિ અને રસત્યાગ
[ લેખક-શ્રીયુત વાલજી ગોવિંદજી દેસાઈ બી. એ. એલએલ. બી. ] ૮૫-૮૭
૧૬ શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનો સમય
[ લેખક-શ્રીયુત મોહનલાલ ભગવાનદાસ ઝવેરી. સોલીસીટર ] ૮૮-૯૬
૧૭ પવનદૂતનો કર્તા ધોયી
[ લેખક-રા. બ. શ્રીયુત કેશવલાલ હર્ષદરાય ધ્રુવ. ] ૯૭-૧૦૨
૧૮ અધ્યાપક ડૉ. હર્માન યાકોબીનો પત્ર [ સંપાદકીય ] ૧૦૨-૧૦૪
૧૯ મહામાત્ય વસ્તુપાલ તેજપાલના બે રાસ [ સંપાદકીય ] ૧૦૫-૧૨૦
૨૦ શ્રીમત્ સિદ્ધસેન દિવાકર પ્રણીત ન્યાયાવતાર સૂત્ર
[ વિવેચક-અધ્યાપક શ્રીયુત પં. સુખલાલજી ] ૧૨૧-૧૪૭
૨૧ નવ પ્રકાશિત ગ્રન્થ પરિચય ૧૪૮-૧૫૨
૨૨ એક ઐતિહાસિક શ્રુતપરંપરા
[ લેખક-અધ્યાપક શ્રીયુત રસિકલાલ છોટાલાલ પરીખ ] ૧૫૩-૧૬૦


Aho ! Shrutgyanam

જૈન સાહિત્ય સંશોધક માટે

# મહાત્મા ગાંધીજીનો

સહાનુભૂતિપૂર્ણ

# સંદેશો

જૈન મતના મારા 'પક્ષપાત'ને લીધે ને જૈનોના સત્સંગને લીધે કેટલાક મને જૈન જ માને છે. એવો હું તો જરૂર ઇચ્છું કે આ ત્રૈમાસિક દ્વારા જૈન મત જે અત્યારે તો જીવદયા એટલે ખોટી જંતુ-દયાના પ્રવર્તનને નામે વગોવાય છે તે જીવદયા એટલે મનુષ્ય સુધાં પ્રાણીમાત્ર પ્રત્યેના વિશુદ્ધ વ્યવહારના શિક્ષક તરીકે ઓળખાતો થાએ.

ફાગણ સુદ ૮
સંવત ૧૯૮૩

મોહનદાસ ગાંધી

Aho ! Shrutgyanam



સંવત ૧૧૧૮માં પ્રતિષ્ઠિત
**શ્રી અજિતનાથ તીર્થંકરની ધાતુમય મૂર્તિ**

Aho ! Shrutgyanam

# जैन साहित्यसंशोधक

'पुरिसा ! सच्चमेव समभिजाणाहि । सच्चस्साणाए उवट्ठिए मेहावी मारं तरइ ।'
'जे एगं जाणइ से सव्वं जाणइ, जे सव्वं जाणइ से एगं जाणइ ।'
'दिट्ठं, सुयं, मयं, विण्णायं, जं एत्थ परिकहिज्जइ ।'

—निर्ग्रन्थप्रवचन—

खंड ३ ] महावीरनिर्वाण संवत् २४५३-फाल्गुण [ अंक १

॥ ॐ ह्रीं श्रीं अर्हं नमः ॥

## श्रामद् देववाचक क्षमाश्रमण कृत
## श्रमण भगवान् श्रीमहावीरदेवनी नान्दिक स्तुति

जयइ जगजीवजोणीवियाणओ जगगुरू जगाणंदो ।
जगणाहो जगबन्धू जयइ जगप्पियामहो भयवं ॥
जयइ सुयाणं पभवो तित्थयराणं अपच्छिमो जयइ ।
जयइ गुरू लोयाणं जयइ महप्पा महावीरो ॥
भद्दं सव्वजगुज्जोयगस्स भद्दं जिणस्स वीरस्स ।
भद्दं सुरासुरनमंसियस्स भद्दं धुयरयस्स ॥

Aho ! Shrutgyanam

## વિવેચન અને અર્થોદ્‌ઘાટન

એમ કહેવાય છે કે, વર્તમાન જૈન આગમ-સમૂહના મુખ્ય સંકલન-કર્તા પૂર્વાન્તર્ગતસૂત્રાર્થધારક ભગવાન દેવ વાચક ક્ષમાશ્રમણે જ્યારે આગમોની સંકલના કરવાનો ઉપક્રમ કર્યો ત્યારે સર્વથી પ્રથમ તેમણે જૈન પ્રવચનના પરિચય માટે મંગલસ્વરૂપ **નંદીસૂત્ર** ની રચના કરી. એ સૂત્રમાં, પ્રારંભમાં નિર્ગ્રન્થપ્રવચનસમ્મત શ્રુત જ્ઞાનનું સ્વરૂપ વર્ણવીને પછી એ શ્રુત જ્ઞાનના અંગભૂત આગમ અને પ્રકરણરૂપ સાહિત્યનું વિવેચન કરવામાં આવ્યું છે. એ રીતે, વિદ્યમાન સમગ્ર આગમ સંગ્રહના ઉપોદ્‌ઘાત જેવો એ સૂત્ર ગ્રંથ છે. એ સૂત્રની આદિમાં ૪૧ ગાથા મંગલાચરણરૂપે ગુંથવામાં આવી છે જેમાં નિર્ગ્રંથ પ્રવચનના-શ્રુત જ્ઞાનના મૂળ પ્રભવ-ઉત્પત્તિસ્થાનભૂત ભગવાન્ મહાત્મા મહાવીર તીર્થંકરની, તેમણે સ્થાપેલા શ્રમણસંઘની, અને એ સંઘમાં થએલા દેવવાચક ગણી પર્યંતના પ્રધાન પ્રધાન શ્રુતધરો-સ્થવિરોની, સ્તવના કરેલી છે. આ પંક્તિઓના શિરોભાગ ઉપર જે ત્રણ ગાથાઓ મંગલરૂપે અવતારેલી છે તે એ જ **નંદીસૂત્ર**ના મંગલપાઠની આદિ ગાથાઓ છે. આ ગાથાઓમાં શ્રમણભગવાન્ મહાત્મા મહાવીર તીર્થંકરની સ્તુતિ છે. આ સ્તુતિ બહુ જ ગંભીર અર્થવાળી છે અને એમાં ભગવાન્ મહાવીરદેવના જગદ્‌વિલક્ષણ ગુણોનું સંકીર્તન કરવામાં આવ્યું છે. આ સ્તુતિના ગંભીરાર્થની કલ્પના થવા માટે, આચાર્ય શ્રી મલયગિરિ વિરચિત એ સૂત્રની સંસ્કૃત ટીકા જોવી જોઈએ. એ મહાન્ ટીકાકાર આચાર્યે આ સ્તુતિનો વિવેચનાર્થ કરવા માટે લગભગ ૧૪૦૦-૧૫૦૦ જેટલા શ્લોકપ્રમાણની વિસ્તૃત વ્યાખ્યા લખી છે; અને એ વ્યાખ્યામાં જૈનદર્શન પ્રતિપાદિત આત્મવાદ, સ્યાદ્‌વાદ, આત્મવાદ, પુદ્‌ગલવાદ, અહિંસાવાદ, પ્રમાણવાદ આદિ તત્ત્વજ્ઞાન વિષયક મુખ્ય-મુખ્ય સિદ્ધાન્તોનું ઘણી જ યુક્તિપૂર્વક સમર્થન કર્યું છે. મલયગિરિસૂરિની ભાષાશૈલી મૃદુ અને તર્કપદ્ધતિ વિશદ સ્વરૂપની હોવાથી જૈનદર્શનના પ્રાથમિક અભ્યાસની દૃષ્ટિએ, આ વર્ણિત ટીકાભાગ, એક રીતે સ્વતંત્ર તાત્ત્વિક ગ્રંથની ગરજ સારે એવો છે. આ ઉપરથી કલ્પી શકાય કે દેવવાચક ક્ષમાશ્રમણે કરેલી આ મહાવીરસ્તુતિ કેટલી બધી રહસ્યાર્થથી ભરપૂર હોવી જોઈએ. સ્થૂળ શબ્દાર્થ, આ સ્તુતિનો નીચે લખ્યા પ્રમાણે છે.

૧-૨. જગતના [ સકળ ] જીવ-સમૂહને જાણનાર, જગતના શાસ્તા, જગતના આનંદ, જગતના નાથ, જગતના બંધુ, જગતના પિતામહ, શ્રુતના-શાસ્ત્રના ઉદ્‌ગમસ્થાન, તીર્થંકરોમાં અપશ્ચિમ-અંતિમ, અને લોકોના ગુરુ: એવા ભગવાન્ મહાત્મા મહાવીર જયજયવંતા છે.

૩. ભદ્ર-કલ્યાણ થાઓ, સર્વ જગતને પ્રકાશ આપનાર એવા જિન વીરનું કલ્યાણ થાઓ. જેમને સર્વ સુરાસુરોએ નમસ્કાર કર્યો છે તેમનું ભદ્ર થાઓ. જેમણે પાપમળ ધોઈ નાંખ્યું છે તેમનું ભદ્ર થાઓ.

Aho ! Shrutgyanam

## સામાન્ય-સ્ફુટાર્થ.

(૧) ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્ગલાસ્તિકાયરૂપ 'સચરાચર' જગત્ કહેવાય છે. એ જગત્માં પ્રાણ-ચેતના ધારણ કરનાર પદાર્થ તે 'જીવ'-'ચૈતન્ય' 'આત્મા' છે. આત્માની ટુંકી વ્યાખ્યા જૈનશાસ્ત્રોમાં આ પ્રમાણે આપેલી છે.

**यः कर्ता कर्मभेदानां भोक्ता कर्मफलस्य च ।**
**संसर्त्ता परिनिर्वाता स ह्यात्मा नान्यलक्षणः ॥**

અર્થાત્—જે વિવિધ પ્રકારના કર્મોનો કર્તા છે અને એ કર્મોના ફળનો ભોક્તા છે; જે સંસરણશીલ-ગતિમાન છે અને જે એ સર્વથી પરિનિર્વાણ પણ મેળવી શકે છે, તે જ આત્મા કહેવાય છે. અન્ય કોઈ આત્માનું લક્ષણ નથી.

આવા સ્વરૂપવાળા જે આત્માઓ-જીવો જગતમાં વ્યાપેલા છે તે બધાની યોનિ-ઉત્પત્તિ-સ્થિતિ આદિને વિશેષ ભાવે-પૂર્ણ રીતે જાણનાર તે ભગવાન્ મહાવીર છે.

(૨) જે પોતાના શિષ્યોને યથાર્થરૂપે જગત્નું શિક્ષણ આપે તે જગત્ના શાસ્તા-જગત્ના શિક્ષક-જગદ્ગુરુ.

(૩) મનુષ્ય, પશુ, પક્ષી, દેવ અને અસુર આદિ માનસિક શક્તિ ધરાવનારા પ્રાણિઓનું જે 'જગત્' છે તેને પોતાના પ્રશાંત દર્શન અને કલ્યાણકર પ્રવચન વડે અત્યંત આનંદ આપનાર હોવાથી ભગવાન્ 'જગત્ના આનંદ' મનાય છે.

(૪) સકલ 'ચરાચર' રૂપ જગત્ને યથાસ્થિત બોધ આપી વિપરીત આચરણમાંથી તેનું રક્ષણ કરનાર હોવાથી 'જગત્ના નાથ' છે.

(૪) જગત્ના સકળ પ્રાણિવર્ગને, અહિંસાનો ઉપદેશ આપી, અભયભાવ ઇચ્છનાર હોવાથી તે 'જગત્ના બંધુ' છે.

ભગવાન્ મહાવીરે અહિંસાનો ઉપદેશ નીચેના શબ્દોમાં આપ્યો છેઃ

**सव्वे पाणा, सव्वे भूया, सव्वे जीवा, सव्वे सत्ता-न हंतव्वा, न अज्जावेएव्वा, न परिघेतव्वा, न उवद्दवेयव्वा; एस धम्मे, सुद्धे, धुवे, नीए, सासए, समेच्च लोयं खेयन्नेहिं पवेइए।** ( आचारांग सूत्र )

અર્થાત્—' સર્વ પ્રાણી, સર્વ ભૂત, સર્વ જીવ, સર્વ સત્ત્વ--ન હણવા, ન પજવવા, ન ત્રાસવા, ન પીડવા-એ જ ધર્મ શુદ્ધ, અચલ, સનાતન, અને શાસ્વત છેઃ એમ સમ્યક્ પ્રકાર જાણનારે (ભગવાને) કહ્યું છે.'

(૬) ચરાચર જગત્નું દુર્ગતાવસ્થામાંથી, પિતાની માફક રક્ષણ કરનાર હોવાથી, ધર્મ એ જગત્નો પિતા છે. કારણ કે 'ધર્મ' શબ્દનો અર્થ શબ્દશાસ્ત્રિઓ આ પ્રમાણે કરે છેઃ—

**दुर्गतिप्रसृतान् जीवान् यस्माद्धारयते ततः ।**
**धत्ते चैतान् शुभे स्थाने तस्माद् धर्म इति स्मृतः ॥**

Aho ! Shrutgyanam

અર્થાત્—દુર્ગતિ-દુરવસ્થામાં પડતા જીવોને ધરી રાખે છે, તથા તે જીવોને સારા સ્થાનમાં-શુભસ્થિતિમાં પણ મૂકે છે તેથી એને 'ધર્મ' એમ કહેવામાં આવે છે.

એ પ્રકારના ધર્મના જનક-પિતા સ્વયં ભગવાન્ છે તેથી તે 'જગતના પિતા-મહ' છે.

(૭) ઐશ્વર્ય, રૂપ, યશઃ, શ્રી, ધર્મ અને પુરુષાર્થઃ એ ૬ ને 'ભગ' કહેવામાં આવે છે એ જેને પૂર્ણ રૂપે પ્રાપ્ત હોય તે 'ભગવાન્'.

(૮) શ્રુત એટલે સ્વ-પર દર્શનાનુગત સકળ શાસ્ત્ર, તેનું પ્રથમ ઉત્પત્તિ-સ્થાન ભગવાન્ છે, કારણ કે ભગવાને ઉપદેશેલા અર્થને અવલંબીને જ બધાં શાસ્ત્રોની પ્રવૃત્તિ થએલી છે. તેમ જ પરદર્શનીય શાસ્ત્રોમાં પણ જે કાંઈ અહિંસા અને સત્ય આદિ વિષયના સમીચીન વિચારો જોવામાં આવે છે, તે પણ ભગવાને પ્રરૂપેલા સિદ્ધાંતોના જ અનુકરણ રૂપે છે. સ્તુતિકાર-સિદ્ધસેન દિવાકર સૂરિએ પોતાની રચેલી ભગવત્સ્તુતિમાં એક સ્થાને આ પ્રમાણે કહ્યું છે કે—

सुनिश्चितं नः परतंत्रयुक्तिषु स्फुरन्ति याः काश्चन सूक्तिसंपदः ।
तवैव ताः पूर्वमहार्णवोत्थिता जगत्प्रमाणं जिन वाक्यविप्रुषः ॥

અર્થાત્—અમારા માટે તો એ નિશ્ચિત જેવું જ છે કે પરતંત્રના-અન્યદર્શનોના શાસ્ત્રોમાં જે કાંઇ સમ્યગ્વચનો-સત્કથનોની સંપત્તિ જોવામાં આવે છે તે, હે ભગવન્! તમારા પૂર્વોના જ્ઞાનસ્વરૂપ મહાસમુદ્રના માત્ર વચન-બિંદુઓ હોઇ જગતને પ્રમાણ થએલાં છે.

(૯) આ કાળમાં, ભગવાન્ મહાવીર પછી અન્ય કોઈ તીર્થંકર થએલા ન હોવાથી તેમને 'અપશ્ચિમ' એટલે અંતિમ તીર્થંકર કહેવામાં આવે છે.

જે ધર્મ માર્ગે ગમન કરવાથી સંસાર-સાગરને પાર પહોંચી શકાય તે 'તીર્થ' કહેવાય છે અને એવા તીર્થની સ્થાપના કરનાર સ્વયં ભગવાન્ જ છે તેથી તેમને 'તીર્થંકર' કહેવામાં આવે છે. પૂર્વજન્મમાં કરેલા અનંતાનંત સુકૃતના ફળરૂપે 'તીર્થંકર' પદની પ્રાપ્તિ થાય છે અને એ પદ પ્રાપ્ત કરીને ભગવાન્ કૃતકૃત્ય થાય છેઃ-રાગ-દ્વેષ-મોહથી વિમુક્ત થાય છે. એ પદની પ્રાપ્તિ થયાં પછી કોઇ પણ કાર્ય કરવાનું અવશેષ રહેતું નથી. એવી રીતે સંપૂર્ણ કૃતાર્થ થઇને પણ ભગવાન્ જ્યાં સુધી દેહ ધારણ કરે છે ત્યાં સુધી જગતના કલ્યાણ માટે, જે પોતાનું ધર્મતીર્થ પ્રવર્તાવે છે, તેનું કારણ એ 'તીર્થંકર' નામ કર્મ જ છે. વીતરાગ દશા પ્રાપ્ત થયાં પહેલાં, જે એ નામ કર્મ પ્રાપ્ત કર્યું હતું તેનું ફળ યાવત્ દેહ-ધારણ દશા પર્યંત પહોંચતું હોવાથી, તે કર્મ-ફળના પરિણામ રૂપે ભગવાન્ એ પ્રવૃત્તિ કર્યા કરે છે. તત્ત્વાર્થ સૂત્રકાર શ્રીઉમાસ્વાતિ વાચક, તત્ત્વાર્થ સૂત્રભાષ્યકારિકામાં આ બાબત લખે છે કે-

तीर्थप्रवर्तनफलं यत्मोक्तं कर्म तीर्थकरनाम ।
तस्योदयाद् कृतार्थोऽप्यर्हस्तीर्थं प्रवर्तयति ॥

Aho ! Shrutgyanam

तत्स्वाभाव्यादेव प्रकाशयति भास्करो यथा लोकम् ।
तीर्थप्रवर्त्तनाय प्रवर्तते तीर्थकर एवम् ॥

અર્થાત્–તીર્થનું પ્રવર્તન કરવું એ જ તીર્થંકર નામ કર્મનું ફળ હોવાથી, તે કર્મનો ઉદય થએ કૃતાર્થ થએલા અર્હત્ પણ 'તીર્થ' પ્રવર્તાવે છે. જેમ સૂર્ય પોતાના નૈસર્ગિક સ્વભાવથી જ જગતને પ્રકાશ આપે છે તેમ તીર્થંકર પણ નિસર્ગના નિયમ-બળે તીર્થ પ્રવર્તાવવાની પ્રવૃત્તિ કરે છે.

(૧૦) 'લોક' એટલે જગતવાસી બધા જીવો. તેમને હિતાહિતનું જ્ઞાન આપનાર–ઉપદેશનાર હોવાથી ભગવાન્ 'લોકોના ગુરુ' કહેવાય છે.

(૧૧) ભગવાનનો આત્મા અચિંત્ય અને અનંત શક્તિનો ધારક હોવાથી તે 'મહાત્મા' મનાય છે.

(૧૨) ક્રોધ, માન, લોભ આદિ કષાય; શારીરિક કષ્ટાદિ ઉપસર્ગ; અનુકૂલ–પ્રતિકૂલ પદાર્થોનું વૈપરીત્યભાવે અનુભવ રૂપ પરીષહ; અને ઇન્દ્રિયોના આંતરિક વિકાર: ઇત્યાદિ પ્રકારના મહાન્ અંતઃશત્રુઓ ઉપર વિક્રમ બતાવનાર–વિજય મેળવનાર તે 'મહાવીર' કહેવાય છે.

(૧૩) લોકાલોકાત્મક જે સર્વજગત્ છે તેને પોતાના કેવલજ્ઞાનથી પ્રકાશિત કરતા હોવાથી ભગવાન્ 'સર્વજગતને પ્રકાશ આપનાર' કહેવાય છે.

(૧૪) જગતને કલ્યાણનો માર્ગ બતાવનાર એક માત્ર ભગવાન્ જ છે. તેથી દેવો અને અસુરો બધા ભગવાનને પૂજે છે, સેવે છે, અને નમસ્કાર કરે છે.

(૧૫) પોતાના તપ અને સંયમના બળથી આત્માનું સર્વ આંતરિક મળ નષ્ટ કરીને ભગવાન્ નિર્લેપ, પરમ વિશુદ્ધ, પરમ પવિત્ર થયા છે. તેથી તે 'ધુતરજસ' કહેવાય છે.

આ પ્રમાણે આ સ્તુતિમાં રહેલા અર્થનું સંક્ષિપ્ત સ્પષ્ટીકરણ છે.

Aho ! Shrutgyanam

# શ્રમણ સંઘની સ્તુતિ

ઉપર અવતારેલી ત્રણ ગાથાઓમાં શ્રમણ ભગવાન્ શ્રીમહાવીર તીર્થંકરની સ્તુતિ કર્યા પછી દેવવાચક ક્ષમાશ્રમણે ૪ થી ગાથાથી ૧૭ મી ગાથા સુધીની ૧૪ ગાથાઓ વડે શ્રમણ સંઘની સ્તુતિ કરી છે. તે આ નીચે આપવામાં આવે છે.

૧. गुणभवणगहण सुयरयणभरिय दंसणविसुद्धरत्थागा ।
संघनगर ! भद्दं ते अक्खंडचरित्तपागारा ॥

૨. संजमतवतुंबारयस्स नमो सम्मत्तपारियल्लस्स ।
अप्पडिचक्कस्स जओ होउ सया संघचक्कस्स ॥

૩. भद्दं सीलपडागूसियस्स तव नियमतुरयजुत्तस्स ।
संघरहस्स भगवओ सज्झायसुनन्दिघोसस्स ॥

૪. कम्मरयजलोहविणिग्गयस्स सुयरयणदीहनालस्स ।
पंचमहव्वयथिरकन्नियस्स गुणकेसरालस्स ॥

૫. सावगजणमहुअरिपरिवुडस्स जिणसूरतेयबुद्धस्स ।
संघपउमस्स भद्दं समणगणसहस्सपत्तस्स ॥

૬. तवसंजममयलंछण-अकिरियराहुमुहदुद्धरिसनिच्चं ।
जय संघचंद ! निम्मलसम्मत्तविसुद्धजोण्हागा ॥

૭. परतित्थियगहपहनासगस्स तवतेयदित्तलेसस्स ।
नाणुज्जोयस्स जए भद्दं दमसंघसूरस्स ॥

૮. भद्दं धिइवेलापरिगयस्स सज्झायजोगमगरस्स ।
अक्खोहस्स भगवओ संघसमुद्दस्स रुद्दस्स ॥

૯. सम्मदंसणवरवइरदढरूढगाढावगाढपेढस्स ।
धम्मवररयणमंडियचामीयरमेहलागस्स ॥

Aho ! Shrutgyanam

१०. नियमूसिकणयसिलायलुज्जलजलंतचित्तकूडस्स ।
नंदणवणमणहरसुरभिसीलगंधुद्धुमायस्स ॥
११. जीवदयासुंदरकंदरुद्दरियमुणिवरमइंदइन्नस्स ।
हेउसयधाउपगलंतरयणदित्तोसहिगुहस्स ॥
१२. संवरवरजलपगलियउज्झरपविरायमाणहारस्स ।
सावगजणपउररवंतमोरनच्चंतकुहरस्स ॥
१३. विणयनयपवरमुणिवरफुरंतविज्जुज्जलंतसिहरस्स ।
विविहगुणकप्परुक्खगफलभरकुसुमाउलवणस्स ॥
१४. नाणवररयणदिप्पंतकंतवेरुलियविमलचूलस्स ।
वंदामि विणयपणओ संघ महामंदरगिरिस्स ॥

भा वा र्थ

આ બધી ગાથાઓમાં સંઘને જૂદી જૂદી ઉપમાઓ અને જૂદાં જૂદાં રૂપકો આપી, તેની સ્તુતિ કરવામાં આવી છે.

૧ લી ગાથામાં સંઘને નગરનું રૂપક આપ્યું છે. એમ-૨ જીમાં ચક્રનું, ૩ જીમાં રથનું, ૪ થી-૫ મીમાં પદ્મનું, ૬ ઠીમાં ચંદ્રનું, ૭ મીમાં સૂર્યનું, ૮ મીમાં સમુદ્રનું. અને તે પછીની ૬ ગાથાઓમાં મેરુ પર્વતનું રૂપક આપ્યું છે. એ બધીનો તાત્પર્યાર્થ આ પ્રમાણે છે.

૧. હે સંઘરૂપ નગર! તારૂં ભદ્ર થાઓ. [ કેવું છે એ સંઘનગર ? ] ગુણરૂપી ભવનોથી સંકીર્ણ છે, શ્રુતરૂપી રત્નોથી ભરપૂર છે, સમ્યગ્દર્શન રૂપ તેમાં સેરીઓ છે, અને અખંડ ચારિત્ર રૂપ તેની આસપાસ કોટ છે.
૨. સંયમ અને તપ રૂપી જેને આરાઓ છે, સમ્યક્ત્વ રૂપી જેને બાહરની પીઠ છે, અને જેની બરોબરી કરી શકે એવું બીજું કોઈ ચક્ર નથી. એવા સંઘરૂપ ચક્રનો સદા જય થાઓ અને તેને અમારા નમસ્કાર થાઓ.
૩. જેના ઉપર શીલ રૂપી પતાકા ઉડી રહી છે, તપ અને નિયમરૂપી જેને ઘોડાઓ જોડેલા છે, અને શાસ્ત્રોના સ્વાધ્યાય રૂપ જેમાં ઘંટા નિનાદ થઈ રહ્યા છે, તે ઐશ્વર્યશાલી એવા રથ જેવા સંઘનું કલ્યાણ થાઓ.
૪. તે સંઘ રૂપ પદ્મ (કમળ)નું ભદ્ર થાઓ [ કેવું છે તે સંઘપદ્મ ? ] કર્મરજ રૂપી જે જળસમૂહ છે તેમાંથી તે બહાર નીકળેલું છે, શ્રુતરત્નરૂપી તેની લાંબી નાળ છે,

Aho ! Shrutgyanam

પંચ મહાવ્રત રૂપી તેની સ્થિર કર્ણિકાઓ છે, સદ્‌ગુણરૂપી તેના કેસર છે, શ્રાવક જનરૂપ મધુકર ( ભ્રમર ) સમૂહથી તે વીંટળાએલું છે, જિનરૂપી સૂર્યના તેજ ( જ્ઞાન ) થી તે વિકસિત થએલું છે, અને શ્રમણોના ગુણરૂપી હજારો પત્રોથી તે વિસ્તરેલું છે.

૬. હે સંઘરૂપ ચંદ્ર ! તારો જય થાઓ [ કેવો છે તે સંઘચંદ્ર ?] તપ-સંયમ સ્વરૂપ મૃગથી તે લાંછિત છે, અક્રિયા ( નાસ્તિક ) વાદ રૂપી રાહુથી તે સદા અગ્રસિત છે, અને નિર્મલ સમ્યક્‌ત્વ સ્વરૂપ તેની વિશુદ્ધ જ્યોત્સ્ના છે.

૭. દમ એટલે ઉપશમ તત્પ્રધાન સંઘરૂપ સૂર્યનું જગત્‌માં ભદ્ર થાઓ. [ કેવો છે એ સંઘસૂર્ય ? ] પરતીર્થિક-અન્યદર્શનરૂપ ગ્રહોની પ્રભાને નષ્ટ કરનાર તપસ્તેજ એ જ તેની દીપ્ત કાંતિ છે, અને જ્ઞાન એ જ તેનો ઉદ્યોત-પ્રકાશ છે.

૮. વિસ્તીર્ણ અને અક્ષોભ્ય એટલે ક્ષોભ નહિ પામનાર એવા ભગવત્ સંઘરૂપ સમુદ્રનું ભદ્ર થાઓ. [ કેવો છે એ સંઘસમુદ્ર ? ] ધૃતિ અગર બુદ્ધિરૂપ ભરતીથી તે વ્યાપ્ત છે અને સ્વાધ્યાય-અને યોગ રૂપ મકર ( જલચર જીવરાશિ ) થી તે પરિપૂર્ણ છે.

૯-૧૪. સંઘસ્વરૂપ મહામંદરગિરિ ( મેરુ પર્વત ) ને વિનયપૂર્વક વંદન કરું છું. [ કેવો છે તે સંઘ મંદરગિરિ ? ] સમ્યગ્ દર્શન એ જ શ્રેષ્ઠવજ્રનું બનેલું, દૃઢ, રૂઢ, ગાઢ અને અવગાઢ[1] એવું, તેનું પીઠ છે; ધર્મ એ જ તેના, ઉંચા શિલાતલોથી શોભનારા અને ચમકનારા, ચિત્ર-વિચિત્ર કૂટો ( શિખરો ) છે; સદ્‌ભાવયુક્ત ( સુરભિ ) શીલ એ જ, તેનું સુગંધથી મહેકતું નંદનવન છે; જીવદયા રૂપી તેની સુંદર કંદરાઓ છે અને તે ઉત્સાહપૂર્ણ એવા મુનિવર રૂપી મૃગેંદ્રોથી ભરાએલી છે; કુતર્કનો ઉચ્છેદ કરનાર એવા સેંકડો હેતુઓ એ જ તેના ધાતુઓ છે; સમ્યગ્‌દર્શન એ જ, તેમાં રત્નો છે; લબ્ધીઓ એ જ ઔષધિઓવાળી ગુફાઓ છે; સંવર રૂપી શ્રેષ્ઠ જલનો વહેતો અખંડ પ્રવાહ એ જ તેનો શોભાયમાન હાર છે; શ્રાવક જન એ જ, પ્રચુર શબ્દ કરનારા મોર હોઈ તેમનાથી તેની ખીણો ગાજી રહી છે; વિનયથી વિનમ્ર એવા પ્રવર મુનિવરો એ જ, સ્ફુરાયમાન વિજળીઓથી ચમકતા એવા તેના શિખરો છે; વિવિધ પ્રકારના સદ્‌ગુણો એ જ, ફૂલો અને પુષ્પોથી લચેલા કલ્પવૃક્ષોનાં તેનાં વનો છે; અને જ્ઞાન એ જ, શ્રેષ્ઠરત્નોથી દેદીપ્યમાન અને કમનીય એવી વૈડૂર્યની બનેલી તેની વિમલ ચૂલિકા છે.

---

૧. દૃઢ એટલે નિષ્કંપ-અચલ, રૂઢ એટલે ઘણા લાંબા સમયથી સ્થાપિત. ગાઢ એટલે સખ્ત. અવગાઢ એટલે ખૂબ ઉંડું ગએલું.-ટીકાકારના કથન પ્રમાણે.

Aho ! Shrutgyanam

# વીરશાસન સ્તુતિ

**निव्वुइपहसासणयं जयइ सया सव्वभावदेसणयं ।**
**कुसमयमयनासणयं जिणिंदवरवीरसासणयं ॥**

જિનેંદ્રોમાં પ્રધાન એવા પ્રભુ વીરનું શાસન–પ્રવચન સદા જયવંત રહો. જે શાસન, નિર્વૃત્તિ એટલે નિર્વાણ–મોક્ષના માર્ગનું પ્રતિપાદન કરનાર છે, વિશ્વમાં વ્યાપેલા સર્વ ભાવો–પદાર્થોનું પ્રરૂપણ–નિરૂપણ કરનાર છે અને કુસમય એટલે કુમત–મિથ્યા માર્ગના કુસિદ્ધાંતોનો ગર્વ હરનાર છે.

# શ્રી હમચન્દ્રસૂરિ પ્રસાદીકૃત મંત્ર–પદો

કલિકાલ સર્વજ્ઞ આચાર્ય શ્રીહેમચંદ્રસૂરિએ **યોગશાસ્ત્ર**ના આઠમા પ્રકાશમાં યોગિઓ તેમ જ અન્ય મુમુક્ષુ જનોના હિતાર્થે કેટલાંક મંત્રપદો વગેરે આપ્યાં છે. આ મંત્રોમાંના કેટલાક તો ખાસ અમુક અભ્યાસિયો તથા સાધકોના જ ઉપયોગના છે અને તેઓની સાધના વગેરેની પ્રક્રિયા ગુરુગમ્ય રીતે જ ગુપ્ત રાખેલી છે. પણ કેટલાક મંત્રો અને જાપો સામાન્ય મુમુક્ષુ જનોના કલ્યાણાર્થે પણ એમાં આપેલા છે જેઓનો ઉપયોગ દરેક મુમુક્ષુ, ગમે તે સમયે, કરી શકે અને પોતાનું અભીષ્ટ કલ્યાણ સાધી શકે. આ મંત્રોમાંના ઘણા ખરા તો નમસ્કાર મહામંત્રના પદો અને બીજા અક્ષરોની ગુંથણીથી બનેલા છે અને તે આંતરિક અને બાહ્ય બંને પ્રકારના કલ્યાણના કરનારા છે. મહાપુરૂષોએ ઉચ્ચારેલા સાધારણ શબ્દોમાં પણ અદ્‌ભુત સામર્થ્ય રહેલું હોય છે, તો પછી, ખાસ વિશિષ્ટ અભિપ્રાય પૂર્વક, વિશિષ્ટ અક્ષરોની ગુંથણીવડે યોજેલા માંત્રિક પદોના સામર્થ્યના વિષયમાં તો કહેવું જ શું? એવા મંત્ર–પદો, એઓના યોજનારા મહર્ષિઓના અલૌકિક તપ, ત્યાગ અને તેજના ત્રિવિધ બળસંપુટથી પરિવેષ્ટિત થએલાં હોય છે અને એ બળવડે તેઓમાં અદ્‌ભુત સામર્થ્ય ઉત્પન્ન થાય છે. જેમ, જડ જેવી ગણાતી રસાયણ–વિદ્યાના એક સામાન્ય નિયમ પ્રમાણે, નેગેટિવ અને પોઝેટિવ સ્વભાવવાળા બે ધાતુના કકડાઓને જ્યારે તજજ્ઞ યોજક યોગ્ય રીતે જોડી આપે છે તો તેઓમાં અદ્‌ભુત વિદ્યુત–શક્તિનો આશ્ચર્યજનક સંચાર થઇ આવે છે, અને તે શક્તિના બળે, લાખો મનુષ્યોના સંયુક્ત શારીરિક બળથી અને દીર્ઘકાલીન ઉદ્યોગથી પણ જે કાર્ય નહિં થઇ શકે તે કાર્ય, ઘણી જ સહેલાઇથી અને ક્ષણ માત્રમાં થઈ શકે છે; તેમ, આધ્યાત્મિક વિદ્યાના નિયમ પ્રમાણે, ભિન્ન ભિન્ન સ્વભાવવાળા વર્ણો કે અક્ષરોને, તેઓના સામર્થ્યને જાણનારા યોગિજનો વિશિષ્ટ રીતે જોડી દે છે તો તેઓમાં વિદ્યુત–શક્તિની માફક, કોઇ અગમ્ય

Aho ! Shrutgyanam

શક્તિનો સંચાર થઈ આવે છે અને એ શક્તિના બળે સાધકજનો પોતાનું અભીષ્ટ કાર્ય સરલતા પૂર્વક સાધી શકે છે,

આજે ભારતમાંથી તપ, ત્યાગ અને તેજની ત્રિવિધ શક્તિ ધારણ કરવાવાળા આધ્યાત્મિક-પુરુષો અદૃશ્ય પ્રાયઃ થઈ ગયા છે; તેથી આપણને એ આધ્યાત્મિક સામર્થ્યની કલ્પના પણ થવી અશક્ય થઈ પડી છે. બીજી બાજુએ, ત્યાગ અને તપના મિથ્યા આડંબર નીચે માત્ર ઉદર-પૂર્તિની આકાંક્ષા રાખવાવાળા દંભી મનુષ્યોના દાંભિક જીવનને વિલોકી વિલોકી મુમુક્ષુજનોને સત્પુરુષોના સામર્થ્યમાં અશ્રદ્ધા ઉત્પન્ન થઈ રહી છે; તેથી એવાં સાધનોની યોગ્ય આરાધના કરવા તરફ કોઇની પ્રવૃત્તિ થતી નથી. કહેવામાં આવે છે કે, જેમ ધર્મ એ બુદ્ધિનો વિષય નથી પણ શ્રદ્ધાનો વિષય છે, તેમ મંત્ર-સામર્થ્ય પણ બુદ્ધિનો વિષય ન હોઇ શ્રદ્ધાનો વિષય છે. શ્રદ્ધાશીલ આત્મા જ મંત્રજનિત સામર્થ્યનું ફળ મેળવી શકે છે. શ્રદ્ધાહીન જનને તેથી કશો જ લાભ થતો નથી. આધ્યાત્મિક સામર્થ્યની પ્રાપ્તિને માટે સંયમ અને શ્રદ્ધા એ બે તત્ત્વોની જોડી જોઇએ. સામર્થ્યની, શ્રદ્ધા એ જનની છે અને સંયમ એ જનક છે. શ્રદ્ધા અને સંયમ એ બંનેના યોગ્ય સમાગમથી જ આત્મિક બળ-સામર્થ્ય જન્મે છે. આ સિદ્ધાન્ત પ્રમાણે મંત્રપદ અને તેના સામર્થ્યનો વિચાર કરીએ છીએ તો, સમજાય છે કે, મંત્રપદનો યોજક સંયમશાળી હોવો જોઇએ અને તેનો ગ્રાહક શ્રદ્ધાશાળી હોવો જોઇએ. સંયમશૂન્યે યોજેલો અને શ્રદ્ધાશૂન્યે ગ્રહણ કરેલો મંત્ર કશું જ સામર્થ્ય નિષ્પન્ન કરી શકતો નથી. આપણા પૂર્વ મહર્ષિઓ જે કેટલાંક મંત્રપદો મુમુક્ષુજનોના હિતાર્થે યોજી ગયા છે તેઓમાં સંયમનું ઓજસ્ તો અંતર્નિહિત છે જ પણ સાધકજનમાં શ્રદ્ધાની પાત્રતા યથેષ્ટ ન હોય તો ઇચ્છિત ફળની પ્રાપ્તિ થઈ શકે નહિં. **श्रद्धा फलति सर्वत्र** એ વૃદ્ધ-વચનને આ વિષયમાં તો સર્વથા જ સત્ય સમજવું જોઇએ.



મંત્રશાસ્ત્રમાં ને પ્રણવ કહેવામાં આવે છે. સર્વ મંત્ર પદોમાં એ આદ્ય પદ છે. સર્વ વર્ણોનો એ આદિજનક છે. એનું સ્વરૂપ અનાદ્યનંત ગુણયુક્ત છે. શબ્દ સૃષ્ટનું એ મૂળ બીજ છે. જ્ઞાનરૂપ જ્યોતિનું એ કેન્દ્ર છે. અનાહત નાદના એ પ્રતિઘોષ છે. પરબ્રહ્મનો એ દ્યોતક, અને પરમેષ્ઠીનો વાચક છે. સર્વ દર્શનો અને સર્વ તંત્રોમાં એ સમાનભાવે વ્યાપક છે. યોગીજનોનો એ આરાધ્ય વિભુ છે. સકામ ઉપાસકોને એ કામિત ફળ આપે છે અને નિષ્કામ ઉપાસકોને આધ્યાત્મિક મોક્ષ આપે છે. હૃદયના ધબકારાઓની માફક એ નિરંતર યોગિઓના હૃદયમાં સ્ફુર્યા કરે છે. નીચેનો શ્લોક એના સ્થૂળ સ્વરૂપનું યથાર્થ વર્ણન બતાવે છે.

Aho ! Shrutgyanam

**ॐकारबिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः ।**
**कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः ॥**

બિન્દુ સંયુક્ત ॐ છે તે સર્વ ઇચ્છિત કામને, તથા મોક્ષને આપનારો છે તેથી યોગીઓ નિત્ય એનું જ ધ્યાન કર્યા કરે છે અને એને જ નમસ્કાર કર્યા કરે છે.

**ज्ञानार्णवशास्त्र**ના કર્તા શુભચંદ્રાચાર્ય પોતાના ગ્રંથના ૩૮ મા પ્રકરણમાં આ પ્રણવાક્ષરના માહાત્મ્યનું વર્ણન કરતાં લખે છે કે—

स्मर दुःखानलज्वाला प्रशान्तेर्नवनीरदम् । प्रणवं वाङ्मयज्ञानप्रदीपं पुण्यशासनम् ॥

અર્થ:—હે મુનિ તું પ્રણવ નામના અક્ષરનું સ્મરણ કર, કારણ કે એ પ્રણવાક્ષર દુઃખરૂપી અગ્નિની જ્વાલાને શાંત કરવા માટે નવીન મેઘના જેવો છે તથા વાઙમય–શાસ્ત્ર-જ્ઞાનને પ્રકાશિત કરવા માટે પ્રદીપ અને પુણ્યનું શાસન છે.

यस्माच्छब्दात्मकं ज्योतिः प्रसूतमतिनिर्मलम् । वाच्यवाचकसम्बन्धस्तेनैव परमेष्ठिनः ॥

અર્થ:—એ પ્રણવાક્ષરથી જ અતિ નિર્મલ એવી શબ્દરૂપી જ્યોતિ એટલે કે જ્ઞાનરાશિ ઉત્પન્ન થએલી છે અને તેથી જ આનો પરમેષ્ઠી સાથે વાચ્ય–વાચક સંબંધ રહેલો છે:–પરમેષ્ઠી આનું વાચ્ય છે અને આ પરમેષ્ઠીનો વાચક છે.

हृत्कञ्जकर्णिकासीनं स्वरव्यञ्जनवेष्टितम् । स्फीतमत्यन्तदुर्धर्षं देवदैत्येन्द्रपूजितम् ॥
प्रक्षरन्मूर्ध्निसंक्रान्तचन्द्रलेखामृतप्लुतम् । महाप्रभावसम्पन्नं कर्मकक्षहुताशनम् ॥
महातत्त्वं महाबीजं महामंत्रं महत्पदम् । शरच्चन्द्रनिभं ध्यानी कुम्भकेन विचिन्तयेत् ॥

અર્થ:—ધ્યાન કરવાવાળા સંયમીએ હૃદયકમળની કર્ણિકામાં વિરાજમાન, સ્વર અને વ્યંજનોથી પરિવેષ્ટિત, ઉજ્જવલાકાર, અત્યંત દુર્ધર્ષ, દેવ અને અસુરોના ઇંદ્રોથી પૂજિત, મસ્તકમાં રહેલ અને ઝરતી એવી ચંદ્રમાની લેખાના અમૃતથી સિંચિત, મહા પ્રભાવ સંપન્ન, કર્મરૂપ વનને બાળી નાંખવામાં અગ્નિસમાન એવા એ મહાતત્ત્વ, મહા-બીજ, મહામંત્ર અને મહત્પદ સ્વરૂપ, તથા શરત્કાળના ચંદ્રમાની માફક ગૌર વર્ણધારક ॐકારનું કુંભક પ્રાણાયામવડે ચિંતન કરવું.

सान्द्रसिंदुरवर्णाभं यदि वा विद्रुमप्रभम् । चिन्त्यमानं जगत्सर्वं क्षोभयत्यभिसंगतम् ॥
जाम्बूनदनिभं स्तम्भे, विद्वेषे कज्जलत्विषम् । ध्येयं वश्यादिके रक्तं चन्द्राभं कर्मशातने ॥

અર્થ:—આ પ્રણવાક્ષરનું ગાઢા સિંદૂરના રંગ જેવા રૂપમાં અથવા મૂંગાના જેવા રૂપમાં ધ્યાન કરવાથી આખા જગતને ક્ષોભિત કરી શકાય છે. સુવર્ણના જેવા પીળા રૂપમાં ધ્યાન કરવાથી ગમે તેને સ્તંભિત કરી શકાય છે. કાજળના જેવા સ્યામરૂપમાં ધ્યાન કર-વાથી ગમે તેવા શત્રુનો નાશ કરી શકાય છે. લાલ વર્ણમાં ધ્યાન કરવાથી ગમે તેને

Aho ! Shrutgyanam

વશીભૂત કરી શકાય છે, અને ચંદ્રમાના જેવા શુક્લ રૂપમાં ધ્યાન કરવાથી ગમે તેવા દુષ્ટ કર્મનો નાશ કરી શકાય છે.

જૈન મંત્રજ્ઞ પુરૂષોના મતે પંચપરમેષ્ઠી મહામંત્રના અ અ આ ઉ મુ આ પાંચ આદ્યક્ષરોના સંયોજનથી આ પ્રણવાક્ષરનું સ્વરૂપ બનેલું છે. તેથી આ પદનો જાપ કરવાથી નમસ્કાર મહામંત્રનો જાપ કરવા જેટલું જ ફળ પ્રાપ્ત થાય છે.

ઉપર આપેલી ૐની આકૃતિમાં જે પાંચ બિન્દુઓ કોરેલા છે તે પંચપરમેષ્ઠીના પાંચ સ્થાન સૂચવે છે. ચંદ્રકળા ઉપરનો બિન્દુ તે સિદ્ધનું સ્થાન છે. ચંદ્રકળાગત બિંદુ તે અરિહંતનું સ્થાન છે તેની નીચેનો બિંદુ આચાર્યનું સ્થાન છે. મધ્યરેખાનો બિંદુ ઉપાધ્યાયનું સ્થાન સૂચવે છે અને નિમ્નરેખાગત બિંદુ સાધુનું સ્થાન બતાવે છે. સિદ્ધ એ જગતના સર્વોચ્ચ સ્થાનમાં અને પરમ શૂન્યમાં વિલીન થએલા છે. અર્હત્ જગતથી અલિપ્ત એવા ઉર્ધ્વ આધ્યાત્મિક આકાશમાં વિરાજમાન હોઈ પોતાના આત્મ તેજથી પૃથ્વીતળને પ્રકાશિત કરે છે અને જ્ઞાનામૃતની શીતળ કિરણો વડે ઉત્તપ્ત આત્માઓનાં અંતરને શાંત કરે છે. સદાચારના ઉપદેષ્ટા આચાર્યો–તત્ત્વજ્ઞાનીઓ જનતાના અગ્રભાગમાં વિરાજે છે અને પોતાના આદર્શ આચારો અને વિચારોથી, તે જનતાને સન્માર્ગે દોરે છે. સમ્યક્‌જ્ઞાનના અધ્યાપકો–ઉપાધ્યાયો–શિક્ષકો લોકોની વચ્ચે રહી નિષ્કામ મને, તેમને પોતાના જ્ઞાનનું અક્ષય દાન આપે છે, અને સ્વ–પરના કલ્યાણની સાધનામાં તલ્લીન થએલા સાધુ-જનો–સંતપુરુષો એકાંત સ્થાનમાં વસી પોતાના સાધુ–સ્વભાવથી જગતને નીચેથી ઉપર ચઢવા માટે, અદૃષ્ટ પ્રેરણા અને બળ આપ્યાં કરે છે. આમ આ પાંચે સ્થાનોનું સૂક્ષ્મ રહસ્ય છે. બીજો ક્રમ આ સ્થાનોનો અન્ય પ્રકારે પણ કહી શકાય. સર્વોત્કૃષ્ટ અને સર્વોચ્ચ સ્થાન મેળવનાર મુમુક્ષુ આત્મા કયા ક્રમે ઉત્ક્રાંતિના સોપાન ઉપર આરૂઢ થઈ ઉચ્ચ પદ પ્રાપ્ત કરતો જાય છે તેનું પણ આ ૐકારની આકૃતિમાં સૂક્ષ્મ સૂચન રહેલું છે. મુક્તિ મેળવવાની ઇચ્છાવાળાને સૌથી પ્રથમ તો સાધુ એટલે સાધક થવું પડે છે. સાધક અવસ્થામાં અમુક પ્રકારની જગત્ કલ્યાણ કરનારી ભાવનાઓ કેળવી પછી તેને લોકોના શિક્ષક બનવું પડે છે–એટલે કે સમ્યક્‌જ્ઞાનનું અધ્યયન કરાવનારું અધ્યાપકનું પદ લેવું પડે છે. આ રીતે લોકશિક્ષણનું કામ કરતાં કરતાં પોતાને જે કાંઈ વિશિષ્ટ અનુભવ મળે અને લોકોના કલ્યાણનો જે સત્ય માર્ગ સૂઝી આવે તે પ્રમાણે, પછી તેને પોતાના આચાર-વિચાર અનુસારે લોકોને દોરવનારું આચાર્ય પદ સ્વીકારવું પડે છે. આચાર્ય તરીકેનું પોતાનું કૃત્ય જે આત્મા પૂર્ણપણે બજાવી રહે છે તે જ પછી અર્હંતના–જગત્‌પૂજ્યના પદે પહોંચે છે અને અંતે પરમાત્મદશારૂપ સિદ્ધસ્વરૂપમાં વિલીન થઈ જાય છે. આમ પાંચ પરમેષ્ઠી પદમાં આધ્યાત્મિક વિકાસક્રમનું જે વિચારતત્ત્વ ગર્ભિતરૂપે રહેલું છે, ત આ ૐકારની આકૃતિમાં સૂચવવામાં આવ્યું છે.

Aho ! Shrutgyanam

# अँर्हं

મંત્રપદોમાં અર્હં એ બીજું પદ છે; પણ એ મંત્રપદોમાં રાજા સમાન હોવાથી એને મંત્રાધિરાજ કહેવામાં આવે છે.

**अकारादिहकारान्तं रेफमध्यं सबिन्दुकम् ।**
**तदेव परमं तत्त्वं यो जानाति स तत्त्ववित् ॥**
**महातत्त्वमिदं योगी यदैव ध्यायति स्थिरः ।**
**तदैवानन्दसंपद्भूर्मुक्तिश्रीरुपतिष्ठते ॥**

( યોગશાસ્ત્ર ૮, ૨૩-૨૪ )

અર્થ:—અ જેની આદિમાં છે અને હ જેની અંતમાં છે, તથા: ° બિન્દુ સહિત 'રેફ' જેની મધ્યમાં છે; આવું જે 'અર્હં' મંત્રપદ છે તે જ પરમતત્ત્વ છે. તેને જે જાણે છે તે જ યથાર્થ 'તત્ત્વજ્ઞ' છે. આ મહાતત્ત્વનું જ્યારે યોગી સ્થિર થઇને ધ્યાન કરે છે ત્યારે આનંદ સ્વરૂપ સંપત્તની ભૂમિ જેવી મોક્ષ વિભૂતિ તેની આગળ આવીને ઊભી રહે છે.

હેમચંદ્રાચાર્ય પ્રાયઃ પોતાની દરેક ગ્રંથકૃતિમાં આદ્યમંગલ તરીકે આ પદનું સ્મરણ કરે છે; તથા સિદ્ધહેમશબ્દાનુશાસન નામના પોતાના સર્વ પ્રધાન ગ્રંથમાં તો આ મંત્રાક્ષરને વ્યાકરણ શાસ્ત્રના ખાસ આદ્ય સૂત્ર તરીકે ગુંથી દે છે, અને નીચે પ્રમાણે એની વ્યાખ્યા કરી એનું રહસ્ય અને મહત્ત્વ પણ સમજાવે છે.

**अर्हं ( १-१-२ )—अर्हमित्येतदक्षरं परमेश्वरस्य परमेष्ठिनो वाचकं सिद्धचक्रस्यादिबीजं सकलागमोपनिषद्भूतमशेषविघ्नविघातनिघ्नमखिलदृष्टादृष्टफलसंकल्पकल्पद्रुमोपमं शास्त्राध्ययनाध्यापनावधि प्रणिधेयम् ।**

અર્થ:—અર્હં એ અક્ષર પરમેશ્વર સ્વરૂપ પરમેષ્ઠિપદનું વાચક છે, સિદ્ધચક્રનું આદિ બીજ છે, સકલ આગમો–સર્વશાસ્ત્રોનું રહસ્યભૂત છે, સર્વ વિઘ્ન–સમૂહોનો નાશ કરનાર છે અને સર્વ દૃષ્ટ એવાં જે રાજ્યસુખાદિ તથા અદૃષ્ટ એવાં જે સ્વર્ગસુખાદિ ફળ તે આપવા માટે, સંકલ્પ કરનારને, કલ્પદ્રુમ સમાન છે.

સકલ આગમો–સર્વ શાસ્ત્રોનું એ શી રીતે રહસ્યભૂત છે તે માટે, ન્યાસકારે સમજાવ્યું છે કે અર્હમ્ એ પદમાં જેમ પરમેષ્ઠીનું પરમ તત્ત્વ સમાએલું છે તેમ બ્રહ્મા, વિષ્ણુ અને હર–શિવનું સ્વરૂપ પણ એ અક્ષરમાં અંતર્હિત છે. કારણ કે એ પદમાં જે અ ર અને હ એવા ત્રણ અક્ષરો રહેલા છે તે ત્રણે ક્રમથી વિષ્ણુ, બ્રહ્મા અને હરના વાચક છે એમ યોગિઓ માને છે. જેમ કે નીચેના શ્લોકમાં કહેવામાં આવ્યું છે.

**अकारेणोच्यते विष्णू रेफे ब्रह्मा व्यवस्थितः ।**
**हकारेण हरः प्रोक्तस्तदन्ते परमं पदम् ॥**

Aho ! Shrutgyanam

અર્થ:—'અ' અક્ષર વિષ્ણુનો વાચક કહેવાય છે, રેફ એટલે 'ર' અક્ષરમાં બ્રહ્માની સ્થિતિ છે અને 'હ' અક્ષરમાં હર એટલે શિવ–મહાદેવને કહેવામાં આવે છે. એ પદની–શબ્દની અંતે જે ઁ આવી ચંદ્રકળા છે પરમપદની–સિદ્ધશિલાની સૂચક છે. આ રીતે અર્હં શબ્દ વિષ્ણુ આદિ લૌકિક દેવોનો અભિધાયક હોવાથી સકળ આગમો એટલે સર્વ ધર્મના સિદ્ધાન્તોનો એ રહસ્યભૂત છે, એમ કહેવામાં આવે છે. આ સિવાય અર્હં એ પદનો ઘણો મહિમા અને ઘણો ગૂઢાર્થ છે જે અહિં વિશેષ પ્રસંગ ન હોવાથી આપવાની આવશ્યકતા નથી.

જે મનુષ્ય સંયમ અને શ્રદ્ધાપૂર્વક આ મંત્રપદનો યોગ્ય રીતે જાપ કરે છે તેના સર્વ મનોરથો સફળ થાય છે.

---

## પંચપરમેષ્ઠી નમસ્કાર મહામંત્ર.

એ મંત્રનો થોડો ઘણો મહિમા તો સર્વ કોઇ બાલ ગોપાલને પણ જ્ઞાત હોવો જોઇએ. તીર્થંકર અને ગણધર જેવા મહાયોગિઓ પણ એ મંત્રનો જાપ કરતા હોય છે. એના જાપથી મહાપાતકિઓના પાતક પણ ક્ષણભરમાં નષ્ટ થઈ જાય છે અને મહાન સંકટ પણ દૂર થઈ જાય છે. જે મનુષ્ય બીજા કશા એક પણ શબ્દને ન જાણી પ્રખર સંયમ અને દૃઢ શ્રદ્ધાપૂર્વક માત્ર આ જ મહામંત્રનો જાપ કરતો રહે તો તે સંસાર સાગરથી પાર થઇ શકે છે અને નિર્વાણપદે પહુંચી શકે છે. ઐહિક ફળની તો અહિં ગણત્રી જ શી હોઇ શકે. મંત્રશાસ્ત્રોમાં આ મહામંત્રના જાપ અને ધ્યાન વિષે ઘણું અદ્‌ભુત કહેવામાં આવ્યું છે અને તે શાસ્ત્રની રીતે એના જાપ અને ધ્યાન કરવાથી અનેક પ્રકારનાં અદ્‌ભુત ફળોની પ્રાપ્તિ કરી શકાય તેમ છે. હેમચંદ્રસૂરિ થોડાક જ શ્લોકોમાં આ મહામંત્રનો આધ્યાત્મિક પ્રભાવ આ પ્રમાણે જણાવે છે.

**तथा पुण्यतमं मन्त्रं जगत्त्रितयपावनम् ।**
**योगी पञ्चपरमेष्ठिनमस्कारं विचिन्तयेत् ॥**
**अष्टपत्रे सिताम्भोजे कर्णिकायां कृतस्थितिम् ।**
**आद्यं सप्ताक्षरं मन्त्रं पवित्रं चिन्तयेत्ततः ॥**
**सिद्धादिचतुष्कं च दिक्पत्रेषु यथाक्रमम् ।**
**चूलापादचतुष्कं च विदिक्पत्रेषु चिन्तयेत् ॥**
**त्रिशुद्धया चिन्तयंस्तस्य शतमष्टोत्तरं मुनिः ।**
**भुञ्जानोऽपि लभेतैव चतुर्थतपसः फलम् ॥**

Aho ! Shrutgyanam

**एवमेव महामन्त्रं समाराध्येह योगिनः ।**
**त्रिलोक्यापि महीयन्तेऽधिगताः परमां श्रियम् ॥**
**कृत्वा पापसहस्राणि हत्वा जन्तुशतानि च ।**
**अमुं मन्त्रं समाराध्य तिर्यञ्चोऽपि दिवंगताः ॥**

અર્થ:—આ પંચપરમેષ્ઠી નમસ્કાર મહામંત્ર પરમ પવિત્ર છે અને ત્રણે જગતને પાવન કરનાર છે. તેથી યોગીજને એનું ચિન્તન કરવું. પોતાના હૃદયમાં અષ્ટદળ-કમળની એક કલ્પના કરવી. તે કમળની જે કર્ણિકા છે તેમાં **नमो अरिहंताणं** એ પ્રથમ સાત અક્ષરવાળો પવિત્ર મંત્ર ચિંતવવો. કર્ણિકાની ચારે બાજુ પૂર્વ આદિ દિશાઓમાં જે ૪ પત્રો છે તેમનામાં ક્રમથી **नमो सिद्धाणं, नमो आयरियाणं, नमो उवज्झायाणं** અને **नमो लोए सव्वसाहुणं** એ ૪ પદોની ચિંતના કરવી. આગ્નેયી આદિ ૪ વિદિશાઓનાં જે પત્રો છે તેઓમાં અનુક્રમે, १ **एसो पंच नमुक्कारो,** २ **सव्वपावपणासणो,** ३ **मंगलाणं च सव्वेसि,** ४ **पढमं हवइ मंगलं** એ ૪ ચૂલિકા-પદોનું ચિંતન કરવું. આ રીતે મન, વચન અને કાયાની શુદ્ધિપૂર્વક જે યોગી-મુનિ દિવસમાં ૧૦૮ વાર આ મંત્રનું ચિંતન કરે, તે અન્ન ખાતો છતો પણ ઉપવાસનું ફળ પ્રાપ્ત કરે છે.

આમ આ મહામંત્રનું આરાધન કરીને યોગિઓ પરમ વિભૂતિને પ્રાપ્ત થયા છતા ત્રણે લોકમાં પૂજાય છે. સેંકડો પ્રાણિઓનો ઘાત કરનારા અને હજારો પાપો સેવનારા, તથા કંબલ શંબલ આદિ પશુઓ પણ આ મહામંત્રની આરાધના કરવાથી સ્વર્ગના સુખોની પ્રાપ્તિ કરી શકયા છે

**गुरुपञ्चकनोमोत्था विद्या स्यात् षोडशाक्षरा ।**
**जपन् शतद्वयं तस्याश्चतुर्थस्याप्नुयात् फलम् ॥**

ગુરુપંચક એટલે પંચપરમેષ્ઠિના નામ નિર્દેશ કરનારી **अरिहंत-सिद्ध-आयरिय-उवज्झाय-साहु** આ ૧૬ અક્ષરવાળી વિદ્યાનો જે પુરુષ બસો વાર જાપ કરે છે તે એક ઉપવાસનું ફળ પ્રાપ્ત કરે છે.

**शतानि त्रीणि षड्वर्णं चत्वारि चतुरक्षरम् ।**
**पञ्चावर्णं जपन् योगी चतुर्थफलमश्नुते ॥**

'**अरिहंत-सिद्ध**' આ ૬ અક્ષરનો, અથવા '**अरिहंत**' આવા ૪ અક્ષરનો, અથવા કેવળ, (**अ-अ-आ-अ-अ*** સ્વરૂપાત્મક) પાંચ અ વર્ણનો જે મનુષ્ય ત્રણસો વાર જાપ કરે તે ઉપવાસ કર્યા જેટલું ફળ મેળવે.

Aho ! Shrutgyanam

**प्रवृत्तिहेतुरेवैतदमीषां कथितं फलम् ।**
**फलं स्वर्गापवर्गौ तु वदन्ति परमार्थतः ॥**

હેમચંદ્રસૂરિ કહે છે કે–આ ઉપવાસાદિકનું જે ફળ કહેવામાં આવે છે તે તો સામાન્ય જનોને આ વિષયમાં પ્રવૃત્તિ કરવાનું પ્રતિપાદન કરવા માટે છે. બાકી વસ્તુતાએ તો સ્વર્ગ અને મોક્ષ પ્રાપ્તિ રૂપ મહાન્ ફળ જ એ જાપનાં મુખ્ય કાર્ય માનવાં જોઈએ.

**पञ्चवर्णमयी पञ्चतत्त्वा विद्योद्धृता श्रुतात् ।**
**अभ्यस्यमाना सततं भवक्लेशं निरस्यति ॥**

જે પુરૂષ 'ह्रां ह्रीं ह्रूं ह्रौं ह्रः असिआउसा नमः આ સ્વરૂપની વિદ્યાપ્રવાદ નામના પૂર્વ શ્રુતમાંથી ઉદ્ધૃત કરેલી પંચતત્ત્વ અને પંચવર્ણવાળી વિદ્યાનો સતત અભ્યાસ કરે તે જન્મ જન્માંતરના કલેશોનો નાશ કરી શકે.

**मुक्तसौख्यप्रदां ध्यायेद्विद्यां पञ्चदशाक्षराम् ।**
**सर्वज्ञाभं स्मरेन्मंत्रं सर्वज्ञानप्रकाशकम् ॥**

મુક્તિના સુખની ઇચ્છાવાળા પુરૂષે 'ओं अरिहंत सिद्ध सयोगि केवली स्वाहा' આ ૧૫ અક્ષરવાળી વિદ્યાનું સ્મરણ કરવું; તથા, સર્વ પદાર્થોના જ્ઞાનની પ્રાપ્તિ કરવાની ઇચ્છાવાળા જિજ્ઞાસુ જને ॐ ह्रीं अर्हं नमः આ સર્વ જ્ઞાન પ્રકાશક અને સર્વજ્ઞના જેવું જ સ્ફૂર્તિ કરાવનાર મંત્રનું સ્મરણ કરવું.

**वक्तुं न कश्चिदप्यस्य प्रभावं सर्वतः क्षमः ।**
**समं भगवता साम्यं सर्वज्ञेन बिभर्ति यः ॥**

આ મંત્રનો સર્વ પ્રકારનો પ્રભાવ કહેવા માટે કોઈ પણ સમર્થ થઈ શકે તેમ નથી; તેથી એ મંત્રને સર્વજ્ઞ એવા ભગવાન સાથે સમાનતા ધારણ કરનારો કહ્યો છે.

**यदीच्छेद् भवदावाग्नेः समुच्छेदं क्षणादपि ।**
**स्मरेत्तदापि मंत्रस्य वर्णसप्तकमादिमम् ॥**

જે મનુષ્ય ભવરૂપી દાવાનળનો ક્ષણભરમાં નાશ કરી નાંખવા ઇચ્છે તેણે **नमो अरिहंताणं** એટલા ૭ વર્ણવાળા–સર્વ મંત્રોમાંના આદ્ય મંત્રનું સ્મરણ કર્યા કરવું.

---

* अ–अरिहंत, अ–अशरीरी (सिद्ध) आ–आचार्य, अ–अध्यापक, अ–अनगार–अतिथिः એમ એ પાંચે પદોના પ્રથમાક્ષરો પાંચ अ વર્ણના હોવાથી અવર્ણ એ પંચપરમેષ્ઠિવાચક મંત્રાક્ષર છે.

Aho ! Shrutgyanam

**पञ्चवर्णं स्मरेन्मंत्रं कर्मनिर्घातकं तथा ।**
**वर्णमालाश्चितं मंत्रं ध्यायेत्सर्वाभयप्रदम् ॥**

તેમ જ, કઠિણ કર્મનો નાશ કરવા માટે **નમો સિદ્ધાણં** એ પંચાક્ષરી મંત્રનો પાઠ કરવો અને સર્વ પ્રકારના ભયના નાશને માટે અભય આપનાર એવા વર્ણમાલા વિભૂષિત મંત્રનો જાપ કરવો. એ મંત્ર આ પ્રમાણે:—

**ॐ नमो अर्हते केवलिने परमयोगिने विस्फुरदुरुशुक्लध्यानाग्निनिर्दग्धकर्मबीजाय प्राप्तानन्तचतुष्टाय सौम्याय शान्ताय मङ्गलवरदाय अष्टादशदोषरहिताय स्वाहा।**

આ પ્રમાણે કેવળ નમસ્કાર મહામંત્રના અક્ષરો, પદો અને વાકયોના સંયોજનથી બનેલા મંત્રોમાંના થોડાક મંત્રો આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિએ મુમુક્ષુઓના કલ્યાણ અર્થે યોગશાસ્ત્રમાં નિક્ષિપ્ત કર્યા છે.

## કંબલ-શંબલની કથા.

આચાર્ય હેમચંદ્રે સૂચવેલી કંબલ-શંબલની કથા મહાવીર ચરિત્ર અને કલ્પસૂત્રની ટીકા વગેરેમાં આપેલી છે, જેનો સાર આ પ્રમાણે છે:—

મથુરા નગરીમાં જિનદાસ અને તેની પત્ની સાધુદાસી કરીને એક પરમ ધાર્મિક શ્રાવક-શ્રાવિકાનું યુગલ રહેતું હતું. તેમણે પાંચમાં પરિગ્રહ વ્રતનો નિયમ લીધો ત્યારે ચતુષ્પદ જાતિનું કોઇ પણ પ્રાણી પોતાના અધિકારમાં ન રાખવું એવી પ્રતિજ્ઞા લીધી. પોતાના ખાનપાનના ઉપયોગ માટે ઘી-દૂધ-દહી વગેરે જે કાંઇ ગોરસ વસ્તુઓની જરૂર હોય તે તેઓ એક ભલી અને પ્રામાણિક ભરવાડણ પાસેથી સદા લીધાં કરે. હમેશના વ્યવહારને લીધે તે શ્રાવિકા અને ભરવાડણને પરસ્પર સારો સ્નેહભાવ બંધાઇ ગયો. એક વખત ભરવાડણને ઘરે કોઇ લગ્નાદિ જેવો ઉત્સવ પ્રસંગ આવ્યો. ત્યારે સાધુદાસી શ્રાવિકાએ પોતાના ઘરમાંથી કેટલીક સારી સારી વસ્તુઓ એ ભરવાડણને વાપરવા માટે આપી તેમ જ બીજી પણ કેટલીક સારી મદત આપી. આથી, ભરવાડણને ત્યાંનો ઉત્સવ ખૂબ દીપી નીકળ્યો. એના નાત-જાતના તેમ જ સગાવાલા લોકો ઉત્સવનો ઠાઠ જોઇ ખૂબ રાજી રાજી થયા અને ભરવાડણના ઘરની ખૂબ પ્રશંસા કરવા લાગ્યા. ભરવાડણ અને તેનો પતિ એ ધર્મિષ્ઠ દંપતીનો અત્યંત આભાર માનવા લાગ્યા અને પોતાને ત્યાં બે અત્યંત સુંદર અને જાતવાન વાછરડાં હતાં તે શેઠને ભેટ આપવા માટે શેઠને ઘરે લઇ ગયા. શેઠે કોઇ પણ જાતના ચોપગા જીવો નહિ રાખવાનો નિયમ લીધો હોવાથી તે વાછરડાંઓની ભેટ નહિ સ્વીકારવા માટે તેમને ઘણા સમજાવ્યા પણ તેમણે શેઠની વાત જરા પણ સાંભળી નહિ અને તે બંને વાછરડાંઓ મૂકીને પોતાને ઘરે જતા રહ્યા. વાછરડાઓ અત્યંત મનોહર અને વ્હાલ ઉપજાવે તેવાં હતાં. તેથી શેઠાણીના દિલમાં તેમના ઉપર ખૂબ વત્સલભાવ થઇ આવ્યો. તેણે મનમાં વિચાર્યું કે જો આ વાછરડાંને પાછાં મોકલી દઇશું તો બીચારાઓની આખી જીંદગી કોણ જાણે કેવી જાતના કષ્ટો ઉઠાવવામાં અને ભાર વહન કરવામાં વ્યતીત થશે. તેથી ભલે આપણે ત્યાં જ રહ્યાં. એ વિચારથી તેણે તેમને રાખી લીધાં અને ચોખું ઘાસ તથા શુદ્ધ પાણી વગેરેથી તેમનું પાલન કરવા લાગી. નાના બાળકોની

Aho ! Shrutgyanam

માફક એ વાછરડાંઓ શેઠના ઘરમાં આખો દિવસ કલ્લોલ કર્યા કરે અને શેઠ–શેઠાણીની પાછળ પાછળ ફર્યા કરે. નિત્યના સહવાસથી તેમની લાગણીઓ એટલી બધી કેળવાઈ ગઇ હતી કે શેઠ શેઠાણી જ્યારે સામાયિક પ્રતિક્રમણ આદિ કરવા એકાંત સ્થાનમાં બેસે ત્યારે તે પણ તેમની પાસે નિશ્ચલ ભાવે આવીને બેસી જાય. અષ્ટમી ચતુર્દશી આદિના પર્વ દિવસોમાં જ્યારે તેઓ દંપતી એકાશન ઉપવાસાદિના નિયમ લે અને ભોજન વગેરે ન કરે તો તે દિવસે તે વાછરડાંઓ પણ ઘાસ–પાણી પીવે નહિ ! આમ કેટલોક સમય પસાર થયો અને વાછરડાંઓ ખૂબ હૃષ્ટ–પુષ્ટ થઇ મોટાં દેખાવા લાગ્યાં. એક પર્વ–મહોત્સવના દિવસે શેઠ–શેઠાણી બંનેએ પૌષધ વ્રત લીધું અને એકાન્ત વાસમાં રહી આખો દિવસ સ્વાધ્યાય અને સદ્વિચારના ચિંતનમાં તલ્લીન બન્યાં. ગામના બીજા બીજા લોકો રમત–ગમત અને મોજમજાના કામમાં જોડાયા. જિનદાસ શેઠનો કોઇ એક અજૈન ગૃહસ્થ ખાસ મિત્ર હતો. તે આવા જ કોઈ રમત–ગમતના કામમાં ભાગ લેવા માટે નગરથી દૂર આવેલા કોઇ સ્થાનમાં જવા માટે તૈયાર થયો. અનેક નગરજનો ઉંચી જાતના બળદો વગેરેથી જોડાએલી સુંદર ગાડીઓમાં બેસીને નગર બહાર જવા લાગ્યા તેમને જોઇને એ અજૈન ગૃહસ્થનું, જિનદાસ શેઠને ત્યાં ઉછરતાં બાળ વાછરડાંઓ તરફ ધ્યાન ગયું. શેઠ પૌષધ વ્રતમાં એકાંતે બેઠેલા હોવાથી, પૂછ્યા કર્યા વગર એ વાછરડાંઓને લઇ જઈ તેણે પોતાની ગાડીમાં જોડયાં અને પછી તેમાં બેસી બહાર ફરવા નીકળી પડયો. વાછરડાંઓ શરીરે તો બહુ પુષ્ટ દેખાતાં હતાં પણ કોઇ દિવસે ગાડી વગેરે વાહનમાં જોડાએલાં ન હોવાથી એ ભાર તેઓ ખેંચી શકયાં નહિ તેમ જ બરાબર ચાલી શકયાં પણ નહિ. આથી ગુસ્સે થઇ તે ગૃહસ્થે એ બાળ–વત્સોને ખૂબ માર માર્યો અને અતિશય ત્રાસ આપ્યો. સાંજ પડે જ્યારે એ વત્સોને જિનદાસ શેઠને ત્યાં પહોંચતાં કરવામાં આવ્યાં ત્યારે તેઓ અધમુઆ જેવી હાલતમાં પહોંચી ગયાં હતાં. તેમના શરીરનાં સાંધે સાંધા તૂટી ગયાં હતાં અને મૂર્છિત થઇને ધરતી ઉપર ઢળી પડયાં હતાં. સૂર્યાસ્ત થએ શેઠ શેઠાણી પોષધ છોડી નીચે આવ્યા અને વાછરડાંઓની આવી દશા જોઇ બહુ દુઃખી થયા. પણ હવે કાંઇ ઇલાજ ન હતો. તેઓ બંને વાછરડાંઓને અતિશય પ્રેમભાવથી શુચકારવા લાગ્યા અને છેલ્લી ઘડીએ તેઓનાં પ્રાણ આવી પહોંચેલા જોઇ, તેમની સદ્ગતિની કામનાથી નમસ્કાર મહામંત્રનો શાંત પાઠ તેમના કાન આગળ ઉચ્ચારવા લાગ્યા. પોતાના માત–પિતા જેવા એ દયાળુ પતિ–પત્નીના મધુર શબ્દો સાંભળતા ઘડી બઘડી સ્વસ્થપણે પડયાં રહી સરલ ભાવે તેમણે પોતાનાં શરીરો છોડયાં. એ નમસ્કાર મંત્રના શાંત શ્રવણથી તેમની લાગણીઓ બહુ જ શુદ્ધ બની ગઇ હતી અને તેના પ્રભાવે તેઓ મરીને તરત **નાગકુમાર** જાતિના દેવો થયા.

પછી, એ દેવભવમાં, જ્યારે ભગવાન્ મહાવીર છદ્મસ્થાવસ્થામાં નાવમાં બેસીને ગંગા નદી ઉતરતા હતા અને સુદંષ્ટ્ર નામનો દુષ્ટ દેવ તેમની નાવને નદીમાં ડુબાડવા પ્રયત્ન કરતો હતો, ત્યારે એમણે પોતાની દિવ્ય શક્તિના બળે એ દેવનો તિરસ્કાર કરી પ્રભુ મહાવીર દેવના ઉપસર્ગનું નિવારણ કર્યું હતું.

( જુઓ, હેમચંદ્રાચાર્ય વિરચિત **મહાવીરચરિત્ર** સર્ગ. ૩; તથા કલ્પસૂત્ર ટીકા વગેરે )

Aho ! Shrutgyanam

એ નમસ્કાર મંત્રના પ્રભાવ અને માહાત્મ્યના વર્ણનમાં પૂર્વાચાર્યોએ અનેક કૃતિઓ ઉપજાવેલી છે. **નમસ્કાર કલ્પ** નામની એક અનિર્દિષ્ટકર્તાની કૃતિ ઘણી જૂની મળી આવે છે. એમાં નમસ્કાર મંત્રના જૂદાં જૂદાં વર્ણો અને પદોના સંયોજનથી અનેક પ્રકારની વિદ્યાઓ અને મંત્રોની સૃષ્ટિ કરવામાં આવેલી છે અને તેઓના ઉપયોગ અને કાર્યોની વિગત આપેલી છે. જિનકીર્તિસૂરિ નામના એક વિદ્વાને સંવત્ ૧૪૫૭ માં **નમસ્કાર સ્તોત્ર** એ નામે એક કૃતિ કરી છે જેમાં નમસ્કાર મંત્રના પાંચ અને નવપદોની આનુપૂર્વી–અનાનુપૂર્વીની ભંગપદ્ધતિનો ગણિતની દૃષ્ટિએ ખૂબ વિસ્તાર કરેલો છે. એ સ્તોત્રની અંતે એ સૂરિ કહે છે કે—

**इय अणुपुव्विप्पमुहे भंगे सम्मं वियाणिउं जो उ ।**
**भावेण गुणइ निच्चं सो सिद्धसुहाइं पावेइ ॥२६॥**
**जं छम्मासियवरिसियतवेण तिव्वेण झिज्झए पावं ।**
**नमुक्कार अणणुपुव्वीगुणणेण तयं खणध्देण ॥२७॥**
**जो गुणइ अणणुपुव्वीभंगे सयलेवि सावहाण मणो ।**
**दढरोसवेरिएहिं बद्धो वि स मुच्चए सिग्घं ॥२८॥**
**एएहिं अभिमंतियवासेणं सिरिसिरिवत्तामित्तेण ।**
**साइणि–भूअप्पमुहा नासंति खणेण सव्वगहा ॥२९॥**
**अन्ने वि उवसग्गा रायाइं भयाइं दुट्ठरोगा य ।**
**नवपयअणाणुपुव्वी गुणणेणं जंति उवसामं ॥३०॥**

અર્થાત્—આ પ્રમાણે અનુપૂર્વી પ્રમુખ ભંગોને જે સમ્યક્ રીતે જાણીને ભાવપૂર્વક જો નિત્ય ગણ્યાં કરે તો તે સિદ્ધિનાં સુખો પ્રાપ્ત કરી શકે. ૨૬. જે પાપ છ માસના અને વરસના તપથી દૂર થાય તે પાપ નમસ્કાર મંત્રની અનાનુપૂર્વી ગુણવાથી એક ક્ષણાર્દ્ધમાં નષ્ટ થઇ શકે. ૨૭. સાવધાન મનવાળો થઇને જે પુરુષ અનનુપૂર્વીના સઘળા ભાંગાઓનું ગુણન કરે તો તે વૈરીઓના ગમે તેવા દૃઢ બંધનમાં પડેલો હોય તો પણ તેમાંથી શીઘ્ર છુટકારો મેળવી શકે. ૨૮. આ મંત્રપદોથી અભિમંત્રેલા કેવળ શ્રીપત્રોના વાસથી જ શાકિની આદિ ભૂત–પ્રેત અને સર્વ ગ્રહો ક્ષણભરમાં નાશી જાય છે. ૨૯. રાજ્યભય કે દુષ્ટરોગ આદિ જે કાંઇ બીજા પણ ઉપસર્ગો હોય તે આ નવપદનું અનાનુપૂર્વીની રીતે ગુણન કરવાથી ઉપશાંત થઇ જાય છે. ૩૦.

Aho ! Shrutgyanam

જિનમાણિક્યસૂરિ શિષ્ય પંડિત વિનયસમુદ્રગણીના શિષ્ય ગુણરત્ન નામના મુનિએ સંસ્કૃતમાં **नमो अरिहंताणं** એ પદના જૂદી જૂદી જાતના ૧૧૦ અર્થ કર્યા છે જેમાં ૧૪ સ્વપ્ન અને ૯ ગ્રહ વગેરેના અર્થો પણ ઘટાડયા છે.

આ નમસ્કાર મહામંત્રમાં ૯ પદ, ૮ સંપદ, અને ૬૮ અક્ષર આવેલા છે. ગ્રંથાંતરોમાં આ મહામંત્રના માહાત્મ્યનું વર્ણન કરતાં જણાવ્યું છે કે—

**नवकारइक्कक्खर पावं फेडेइ सत्त अयराण ।**
**पन्नासं च पएणं सागरपणसयसमग्गेणं ॥**
**जो गुणइ लक्खमेगं पूएइ विहीइ जिणनमुक्कारं ।**
**तित्थयरनामगोअं सो बंधइ नत्थि संदेहो ॥**
**अट्ठेव अट्ठसय अट्ठसहस्स अट्ठलक्ख अट्ठकोडी उ ।**
**जो गुणइ भत्तिजुत्तो सो पावइ सासयं ठाणं ॥**

અર્થાત્—[ ભાવપૂર્વક સ્મરેલા ] નમસ્કાર મંત્રનો એક અક્ષર સાત સાગરોપમ જેટલા કાળના પાપોનો નાશ કરે છે, એક પદ પચાસ સાગરોપમ કાળના પાપોનો નાશ કરે છે અને આખો મંત્ર પાંચસો સાગરોપમ કાળના પાપોનો નાશ કરે છે. જે મનુષ્ય વિધિપૂર્વક જિનના પૂજન સાથે એક લાખ નમસ્કારનો જાપ કરે તે નિશ્ચયથી તીર્થંકર નામ ગોત્રનું પુણ્ય ઉપાર્જન કરી શકે. વળી, જે મનુષ્ય આઠ ક્રોડ, આઠ લાખ, આઠ હજાર, આઠસોને આઠવાર, ભક્તિપૂર્વક આ મંત્રનું ગુણન કરી શકે તે શાશ્વતપદને પ્રાપ્ત કરી શકે.

નમસ્કાર મંત્રના સ્મરણના પ્રભાવે ઐહિક અને પારલૌકિક સુખોની પ્રાપ્તિ કરનાર પુરુષોનાં અનેક દૃષ્ટાંતો આવશ્યક સૂત્રના વ્યાખ્યા ગ્રંથો વગેરેમાં આપવામાં આવ્યાં હોય છે. જિજ્ઞાસુઓએ તે તે ગ્રંથો જોઇ લેવા.

Aho ! Shrutgyanam

# श्री जिनप्रभसूरिकृत

# फारसी भाषामां ऋषभदेव स्तवन

———*———

આ નીચે આપેલું સ્તવન જૈન સાહિત્યમાં એક નવી વસ્તુ છે. જૈન ગ્રંથકારોએ ભારતવર્ષની સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, હિંદી, ગૂજરાતી, પંજાબી, કાનડી, તામિળ, તેલુગુ વગેરે આર્ય અને દ્રવિડીય ભાષાઓમાંની ઘણીક ભાષાઓમાં પોતાની અનેક કૃતિઓ કરેલી છે તે તો સુવિદિત જ છે; પણ ફારસી જેવી મ્લેચ્છોની ભાષામાં પણ જૈનાચાર્યોએ કાંઈ રચના કરી હશે એની કલ્પના મને આ સ્તવન જોયાં પહેલાં થઈ શકે તેમ ન હતી. જગદ્ગુરૂ શ્રીહીરવિજયસૂરિના શિષ્યો અકબર બાદશાહના દરબારમાં વિશેષપણે રહ્યા હતા તેથી તેમને બાદશાહાતની રાજભાષાનો સારો પરિચય થયો હોવો જોઈએ એ દેખીતું છે અને તેના પુરાવાઓ પણ તપાસ કરતાં મળી આવે તેમ છે. ભક્તામર સ્તવનની ટીકામાં કે બીજે કયાંએ મારા વાંચવામાં આવેલું છે કે સિદ્ધિચંદ્ર પંડિત ફારસી ભાષા જાણતા હતા. પણ એ વિદ્વાને ફારસી ભાષામાં કાંઇ રચના પણ કરી હતી કે કેમ તેનો પુરાવો અદ્યાપિ મારી જાણમાં આવ્યો નથી. પણ પ્રસ્તુત સ્તવન તો એક રીતે ઘણું જૂનું કહેવાય. કારણ કે આના કર્તા શ્રીજિનપ્રભસૂરિ ૧૪ મા સૈકામાં થએલા છે. તેઓ અલા-ઉદ્દ-દીનના જમાનાના છે. દિલ્હી અને તેના આસપાસના પ્રદેશોમાં તે ઘણો સમય વિચર્યા હોય એમ તેમના સંબંધે મળી આવતી હકીકત ઉપરથી સમજાય છે. અલા-ઉદ્દ-દીન પછી દિલ્હીની ગાદિએ આવનાર મહમૂદશાહ બાદશાહના દરબારમાં તે સૂરિવર જતા આવતા હતા અને એ બાદશાહને પોતાની ચમત્કૃતિઓ બતાવી એની જૈન ધર્મ તરફ કાંઈક સહાનુભૂતિ મેળવી, મુસલમાનોના હાથે થતા જૈન મંદિરોના નાશને કેટલેક અંશે અટકાવવામાં તેમણે સફળતા મેળવી હતી. આ વિગત જોતાં, તેમને ફારસી ભાષાનો પરિચય થાય અને તેમાં કુતુહલની ખાતર આવી પ્રભુસ્તુતિ બનાવવા પ્રેરાય તે પ્રસંગપ્રાપ્ત છે. જિનપ્રભુસૂરિ સમર્થ વિદ્વાન હતા એ વાત તો તેમના બનાવેલા **विविधतीर्थकल्प, विधिप्रपा, संदेह विषौषधी, स्मरणटीका** વગેરે જે કેટલાક ગ્રંથો મળી આવે છે તે ઉપરથી જણાઇ આવે છે. એ ગ્રંથો ઉપરાંત, સંસ્કૃત પ્રાકૃત ભાષામાં તેમણે અનેક સ્તુતિ-સ્તોત્રો રચેલાં છે, જેઓમાંનાં કેટલાંક પ્રકટ થએલાં અને કેટલાંક અપ્રટ રહેલાં દૃષ્ટિગોચર થાય છે. એમ સંભળાય છે કે જિનપ્રભસૂરિને પ્રભુસ્તુતિઓ રચવાનો એક પ્રકારનો જાણે નિયમ જ હોય તેમ પ્રતિ દિવસ તેઓ કોઈ ન કોઇ નાની મોટી પ્રભુસ્તુતિની રચના કરતા ત્યારે જ તેઓ મુખમાં કોઈ વસ્તુ લેતા. કહેવાય છે કે આ નિયમને લઇને તેમણે પ્રાયઃ ૭૦૦ જેટલી સ્તુતિઓ વગેરેની રચના કરી હતી. જિનપ્રભસૂરિની આવી ઉત્કટ પ્રભુભક્તિએ, ફારસી જેવી

Aho ! Shrutgyanam

મ્લેચ્છભાષાને પણ ભગવાન ઋષભદેવની સ્તુતિદ્વારા પવિત્ર કરી તેને જાણે જૈનમુનિઓના મુખમાં પ્રવેશવાનો, જૈન મંદિરોમાં બોલવાનો, અને જૈનગ્રંથ ભંડારોમાં સ્થાન પામવાનો હક્ક-પરવાનો કરી આપ્યો. નહિં તો **न वदेद् यावनीं भाषां प्राणैः कंठगतैरपि** આ જાતના યાવની ભાષા ન બોલવા માટે સખ્ત રીતે કરી રાખેલા રૂઢીપોષક શિષ્ટ નિયમનો ભંગ કરવાનો અન્ય પ્રસંગ તો મળવો જ કઠિણ હતો. ખરેખર ભાષાવિષયક જૈન વિદ્વાનોનું ઉદાર આચરણ આણી હિંદુપ્રજાને અનુકરણ કરવા લાયક હતું. જૈનાચાર્યોએ બ્રાહ્મણોની માફક કોઇપણ ભાષાની અવગણના કરી નથી તેમ જ કોઇપણ ભાષાભાષી મુમુક્ષુજનને માટે જ્ઞાનનાં દ્વાર બંધ રાખ્યાં નથી. એટલું જ નહિં પણ અનેક અતિ સામાન્ય ભાષાઓને, પોતાની પ્રતિભાવાળી કૃતિઓથી અલંકૃત કરી, જૈનસંતોએ ઉચ્ચ અને પ્રગતિશીલ ભાષાઓમાં સ્થાન મેળવવાની અધિકારિણી બનાવી દીધી છે. વર્તમાન આર્યપ્રજા હિંદી, ગૂજરાતી, મરાઠી, બંગાળી અને પંજાબી વગેરે જે દેશ ભાષાઓ દ્વારા પોતાનો જીવિત વ્યવહાર ચલાવી રહી છે તે ભાષાઓની મૂળજનની પ્રાચીન પ્રાકૃતને જો જૈન વિદ્વાનોએ ન પોષી હોત તો આજે આપણા નિકટ-પૂર્વજોની પૂજ્યવાણીનો ભસ્માવશેષ પણ આપણે ન મેળવી શકયા હોત. આપણા પૂર્વજોની માતૃભાષાને અમર બનાવવાનો સંપૂર્ણ શ્રેય જૈન ગ્રંથકારોને જ છે. અસ્તુ.

જેમ, પ્રાચીન વસ્તુઓના સંગ્રહ સ્થાનમાં દુર્લભ્ય જણાતી કોઇ વસ્તુ વધારે મહત્ત્વની અને વિશેષ ધ્યાન ખેંચવા લાયક હોય છે તેમ જૈન સ્તવન, સ્તુતિ, સ્તોત્રો આદિના સંગ્રહમાં આ સ્તવન પણ વધારે મહત્ત્વનું અને વિશેષ વસ્તુ જેવું છે. આ સ્તવનનું મૂળ પાનું પ્રવર્તક શ્રીકાંતિવિજયજી મહારાજના ભંડારમાંથી મળી આવ્યું છે. એ પાનું, જેમ એની અંતે લખેલું છે, પં. લાવણ્યસમુદ્ર ગણિના શિષ્ય પં. ઉદયસમુદ્ર ગણિએ લખ્યું હતું. પાનું પંચપાઠીના રૂપમાં લખેલું છે. એટલે કે વચ્ચે મૂળ સ્તવન લખેલું છે અને આસપાસ તથા ઉપર નીચે એમ ચારે બાજુએ ટીકા લખેલી છે. ટીકાની અંત પં. લાવણ્યસમુદ્રગણિનું જ નામ છે તેથી એમ લાગે છે કે પ્રથમ મૂળ સ્તવન પં. લાવણ્યસમુદ્રના શિષ્ય ઉદયસમુદ્રે લખી લીધું હતું અને પછી તે ઉપર ટીકા તેમના ગુરુએ લખી દીધી હતી. લખ્યાની સાલ જો કે છે નહિં તેથી પં. લાવણ્યસમુદ્રનો સમય જાણી શકવાનું બન્યું નહિં; પણ અક્ષરોનું વળણ અને પાનાની સ્થિતિ જોતાં તે ૧૭મા સૈકાથી અર્વાચીન તો નહીં હોય તેમ લાગે છે.

આ સ્તવનમાં ફારસી, આરબી ને દેશી-અપભ્રંશ એ ત્રણ ભાષાના શબ્દોનો પ્રયોગ થએલા છે: એમ એ સ્તવનની સંસ્કૃત ટિપ્પણી લખનારનું કથન છે અને તે બરાબર છે. કામુ (કડી ૩ જી), છોડિય (કડી ૬), જિમ (કડી ૧૦), વગેરે શબ્દો અપભ્રંશ-ગૂજરાતી છે અને બીજા ફારસી-આરબી છે. એ ફારસી-આરબી શબ્દોને પણ સ્વભાષાના પ્રત્યયો લગાડી અર્ધ દેશી જેવા બનાવી લેવામાં આવ્યા છે. દાખલા તરીકે બિદમત, રહમાન, સલામ, હરામ, જાનવર વગેરે શબ્દોને બદલે બતમથુ (કડી ૩), રહમાણ (કડી ૫),

Aho ! Shrutgyanam

सलामु, हरामु (कडी ७), जानूउरु (कडी ८) इत्यादिरूपमां लखेला शब्दो लइ शकाय. वळी केटलाक शब्दो तो एवा पण छे के जे आजे गूजराती भाषामां खूब प्रचार पामेला होइ जाणे गूजरातीना ज रूढ शब्दो न होय तेवा लागे छे. उदाहरण तरीके, हकीकत, दोस्ती (कडी २), खुदा (कडी ३), फरमान (कडी ५), जंग (कडी ६), अगर (कडी ७), वगेरे शब्दो आपणने तो अतिपरिचित होइ ते विदेशी छे एम भास पण थवो कठिण छे. पण जिनप्रभसूरिना जमानामां–आजथी ६ सो वर्ष पहेलाना वखतमां–तो आपणा लोकोने आ शब्दोनो नवो ज परिचय थतो हतो तेथी ते वखते तो आ शब्दो शुद्ध फारसी–आरबी भाषाना ज शब्दो तरीके स्पष्टपणे ओळखाय अने गणाय ओ समजाय तेवुं छे.

जिनप्रभसूरिनी आ कृतिने फारसी भाषानी कोइ शुद्ध कृति तरीके तो आपणे न ज गणी शकीओ. कारण के ओमां क्यांइ ओ भाषा विषयक पांडित्यनुं सूचन तो जराओ छे ज नहि. पण कुतुहलोत्पादक कृति तरीकेनुं ओनुं स्थान आपणा स्तवनादि संग्रहमां अवश्य राखवा लायक छे. फारसी–आरबी–गूजराती भाषानी काची खीचडी जेवी आ ओक वस्तु छे, ओवी उपमा आपीओ तो ते अराबर बंध बेसती जणाशे. अगर, देशी छंदो रूप सूतरना दोराओमां शीणाओ माळीओ जेम तेम गुंथेली फारसी–आरबी–अपभ्रंश शब्दरूप गुलाब, मोगरा अने चंपाना फुलोनी आ छे, ओक माळा ओम पण आ स्तुतिने कही शकीओ तो ते पण योग्य लेखाशे. आ स्तुतिनी कुल ११ कडीओ छे, जेमां पहेली बे कडीओ गाथा छंदमां बनावेली छे. पछीनी ६ कडीओ दुहा छंदमां, अने ते पछीनी ओक कडी चतुष्पदी ओटले चउपाई छंदमां बनावेली छे. १० मी कडीनुं छंद बराबर ओळखातुं नथी. छेल्ली कडी इंद्रवजा छंदनी छे.

वांचकोना ज्ञाननी खातर आ स्तवननो सरल गूजराती सार अहिं आपी देवो ठीक थइ पडशे.

१. हे पूज्य! हुं तारो सेवक–नोकर छुं अने तुं पृथ्वीपति जेवो मारो स्वामी छे. तुं तो जगतना बधा लोकोने जाणे छे–ओळखे छे तो पछी मने शा माटे लांबा समयथी संभारतो नथी ?

२. जगत्मां, ओक बे त्रण चार पांच छ सात आठ नव के दश जे क्यांइ तारी साथे मैत्री धरावनारा, नरो छे ते ज गुणवान अने साधु पुरुष छे.

३. हे स्वामिन्! अमारी सेवा–भक्ति तरफ जरातरा पण जो अने मास, दिवस, रात्री के छेवटे ओक प्रहर पण आवीने अमारा दिलमां निवास कर.

४. हे प्रभु! तूंज मारी माता, मारो पिता अने भाई छे. तने छोडीने बीजा कोइनी साथे मारे कशुं काम नथी.

Aho ! Shrutgyanam

૫. હે પ્રભુ! તૂંજ મહમૂદ-વિષ્ણુ છે, તૂંજ ઇબ્રાહીમ-બ્રહ્મા છે અને તૂંજ રહેમાન-મહેશ્વર છે. સર્વ દેવ તે તૂંજ છે. તૂંજ પંડિત છે, અને હું તારો લહીઓ છું. તેથી તૂં મને તારું ફરમાન લખવા આપ.

૬. હે દુનિયાના જંગ-ઝઘડાથી પર થએલા માલિક! જે તારા ફરમાન પ્રમાણે નથી વર્તતો તે દુઃખોમાંથી છૂટવાનો નથી અને સુખ, સૌભાગ્ય, અને સહાયતા મેળવવાનો નથી.

૭. હે પ્રભુ! મારા નમસ્કારને લઇને તૂંજો તુષ્ટમાન ન થાય અને મને જો કોઈ બક્ષીસ ન આપે તો પછી એ મારો કરેલો નમસ્કાર હરામ-વ્યર્થ નહિ થઈ જાય?

૮. હે પ્રભુ! જે મનુષ્ય જનાવરોને-પશુઓને મારે છે તે સ્વર્ગમાં નહિ જાય પણ ચોક્કસ રીતે તે દોજખમાં-નર્કમાં જ જાય છે, તેથી તારો જે સેવક છે તે કોઈ જીવને મારતો નથી.

૯. આ નક્ષત્ર, આ તારીખ, આ સાલ, આ ઘડી, આ પ્રભાતઃ બધી વસ્તુઓ આજે મારા માટે સફળ થઈ છે કારણ કે એમાં મેં મારી બે આંખોથી તારા દીદારનાં દર્શન કર્યાં છે. બસ, મારાં બધાં કામો પૂરાં થયાં છે.

૧૦. જે તને નથી નમતા તે મત્સ્ય, ઊંટ, ગાય, બળદ, સૂઅર, ચિત્રા, હરણ, બીલાડી, મરઘડા, વાઘ, લેંસ, કાગડા, માખી, કાબર, સર્પ, બાજ, રીંછ, મોર, ઘરોળી, તીડ, માકડ, ચાંચડ, કુતરા, બતક, બકરા, મૂષક આદિ તિર્યંચની-પશુ, પક્ષિની યોનિમાં; તેમ જ ચમાર, ચિતારા, દરજી, સોનાર હજામ કે સ્ત્રીઆદિની નીચ મનુષ્યજાતિમાં પેદા થાય છે.

૧૧. હે જિન! હું તારી પાસે શહર, ગામ, દેશ, સોનું, અગર, કસ્તુરી, કપુર, ખાંડ, સેલડી આદિ એવી કોઇ સારી નરસી વસ્તુની યાચના નથી કરતો. તું તારા બંદાને-સેવકને એક માત્ર ન્યાય્ય ભરેલી મૈત્રી આપ-અર્થાત્ આ સેવકને તું તારી મિત્રતાની બક્ષીસ આપ, એટલું જ હું તને વીનવું છું.

## श्री ऋषभदेव स्तवन

अल्लाल्लाहि तुराहं कीम्वरु सहियानु तुं मरा ष्वांद ।
दुनीयक समेदानइ बुस्मारइ बुध चिरा नह्मं ॥१॥
येके दोसि जिहारि पंच्य शस ल्ल्य हस्त नो य दह ।
दानिसिमंद हकीकत आकिलु तेयसु तुरा दोस्ती ॥२॥
आनिमानि खतमथु खुदा बिस्तवि किंचि बिवीनि ।
माहु रोजु सो जामु मुरा ये कुय दिलु बिनिसीनि ॥३॥

Aho ! Shrutgyanam

तुं मादर तुं फिदर बुध तुं ब्रादर तुं आमु ।
नेसि विहेलिय तइं अवरि बीजे मोरइ कामु ॥४॥

महमद मालिम मंतरा ईब्राहिम रहमाणु ।
इंहं तुरा कुताबीआ मेदिहि मुक्यल्फरमाणु ॥५॥

फरमूद तुरा जु मेकुनइ मेचीनइ न सुधंग ।
खोसु शलामथ आदतनु अर्ज्जदि छोडिय यंग ॥६॥

सादि न खस्मि नवा अगर तं कुय तुरा सलामु ।
बंदि षलात सु मे दिहइ वासइ न हर हरामु ॥७॥

जानूउरु यो मेकुसइ मिदिहदि सो न विहस्ति ।
बुचिरुक् बिल्लइ दोजखी धंग बहुत तसु हस्ति ॥८॥

अस्तारां तेरीखु बदानु साले साते दीग सरानु ।
चिस्मदीदयं बुध रू तुरा बूदी कार सऊ बस मरा ॥९॥

माही उस्तुरु गाउ गाउनर खू [ग] पलंगो ।
आहू मुरवा मुरुगु सेरु गामेसि कलागो ।
मगस सितारक मारु बाजु गावसु ताउसग ।
ऊयजकु मखलु कतानु खइख सगु बत बुज मूसग ।
दुजख उसार नकासु जनि दरजी उ जरी हजामु ।
ते वासइं जिम मेकुनइं सिरिजिन तुरा सलामु ॥१०॥

शहरु दिह उलातु छत्रु खाफूर ऊदु
मिसिकि जरु नवातु ष्वांद रोजी दरास ।
कसव पिसि तुरा इं नो सरा मेखुहाइ
रिसह हथसु दोस्ती वंदिने मेदिहीति ॥११॥

। इति श्रीजिनप्रभसूरिकृत–पारसीभाषया श्रीऋषभदेवस्तवनं समाप्तमिति ।

पं० लावण्यसमुद्रगणिशिष्य उदयसमुद्रगणि लिखितं । छ । छ ।

Aho ! Shrutgyanam

## संस्कृत व्याख्या

१. अल्लाला० हे पूज्य ! तवाहं कर्मकरः । त्वं च पृथिवीपतिर्मम स्वामी । वसुधालोकान् जानासि । हे देव ! चिरा कस्मात् अस्मान्न संभालयसि । यतस्त्वं मेदिनीं सर्वामपि वेत्सि, ततो मां दुःखिनं [कथं] न वेत्सीत्यर्थः ।

२. एको द्वौ त्रयश्चत्वारः पंच षट् सप्त अष्टौ नव दश वा ते एव नरा गुणिनो मध्यस्थाः साधवो येषां त्वदीया मैत्री । कोऽर्थः एको वा द्वौ वा यावत् दश वा त एव गुणिनो येषां त्वय्यनुरागो नापरे । गाथाद्वयं ।

३. हे स्वामिन् ! अस्मदीयां भक्तिं किंचित् अल्पमात्रां शृणु आलोकय । विज्ञप्तिकां शृणु विनयं च विलोकय इत्यर्थः । मासं दिवसं रात्रिं यामं एकमपि मम दिलु हृदये विनसिनी उपविश इत्यर्थः ॥ खतमथुर्भक्तिर्यथा—

*आलोवोमसुआरदुः खतमथुर्भक्तिः सुराद्वायनं
नृत्यं स्याद्रसकुर्नयश्च हथमु रूढिस्तदा काइदा ।
अन्यायोपि हरामु सोगतिरथो दिव्यादिका जूमला
संघातस्य स यातनिहोरक इति स्याद्विक्रयः व्योध्वनी ॥

४. त्वं....माता त्वं विमुच्य अपरेण बीजे किमपि मम कार्यं नेमि नास्तीत्यर्थः ।

५. त्वं महमदो विष्णुः, ईत्राहिमो ब्रह्मा, रहमानो महेश्वरः, त्वमेव । अथ रहत्यागे इति चौरादिको विकल्पे नंतो धातुः । रहति रागद्वेषौ त्यजतीत्येवं शक्तः । शक्तिवयस्ताच्छील्ये इति शानङ् । आन्मोंत आने मोंतः णत्वे कृते रहमाण इति रूपं । सर्वेपि देवास्त्वमेव । मालिमः पंडितो मम त्वं । इहं एषोऽहं, तुरा तव कुतावीआ लेखशालिकः । मे मेदिहि मम फुरमाण आदेशं देही, किंकरवाणि अहं । पंडितो हि शिष्यस्यादेशं ददातीति भावः ।

६. फरमूद तुरा तव आदिष्टं यो मेकुनइ करोति, सधंग दुःखानि न मेचीनइ न चुंटयेत् । खोसं सुखं, शलामथ कुशलं, आदत साहाय्यं, नु नव्यं, अर्जदि लभते । कथंभूतः छोडियर्यगः मुक्तकलह इति संबोधनं गतद्वेष इति भावः ।

७. सादिति तुष्टो न वा मेति । अगर यद्यपि, त्वं कुय क्वापि, तुरा सलामु तव नमस्कारः, वंदित्ति ईदृशः । किं च, षलात राजप्रसादः, स मेदिहइ ददाति । हर इति प्रत्यर्थे त्वां प्रतिनमस्कारो

* ટીપ્પણુકારે આ પદ્ય કોઇ કોષ ગ્રંથમાંથી અહિં આપેલું છે. આમાના શબ્દોનો ખ્યાલ બરાબર નથી આવતો. પણ આ પદ્ય ઉપરથી એ વાત જણાય છે કે આગળના વખતમાં ફારસી અને સંસ્કૃત એમ દ્વિભાષાકોષ આપણા વિદ્વાનોએ બનાવ્યા હતા.

Aho ! Shrutgyanam

हरामु व्यर्थं, निवासइ न भवति । कोऽर्थः यदि न तुष्टो न रुष्टोऽसि ततस्तव नमस्कारो राजप्रसादं कथं ददाति, कथं व्यर्थो न स्यादित्यर्थः ।

८. जानूउरु त्ति जीवान्, यो मेकुसइ हंति, स विहास्ति स्वर्गं, न मिदिहदि न प्राप्स्यति । किं तु बिछ इति निश्चितं, बुचिरुक् स्थूलानि, दोजखीधंग नरकदुःखानि प्रभूतानि, तस्य हस्ति भवंति । अतएव तव सेवको जंतून्न हंतीत्यर्थः । दूहक षट्कं ।

९. अस्तारां नक्षत्रं, तेरीखु तिथिः, छ, (?ब) इति भाषाविशेषे, दातु शरीरं, साले संवत्सरः, साते घटिका, दीग प्रभातं, नु वाक्यालंकारे । सरात (भ ?) व्यं एतानि स्थानानि, भव्यानि अद्य मम जातानि, ये यतः, चिस्म नेत्रद्वयेन, तुरा तव रू मुखं दीद दृष्टं, कार प्रयोजनानि, सउ सर्वाणि कार्याणि संपूर्णानि बभुवुरिति भावार्थः । चतुष्पदी छन्दः । दीद इति विलोकितं । तथा च—

आदिष्टां फरमु इति वस्तुलिखितं गृल्फूं गृहीतं नतं
रल्फं दीद विलोकितः परिहतं हिस्तुं जुडा योजितं ।
दत्तं दाद तिषीदमध्य चटितं जदं यदभ्याहितं
गुक्त कृतं च कर्तु तदहो भग्नं च इस्किस्तयं ॥

१०. मही मत्स्यः, उस्तुरु उष्ट्रः, गाउ गौः, गाउनर बलीवर्दः, खूग शूकरः, पलंगश्चत्रकः, आहू कृष्णसारः, गुरुवा मार्जारः, मुरुग कुर्कुटः, सेरु व्याघ्रः, ग्रामेसि महिषी, कुलग काकः, मगस मक्षिकाः, सितारिका काबरिः, मारु पन्नगः, वायु (बाजु) श्येनः, गावसु ऋक्षुः, ताऊसग मयूरः, ऊयजकु गृहगोधीका, मखलु तीड, कुतान मत्कुणः, खयख चंचटः, सगु श्वा, बत हंसः, बुज अजा, मूसग मूषकाः, एतैः शब्दैः तिर्यंचः प्रतिपादिताः । सांप्रतं, कुमानुषयोनयः—दूजयौ खउसार चर्का (चर्म ?) कारः, नक्कासु चित्रकारः, जनि महिला, दरजीउ सूचिकः, जरी सुवर्णकारः, हजाम नापित इत्यादि अन्या अपि विकृतिजातयो ग्राह्याः । जातिग्रहणे तज्जातीयस्यापि ग्रहणमिति वचनात् । हे जिन ! ते वासइं भवंति ये तव नमस्कारं [न] कुर्वंति । कोऽर्थः—तव नमस्कारमकृत्वा तिर्यग्योनौ पूर्वोक्तस्वरूपेषु सत्त्वेषु कुमानुषत्वे च जीवा उत्पद्यंत इति भावः ।

११. शहरु पत्तनं, दिह ग्रामः, उलात देशः, छत्रु छत्र, छत्र ग्रहणात् राज्यं ज्ञेयं । खापूरु कर्पूरं, ऊदु अगुरुः, मिसकि कस्तुरी, जरु सुवर्णं, नवातु शर्करा, ष्बांद स्वामिन्, रोजी विभूतिः, दरास विस्तीर्णः, कसव ईक्षुः, पिमि (सि ?) पार्श्वं, तुरा तव, इं एष मल्लक्षणो जनः । नो नैव, शराभज्ज पूर्वोक्तं वस्तुजातं, मेषुहीई याचेत, किंतु हे ऋषभ हथमु न्यायं, दोस्ती सर्वस्यापि मैत्री बंदिने इयदेव त्वं मे दहीति देयाः । कोऽर्थः अहं अ [न्य] त् किमपि न याचे किंतु त्वं मम न्यायं मैत्रीमेव देया इति भावार्थः ।

अस्मिंस्तवने क्वचित् पारसी क्वचित् आरब्बी क्वचिदपभ्रंशो ज्ञेयः । तुरा मरा इति सर्वत्र संबंधे संप्रदाने च ज्ञातव्यं । तथा च कुरानकारः—

Aho ! Shrutgyanam

अजइज्य त्वया दानसंबंधं संप्रदाययोः । रा सर्वत्र प्रयुज्येतान्यत्र वाच्यं सू रूपतः ॥
आनि मानि अस्मदीयं किं चि कियचं दिरीदशं । चुनी हमचुनीन् तादक् वंदिनं इयदेव च ॥
चीजे किमपि इत्यादि कुरानोक्तं लक्षणं सर्वत्र विज्ञेयं संप्रदायाच्च ।

इति श्री ऋषभदेव स्तवनं सटीकमिदमलेषि । श्री जिनप्रभसूरिकृतिरियं ।
॥ पं० लावण्यसमुद्रगणि नंजाराग्रामे ॥

## टिप्पण

આ સ્તવનમાં જે ફારસી–આરબી શબ્દો આપેલા છે તે અપભ્રષ્ટરૂપમાં છે. કારણ કે એઓનાં શુદ્ધરૂપ અને શુદ્ધ ઉચ્ચાર તો જે એ ભાષાઓનો પૂરો પંડિત હોય તે જ જાણી–કરી શકે. કર્ણોપકર્ણથી સાંભળીને કોઇ પણ ભાષાનું શુદ્ધ જ્ઞાન થઇ શકતું નથી. એ જ્ઞાન માટે તો તે ભાષાનાં વ્યાકરણ, કોષ અને સાહિત્યગ્રંથોનો ખાસ અભ્યાસ થવો જોઇએ. કેવળ કોઈ ભાષા બોલનારા લોકોના ઉપલક પરિચયથી જાણી લીધેલી અને કર્ણોપકર્ણ સાંભળી લીધેલી ભાષા યથાર્થરૂપમાં અવગત થઇ શકતી નથી. એ રીતે જે ભાષાનું જ્ઞાન થાય છે તે પ્રાયઃ અપભ્રષ્ટ સ્વરૂપનું હોય છે. જિનપ્રભસૂરિનું ફારસી–આરબી ભાષાના શબ્દોનું જ્ઞાન પણ અર્થાત્ જ આવા જ સ્વરૂપનું હોવું જોઈએ. કારણ કે જે શબ્દ પ્રયોગો આ સ્તવનમાં કરેલા છે તે પોતાના મૂળસ્વરૂપ કરતાં વિલક્ષણ રૂપમાં જ દૃષ્ટિગોચર થાય છે. જે રૂપમાં એ શબ્દો આ સ્તવનમાં ગોઠવેલા છે તે રૂપમાં તો એ ભાગ્યે જ, એ ભાષાના અભ્યાસીને ઓળખાય તેમ છે. આ સ્તવન ઉપર સંસ્કૃત ટિપ્પણ આપેલું છે. તે જો ન હોત તો આ સ્તવનનો ભાવાર્થ સમજવો પણ કઠણ થઈ પડત. પરંતુ સંસ્કૃત ટિપ્પણમાં આપેલા એ અપભ્રષ્ટ શબ્દોના સંસ્કૃત પર્યાયોના લીધે એઓનું મૂળ સ્વરૂપ જાણી લેવામાં સારી મદત મળે છે અને એ મદતના યોગે, જેટલા શબ્દોનાં યથાર્થ સ્વરૂપ સમજી શકાય તેટલાં સમજી લેવા અમે પુરાતત્ત્વ મંદિરની સમિતિના સભ્ય અધ્યાપક શ્રી નદવી, જેઓ ફારસી–આરબીના પૂરા પંડિત છે, તેમની પાસે કેટલોક પ્રયાસ કર્યો હતો. એ પ્રયાસના પરિણામે જે શબ્દો બરાબર સમજાયા તે બધા શુદ્ધ રૂપમાં આ નીચે આપીએ છીએ. જે કેટલાક શબ્દો બરાબર નથી સમજાયા, તેઓની આગળ (?) આવાં શંકાચિન્હો મૂક્યાં છે. બધા શબ્દો કડીવાર લીધા છે.

૧. અલ્લાલ્લાહિ–અલ્લાહ ઇલ્લાહી, મારા ઇશ્વર. તુરા, તારો અગર તને. કીમ્વરુ (?) સહિયાનુ–શાહેજહાન્ અથવા શાહાન્, જગતનો માલિક. મરા, મારો અગર મને, ચિરા, શા માટે. ખ્વાંદ–ણાવિંદ, સ્વામી.

Aho ! Shrutgyanam

२. येके–यक, એક. दो, બે. सि–से, ત્રણ. जिहारि–चहार, ચ્યાર. पंच्य–पंज, પાંચ. शस, છ. हल्य (? हफ्त) સાત. હસ્ત, આઠ. नोय–नोह, નવ. दह, દસ. दानिसिमंद–दानिशमंद, બુદ્ધિમાન. हकीकत, હકીકત. आकिलु–आकिल्, હોંસિઆર. दोस्ती, મિત્રતા.

३. आनिमानि–आमन्, તે મારો. ખતમથુ–ખીદમત, સેવા. विस्नवि–બિશ્નવિ, સાંભળો. બિણીનિ–બિણીં, જુઓ. माहु–માહ, મહિનો. रोजु–રોજ, દિવસ. सो–શબ્, રાત્ર. जाम (સંસ્કૃત याम ?), મુરા, મારા. दिलु–દિલ, હૃદય. બિનિસી–બૈસો.

४. आदर, માતા. ફ્રિદર–પિદર, પિતા. બ્રાદર, ભાઇ. आमु–આમ, સર્વ. नेसि–नेस्त, નહિ.

५. महमद–महम्मूद, ઈશ્વર. मालिम–મુઅલ્લીમ, ઉસ્તાદ–શિક્ષક. कुताणीआ–કાતિબ, લખનાર. मेदिहि–મિદદેહ, મને આપ. मुकयलू–મ્યકવાલ, કહેલું. फ़रमाणु–ફરમાન, આજ્ઞા.

६. फ़रमूदतुरा, તારું કહેલું. मेकुनई–મેકુનિ, નકરવું. मेचीनई (?), सुधंग–ખધંગ, તીર, જખમ. खोसु–ખુશ, સુખ. शलामथ–સલામત. आदत. अर्जदि (अर्ज ?), यंग–જંગ, લડાઇ.

७. सादि–શાદી, ખુશી. अस्मी, દુશ્મનાવટ. कुय, કોઈ. बंदि–બદિન્, આલું. अलात–ખલ્અત, ભેટ. वासदि–બાસદ, થવું. हरासु–હરામ, વ્યર્થ.

८. जानूउर–જાનવર, પશુ. मेकुसई–મિકુશી, મારવું. मिदिहदि–મિદદેહ, મેળવવું. विहस्ति–બેહસ્ત, સ્વર્ગ. बुचिरुफ़–બુજુર્ગ, મોટા. बिल्लई–બલ્લ, બલકે. हस्ति, હયાતી.

९. अस्तारां–સિતારા, તારા. तेरीखु–તારીખ, તિથિ. बदानु–બદન, શરીર. साले–સાલ, વર્ષ. साते–સાઅત, ઘડી. चिस्मदीदयं–ચસ્મદીદં, જોવું. बूही, થવું. कार, કામ.

१०. माही, માછલું. उस्तुरु–ઉશ્તર્, ઉંટ. गाउ–ગાય. गाउनर–ગૌનર, બળદ. खूगु–ખોફ્, સુઅર. पलंगो–પલંગ, ચિત્રો. आहु–હરણ. गुरुआ–ગુરબ, બીલાડી. मुरुग, મરઘું. सेरु–શેર, વાઘ. गामेसि–ગોમેશ, બૈંસ. कुलग–કલાગ, કાગડો. मगसु–માંખી. सितारक (?), मारु–માર્, સર્પ. बाजु–બાજ. गाणसु (?), ताउसग–તાઉસ, મોર. मखलु, સર્વ જીવધારી વસ્તુઓ. सगु–સગ્ કુતરું, બત, હંસ. बुज, બકરી. मूसग–મૂસ, ઉંદર. दुज–દુર્જ, તીતર. नकासु–નક્કાશ, ચિત્રકાર.

११. शहरु–શહર, નગર. दिह, ગામ. उलात–વિલાયત, દેશ. काफूर–કાપૂર, કપૂર. ऊदु–ઊદ, અગર. मिसिकि–મિશ્ક, કસ્તૂરી. जर, સોનું. नवातु–નબાત, સાકર. दरास–દરાઝ, ફેલાએલું. कसग–કસ્બ, સાકર. ई, આ. सरा–શરહ, સર્વ. मेखुहाई–મિખ્વાહી, ચહાવું.

Aho ! Shrutgyanam

# શ્વેતાંબર સંપ્રદાયના ૮૪ ગચ્છ

શ્વેતાંબર સંપ્રદાયના ત્યાગી વર્ગના જૂના ૮૪ ગચ્છ કહેવાય છે. આજે તો એ ગચ્છોમાંના ઘણા ખરા ગચ્છ લુપ્ત થઇ ગયા છે અને તપાગચ્છ, ખરતરગચ્છ, પાયચંદ ગચ્છ, અંચલગચ્છ, લુંકાગચ્છ, કમલાગચ્છઃ એવા ૫-૬ આધુનિક ગચ્છોનાં નામ જ જોવા સાંભળવામાં આવે છે. પણ બસો ત્રણસો વર્ષ પહેલાં એ જૂના ગચ્છોમાંના ઘણા ખરા હયાત હતા, અને દરેક ગચ્છના યતિઓ અને શ્રાવકો વિદ્યમાન હતા. નવા ગચ્છોમાં તપા ગચ્છ અને ખરતર ગચ્છ એ બે ગચ્છો ઘણા મોટા અને પ્રભાવશાલી હતા. એ ગચ્છોની પાછી અવાંતર શાખાઓ પણ હતી જેમાં તપાગચ્છની ૧૮ અને ખરતર ગચ્છની ૧૧ તો પ્રસિદ્ધ કહેવાતી. આ બન્ને ગચ્છોના યતિઓની સંખ્યા હજારોથી અને શ્રાવકોની સંખ્યા લાખોથી ગણાતી. અકબર બાદશાહના વખતમાં તપાગચ્છના પ્રતાપી આચાર્ય જગદ્ગુરુ શ્રીહીરવિજયસૂરિની–એકલાની જ આજ્ઞામાં પ્રવર્તનારા પ્રાયઃ બે હજાર યતિઓ હતા, અને તપાગચ્છના જ બીજા બીજા આચાર્યોના શિષ્યો વળી તેટલાજ જુદા હશે. એ જ વખતના ખરતર ગચ્છના આચાર્ય શ્રીજિનચંદ્રસૂરિના આજ્ઞાનુયાયી યતિઓની સંખ્યા પણ તેટલી જ મોટી હતી. ક્રમે ક્રમે આ ગચ્છોના યતિવર્ગની સંખ્યા ઘટતી ગઇ અને આજે તો માત્ર નામની જ સંખ્યા બાકી રહી છે. જ્યારે આવા મહાન્ ગચ્છોની આ સ્થિતિ થઇ છે ત્યારે બીજા નાના ગચ્છોની તો હયાતી પણ કયાંથી હોય. હવે તો એ બધા ગચ્છો ઐતિહાસિક સ્મરણની વસ્તુ રહી ગઇ છે અને તેથી એમનાં નામો મેળવવાં અને પ્રસિદ્ધ કરવાં એ સંશોધનનું કાર્ય થઇ ગયું છે. આ નીચે ૮૪ ગચ્છોનાં નામોની બે યાદીઓ આપવામાં આવે છે. આ યાદીઓ બે જુદાં પાનામાંથી ઉતારી લીધી છે. બંને પાનાં લગભગ ૧૫૦ વર્ષ જેટલાં જૂનાં છે. એક પાનું સં. ૧૮૩૧ માં લખેલું, પૂનાના ગ્રંથ સંગ્રહમાં છે. બીજું પાનું સં. ૧૮૩૯ માં લખેલું હોય તેમ લાગે છે. કારણ કે એ પાનાની બીજી બાજુએ, ૧૮૩૯ ના માગસર વદી ૧૧ ના દિવસે કોઇએ સિદ્ધાચળજીની યાત્રા કરતી વખતે એ ગિરિરાજ ઉપર કેટલાં દહેરાં અને તેમાં કેટલી જિનપ્રતિમાઓ વિરાજમાન છે તેની નોંધ કરેલી છે. ( આ નોંધ અધુરી છે પણ ઉપયોગી છે તેથી એ પણ આગળ ઉપર જૂદી આપવામાં આવશે. ) આ બન્ને યાદીઓમાંનાં નામોમાં કાંઇક ફેરફાર અને શુદ્ધાશુદ્ધી જણાય છે તેથી બંને સરખી લાઇનમાં અહીં આપી છે.

બીજા બીજા પાનાઓમાં આ યાદી કાંઇક બીજી રીતે લખેલી પણ મળી આવે છે તેથી તે પણ યથાવકાશે સંગ્રહની ખાતર આગળના અંકોમાં પ્રકટ કરવામાં આવશે.

Aho ! Shrutgyanam

# ॥ ८४ गच्छ नाम लिख्यते ॥

| | | | |
|---|---|---|---|
| १ | प्रथम ओसवाल गच्छ | १ | ऊसवाल गच्छ. |
| २ | जीराउला गच्छ | २ | जीरावला गच्छ |
| ३ | वड गच्छ | ३ | वढ गच्छ |
| ४ | पूनमीया | ४ | चीत्राबाळ गच्छ |
| ५ | गंगेसरा गच्छ | ५ | वेगसरा गच्छ |
| ६ | कोरंडीया गच्छ | ३ | कोरंटीआ गच्छ |
| ७ | आनपुरा गच्छ | ७ | भरुअचा गच्छ |
| ८ | भरुअच्छा गच्छ | ८ | आतस गच्छ |
| ९ | उढवीया गच्छ | ९ | उढविआ गच्छ |
| १० | गूंयाउआ गच्छ | १० | गुदवीआ गच्छ |
| ११ | डेकाउआ गच्छ | ११ | दकोडिया गच्छ |
| १२ | भीनमाला गच्छ | १२ | भीनमालीआ गच्छ |
| १३ | मुहडासीया गच्छ | १३ | मुडासीआ गच्छ |
| १४ | दासरुया गच्छ | १४ | दासविआ गच्छ |
| १५ | गच्छपाल गच्छ | १५ | गच्छपाला गच्छ |
| १६ | घोषावाल गच्छ | १६ | घोषवाल गच्छ |
| १७ | मगओया गच्छ | १७ | मंगोडीआ गच्छ |
| १८ | ब्रह्मणीया गच्छ | १८ | ब्राह्मणीआ गच्छ |
| १९ | जालोरा गच्छ | १९ | जालोरा गच्छ |
| २० | बोकडीया गच्छ | २० | बोकडीआ गच्छ |
| २१ | मुझाहडा गच्छ | २१ | मुडाहडा गच्छ |
| २२ | चितोडा गच्छ | २२ | चीत्रोडा गच्छ |
| २३ | साचोरा गच्छ | २३ | साचोरा गच्छ |
| २४ | कुचडीया गच्छ | २४ | कुचडीआ गच्छ |
| २५ | सिद्धंतीया गच्छ | २५ | रामसेणीआ |
| २६ | रामसेणीया गच्छ | २६ | सिधतीआ |
| २७ | आगमीया गच्छ | २७ | आगमीआ |
| २८ | मलधार गच्छ | २८ | मालधारी गच्छ |
| २९ | भावराजीया गच्छ | २९ | भावराजीआ |
| ३० | पलीवाल गच्छ | ३० | कोरंडवाल |
| ३१ | कोरंडवाला गच्छ | ३१ | नागेंद्रा |
| ३२ | नागदिका गच्छ | ३२ | धर्मघोष गच्छ |
| ३३ | धर्मघोषा गच्छ | ३३ | नागोरी गच्छ |
| ३४ | नागोरा गच्छ | ३४ | उचीतवाल |

Aho ! Shrutgyanam

| | | | |
|---|---|---|---|
| ३५ | उस्तितवाल गच्छ | ३५ | नाणावाल |
| ३६ | नांणावाल गच्छ | ३६ | खंडेरवाल |
| ३७ | सांडेरवाल गच्छ | ३७ | मंडोरा गच्छ |
| ३८ | मंडोवरा गच्छ | ३८ | नागराल गच्छ |
| ३९ | सुराणा गच्छ | ३९ | सुराणा गच्छ |
| ४० | खंभाइतिया गच्छ | ४० | खंभायती गच्छ |
| ४१ | वडोदरिया गच्छ | ४१ | वडोदरीया |
| ४२ | सोपारिया गच्छ | ४२ | सोपारा गच्छ |
| ४३ | मांडलीया गच्छ | ४३ | मंडलीआ |
| ४४ | कोत्थोपुरा गच्छ | ४४ | कोठीपरा गच्छ |
| ४५ | जांगला गच्छ | ४५ | जांगडा गच्छ |
| ४६ | छापरीया गच्छ | ४६ | बावरावाल |
| ४७ | बोरसडा गच्छ | ४७ | बोरसडा गच्छ |
| ४८ | दोवंदण गच्छ | ४८ | दोवंदणीआ |
| ४९ | चित्रावाला गच्छ | ४९ | चित्रावाल ग० |
| ५० | वेगडा गच्छ | ५० | वेगडा ग० |
| ५१ | वाइड गच्छ | ५१ | वायडा गच्छ |
| ५२ | विजाहरा गच्छ | ५२ | विद्याहरा |
| ५३ | कुतपुरा गच्छ | ५३ | कुतगपरा |
| ५४ | काच्छेलीया गच्छ | ५४ | कजोलीआ |
| ५५ | रुदोलीया गच्छ | ५५ | रुपालीआ |
| ५६ | महुकरा गच्छ | ५६ | देवकरा |
| ५७ | कपूरसीया गच्छ | ५७ | कहुईआ |
| ५८ | पुनतल गच्छ | ५८ | पूर्णतिलक ग० |
| ५९ | रेवइया गच्छ | ५९ | रेवईआ |
| ६० | धुंधूका गच्छ | ६० | कंधुआ गच्छ |
| ६१ | थंभणीया गच्छ | ६१ | थंभणा गच्छ |
| ६२ | पंचवलहया गच्छ | ६२ | पंचवहीलीआ |
| ६३ | पालणपुरा गच्छ | ६३ | पालणपुरा |
| ६४ | गंधारा गच्छ | ६४ | गंधारपरा |
| ६५ | गुवेलीया गच्छ | ६५ | .....पुरा |
| ६६ | साधपूर्णिमा गच्छ | ६३ | साढपुनमीया |
| ६७ | नगरकोटीया गच्छ | ३७ | मगरकोटी ग० |
| ६८ | हिसारिया गच्छ | ६८ | सारकोटी ग० |
| ६९ | भटनेरीया गच्छ | ६९ | भटनेरा ग० |
| ७० | जीतहरा गच्छ | ७० | सोरठीआ ग० |

Aho ! Shrutgyanam

७१ जगायन गच्छ
७२ भीमसेणीया गच्छ
७३ तागडीया गच्छ
७४ कंबोजी गच्छ
७५ सेबतां गच्छ
७६ वाघेरा गच्छ
७७ वाहेडीया गच्छ
७८ सीधपुरा गच्छ
७९ घोघरा गच्छ
८० नेगमया गच्छ
८१ संजना गच्छ
८२ बरडेवा गच्छ
८३ मुरंडवाडा गच्छ
८४ नागउला गच्छ

इति । सं. १८३१ वर्षे म० द्वि० वै० ३० दिने

१ आंचलीयामत
२ पायचंदीयामत
३ वीजामत
४ आगमीयामत
५ काजामत
६ तपामत
७ लुंकामत
८ पाटणीयामत
९ साकरमत
१० कोथलामत
११ कडुआमती
१२ आत्ममती

इति बारे मत नाम जाणवाः सः १८३१ व० म द्वि० वै० दिनेः महिनो द्वितीय वैशाख

७१ भीमसेना ग०
७२ आगडीआ ग०
७३ कंबोजा ग०
७४ वागेरा ग०
७५ वहीडा ग०
७६ सिद्धपुरा ग०
७७ सेवंतरीआ ग०
७८ घोघारा ग०
७९ नीगमीआ ग०
८० संजतीआ
८१ .....
८२ बारेजा ग०
८३ सुरंडवाल ग०
८४ नागोला ग०

[आ पानानी अंते १२ मतनां नाम आप्यां छे जे नीचे प्रमाणे छेः]

१ आंचलीआमत
२ पायचंदीयामत
३ बीजामत
४ आगमीयामत
५ काजामत
६ तपामत
७ लुंकामत
८ पाटणीयामत
९ साकरमत
१० कोथलामत
११ कडुआमती
१२ आत्ममती

इति बारे मतनां नाम.

[आ नामोमांथी ९-१० जेवां नामो कांइक विलक्षण लागे छे. एनो शो अर्थ छे ते समजवामां आव्यो नथी ]

गच्छोनां आ नामो जोतां जणाय छे के घणा भागे १३ मा १४ मा सैकामां जे गच्छो प्रसिद्ध हता तेमनां आ नामो छे. कारण के ते पछीना सैकामां जे तपागच्छ, खरतरगच्छ, वगेरे आधुनिक गच्छो वधारे प्रसिद्धिमां आव्या तेमनो निर्देश आ नामावलीमां

Aho ! Shrutgyanam

નથી. જેમ આ નવા ગચ્છો આગળ આવતા ગયા તેમ જૂના ગચ્છો પાછળ પડતા ગયા, અને ધીમે ધીમે લુપ્ત થતા ગયા. આ નામાવલી ઉપરથી એ પણ જણાશે કે જૂના ગચ્છોનાં નામો ઘણા ભાગે તે તે ગામોનાં નામો ઉપરથી પડ્યાં છે. જેમ શ્રાવકોની જ્ઞાતોનાં નામ તેમના મૂળ ઉત્પત્તિના સ્થાનો ઉપરથી પ્રસિદ્ધિમાં આવ્યાં તેમ આ યતિઓના સમુદાયોનાં નામ પણ તેમનાં મૂળ ઉત્પત્તિ સ્થાનોનાં નામે જ પ્રસિદ્ધિમાં આવ્યાં હતાં. આ તો મધ્યકાલીન ગચ્છોનાં નામો છે પણ પ્રાચીન કાલીન ગચ્છો કે જેમનાં નામો કલ્પસૂત્રની સ્થવિરાવલીમાં આપેલાં છે તેમાંના પણ કેટલાક આ રીતે સ્થળ વિશેષના નામે જ પ્રસિદ્ધિમાં આવ્યા હતા.

આ નામો ઉપરથી જૈન યતિઓનો નિવાસ હિંદુસ્થાનના કયા કયા ભાગોમાં તે વખતે થયો હતો તેનો ખયાલ સારી પેઠે આવી શકે છે.

કલ્પસૂત્રની સ્થવિરાવલીમાં જે કુલ, ગણ કે ગચ્છના નામો આવેલાં છે તે સંબંધી વિગતવાર વર્ણન આ પછીના કોઈ અંકમાં આપવામાં આવશે. તેમ જ આ યાદીમાં આપેલાં નામો સિવાય બીજાં પણ ગચ્છનામો બીજી યાદીઓમાં મળે છે તે પણ યથાવસરે આપવામાં આવશે.

આ બધી **સામગ્રી જૈન** ધર્મ અને તેના સંપ્રદાયોનો સંપૂર્ણ ઇતિહાસ લખવા માટે અતિ ઉપયોગી અને મહત્વની છે; તેથી વાંચકોએ આ વિષયમાં ખાસ રસ લેવાની જરૂર છે.

Aho ! Shrutgyanam

# ધર્માસ્તિકાય એટલે શું ?

[ શ્રીયુત પંડિત ખેચરદાસ જીવરાજ દોશી, ન્યાય-વ્યાકરણ તીર્થ. ]

બધા આત્મવાદી તાર્કિકો જડ-ચેતનનું યુગ્મ સ્વીકારવામાં એકમત છે. જૈનોએ છ કે નવ તત્ત્વ સ્વીકાર્યા, સાંખ્યોએ પચીશ તત્ત્વોની ગણના કરી, બૌદ્ધોએ ચાર આર્ય સત્યોનું સમર્થન કર્યું, વૈશિષિકોએ છ પદાર્થની પ્રરૂપણા કરી, નૈયાયિકોએ સોળ પદાર્થોને ગણાવ્યા અને ઉપનિષદ્વાદિઓએ બ્રહ્મ અને માયાની સ્થાપના કરી. આ રીતે એ બધા દાર્શનિકોએ ઉપર્યુક્ત મુખ્ય તત્ત્વ-યુગલને જ જુદા જુદા વિભાગમાં વહેંચેલું છે.

ઘણી વાર એવું અનુભવાય છે કે, શ્રોતાની રુચિને અનુસાર એક જ સિદ્ધાંતને પણ અનેક રીતે સમજાવવો પડે છે અને તેમ કરતાં વક્તાની ભાષાશૈલીમાં અને સમજાવવાની પદ્ધતિમાં વિભિન્નતા આવે એ સહજ જેવું છે. આ દૃષ્ટિને લક્ષ્યમાં રાખીને મધ્યસ્થપણે જોનાર વિચારકને કયાંય અભિનિવેશ થવાનો સંભવ નથી અને તેથી જ તેને એ તત્ત્વવાદને અંગે કયાંય કશો કલહ કરવાનો પણ પ્રસંગ આવતો નથી. જેમ કોઈ 'એક રૂપીયા'નું પૃથક્કરણ કરતાં પ્રથમ તેના બે વિભાગ કરે, પછી કોઈ બીજો એના ચાર ભાગ કરે, ત્રીજો આઠ કરે, ચોથો સોળ કરે, પાંચમો ચોસઠ કરે અને છઠ્ઠો કોઈ એ જ રૂપીયાના એકસો બાણું ભાગ કરે તેમ જ તે તે દાર્શનિક પંડિતોએ આ એક જ જગતનું પૃથક્કરણ કરીને આપણને એ વિષે જુદા જુદા વિભાગ કરીને સમજાવવા તે તે પ્રકારની ભિન્ન ભિન્ન શૈલીને સ્વીકારેલી છે.

જૈનતત્ત્વજ્ઞોએ પ્રધાનપણે જીવાસ્તિકાય અને અજીવાસ્તિકાય તત્ત્વોને સ્વીકાર્યા છે. અજીવાસ્તિકાયના ચાર વિભાગ કર્યા છે: ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય. આ ચારમાં છેલ્લાં બે બધા દર્શનોમાં આકાશ અને જડ પદાર્થ તરીકે સુપ્રતીત છે પણ પ્રથમનાં બે એટલે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય તત્ત્વોને કોઇ દાર્શનિકે સ્વીકાર્યા નથી એ સ્પષ્ટ જણાય છે.

તત્ત્વાર્થાધિગમ નામના મોક્ષ સૂત્રમાં તે બે તત્ત્વો વિષે આ પ્રમાણે જણાવેલું છે:
" **गति-स्थित्युपग्राही धर्माऽधर्मयोरुपकारः** " [ અધ્યાય ૫, સૂત્ર ૧૧ ]

અર્થાત્ ધર્માસ્તિકાય ગતિ કરવામાં અને અધર્માસ્તિકાય સ્થિતિ કરવામાં સહાય કરે છે-જે જડ વા ચેતન પદાર્થો ગતિ કરી રહ્યા છે તેઓની ગતિમાં ધર્માસ્તિકાય સહાયતા કરે છે. જેમ માછલીમાં ગતિશક્તિ રહેલી છે છતાં તે જેમ પાણી ન હોય તો ચાલી શકતી નથી તેમ દરેક ગતિમાન્ પદાર્થમાં ગતિ કરવાનું સામર્થ્ય સહજભાવે રહેલું છે છતાં ધર્માસ્તિકાયની સહાયતા વિના તે એકે પદાર્થ ગતિ કરી શકતો નથી. માટે ધર્માસ્તિકાય ગતિમાં સહાય આપીને ઉપગૃહીત કરે છે. અને, અધર્માસ્તિકાય

Aho ! Shrutgyanam

જે જડ કે ચેતન પદાર્થો સ્થિતિમાન્ છે તેઓની સ્થિતિમાં સહાયતા આપે છે. જેમ કોઇ પ્રવાસી જે ભરઉનાળે પગવાળો પ્રવાસ કરે છે તેમાં સ્થિતિ શક્તિ તો રહેલી છે છતાંય તે જેમ વૃક્ષની છાયા વિના સ્થિતિ કરતો નથી તેમ દરેક સ્થિતિમાન્ પદાર્થમાં સ્થિતિ કરવાનું સામર્થ્ય રહેલું છે, તો પણ અધર્માસ્તિકાયની સહાયતા વિના તે એકે પદાર્થ સ્થિતિ કરી શકતો નથી. માટે અધર્માસ્તિકાય પ્રત્યેક પ્રાણી કે પદાર્થને સ્થિતિમાં સહાય કરીને ઉપગૃહીત કરે છે. આ બે તત્ત્વો લોકવ્યાપી આકાશમાં સર્વત્ર વ્યાપકરૂપે રહેલાં છે. એ બન્ને તત્ત્વો છે તો પ્રદેશાત્મક પણ એના એ પ્રદેશો નિરંતર અવિભક્તરૂપે રહે છે અને એ બન્નેમાં પરસ્પર અસંકીર્ણપણે પોત પોતાનો સ્વભાવ સચવાયા કરે છે—એ બન્ને તત્ત્વો અમૂર્ત છે અને અતીન્દ્રિય છે. તત્ત્વાર્થ સૂત્ર ઉપરાંત જૈનોના બીજા બીજા ગ્રંથો ( સૂત્ર ગ્રંથો કે તર્ક ગ્રંથો )માં પણ એ બે તત્ત્વો વિષે ઉપર પ્રમાણે જ વ્યાખ્યા અપાએલી છે અને દિગંબર સંપ્રદાયમાં પણ એની એ જ વ્યાખ્યા કરવામાં આવી છે. ભગવતીસૂત્ર કે જેનું બીજું નામ વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ છે તેમાં પણ એ વિષે અનેક સ્થળે એ જ રીતે જણાવવામાં આવ્યું છે. પણ એક સ્થળે તે સંબંધમાં કાંઈ જુદો જ અર્થ જણાવવામાં આવ્યો છે અને તેમાં ઉપરની વ્યાખ્યા કરતાં સવિશેષ ભેદ જણાય છે. કદાચ એ અર્થ—ભેદ જ આ બે તત્ત્વો વિષે વિશેષ પ્રકાશ પાડે એમ જાણી એ વિષે અહીં ચર્ચા કરવી યોગ્ય ધારી છે.

ભગવતીસૂત્રના ૨૦ મા શતકના ૨ જા ઉદ્દેશકમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયના પર્યાય શબ્દોને જણાવવામાં આવ્યા છે, તેમાં જણાવ્યું છે કે, પ્રાણાતિપાત વિરમણ ( અહિંસા ), મૃષાવાદ વિરમણ ( સત્ય ), અદત્તાદાન વિરમણ ( અસ્તેય ), મૈથુનવિરમણ ( બ્રહ્મચર્ય ), પરિગ્રહવિરમણ ( નિસ્પૃહતા ), ક્રોધવિવેક ( ક્ષમા ), લોભવિવેક (સંતોષ), મિથ્યાદર્શનશલ્ય વિવેક (સત્યજ્ઞાન), ઇર્યાસમિતિ (ગતિસંયમ), ભાષાસમિતિ (વચનસંયમ), મનોગુપ્તિ (મનઃસંયમ) વગેરે જે સદાચાર સૂચક કુશલ કર્મો છે, તે બધા ધર્માસ્તિકાયની સાથે સમાનાર્થતા ધરાવે છે—અર્થાત્ જેમ ઘટ, કુંભ, કલશ વગેરે શબ્દો પરસ્પર એકાર્થક છે તેમ અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય અને ધર્માસ્તિકાય એ બધા શબ્દો પણ પરસ્પર સમાનાર્થક છે. એટલે ભગવતીસૂત્રમાં આવેલા આ પાઠ [ જે નીચે અક્ષરે અક્ષર આપ્યો છે ] ઉપરથી તો એમ સ્પષ્ટ જણાય છે, કે, જે અર્થમાં લોકોમાં 'ધર્મ' શબ્દનો પ્રયોગ થાય છે તે જ અર્થમાં 'ધર્માસ્તિકાય' શબ્દને પણ સમજવાનો છે. અર્થાત્, લોકો જેને કુશલ કર્મ કે પવિત્ર પ્રવૃત્તિ કહે છે તે અને 'ધર્માસ્તિકાય' એ બેના ભાવમાં કશું અંતર નથી.

એ સૂત્રમાં 'ધર્માસ્તિકાય'ના પર્યાયો જણાવ્યા પછી તુરત જ 'અધર્માસ્તિકાય'ના પર્યાયોને સૂચવવામાં આવ્યા છે અને તેમાં ધર્માસ્તિકાયના જે પર્યાયો ઉપર બતાવ્યા છે તેનાથી તદ્દન વિપરીત અર્થમાં 'અધર્માસ્તિકાય' શબ્દનો ઉપયોગ બતાવેલો છે. અર્થાત્

Aho ! Shrutgyanam

પ્રાણાતિપાત (હિંસા), મૃષાવાદ (અસત્ય), અદત્તાદાન (ચોરી), અબ્રહ્મચર્ય, મૂર્છા, ક્રોધ, લોભ, મિથ્યાદર્શન, અસંયમ વગેરે જે દુરાચાર સૂચક પ્રવૃત્તિઓ છે તે બધી અને 'અધર્માસ્તિકાય' એ બધાં એક જ અર્થમાં છે અર્થાત્ જે અર્થમાં જનતા 'અધર્મ' શબ્દને વાપરે છે તે જ અર્થમાં એ સૂત્રમાં 'અધર્માસ્તિકાય' શબ્દનો પ્રયોગ હોવાનું જણાવ્યું છે એટલે એ ઉપરથી અ ંત રીતે જણાય છે કે, લોકો જેને અકુશલ કર્મ કે અયોગ્ય પ્રવૃત્તિઓ કહે છે તે બધી અને ' અધર્માસ્તિકાય ' એ બેના ભાવમાં કશો ભેદ જણાતો નથી.

ભગવતી સૂત્રના આ પાઠથી ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય તત્ત્વની વ્યાખ્યામાં મોટો ભેદ પડી જાય છે અને તેથી એ વિષે પ્રશ્ન થાય છે કે અનેક સ્થળે જે જાતની એ બે તત્ત્વોની વ્યાખ્યા આપવામાં આવી છે તે કરતાં આ સ્થળે આવી વ્યાખ્યા આપવામાં સૂત્રકારનો શો ઉદ્દેશ હશે ?

શું જૈનોમાં પણ એવી કોઇ પ્રાચીન પરંપરા હતી કે, જે એ તત્ત્વોને તત્ત્વરૂપે ન માનતી હોય અને માત્ર સદાચારને ધર્મ કે ધર્માસ્તિકાય, અને અસદાચારને અધર્મ કે અધર્માસ્તિકાય તરીકે સ્વીકારતી હોય ?

ભગવતીસૂત્રના એ સ્થળને વિચારતાં જણાય છે કે, એ પાઠ કોઈ પરમતને અંગે પણ નથી–પાઠની યોજના ભગવાન મહાવીર ઉત્તરકાર અને ગણધર ગૌતમ પ્રશ્નકાર રૂપે થયેલી છે. વળી, કોઇ પરમતમાં 'ધર્માસ્તિકાય' અને 'અધર્માસ્તિકાય' શબ્દની વિદ્યમાનતા પણ જણાતી નથી.

એ પાઠમાં આકાશ, જીવ અને પુદ્ગલના જે પર્યાય શબ્દો આપ્યા છે તે બધા સર્વસંમત અને સુપ્રસિદ્ધ જેવા છે. તેથી એમ પણ માનવાને કારણ છે કે, જૂની જૈન-પરંપરામાં ધર્માસ્તિકાય એટલે ધર્મ કે સદાચાર તથા અધર્માસ્તિકાય અધર્મ કે અસદાચાર એમ મનાતું હશે.

આ સ્થળે ટીકાકાર શ્રીઅભયદેવસૂરિજી પણ કાંઇ ખુલાસો કરતા નથી. ઉલટું તેઓ તો એ જુદી વ્યાખ્યાનું સમર્થન જ કરે છે.

જ્યાંથી આ પાઠ શરૂ થાય છે ત્યાં અવતરણ આપતાં ટીકાકાર લખે છે કે– "**अथ अनन्तरोक्तानां धर्मास्तिकायादीनाम् एकार्थिकानि आह**" અર્થાત્ "હવે આગળ જણાવેલા 'ધર્માસ્તિકાય' વગેરે શબ્દોના એકાર્થક–પર્યાય શબ્દ જણાવે છે."

મૂળસૂત્રમાં 'એકાર્થક' શબ્દને માટે '**अभिवयण**' શબ્દ વપરાયો છે તેની ટીકા કરતાં તેઓશ્રી લખે છે કે, "**अभिवयणा इति-' अभि ' इति अभिधायकानि, ' वचनानि ' शब्दाः-अभिवचनानि पर्यायशब्दा इत्यर्थः**" અર્થાત્ અભિવચન એટલે પર્યાય શબ્દો.

"**ये चान्येऽपि तथाप्रकाराः चारित्रधर्माभिधायकाः सामान्यतो विशेषतो वा**

Aho ! Shrutgyanam

**शब्दास्ते सर्वेऽपि धर्मास्तिकायस्य अभिवचनानि इति । 'अधम्मे' त्ति धर्मः उक्तलक्षणः तद्विपरीतस्तु अधर्मः-जीवपुद्गलानां स्थित्युपष्टम्भकारी । शेषं प्रागिव ।"** અર્થાત્ "ચારિત્ર ધર્મ એટલે સંયમ ધર્મ-કુશલ કર્મ-સત્પ્રવૃત્તિના સૂચક જે સામાન્ય શબ્દો કે વિશેષ શબ્દો હોય તે બધાય 'ધર્માસ્તિકાય'ના પર્યાય શબ્દો છે અને અસંયમ-અકુશલ કર્મ-અસત્પ્રવૃત્તિ-ના સૂચક જે સામાન્ય શબ્દો કે વિશેષ શબ્દો હોય તે બધાને 'અધર્માસ્તિકાય'ના પર્યાય સાથે સમજવાના છે."

ટીકાકારશ્રી એક તરફ તો 'ધર્માસ્તિકાય'ને સદાચાર અને 'અધર્માસ્તિકાય'ને અસદાચાર જણાવે છે અને તેમ છતાંય તે બન્ને તત્ત્વોની વ્યાખ્યા તો "**जीवपुद्गलानां गतिपर्याये धारणाद् धर्मः × × × धर्मश्चासौ अस्तिकायश्च प्रदेशराशिरिति धर्मास्तिकायः**" એમ કરે છે. અર્થાત્ તત્ત્વાર્થમાં જે વ્યાખ્યા આપી છે તે જ વ્યાખ્યાને ટીકાકાર પણ અનુસરે છે. પણ એ વ્યાખ્યાને અનુસરતાં 'ધર્માસ્તિકાય' અને 'અહિંસા' એ બન્ને પર્યાય શબ્દો કેમ બની શકે? તે પ્રશ્નનો ઉત્તર આપતાં ટીકાકાર લખે છે કે, "**'पाणाइवायवेरमणे इवा' इत्यादि । इह धर्मः चारित्रलक्षणः स च प्राणातिपातविरमणादिरूपः ततश्च धर्मशब्दसाधर्म्यात् अस्तिकायरूपस्यापि धर्मस्य प्राणातिपातविरमणादयः पर्यायतया प्रवर्तन्ते इति**" અર્થાત્ "પ્રાણાતિપાતવિરમણ (અહિંસા) વગેરે ધર્મરૂપ છે અને આ 'ધર્માસ્તિકાય'માં 'ધર્મ' શબ્દ આવેલો છે માટે એ બન્ને-અહિંસા અને ધર્માસ્તિકાય-શબ્દો પર્યાય રૂપે પ્રવર્તે છે" ટીકાકારે આપેલી પર્યાય શબ્દની આ જાતની વ્યાખ્યા એક નવા જ પ્રકારની છે. કોઇ એમ કહે કે, અહિંસા વગેરે ધર્મ-રૂપ છે અને 'ધર્મચંદ' નામમાં 'ધર્મ' શબ્દ આવેલો છે માટે અહિંસા અને 'ધર્મચંદ' એ બન્ને શબ્દો પર્યાયરૂપ છે. જેટલા અંશે અહિંસા અને 'ધર્મચંદ'ને પર્યાય બનાવવાની વ્યાખ્યા સુસંગત હોય તેટલા જ અંશે અહિંસા અને 'ધર્માસ્તિકાય' ને પર્યાય જણાવવાની રીત સુસંગત હોય. અર્થાત્ ટીકાકારે આપેલી એ વ્યાખ્યા ઘણી જ નિર્બળ જણાય છે. પણ ટીકાકારને તો યેન કેન પ્રકારેણ સંગતિ જ કરવાની રહી એટલે એમને તો એ વ્યાખ્યાથી પણ ચાલી શકે પણ જે કોઇ મનસ્વી તટસ્થ વિચારક હોય તેને તો એ વ્યાખ્યા ન જ ચાલી શકે. તટસ્થ વિચારક તો ભગવતીના એ પાઠ અને અભયદેવની એ વ્યાખ્યા ઉપરથી નીચેનું અનુમાન કાઢી શકે.

જૂની જૈન પરંપરામાં 'ધર્માસ્તિકાય' શબ્દ સદાચારને અર્થે વપરાતો હશે અને 'અધર્માસ્તિકાય' શબ્દ અકુશલ કર્મને માટે વપરાતો હશે. પણ એ પરંપરા લુપ્ત થવાથી એ બન્ને શબ્દો એક પદાર્થના અર્થમાં રૂઢ થયા હોય. અને અભયદેવાચાર્યને તો માત્ર એ પછીથી રૂઢ થયેલી પરંપરાનો જ પરિચય હોય, તેથી તેમણે એ મૂળ વ્યાખ્યા આપતાં પણ પર્યાયશબ્દ સમજવાની એ જાતની વિચિત્ર વ્યાખ્યા આપી હોય.

જાણવા પ્રમાણે ભગવતીના પાઠનો સંવાદક બીજો કોઇ ઉલ્લેખ જૈનસાહિત્યમાં

Aho ! Shrutgyanam

મળતો જણાયો નથી. તો પણ પછીથી રૂઢ થયેલી 'ધર્માસ્તિકાય' અને 'અધર્માસ્તિકાય'ની વ્યાખ્યા સામે એક જૈન મહાતાર્કિક-મહાવાદિ સિદ્ધસેન દિવાકરે-જે વિચારો બતાવ્યા છે તે જરૂર સચવાઈ રહ્યા છે અને તે આ પ્રમાણે છેઃ—

"प्रयोग-विस्रसाकर्म-तदभावस्थितिस्तथा ।
लोकानुभाववृत्तान्तः किं धर्माऽधर्मयोः फलम् ॥१॥

[ ૨૯ મી નિશ્ચયદ્વાત્રિંશિકા શ્લો૦ ૨૪ ]

આ શ્લોકનો ભાવ આ પ્રમાણે સમજાય છેઃ—

પ્રત્યેક પદાર્થની ગતિ કે સ્થિતિનો આધાર તેમાં રહેલી ક્રિયા ઉપર છે—જ્યાં સુધી પદાર્થમાં કોઇ જાતની ક્રિયા હશે ત્યાં સુધી એ ગતિમાન્ રહેશે અને જ્યારે એ ક્રિયા બંધ પડશે ત્યારે તે આપોઆપ ગતિહીન થઇ જશે એટલે સ્થિતિમાન્ થશે. જૈન શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે પ્રાણી કે પદાર્થ સાથે સંબંધ રાખતી ક્રિયા પ્રયોગજન્ય હોય છે અને સ્વતઃસંભવિની પણ હોય છે. પ્રયોગજન્ય ક્રિયા એટલે કોઇ પ્રકારની બાહ્ય પ્રેરણાથી થતી ક્રિયા, અને સ્વતઃસંભવિની (વિસ્રાસાક્રિયા) એટલે પદાર્થના આંતર પરિણામથી થતી ક્રિયા—જેનું બાહ્યપ્રેરક ન જાણી શકાય તેવી. પ્રાણી કે પદાર્થમાં જ્યાં સુધી આ બે જાતની ક્રિયાઓ હોય છે ત્યાં સુધી તેઓ ગતિમાન્ રહેવાના અને પછી તેઓ આપોઆપ ગતિહીન થઇ જવાના; એટલે સ્થિતિમાન્ થવાના. જ્યારે આમ છે ત્યારે ગતિ અને સ્થિતિમાં સહાય કરનારા જુદા પદાર્થો માનવાનું શું કામ છે? અર્થાત્ ગતિ સહાયક ધર્માસ્તિકાય અને સ્થિતિસહાયક અધર્માસ્તિકાય એ બે પદાર્થો માનવાનું શું ફળ છે?

આર્ય સિદ્ધસેને દર્શાવેલી વિચારસરણી જોતાં જાણી શકાય છે કે, જરૂર કોઇ એવી પ્રાચીન પરંપરા હશે કે જે એ બે પદાર્થોને કોઇ પદાર્થ તરીકે ન સ્વીકારતી હોય અને બીજી કોઇ એવી પરંપરા છે—પછી તે સિદ્ધસેનના સમયની હોય કે પૂર્વની હોય—જે એ બે પદાર્થોને એક પદાર્થરૂપે સ્વીકારતી હોય અને એ પરંપરા સામે જ શ્રીસિદ્ધસેનની એ તર્કપદ્ધતિ રચાયેલી હોય.

બૌદ્ધદર્શનમાં 'લોક' કે 'ધર્મ' શબ્દ પછી 'ધાતુ' શબ્દ લાગેલો હોય છે તેમ જ ભૂતવાચક શબ્દથી પણ 'ધાતુ' શબ્દ જોડાએલો હોય છે. જેમ કે—લોકધાતુ, ધર્મધાતુ, પૃથ્વીધાતુ, આપોધાતુ, તેજધાતુ વગેરે. આ 'ધાતુ' શબ્દ લાગવાથી મૂળ શબ્દના અર્થમાં કશો ફેરફાર થતો નથી પણ એ મૂળ શબ્દનો ભાવ વધારે વ્યાપક હોય એવું જણાય છે. એ જ રીતે કદાચ 'ધર્માસ્તિકાય' અને 'અધર્માસ્તિકાય' શબ્દમાં લાગેલો 'અસ્તિકાય' શબ્દ પણ પ્રયોજાએલો હોય. ધર્મધાતુ એટલે ધર્મ, અધર્મધાતુ એટલે પુણ્ય, પાપધાતુ એટલે પાપ; એ જ પ્રમાણે ધર્માસ્તિકાય એટલે ધર્મ—અહિંસા વગેરે અને અધર્માસ્તિકાય એટલે અધર્મ—હિંસા વગેરે એમ કેમ ન હોય?

Aho ! Shrutgyanam

श्रीमान् शंकराचार्ये "नैकस्मिन्नसंभवात्"-( अ० २ पा० २ सू० ३३ ) सूत्रना भाष्यमां आर्हतमत विषे चर्चा करी छे. तेमां पूर्वपक्ष करतां आर्हतमत संमत जीव, पुद्गल, धर्मास्तिकाय, आश्रव, संवर, निर्जरा, नय अने सप्तभंगी विषे पण जणावेलुं छे. ओ भाष्यमां तो मात्र 'धर्मास्तिकाय' अने 'अधर्मास्तिकाय' ना नामोनो ज उल्लेख छे पण ओनी टीकामां ओ बन्ने शब्दोनी जे व्याख्या स्वामी आनंदगिरिओ आपी छे ते, उपर जणावेली भगवतीसूत्रनी व्याख्याने मळती आवे छे. तेनो उल्लेख आ प्रमाणे छे: "धर्मास्तिकायः सम्यक्प्रवृत्यऽनुमेयः शास्त्रीयबाह्यप्रवृत्त्या आन्तरः अपूर्वाख्यो धर्मोऽनुमीयते । अधर्मास्तिकायः स्थित्यनुमेयः-ऊर्ध्वगमनशीलो जीवः, तस्य देहेऽवस्थानेन अधर्मोऽनुमीयते-" [ आनंदाश्रम ग्रंथमाळा पृ. ५६२, आनंदगिरि टीका ]

अर्थात् धर्मास्तिकायनी विद्यमानता सम्यक्प्रवृत्तिद्वारा जाणी शकाय छे एटले प्राणी जे जे सम्यक्प्रवृत्ति करे छे ते धर्मास्तिकायने लीधे. जीवनो स्वभाव ऊंचे जवानो छे छतांय तेने जे शरीरमां गोंधाइ रहेवुं पडे छे तेनुं कारण अधर्मास्तिकाय छे अर्थात् जीवना सहज स्वभावने रोडी राखनार अधर्मास्तिकाय छे-असत्कर्म छे.

कदाच आ व्याख्याकारने भगवतीसूत्रनो साक्षात् परिचय होय अथवा कोई द्वारा भगवतीना पाठना भणुकारा ओमणे सांभळ्या होय. आ व्याख्या माटे आज सुधी तो आनंदगिरि उपर ओवो आक्षेप हतो के, ओमणे जे व्याख्या करी छे ते जैन धर्मना पदार्थोने बराबर समजया विना ज करी छे. पण ज्यारे आपणी सामे ओमनी व्याख्यानो संवादक खुद जैन आगम-अंग ग्रंथ भगवतीनो पाठ विद्यमान छे एटले ओमना उपर ओवो आक्षेप मूकी शकाय तेम रहेतुं नथी.

आर्य सिद्धसेननी जेम आनंदगिरि पण धर्मास्तिकाय अने अधर्मास्तिकायना संबंधमा जे प्राचीन परंपरा चाल्ती हशे तेथी परिचित हशे अथवा तो आर्य सिद्धसेने 'निश्चयद्वात्रिंशिका' ना ओ श्लोक ( जे उपर दर्शावेलो छे ) मां जणावेली धर्मास्तिकाय अने अधर्मास्तिकायने लगती शंकाथी पण परिचित हशे अने संभव छे के, ओथी ज ओमणे पूर्वोक्त बन्ने शब्दोनी ओवी जुदी व्याख्या आपी होय.

धर्मास्तिकाय अने अधर्मास्तिकायना संबंधमां मळेली भगवतीसूत्रनी बीजी व्याख्या, आर्य सिद्धसेने ओ बे तत्त्वोनी विद्यमानतामां जणावेली शंका, अने आनंदगिरिओ करेली ओ बे तत्त्वोनी व्याख्या-ओ बधुं जोतां हाल तुरत तो ओ बन्ने शब्दोनो भाव विवादग्रस्त बने छे अने तेनो शास्त्रदृष्टिथी वा प्रज्ञाशक्तिथी ऊहापोह थाय अने ओ विषे सविशेष प्रकाश पडे माटे ज आ चर्चाने अहीं आलेखेली छे.

भगवतीसूत्रमां जे स्थळे ओ पाठ आवेलो छे ते समग्र अने संबंधसहित पाठ अर्थ साथे अहीं आपवामां आवे छे जेथी विचारकोने आ वस्तुस्थितिनो बराबर ख्याल आवी शके.

Aho ! Shrutgyanam

## अथ अनन्तरोक्तानां धर्मास्तिकायादीनामेकार्थिकानि आह—

प्र०—धम्मत्थिकायस्स णं भन्ते ! केवइया अभिवयणा पण्णत्ता ?

उ०—गोयमा ! अणेगा अभिवयणा पण्णत्ता त जहा-धम्मे इ वा, धम्मत्थिकायेति वा, पाणाइवायवेरमणे ति वा मुसावायवेरमणे ति वा एवं जाव परिग्गहवेरमणे ति वा, कोहविवेगे ति वा, जाव मिच्छादंसणसल्लविवेगे ति वा इरियासमिती ति वा, भासासमिती ति वा, एसणासमिती ति वा, आयाणभंडमत्तनिक्खेवण उच्चारपासवणखेलजल्लसिंघाणपारिट्ठावणियासमिती ति वा, मणगुत्ती ति वा, वइगुत्ती ति वा, कायगुत्ती ति वा; जे यावन्ने तहप्पगारा सव्वे ते धम्मत्थिकायस्स अभिवयणा ।

प्र०—अधम्मत्थिकायस्स णं भन्ते ! केवतिया अभिवयणा पन्नत्ता ?

उ०—गोयमा ! अणेगा अभिवयणा पन्नत्ता तं जहा-अधम्मे ति वा, अधम्मत्थिकाये ति वा पाणाइवाए ति वा, जाव मिच्छादंसणसल्ल ति वा इरियाअस्समिती ति वा, जाव उच्चारपासवण जाव पारिट्ठावणियाअस्समिती ति वा मणअगुत्ती ति वा, वइअगुत्ती ति वा कायअगुत्ती ति वा, जे यावन्ने तहप्पगारा सव्वे ते अधम्मत्थिकायस्स अभिवयणा ।

प्र०—आगासत्थिकायस्स णं पुच्छा ।

उ०—गोयमा ! अणेगा अभिवयणा पण्णत्ता तं जहा-आगासे ति वा, आगासत्थिकाये ति वा गगणे ति वा नभे ति वा, समेति वा, विसमे ति वा, खहे ति वा विहे ति वा, वीई ति वा, विवरे ति वा, अंबरे ति वा अंबरसे ति वा, छिड्डे ति वा, झुसिरे ति वा, मग्गे ति वा विमुहे ति वा अद्दे ति वा वियद्द ति वा, आधारे ति वा भायणे ति वा, अंतरिक्खे ति वा सामे ति वा उवासंतरे इ वा अगमि इ वा, फलिहे ति वा, अणंते ति वा, जे यावन्ने तहप्पगारा सव्वे ते आगासत्थिकायस्स अभिवयणा ।

प्र०—जीवत्थिकायस्स णं भन्ते ! केवतिया अभिवयणा पण्णत्ता ?

उ०—गोयमा ! अणेगा अभिवयणा पण्णत्ता, तं जहा जीवे ति वा, जीवत्थिकाए ति वा, भूए ति वा, सत्ते ति वा, विन्नू ति वा चेया ति वा, जेया ति वा आया ति वा, रंगणा ति वा, हिंडुए ति वा, पोग्गले ति वा माणवे ति वा कत्ता ति वा, विकत्ता ति वा, जए ति वा, जंतु ति वा, जोणि ति वा, सयंभू ति वा, ससरीरी ति वा, नायए ति वा, अंतरप्पा ति वा, जे यावन्ने तहप्पगारा सव्वे ते जाव अभिवयणा ।

प्र०—पोग्गलत्थिकायस्स णं भन्ते ! पुच्छा ।

उ०—गोयमा ! अणेगा अभिवयणा पण्णत्ता तं जहा पोग्गले ति वा पोग्गलत्थिकाये ति वा, परमाणुपोग्गले ति वा दुपएसिए ति वा, तिपएसिए ति वा, जाव असंखेज्जपएसिए ति वा, अणंतपएसिए ति वा, जे यावन्ने तहप्पगारा सव्वे ते पोग्गलत्थिकायस्स अभिवयणा ।

सेवं भन्ते ! सेवं भन्ते ति ।

भगवतीसूत्र शतक २०, उद्देशक २, पृ. ७७५-७७६, समितिनी आवृत्ति.

Aho ! Shrutgyanam

# ગુજરાતી ભાષાંતર.

હવે અનંતરોક્ત ધર્માસ્તિકાય વગેરેના એકાર્થક શબ્દોને કહે છે.

પ્ર૦—હે ભગવન્! ધર્માસ્તિકાયના એકાર્થક શબ્દો કેટલા કહેલા છે?

ઉ૦—હે ગૌતમ! ધર્માસ્તિકાયના એકાર્થક શબ્દો અનેક કહેલા છે. તે જેમકે ધર્મ, ધર્માસ્તિકાય, પ્રાણાતિપાત-વિરમણ (અહિંસા) મૃષાવાદવિરમણ (સત્ય), એ પ્રમાણે યાવત્-પરિગ્રહવિરમણ (સંતોષ), ક્રોધવિવેક, યાવત્-મિથ્યાદર્શનશલ્યવિવેક, ઇર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનનિક્ષેપણસમિતિ, પારિષ્ઠાપનિકાસમિતિ, મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ. આ જાતના બીજા પણ શબ્દો હોય તે બધાને ધર્માસ્તિકાયના એકાર્થક સમજવા.

પ્ર૦—હે ભગવન્! અધર્માસ્તિકાયના એકાર્થક શબ્દો કેટલા કહેલા છે?

ઉ૦—હે ગૌતમ! અધર્માસ્તિકાયના એકાર્થક શબ્દો અનેક કહેલા છે. તે જેમ કે-અધર્મ, અધર્માસ્તિકાય, પ્રાણાતિપાત (હિંસા), મૃષાવાદ (અસત્ય), યાવત્ મિથ્યાદર્શન શલ્ય, ઇર્યાઅસમિતિ, મનઅગુપ્તિ અને કાયઅગુપ્તિ. આ પ્રકારના બીજા પણ શબ્દો હોય તે બધાને અધર્માસ્તિકાયના એકાર્થક સમજવા.

પ્ર૦—હે ભગવન્! આકાશાસ્તિકાયના એકાર્થક શબ્દો કેટલા કહેલા છે?

ઉ૦—હે ગૌતમ! આકાશાસ્તિકાયના એકાર્થક શબ્દો અનેક કહેલા છે તે જેમ કે-આકાશ, આકાશાસ્તિકાય, ગગન, નભ, સમ, વિષમ, ખહ, વિહ, વીચિ, વિવર, અંબર, અંબરસ, છિદ્ર, શુષિર, માર્ગ, વિમુખ, અર્દ કે અટ્ટ, વ્યર્દ કે વ્યટ્ટ, આધાર, ભાજન, અંતરિક્ષ, શ્યામ, અવકાશાંતર, અગમ, સ્ફટિક, અનંત અને આ પ્રકારના બીજા પણ જે શબ્દો હોય તે બધા આકાશાસ્તિકાયના એકાર્થક સમજવા.

પ્ર૦—હે ભગવન્! જીવાસ્તિકાયના એકાર્થક શબ્દો કેટલા કહેલા છે?

ઉ૦—હે ગૌતમ! જીવાસ્તિકાયના એકાર્થક શબ્દો અનેક કહેલા છે. તે જેમ કે-જીવ, જીવાસ્તિકાય, ભૂત, સત્ત્વ, વિજ્ઞ, ચેતા, જેતા, આત્મા, રંગણ, હિંડુક, પુદ્ગલ, માનવ, કર્તા, વિકર્તા, જગત્, જંતુ, યોનિ, સ્વયંભૂ, સશરીરી, નાયક, અંતરાત્મા અને આ પ્રકારના બીજા પણ જે શબ્દો હોય તે બધાને જીવાસ્તિકાયના એકાર્થક સમજવા.

પ્ર૦—હે ભગવન્! પુદ્ગલાસ્તિકાયના એકાર્થક શબ્દો કેટલા કહેલા છે?

ઉ૦—હે ગૌતમ! પુદ્ગલાસ્તિકાયના એકાર્થક શબ્દો અનેક કહેલા છે. તે જેમ કે-પુદ્ગલ, પુદ્ગલાસ્તિકાય, પરમાણુપુદ્ગલ, દ્વિપ્રદેશિક, ત્રિપ્રદેશિક, યાવત્-અસંખ્ય પ્રદેશી, અનંત પ્રદેશી, અને આ પ્રકારના બીજા પણ જે શબ્દો હોય તે બધાને પુદ્ગલાસ્તિકાયના એકાર્થક સમજવા.

Aho ! Shrutgyanam

# रत्नसिंहसूरिकृत

# आत्मानुशास्ति भावना

[ अनुवादकः—पं. श्री सुखलालजी ]

[ रत्नसिंहसूरि नामना એક જૈનાચાર્ય ૧૩ મા સૈકામાં થઇ ગએલા છે. તેમણે સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંસ ભાષામાં કેટલાંક ભાવનાત્મક, સ્તુત્યાત્મક અને બોધાત્મક એવાં નાનાં નાનાં સુંદર પ્રકરણો રચ્યાં છે. આ પ્રકરણો કંઠે કરવા લાયક તેમ જ હમેશાં સ્વાધ્યાય કરવા લાયક છે. આંમાંનું એક પ્રકરણ અહીં આપવામાં આવે છે. આ પ્રકરણ, કર્તાએ પોતાના આત્માને શીખામણ આપવા માટે બનાવ્યું છે તેથી આનું નામ **आत्मानुशास्तिभावना** એવું રાખેલું છે. આખું પ્રકરણ સરલ અને સુબોધ શૈલીમાં રચ્યું છે અને તેથી મુમુક્ષુજનને પાઠ કરતાં આલ્હાદ આપે એવું છે. ભવિષ્યના અંકોમાં એ સૂરિનાં રચેલાં બીજાં બીજાં પ્રકરણો પણ આ જ પ્રમાણે આપવાનો વિચાર રાખેલો છે.—**સંપાદક.** ]

**प्राकृतः संस्कृतो वापि पाठः सर्वोप्यकारणम् ।**
**यतो वैराग्यसंवेगौ तदेव परमं रहः ॥१॥**

પ્રાકૃત હોય યા સંસ્કૃતઃ બધુંએ ભાષણ અપ્રયોજક અર્થાત્ નકામું છે. કારણ કે વૈરાગ્ય અને સંવેગ તે જ પરમ રહસ્ય અર્થાત્ શ્રેષ્ઠ તત્ત્વ છે. (૧)

**अहो मूढं जगत्सर्वं भ्राम्यदेव तद्बहिर्बहिः ।**
**आकुलव्याकुलं नित्यं धिक्किमाश्रित्य धावति ॥२॥**

દુઃખની વાત છે કે બધું જગત્ મૂઢ બની આકુલ વ્યાકુલ થઇ હમેશાં બ્હારને બ્હાર ભમતું જ રહે છે. ધિક્કાર છે એને, કારણ કે કોને લક્ષીને દોડે છે. (૨)

**संप्राप्य शासनं जैनं युक्तं किं मम नर्त्तितुम् ।**
**किं वा प्रमादतो युक्तं रोदितं मे मुहुर्मुहुः ॥३॥**

જૈન શાસન પ્રાપ્ત કરીને મારે શું નાચવું યોગ્ય છે ? અથવા મારે પ્રમાદી થઈને વારંવાર રોવું એ યુક્ત છે ?. (૩)

**आत्मन्नहो न ते युक्तं कर्त्तुं गजनिमीलिकाम् ।**
**प्रातर्गतं तु संध्यायां स्थातुं कस्तव निश्चयः ॥४॥**

હે આત્મા ! તારે ઉદાસીનતા ધારણ કરવી યોગ્ય નથી. કારણ કે પ્રાતઃકાળ તો ગયો. સંધ્યા વખતે તારા રહેવાનો શો નિશ્ચય છે ?. (૪)

Aho ! Shrutgyanam

एवं भवं परत्राहो न च स्मृत्वा प्रमादिनः ।
बाढमाक्रंदतो मूढ मूर्द्धा यास्यति खंडशः ॥५॥

એ રીતે પરભવને યાદ કરી પ્રમાદ કરતાં અને અત્યંત આક્રંદન કરતાં તારું મસ્તક ફૂટી જશે. (૫)

कस्मै चिन्नास्मि रुष्यामि रुष्याम्यात्मन एव हि ।
यद्वच्मि तन्न जानामि तत्संबोध्यः परः कथम् ॥६॥

હું કોઈના ઉપર રોષ નથી કરતો કેવલ પોતાના જ ઉપર રોષ કરું છું. જે કહું છું તે હું જ નથી સમજતો, તો પછી તે બીજાને કેમ સમજાવું ?. (૬)

ये वाचाऽऽख्यांति वैराग्यं यांति भेदं न मानसे ।
हहा हा का गतिस्तेषां कारुण्यास्पदभागिनाम् ॥७॥

જેઓ વચનથી વૈરાગ્ય ઉપદેશે છે પણ મનમાં બદલાતા નથી. ખેદ છે, કે તે દયા-પાત્રોની શી વલે થશે ?. (૭)

किं करोमि क्व गच्छामि क्व तिष्ठामि शृणोमि किम् ।
संसारभयभीतस्य व्याकुलं मे सदा मनः ॥८॥

શું કરું ? કયાં જાઉં ? કયાં સ્થિર થાઉં ? શું સાંભળું ? સંસારના ભયથી બીધેલ એવા મુજનું મન હમેશાં વ્યાકુળ રહે છે. (૮)

ध्यात्वा किं वच्मि किं तूष्णीं कोऽहं भीतोऽपि निर्भयः ।
अहो मे नटविद्येयं हहा हुं काऽप्यलौकिकी ॥९॥

ધ્યાન કરીને શું બોલું કે શું મૌન રહું ? બીધેલ છતાં હું નિર્ભય કેવો છું ! ખરે-ખર મારી આ કોઈ અલૌકિક નટવિદ્યા છે. (૯)

विमुच्य निष्फलं खेदं धर्म्मे यत्नं ततः कुरु ।
एवं जातं न चेत्किंचिच्छक्तो दैवं न लंघितुम् ॥१०॥

તેથી નિષ્ફળ ખેદ છોડી તું ધર્મમાં પ્રયત્ન કર. જો એ પ્રમાણે કાંઇ ન થયું તો ભાગ્યને ઉલંઘવા તું સમર્થ નથી. (૧૦)

यः कोपि दृश्यते किं वा श्रद्धानुष्ठानबन्धुरः ।
तत्रानुमोदनं युक्तं कर्त्तुं त्रेधापि नित्यशः ॥११॥

અથવા જે કોઈ શ્રદ્ધાળુ અને અનુષ્ઠાન તત્પર નજરે પડે તેના વિષયમાં હમેશાં મન વચન કાયાથી અનુમોદન કરવું યોગ્ય છે. (૧૧)

आत्मारामं मनो यस्य मुक्त्वा संसारसंकथाम् ।
अमोघामृतधाराभिः सर्वांगीणं स सिच्यते ॥१२॥

Aho ! Shrutgyanam

જેનું મન સંસારની વાર્તા છોડી આત્મારામી બન્યું છે, તે, અમોઘ અમૃતની ધારાથી દરેક અંગોમાં છંટાય છે. અર્થાત્ અમૃતવર્ષાની શાંતિ મેળવે છે. (૧૨)

**एवं ध्यानरता येऽत्र तेऽपि धन्या गुणोन्मुखाः ।**
**वेषमात्रेण ये तुष्टास्तेऽनुकंप्या मनस्विनाम् ॥१३॥**

એ પ્રકારે જેઓ અહીં ગુણોન્મુખ (ગુણ દૃષ્ટિવાળા) અને ધ્યાનરત છે તેઓ ધન્ય છે. અને જેઓ માત્ર વેષથી સંતુષ્ટ છે તેઓ વિચારવાનોના દયાપાત્ર છે. (૧૩)

**उद्यमे धर्त्तुमात्मानं ध्येयं स्मर्त्तुं प्रतिक्षणम् ।**
**हितं वाञ्छन् जनः सर्वोप्येतद्ध्यानपरो भवेत् ॥१४॥**

હિતને ઇચ્છતા સર્વ જણે ઉદ્યમમાં આત્માને સ્થાપવા, તેમ જ પ્રતિક્ષણ ધ્યેયનું સ્મરણ કરવા માટે એના ધ્યાનમાં પરાયણ થવું જોઇએ. (૧૪)

**धर्म्मं कर्त्तुं यदीच्छास्ति तदा वीक्षस्व सादरम् ।**
**आत्मानुशासनं सूरेः श्रीजिनेश्वरसंज्ञिनः ॥१५॥**

જો ધર્મ કરવાની તારી ઇચ્છા હોય તો જિનેશ્વર નામના સૂરિનું [ રચેલું ] **આત્માનુશાસન**[1] આદરપૂર્વક અવલોક. (૧૫)

**संसारानित्यतां बुद्ध्वा ये तिष्ठंति निराकुलाः ।**
**ते नूनं वह्निना दीप्ते शेरते निर्भरं गृहे ॥१६॥**

જેઓ સંસારની અનિત્યતાને જાણીને પણ નિશ્ચિંત રહે છે, ખરેખર તેઓ અગ્નિ પ્રજ્વલતિ ઘરમાં ગાઢ ઉંઘ લે છે. (૧૬)

**यौवनैश्वर्यभूपालप्रसादप्रमुखैर्मदैः ।**
**भूयांसः स्थिरं मत्वा कः कोट्या गृह्णाति काकिनीम् ? ॥१७॥**

યુવાની, પ્રભુતા અને રાજકૃપા વગેરે મદો વડે ઘણા લોકો પોતાને સ્થિર માની કોણ કરોડોની કિંમતે કોડી ગ્રહણ કરે ?. (૧૭)

**गतानुगतिको भूत्वा मा त्वं स्वपिहि निर्भरम् ।**
**पतितं वीक्ष्य कूपेऽन्धं सज्जाक्षस्तत्र किं विशेत् ? ॥१८॥**

તું ગતાનુગતિક થઈ–એટલે રુઢિગામી બની બહુ મા સૂજે. અંધને કુવામાં પડેલો જોઇ શું દેખતો માણસ તેમાં દાખલ થાય? (૧૮)

---

૧ આત્માનુશાસન નામના એક કરતાં વધારે પ્રકરણો રચાયાં હોય એમ જણાય છે. પાર્શ્વનાગ-સૂરિનું રચેલું એ નામનું પ્રસિદ્ધ પ્રકરણ તો ઘણા ઠેકાણે જોવામાં આવ્યું છે પણ જિનેશ્વરસૂરિનું રચેલું અદ્યાપિ અમારા જોવામાં આવ્યું નથી. પણ આ પ્રકરણમાં એનું ખાસ સૂચન કરવામાં આવેલું છે તેથી તે વિશિષ્ટ ભાવવાળું હોવું જોઇએ એમ ચોકકસ જણાય છે. પાર્શ્વનાગકૃત પ્રકરણ બનશે તો આવતા અંકમાં, આ જ પ્રમાણે પ્રકટ કરવાનો વિચાર છે.

Aho ! Shrutgyanam

देहो यंत्रमिदं मूढ बहपायं ! प्रतिक्षणम् ।
दृष्टांतं शकटं दृष्ट्वा बुद्ध्यध्वं किं न सत्वरम् ॥१९॥

હે મૂઢો ! શરીર આ એક યંત્ર છે. તે પ્રત્યેક ક્ષણે બહુ રોગવાળું છે. ગાડી એ તેનું દષ્ટાંત છે. એ દૃષ્ટાંત જાણી જલદી કેમ બોધ પામતા નથી. (૧૯)

हुं हुं हा दैव ! धिग् धिग् मे जानतोपि न चेतना ।
बद्धायुः श्रेणिकः किं वा नाऽगच्छत् प्रथमां महीम् ? ॥२०॥

હે દૈવ ! મને અતિ ધિક્કાર છે કે જાણતાં છતાં કાંઇ ચૈતન્ય (સ્ફૂર્તિ) નથી આવતું; અથવા આયુબાંધેલ શ્રેણિક રાજા શું પ્રથમ નરકમાં ન ગયો ? અર્થાત્ ગયો જ. (૨૦)

भुक्त्वा ज्ञात्वा च धिग् भोगान् महद्भिर्निंदितं तथा ।
यथा देही विदेहः सन् निर्वृत्या निर्वृतः कृतः ॥२१॥

ભોગોને ભોગવી અને જાણીને ધિક્કાર છે તે પ્રકારે મોટા પુરુષોએ નિંદ્યું છે કે જેથી પ્રાણી વિદેહ થયો છતો શાંતિ દ્વારા શાંત કરાય છે. (૨૧)

राकाशशांकसंकाशं प्राप्य जैनेश्वरं वचः ।
जन्तोः सद्भावपीयूषं सूते स्वांतविधूपलः॥ २२॥

પૂર્ણિમાના ચંદ્રમા જેવું જિનેશ્વરનું વચન પ્રાપ્ત કરી પ્રાણીનું ચંદ્રકાંત જેવું હૃદય અમૃત જેવા સદ્ભાવને પ્રગટાવે છે. (૨૨)

दृष्टादृष्टैर्ममात्रैधं क्षंतव्यं सर्वजंतुभिः ।
स्वल्पेनाप्यपराधेन सिद्धा मे संतु साक्षिणः ॥२३॥

પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ દરેક પ્રાણીએ મારા થોડા પણ અપરાધની ત્રિવિધ ક્ષમા કરવી. હે સિદ્ધો ! તમે મારા સાક્ષી થાઓ. (૨૩)

सर्वमप्येतदाख्यातमयोग्यं नैव सेवते ।
क्षुत्क्षामापि जलौका किं पाषाणं चुंबितुं स्पृशेत् ॥२४॥

આ બધુંએ કહી દીધું છે. અયોગ્યને કોઇ સેવતું નથી. ક્ષુધાપીડિત જળો શું પાષાણને ચૂંબવા સ્પર્શ કરે ? (૨૪)

सूरिः श्रीरत्नसिंहाख्यः संवेगामृतभावनाम् ।
चक्रे स्वस्योपकारार्थमात्मानुशास्तिसंज्ञिकाम् ॥२५॥

શ્રીરત્નસિંહ નામના સૂરીએ પોતાના ઉપકાર માટે આત્માનુશાસ્તિ નામક આ સંવેગામૃત ભાવના બનાવી છે. (૨૫)

Aho ! Shrutgyanam

Aho ! Shrutgyanam



શ્રીમદ્ રાજચંદ્ર

Aho ! Shrutgyanam

# रायचन्द भाइना केटलांक स्मरणो

[ लेखक—श्रीमान् महात्मा गांधीजी ]

[ पू. महात्मा गांधीजी श्रीमद् राजचंद्रना खास प्रशंसक छे. वर्तमान जगत्ना जे बे त्रण महापुरुषोनी पोताना जीवन उपर असरकारक छाप पडेली तेमां श्रीमद् राजचंद्र प्रमुखस्थाने छे—एम महात्माजीए एक करतां वधारेवार जाहेर रीते बोली देखाड्युं छे. एथी उपरथी समजाय छे के महात्माजीनो श्रीमद् राजचंद्र तरफ विशिष्ट सद्भाव छे. ए सद्भावने लईने महात्माजीए पोताना येरोडावाळा जेलनिवास दरम्यान श्रीमद् राजचंद्रनां जीवन स्मरणो लखवानी प्रवृत्ति शुरु करी हती. पण ते प्रवृत्ति पांथिक प्रकरणो लखायां पछी बंध पडी अने पछी तो महात्माजी कारावासथी मुक्त थई बहार आव्या एटले बीजी प्रवृत्तिओना महान प्रवाहमां ए अर्धत्यक्त प्रवृत्ति प्रायः सदाने माटे परित्यक्त बनी.

ए दरम्यान श्रीमद् राजचंद्रना लेखोना संग्रहनी नवी आवृत्ति परमश्रुत प्रभावक मंडळ तरफथी तैयार थई. तेनी प्रस्तावना लखवा माटे श्रीयुत रेवाशंकर जगजीवन झवेरी तरफथी महात्माजीने विनंती करवामां आवतां, तेमणे, जेलमां लखी राखेलां स्मरणोने ज प्रस्तावना रूपे ए संग्रहमां मुकी देवानो पोतानो विचार दर्शाव्यो अने ते श्री रेवाशंकरभाईए आभार साथे स्वीकार्यो. पण सांभळवा प्रमाणे, प्रस्तावना रूपे ए स्मरणो प्रकट करवामां केटलाक बंधुओनो मतभेद छे तेथी जिज्ञासुजनोना हाथमां ए संस्मरणो क्यारे प्राप्त थशे ते कही शकाय तेवुं नथी. माटे अमे महात्माजीनी खास अनुमतिथी, ए स्मरणो आ नीचे प्रकट करीए छीए. आ जमानाना जैनधर्मना एक अनन्य तत्त्वज्ञ पुरुषना विषे, जगत्ना एक असामान्य महापुरुषे जे कांइ पोतानो प्रामाणिक अभिप्राय लिपिबद्ध कर्यो छे तेनो अमूल्य लाभ, सौथी प्रथम, आम अमारा वाचकोने आपवानो जे अवसर अमने मळ्यो ते बदल अमने अत्यंत आनंद थाय छे अने महात्माजीए जे आ अमने लेखदान आप्युं ते बदल तेमनो अत्यंत आभार मानीए छीए.—संपादक. ]

## प्रस्तावना

श्रीमद् राजचंद्रना पत्रो अने लखाणोनी आ आवृत्तिने सारु प्रस्तावना लखवानी मागणी मारी पासे जेने हुं मारा वडीलभाई समा गणुं छुं एवा श्री रेवाशंकर

Aho ! Shrutgyanam

જગજીવને કરી તેનો હું ઇનકાર નથી કરી શકયો. શ્રીમદ્ રાજચંદ્રનાં લખાણોની પ્રસ્તાવનામાં શું લખવું એ વિચારતાં મને એમ લાગ્યું કે તેમનાં સ્મરણોનાં થોડાં પ્રકરણો મેં ચરોડાના કેદખાનામાં લખ્યાં તે આપું તો બે અર્થ સરે. એક તો જે પ્રયાસ મેં જેલમાં કર્યો તે અધૂરો છતાં કેવળ ધર્મવૃત્તિથી લખાયલો હોવાથી મારા જેવા મુમુક્ષુને તેનો લાભ મળે અને બીજો જેઓને શ્રીમદ્નો પરિચય ન થયો હોય તેઓને તેમનો કંઈક પરિચય મળે અને તેથી તેમનાં કેટલાંક લખાણો સમજવામાં મદદ મળે.

નીચેનાં પ્રકરણો તો અધૂરાં છે. હું પૂરાં કરી શકું એવું મને ભાસતું નથી. કેમ કે અવકાશ મળે તોયે જે મેં લખ્યું છે તેનાથી આગળ બહુ વધવાની મારી ઇચ્છા નથી થતી. તેથી છેલ્લું પ્રકરણ જે અધૂરું રહ્યું ત પૂરું કરી તેમાં કેટલીક વસ્તુનો સમાવેશ કરી દેવા ઇચ્છું છું.

એ પ્રકરણોમાં એક વિષયનો વિચાર નથી થયો. તે વાંચનારની પાસે રજુ કરવો ઈષ્ટ ગણું છું. કેટલાક એમ કહે છે કે શ્રીમદ્ પચીસમા તીર્થંકર થઇ ગયા. કેટલાક એમ માને છે કે તેમણે મોક્ષ મેળવી લીધો. આ બંને માન્યતા અયોગ્ય છે એમ મને લાગે છે. એ માન્યતા ધરાવનારા શ્રીમદ્ને ઓળખતા નથી અથવા તીર્થંકરની અથવા મુક્ત પુરુષની વ્યાખ્યા બીજી કરે છે. આપણા પ્રિયતમને સારૂ પણ આપણે સત્યને હળવું કે સસ્તું ન કરીએ. મોક્ષ અમૂલ્ય વસ્તુ છે. મોક્ષ આત્માની અંતિમ સ્થિતિ છે. મોક્ષ એવી મોંઘી વસ્તુ છે કે તે મેળવતાં જેટલો પ્રયત્ન સમુદ્ર તીરે બેસી એક સળી લઇ તેની ઉપર એક એક બિંદુ ચડાવી સમુદ્ર ઉલેચનારને કરવો પડે અને ધીરજ રાખવી પડે તેના કરતાંયે વિશેષની આવશ્યકતા છે. એ મોક્ષનું સમ્પૂર્ણ વર્ણન અસંભવિત છે. તીર્થંકરને મોક્ષપૂર્વેની વિભૂતિઓ સહજ પ્રાપ્ત હોય. આ દેહે મુક્ત પુરુષને રોગાદિ હોય નહિં. નિર્વિકારી શરીરમાં રોગ સંભવતો નથી. રાગ વિના રોગ હોય નહિ. જ્યાં વિકાર ત્યાં રાગ રહેલો જ હોય, જ્યાં રાગ ત્યાં મોક્ષ સંભવે નહિ મુક્ત પુરુષને જોઇતી વીતરાગતા, કે તીર્થંકરની વિભૂતિઓ, શ્રીમદ્ને પ્રાપ્ત નહોતી થઈ. સામાન્ય મનુષ્યોના પ્રમાણમાં શ્રીમદ્ની વીતરાગતા અને વિભૂતિઓ ઘણી વધારે હતી, તેથી આપણે તેમને લૌકિક ભાષામાં વીતરાગ અને વિભૂતિમાન કહીએ. પણ મુક્ત પુરૂષને સારુ કલ્પાયેલી વીતરાગતાને અને તીર્થંકરની વિભૂતિઓને શ્રીમદ્ નહોતા પહોંચી શકયા એવો મારો દૃઢ અભિપ્રાય છે. આ કંઇ એક મહાન્ અને પૂજ્ય વ્યક્તિનો દોષ બતાવવાને સારૂ નથી લખતો. પણ તેમને અને સત્યને ન્યાય મળવા ખાતર લખું છું. આપણે સંસારી જીવો છીએ ત્યારે શ્રીમદ્ અસંસારી હતા. આપણને અનેક યે નિઓમાં ભટકવું પડશે ત્યારે શ્રીમદ્ને કદાચ એક જન્મ બસ થાઓ. આપણે કદાચ મોક્ષથી દૂર ભાગતા હોઇશું ત્યારે શ્રીમદ્ વાયુવેગે મોક્ષ તરફ ધસી રહ્યા હતા. આ થોડો પુરુષાર્થ નથી. એમ છતાં મારે કહેવું જોઇએ કે શ્રીમદ્ જે અપૂર્વ પદનું તેમણે પોતે સુંદર વર્ણન કર્યું છે તે પામી નહોતા શકયા. તેમ-

Aho ! Shrutgyanam

એ જ કહ્યું છે કે તેમના પ્રવાસમાં તેમને સહરાનું રણ વચમાં આવ્યું તે ઓળંગવું બાકી રહી ગયું. પણ શ્રીમદ્ રાજચંદ્ર અસાધારણ વ્યક્તિ હતા. તેમનાં લખાણ એ તેમનાં અનુભવનાં બિંદુ સમાં છે. તે વાંચનાર વિચારનાર અને તે પ્રમાણે ચાલનારને મોક્ષ સુલભ થાય, તેના કષાયો મોળા પડે, તેને સંસાર વિષે ઉદાસીનતા આવે, તે દેહનો મોહ છોડી આત્માર્થી બને.

આટલા ઉપરથી વાંચનાર જોશે કે શ્રીમદ્ના લખાણ અધિકારીને સારૂ છે. બધા વાંચનાર તેમાં રસ નહિ લઇ શકે. ટીકાકારને તેની ટીકાનું કારણ મળશે. પણ શ્રદ્ધાવાન્ તો તેમાંથી રસ જ લૂંટશે. તેમનાં લખાણોમાં સત્ નીતરી રહ્યું છે એવો મને હમેશાં ભાસ આવ્યો છે. તેમણે પોતાનું જ્ઞાન બતાવવા સારૂ એક પણ અક્ષર નથી લખ્યો. લખનારનો હેતુ વાંચનારને પોતાના આત્માનંદમાં ભાગીદાર બનાવવાનો હતો. જેને આત્મકલેશ ટાળવો છે, જે પોતાનું કર્તવ્ય જાણવા ઉત્સુક છે તેને શ્રીમદ્ના લખાણોમાં બહુ મળી રહેશે, એવો મને વિશ્વાસ છે, પછી ભલે તે હિંદુ હો કે અન્યધર્મી.

અને આવા અધિકારીને તેમનાં થોડાં સ્મરણોની મેં કરેલી યાદી ઉપયોગી થઇ પડશે એ આશાએ તે સ્મરણોને આ પ્રસ્તાવનામાં સ્થાન આપું છું.

---

## પ્રકરણ ૧.

## પ્રાસ્તાવિક

જેનાં પવિત્ર સ્મરણો લખવાનો હું આરંભ કરૂં છું તે સ્વ૦ શ્રીમદ્ રાજચંદ્રની જન્મતિથિનો આ દિવસ છે. એટલે કાર્તિકી પૂર્ણિમા ( સંવત્ ૧૯૭૯ ). મારો પ્રયત્ન શ્રીમદ્ રાજચંદ્રનું જીવનચરિત્ર લખવાનો નથી. એ કાર્ય મારી શક્તિની બહાર છે. મારી પાસે સામગ્રી નથી. જીવનચરિત્ર લખવું હોય તો હું તેમની જન્મભૂમિ વવાણીઆ બંદરમાં કેટલોક વખત ગાળું, તેમનું રહેવાનું મકાન તપાસું, તેમનાં રમવા ભમવાનાં સ્થાનો જોઉં, તેમનાં બાળમિત્રોને મળું, તેમની નિશાળમાં જઇ આવું, તેમના મિત્રો અનુયાયીઓ સગાં સંબંધીઓને મળું, તેમની પાસે જાણવાનું જાણી લઉં ને પછી જ લખવાનો આરંભ કરૂં. આમાંની કોઈ વસ્તુનો મને પરિચય નથી.

પણ સ્મરણો લખવાની પણ મારી શક્તિ અથવા યોગ્યતા વિષે મને શંકા ઉત્પન્ન થઇ છે. અવકાશ હોય તો તેમનાં સ્મરણો લખું એવો ઉદ્‌ગાર મેં એકથી વધારે વખત કહાડેલો મને યાદ છે. તેમના એક શિષ્ય કે જેમને સારુ મારા મનમાં ઘણું માન છે, તેમણે તે સાંભળેલું અને આ આરંભ મુખ્યત્વે તેમને સંતોષવાને ખાતર છે. શ્રીમદ્ રાજચંદ્ર જેમને હું રાયચંદભાઇ અથવા કવિ એવા નામથી પ્રેમ અને માનપૂર્વક બોલાવતો, તેમનાં સ્મરણો લખી તેમનું રહસ્ય મુમુક્ષુ પાસે મૂકવું એ મને ગમે. હવે તો

Aho ! Shrutgyanam

મારો પ્રયાસ કેવળ મિત્રને સંતોષવા પુરતો છે. તેમનાં સ્મરણોને હું ન્યાય આપી શકું તેને સારૂ મને જૈનમાર્ગનો સારો પરિચય હોવો જોઈએ. મારે કબૂલ કરવું જોઈએ કે તે નથી. તેથી મારૂં દૃષ્ટિબિંદુ હું અત્યંત સંકુચિત રાખવાનો છું. જે જે સ્મરણોની મારા જીવન ઉપર છાપ પડી છે તેની નોંધ અને તેમાંથી જે શિક્ષણ મને મળ્યું છે તે જ આપી હું સંતોષ માનીશ. કદાચ જે લાભ મને મળ્યો તે અથવા તેવો તે સ્મરણોથી વાંચનાર મુમુક્ષુને પણ મળે.

'મુમુક્ષુ' શબ્દ મેં ઈરાદાપૂર્વક વાપર્યો છે. બધી જાતના વાંચનારને સારૂ આ પ્રયાસ નથી.

મારી ઉપર ત્રણ પુરૂષોએ ઊંડી છાપ પાડી છે. ટોલ્સ્ટૉય, રસ્કિન અને રાયચંદભાઈ. ટોલ્સ્ટૉયની તેમના અમુક પુસ્તક દ્વારા અને તેમની સાથેના થોડા પત્રવ્યવહારથી, રસ્કિનની તેના એક જ પુસ્તક 'અન્ટુ ધિસ લાસ્ટ' થી,—જેનું ગુજરાતી નામ 'સર્વોદય' મેં રાખ્યું છે—અને રાયચંદ ભાઈની તેમની સાથેના ગાઢ પરિચયથી. હિંદુધર્મમાં મને શંકા પેદા થઇ તે સમયે તેના નિવારણમાં મદદ કરનાર રાયચંદભાઇ હતા. સને ૧૮૯૩ ની સાલમાં દક્ષિણ આફ્રિકામાં હું કેટલાક ખ્રિસ્તી સજ્જનોના ખાસ સંબંધમાં આવેલો. તેમનું જીવન સ્વચ્છ હતું. તે ધર્મચુસ્ત હતા. બીજા ધર્મવાળાને ખ્રિસ્તી થવા સમજાવવા એ તેમનો મુખ્ય વ્યવસાય હતો. જો કે મારો તેમની સાથે સંબંધ વ્યાવહારિક કાર્યને જ અંગે થયેલો તોપણ તેમણે મારા આત્માના કલ્યાણ અર્થે ચિંતા કરવા માંડી. મારૂં એક કર્તવ્ય હું સમજી શકયો. જ્યાં સુધી હિંદુધર્મનું રહસ્ય હું પૂરૂં ન જાણી લઉં અને તેનાથી મારા આત્માને અશંતોષ ન થાય ત્યાં સુધી મારા જન્મનો ધર્મ મારે ન જ તજવો જોઇએ. તેથી મેં હિંદુ અને બીજાં ધર્મપુસ્તકો વાંચવાં શરૂ કર્યાં. ખ્રિસ્તી, મુસલમાની પુસ્તકો વાંચ્યાં. લંડનમાં થયેલા ઇંગ્રેજ મિત્રોની સાથે પત્રવ્યવહાર ચલાવ્યો. તેમની આગળ મારી શંકાઓ મૂકી, તેમ જ હિંદુસ્થાનમાં જેઓ ઉપર મારી કંઇ પણ આસ્થા હતી તેમની સાથે પત્રવ્યવહાર ચલાવ્યો. તેમાં રાયચંદભાઇ મુખ્ય હતા. તેમની સાથે તો મને સરસ સંબંધ બંધાઇ ચૂકયો હતો. તેમના પ્રત્યે માન હતું, તેથી તેમની મારફતે જે મળી શકે તે મેળવવા વિચાર કર્યો. તેનું પરિણામ એ આવ્યું કે હું શાંતિ પામ્યો. હિંદુધર્મમાં મને જે જોઇએ તે મળે એમ છે, એવો મનને વિશ્વાસ આવ્યો. આ સ્થિતિને સારૂ રાયચંદભાઈ જવાબદાર થયા એટલે મારૂં માન તેમના પ્રત્યે કેટલું વધ્યું હોવું જોઇએ તેનો ખ્યાલ વાંચનારને કંઈક આવશે.

એમ છતાં મેં એમને ધર્મગુરુ નથી માન્યા. ધર્મગુરુની તો શોધ જ કર્યા કરૂં છું, અને હજુસુધી મને બધાને વિષે જવાબ 'આ નહિ' એમ જ મળ્યો છે. એવા સંપૂર્ણ ગુરુ મળવાને સારૂ અધિકાર જોઇએ, તે કયાંથી કહાડું.

Aho ! Shrutgyanam

## प्रकरण २.

રાયચંદભાઈની સાથે મારી ઓળખાણ સન ૧૮૯૧ ના જૂલાઈ માસમાં જે દિવસે હું વિલાયતથી પાછો ફરી મુંબઈ પહોંચ્યો તે જ દિવસે થઈ. એ દિવસોમાં દરિયામાં તોફાન હોય છે. તેથી આગબોટ મોડી પહોંચેલી ને રાત પડી ગઈ હતી. મારો ઉતારો દાક્તર–બેરિસ્ટર–અને હવે રંગુનના પ્રખ્યાત ઝવેરી–પ્રાણજીવનદાસ મહેતાને ત્યાં હતો. રાયચંદભાઈ તેમના વડીલભાઈના જમાઇ થાય. દાક્તરે જ પરિચય કરાવેલો. તેમના બીજા વડીલભાઇ ઝવેરી રેવાશંકર જગજીવનદાસની ઓળખ પણ તે જ દિવસે થઇ. દાક્તરે રાયચંદભાઇને 'કવિ' કહી ઓળખાવ્યા, અને મને કહ્યું, 'કવિ છતાંયે અમારી સાથે વેપારમાં છે. તેઓ જ્ઞાની છે, શતાવધાની છે.' કોઈએ સૂચના કરી કે મારે કેટલાક શબ્દો તેમને સંભળાવવા ને તેઓ તે શબ્દો ગમે તે ભાષાના હશે તોપણ જે ક્રમમાં હું બોલ્યો હઈશ તે જ ક્રમમાં પાછા કહી જશે. મને આ સાંભળીને આશ્ચર્ય થયું. હું તો જુવાનીઓ, વિલાયતથી આવેલો, મારા ભાષાજ્ઞાનનો પણ ડોળ; મને વિલાયતનો પવન ત્યારે કાંઈ ઓછો ન હતો. વિલાયતથી આવ્યા એટલે ઊંચેથી ઉતર્યા. મેં મારૂં બધું જ્ઞાન ઠલવ્યું અને જૂદી જૂદી ભાષાના શબ્દો પ્રથમ તો મેં લખી કાઢયા–ક્રેમ કે મને ક્રમ કયાં યાદ રહેવાનો હતો? અને પછી તે શબ્દો હું વાંચી ગયો. તે જ ક્રમમાં રાયચંદભાઇએ હળવેથી એક પછી એક બધા શબ્દો કહી દીધા. હું રાજી થયો, ચકિત થયો અને કવિની સ્મરણશક્તિ વિષે મારો ઉંચો અભિપ્રાય બંધાયો. વિલાયતનો પવન હળવો પાડવા સારૂ આ અનુભવ સરસ થયો ગણાય.

કવિને અંગ્રેજી જ્ઞાન મુદ્દલ ન હતું. તેમની ઉમર તે વખતે પચીશથી ઉપર ન હતી. ગુજરાતી નિશાળમાં પણ થોડો જ અભ્યાસ કરેલો. છતાં આટલી સ્મરણશક્તિ, આટલું જ્ઞાન અને આટલું તેમની આસપાસનાઓ તરફથી માન. આથી હું મોહાયો. સ્મરણશક્તિ નિશાળમાં નથી વેચાતી. જ્ઞાન પણ નિશાળની બહાર જો ઇચ્છા થાય–જિજ્ઞાસા હોય–તો મળે અને માન પામવાને સારૂ વિલાયત કે કયાંયે જવું નથી પડતું. પણ ગુણને માન જોઇએ તો મળી રહે છે, એ પદાર્થપાઠ મને મુંબઇ ઉતરતાં જ મળ્યો.

કવિની સાથેનો આ પરિચય બહુ આગળ ચાલ્યો. સ્મરણશક્તિ ઘણાની તીવ્ર હોય, તેથી અંજાવાની કશી જરૂર નથી. શાસ્ત્રજ્ઞાન પણ ઘણાને જોવામાં આવે છે. પણ જો તે સંસ્કારી ન હોય તો તેમની પાસેથી કુટી બદામ પણ નથી મળતી. સંસ્કાર સારા હોય ત્યાં જ સ્મરણશક્તિ અને શાસ્ત્રજ્ઞાનનો મેળાપ શોભે અને જગતને શોભાવે. કવિ સંસ્કારી જ્ઞાની હતા.

Aho ! Shrutgyanam

## પ્રકરણ ૩ જું.

### વૈરાગ્ય

અપૂર્વ અવસર એવો કયારે આવશે, કયારે થઈશું બાહ્યાન્તર નિર્ગ્રંથ જો,
સર્વ સંબંધનુ બંધન તીક્ષ્ણ છેદીને, વિચરશું કવ મહત્પુરુષને પંથ જો?
સર્વ ભાવથી ઔદાશીન્ય વૃત્તિ કરી, માત્ર દેહુ તે સંયમ હેતુ હોય જો
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિં, દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો–અપૂર્વ૦

રાયચંદ્રભાઈના ૧૮ વર્ષની ઉમરે નીકળેલા અપૂર્વ ઉદ્‌ગારની આ પહેલી બે કડીઓ છે.

જે વૈરાગ્ય એ કડીઓમાં જળહળી રહ્યો છે તે મેં તેમના બે વર્ષના ગાઢ પરિચયમાં ક્ષણે ક્ષણે તેમનામાં જોએલો. તેમના લખાણોની એક અસાધારણતા એ છે કે પોતે જે અનુભવ્યું તે જ લખ્યું છે. તેમાં કયાંયે કૃત્રિમતા નથી. બીજાની ઉપર છાપ પાડવા સારૂં એક લીટીસરખી પણ લખી હોય એમ મેં નથી જોયું. તેમની પાસે હમેશાં કંઇક ધર્મપુસ્તક અને એક કોરી ચોપડી પડેલાં જ હોય. એ ચોપડીમાં પોતાનાં મનમાં જે વિચાર આવે તે લખી નાખે. કોઇ વેળા ગદ્ય ને કોઈ વેળા પદ્ય. એવી રીતે જ 'અપૂર્વ અવસર' પણ લખાએલું હોવું જોઇએ.

ખાતાં, બેસતાં, સુતાં, પ્રત્યેક ક્રિયા કરતાં તેમનામાં વૈરાગ્ય તો હોય જ. કોઇ વખત આ જગતના કોઈ પણ વૈભવને વિષે તેમને મોહ થયો હોય એમ મેં નથી જોયું.

તેમની રહેણી કરણી હું આદર–પૂર્વક પણ ઝીણવટથી તપાસતો. ભોજનમાં જે મળે તેથી સંતુષ્ટ રહેતા. પહેરવેષ સાદો, પહેરણ અંગરખું, બેસ, ગરભસુતરો ફેંટો ને ધોતી. એ કંઈ બહુ સાફ કે ઈસ્ત્રીબંધ રહેતાં એમ મને સ્મરણ નથી. ભોંયે બેસવું ખુરસીએ બેસવું બન્ને સરખાં હતાં. સામાન્ય રીતે પોતાની દુકાનમાં ગાદીએ બેસતા.

તેમની ચાલ ધીમી હતી, અને જોનાર સમજી શકે કે ચાલતાં પણ પોતે વિચારમાં ગ્રસ્ત છે. આંખમાં ચમત્કાર હતો; અત્યંત તેજસ્વી, વિહ્વળતા જરાયે ન હતી. આંખમાં એકાગ્રતા લખેલી હતી. ચહેરો ગોળાકાર, હોઠ પાતળા, નાક અણીદાર પણ નહિં, ચપટું પણ નહિ, શરીર એકવડું, કદ મધ્યમ, વર્ણ શ્યામ, દેખાવ શાંત મૂર્તિનો હતો. તેમના કંઠમાં એટલું બધું માધુર્ય હતું કે તેમને સાંભળતાં માણસ થાકે નહિં. ચહેરો હસમુખો ને પ્રફુલ્લિત હતો. તેની ઉપર અંતરાનંદની છાયા હતી. ભાષા એટલી પરિપૂર્ણ હતી કે તેમને પોતાના વિચારો બતાવતાં કોઈ દિવસ શબ્દ ગોતવો પડયો છે એમ મને યાદ નથી. કાગળ લખવા બેસે ત્યારે ભાગ્યે જ શબ્દ બદલતાં મેં તેમને જોયા હશે; છતાં વાંચનારને એમ નહિં લાગે કે કયાંએ વિચાર અપૂર્ણ છે કે વાકયરચના તુટેલી છે, અથવા શબ્દની પસંદગીમાં ખોડ છે.

Aho ! Shrutgyanam

આ વર્ણન સંયમીને વિષે સંભવે. બાહ્યાડંબરથી મનુષ્ય વીતરાગી નથી થઇ શકતો. વીતરાગતા એ આત્માની પ્રસાદી છે. અનેક જન્મના પ્રયત્ને મળી શકે છે એમ હરકોઇ માણસ અનુભવી શકે છે. રાગોને કહાડવાનો પ્રયત્ન કરનાર જાણે છે કે રાગ-રહિત થવું કેવું કઠિન છે. એ રાગ-રહિત દશા કવિને સ્વભાવિક હતી એમ મારી ઉપર છાપ પડી હતી.

મોક્ષનું પ્રથમ પગથીયું વીતરાગતા છે. જ્યાં સુધી જગતની એક પણ વસ્તુમાં મન ખુંચેલું છે ત્યાં સુધી મોક્ષની વાત કેમ ગમે? અથવા ગમે તો તે કેવળ કાનને જ– એટલે જેમ આપણને અર્થ જાણ્યા સમજ્યા વિના કોઈ સંગીતનો કેવળ સુર જ ગમી જાય તેમ. એવી માત્ર કર્ણપ્રિય ગમ્મતમાંથી મોક્ષને અનુસરનારૂં વર્તન આવતાં તો ઘણો કાળ વહી જાય. આંતર વૈરાગ્ય વિના મોક્ષની લગની ન થાય, એવી વૈરાગ્ય-લગની કવિની હતી.

## प्रकरण ४.

### व्यापारी जीवन

'वणिक तेहनुं नाम, जेह जूठुं नव बोले,
वणिक तेहनुं नाम, तोल ओछुं नव तोले,
वणिक तेहनुं नाम, आपे बोल्युं ते पाळे,
वणिक तेहनुं नाम, व्याज सहित धन वाळे.
विवेक तोल ए वणिकनुं; सुलतान तोल ए शाव छे;
वेपार चुके जे वाणीओ, दुःख दावानळ थाय छे.'

**शामळभट्ट.**

સામાન્ય માન્યતા એવી હોય છે કે વ્યવહાર કે વેપાર અને પરમાર્થ અથવા ધર્મ એ બે નોખીને વિરોધી વસ્તુ છે. વેપારમાં ધર્મ દાખલ કરવો એ ગાંડપણ છે. એમ કરવા જતાં બન્ને બગડે. આ માન્યતા જો ખોટી ન હોય તો આપણે કપાળે કેવળ નિરાશા જ લખેલી હોય. એવી એક પણ વસ્તુ નથી, એવો એક પણ વ્યવહાર નથી કે જેમાંથી આપણે ધર્મને દૂર રાખી શકીયે.

ધાર્મિક મનુષ્યનો ધર્મ તેના પ્રત્યેક કાર્યમાં જણાવો જ જોઇએ એમ રાયચંદ-ભાઇએ પોતાના જીવનમાં બતાવી આપ્યું હતું. ધર્મ કંઇ એકાદશીને દહાડે જ, પજો-સણમાં જ, ઇદને દહાડે કે રવીવારે જ પાળવાનો, અથવા તો મંદિરોમાં, દેરાંઓમાં દેવળોમાં ને મસ્જીદોમાં જ પાળવાનો, પણ દુકાનમાં કે દરબારમાં નહિં, એવો કોઇ નિયમ નથી; એટલું જ નહિં પણ એમ કહેવું એ ધર્મને ન ઓળખવા બરોબર છે, એમ રાયચંદભાઈ કહેતા, માનતા, ને પોતાના આચારમાં બતાવી આપતા.

Aho ! Shrutgyanam

તેમનો વેપાર હીરા મોતીનો હતો. શ્રી રેવાશંકર જગજીવન ઝવેરીની સાથે ભાગીદાર હતા. સાથે કાપડની દુકાન પણ ચલાવતા. પોતાના વ્યવહારમાં સંપૂર્ણ રીતે પ્રમાણિકપણું જાળવતા એવી મારી ઉપર તેમણે છાપ પાડી હતી. તેઓ સોદા કરતા તે વખતે હું કોઈવાર અનાયાસે હાજર રહેતો. તેમની વાત સ્પષ્ટ અને એક જ હતી. 'ચાલાકી' જેવું હું કંઇ જોતો નહિં. સામેનાની ચાલાકી પોતે તુરત કળી જતા. તે તેમને અસહ્ય લાગતી. એવે વખતે તેમની ભ્રકુટિ પણ ચડતી, ને આંખોમાં લાલાશ હું જોઈ શકતો હતો.

ધર્મકુશળ એ વ્યવહારકુશળ ન હોય એ વહેમ રાયચંદભાઇએ ખોટો સિદ્ધ કરી બતાવ્યો હતો. પોતાના વેપારમાં પૂરી કાળજી ને હુશિયારી બતાવતા. હીરા મોતીની પરીક્ષા ઘણી ઝીણવટથી કરી શકતા. જો કે ઇંગ્રેજી જ્ઞાન તેમને નહોતું છતાં પારિસ વિગેરેના તેમના આડતીયા તરફથી આવેલા કાગળો, તારોના મર્મો તુરત સમજી જતા, ને તેઓની કળા વર્તતાં વાર ન લાગતી. તેમણે કરેલા તર્કો ઘણે ભાગે સાચા પડતા.

આટલી કાળજીને હુશિયારી છતાં વેપારની ધાલાવેલી કે ચિંતા ન રાખતા. દુકાનમાં બેઠા પણ જ્યારે પોતાનું કામ પુરું થઇ રહે એટલે ધર્મપુસ્તક તો પાસે પડયું જ હોય તે ઉઘડે અથવા પેલી પોથી કે જેમાં પોતાના ઉદ્‌ગારો લખતા તે ઉઘડે. મારા જેવા જિજ્ઞાસુ તેમની પાસે રોજ આવ્યા જ હોય. તેમની સાથે ધર્મ ચર્ચા કરતાં આંચકો ન ખાય. વેપાર ને ટાણે વેપાર, ધર્મ ને ટાણે ધર્મ, અથવા એક જ વખતે એક જ કામ એ સામાન્ય ને સુંદર નિયમનું કવિ પાલન ન કરતા. પોતે શતાવધાની હોઇ તેનું પાલન ન કરે તે ચાલે. બીજાઓ તેમનો વાદ્ય કરવા જાય તો બે ઘોડે ચડનાર જેમ પડે તેમ પડે જ. સંપૂર્ણ રીતે ધાર્મિક ને વીતરાગી પુરૂષ પણ જે ક્રિયા જે કાળે કરતો હોય તેમાંજ તે લીન થાય એ યોગ્ય છે એટલું જ નહિં પણ તેને તો એ જ શોભે. એ તેના યોગની નિશાની છે. એમાં ધર્મ છે. વેપાર અથવા એવી કોઇપણ ક્રિયા જો કર્તવ્ય હોય તો તેમાં પણ પૂરી એકાગ્રતા હોવી જ જોઇએ. અંતરમાં આત્મ ચિંતવન તે તો મુમુક્ષુને તેના શ્વાસની પેઠે ચાલવું જ જોઇએ. તેથી એક ક્ષણભર પણ તે વંચિત ન રહે. પણ આત્માને ચિંતવતો છતો જે બાહ્ય કાર્ય કરતો હોય તેમાં ય તે તન્મય રહે જ.

આમ કવિ નહોતા કરતા એમ હું કહેવા નથી ઇચ્છતો. ઉપર જ મેં કહ્યું છે કે પોતે તેમના વેપારમાં પુરી કાળજી રાખતા. એમ છતાં મારી ઉપર એવી છાપ પડી છે ખરી કે કવિએ પોતાના શરીરની પાસેથી જોઇએ તે કરતા વધારે કામ લીધું. એ યોગની અપૂર્ણતા તો ન હોય? કર્તવ્ય કરતાં શરીર પણ જવા દેવું જોઇએ એ નીતિ છે. પણ શક્તિ ઉપરવટ કંઇ વ્હોરી લઇ તેને કર્તવ્ય માનવું એ રાગ છે. એવો અતિ ઉત્તમ રાગ કવિને હશે એમ મને લાગ્યા કર્યું છે.

ઘણી વખત પરમાર્થ દૃષ્ટિએ માણસ શક્તિ ઉપરાંત કામ લે છે ને પછી તેને પહોંચી વળતાં તણાવું પડે છે. એને આપણે ગુણ માનીએ છીએ ને તેની પ્રશંસા કરીએ છીએ.

Aho ! Shrutgyanam

પણ પરમાર્થ એટલે ધર્મ દૃષ્ટિએ જોતાં એમ ઉપાડેલાં કામમાં સૂક્ષ્મ મૂર્છા હોવાનો બહુ સંભવ છે.

જો આપણે આ જગત્માં કેવળ નિમિત્ત માત્ર જ હોઈએ, આ શરીર આપણને ભાડે મળ્યું છે ને આપણે તે વાટે તુરત મોક્ષ સાધવો એ જ પરમ કર્તવ્ય હોય, તો એ માર્ગમાં જે વિઘ્ન કરતા હોય તેનો ત્યાગ અવશ્ય કરવો જ જોઈએ એ જ પારમાર્થિક દૃષ્ટિ બીજી નહિ.

જે દલીલો હું ઉપર કરી ગયો છું તે પણ બીજે રૂપે ને પોતાની જ ચમત્કારી ભાષામાં રાયચંદભાઇ મને સંભળાવી ગયા હતા. એમ છતાં તેમણે કેટલીક ઉપાધિઓ એવી કેવી વ્હોરી કે પરિણામે તેમને સખ્ત માંદગી ભોગવવી પડી?

જો રાયચંદભાઇને પણ પરોપકાર નિમિત્ત મોહે ક્ષણવાર ઘેરી લીધા એ મારી માન્યતા ખરી હોય તો ' **प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति** ' એ શ્લોકાર્ધ અહિં બરોબર બંધ બેસે છે; ને તેનો અર્થ એટલો જ છે. ઇચ્છાપૂર્વક વર્તવાને સારૂ ઉપરના કૃષ્ણ વચનનો ઉપયોગ કોઇ કરતા જણાય છે તે તો કેવળ દુરૂપયોગ છે. રાયચંદભાઇની પ્રકૃતિ તેમને બળાત્કારે ઉંડા પાણીમાં લઈ ગઈ. એવા કાર્યને દોષ રૂપે પણ લગભગ સંપૂર્ણ આત્માને વિષે જ કલ્પી શકાય. આપણે સામાન્ય માણસો તો પરોપકારી કાર્ય પાછળ અવશ્ય ગાંડા બનીએ ત્યારે જ તેને કદાચ પહોંચી વળીએ. આ વિષયને એટલેથી જ સમાપ્ત કરીએ.

એવી પણ માન્યતા જોવામાં આવે છે કે ધાર્મિક માણસો તો એવા ભોળા હોય છે કે તેને બધા છેતરે. તેને દુનિયાની બાબતોની કશી ખબર ન પડે. આ બરોબર હોય તો કૃષ્ણચંદ્ર ને રામચંદ્ર બે અવતારો તે કેવળ સંસારી મનુષ્યોમાં ગણાવા જોઇએ. કવિ કહેતા કે જેને શુદ્ધ જ્ઞાન છે તેને છેતરવો અશક્ય હોવું જોઈએ. માણસ ધાર્મિક એટલે નીતિમાન્ હોય છતાં તે જ્ઞાની ન હોય. પણ મોક્ષને સારુ નીતિ અને અનુભવજ્ઞાનનો સુસંગમ જોઇએ. જેને અનુભવજ્ઞાન થયું છે તેની પાસે પાખંડ નભી જ ન શકે. સત્યની સમીપમાં અસત્ય ન નભી શકે. અહિંસાના સાંનિધ્યમાં હિંસા બંધ થાય. સરળતા જ્યાં પ્રકાશે છે ત્યાં છળ રુપી અંધકાર નાશ પામે છે. જ્ઞાનવાન અને ધર્મવાન, કપટીને જુએ કે તરત તેને ઓળખે અને તેનું હૃદય દયાથી ભીનું થઈ જાય. જેણે આત્માને પ્રત્યક્ષ જોયો છે તે બીજાને ઓળખ્યા વિના કેમ રહે? કવિના સંબંધમાં આ નિયમ હમેશાં ખરો પડતો એમ હું નથી કહી શકતો. કોઇ કોઇ ધર્મને નામે તેમને છેતરી જતા. એવા દાખલા નિયમની અપૂર્ણતા નથી સિદ્ધ કરી શકતા, પણ સંપૂર્ણ શુદ્ધ જ્ઞાન કેવું દુર્લભ છે એ સૂચવે છે.

આમ અપવાદો છતાં વ્યવહારકુશળતા અને ધર્મપરાયણતાનો સુંદર મેળ જેટલો મેં કવિને વિષે જોયો એટલો બીજામાં નથી અનુભવ્યો.

---

Aho ! Shrutgyanam

## પ્રકરણ ૫ મું.

### ધર્મ

રાયચંદભાઇના ધર્મનો વિચાર આપણે કરીએ તેના પહેલાં ધર્મનું સ્વરૂપ જે તેમણે આલેખ્યું હતું તે જોઈ જવું અગત્યનું છે.

ધર્મ એટલે અમુક મતમતાંતર નહિ. ધર્મ એટલે શાસ્ત્રોને નામે ઓળખાતાં પુસ્તકોને વાંચી જવા કે ગોખી જવાં અથવા તેમાં કહેલું બધું માનવું જ એ પણ નહિ.

ધર્મ એ આત્માનો ગુણ છે અને માનવ જાતિને વિષે દૃશ્ય કે અદૃશ્ય રૂપે રહેલો છે. ધર્મ વડે આપણે મનુષ્ય જીવનનું કર્તવ્ય જાણી શકીએ છીએ. ધર્મ વડે આપણે બીજા જીવો પ્રત્યેનો આપણો ખરો સંબંધ ઓળખી શકીએ. આ બધું જ્યાં સુધી આપણે પોતાને ન ઓળખીએ ત્યાં સુધી ન જ બની શકે એ તો દેખીતું છે. તેથી ધર્મ એટલે જે વડે આપણે પોતાને ઓળખી શકીએ તે સાધન.

આ સાધન આપણે જ્યાંથી મળે ત્યાંથી લઈએ. પછી ભલે તે ભારતવર્ષમાં મળો કે યૂરોપથી આવો કે અરબસ્તાનથી. આ સાધનોનું સામાન્ય સ્વરૂપ બધાં ધર્મ શાસ્ત્રોમાં એક જ છે એમ જેણે જૂદાં જૂદાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે તે કહી શકશે. અસત્ય બોલવું કે આચરવું એમ કોઇ શાસ્ત્ર નથી કહેતું. હિંસા કરવી એમ પણ કોઈ શાસ્ત્ર નથી કહેતું. સર્વ શાસ્ત્રોનું દોહન કરતાં શંકરાચાર્યે **'બ્રહ્મસત્યં જગન્મિથ્યા'** કહ્યું. કુરાને શરીફે તેને બીજી રીતે ઈશ્વર એક છે ને તે જ છે, તેના વિના બીજું કશું નથી એમ કહ્યું. બાઇબલે કહ્યું હું ને મારો પિતા એક જ છીએ. એ બધાં એક જ વસ્તુનાં રૂપાંતર છે. પણ આ એક જ સત્યને બીલવવામાં અપૂર્ણ મનુષ્યોએ પોતાનાં જૂદાં જૂદાં દૃષ્ટિબિંદુ વાપરી આપણે સારૂ મોહજાળ રચી છે તેમાંથી આપણે નીકળવું રહ્યું છે. આપણે અપૂર્ણ તે આપણાથી ઓછા અપૂર્ણની મદદ લઇ આગળ જઇએ છીએ અને છેવટે કેમ જાણે અમુક હદ લગી જતાં આગળ રસ્તો જ નથી એમ માનીએ છીએ. હકીકતમાં એવું કાંઈ જ નથી. અમુક હદ પછી શાસ્ત્રો મદદ નથી કરતાં, અનુભવ મદદ કરે છે. તેથી રાયચંદભાઇએ ગાયું છે.

જે પદ શ્રીસર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં
કહી શકયા નહિ તે પદ શ્રી ભગવંતજો
એહ પરમ પદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં
ગજાવગર પણ હાલ મનોરથ રૂપજો—

એટલે છેવટે તો આત્માને મોક્ષ દેનાર આત્મા જ છે.

આ શુદ્ધ સત્યનું નિરૂપણ રાયચંદભાઇએ ઘણી રીતે પોતાના લખાણોમાં કર્યુ છે. રાયચંદભાઈએ ઘણાં ધર્મપુસ્તકોનો સરસ અભ્યાસ કર્યો હતો. તેમને સંસ્કૃત અને

Aho ! Shrutgyanam

માગધી ભાષા સમજતાં જરાએ મુશ્કેલી નહોતી આવતી. વેદાંતનો અભ્યાસ તેમણે કરેલો, તેમ જ ભાગવતનો અને ગીતાજીનો. જૈન પુસ્તકો તો જેટલાં તેમને હાથ આવતાં તે વાંચી જતા. તેમની તે ગ્રહણ કરવાની શક્તિ અથાગ હતી. એક વખતનું વાંચન તે તે પુસ્તકોનું રહસ્ય જાણી લેવાને સારુ તેમને પુરતું હતું.

કુરાન, ઝંદ અવસ્તા ઇ. નું વાંચન પણ અનુવાદો મારફતે તેમણે કરી લીધું હતું.

તેમનો પક્ષપાત જૈન દર્શન તરફ હતો એમ તેઓ મને કહેતા. તેમની માન્યતા હતી કે જિનાગમમાં આત્મજ્ઞાનની પરાકાષ્ટા છે. આ તેમનો અભિપ્રાય મારે આપી જવો આવશ્યક છે. તેને વિષે હું મત આપવા મને તદ્દન અનધિકારી ગણું છું.

પણ રાયચંદભાઇને બીજા ધર્મ પ્રત્યે અનાદાર નહતો. વેદાંત પ્રત્યે પક્ષપાત પણ હતો. વેદાંતીને તો કવિ વેદાંતી જ જણાય. મારી સાથે ચર્ચા કરતાં મને કોઈ દિવસે તેમણે એવું તો કહ્યું જ નહિ કે મારે મોક્ષ મેળવવા સારૂ અમુક ધર્મને અવલંબવો જોઇએ. મારો આચાર વિચારવાનું જ તેમણે મને કહ્યું. પુસ્તકો કયાં વાંચવાં એ પ્રશ્ન ઉઠતાં મારૂં વલણ ને મારા બચપણના સંસ્કાર વિચારી તેમણે મને ગીતાજી વાંચતો તેમાં ઉત્તજન આપેલું, અને બીજાં પુસ્તકોમાં પંચીકરણ, મણિરત્નમાલા, યોગવાસિષ્ઠનું વૈરાગ્યપ્રકરણ, કાવ્યદોહન પહેલો ભાગ, અને પોતાની મોક્ષમાળા વાંચવાનું સૂચવ્યું હતું.

રાયચંદભાઇ ઘણી વેળા કહેતા કે જૂદા જૂદા ધર્મ એ તો વાડાઓ છે તેમાં મનુષ્ય પૂરાઈ જાય છે. જેણે મોક્ષ મેળવવો એ જ પુરુષાર્થ માન્યો છે તેને કોઇ ધર્મનું તિલક પોતાને કપાળે લગાડવાની આવશ્યકતા નથી.

સૂતર આવે ત્યમ તું રહે,
જ્યમ ત્યમ કરિને હરીને લહે.

એ જેમ અખાનું તેમ રાયચંદભાઇનું પણ સૂત્ર હતું. ધર્મના ઝગડાથી તેમને હમેશાં કંટાળો આવતો, તેમાં ભાગ્યે જ પડતા. બધા ધર્મોની ખૂબીઓ પુરી જોઇ જતા ને તે તે ધર્મીની પાસે મૂકતા. દક્ષિણ આફ્રિકાના મારા પત્રવ્યવહારમાં પણ મેં તેમની પાસેથી એજ વસ્તુ મેળવી હતી.

હું પોતે તો એમ માનનારો છું કે સર્વ ધર્મ તે તે ભકતોની દૃષ્ટિએ સંપૂર્ણ જ છે ને સર્વ ધર્મ અન્યની દૃષ્ટિએ અપૂર્ણ છે. સ્વતંત્ર રીતે વિચારતાં સર્વ ધર્મ પૂર્ણપૂર્ણ છે. અમુક હદ પછી બધાં શાસ્ત્રો બંધન રૂપે લાગે છે. પણ એ તો ગુણાતીતની સ્થિતિ થઇ. રાયચંદભાઇની દૃષ્ટિએ તો કોઇને પોતાનો ધર્મ છોડવાની આવશ્યકતા નથી. સહુ પોતાના ધર્મમાં રહી પોતાની સ્વતંત્રતા એટલે મોક્ષ મેળવી શકે છે. કેમ કે મોક્ષ મળવો એટલે સર્વાંશે રાગદ્વેષ રહિત થવું.

---

Aho ! Shrutgyanam

# जैन प्रतिमा-विधान अने चित्रकला

[ लेखक—श्रीयुत नानालाल चमनलाल मेहेता.
आई. सी. એस. डेप्युटी कमिशनर. पर्तापगढ, अवध. ]

[ શ્રીયુત નાનાલાલ મેહેતા ભારતીય ચિત્રકળાના સમર્થ અભ્યાસી છે. એ વિષય ઉપર એમણે અનેક નિબંધો ને લેખો ઇંગ્રેજીના પ્રસિદ્ધ પત્રોમાં લખ્યા છે; અને તે ઊપરાંત **ભારતીય ચિત્રકળાનો અભ્યાસ** Studies in Indian Painting એ નામનું એક મોટું પુસ્તક એમણે હમણાં જ પ્રસિદ્ધ કર્યું છે. કળાકારોના મંડળોમાં એમનું એ પુસ્તક ઘણું આદર પામ્યું છે, અને એ વિષય ઉપર દેશવિદેશના જે નામાંકિત લેખકોનાં સંખ્યાબંધ પુસ્તકો અત્યારસુધીમાં બહાર આવ્યાં છે તે બધામાં એમના પુસ્તક અનેરું સ્થાન મેળવ્યું છે. એમને ભારતીય કળાના ભાવોને નીરખવાની માર્મિક આંખ અને કળાના આત્માના સ્વરૂપને સમજવાની શ્રદ્ધાયુક્ત બુદ્ધિ-બંને યથારૂપ પ્રાપ્ત થએલાં હોવાથી આપણી કળાના આદર્શને એ યથાર્થરૂપે જોઈ-જાણી શકયા છે. શ્રીયુત મહેતા માટે અમને વધારે અભિમાન લેવા લાયક તો એ બાબત છે કે, એ એક સુપૂત ગૂજરાતી છે. ગૂર્જર માતાના વિદ્વાન સંતાનોમાં કળાના સમર્થ અભ્યાસી તરીકે સારૂં નામ એમણે જ પ્રાપ્ત કર્યું કહેવાય. બીજું, વળી, એ જાતે તે જ પોરવાડ વંશના વૈશ્ય છે કે જે વંશમાં વિમલશાહ અને વસ્તુપાલ તેજપાલ જેવા ગૂજરાતના લોકોત્તર કલાપ્રેમી પુરુષો થઇ ગયા અને જેમના કલાપ્રેમે આબુનાં જગવિખ્યાત અને અદ્‌ભુત કલાપૂર્ણ દેવમંદિરોની ગૂજરાતને અમૂલ્ય સમૃદ્ધિ આપી.

અમારા નિમંત્રણને આદર આપી શ્રીયુત મહેતાએ જૈન સા૦ સં૦ માટે જે આ મનનીય લેખ લખી મોકલ્યો તે બદલ વાચકો તરફથી અમે એમનો ખાસ આભાર માનીએ છીએ અને ભવિષ્યમાં પણ આવી રીતે પોતાના જ્ઞાનનો ગૂજરાતી વાચકોને લાભ આપતા રહે તેમ ઇચ્છીએ છીએ.—સં.]

---

ભારતીય સંસ્કૃતિનું હાર્દ ધર્મ છે ને ધર્મને અંગે સમાજની દરેક પ્રવૃત્તિમાં ફેરફાર થાય છે. સાંપ્રદાયિક સિદ્ધાન્તોના ભેદને લઈ એક જ દેશની-એક જ પ્રજાની સભ્યતામાં વિલક્ષણ પરિવર્તન થાય છે અને કાળાન્તરે એમ જણાય છે કે પ્રજાની માનસિક વૃત્તિ આરંભથી જ જાણે કોઈ બીજા જ પ્રવાહમાં તણાઈ, ચાલી આવતી હશે. આપણી લલિતકળાના ઇતિહાસમાં આ નિયમના અનેક વિશદ દૃષ્ટાંતો મળી આવે છે. હિંદુ અને મુસ્લીમ વૈમનસ્યનું મહાકારણ એમની સભ્યતાના મૂળોમાં ગૂઢ રહેલું છે. ધર્મવિરોધ જીવનની અનેક પ્રવૃત્તિઓમાં પથરાઈ ગયો અને વિચારભેદના પાયા ઉપર પ્રજાના માનસિક જીવનનું સૂક્ષ્મરૂપ સર્જાયું. એની વિવિધતા-અસમાનતા ઇમારતોમાં, રહેણીકરણીમાં, કપડાલત્તામાં, સામાજીક વાતાવરણમાં-સહુ જગ્યાએ દૃષ્ટિગોચર થશે. પ્રાચીન ધર્મોની વિવિધતા પણ માત્ર સાંપ્રદાયિક મતાંતરોમાં ન સમાતાં જીવનના દરેક અંગોમાં પ્રસરી ગઇ છે.

નંદવંશના રાજ્યકાળથી લગભગ ઇસ્વી સનના પંદરમા સૈકાસુધીના આપણી શિલ્પકળાના નમૂના વિદ્યમાન છે. જુના વખતમાં મૂર્તિવિધાન અને ચિત્રાલેખન સ્થા-

Aho ! Shrutgyanam

પત્યને અંગે–એના આભૂષણરૂપે વિકાસ પામ્યાં હતાં. લલિતકલામાં, આપણું સ્થાપત્ય ને પ્રતિમાનિર્માણ, આમ કલાની તવારીખમાં વિશેષ મહત્ત્વનાં છે. એમાં યે ખાસ કરીને મૂર્તિવિધાન તો આપણી સંસ્કૃતિનું, આપણી ધર્મભાવનાનું, અને વિચાર પરંપરાનું મૂર્ત સ્વરૂપ છે. આરંભથી લઈ મધ્યકાલીન યુગના અંત સુધી આપણા શિલ્પકારોએ એમની ધાર્મિક ને પૌરાણિક કલ્પનાનું, અને હૃદયની પ્રાકૃત ભાવનાનું દિગ્દર્શન કરાવ્યું છે.

જૈન ધર્મ નિવૃત્તિ–પ્રધાન ધર્મ છે ને એનું પ્રતિબિંબ, એના મૂર્તિવિધાનમાં આદિકાળથી લઈ છેવટ સુધી એક જ રીતે પડેલું મળી આવે છે. ઈ. સ. ના આરંભની કુશાણુ-રાજ્ય કાળની જે જૈન પ્રતિમાઓ મળી આવે છે તેમાં, અને સેંકડો વર્ષ પછી બનેલ મૂર્તિઓમાં બાહ્ય દૃષ્ટિએ બહુ જ થોડો ભેદ જણાશે. જૈન અર્હંતની કલ્પનામાં શ્રી મહાવીર સ્વામીના વખતથી માંડીને શ્રી હીરવિજયસૂરિના કાળ સુધીમાં કોઈ ઊંડો ફેરફાર થયો જ નહિ. એથી જેમ બૌદ્ધ કલાની તવારીખમાં, મહાયાનવાદના પ્રાદુર્ભાવથી જેમ ધર્મનું અને એને લઈ તમામ સભ્યતાનું રૂપ જ બદલાઈ ગયું, તેમ જૈન લલિતકલાના ઈતિહાસમાં બનવા ન પામ્યું. અને તેથી જૈન મૂર્તિવિધાનમાં વિવિધતા–અનેકરૂપતા ન આવી. મંદિરનો ને મૂર્તિઓનો વિસ્તાર તો ઘણો જ વધ્યો, પણ વિસ્તારની સાથે વૈવિધ્યમાં કે ગંભીરતામાં વધારો ન થયો. પ્રતિમાના લાક્ષણિક અંગો લગભગ બે હજાર વર્ષ સુધી એક જ રૂપમાં કાયમ રહ્યા ને જૈન કેવલીની ઉભી કે આસીન મૂર્તિમાં લાંબા કાળના અંતરે પણ વિશેષ રૂપભેદ થવા ન પામ્યો. જૈન મૂર્તિઓ ઘડનારા સદા ઘણુંભાગે હિંદવાસી જ હતા, પણ જેમ ઇસ્લામી શહેનશાહતના વખતમાં આપણા કારીગરોએ ઇસ્લામને અનુકૂળ ઇમારતો બનાવી, તેમ જ પ્રાચીન શિલ્પીઓએ પણ જૈન અને બૌદ્ધ પ્રતિમાઓમાં તે તે ધર્મની ભાવનાઓને અનુસરીને પ્રાણ કુંકયો. જૈન તીર્થંકરની મૂર્ત વિરક્ત, શાંત, ને પ્રસન્ન હોવી જોઈએ. એમાં મનુષ્ય હૃદયના નિરંતર વિગ્રહને માટે–એની અસ્થાયી લાગણીઓ માટે, સ્થાન હોય જ નહિ. જૈન કેવલીને આપણે નિર્ગુણ કહીએ તો પણ ખોટું નહિ. એ નિર્ગુણતાને મૂર્ત શરીર આપતાં સૌમ્ય ને શાંતિની મૂર્તિ જ ઉદ્ભવે, પણ એમાં સ્થૂલ આકર્ષણ કે ભાવની પ્રધાનતા ન હોય. એથી જૈન પ્રતિમા એની મુખમુદ્રા ઉપરથી તરત જ ઓળખી શકાય છે. ઊભી મૂર્તિઓના મુખ ઉપર પ્રસન્નભાવ અને હાથ શિથિલ–લગભગ ચેતન રહિત સીધા લટકતા હોય છે. નગ્ન ને વસ્ત્રાચ્છાદિત પ્રતિમાઓમાં વિશેષ ફરક હોતો નથી. પ્રાચીન શ્વેતાંબર મૂર્તિઓમાં પ્રાયઃ એક કટિ-વસ્ત્ર નજરે પડે છે. આસીન પ્રતિમા સાધારણ રીતે ધ્યાનમુદ્રામાં ને વજ્રાસનમાં મળી આવે છે. તેઓના બન્ને હાથ ખોળામાં ઢીલી રીતે ગોઠવાયેલા હોય છે. હસ્તમુદ્રા સિવાય બીજી બધી બાબતો લગભગ બૌદ્ધ મૂર્તિઓને મળતી આવે છે. ૨૪ તીર્થંકરોનાં પ્રતિમાવિધાનમાં વ્યક્તિભેદ ન હોવાથી લક્ષણાંતરને લઈને જ આપણે મૂર્તિઓને જૂદા-જૂદા તીર્થંકરના નામે ઓળખી શકીયે. આસન ઉપર સાધારણ રીતે તીર્થંકરનું લાક્ષણિક ચિહ્ન કે વાહન ચિત્રિત હોય છે.

Aho ! Shrutgyanam

બૌદ્ધ તમ જ બ્રાહ્મણ પ્રતિમા વિધાનની ખાસ ખૂબી એની ભાવવાહી હસ્તમુદ્રાઓમાં હોય છે. જૈન પ્રતિમાઓમાં આનો બિલ્કુલ જ અભાવ હોય છે. કારણ કેવલીની આદર્શ કલ્પના સૃષ્ટિમાં પૂર્ણ નિવૃત્તિ સિવાય અન્ય ચંચલ ભાવોને સ્થાન જ નથી. મધ્યકાલીન જૈન મૂર્તિઓમાં ઊર્ણા ને ઉષ્ણીષ કપાળ અને મસ્તક ઉપર અંકિત કરવાની બૌદ્ધ પ્રથા દાખલ થઈ. વક્ષઃસ્થળમાં શ્રીવત્સનું ચિહ્ન પણ અંકાવા લાગ્યું. આ બધા ફેરફાર નજીવા હતા ને એથી જૈન મૂર્તિની લાક્ષણિક રચનામાં કાંઈ જ પરિવર્તન થયું નહિ. આદર્શની એકતાને લઈ વૈવિધ્ય વધ્યું નહિ, કળાની દૃષ્ટિએ વિકાસ થયો નહિ. પરંતુ ભાવિકની દૃષ્ટિયે તો પ્રાચીન સત્યની નિખાલસ શુદ્ધિ ઠીક જળવાઈ રહી એમ જ સમજવું જોઈએ. પણ શિલ્પકારની પ્રતિમા-નિર્માણ શક્તિ સાંપ્રદાયિક સિદ્ધાંતના સંકુચિત ક્ષેત્રમાં સર્વથા લુપ્ત તો ન જ થઈ. વિવિધતા અશક્ય હતી, પણ પરિમાણ અપરિમિત હતું. તેથી શ્રવણ બેલ્ગોલા જેવી અનુપમ મૂર્તિ બનાવી શિલ્પીનો રસાત્મા સંતોષાયો. તીર્થંકરોની સાદી પ્રતિમાઓના આવાસગૃહો સજવામાં ને શણગારવામાં જૈન નહિ, પણ જૈનાશ્રિત કલાએ, કાંઈ જ બાકી રાખી નથી. હિંદુસ્તાનના ચારે ખૂણામાં જૈનમંદિરોની અદ્વિતીય ઇમારતો હજી ઉભી છે. દક્ષિણના મૈસુર રાજ્યમાં હસન જીલ્લાના બેલુરના મંદિરો મધ્યકાલીન જૈન વૈભવની સાક્ષી પૂરી રહ્યાં છે. ગૂજરાતના આબુના મંદિરો વિશે તો લખવું જ નકામું છે. મધ્ય-પ્રાંતના છત્તરપુર રાજ્યના ખજાહોમાં નવમા સૈકાથી લઈ અગ્યારમા સૈકા સુધીના ઘણા સુંદર દેવાલયો વિદ્યમાન છે ને કાળા પત્થરની અનેક જૈન પ્રતિમાઓ ખંડિત, અખંડિત ઠેર ઠેર નજરે પડે છે. મધ્યકાલીન જૈન પ્રતિમા-નિર્માણમાં સજીવતાનો અંશ ઓછો જણાય છે. જો કે તીર્થંકરોની મૂર્તિકલામાં નિર્જીવતાનો-કલા દૃષ્ટિએ ભાવવિહીન એકતાનો આરોપ મૂકી શકાય એમ છે. તો પણ એ દોષારોપણ પૌરાણિક મૂર્તિવિધાન સંબંધી અસ્થાને છે. જૈન ધર્મને અંગે હિંદની પૌરાણિક કથાઓમાં બહુ જ થોડું પરિવર્તન થયેલું છે. મુખ્ય ભેદ તો એટલો જ લાગે છે, કે બ્રાહ્મણ દેવતાઓ જૈન અર્હત્ ને કેવલીઓની સમક્ષ ગૌણ સ્થાન પામે છે. એટલે જૈન દેવસ્થાનોમાં હિંદુઓના સહુ દેવતાઓની પ્રતિમાઓ મળી આવે છે ને મધ્યકાલીન યુગમાં જ્યારે વામમાર્ગને લઈને કે બીજા કારણોને લઈને બ્રાહ્મણમંદિરોમાં અતિ અશ્લીલ વિષયોને સ્થાન મળતું હતું, ત્યારે જૈન દેવાલયોમાં શુદ્ધ, સાત્વિક અને પવિત્ર ભાવનામયી સુંદર મૂર્તિકલાને આશ્રય મળતો હતો. ખજાહોના કે મૈસુરના બેલુરમંદિરો જોતાં જૈન મંદિરોની પવિત્ર ભાવનાનો તરત ખ્યાલ આવશે. એમાં સ્વચ્છન્દતા અને અનિયંત્રિત વિલાસિતાને દેવવિભૂતિઓને બહાને પણ સ્થાન મળ્યું નથી. સૌંદર્યની નજરે જૈન મંદિરોની પ્રધાનમૂર્તિઓ-મુખ્ય તીર્થંકરોની પ્રતિમાઓ મહત્ત્વની નથી લાગતી; પરંતુ મંદિર બહારની ભીંતોના આભરણરૂપે રચાયેલી જે અન્ય દેવતાઓની પ્રતિમાઓ હોય છે, તે આકર્ષક હોય છે. તીર્થંકરોની મૂર્તિઓમાં એક જાતની નિર્દ્વન્દ્વતા ને ભવ્યતાના ગુણો પ્રતીત થાય છે, અને ખાસ કરીને મધ્ય-કાલીન ધાતુબિંબોની કારીગરી આંખને મોહ પમાડે એવી હોય છે. આવી એક સુંદર

Aho ! Shrutgyanam

પ્રતિમા અમદાવાદના ઝવેરીવાડના અજીતનાથના મંદિરમાં મોજુદ છે. એના ઉપર અંકિત લેખ ઉપરથી જણાય છે કે એની પ્રતિષ્ઠા સંવત્ ૧૧૧૦ ના ચૈત્ર સુદી ૧૩ ને દિવસે થઇ હતી. [ આ સુંદર મૂર્તિનો ફોટોગ્રાફ પ્રથમ પૃષ્ઠ સામે જ આપેલો છે. સં. ] આ ઉપર મ્હેં હાલમાં જ ઇન્ડીઅન એન્ટીકવેરીમાં એક સચિત્ર લેખ લખ્યો છે.

આસીન મૂર્તિઓ કરતાં મને ઊભી પ્રતિમાઓ વધારે ગમે છે. પણ બન્નેમાં ખાસ નોંધવા જેવી વિશેષતા તો એમની એક-લક્ષ્યતા છે. એલોરાની નવમા સૈકાની જૈન પ્રતિમાઓમાં તથા બેલુરની કે ખજાહોની કે આબુની ૧૧ મી શતાબ્દીની મૂર્તિઓમાં કોઇ પણ જાતનો લાક્ષણિક ભેદ નથી. જૈનાશ્રિત કલાનો પ્રધાન ગુણ એના અંતર્ગત ઉલ્લાસમાં કે ભાવનાલેખનમાં નથી. એની મહત્તા, એની કારીગરીની ઝીણવટમાં, ઉદાર શુદ્ધિમાં, એક પ્રકારની બાહ્ય સાદાઇમાં રહેલી છે. જૈન કલા વેગપ્રધાન નહિ, પણ શાંતિમય છે. સૌમ્યતાનો પરિમલ, જૈન મંદિરોના પ્રસિદ્ધ સુગંધિત દ્રવ્યોની પેઠે, સર્વત્ર મ્હેકે છે. એમની સમૃદ્ધિમાં પણ ત્યાગની શાંત ઝળક દીપે છે. અમદાવાદના હઠીસિંહની વાડીના ૧૯ મી સદીના મંદિરોના મંડપોમાં સુંદર નર્તકીઓના પુતળાં જોઈ મ્હેં ત્યાં મળેલા ભાવિક જૈનોને એ વિલાસિતાના ચિત્રાલેખનનું પ્રયોજન પૂછ્યું. ત્યારે સહુથી સંતોષકારક ઉત્તર એક નવયુવક તરફથી એવો મળ્યો કે જ્હારના મંડપોમાં ઋદ્ધિને સિદ્ધિ મૂર્તિમંત આલેખવાનું પ્રયોજન એટલું જ હતું કે ત્યાગીને એ સહુ વસ્તુઓ શક્ય છતાં ત્યાજ્ય હોઇ જ્હાર જ પ્રવર્તે છે. આ જ ઉદ્દેશને અનુસરી જૈન સ્થાપત્યના અનુપમ વૈભવમાં પણ ત્યાગની અનન્ય શાંતિ છુપાયેલી છે.

અહીં જૈન ચિત્રકલા વિશે પણ બે શબ્દો લખવા અનુચિત નહિ ગણાય. ખરી રીતે જૈન ચિત્રાલેખનને જૈન ન કહેતાં ગૂજરાતી કહેવું વધારે સપ્રમાણ છે. પણ સાથે એમ કહેવું પણ પ્રાપ્ત થાય છે કે જે કાંઈ મધ્યકાલીન યુગના ચિત્રાવશેષો આપણને મળી આવે છે તે પ્રાયઃ જૈન કલ્પસૂત્રોના અથવા અન્ય જૈન ગ્રંથોના જ નમૂના હોય છે. ચિત્રિત કલ્પસૂત્રમાં પ્રત્યક્ષ થતી કળા આપણા જુના ભિત્તિચિત્રો ઉપરથી ઉતરી આવેલી છે, એ તો સ્પષ્ટ છે. પણ એમાંથી પ્રાયઃ બાહ્ય આકર્ષણ, ભાવ-વાહિતા લુપ્ત થઈ ગયાં જણાય છે. માત્ર કથાના પ્રસંગો આલેખનદ્વારા કહેવાનો પ્રધાન ઉદ્દેશ જણાય છે. એમાં લાલિત્યનો અભાવ, એક જાતની કૃત્રિમતા, ને નિર્જીવતા દીસે છે. એમ લાગે છે કે મધ્યકાલીન યુગમાં સ્થાપત્યને મૂર્તિવિધાનનો વિશેષ વિકાસ થયો અને ચિત્રકળા ગૌણ બની. ભિત્તિચિત્રો જ્હાનાં ચિત્રપટ રૂપે રૂપાંતર પામ્યાં ને ક્ષેત્રની સંકુચિતતા સાથે કલ્પનાશક્તિનો-કારીગરીની ઝીણવટનો પણ હ્રાસ થયો. ૧૩ મા સૈકાના પહેલાંનાં ચિત્રો તો બિલકુલ અપ્રાપ્ય છે. એલોરાના જૈન મંદિરોમાં પણ ચિત્રકળાનો ઉપયોગ થયો હોય એમ લાગતું નથી. ૧૧ મા ને ૧૨ મા સૈકાની વચ્ચેની આપણી જૈન કે ગૂજરાતી કળાનું જે સ્વરૂપ હતું, તે જાણવાને માટે હજી સુધી સાધન જ નથી. જૈન ભંડારોમાં કદાચ સામગ્રી હશે.

Aho ! Shrutgyanam

# શ્રી ઉમાસ્વાતિવાચક અને તત્ત્વાર્થાધિગમ સૂત્ર

[ લે૦ શ્રીયુત ચીમનલાલ દલસુખરામ શાહ. બી. કોમ. ]

તત્ત્વાર્થ ભાષ્યના અંતે આપેલી પ્રશસ્તિ ઉપરથી જણાય છે કે શ્રી ઉમાસ્વાતિ ઉચ્ચ નાગરી શાખાના હતા. તેઓશ્રી ન્યગ્રોધિકા ગામમાં જન્મ્યા હતા, તેમની માતાનું નામ ઉમા અને પિતાનું નામ સ્વાતિ હતું. તેઓએ પોતાનો એ ગંભીર ગ્રંથ કુસુમપુર અર્થાત્ પટણા કે પાટલીપુત્રમાં રચ્યો હતો. ઉચ્ચનાગરી શાખા શ્રી આર્યદિન્નસૂરિના શિષ્ય શ્રી આર્ય-શાંતિના સમયે નીકળી. શ્રી આર્યદિન્નસૂરિ વીરાત ૪૨૧ માં થયા, અને શાખા તે પછી નીકળી હોવાથી તે પહેલાં શ્રી ઉમાસ્વાતિ થયા સંભવતા નથી.

દિગંબર સંપ્રદાય ઉપરોક્ત ગ્રંથ તેમની પરંપરામાં થયેલા શ્રી ઉમાસ્વામીનો બનાવેલો માને છે. ભાષ્ય તેમણે જ બનાવ્યું છે તેમ તેઓ માનતા નથી. તેમના માનવા પ્રમાણે તેમનો જન્મ વીરાત ૭૧૪, દીક્ષા ૭૩૩, સૂરિપદ ૭૫૮ અને સ્વર્ગારોહણ ૭૯૮ ગણાય છે. શ્વેતાંબર સંપ્રદાય, ઉક્તગ્રંથ અને ભાષ્ય તેમની પરંપરામાં થયેલ શ્રી ઉમા-સ્વાતિનાં બનાવેલાં માને છે. આ સંબંધમાં ઉપરોક્ત પ્રશસ્તિ સિવાય અન્ય કોઇ આધાર નથી, અને જે બીજાં સાધનો છે તેના આંકડાં તૂટતાં છે, તે મેળવીને એકાકાર કરવાનું કાર્ય પુરાતત્ત્વવિદોનું છે. તે કયારે બનશે તે તો ભાવીના ગર્ભમાં છે.

તેઓશ્રીના જીવન સંબંધી કાંઇ સામગ્રી ન મળી શકતી હોવાથી તેમણે કયારે ગૃહત્યાગ કર્યો અને કેવી રીત ત્યાગી જીવન ગાળ્યું; તે જાણી શકાય એમ નથી. આમ છતાં તેઓશ્રી પાંચસો પ્રકરણના રચનાર હતા, જેમાંના પ્રશમરતિ, જંબૂદ્વીપ સમાસ પ્રકરણ, પૂજા પ્રકરણ, શ્રાવકપ્રજ્ઞપ્તિ, ક્ષેત્રવિચાર, તત્ત્વાર્થાધિગમ સૂત્ર આદિ ઉપલબ્ધ ગ્રંથો છે. આથી જ્ઞાન વિષયક તેમની ઉપાસના કેટલી તીવ્ર હતી અને તે દ્વારા તેમણે કેવી સાહિત્ય સેવા કરી તે સ્પષ્ટ થાય છે. પ્રકરણની રચનામાં અર્થાત્ સંગ્રહકર્તાઓમાં તો તેઓશ્રી અદ્વિતીય હતા. તેમની ગ્રંથ રચના કેવા પ્રકારની હતી, તેમાં કયા કયા વિષયો હતા અને તેમણે કયી કયી પદ્ધતિએ તે વસ્તુની ગુંથણી કરી, તે વસ્તુ અત્યારના વિજ્ઞાન સાથે સરખાવી શકાય તેવી છે કે કેમ–તે સર્વનો ખ્યાલ શ્રી તત્ત્વાર્થસૂત્રની સમાલોચના દ્વારા રજુ કરવો તે આ લેખિનીનો નમ્ર પ્રયત્ન છે. આ અર્થે તે ગ્રંથનું સાદ્યંત સંક્ષિપ્ત અવલોકન, તેમાંના એક અજીવ વિભાગ સંબંધી અત્યારના એક પ્રખર હિંદી વિજ્ઞાન શાસ્ત્રીએ લખેલા શબ્દો અને તે ગ્રંથમાં ચર્ચાયેલી વિજ્ઞાનની શાખાઓનું સ્પષ્ટીકરણ કરવું આવશ્યક છે.

ગ્રંથ શરૂ કરતાં પહેલાં આમુખ (Introduction) તરીકે ૩૨ શ્લોકની સંબંધ કારિકા ગ્રંથકારે ગૂંથી છે; તેમાં છ પ્રકારના જીવની ભાવ શ્રેણિ બતાવી તેવો જીવાના પ્રયત્ન

Aho ! Shrutgyanam

હોઈ શકે તે બતાવે છે. આગળ વધતાં ઉત્તમોત્તમ પુરુષ પૂજનીય શા કારણે છે, અને તેવા પૂજનીય પુરુષની પૂજા કરવાથી શું લાભ પ્રાપ્ત થાય, તે સ્પષ્ટ કરી, ભાવપૂર્વક મિત શબ્દોમાં શ્રી વીરનું ચરિત્ર મૂકી તેમને વંદન કરી, ગ્રંથ કરવાનું પ્રયોજન જણાવે છે. એ જણાવતાં પોતે જે નમ્રતાથી પોતાની લઘુતાનું ચિત્ર દોરે છે તે તો જ્ઞાનના સાગર જેવા તેઓશ્રી પ્રત્યે અસાધારણ માન ઉત્પન્ન કર્યા વિના રહેતું નથી. પછી મોક્ષ માર્ગના ઉપદેશની જરૂર શાથી છે તે સ્પષ્ટ કરી ગ્રંથના વિષયમાં પ્રવેશ કરે છે.

પ્રથમ અધ્યાયમાં મોક્ષ માર્ગના સાધનરૂપ રત્નત્રય બતાવી તેની પ્રાપ્તિના સાધન તરીકે સાત તત્ત્વો, ચાર નિક્ષેપ, પ્રમાણ, નય, નિર્દેશ અને અનુયોગદ્વાર બતાવી, જ્ઞાન, અજ્ઞાન અને નયનું સ્વરૂપ બતાવે છે. બીજા અધ્યાયમાં અધ્યવસાયો, તેનાં ભેદ અને લક્ષણ, ઇન્દ્રિયો, ગતિ, યોનિ, શરીર અને આયુષ્ય આદિ સ્પષ્ટ કરી, ત્રીજા અધ્યાયમાં નારકભૂમિ, નારકજીવોની દશા ઉપરાંત મનુષ્ય ક્ષેત્રનું વર્ણન તેમ જ મનુષ્ય અને તિર્યંચનો અધિકાર વ્યક્ત કરે છે. ચોથા અધ્યાયમાં દેવનો અધિકાર અને જુદા જુદા જીવોના આયુષ્યનું વર્ણન છે. આ પ્રમાણે ચાર અધ્યાયમાં જીવ સ્વરૂપ પુરું કરી પાંચમા અધ્યાયમાં અજીવ, તેના ભેદો, દ્રવ્યની વ્યાખ્યા અને લક્ષણ આદિનું સ્વરૂપ આપ્યું છે. છઠ્ઠા અધ્યાયમાં આશ્રવના સાધન તરીકે મન, વચન અને કાય યોગ બતાવી આઠ કર્મનું પરિણામ ચિત્ર દોર્યું છે. સાતમા અધ્યાયમાં પાંચ મહાવ્રત, તે દૃઢાવવા માટેની ભાવના, બાર અણુવ્રત, દરેક વ્રતની વ્યાખ્યા અને તેના અતિચાર સ્પષ્ટ કરી બે પ્રકારના ધર્મ ( ગૃહસ્થ અને ત્યાગ )નું સ્વરૂપ સમજાવ્યું છે. આઠમા અધ્યાયમાં બંધતત્ત્વની વિચારણા કરતાં તેના હેતુ, આઠ કર્મોની સત્તાણુ ઉત્તર પ્રકૃતિ, કર્મની સ્થિતિ, તેના વિપાક ( પરિણામ–અનુભવ ) અને પ્રદેશ બંધની ચર્ચા કરી છે. નવમા અધ્યાયમાં સંવર અને નિર્જરાનું સ્વરૂપ બતાવતાં ત્રણ ગુપ્તિ, પાંચ સમિતિ, દશ પ્રકારનો ત્યાગ ધર્મ, બાર ભાવના અને બાવીશ પરિષહ બતાવી, કયા સમયે કયા પ્રકારના જીવને કયા પરિષહ હોય તેનું સ્પષ્ટીકરણ કર્યું છે. વળી પાંચ પ્રકારના ચારિત્ર, અને બાર પ્રકારના તપનું સ્વરૂપ બતાવી પાંચ પ્રકારના નિર્ગ્રંથ કેવા હોય છે તે કહી; દશમા અધ્યાયમાં કેવળ જ્ઞાન પ્રાપ્તિથી શરૂ થતી જીવન્મોક્ષ દશા સૂચવી સર્વ કર્મના ક્ષય રૂપ મોક્ષ દશા બતાવી છે. છેવટે ૩૨ શ્લોક દ્વારા જીવનો વિકાસક્રમ, ઉપસંહારમાં સૂચવી, ભાષ્યાન્તે પોતાની પ્રશસ્તિ આપી છે. આ જોતાં સ્પષ્ટ થાય છે કે દશમા અધ્યાયમાં મુક્ત જીવનું, પાંચમામાં અજીવનું, અને બાકીના અધ્યાયોમાં સંસારી જીવનું સ્વરૂપ છે જે પાંચમા અને દશમા અધ્યાયની પૂર્તિરૂપ છે.

ઉક્તગ્રંથની શ્લોક સંખ્યા ૧૯૮ છે, પણ વિભક્ત સૂત્રોમાં ગણતાં શ્વેતાંબર મન્તવ્ય પ્રમાણે ૩૪૪ અને દિગંબર મન્તવ્ય પ્રમાણે તે ૩૫૭ છે. શ્વેતાંબર મન્તવ્ય પ્રમાણે તેમનું રચેલું ભાષ્ય ૨૨૦૦ શ્લોક પ્રમાણ છે.

Aho ! Shrutgyanam

હિન્દના પ્રખર વિજ્ઞાનશાસ્ત્રી શ્રી પ્રફુલચંદ્ર રૉએ પોતાના 'હિન્દુ રસાયણ શાસ્ત્રના ઇતિહાસ'ના બીજા પુસ્તકના (History of Hindu Chemistry Vol II.) પૃષ્ઠ ૧૭૮ થી ૧૮૫ માં શ્રી ઉમાસ્વાતીના તત્વાર્થાધિગમસૂત્રમાંથી જે ઉલ્લેખ કરેલો છે તેનો સાર આ પ્રમાણે છેઃ—

"જૈનોના નવ તત્ત્વમાંના અજીવતત્ત્વના પાંચ વિભાગ છે; તેમાંના ચાર અધર્માસ્તિકાય (Fulcrum of motion), અધર્માસ્તિકાય, (Fulcrum of stationariness), આકાશાસ્તિકાય ( space ) અને કાલ ( Time ) આ ચાર અમૂર્ત ( immaterial ) છે; જ્યારે પાંચમું પુદ્ગલ મૂર્ત ( material-possessing figure) છે. આ પુદ્ગલ તે ગતિ (Energy) નું નિર્વાહક છે. અજીવ કાંતો દ્રવ્ય (Entity) અગર પર્યાય (change of state in the entity) છે. તાત્ત્વિક દૃષ્ટિ વિરુદ્ધ સ્વાભાવિક દૃષ્ટિ પૂરી પાડવી જરૂરી છે તે આ સ્પષ્ટ કરે છે. પુદ્ગલના બે પ્રકાર છેઃ ( ૧ ) અણુ અને ( ૨ ) સ્કંધ. જૈનો સ્કંધ કે જે પ્રદેશોનો સમુદાય છે ત્યાંથી શરૂ કરે છે, જે ભેદાતાં અણુમાં જુદા પડે છે; એટલે કે **भेदादणुः**. સ્કન્ધ ત્રણ પ્રકારે બને છે ભેગા મળવાથી, જુદા પડવાથી અને ભેગા તેમ જ જુદા પડવાથી; એટલે **संघातात्, भेदात्** અને **संघातभेदात्**. અણુના વિભાગ થઈ શકતા નથી, તેથી તેની શરૂઆત કે અંત નથી એટલે તે નિત્ય છે. અણુ કદ વગરનો છે એટલું જ નહિ પણ તે શાશ્વત અને સ્વતંત્ર છે. સ્કંધ દ્વ્યણુક ( બે અણુના ) થી માંડીને અનન્તાણુક (અનન્ત અણુના) સ્કંધ સુધી જુદા જુદા હોય છે. બે અણુના સ્કંધને દ્વ્યણુક કહે છે, ત્રણનો સ્કંધ તે ત્ર્યણુક છે; એમ વધતાં વધતાં અનન્તાણુક સુધી જાય છે. ચઢતી સંખ્યા આ પ્રમાણે છેઃ (૧) ગણત્રી થઇ શકે તેવી તે સંખ્યેય, (૨) અગણનીય મોટી એવી અસંખ્યેય, (૩) અનન્ત અને (૪) અનન્તાનન્ત.

પુદ્ગલના ગુણ બે પ્રકારે છેઃ (૧) જે પરમાણુ અને સ્કંધમાં હોય તે; (૨) જે માત્ર સ્કંધમાં હોય તે. સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ પ્રથમના વર્ગમાં ગણાય છે. પરમાણુના ગુણ અનુભવગમ્ય નથી, પરંતુ પરિણામ પામેથી અનુભવગમ્ય બને છે; એટલે પરમાણુના ગુણમાં શક્તિ છે પણ તે વ્યક્ત નથી. તે એક ગંધ, એક વર્ણ અને બે સ્પર્શવાળો હોય છે. પ્રથમ તો રૂક્ષ ( બરછટો ), સ્નિગ્ધ ( ચીકણો ), ઉષ્ણ ( ગરમ ), અને શીત ( ઠંડો ) એ બે જોડલામાંથી એક એક સ્પર્શ હોય છે; જ્યારે રસ, ગંધ, અને વર્ણ તેના સંબંધી હોય છે. બીજા વર્ગના સ્કંધ (દ્વ્યણુકથી માંડીને અનન્તાનન્તાણુક) ઉપરોક્ત ગુણ ઉપરાંત નીચેના વ્યક્ત ગુણો ધરાવે છેઃ (૧) શબ્દ (૨) બંધ (૩) ભેદ (૩) સૂક્ષ્મતા (૪) સ્થૂલતા (૫) આકાર (૬) તમઃ ( અંધકાર–કાળાશ ) (૭) પ્રતિબંધ પાડવાની શક્તિ (૮) આતપ (Radiant heat) અને (૯) ઉદ્યોત (Radiant light)

કઠણ અને નરમ, ભારે અને હલકું, ગરમી અને ઠંડી, અને બરછટું અને ચીકણું: આ આઠ સ્પર્શ છે; તેમાંના ગરમી અને ઠંડીની તરતમતા અને ચીકાશ અને

Aho ! Shrutgyanam

ખરબચડાપણામાંની તરતમતામાંના દરેકમાંથી એક એક અણુમાં હોય છે. આ ઉપરાંત બાકીના ચારની તરતમતા કે સંબંધ દ્વ્યણુકથી માંડી અનન્તાનન્તાણુક સ્કંધમાં હોય છે. જૈનો એમ માને છે કે આકર્ષણ શક્તિ પરમાણુઓના બંધથી થતી હોય છે. રસ (સ્વાદ) પાંચ છેઃ કડવો, કષાયલો, તીખો, ખાટો અને ગળ્યો. ખારો સ્વાદ જે મીઠાનો છે તે કેટલાક માને છે કે મીઠા સ્વાદમાં ફેરવી શકાય છે જ્યારે બીજા તે મિશ્ર સ્વાદ માને છે. સુગંધ અને દુર્ગંધ બે ગંધ છે. મૂળ રંગ પાંચ છેઃ લાલ, પીળો, લીલો, ધોળો અને કાળો. શબ્દના છ પ્રકાર છેઃ તત, વિતત, ઘન, સુષિર, વર્ષા અને ભાષા.

જૈનો પ્રત્યે અતિ આવશ્યક ઋણ તેમના પરમાણુવાદને લઈને છે, જેમાં પરમાણુ અને સ્કંધનું પૃથક્કરણ છે. જૈનો માને છે કે જુદા જુદા તત્ત્વ કે ભૂતો એક જ પ્રકારના મૂળ પરમાણુમાંથી પરિણામ પામેલા હોય છે. આમ હોવાથી સ્વાભાવિક શક્તિ, કે જે રાસાયનિક મિશ્રણોમાં અગત્યનો ભાગ ભજવે છે તે જાતિ તરીકે મૂળ પરમાણુઓમાં જુદી નથી, તે બતાવે છે. બંધ થવામાં માત્ર સંયોગ પુરતો નથી, મિશ્રણ થતાં પહેલાં પરમાણુ કે પ્રદેશનો સંબંધ થવો જરૂરી છે. સામાન્યતઃ પુદ્ગલનો એક અંશ સક્રિય અને બીજો અંશ અક્રિય હોવો જોઇએ–એટલે કે તે વિષમ ગુણવાળા (positive and negative qualities) હોવા જોઇએ અર્થાત્ બે અંશો સ્વતંત્ર વિરુદ્ધ ગુણવાળા હોવા જોઇએ તો જ સંબંધ થઇ શકે. આમ વિરુદ્ધ ગુણવાળા અંશો હોવા છતાં પણ જો તે વિરુદ્ધ ગુણ નરમ પ્રકૃતિના હોય અર્થાત્ જઘન્ય ગુણવાળા હોય તો સંબંધ ન થાય. વળી સમાન ગુણ અર્થાત્ સરખી પ્રકૃતિના વિરુદ્ધ ગુણવાળા બે અંશોનો પણ સંબંધ થઇ શકતો નથી. જ્યારે એક અંશના ગુણની પ્રકૃતિ કરતાં બીજાના વિરુદ્ધ ગુણની પ્રકૃતિ બમણી કે વધારે હોય ત્યારે સંબંધ થઇ શકે છે. દરેક બાબતમાં આ સંબંધના પરિણામે બંને અંશોમાં ફેરફાર થાય છે અને તે સ્કંધના ગુણ તે સંબંધના સ્વભાવ પર અવલંબે છે. જ્યારે સમાન પ્રકૃતિના પણ વિરુદ્ધ ગુણવાળા પુદ્ગલના અંશોની સમાન પ્રકૃતિમાં તરતમતા થાય છે ત્યારે તે પણ સંબંધ બાંધી શકે છે. વિશેષ પ્રકૃતિવાળો અંશ ઓછી પ્રકૃતિવાળા અંશપર અસર કરે છે. અંશના ગુણમાં જે ફેરફાર થાય છે તે આ સંબંધને લઇને બને છે. આ વસ્તુ સામાન્ય જણાશે છતાં અત્યંતસૂચક છે અને તે ઘસવાથી સ્નિગ્ધ અને રૂક્ષ સપાટીમાંથી જે સ્ફૂર્તિ થાય છે તેના અવલોકનના પાયા પર રચાયેલ છે. આ ગ્રંથ ( તત્ત્વાર્થાધિગમ સૂત્ર ) જે ઉમાસ્વાતિનો રચેલો છે તે ઇસ્વી સન પહેલાના પ્રથમ સૈકાનો છે.”

આ પ્રમાણે જોતાં ગ્રંથકર્તાનું શાસ્ત્રીય જ્ઞાન માત્ર શાસ્ત્ર પુરતું નથી પણ અત્યારના વૈજ્ઞાનિકો જેને પ્રમાણ તરીકે લઇ શકે તેવું છે. તેમાંના બીજા વિજ્ઞાનના વિષયો પર પણ તે વિષયના અભ્યાસીઓ નીકળે તો આ પ્રમાણે શાસ્ત્રીય વિષય પ્રત્યક્ષ બની શકે તેવો પુરતો સંભવ છે. તે પ્રકાશ પાડવાનું કોના ભાગ્યમાં હશે તે કોણ જાણી શકે તેમ

Aho ! Shrutgyanam

છે ? એ આખા ગ્રંથમાં વિજ્ઞાનની કયી કયી શાખાઓને વિષય તરીકે લઈ સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે તે વિષયવાર અધ્યાયના સૂત્રો બતાવનારી સૂચિ નીચે આપું છું તે પરથી તે સંબંધે કાંઈક ઝાંખી માત્ર થઇ શકશે.

| વિષય. | અંગ્રેજીનામ. | અધ્યાય. | સૂત્ર. | વિષયસ્વરૂપ. |
|---|---|---|---|---|
| પ્રમાણશાસ્ત્ર | Logic | ૧ | ૪થી૮,૧૧થી૧૨અને ૩૪–૩૫ | અપેક્ષા, જ્ઞાન, નય અને પ્રમાણ. |
| માનસશાસ્ત્ર | Psychology | ૧ | ૧૩ થી ૩૩ | જ્ઞાન. |
| | | ૨ | ૧૧, ૧૫ થી ૨૫ | મન અને ઇન્દ્રિયો. |
| | | | ૬–૭–૯ ત્રણે આખા. | મન અને કર્મનો સંબંધ, આધ્યાત્મિક વિકાસનો ક્રમ, તે અર્થેનું ત્યાગી જીવન, શરીર અને આધ્યાત્મિક વિકાસનો સંબંધ. |
| અર્થતત્ત્વ શાસ્ત્ર | Metaphysics | ૨ | ૧ થી ૧૦ | ભાવ. ( વાસના ) |
| | | ૫ | ૧,૪,૫,૭,૧૦થી૧૨, ૨૯ થી ૩૧, ૩૭, ૪૦ અને ૪૧, | દ્રવ્ય. |
| | | ૫ | ૧, ૬,૯,૧૦, ૧૪અને૧૮. | આકાશ. |
| | | ૫ | ૨૨ ૩૮, અને ૩૯. | કાળ |
| પ્રાણીવિદ્યા | Theology | ૨ | ૨૫ થી૩૧,૩૨ થી૩૫ | ગતિ અને જનનશાસ્ત્ર. |
| | | ૩ | ૨ થી ૬, ૧૫ થી ૧૮ | નારક, મનુષ્ય અને તિર્યંચ |
| | | ૪ | ૧ થી ૧૨ | દેવ. |
| | | ૧૦ | આખો | મુક્તજીવ. |
| ખગોળવિદ્યા | Astronomy | ૪ | ૧૩ થી ૧૫ | ગ્રહ અને તેની ગતિ. |
| ભૂગોળવિદ્યા | Geography | ૩ | ૭ થી ૧૭ | દ્વીપ, સમુદ્ર, પર્વત. |
| પ્રકૃતિવિદ્યા | Phyeics | ૨ | ૩૭ થી ૪૧ | પાંચપ્રકારના શરીર. |
| | | ૫ | ૧,૪,૬,૧૦,૧૧,૧૪,૧૬, ૨૦, ૨૩, ૨૪ થી ૪૮ | અજીવ. |
| | | ૫ | ૧,૩,૬,૭,૧૩,૧૭ | ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય. |
| રસાયણવિદ્યા | Chemistry | ૫ | ૨૫ થી ૨૮, ૩૨ થી૩૬. | પરમાણુ અને સ્કંધ. |
| ભૂસ્તરવિદ્યા | Ceology | ૩ | ૧ | પૃથ્વીના પડ. |
| જંતુવિદ્યા | Zoology | ૨ | ૨૪ | બે ઇન્દ્રિય ત્રણેન્દ્રિય આદિજીવ. |

Aho ! Shrutgyanam

તે કાળે અત્યારના વિજ્ઞાનના ગણાતા વિષયોનું પણ જ્ઞાન કેવા સ્વરૂપે હતું તે આ સર્વ વિષયો અને તેનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે. આ ગ્રંથ માત્ર જૈનદર્શનના તત્ત્વોના સ્વરૂપ બતાવવા પૂરતો લખાયો છે છતાં તેમાં વિજ્ઞાનની શાખાના આઠ આટલા વિષયો સમાવી દેવાય તે આપણને મુગ્ધ કરે છે, અને તે પણ માત્ર ૩૫૦ સૂત્રોમાં ! આવા પ્રખર વિદ્વાન અને અદ્વિતીય સંગ્રહકારનું જીવન જનસમાજથી અગોચર રહે તે ખરેખરી કમ નસીબી જ કહેવાય. આપણી આવી હીન દશા પરત્વે માત્ર દૃષ્ટિપાત કરી બેસી રહેવું તે હવે યોગ્ય નથી. તેમના સંસારી જીવન અને ત્યાગી જીવનમાં રહેલી જ્ઞાનપિપાસાવૃત્તિ અર્થે થઈ રહેલ તેમની પ્રવૃત્તિ ઉકેલેલી જોવા આપણે કયારે ભાગ્યશાળી બનીશું ? આ મહાન પુરુષનું જીવનચરિત્ર સંકલના સહિત પ્રાપ્ત થાય તો આપણા ઇતિહાસ પર મોટો પ્રકાશ નાંખનાર થઈ પડશે એમ લાગે છે.

Aho ! Shrutgyanam

# ભાવનગરની જૈન ધર્મપ્રસારક સભાએ બજાવેલી જૈન સાહિત્યની સ્તુત્ય સેવા

[ લેખક—શ્રીયુત કુંવરજી આણંદજી શાહ. ]

[ જૈન સંસ્થાઓમાં, ભાવનગરની શ્રી જૈન ધર્મ પ્રસારક સભા સૌથી વૃદ્ધ અને સૌથી અગ્ર ગણાય છે. જૈન સાહિત્યને મૂળ રૂપમાં પ્રકાશિત કરવાનું મંગળ કાર્ય સૌથી પ્રથમ અને સૌથી વધારે પ્રમાણમાં એ સભાએ જ આરંભ્યું હતું. જૈન સમાજને ઉપયોગી અને નિત્યવાંચનના ગ્રંથોનાં ગૂજરાતી ભાષાંતરો છપાવવાનું આવશ્યક કાર્ય પણ વિશેષરૂપે એ સંસ્થાએ જ આદર્યું. આમ જૈન સાહિત્યને પ્રકાશિત કરવાનો અનુકરણીય માર્ગ જે એ સંસ્થાદ્વારા ખુલ્લો મુકવામાં આવ્યો તેના પરિણામે આ જાતનું કાર્ય કરનારી બીજી અનેક સંસ્થાઓ ઉત્પન્ન થઇ અને તેમના કાર્યને લીધે આજે જૈન સાહિત્યનો ઘણો ખરો ભાગ–પછી ગમે તે રૂપમાં પણ–છપાઈને પ્રકટ થવા પામ્યો છે અને લોકોને તેની પ્રાપ્તિ સુલભ થઇ છે.

આ સંસ્થાએ ધીમે ધીમે કેવી રીતે પોતાના કાર્યનો વિસ્તાર કર્યો અને કેવી રીતે આજે વિદ્યમાન સ્વરૂપ પ્રાપ્ત કર્યું; તે દરેક જૈન સાહિત્યપ્રિય જનને જાણવા લાયક હોવાથી, એ સંસ્થાના જનક જેવા અને પ્રબલ પ્રાણ જેવા શ્રીયુત કુંવરજીભાઈને એ વિષયની ટુંક વિગત લખી આપવા માટે જે અમે નિવેદન કર્યું તેને વશ થઇ એ વૃદ્ધ ધર્મવીર બંધુએ સભાનો અથથી તે આજ સુધીનો ટુંકો ઈતિહાસ લખી મોકલ્યો છે અને તેની સાથે આ જ સુધીમાં જેટલા ગ્રંથો એ સભા દ્વારા પ્રકટ થયા છે તેની યાદી પણ મોકલી આપી છે.

સભાનો આ ઈતિહાસ વાંચતા અને એણે કરેલું સંગીન કામ જોતાં બરોબર એના તરફ ઊંડો સદ્‌ભાવ ઉત્પન્ન થાય તેમ છે. અને એ આખી સભા અને એણે કરેલું બધું કાર્ય એકલા, શ્રીકુંવરજીભાઈની એકનિષ્ઠવૃત્તિ અને સતત કાર્ય કરવાની અખંડ ધગશના ફળ સ્વરૂપે જણાઇ આવે છે.–સંપાદક. ]

આ સભાની સ્થાપના સં. ૧૯૩૭ ના શ્રાવણ શુદિ ૩ જે વરતેજ મુકામે (૧૧) મિત્રોએ મળી ને કરેલી છે. જે વખતે આ સભાની સ્થાપના થઇ તે વખતે આખા હિંદુસ્થાનમાં જૈનની એક પણ સભા નહોતી. શાંતમૂર્તિ મુનિરાજશ્રી બુદ્ધિચંદ્રજી મહારાજની એ સભા ઉપર પ્રારંભથી જ કૃપાદૃષ્ટિ થઇ અને તેઓશ્રીના આશીર્વાદ અને સલાહ અનુસાર જ આ સભા પોતાનાં નવાં નવાં કાર્યો શરૂ કરતી રહી. ધીમે પગલે પણ એકસરખી રીતે અને શાંતપણે પોતાના કાર્યમાં

Aho ! Shrutgyanam



પૂજ્ય મુનિમહારાજ શ્રી વૃદ્ધિચંદ્રજી

Aho ! Shrutgyanam



શ્રી જૈનધર્મ પ્રસારક સભાનું
સ્વીય ભવન

Aho ! Shrutgyanam

પ્રગતિ કરેલી હોવાથી અત્યારે એની સ્થિતિ શુકલપક્ષમાં દિવસે દિવસે વૃદ્ધિ પામતા ચંદ્રની જેમ સારી પેઠે વૃદ્ધિંગત થએલી છે.

આ સભાનો રિપોર્ટ પ્રથમ ૧૨ વર્ષનો છપાએલ છે, ત્યારપછી દશ વર્ષનો છપાવવાનો હતો તેવામાં તેનાં સાધનો તમામ સં. ૧૯૫૯ના અગ્નિપ્રકોપમાં નાશ પામી જવાથી છપાઇ શકાયો નહીં. ત્યાર પછી ૧૮ વર્ષના રિપોર્ટો બહાર પડેલા હતા અને હાલમાં છેવટનો પાંચ વર્ષનો રિપોર્ટ સં. ૧૯૮૨ ના ફાગણ વદ ૦)) સુધીનો બહાર પડેલો છે. સભાની વય ૪૫ વર્ષની પૂર્ણ થઇ છે ને ૪૬ માં વર્ષમાં એણે પ્રવેશ કર્યો છે. અને સભા તરફથી શ્રીજૈન ધર્મપ્રકાશ નામનું માસિક સં. ૧૯૪૧ ના ચૈત્ર માસથી બહાર પાડવાનું શરૂ થએલું છે, જેનું અત્યારે ૪૨ મું વર્ષ ચાલે છે.

આ સભાનું સ્થાપન શ્રાવણ શુદિ ૩ જે વરતેજ મુકામે જ્યારે કરવામાં આવ્યું ત્યારે નહોતું જોયું મુહૂર્ત્ત કે નહોતો મેળાવડો કર્યો; પરંતુ એવા શુભ કાર્યમાં અનાયાસ જ શુભ મુહૂર્ત્ત આવી જાય છે અને તેથી તે વખતે શરૂ કરેલું કામ દિનપર દિન વૃદ્ધિંગત થયાં જ કરે છે.

આ સભાનું સ્થાપન કરનારા મિત્રો સુમારે વીશ વર્ષના તેમ જ તે કરતાં પણ ઓછી વયના હતા. પરંતુ બધા એવા દૃઢ નિશ્ચયવાળા હતા કે આરંભેલું કાર્ય ધીમે પગલે પણ આગળ વધારવું. તેમાં પ્રમાદ કે શિથિળતાને સ્થાન આપવું નહીં.

આ સભાએ પ્રથમ સં. ૧૯૩૮ માં સુભાષિત સ્તવનાવળી ભાગ ૧ લો બહાર પાડયો.

સં. ૧૯૩૯ માં તે જ નામનો બીજો ભાગ બહાર પાડયો.

સં. ૧૯૩૯ માં સુરતના શેઠ નાનચંદ રાયચંદને ત્યાં ઉજમણા નિમિત્તે કેટલાક બંધુઓ જતાં ત્યાં શેઠ ફકીરચંદ પ્રેમચંદનો મેળાપ થયો. તેઓ સભાની સ્થિતિ જાણી બહુ ખુશી થયા, અને એના મેમ્બર થયા.

સંવત ૧૯૩૯ ના માહ વદિ ૩ જે, આ સભા ખાસ ધર્મ સંબંધી હોવાથી તેમાં દાખલ થનારા મેમ્બરો માટે કેટલાક ધાર્મિક નિયમો અવશ્ય જોઇએ; એવો નિર્ણય થવાથી સભાસદો માટે નીચે પ્રમાણેના નિયમો મુકરર કર્યા.

૧ સાત વ્યસન સેવવા નહીં. ૨ રાત્રિ ભોજન કરવું નહીં.
૩ કંદમૂળ ખાવાં નહીં. ૪ હંમેશાં જિન દર્શને જવું.
૫ અફીણ, ગાંજો, બીડી વિગેરેનું વ્યસન રાખવું નહીં.

ઉપર જણાવેલા નિયમો ઉપરાંત દર રવીવારે સભા ભરવાનો અને માસિક રૂ. ૦૧ ફી લેવાનો પણ ઠરાવ કર્યો.

સં. ૧૯૩૯ ના વદી ૧૩ શે એક મકાન વાર્ષિક રૂ. ૧૮) ની રકમથી સભા માટે ભાડે રાખવામાં આવ્યું અને પ્રથમ પ્રમુખશ્રી કુંવરજી આણંદજીને ત્યાં સભાની મીટીંગો થતી હતી તે ત્યાં ભરવાનું રાખ્યું.

આ જ વર્ષમાં મી. વીરચંદ રાઘવજીના પ્રયાસથી મુંબઇમાં આ સભાની શાખા-સભા સ્થાપવામાં આવી. તેમાં શેઠ ફકીરચંદ પ્રેમચંદ પ્રમુખ, મી. લક્ષ્મીચંદ રાઘવજી મંત્રી ને બીજા મેમ્બરો થયા. ( આ શાખા સભા શિથિલ થઇ, ફરી પાછી બીજીવાર સ્થપાણી અને તે પણ અમુક વર્ષો પછી બંધ થઇ. તેના સભાસદો મુખ્ય સભામાં દાખલ થયા. )

સંવત ૧૯૪૦ ના ફાગણ શુદિ ૮ મે સભામાં કેટલોક મોટો ફેરફાર થયો. અને પ્રમુખ તરીકે

Aho ! Shrutgyanam

કુંવરજી આણંદજી નીમાયા. તેમજ બીજી સેક્રેટરી વિગેરેની નવી નીમણુંક થઇ. (પ્રથમ પ્રમુખ મૂળચંદ નથુભાઇ હતા. )

આ વર્ષમાં સ્થાનક વાસીઓએ બહાર પાડેલી 'સમકિત સાર' નામની ચોપડીના ખંડન તરીકે મુનિરાજશ્રી આત્મારામજી મહારાજની લખેલ 'સમકિત સલ્યોદ્ધાર' નામની ચોપડી સભાએ છપાવી.

આ વર્ષમાં માંછલાઓની જાળ બંધ કરાવવા સંબંધી જીવદયાનું કામ બીજા ભાઇઓ ચલાવતા હતા, તેમણે સભાના કાર્યથી પ્રસન્ન થઇ સભાને સોંપ્યું–તે કામ મી. ગીરધરલાલ આણંદજી કરવા લાગ્યા. ( હાલ સુધી તે કામ સભા તરફથી તેઓ જ કરે છે. )

આ વર્ષમાં આ સભાના હાથ નીચે ઉછરતી વયના વિદ્યાર્થીઓની 'શ્રીજૈન જ્ઞાનવર્ધક' નામની સભા સ્થપાણી અને તે સભા તરફથી મુનિરાજશ્રી આત્મારામજી મહારાજની રચેલી સત્તરભેદી પૂજા અને વીશ સ્થાનકની પૂજા જુદી જુદી છપાવવામાં આવી.

આ વર્ષમાં શેઠ આણંદજીની કલ્યાણજીની પાલીતાણાની પેઢીમાં ત્યાંના મુનીમ નથુ ધરમશી વિગેરેએ મોટી રકમનો ગોટાળો વાળતાં તે સંબંધમાં ઘટિત પગલાં લેવાના કામમાં આ સભાના પ્રમુખ કુંવરજી આણંદજીએ વિશેષ ભાગ લીધો. તે કાર્ય નિમિત્તે બે ત્રણ વખત અમદાવાદ મુંબઇ જવું પડયું. બીજા મેમ્બરોએ પણ તેમાં બનતો ભાગ લીધો.

સં. ૧૯૪૧ ના કાર્ત્તિક શુદિ ૫ મે સભાની ઓફીસમાં જ્ઞાનસંબંધી મહોત્સવ જ્ઞાન પધરાવીને કરવાનું શરૂ કર્યું. કારણ કે આ સભાનો ખાસ વિષય જ જ્ઞાનની ભક્તિ, અને વૃદ્ધિ કરવી, કરાવવી અને તેનાં સાધનો પૂરાં પાડવાં એ જ છે.

એ વર્ષના માગશર માસમાં મુંબઇથી શેઠ વીરચંદભાઇ દીપચંદ ભાવનગર પધારતાં તેમના માનમાં સભાની ઓફીસમાં જાહેર મેળાવડો કરવામાં આવ્યા અને તેમાં દ્રવ્યદ્રવ્ય વિષે ભાષણ સભાના પ્રમુખે કર્યું. તે સૌને બહુ પસંદ પડયું તેથી ખાસ છપાવી પ્રસિદ્ધ કરવામાં આવ્યું. તે મીટીંગમાં સભાના તરતમાં જ સ્વર્ગવાસી થએલા મેમ્બર દુલભજી વીરચંદના નામથી પુસ્તકાલય સ્થાપન કરવાનું ઠર્યું અને તેના ફંડમાં રૂ ૫૦૦) લગભગ ભરાયા.

સં. ૧૯૪૧ ના માગશર માસમાં સભા તરફથી માસિક બહાર પાડવાનો વિચાર ચાલ્યો. એવામાં મુનિમહારાજશ્રી આત્મારામજી મહારાજ ભાવનગર પધાર્યા. તેમની સાથે મુનિરાજશ્રી શાંતિવિજયજી હતા. તેઓએ એ વિચારને પુષ્ટિ આપી. ચાર દિવસમાંજ પ્રથમ અંક તૈયાર કરવામાં આવ્યો અને તે છપાવવા માટે ખાસ શ્રી અમદાવાદ એક મેમ્બરને મોકલી તે અંક છપાવી મંગાવ્યો. તેની પ્રયાસ કરતાં નકલો વધારે ખપવાથી ત્રણ વખત થઇને નકલ ૯૦૦ ( ૫૦૦–૨૫૦–૨૪૦ ) છપાવી.

ત્યારબાદ એક ઉપાધિ ઉત્પન્ન થઇ. કોઇ વિરોધી માણસ સભાની ઓફીસમાંથી ગ્રાહકોનું લીસ્ટ ઉપાડી ગયો. તરતમાં તે હકીકત જાણતાં ખેદ થયો, પણ નાસીપાસ ન થતાં હિંમત રાખી સ્મરણ ઉપરથી નવું લીસ્ટ તૈયાર કર્યું અને પહેલા અંક કરતાં પણ વધારે નકલો બીજા અંકની મોકલાણી.

આ વર્ષમાં મુંબઇની શાખા સભા તરફથી 'જંબુસ્વામીનો રાસ' છપાવવામાં આવ્યો. અને પ્રમુખના જાતિ પ્રયાસથી મુંબઇ ઉપરાંત સુરત, ભરૂચ, વડોદરા અને ધોરાજીમાં પણ આ સભાની શાખા સભાઓ સ્થપાણી અને તેમાં લાયક મેમ્બરો દાખલ થયા.

સં. ૧૯૪૫ ના જેઠ વદિ ૭ મે સંસ્કૃત ભાષાના અભ્યાસીઓની આપણી કોમમાં બહુ ખામી જણાયાથી તે અભ્યાસની સવળતા કરી આપવા માટે સભા તરફથી જૈન સંસ્કૃત પાઠશાળા

Aho ! Shrutgyanam

ખોલવામાં આવી અને તેમાં શાસ્ત્રી નર્મદાશંકર દામોદરને શિક્ષક તરીકે દાખલ કર્યા. આ કાર્યમાં મુનિરાજોની પણ સારી સહાયતા હતી.

સભાની ઓફીસમાં બાળવિદ્યાર્થીઓને ધાર્મિક અભ્યાસ કરાવવાનું કામ પણ શરૂ કરવામાં આવતાં તેમાં સારી સંખ્યા દાખલ થઇ. દિન પર દિન સારા સારા મેમ્બરોની સભામાં ભરતી થવા લાગી.

સં. ૧૯૪૨ માં સભાની ઓફીસમાં તમામ ધાર્મિક પુસ્તકો વેચાણ મળી શકે તેટલા માટે તેવી સગવડ કરવામાં આવી અને તે ખાતું આગળ વધ્યું.

જુદે જુદે પ્રસંગે તેમ જ બહાર ગામથી કોઇ ગૃહસ્થ પધારે ત્યારે જાહેર મેળાવડો કરીને તેમાં જુદા જુદા વિષય ઉપર પ્રમુખ અને મંત્રી તરફથી ભાષણ આપવાનું કામ શરૂ હોવાથી સભાની પ્રાસદ્ધિ વધતી ગઇ.

માસિકના બીજા જ વર્ષમાં 'કેશરીઆજી તીર્થનો વૃત્તાંત' એ નામની બુક બહાર પાડી માસિકના તમામ ગ્રાહકોને ભેટ આપવામાં આવી અને ત્યારથી દર વર્ષે માસિકની ભેટ આપવાનું શરૂ થયું.

જૈન વર્ગને પાળવાની તિથિઓ જાણવાનું સારૂં સાધન ન હોવાથી જૈન પદ્ધતિ અનુસાર 'જૈન પંચાગ' તૈયાર કરીને માસિકના બીજા વર્ષમાં માસિક સાથે ભેટ તરીકે મોકલવામાં આવ્યું અને ત્યારથી દર વર્ષે 'જૈન પંચાગ' ભેટ આપવાનું શરૂ થયું.

સં. ૧૯૪૬ આખર સુધી સભાનું માસિક મોકલવા વિગેરેનું તમામ કામ સભાસદોએ જાતે કર્યું સં. ૧૯૪૭ ના પ્રારંભમાં એક કારકુનને માસિક ૩ ૫) ના પગારથી રાખવામાં આવ્યો. દરેક કાર્ય જાત મહેનતથી વધારે ફાળભૂત થાય તેનું આ દૃષ્ટાંત છે.

સં. ૧૯૪૭ માં જ્ઞાનપંચમીના મહોત્સવ વખતે શેઠ આણંદજી પુરૂષોત્તમે પ્રથમ ઉજમણું કરેલુ તેના ત્રણછોડ ૩ ૫૬૫) ની કિંમતના સભાને અર્પણ કર્યા. જેથી ઉત્સાહમાં વિશેષ વૃદ્ધિ થઇ.

આ વર્ષમાં ૩ ૫૦) ની ફીથી સભામાં લાઇફ મેમ્બર દાખલ કરવાનો નિયમ દાખલ થયો અને તે વખતે જ કેટલાક લાઇફ મેમ્બરો થયા.

આ વર્ષના ચોમાસામાં શેઠ તલકચંદ માણેકચંદ ભાવનગર પધારતાં તેઓ સભામાં પધાર્યા, સભાના કાર્યથી સંતોષ પામ્યા અને સભામાં લાઇફ મેમ્બર તરીકે દાખલ થવા ઇચ્છા જણાવી. સભાએ તેમને સભાના પેટ્રન બનાવ્યા.

સં. ૧૯૪૮ના ચૈત્રમાં 'ગપ્પદીપિકાસમીર' નામની બુક છાપવામાં આવી તેમ જ ચરિત્ર વાંચવાની રસિકતા વધારે જણાવાથી 'ચરિતાવાળી' નામનું પુસ્તક મંત્રી અમરચંદ ઘેલાભાઇએ લખેલું બહાર પાડવામાં આવ્યું.

સં ૧૯૪૮ ના ભાદ્ર પદ માસમાં મુનિરાજશ્રી વૃદ્ધિચંદજી મહારાજની તબીયત વધારે નરમ થતાં બહુ આગ્રહપૂર્વક વિનંતિ કરીને તેમનો ફોટો પડાવ્યો અને તેની સામટી નકલો લઇને સામાન્ય કિંમતે બધાને આપી.

સં. ૧૯૪૯ના વૈશાખ શુદિ ૭ મે પરમોપકારી મુનિરાજશ્રી વૃદ્ધિચંદજી મહારાજનો દેહ વિલય થવાથી સભાને એક ખાસ હિતૈષી અને કાયમના સાચા સલાહકાર મહાપુરુષની ખામી આવી પડી.

સં. ૧૯૪૯ ના ફાગણ આખરે સભાસદોની સંખ્યા ૪૦ ની થઇ.

સભાની લાઇબ્રેરીમાં ૩૦ ૧૬૪૯–૧૪–૬ ના ૮૬૭ પુસ્તકો એકત્ર થયા.

Aho ! Shrutgyanam

સં. ૧૯૪૯ ના કાર્તિક માસમાં મુનિરાજશ્રી વૃદ્ધિચંદજી મહારાજના પ્રયાસથી પાલીતાણામાં જૈન સંસ્કૃત પાઠશાળાનું સ્થાપન થયું. તેમાં પ્રમુખ મી. કુંવરજીએ સારો ભાગ લીધો. ત્યાં અભ્યાસનું કામ સારૂં ચાલ્યું તેથી કેટલાક જૈન ગ્રંથો શુદ્ધ કરાવીને પ્રસિદ્ધ કરવાનો પ્રયાસ શરૂ થયો. સભાએ શ્રીવિનય વિજયજી પાધ્યાયજી કૃત 'લઘુહૈમપ્રક્રિયા વ્યાકરણ' તૈયાર કરાવીને તે છપાવવાનું શરૂ કર્યું તેમજ શ્રી 'ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર' મૂળ અને ભાષાંતર તેમજ 'અભિધાન ચિંતામણિકોષ' શુદ્ધ કરાવીને છપાવવાનો વિચાર કર્યો.

ઉપર પ્રમાણે સભાની પ્રથમની ૧૨ વર્ષની સ્થિતિનો ટુંકો સાર છે. ત્યારપછીના દશ વર્ષનો રિપોર્ટ છપાયો નથી અને તેના સાધનો પણ નાશ પામ્યા છે. પરંતુ ત્યારપછીના ૨૭ મા વર્ષના રિપોર્ટમાં તેની ઘણી ખરી હકીકત સમાવેલી છે ઉપરથી આ નીચે આપવામાં આવે છે.

૨૩મા વર્ષમાં સભાસદોની સંખ્યા વધીને ૭૫ ની થઇ. પ્રથમની લાયબ્રેરી આગમાં નાશ પામવાથી નવી બનાવેલી લાયબ્રેરીમાં કુલ પુસ્તકો ૧૧૭૦, રૂ૦ ૧૨૮૨।।।ની કિંમતના થયાં છે. જૈન સંસ્કૃત પાઠશાળા સારી રીતે ચાલે છે તેમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. સાધુઓ પણ તેનો લાભ લે છે.

જૈન કન્યાશાળા ગોધાવાળા શેઠ કીકાભાઇ કુલચંદની વિધવા બાઇ ઉજમે આપેલા રૂ ૩૦૦૦) ના વ્યાજમાં ચલાવવા માટે સ્થાપન થએલી છે. તેમાં ખર્ચ પુરો ન પડવાથી સભા તરફથી વાર્ષિક રૂ ૪૦૦) આપવાનું મુકરર કરવામાં આવ્યું છે. એ કન્યાશાળાનો ૨૦૦ કન્યાઓ લાભ લે છે.

શ્રી બનારસ ખાતે મુનિરાજશ્રી વૃદ્ધિચંદજી મહારાજના શિષ્ય મુનિરાજશ્રી ધર્મવિજયજી ( પાછળથી વિજયધર્મસૂરિ )ના પ્રયાસથી સંસ્કૃત જૈન પાઠશાળાનું સ્થાપન થયેલું તેમાં પણ વાર્ષિક રૂ. ૧૦૦) મદદ તરીકે અમુક વર્ષ સુધી સભા તરફથી મોકલવાનું ઠરાવી મોકલવામાં આવ્યા.

આ વર્ષના પ્રારંભ સુધીમાં સભા તરફથી કુલ ૪૭ પુસ્તકો બહાર પાડવામાં આવ્યા હતાં. સાધુસાધ્વી નવદીક્ષિત થાય તેને અભ્યાસ કરવા માટે તેમની જરૂરના આવશ્યક સૂત્રો શ્રમણ સૂત્ર–પાક્ષિક સૂત્રાદિ તથા તમામ વિધિઓની પ્રતિ છપાવીને ભેટ આપવાનું શરૂ કર્યું. ( તે હજુ સુધી ભેટ આપવામાં આવે છે. )

જૈન ધર્મપ્રકાશનું લીસ્ટ સં. ૧૯૫૯ ના અગ્નિપ્રકોપમાં બળી ગયા છતાં યાદદાસ્ત વિગેરે ઉપરથી નવું લીસ્ટ તૈયાર કરીને પહેલે જ મહીને કુલ ૧૪૦૦ નકલો મોકલવામાં આવી હતી. માસિકનું કદ આઠ પેજી બે ફારમનું હતું તે ત્રણ ફારમનું કરવામાં આવ્યું છે. લવાજમ રૂ. ૧) જ રાખવામાં આવ્યો. જૈન વર્ગમાં આ માસિક પહેલું છે, અને તેનો લાભ ઠીક લેવાય છે.

સં. ૧૯૫૯ ના ઉપદ્રવની અસર કોઇ ખાતા ઉપર થવા પામી નથી. એ વખતનું સભાસદોનું મનોબળ અને તેમની આત્મભોગ આપવાની વૃત્તિ વિશેષ હોવાથીજ તેમ બની શકયું છે. સભાની મીલ્કત-બુકો વિગેરેની સુમારે રૂ. ૨૦૦૦) ની હતી તે તમામ વહીવટી ચોપડા સાથે નાશ પામી તેની ઉપર ના વીમાના રૂ. ૧૨૦૦) મળ્યા. તે પાયા ઉપર પાછી સુંદર ઇમારત બનાવવાનું કામ ઉત્સાહ સાથે શરૂ રાખવામાં આવ્યું.

સભામાં દાખલ થનારા સભાસદ માટે પ્રથમ જે પાંચ નિયમો જણાવેલા છે, તેમાંથી સાત વ્યસનનો નિયમ કાયમ રાખવામાં આવ્યો અને બીજા ચાર નિયમો મેમ્બરોની ઇચ્છા ઉપર રાખવામાં આવ્યા.

સભા તરફથી છપાયેલાં અને બીજાં પુસ્તકો સાધુસાધ્વીને ભેટ આપવાનું કામ દિવસાનુદિવસ વધતું ગયું.

Aho ! Shrutgyanam

**શ્રીયુત કુંવરજી આણંદજી**

( શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના પ્રમુખ અને અધિષ્ઠાતા )

Aho ! Shrutgyanam

**શ્રીયુત નાગરદાસ પરસોતમદાસ રાણપુર**

( શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના ભવન માટે ઉદાર દાન આપનાર )

Aho ! Shrutgyanam

બેસતે વર્ષે દરેક સભાસદે ઑફીસમાં આવીને નજરાણું ધરવાનું, શ્રા૦ સુદ ૪ થે મીટીંગ ભરીને જ્ઞાન વિષે ભાષણ કરવાનું, શુદિ ૫ મે જ્ઞાન પધરાવીને તેની ભક્તિ કરવાનું અને શુદિ ૬ ઠે જ્ઞાન પાસે પૂજા ભણાવવાનું અને સાંજે સભાસદોનું સ્વામી વચ્છળ કરવાનું આ વર્ષથી ઠરાવ્યું.

સભાની લાઇબ્રેરીમાં બુકો ભેટ આવવાનું કામ પણ ગયા વર્ષથી વધારે શરૂ થયું તેથી તેમાં બુકોની સંખ્યા વધવા માંડી.

ભાવનગરની 'જૈન ડીરેકટરી' તેને માટે ખાસ નીમાયેલી કમીટીએ તૈયાર કરી. તેનો રિપોર્ટ તૈયાર કરીને સભા તરફથી છપાવવામાં આવ્યો.

પંન્યાસજી આણંદસાગરજી ( હાલશ્રી સાગરાનંદસૂરિ )ની જંગમ લાઇબ્રેરી માટે સભા તરફથી રૂ ૧૦૦)ના પુસ્તકો આપવાનું સં. ૧૯૬૨ના આસો સુદિ ૫ ની મીટીંગમાં ઠરાવવામાં આવ્યું–અને તેઓ સાહેબની સહાય વડે શાસ્ત્રીઓ પગારદાર રાખીને કર્મગ્રંથની ટીકા વિગેરે તથા સંસ્કૃત મૂળને ટીકાવાળા ગ્રંથો તૈયાર કરાવવાનું ઠરાવવામાં આવ્યું.

જૈન કોન્ફરન્સને અંગે સભા મૂળથીજ દઢ લાગણી ધરાવતી આવી છે, દરેક કોન્ફરન્સ વખતે તેમાં ડેલીગેટો મોકલીને ભાગ લેવામાં આવ્યો છે; અને આ વર્ષે અમદાવાદમાં મળનારી કોન્ફરન્સમાં ડેલીગેટો મોકલી ભાગ લીધો હતો.

પોસહવિધિની બુક છપાવીને તેના અભિલાષીઓને ભેટ તરીકે મોકલવાનું શરૂ કરવામાં આવ્યું.

માસિકનું કદ પુ. ૨૨ થી ડીમી ચાર ફારમનું કર્યું હતું તે આ વર્ષથી રોયલ ચાર ફારમનું કરવાનું ઠરાવવામાં આવ્યું. લવાજમનો રૂ. ૧।। ઠરાવવામાં આવ્યો.

સં. ૧૯૬૪ માહ વદિ ૧૦ની મીટીંગમાં મી. ગીરધરલાલ આણંદજીએ પોતાની પુત્રી મોંઘીના લગ્નના સ્મારક તરીકે રૂ. ૫૦૦) સભાને અર્પણ કર્યા અને તેના વ્યાજમાં યોગ્ય પુસ્તક પ્રસિદ્ધ કરવાનું ઠરાવ્યું.

સં. ૧૯૬૪–૬૫ના વર્ષમાં સભાની સીલ્વર જ્યુબીલી ઉજવવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. ભાવનગર ખાતે ભરાયેલી જૈનશ્વે૦ કોન્ફરન્સના પ્રસંગ સાથેજ એ પ્રસંગ રાખ્યો હતો. તે પ્રસંગે કોન્ફરન્સના પ્રમુખ શેઠ મનસુખભાઇ ભગુભાઇને માનપત્ર આપવામાં આવ્યું હતું. સભાના પ્રમુખ મી. કુંવરજી આણંદજીએ સભાની કરેલી અપ્રતિમ સેવાની પણ યોગ્ય કદર કરવામાં આવી હતી. આ મહોત્સવ સંબંધી સર્વ વિગત વાળો તથા જૂદા જૂદા વિદ્વાનોના ઉપયોગી લેખોવાળો જ્યુબીલી અંક પ્રકટ કરવામાં આવ્યો.

ભાવનગરમાં ભરાયેલી જૈન કોન્ફરન્સમાં પણ આ સભાના આગેવાનોએ ઘણો આગળ પડતો ભાગ લીધો તેમાં સખાવત પણ બહુ સારી થઇ અને તે કોન્ફરન્સ દરેક રીતે ફત્તેહમંદ થઇ.

ભાવનગર સ્ટેટના મુખ્ય દીવાન મે. પ્રભાશંકરભાઇ દલપતરામ પટણી સાહેબને નામદાર સરકાર તરફથી સી. આઇ. ઇ. નો ઇલ્કાબ મળતાં તેને માટે સં. ૧૯૬૬ના માગશર વદિ ૧૦ મે ખાસ મીટીંગ બોલાવી ખુશાલીનો ઠરાવ કરી તેમના ઉપર મોકલ્યો. ( આ નામદાર મૂળથી જ સભા તરફ ઘણો પ્રેમ ધરાવે છે અને સભા તરફથી જાહેર મેળાવડામાં એકથી વધારે વખત પ્રમુખ સ્થાને બીરાજ્યા છે.)

ઉપધાન વિધિ છપાવીને તેના ઇચ્છકને ભેટ આપવવાનું ઠરાવ્યું.

સભાના ૩૫ માથી ૪૦ મા વર્ષ સુધી છ વર્ષનો રિપોર્ટ ભેગો બહાર પાડવામાં આવ્યો છે. અને છ વર્ષમાં ઘણા લાયક મેમ્બરોની સભામાં વૃદ્ધિ થઇ છે. ૪૦ મા વર્ષની આખરે તે સંખ્યા ૩૫૦ની થઇ.

Aho ! Shrutgyanam

સં. ૧૯૭૪ ના અસાડ વદિ ૬ ઠે શ્રી પાટણ નિવાસી શેઠ નગીનદાસ કરમચંદે શ્રી 'ઉપમિતિ ભવપ્રપંચા કથા' ભાષાંતર ભાગ ૧ લો છપાવવા માટે સભાને ૧૨૫૦) ની સહાય કરી.

પ્રસ્તુત છ વર્ષમાં ૪૩ બુકોને ગ્રંથો બહાર પાડવામાં આવ્યા છે. અને સાધુસાધ્વીને તેમ જ જૈનસંસ્થાઓને ૩ ૭૫૯૭ા ની જુદી જુદી ઉપયોગી બુકો ભેટ તરીકે આપી છે અગર મોકલાવી છે.

જૈન વિદ્યાર્થીઓને અભ્યાસ કરવામાં પુસ્તકોની અગવડ ન પડે તેટલા માટે વિદ્યાર્થી ઉત્તેજન ખાતું આ સભા મારફત સં ૧૯૬૨ થી ચાલે છે. તેમાં થતો ખર્ચ સં. ૧૯૬૯ સુધી શા. આણંદજી પુરૂષોત્તમ ને શેઠ ત્રિભુવનદાસ ભાણજી આપતા હતા. ત્રિભુવનદાસના ગુજરી ગયા બાદ શેઠ અમૃતલાલ પુરૂષોત્તમ તરફથી આપવામાં આવે છે. પ્રસ્તુત છ વર્ષમાં રૂ. ૧૬૯૭ાા નાં પુસ્તકો આપવામાં આવ્યાં છે.

છેલ્લો રિપોર્ટ સભાના ૪૧માથી ૪૫ મા વર્ષ સુધીનો પાંચ વર્ષનો સં. ૧૯૮૨ ના ફાગણ વદિ ૦)) સુધીનો હાલમાં જ બહાર પડયો છે તે ઉપરથી સભાની છેવટની સ્થિતિ સારી રીતે જાણી શકાય તેમ છે.

આ વર્ષની આખરે કુલ ૪૫૯ મેમ્બરો થયેલા છે. જેમાં ૧ પેટ્રન, ૨૫૨ લાઇફ મેમ્બર, ૧૯૩ પહેલા વર્ગના વાર્ષિક મેમ્બર, અને ૧૪ બીજા વર્ગના મેમ્બરો છે. તેમાં ૧૪૦ ભાવનગરના છે અને ૩૧૯ બહાર ગામના છે.

સભાની વર્ષ ગાંઠ ઉજવવા શ્રાવણ શુદિ ૩ જે ઘણા વર્ષોથી વરતેજ જવામાં આવતું હતું તે સં. ૧૯૭૮ થી શીહોરમાં સ્ટેશન ઉપર જ ધર્મશાળાની સગવડ થતાં ત્યાં જવાનું શરૂ કરવામાં આવ્યું છે.

સં ૧૯૭૯-૮૦ ના વર્ષમાં સભાને ખાસ લાભ, સભાનું પોતાની માલેકીનું મકાન થયું, તેનો થયો છે. આ કાર્ય પરત્વે રાણપુરનિવાસી શેઠ નાગરદાસ પુરૂષોત્તમદાસે ઉદાર દિલથી રૂ. ૨૫૦૦૦, ની રકમ માત્ર સહજની માંગણીથી જ સભાને બક્ષીશ કરી છે.

આ રકમના પાયા ઉપર સભાનું પોતાનું સુંદર મકાન બંધાવવામાં આવ્યું છે. જેમાં એકંદર જમીનની કિંમત સાથે રૂ. ૪૯૫૦૧) નો સભાએ ખર્ચ કર્યો છે. એ મકાન બોલવાનો મેળાવડો સં. ૧૯૮૧ ના મહાવદિ ૧૦ મે મે. પટણી સાહેબના પ્રમુખપણા નીચે ઘણો સારો કરવામાં આવ્યો અને તેમના હાથે જ એ મકાનનું શુભ ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

સભાની લાઇબ્રેરીમાં કુલ પુસ્તકો ૪૯૨૩, રૂ. ૬૭૫૪-૪-૬ ની કિંમતના થયા છે. તેની વર્ગવાર વહેંચણી રિપોર્ટમાં બતાવી છે અને તેનું લીસ્ટ પણ છપાવવામાં આવ્યું છે.

સભાની અંદર માસિક અને ન્યુસપેપરો ૧૮ કિંમતથી મંગાવવામાં આવે છે અને ૧૬ બદલે આવે છે. કુલ ૩૯ આવે છે. તેના વાંચનારની સંખ્યા પણ સારી છે. પુસ્તકો પણ વાંચવા માટે ઠીક લઇ જવામાં આવે છે.

જૈન સંસ્કૃત પાઠશાળામાં એક શાસ્ત્રી રાખીને સંસ્કૃત ભાષાનું જ્ઞાન આપવાનું શરૂ રાખેલું છે; તેનો લાભ પણ ઠીક લેવાય છે.

પુસ્તક પ્રસિદ્ધિનું કામ અવિચ્છિન્ન શરૂ છે. કેટલાંક પુસ્તકોની તો એકથી વધારે આવૃત્તિઓ થયેલી છે. ૧૯૮૨ ના ચૈત્ર શુદિ ૧ સુધીમાં કુલ ૧૮૯ બુકોને ગ્રંથો બહાર પાડવામાં આવેલા છે. ( આવૃત્તિ ગણવામાં આવી નથી ) તેનું ત્રણ વિભાગે લીસ્ટ આ સાથે આપવામાં આવ્યું છે, તેમજ

Aho ! Shrutgyanam

તેમાંથી જે પુસ્તકો ગ્રંથો મળી શકતા નથી તે પણ જણાવેલું છે. તેમાં ભેટ તરીકે જણાવેલી પુસ્તકો પ્રતો કાયમ તેના ઇચ્છકને ભેટ તરીકે જ મોકલવામાં આવે છે. પ્રસ્તુત પાંચ વર્ષમાં ૬૭ પુસ્તકો ને ગ્રંથો બહાર પાડવામાં આવેલા છે.

જૈન ધર્મની તમામ પ્રકારની પુસ્તકો ને ગ્રંથો બનતાં સુધી આ સભામાંથી જ મળી શકે તેવી ગોઠવણ રાખી છે. તેની એકંદર સંખ્યા ૮૦૦ લગભગ થાય છે અને વાર્ષિક વેચાણ દશહજાર ઉપરાંતનું થાય છે.

'જૈન ધર્મ પ્રકાશ' અવિચ્છિન્ન ચાલ્યાં કરે છે. તેની ગ્રાહક સંખ્યા મેમ્બરો ઉપરાંત હજાર લગભગની છે. દર વર્ષ જૈન પંચાંગ ભેટ અપાય છે અને ઉપરાંત એક પુસ્તકની પણ ભટ આપવામાં આવે છે.

મુનિરાજને તેમ જ સંસ્થા વિગેરેને પુસ્તકો ને ગ્રંથો ભેટ આપવાનું કામ બહુ વધાર્યું છે. પ્રસ્તુત પાંચ વર્ષમાં સુમારે ચાર હજારની કિંમતના પુસ્તકો ખર્ચ ખાતે કિંમત લખીને ભેટ અપાણાં છે. તદુપરાંત ભેટ આપવા માટે સહાય મળવાથી તેમ જ સભા તરફથી છપાવેલી પુસ્તકોને ગ્રંથો રૂ. ૬૬૧૦ ના ભેટ આપવામાં આવ્યો છે. આટલા ઉપરથી સભા જ્ઞાનદાનનું કામ કેટલું કરે છે તે લક્ષમાં આવી શકે છે.

સં. ૧૯૮૩ ના માહ વદ ૫

## શ્રી જૈનધર્મ પ્રસારક સભા તરફથી સં. ૧૯૫૯ પછી પ્રસિદ્ધ થયેલા સંસ્કૃત તથા માગધી ગ્રંથો.

* ૧-૬ શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર. મૂળ. શ્રી હેમચંદ્રાચાર્ય કૃત.
૭ શ્રી પરિશિષ્ટ પર્વ (સ્થવિરાવળીચરિત્ર.)
* ૮-૯ શ્રી ષટ્ કર્મગ્રંથ ટીકા. વિભાગ. ૧-૨
* ૧૦ દ્વાત્રિંશત દ્વાત્રિંશિકા સટીક.
* ૧૧ પ્રશમરતિ સટીક.
* ૧૨ પ્રબોધચિંતામણિ મૂળ.
* ૧૩ યશોવિજયજી કૃત ગ્રંથમાલા (૧૦ ગ્રંથોનો સંગ્રહ.)
* ૧૪ સિદ્ધસેન દિવાકર કૃત ગ્રંથમાળા (ત્રણ ગ્રંથો)
* ૧૫ હરિભદ્રસૂરિકૃત ગ્રંથમાળા (ત્રણ ગ્રંથો)
૧૬ વિજયચંદ્ર કેવળી ચરિત્ર (માગધી ગાથાબંધ)
* ૧૭ યોગબિંદુ સટીક.
૧૮ શ્રી વાસુપૂજ્ય ચરિત્ર. શ્રી વર્ધમાન સૂરિકૃત.પદ્યબંધ.
* ૧૯ શ્રી શાંતિનાથ ચરિત્ર ગદ્યબંધ.
* ૨૦ શ્રી પાર્શ્વનાથ ,, ,,
* ૨૧ પંચાશક સટીક.
૨૨ પ્રમેય રત્ન કોષ ગ્રંથ. મૂળ.
* ૨૩ શ્રી જ્ઞાનસાર (અષ્ટક) સટીક
* ૨૪ શ્રી શાંત સુધારસ સટીક ,,
* ૨૫ શ્રી અધ્યાત્મસાર સટીક ,,
* ૨૬ શ્રી કર્મપ્રકૃતિ મલયગિરિજી કૃત ટીકા યુક્ત.
* ૨૭ ,, ઉપાધ્યાયજીકૃત ,,
૨૮ પઉમ ચરિયં-માગધી
* ૨૯ શ્રી સૂક્ષ્માર્થ વિચાર સારોદ્ધાર સટીક.
* ૩૦ શ્રી ઉપદેશમાળા યોગ શાસ્ત્ર મૂળ.
* ૩૧ શ્રી જંબૂદ્વીપ સંગ્રહણી સટીક

Aho ! Shrutgyanam

* ३२ चार पयन्ना मूळ.
* ३३-३६ श्री उपदेश प्रासाद संपूर्ण
३७ श्री उपदेश सप्ततिका मोटी.
३८ बृहत् क्षेत्रसमास (मोटी टीका)
३९ कर्पूरप्रकर टीका मोटी
४० हैम लघु प्रक्रिया व्याकरण
* ४१ सप्ततिका भाष्य टीका सहित.
* ४२ श्री लघुसंग्रहणी प्रकरण सटीक
४३ श्री वर्धमान देशना प्राकृत.
४४ योगशास्त्र सटीक

## गूजरातो भाषाना वांचनाराओने खास उपयोगी भाषांतरो विगेरे.

१-६ श्री त्रिषष्टि शलाका पुरुष चरित्र भाषांतर
१ पर्व १ लुं. २ जुं. आवृत्ति ३ जी
२ पर्व ३-४-५-६ ,, ३ जी
३ पर्व ७ मुं ,, ३ जी
४ पर्व ८-९ ,, ३ जी
५ पर्व ७-८-९ ,, ३ जी
६ पर्व १० मुं ,, २ जी
७-११ श्री उपदेश प्रासाद ग्रंथ भाषांतर
७ भाग १ लो. (स्थंभ १ थी ४)
८ भाग २ जो (स्थंभ ५ थी ९)
९ भाग ३ जो (स्थंभ १० थी १४)
१० भाग ४ थो (स्थंभ १५ थी १९)
११ भाग ५ मो (स्थंभ २० थी २४)
*१२ श्री उपदेशमाळा भाषांतर (७० कथा)
*१३ चरितावळी भाग १ लो (कथाओनो संग्रह)
*१४ ,, भाग २ जो ,,
*१५ ,, भाग ३ जो ,,
१६ श्री शत्रुंजय महात्म्य भाषांतर.
१७ गौतमकुलक बालावबोध (अनेक कथाओ)
१८ उपमिति भवप्रपंच पीठबंधनुं भाषांतर
१९ अध्यात्म कल्पद्रुम विवेचन साथे
(विवेचक मोतीचंद गी० कापडीया सोलीसीटर)
*२० आनंदघनपद्म रत्नावळी (५० पदो)
(मोतीचंद गीरधरलाल कापडीया सोलीसीटर)
२१ जैन दृष्टिए योग. भाग १ लो (मो. गी.)
२२ श्री विजयचंद्र केवळी चरित्र भाषांतर.
२३ श्री प्रबोध चिंतामणी भाषांतर.
२४ प्रतिक्रमणना हेतु. आवृत्ति ३ जी
*२५ रत्नशेखर रत्नवती कथा.
२६ श्री जैन धर्म प्रसारक सभानो जुबीली अंक.
२७ कुवलयमाळा भाषांतर. (रसिक कथा)
२८ ज्ञान पंचमी. आवृत्ति २ जी
*२९ तत्त्ववार्ता-लक्ष्मी सरस्वती संवाद.
*३० प्रश्नोत्तर पुष्पमाळा.
३१ श्री उपमितिभव प्रपंचा कथा भाषांतर भाग१लो. प्रस्ताव १-२-३ आवृत्ति २ जी.
(मोतीचंद गीरधरलाल कापडीया सोलीसीटर)
३२ श्री उपमिति भवप्रपंचा कथा भाषांतर. भाग २ जो.
(मोतीचंद गीरधरलाल कापडीया सोलीसीटर)
३३ श्री उपमिति भवप्रपंचा कथा भाषांतर. भाग ३ जो. प्रस्ताव
(मोतीचंद गीरधरलाल कापडीया सोलीसीटर)
३४ चंद्रराजानो रास अर्थ अने रहस्य सहित.
३५ श्रीगोपाळराजानो रास ,, ,,
३६ आध्यात्मसार भाषांतर.
३७ श्री वस्तुपाळ चरित्र भाषांतर.
३८ श्री पार्श्वनाथ चरित्र भाषांतर.

Aho ! Shrutgyanam

૩૯ શ્રી મલ્લીનાથ ચરિત્ર ભાષાંતર.
૪૦ શ્રી પરિશિષ્ટ પર્વ ભાષાંતર.
૪૧ શ્રી ઉપદેશ કલ્પવલ્લી [ મન્નહજિણા-ણંઆણું] ટીકાનું ભાષાંતર.
૪૨ શ્રી શાંતિનાથચરિત્ર ભાષાંતર.
૪૩ શ્રી ધન્યકુમાર ચરિત્ર ભાષાંતર.
*૪૪ શ્રી યંત્રપૂર્વક કર્માદિ વિચાર.
૪૫ શ્રી ભોજપ્રબંધ ભાષાંતર.
૪૬ શ્રી હિતશિક્ષાના રાસનું રહસ્ય.
૪૭ શ્રી જ્ઞાનસાર ભાષાંતર.
૪૮ શ્રી વિનોદકારી કથા સંગ્રહ.
૪૯ શ્રી યુગાદીદેશના ભાષાંતર.
૫૦ શ્રી ભુવનભાનુ કેવળી ચરિત્ર ભાષાંતર.
૫૧ શ્રી પ્રિયંકર નૃપ ચરિત્ર ભાષાંતર.
૫૨ શ્રી ઉપદેશ સપ્તતિકા ભાષાંતર.
૫૩ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર મૂળ.સાર્થ કથાઓ સહિત ભાગ ૧ લો.
૫૪ „ „ ભાગ ૨ જો.
૫૫ ચોસઠ પ્રકારની પૂજા અર્થ સહિત અને વિસ્તૃત વ્યાખ્યા.

## પરચુરણ પુસ્તકો

૧ પાંચ પ્રતિક્રમણ મૂળ ગુજરાતી મોટા ટાઇપ આવૃત્તિ ૪ થી
૨ „ શાસ્ત્રી „ „ ૪ થી
૩ બે પ્રતિક્રમણ „ „ „ ૭ મી
૪ „ ગુજરાતી „ „ ૭ મી
૫ સામાયિક ચૈત્યવંદન સૂત્રાર્થ ગુજરાતી
૬ ચૈત્યવંદન ચોવીસી (ચાર ચોવીસી)
૭ „(ત્રણ ચોવીશી) (આવૃતિ ૬ ઠ્ઠી)
૮ પંચ કલ્યાણક તથા પંચ જ્ઞાનની પૂજા
૯ સ્નાત્ર, સત્તર ભેદી, ૨૦ સ્થાનકની પૂજા.
૧૦ પૂર્વદેશ તીર્થ સ્તનાવળી.
૧૧ વર્દ્ધમાનદ્વાત્રિંશિકા મૂળ ટીકા અર્થયુક્ત.
૧૨ ધનપાળ પંચાશિકા „ „ „
૧૩ પાંચ પદની અનુપૂર્વી.
૧૪ પાર્શ્વનાથનો વિવાહલો.
૧૬ જૈન ડીરેકટરી ( ભાવનગરની )
૧૭ પ્રકરણાર્થ ગર્ભિત સ્તવનાદિ સંગ્રહ
૧૮ મનુષ્ય ભવની દુર્લભતાના દશ દ્રષ્ટાંતો.
૧૯ નવાણું યાત્રાનો અનુભવ. [ આવૃતિ ૨જી]
૨૦ આઠ દ્રષ્ટિની સઝાય અર્થ યુકત.
૨૧ સંબોધ સત્તરી મૂળ તથા ભાષાંતર.
૨૨ અઢાર પાપસ્થાનકઅને બાર ભાવનાની સઝાય અર્થસહિત.
૨૩ ક્ષમાકુલકાદિ સંગ્રહ.
૨૪ નવકાર મહાત્મ્ય તથા કુર્માપુત્ર ચરિત્ર
૨૫ તત્ત્વામૃત ગ્રંથનું ભાષાંતર.
૨૬ રત્નાકર પચ્ચીશી અનુવાદ સાથે
૨૭ કેટલાંક નહીં.
૨૯ શ્રી શબ્દભેદ પ્રકાશ. એકાક્ષરી કોષ
૨૯ શ્રી પર્વતીથિ વિગેરે સ્તવનાદિ સંગ્રહ.
૩૦ શ્રી ધમ્મિલ ચરિત્ર ભાષાંતર.
૩૧ શ્રી આનંદઘનજીકૃત ચોવીશી સાર્થ તથા વીશ સ્થાનક સંબંધી સર્વ સંગ્રહ
૩૨ આનંદ ઘનજીકૃત ચોવીશી સાર્થ
૩૩ શ્રી વીશ સ્થાનક સંબંધી સર્વ સંગ્રહ.
૩૪ શ્રી જૈન સાહિત્ય સંબંધી લેખો સંગ્રહ.
૩૫ અભિધાન ચિંતામણિ કોષ. મૂળ.
૩૬ સમકિત સલ્યોદ્ધાર ગુજરાતી.
૩૭ ગપ્પ દીપીકા સમીર (ઢુંઢક હિતશિક્ષા)
૩૮ ઉપમિતિ ભવપ્રપંચસંક્ષિપ્તનું ભાષાંતર.
૩૯ ચંદ્રશેખરનો રાસ.
૪૦ ઉપદેશમાળા ભાષાંતર.(૭૦ કથાઓયુક્ત)
૪૧ ચારે દિશાના તીર્થોની તીર્થમાળા

Aho ! Shrutgyanam

૪૨ માબાપોને
૪૩ શ્રી જૈનધર્મ પ્રસારક સભાની લાઇબ્રે-
રીનું લીસ્ટ. કક્કાવારી
૪૪ શ્રી ગુજરાતી દુહા સંગ્રહ
૪૫ સાધુસાધ્વી યોગ્ય આવશ્યકનાં સૂત્રોને
વિધિઓ આ. ૬ ઠ્ઠી
૪૬ પોસહ વિધિ. આ. ૫ મી
૪૭ ઉપધાન વિધિ. આ. ૪ થી.
૪૮ પુન્ય પ્રકાશનું સ્તવન.
૪૯ માંસાહારથી થતી હાનિ અને વનસ્પતિ
ખોરાકથી થતો લાભ
૫૦ દેવદ્રવ્ય વિષે નિબંધ.
૫૧ લગ્ન ( સૌ. ખેન મોંઘી. ગીરધર લગ્ન
સ્મારકમાળા મણકો ૧ લો)
૫૨ સીતારામ ચરિત્ર ભા. ૧ લો ,
મણકો ૨ જો.)
૫૩ તીર્થંકરોની નામાવળી.
૫૪ અક્ષયનીધિ તપની વિધિ. આવૃતિ ૨ જી
૫૫ શ્રી શત્રુંજય લઘુકલ્પ
૫૬ શ્રી પાક્ષિક સૂત્ર સાર્થ.
૫૭ શ્રી વર્ધમાન તપની વિધિ.
૫૮ શ્રી વીતરાગ મહાદેવ સ્તોત્ર.
૫૯ શ્રી નવપદની અનાનુપૂર્વી. આવૃત્ત ૨ જી
૬૦ ચાર પયન્ના મૂળ. આ. ૨ જી.
૬૧ પંચસૂત્ર સરળ વ્યાખ્યા સહિત.
૬૨ દ્રવ્યસિરી ટીકા બાળવબોધ યુક્ત.
૬૩ લોકતત્ત્વ નિર્ણય અર્થ યુક્ત.
૬૪ શુદ્ધ સિદ્ધાંત સમાચારી.
૬૫ સુભાષિત સ્તવનાવળી. ભાગ ૧ લો.
૬૬ ,, ,, ભાગ ૨ જો.
૬૭ સમકિત વિષે નિબંધ. હીન્દી.
૬૮ જંબુસ્વામિનો રાસ.
૬૯ કેશરીયાજી તીર્થનો વૃત્તાંત.
૭૦ મુન વૃદ્ધિચંદ્રજી ચરિત્ર.
૭૧ મહીપાલ ચરિત્ર.
૭૨ સંક્ષિપ્ત જૈન રામાયણ.
૭૩ યશોધરા ચરિત્ર.
૭૪ જયવિજય કથા.
૭૫ કલાવતી કથા.
૭૬ શુકરાજ ચરિત્ર.
૭૭ સરસ્વતી કથા.
૭૮ સુરપાળ કથા.
૭૯ બારવ્રતની કથા.
૮૦ છ મોટી કથા.
૮૧ તેર કાઠીયાની કથા
૮૨ ચંપક શ્રેષ્ઠી કથા
૮૩ રતિસાર ચરિત્ર
૮૪ વત્સરાજ ચરિત્ર
૮૫ નળદમયંતી ચરિત્ર
૮૬ સ્થૂળભદ્ર ચરિત્ર
૮૭ સુરસુંદરી ચરિત્ર.
૮૮ ગચ્છાચાર પયન્નો અનુવાદ સાથે.

Aho ! Shrutgyanam

# हिंदी कला अन जैन धर्म

[ લેખકઃ—શ્રીયુત રવિશંકર મહાશંકર રાવલ ]

હિંદી કળાનો અભ્યાસી જૈન ધર્મને જરાય ઉવેખી શકે નહિ. જૈન ધર્મ તેને મન કળાનો મહાન આશ્રયદાતા, ઉદ્ધારક અને સંરક્ષક લાગે છે. વેદકાળથી માંડી ઠેઠ મધ્યકાળ સુધી દેવદેવતાઓની કલાસૃષ્ટિના શણગારથી હિંદુ ધર્મ લદાઇ રહ્યો હતો. કાળ જતાં કળા ધીમે ધીમે ઉપાસના સ્થાનેથી પતિત થઇ ઇંદ્રીય વિલાસનું સાધન બની રહી. તે વખતે જાણે કુદરતે જ વક્રદૃષ્ટિ કરી હોય તેમ મુસલમાની આક્રમણોએ તેની એ સ્થિતિ છિન્નભિન્ન કરી નાખી, હિંદુ ધર્મે દારિદ્રય તથા નિર્બળતા સ્વીકારી લીધાં. સોમનાથ ખંડેર બની ઉભું. તે વખતે દેશની કળાલક્ષ્મીને પૂજ્ય અને પવિત્ર ભાવથી આશરો આપનાર જૈન રાજકર્તાઓ તથા જૈન ધનાઢ્યોનાં નામ અને કીર્તિ અમર રાખી કળાએ પોતાની સાર્થકતા સિદ્ધ કરી છે.

મહમુદની સંહારવૃષ્ટિ પુરી થતાં જ ગિરનાર, શત્રુંજય અને આબુનાં શિખરો પર કારીગરોના ટાંકણાં ગાજી ઉઠ્યાં અને જગત માત્ર વિસ્મયમાં ઠરી જાય એવી દેવનગરીઓ ઝળકી ઉઠી. દેશના કુબેરોએ આત્માની રસતૃપ્તિ દેવને ચરણે શોધી;–સુંગધ, રૂપ, સમૃદ્ધિ, સર્વ ધર્મમાં પ્રગટાવ્યાં, અને કળા-નિર્માણનું સાચું ફળ શાંતિ અને પવિત્રતા અનુભવ્યાં. પરિણામે કળા થોડા એક વિલાસી જીવોના એકાંતી આનંદનો વિષય નહિ પણ દરેક ધર્મપરાયણ મુમુક્ષુ માટે સર્વકાળ પ્રફુલ્લિત સુવાસિત પુષ્પ બની રહી. દરેક ધર્મ સાધક એ કળાસૃષ્ટિમાં આવી એકાગ્રતા, પવિત્રતા અને મનની સમાધાની મેળવતો થયો.

ધર્મદૃષ્ટિએ દેવાયતનો શ્રીમાનોને માટે દ્રવ્યાર્પણની યોગ્ય ભૂમિ બન્યાં. એ પૈસાથી તેમના પરિવાર વિલાસથી બચી તેઓ ખાનદાનીલર્યો ત્યાગ અને કુલગૌરવ સમજ્યા. એ ધનિકોના નિઃસ્વાર્થ અને ઉદાર દ્રવ્યત્યાગથી દેશમાં કારીગરો અને સ્થપતિઓનાં કુલો ફુલ્યાં ફાલ્યાં. અસંખ્ય શિલ્પીઓ-માંથી કોઇ ઇશ્વરી બક્ષીસવાળા હતા તે અદ્‌ભુત મૂર્તિવિધાયક થયા. સ્થાપત્ય કે મૂર્તિ, વેલ કે પૂતળી, દરેકના વિધાનની પાછળ એમની અતિશય ઉચ્ચ માનસવાળી અધ્યાત્મિક જીવનદૃષ્ટિનું ભાન થયા વિના રહેતું નથી. આબુ ઉપરની દેવ મહેલાતો, ગિરનાર પરના મોટા ઉઠાવનાં દહેરાં, કે શત્રુંજય પરનાં વિવિધ ઘાટનાં વિમાનો જોનારને આપણા આ યુગની કૃતિઓ માટે શરમ જ આવે છે. જૈનધર્મને કળાએ જે કીર્તિ અને પ્રસિદ્ધિ અપાવી તેથી હિંદ આખું મગરૂર છે અને એ દરેક ભારતવાસીનો અમર વારસો છે. પરંતુ એ કળાના હાલના વારસદારો–જૈન શ્રીમાનો–વારસાની કેવી કદર કરી શકે છે તેનો વિચાર કરીએ છીએ અને કળા વિષયક તેમની પ્રવૃત્તિનું અવલોકન કરીએ છીએ ત્યારે તેમની મનોદશાની અવનતિ જોઇ અત્યંત ક્લેશ થાય છે.

હિંદુ સ્થાપત્યના દરેક રૂપની પાછળ કંઇક સંકેત હોય છે, કોઇ ધાર્મિક ભાવ હોય છે; અને દેવાલયના બંધારણમાંથી તે દૂર કરતાં કોઇ મહાન ગ્રંથનું એકાદ પ્રકરણ ગુમ થયા જેવું લાગે છે, છતાં કમનસીબે આ જમાનાના સુશિક્ષિત જૈનો પણ આવી બાબતો પર દુર્લક્ષ કરી રહ્યા લાગે છે. હાલનાં મંદિરોના ઘાટમાં ક્રીશ્ચિયન ધર્મનાં રૂપો, સુશોભનો કે બીજા આકારો ઘુસી જતા જોઇને દરેક કલા મર્મવિદ્‌ને ખેદ થયા વિના રહેતો નથી, છતાં હાલનું જૈન સાહિત્ય એ વિષે ભયંકર

Aho ! Shrutgyanam

મૌન રાખે છે. દ્રાક્ષ, હનીસકલ ફુલ અને એકેન્થસ પાનનાં ડીઝાઇનો ગ્રીકકળામાં શોભે છે તેનાં કારણો છે. ગ્રીક લોકોના જીવનમાં દ્રાક્ષ અને એકેન્થસ કે હનીસકલ તેમના બગીચાની પ્યારી વનસ્પતિ હતાં. એ વસ્તુઓનું નિરૂપણ જૈન દેવળના સ્તંભોપર થાય ત્યારે જૈન કોમનું અજ્ઞાન પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થાય છે. જાહેર નફટાઇ કે અવિનય તરફ ખાનદાન લોકો જુએ તે જ નજરે એ પ્રવૃત્તિ જોઇ શકાય.

મંદિરોનાં રૂપ છોડી બીજી શોભા અને ભીંતશણગારમાં જૂના વખતના કામમાં જે ઔચિત્ય અને સુસંગતિ લાગે છે તે તત્ત્વોની જરાય સમજ ન હોય એવી રીતે હાલ જૈન મંદિરોમાં વિલાયતી લાદીઓ અને તૈલચિત્રો ઠારોઠાર ઉભરાવા લાગ્યાં છે. પાલીતાણાનાં દેવાલયો પર જૈન કુબેરોની અંધ ઉદારતાના પરિણામે વીસેક હજાર રૂપિઆનું પાણી કરી માનસવિકૃતિના નકશા જેવી એક તૈયાર કરવામાં આવેલી ચિત્રમાળા આ લેખકે જોઇ છે.

પૂર્વકાળની કથાઓ કુરૂપરીતે ચીતરાએલી પાત્રાવલેખન કે વસ્તુનિર્દેશમાં સાવ નાટકી અને ઉપસ્કર કે આભૂષણમાં છેલ્લી ફેશનોથી ભારોભાર ભરેલાં આ ચિત્રો જૈન આચાર્યોની સંમાતથી તૈયાર થયાં છે એ જાણીને દિલમાં હાહાકાર ઉઠે તો નવાઇ છે ? એક તરફ અજન્તા અને રાજપૂત કે મુગલ કળાની સૂક્ષ્મતાઓ પીછાનવા દુનિયા તલસી રહી છે તે જ દેશમાં આ જમાનામાં કળા અને સંસ્કૃતિનું વિરૂપ દર્શન જૈન કોમને શોભા આપશે કે ? જે પરદેશીઓ શત્રુંજયની કીર્તિ સાંભળી જોવા આવશે તેઓ હાલના જૈનો વિષે શી છાપ લઇ જશે ?

ધર્મ અને સંસ્કારના સુફળ રૂપે જે શુદ્ધ દૃષ્ટિ અને અવલોકન આવવાં જોઇએ તેનો અભાવ માત્ર જેમાં મુખ્ય દેખાય તે વસ્તુ ન જ આચરાય તો નુકશાન થવાનું નથી, કારણ કે યોગ્ય નિયામક અથવા યોગ્ય આચાર્યની દેખરેખ વિના કલાની પ્રવૃત્તિ અધોગતિ તરફ લઇ જનારી બને છે.

ચિત્રકળા અને સ્થાપત્યમાં જૈન કોમની બેદરકારી પર આટલી સહેજ ટીકા કર્યા પછી જૈન દેવાલયમાં થતાં સંગીત અને કાવ્યો વિષે પણ થોડું કહેવું જરૂરનું લાગે છે. નાટકમાંના રાજા જેવી બત્તીઓ પહેરી નૃત્ય કરતા કામણગારા છોકરાઓ, હારમોનિયમ માસ્તરની ઝપટ, નાટકના તાલ વાળા શૃંગારી રાહપર યોજાએલાં મામુલી પદો એક જાતનું વૈભવી વાતાવરણ ખડું કરે છે.

દીવાની ઝાકઝમાળ, ચળકતા હીરા તથા સોનાના મુગટ અને સ્વરોનો ધોંધાટ કઇ રીતે ચિત્તને વિરાગ અને શાંતિની હવા આપી શકતાં હશે એ પ્રશ્ન છે. જે વાસનાઓને દબાવવાની શબ્દોમાં વાતો થાય છે તે અપ્રત્યક્ષ રૂપે ત્યાં ભભુકતી લાગે છે. કદાચ લોકઆકર્ષણ અને ચિત્તરંજનના હેતુઓ દેવમંદિર મારફત તે સરે એવો કદાચ એ ધર્મચાલકોનો ઉદ્દેશ હોય તો તે માટે ઘણા સારા પ્રકારો સૂચવી શકાય. સંગીતના એકાદ ઉત્તમ જ્ઞાતાને સમયપર શાંત રીતે થોડાં ભક્તિમય પદો ગાવાની તક આપી શકાય તેવા પ્રવીણ પુરુષ મારફત બાળક બાળકીઓને સંગીતનું શિક્ષણ આપી તેમનાં જીવન વધુ સુરૂચિવાળાં બનાવી શકાય. મંદિરને લગતી પરસાળ કે ઓરડાઓમાં ચિત્રો અને વાચનના નવા થાળ વારંવાર મુકાય, જેથી લોકોમાં જ્ઞાન સંપર્ક વધે. જૈનકોમમાં કેળવણી ઘણી ફેલાતી જાય છે પણ જેને આપણે સ્વચ્છ વિચારશક્તિ કહી શકીએ તેનું દર્શન વિરલ થાય છે. આનું કારણ બંધીઆર સાહિત્યનું વાંચન માત્ર છે. બદલાતા જગતનો પરિચય અને વિગતો પર દરેક પ્રગતિમાન જીવે ધ્યાન આપવાની જરૂર છે.

જૈન કોમની કળાદૃષ્ટિનું વધુ ખરાબ પ્રદર્શન નગરમાં નીકળતા વરઘોડા પ્રસંગે થાય છે. વૈભવ દેખાડવાની વૃત્તિને લીધે ગાડી, ઘોડા, મોટર વગેરેની હારોની વાતો છોડી દઇએ; પણ બીલ-

Aho ! Shrutgyanam

કુલ નિસ્પૃહ ત્યાગમૂર્તિ જિનવરના વરઘોડાને અગ્રભાગે દાઢીવાળા લાલપીળા જામાવાળા નકલી હુઝર સોલ્જરો જેવા લાગતા બૅન્ડવાળાની ટોળી તો આપણા સંગીતપ્રેમની પરાકાષ્ઠા બતાવે છે. તેમાંથી ગગડતા રાગડાઓ–ભેંકડાઓ શહેરના પહેલી પાયરીના ગૃહસ્થોના કાનને શો મધુર આસ્વાદ કરાવતા હશે તે તો તેમની પાસેથી મીમાંસા સાંભળીએ ત્યારે જ સમજાય.

જૈન ગૃહસ્થોના શોખની ચીજો, તેમનાં દિવાનખાનાની સજાવટ અને ઘરમાંના નાના દેવમંદીરનાં યૂરોપી રાચરચીલાની વાત ન કરીએ પણ જૈન સન્નારીઓ જે શોખમાં સપડાતી દેખાય છે તે જોઇ કળાનું ભવિષ્ય વધુ ને વધુ કાળું ચીતરાતું લાગે છે. જિનવરના વરઘોડામાં પાછળ ચાલતી ગાડીઓમાં કાળી ધોળી કે કાબરચિત્રી ચામડીની કન્યાઓને પારસણ કે યૂરોપિયન કન્યાની હરીફાઇ કરતી તમે જોઇ છે ? એ કાન ઉપર લાલ કે ભુરી રીબનો, કાનમાં ઐરીંગ, શરીર પર જરી ચઢાવેલું ફ્રોક, હાથમાં બંડીઓ, પગમાં મોજાં અને બુટ–આ બધો ધર્મોત્સવનો પોશાક અને તેમની માતાઓ ધર્મનિમિત્તે કે લગ્ન નિમિત્ત જે અલંકારો અને શોભા ધારણ કરે છે તેના કાયદા સમજવાને વિશ્વકર્મા પણ અશક્ત નીવડે. ઉત્તમ રસવૃત્તિ, સમય, તોલ, રચના, કે અંગનું વ્યવસ્થિત હલનચલન જાણે પાપ હોય છતાં સોનું, હીરા, મોતી, રેશમ વગેરે ઉત્સવના મહાન અંગો હોય એવી જ છાપ જોનારને પડે છે. યૂરોપી વોયલની સાડીઓ, બે ખભા ખુલ્લા દેખાય માટે પીન, અને અટપટી ગુંથણીની ઝાલરો, ઝીક કસબ વાળી બાંયોમાંથી દેખાતા કડાંવાળા છુંદણાં પાડેલા કાળા હાથ અને ગમે તેમ ઉછળતા પંજા, રંગ અને આકૃતિના વિચારોમાં બળવો ઉભો કરે છે.

ધર્મને અંગે જેટલી કળા નિર્માણ પામી છે તેમાં એક અચુક કાયદો એ દેખાય છે કે અંતર બહારની એકરૂપતા ( sincerety ) તેની સર્વ પ્રવૃત્તિમાં ઉપર તરતી હોવી જોઇએ. પણ અહિં તો ધર્મોત્સવ પ્રસંગે અંગત સમૃદ્ધિનું જ પ્રદર્શન, બે હેતુઓમાં વિરોધ કરે છે. ધાર્મિક કલામાં સ્વાર્પણ છે સ્વાનુભોગ નથી. ઇંદ્રિયગમ્ય સર્વ રસો–ધૂપ, ગંધ, સંગીત, ચિત્ર, સ્વાદ; સર્વ અન્ય જીવોને માટે ગણાય છે. ધર્મ આચરનાર તો એ અર્પણ કરનાર જ બની રહે છે. તે નમ્ર અને ઉપાસક હોવાથી વૈભવનો ખ્યાલ પણ કરે નહિં; છતાં અવ્યવસ્થા અને સુરૂચિભંગને તે પાપ સમજે. દેવ સન્નિધ શાંતિ, વ્યવસ્થા, એકરૂપતા અને આનંદ સ્થાપનારાં સર્વ તત્ત્વો સાધવા તે કળાનો આશ્રય લે છે. કળા શિવાય બીજી કોઇ શક્તિ કે સાધન એથી વધુ યોગ્ય જણાયું નથી.

લેખકને જૈન ધર્મ જેટલું જ બીજા ધર્મ માટે કહેવાને કારણો છે; પણ તે પ્રસ્તુત વિષય નહિ હોવાથી બીજા ધર્મનો ઉલ્લેખ કર્યો નથી.

Aho ! Shrutgyanam

# વડોદરા નરેશનો જૈન સાહિત્ય-પ્રેમ

ભારતના વર્તમાન આર્યનૃપતિઓમાં વડોદરાધીશ શ્રીમાન સયાજીરાવ મહારાજની વિદ્યાવિલાસિતા અને સાહિત્યપ્રિયતા જગજાણીતી છે. એમણે પોતાની પ્રજામાં જ્ઞાન પ્રચાર માટે જેટલી લાગણી બતાવી છે અને જેટલી મહેનત લીધી છે તેટલી બીજા કોઈ નૃપતિએ લીધી નથી. કેવળ પોતાની પ્રજાની દૃષ્ટિએ જ નહિ પણ આખી ભારતીય પ્રજાના જ્ઞાન અને સંસ્કારના વિકાસ માટે પણ એમણે અનેકવિધ સાહિત્ય પ્રવૃત્તિઓ ઉભી કરી છે અને તે દ્વારા જ્ઞાનના વિવિધ પ્રદેશોના અભ્યાસના માર્ગો ખુલ્લા કર્યા છે. એ માર્ગોમાં એક માર્ગ ગ્રંથ પ્રકાશનનો પણ છે. વડોદરા રાજ્યની અને તે સાથે આખા ભારતની પ્રજા વિશ્વના વિવિધ વિષયો અને વિચારોનું જ્ઞાન મેળવી શકે તે માટે શ્રીમાને આખું એક પુસ્તક પ્રકાશન ખાતું જ ઉભું કર્યું છે, અને તે દ્વારા અનેક ગ્રંથો સંસ્કૃત, પ્રાકૃત, ગૂજરાતી, મરાઠી આદિ ભાષાઓમાં પ્રકટ કરાવ્યે જાય છે. શ્રીમાનના એ સાર્વદેશીય પુસ્તક પ્રકાશન કાર્યમાં જૈન સાહિત્યને પણ કેટલો બધો સારો ફાળો મળ્યો છે તેની એક ટુંક યાદી, જૈન સાહિત્ય સંશોધકના અભ્યાસિઓની જાણ ખાતર, અહિં આપીએ છિએ.

જૈનોની પ્રાચીન સંસ્કૃતિનું મુખ્ય કેન્દ્ર ગણાતું અને ગૂજરાતનું ગૌરવવંતુ જૂનું પાટનગર અણહિલપુર પાટણ શ્રીમાન સયાજીરાવ મહારાજના આધિપત્ય નીચે આવેલું હોવાથી, ત્યાંના જૂના જૈન ભંડારો તરફ શ્રીમાનની દૃષ્ટિ વળે એ સ્વાભાવિક હતું. તેથી શ્રીમાને પોતાની કારકીર્દીની બ્હેલી શુરુઆતમાં જ ગૂજરાતના જાણીતા વિદ્વેહી સાક્ષર શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદીને પાટણના ભંડારો તપાસવાનું અને તેમાંથી ઈતિહાસ, સાહિત્ય, તત્ત્વજ્ઞાન આદિની દૃષ્ટિએ જે ઉત્તમોત્તમ ગ્રંથ જણાય તેમનાં ગૂજરાતી મરાઠી ભાષાંતરો કરી કરાવી પ્રસિદ્ધ કરવાનું કામ સોંપ્યું. શ્રીમાનની આજ્ઞા પ્રમાણે સાક્ષર મણિલાલે પ્રથમ પાટણના બધા ભંડારો જોઇ કરી તેમાંના ભિન્નભિન્ન વિષયોના ગ્રંથોની એક યાદી બહાર પાડી અને તે સાથે ભાષાંતર કરવા લાયક કેટલાક ગ્રંથોની તારવણી કરી. એ તારવણીમાંથી લગભગ નીચે જણાવેલા પંદર ગ્રંથોનાં ભાષાંતરો છપાવી પ્રસિદ્ધ કરવામાં આવ્યાં.

| | | |
|---|---|---|
| ૧ | બુદ્ધિસાગર, | સંગ્રામસિંહકૃત. |
| ૨ | સમાધિશતક, | જિનસેન ગુણભદ્રકૃત. |
| ૩ | નીતિવ્યાકયામૃત, | સોમદેવસૂરિકૃત. |
| ૪ | ભોજપ્રબંધ, | |
| ૫ | ષડ્દર્શનસમુચ્ચય, | હરિભદ્રસૂરિકૃત. |

Aho ! Shrutgyanam

૬ કુમારપાલ પ્રબંધ, જિનમંડનોપાધ્યાયકૃત
૭ યોગાબંદુ, હરિભદ્રસૂરિકૃત
૮ અનેકાંત વાદપ્રવેશ ,,
૯ દ્વ્યાશ્રયમહાકાવ્ય, હેમચંદ્રાચાર્યકૃત
૧૦ વિક્રમચરિત્ર,
૧૧ સુકૃતસંકીર્તન, અરિસિંહકૃત
૧૨ કુમારપાલચરિત્ર, જયસિંહસૂરિકૃત
૧૩ ચતુર્વિંશતિપ્રબંધ રાજશેખરસૂરિકૃત
૧૪ **કાવ્યકલ્પલતા (મરાઠી)** અમરચંદ્રસૂરિકૃત
૧૫ **નીતિવાક્યામૃત** ,, સોમદેવસૂરિકૃત

એ સમય પછી જ્યારે સેંટ્રલ લાઇબ્રેરીના અંગે સંસ્કૃત ડીપાર્ટમેંટ ખોલવામાં આવ્યું અને તેના લાઇબ્રેરીયન તરીકે જૈન સાક્ષર સદ્‌ગત શ્રી ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલ એમ. એ. ની યોજના કરવામાં આવી ત્યારે શ્રીમાને ફરી એકવાર પાટણના જૈન ભંડારો ને વધારે બારીકીથી જોવા માટે ભાઇશ્રી દલાલને આજ્ઞા કરી. શ્રીયુત દલાલને પોતાના નિરીક્ષણમાં જણાયું કે એ ભંડારોમાં તો એટલી બધી અમૂલ્ય સંપત્તિ ભરી પડેલી છે કે તેને જો મૂળ રૂપમાં જ પ્રકટ કરવામાં આવે તો તેનાથી ભારતના પ્રાચીન જ્ઞાનભંડારનો જગતને વિશેષ ખ્યાલ આવે તેમ છે. તેથી તેમણે એક વિસ્તૃત વિજ્ઞપ્તિ-દ્વારા શ્રીમાનને એ બધી હકીકત નિવેદન કરી. તેના પરિણામે મહારાજાએ એક આખી જૂદી પૌર્વાત્ય ગ્રંથમાળા (ઓરિએન્ટલ સીરીઝ)જ ચાલુ કરવાની સ્વતંત્ર આજ્ઞા કરી. ભાઇશ્રી દલાલ જ એ ગ્રંથમાળાના પ્રથમ ઉત્પાદક અને સંપાદક બન્યા. તેમણે પાટણના ભંડારોમાંથી, પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ અને પ્રાચીન ગૂજરાતી ભાષાના અનેકાનેક ઉપયોગી અને અલભ્ય-દુર્લભ્ય ગ્રંથો ચુંટી કાઢયા. પાટણના જૈન ભંડારોના વિશેષ ગવેષક અને ઉદ્ધારેચ્છુક મુનિવર પ્રવર્તક **શ્રીકાંતિવિજયજી** મહારાજ અને તેમના સાહિત્યોપાસક શિષ્યવર **શ્રી** ચતુરવિજયજી મહારાજે ભાઈ શ્રીદલાલના કાર્યમાં ભંડારો જોવા કરવાની ઘણી અનુકૂળતા કરી આપી એટલું જ નહિં પણ જે ગ્રંથો ભાઇ દલાલે છપાવવા માટે નક્કી કર્યા તેમના સંશોધન કાર્યમાં પણ પ્રત્યક્ષ-અપ્રત્યક્ષ એવી અનેક પ્રકારની નિષ્કામ સહકારિતા કરી બતાવી. એ ગ્રંથમાળાનો પ્રારંભ થયો ત્યારે આ પંક્તિઓનો લેખક પણ કેટલાક સમયસુધી વડોદરામાં સ્થિત હતો. શ્રી ચિમનલાલે એક સાથે અનેક ગ્રંથોનું સંપાદન, સંશોધન અને મુદ્રણકાર્ય ચાલુ કર્યું હતું. તેમાંથી એક મોટા ગ્રંથનું-**સોમપ્રભાચાર્ય** વિરચિત પ્રાકૃત **કુમારપાલ પ્રતિબોધનું**-સંશોધન કાર્ય અમને, તથા **મંત્રી યશઃપાલ વિરચિત મોહરાજપરાજય** નામના નાટક ગ્રંથનું કાર્ય મુનિવરશ્રી ચતુરવિજયજીને પણ વળગાડયું હતું. કમનસીબે ભાઇશ્રી દલાલનું અકાળે અવસાન થયું અને તેથી તેમના અથાગ પરિશ્રમ અને ઊંડા અભ્યાસનું જે સુંદર ફળ

Aho ! Shrutgyanam

જૈન સાહિત્યના પ્રકાશનને મળવાનું હતું તે એક રીતે અકાળે જ કરમાઈ ગયું. છતાં શ્રીમાન મહારાજની શુભ જ્ઞાનનિષ્ઠાથી એ કાર્ય આગળ ચાલુ જ છે અને એમાં એક સુયોગ્ય જૈન પંડિત શ્રીયુત લાલચંદ ભગવાનદાસ ગાંધીની સેવા ભળેલી છે તેથી હજી પણ જૈન ગ્રંથોને એ ગ્રંથમાળામાં આદર મળતો રહેશે એવી આશા છે.

એ ગ્રંથમાળામાં અદ્યાવધિ નીચે જણાવેલાં જૈન ગ્રંથરત્નો ઉત્તમ રીતે પ્રકટ થયાં છે અને દેશવિદેશના પ્રસિદ્ધ પુસ્તકાલયોમાં સુંદર સ્થાન પામ્યાં છે.

૧ *જૈનમહામાત્ય વસ્તુપાલ વિરચિત **નરનારાયણાનન્દ કાવ્ય.**

૨ *બાલચંદ્રસૂરિ વિરચિત **વસન્તવિલાસ કાવ્ય.**

૩ મંત્રી યશઃપાલ વિરચિત **મોહરાજપરાજય નાટક**

સંશોધક મુનિ ચતુરવિજયજી.

૪ સોમપ્રભાચાર્ય વિરચિત **કુમારપાલ પ્રતિબોધ.**

સંશોધક મુનિ જિનવિજયજી.

૫ *જયસિંહસૂરિ રચિત **હમ્મીરમદમર્દન નાટક.**

૬ *અનેક વિદ્વાનકૃત સંગ્રહ **પ્રાચીનગૂર્જર કાવ્યસંગ્રહ**

૭ *ધનપાલ પંડિતકૃત **પંચમીકહા** (અપભ્રંશગ્રંથ )

૮ *રામચંદ્ર વિદ્વાનકૃત **નલવિલાસ નાટક.**

સંશોધક પંડિત લાલચંદ ભ. ગાંધી

૯ **જૈસલમેરીય જૈન ગ્રન્થભણ્ડાર સૂચિ** ( દલાલ અને ગાંધી )

હાલ છપાતા ગ્રંથો

૧૦ **અપભ્રંશ કાવ્યત્રયી**

૧૧ **ન્યાય પ્રવેશસટીક (હરિભદ્રકૃત ટીકાયુક્ત)**

૧૨ **પાટણના ભંડારોની ગ્રંથસૂચિ.**

ઉપરની યાદીમાં જે નામ છે તે તો ખાસ જૈન વિદ્વાનોના બનાવેલા જૈન ગ્રંથોનાં જ છે. એ ઉપરાંત અજૈન વિદ્વાનોના બનાવેલા, પણ ખાસ જૈન ભંડારોમાંથી જ મળી આવેલા–જૈન ભંડારો સિવાય બીજે કોઇ ઠેકાણે નહિ જણાએલા–એવા જે ગ્રંથો એ ગાયકવાડસ ઓ. સીરીઝમાં છપાએલા છે, તેમની સંખ્યા તો એ કરતાંય વધારે છે. જગદ્-દુર્લભ્ય એ ગ્રંથોને કાળના મુખમાંથી આજસુધી સાચવી રાખવાનું મહત્પુણ્ય જેમ જૈન જ્ઞાન ભંડારના સંરક્ષકોને ઘટે છે તેમ અંધકારાચ્છાદિત ભૂગર્ભમાંથી બહારકાઢી ફરી જગત આગળ મૂકવાનું સત્પુણ્ય વડોદરા નરેશ શ્રી સયાજીરાવને ઘટે છે. તથાસ્તુ.

---

* આ નિશાનીવાળા ગ્રંથો સદ્ગત દલાલનાં સંપાદિત કરેલાં છે.

Aho ! Shrutgyanam

# આહાર શુદ્ધિ અને રસત્યાગ

[ લે. શ્રીયુત વાલજી ગોવિંદજી દેસાઈ. બી. એ. એલએલ. બી. ]

અહિંસા તથા સંયમની દૃષ્ટિએ આહારશુદ્ધિનો વિચાર જૈન લોકોએ કર્યો છે એટલો કદાચિત્ બીજા કોઇએ નથી કર્યો. એટલે સાધુજીવનને અંગે જીભનું વશીકરણ કેટલું મહત્ત્વનું છે એ વિષયે જૈનશાસ્ત્ર શું સાક્ષી પૂરે છે એનું સહજ દિગ્દર્શન કરવાની આ સ્થળે ધારણા છે.

ઉત્તરાધ્યયન સૂત્રના સોળમા અધ્યયનમાં બ્રહ્મચર્યનાં દશ સમાધિસ્થાન, અર્થાત્ સાધન, ગણાવ્યાં છે. ત્યાં કહે છે—

**पणीयं भत्तपाणं तु खिप्पं मयविवड्ढणं । बंभचेररओ भिक्खू निच्चओ परिवज्जए ॥७॥**

**(प्रणीतं भक्तपानं तु क्षिप्रं मदविवर्धनम् । ब्रह्मचर्ये रतो भिक्षुर्नित्यशः परिवर्जयेत् ॥)**

( સાધુએ પ્રણીત અર્થાત્ જેમાં ઘી વગેરે રસ હાલી મળ્યા હોય એવું, અને તત્કાળ વાસનાને ઉત્તેજનારું પાનપાન હમેશાં વર્જવું. )

**धम्मलद्धं मियं काले जत्तत्थं परिहाणवं । नाइमत्तं तु भुंजेज्जा बंभचेररओ सया ॥८॥**

**(धर्मलब्धं मितं काले यात्रार्थं प्रणिधानवान् । नातिमात्रं तु भुञ्जीत ब्रह्मचर्यरतः सदा ॥)**

( સાધુએ સ્વસ્થચિત્તે યોગ્યસમયે પ્રમાણમાં અને કેવળ સંયમના નિર્વાહને અર્થે ધર્મમાર્ગે મળેલ અન્ન ખાવું, પ્રમાણથી વધારે પડતું ન ખાવું. )

સૂત્રકૃતાંગ સૂત્રના પ્રથમ સ્કંધના સાતમા અધ્યાયમાં કહે છે:—

**भारस्स जाता मुणि भुंजएज्जा ।**

(ભાર એટલે સંયમભારની યાત્રા એટલે નિર્વાહ તેને અર્થે સાધુએ આહાર લેવો.)

જિનમંડન કૃત શ્રાદ્ધગુણ વિવરણમાં આવે છે:-

**भोज्यं कार्यं प्राणसंधारणार्थम् ।** ( પ્રાણ ટકાવાને અર્થે ખાવું. )

આહારનું પ્રમાણ કેટલું હોય એ વિષયે પણ બીજા ગ્રંથમાં કહી દીધું છે:-

**द्वात्रिंशाः कवलाः पुंस आहारस्तृप्तये भवेत् । अष्टाविंशतिरेवेष्टाः कवलाः किल योषितः ॥**

( પુરુષનો આહાર બત્રીશ કોળિયા અને સ્ત્રીનો અઠ્ઠાવીશ કોળિયા. )

દશ બાર રોટલીનું પડીકું વાળીને એક સપાટે ગળે ઉતારીને રખેને કોઇ એને એક કોળિયો ન ગણાવે એટલાસારું આશાધર પંડિત કહે છે:-

Aho ! Shrutgyanam

*ग्रासोऽश्रावि सहस्रतण्डुलमितो द्वात्रिंशदेतेऽशनम् ।

ઉત્તરાધ્યયનના સત્તરમા અધ્યયનમાં પાપશ્રમણ અર્થાત્ દુષ્ટ સાધુનું વર્ણન આવે છે, ત્યાં કહે છે—

दुद्धदहीविगईओ आहारेइ अभिक्खणम् । ( ધ, દહિં, ઘી વગેરે વારંવાર ખાય. )

ત્રીસમા અધ્યયનમાં છ પ્રકારના બાહ્ય એટલે શારીરિક તપ ગણાવ્યાં છે, તેમાં ચોથું રસપરિત્યાગ આવે છેઃ—

खीरदहिसप्पिमाई पणीयं पाणभोयणं । परिवज्जणं रसाणं तु भणियं रसवज्जणं ॥२६॥
( क्षीरदधिसर्पिरादि प्रणीतं पानभोजनम् । परिवर्जनं रसानां तु भणितं रसवर्जनम् )

( રસત્યાગ એટલે દૂધ, દહિં, ઘી, ગોળ પકવાન્ન વગેરે વર્જવાં તે. )

આ જ તપને વિષયે આશાધર કહે છેઃ—

[1]त्यागः क्षीरदधीक्षुतैलहविषां + + + रसपरित्यागस्तपोऽनेकधा ।

( દૂધ, દહિં, ઇક્ષુ એટલે શેરડી, ગોળ, ખાંડ, સાકર, વગેરે તેલ તથા ઘીનો ત્યાગ તે રસપરિત્યાગ. )

જૈનશાસ્ત્રોમાં માંસ, મદ્ય, માખણ, અને મધ આ ચાર વસ્તુને મહાવિકૃતિ કહેલ છે ને સર્વથા ત્યાજ્ય ગણેલ છે. એમાં અહિંસાદૃષ્ટિ પ્રધાન છેઃ—

[2]मधु मद्यं नवनीतं पिशितं च महाविकृतयस्ताः ।

આ ઉપરાંત દૂધ, દહિં, ઘી, તેલ, ગોળ અને પકવાન્ન (ઘી તેલમાં તળેલ પદાર્થો) ને પણ વિકૃતિ ગણીને એકંદર દશ વિકૃતિઓ માનેલ છે, અને વિકૃતિમાત્રનો ત્યાગ સૂચવ્યો છે.

મિષ્ટાન્નનો ત્યાગ જાણે ઠીક, પણ દૂધાદિના ત્યાગની વાત સાંભળતાં જ આજ આપણને કંપ છુટશે, પણ ધર્મ તો અસિધારા કરતાંય વસમો છે.

'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જો ને.'

વર્ધમાનસ્વામીને મહાવીર કહ્યા તે યોગ્ય હતું. માણસને મારવા કરતાં મનને મારવામાં વિશેષ વીરત્વ જોઇએ છે, અને દિગ્વિજયી જિતેન્દ્ર કરતાં જિતેન્દ્રિયની પદવી કયાંય ઊંચી છે.

દૂધ ને દૂધજન્ય પદાર્થો સદોષ છે એમાં લેશમાત્ર શંકા નથી. શંકા રહી જતી હોય તો સાંભળોઃ—

---

* अनगारधर्मामृत ७-२२. १ ત્યાંજ ૨૭. ૨ અમૃતચન્દ્ર કૃત પુરુષાર્થસિદ્ધ્યુપાય ૭૧. उत्पद्यन्ते विलीयन्ते सुसूक्ष्मा जन्तुराशयः । सप्तग्रामेषु यत्पापमग्निना भस्मसात्कृते । तदेतज्जायते पापं मधुबिन्दुप्रभक्षणात् ॥ શ્રાદ્ધ ગુણવિવરણ.

Aho ! Shrutgyanam

" Milk is now used by the Allies to stimulate all of their soldiers before they go into battle. The Teutons serve their men with beer, but the Allies, on the Western front, thanks to the discovery of the Pasteur Institute in Paris, have found that milk is not only a helpful food, but one of the most powerful stimulants known. .....

Milk is now seen to contain some mysterms and magic power, not only whipping up the living tissues, but holding them pleasantly to the task without the subsequent reaction and collapse so usual with strychnine, qunine, ergot and other artificial stimulants. .....The French Government realising this has issued orders to pusp the sale of milk " Hoards Dairayman.

( રણક્ષેત્ર ઉપર જાતા પહેલાં જર્મની સિપાઇઓને દારૂ આપે છે એ જ ઠેકાણે મિત્રરાજ્યો દૂધ આપે છે, કારણ એના જેવો ઉત્તજક પદાર્થ બીજો એકે નથી.....

બીજા કૃત્રિમ ઉત્તજકના ઉપયોગમાં પાછળથી પ્રત્યાઘાત અને અધઃપાત થાય છે તે દૂધમાં નથી થાતો. )

એટલે દૂધાદિનો ત્યાગ અવશ્ય ધર્મ છે. પણ તીર્થંકરોએ લાંબા ઉપવાસનું પારણું દૂધે જ કરતા એમ લાગે છે, એટલે એ ધર્મનું આચરણ આ કઠણ કલિકાલને વિષયે જેનું તેનું કામ નથી. એ ધર્મના પાળનાર મહારથીઓને સહસ્રવાર વન્દન હો.

Aho ! Shrutgyanam

# શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનો સમય

[લેખક—શ્રીયુત મોહનલાલ ભગવાનદાસ ઝવેરી; બી. એ. એલ્‌એલ્‌. બી. સોલીસીટર]

પ્રારંભમાં જ જણાવવું આવશ્યક છે કે આ લેખ, શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ જેમણે, શ્રી વિશેષાવશ્યક ભાષ્ય, જીતકલ્પ, વિશેષણવતી, બૃહત્સંગ્રહણી તથા બૃહત્ક્ષેત્રસમાસાદિ* ગ્રન્થો પ્રાકૃત અર્થાત્ આગમની અર્દ્ધમાગધી નામે ઓળખાતી ભાષામાં રચ્યા છે, તેમના સમય સંબંધી અજવાળું પાડતું સઘળું સાહિત્ય તપાસી કોઈ અંતિમ નિર્ણય કરવાના હેતુથી લખાયો નથી. આ લેખનો એવો ઉદ્દેશ નથી. પરંતુ તેમના સમય નિર્ણયના કાર્યમાં સહાયભૂત થાય તેવી કેટલીક બાબતો જે તરફ લેખકનું ધ્યાન ખેંચાયું છે તેનો ઉલ્લેખ કરી રજુ કરેલા મુદ્દાઓ પરથી જે તાત્કાલિક નિર્ણય દોરી શકાય તે દર્શાવવાનો છે. આ સર્વ એવી આશાથી વાંચકવર્ગ સમક્ષ મૂકવામાં આવે છે કે તે વાંચી તેની તરફેણની તેમ જ વિરુદ્ધની વિગતો બીજા વિદ્વાનો રજુ કરે અને એ રીતે શ્રીમાનના સમય નિર્ણયની પ્રમાણભૂત સામગ્રી એકત્રિત થાય અને તેમનો સત્તા સમય છેવટનો નિર્ણય થઇ શકે.

આ લેખમાં શ્રી જિનભદ્રગણિજીનો સમય ચર્ચતાં વાસવદત્તાકાર સુબંધુ, કાદંબરીકાર બાણભટ્ટ, બૌદ્ધ ન્યાયવાદી ધર્મકીર્તિ, દિગંબર વાદીપ્રવર શ્રીઅકલંકદેવ તથા પ્રસિદ્ધ મીમાંસક કુમારિલભટ્ટના સમયની પણ ચર્ચા કરી છે.

શ્રી વિશેષાવશ્યક જે શ્રી આવશ્યક સૂત્રના સામાયિકાંશ પર ભાષ્યરૂપે શ્રી જિનભદ્રગણિજીએ રચ્યું છે તેમાં આવતી નીચલી ગાથા શ્રીમાનના સમય નિર્ણયની આ લેખની ચર્ચામાં કેંદ્રરૂપ છે, તેથી અત્ર પ્રથમ જ આપવી ઉચિત છે.

**जहवा निदिट्ठवसा वासवदत्ता तरंगवइयाइं ।**
**तह निद्देसगवसओ लोए मणुक्खवाउ त्ति ॥१५०॥**

આ ગાથામાં વાસવદત્તા તથા તરંગવતીનો સ્પષ્ટ ઉલ્લેખ છે. તરંગવતી એ નિર્વાણકલિકાકાર શ્રી પાદલિપ્તસૂરિની સુપ્રસિદ્ધ આદિ નવલકથા (Novel) છે. એ સંબંધી વિશેષ ઉલ્લેખ અત્ર કરવો જરૂરી નથી. વાસવદત્તા એ સુબંધુએ રચેલી આખ્યાયિકા છે અને એક ગદ્ય કાવ્યના અતિ સુંદર સ્વરૂપમાં છે. કહેવાય છે કે બાણભટ્ટે કાદંબરીની શૈલી આ ગ્રંથ પરથી લીધેલી. બાણભટ્ટ સ્વરચિત હર્ષચરિતમાં વાસવદત્તાનો આ પ્રમાણે ઉલ્લેખ કરે છે.

* શ્રી જિનભદ્રગણિજીએ વિશેષાવશ્યકની સ્વોપજ્ઞ ટીકા રચી છે જે દુર્લભ છે. તે ઉપરાંત એમની સંદિગ્ધ કૃતિઓમાં ધ્યાનશતક તથા નિશીથભાષ્ય છે.

Aho ! Shrutgyanam

कवीनामगलद्दर्पो नूनं वासवदत्तया ।
शक्त्येव पाण्डुपुत्राणां गतया कर्णगोचरम् ॥

હવે બાણભટ્ટે હર્ષચરિતમાં જુદી જુદી ઘટનાઓનું જે આબેહૂબ વર્ણન કર્યું છે તે પરથી તેમ જ કેટલાક અન્ય પ્રમાણોથી વિદ્વાનો એ નિર્ણય પર આવ્યા છે કે બાણભટ્ટ કનોજના પ્રસિદ્ધ મહારાજા શ્રી હર્ષદેવનો સમકાલીન અને આશ્રિત હતો. શ્રી હર્ષદેવનો રાજ્યકાલ ઈ. સ. ૬૩૨ થી ઈ. સ. ૬૪૫ નો નિર્ણીત થયેલો છે+ તેથી બાણભટ્ટનો સત્તા સમય પણ તે જ નક્કી થાય છે. વાસવદત્તાએ બાણભટ્ટના સમયમાં અત્યંત પ્રસિદ્ધિ મેળવેલી એમ ઉક્ત પ્રશંસાથી માલમ પડે છે. તેથી એ માનવું યોગ્ય ગણાશે કે વાસવદત્તા બાણભટ્ટના હર્ષચરિતની પૂર્વે થોડાંઘણાં વર્ષો પહેલાં રચાઈ હશે. આપણે તેથી વાસવદત્તાના સમયની નીચલી સીમા ઈ. સ. ૬૪૦ આસપાસની આંકી શકીયે. ઉક્ત સમય વાસવદત્તામાં આવતા કેટલાક ઉલ્લેખો પરથી તેનો યોગ્ય સમય છે એમ લાગે છે. વાસવદત્તામાં આ પ્રમાણે ઉપયોગી ઉલ્લેખો આવે છે. વાસવદત્તાકાર સુબંધુ આખ્યાયિકાની નાયિકા વાસવદત્તાના વર્ણનમાં આ ઉપમા યોજે છે:—

'बौद्धसंगतिमिवालंकारभूषिताम्'

એ ઉપર વાસવદત્તાનો ટીકાકાર શિવરામ ટીકામાં વિવેચન કરતાં લખે છે કે:—

"बौद्धसंगतिमिवालंकारो धर्मकीर्तिकृतो ग्रन्थविशेषस्तेनभूषिताम्"[1]

બૌદ્ધ ધર્મકીર્તીકૃત કોઈ ગ્રંથનો અત્ર ઉલ્લેખ છે એમ ટીકાકારનું માનવું છે.

બૌદ્ધ ધર્મકીર્તિનો પરિચય ચીનાઈ યાત્રી હુએનસંગ પોતાના પ્રવાસવૃત્તમાં આપે છે. ઉક્ત યાત્રી ભારતમાં આવી ઈ. સ. ૬૩૫ માં નાળંદાના વિદ્યાપીઠમાં પહોંચ્યો અને ત્યાં રહી વિદ્યાભ્યાસ કર્યો. તે પોતાના પ્રવાસવૃત્તમાં આચાર્ય ધર્મપાળ અને ન્યાયવાદી ધર્મકીર્તિનો પરિચય ગુરુશિષ્ય તરીકે આપે છે. ચીનાઈ યાત્રી હુએનસંગે ધર્મપાળના બીજા શિષ્ય શીલભદ્ર પાસે અભ્યાસ કર્યો. એથી ન્યાયવાદી ધર્મકીર્તિનો સમય પણ ઈ. સ. ૬૩૫ લગભગનો ઠરે છે. પરંતુ એમ પણ અનુમાન થઈ શકે છે કે ધર્મકીર્તિનો આ ઉત્તરાવસ્થાનો સમય હતો, અને કેટલાંક વર્ષો પહેલાં તેણે રચેલા કોઈ ગ્રંથની રચના પર મોહિત થઈ વાસવદત્તાકાર તેને ઉપમાન તરીકે યોજે છે. પરંતુ એ બૌદ્ધ ગ્રંથ એ પ્રમાણે પ્રસિદ્ધિ મેળવે અને સુબન્ધુ મીમાંસકને[2] કર્ણે તેની

+ ડૉ. પિટર્સન વિગેરે તેનો રાજ્યકાળ ઈ. સ. ૬૦૬ થી ૬૪૮ નો મૂકે છે.

૧ ધર્મકીર્તિએ સન્તાનાન્તર સિદ્ધિ ગ્રંથ રચ્યો છે જે સન્તાન=સંતતિ નામે કદાચ ઓળખાતો હોય અને **संगति** એ **संतति**ને સ્થાને ભૂલ હોય.

૨ સુબંધુ વાસવદત્તામાં એક સ્થળે **"केचिज्जैमिनिमतानुसारिण इव तथागतमतध्वंसिभिः"** એમ લખી મીમાંસકોને બૌદ્ધ મતનો ધ્વંસ કરતા આલેખ્યા છે તેથી સુબંધુ મીમાંસક હતો એમ સહજ અનુમાન થાય છે.

Aho ! Shrutgyanam

ખ્યાતિ પહોંચે તેટલા અંતરમાં દશ પંદર વર્ષ અવશ્ય થયલાં હોવાં જોઈએ. વાસવદત્તા રચવાનો સમય તેથી ઇ. સ. ૬૨૫ થી ઈ. સ. ૬૪૦ સુધીનો ધારી શકાય. વાસવદત્તાનો સમય ઈ. સ. ૬૪૦ ની લગભગનો નિશ્ચિત કરનારા તેની અંદર જ આવતા બીજા બે ઉલ્લેખો છે જે પ્રસિદ્ધ દિગંબર નૈયાયિક શ્રી અકલંકદેવની રચેલી અષ્ટશતી નામની કૃતિનું મીમાંસક કુમારિલભટ્ટે કરેલ ખંડનને લક્ષીને છે. તે ઉલ્લેખો નીચે પ્રમાણે છે–

'मीमांसान्याय इव पिहितदिगम्बरदर्शनः' ( पृ. ४३ कलकत्ता )

'મીમાંસા ન્યાયની જેમ દિગંબર દર્શનને ઢાંકી દેતો.'

'मीमांसकदर्शनेनेव तिरस्कृतदिगम्बरदर्शनेन' ( ,, १३१ )

મીમાંસા દર્શન વડે તિરસ્કૃત દિગંબર દર્શનની જેમ.'

અને આ ઉલ્લેખોનું લક્ષ્ય અને રહસ્ય દર્શાવવા એ જણાવવું જરૂરી છે કે પ્રસિદ્ધ દિગંબર નૈયાયિક ગંધહસ્તિ ભાષ્યકાર સમંતભદ્રે[૩] આપ્તમીમાંસા નામે ૧૧૪ શ્લોકનો ગ્રંથ રચ્યો. ગંધહસ્તિ ભાષ્ય ૮૪૦૦૦ શ્લોકપ્રમાણ હતું એવી માન્યતા છે. પરંતુ તે કોઇ પણ સ્થળે ઉપલબ્ધ નથી. કેટલાક ઇતિહાસ તત્ત્વગવેષકો એમ માને છે કે, માત્ર દંતકથા સિવાય એ માન્યતામાં વિશેષ કંઇ નથી. આપણને જો કે અત્રે એ ચર્ચા સાથે સંબંધ નથી તો પણ એ વિષયની ચર્ચામાં ઉપયોગી થતા એકાદ બે ઉલ્લેખ ધર્મભૂષણકૃત ન્યાયદીપિકામાંથી[૪] આપું છું જેથી એ વિષયમાં કંઇક હજુ પણ શોધખોળ કરવા જેવું છે એમ માલમ પડશે.

तद्वाच्यं 'तत्रात्मभूतमग्नेरौष्ण्यमनात्मभूतं देवदत्तस्य दण्डः'

यदुक्तं स्वामिभिर्महाभाष्यस्यादावाप्तमीमांसाप्रस्तावे–

"सूक्ष्मान्तरितदूरार्थाः प्रत्यक्षाः कस्यचिद्यथा ।
अनुमेयत्वतोऽग्न्यादिरिति सर्वज्ञसंस्थितिः ॥"

વળી ચાદમા શતકમાં થયલા કવિ હસ્તિમલ્લના "વિક્રાંત કૌરવ" નાટકમાં આ ઉલ્લેખ છે:—

तत्त्वार्थसूत्रव्याख्यानगन्धहस्तिप्रवर्तकः ।
स्वामी समन्तभद्रोऽभूद्देवागमनिदेशकः ॥

૩ આપ્તમીમાંસા ઉપરાંત સમંતભદ્રે યુક્ત્યનુશાસન, સ્વયંભૂસ્તોત્ર, જિનસ્તુતિશતક, અને રત્નકરંડક સટીક નામના ગ્રંથો રચ્યા છે. પ્રખર નૈયાયિક તરીકે તેમની ઘણી ખ્યાતિ છે. અનુપલબ્ધ ગ્રંથો જીવસિદ્ધિ, તત્ત્વાનુશાસન, પ્રાકૃત વ્યાકરણ, પ્રમાણપદાર્થ, કર્મપ્રાભૃતટીકા, ગન્ધહસ્તિ મહાભાષ્ય છે.

૪ આ ગ્રંથ શક સં. ૧૩૦૭–વિ. સ. ૧૪૪૨ માં રચાયો. તેના કર્તા અભિનવધર્મભૂષણ નામે ઓળખાય છે.

૫ શ્રીયુત પં. નાથુરામજી પ્રેમી તથા બાબુ જુગલ કિશોરજી મુખ્તારે આ વિષયમાં ઘણું લખ્યું છે અને એના અંગે મળી આવતાં બધાં સાધક બાધક પ્રમાણોનો સવિશેષ વિચાર કર્યો છે.–સંપાદક.

Aho ! Shrutgyanam

વિશેષમાં મલ્લિષેણસૂરિએ વિ. સં. ૧૩૪૯ માં રચેલી સ્યાદ્વાદ મંજરીમાં આ ઉલ્લેખ છે:—

**' यद्यप्यवयवप्रदेशयोर्गन्धहस्त्यादिषु भेदोऽस्ति तथापि नातिसूक्ष्मेक्षिका चिन्त्या '**

આ સ્થળે જણાવવું જરૂરી છે કે સિદ્ધસેન દિવાકર ગન્ધહસ્તિ કહેવાતા હતા, અને આચારંગના પ્રથમ અધ્યયન પર તેમનું રચેલું વિવરણ ગન્ધહસ્તિ વિવરણ કહેવાતું હતું; જો કે આજે તે ઉપલબ્ધ નથી. (**संमतितर्क विभाग १ लो, संपादकीय निवेदन** पृ. ११) એથી ખાસ કરીને શ્વેતાંબર ગ્રંથોમાં તે સંબંધમાં આવતા ઉલ્લેખો કયા ગન્ધહસ્તિભાષ્યને ઉદ્દેશીને છે તે નક્કી કરવું મુશ્કેલ છે. આ ઉપરથી ગન્ધહસ્તિ મહાભાષ્યની સંભાવના થઈ શકે છે.

આપ્તમીમાંસા પર દિગંબર વાદીપ્રવર અકલંકદેવે[૧] અષ્ટશતી નામની વ્યાખ્યા રચી. આ અષ્ટશતીનો " **आज्ञा प्रधाना हि—**" ઈત્યાદિ ભાગ લઈ કુમારિલભટ્ટે પોતાના શ્લોકવાર્તિકમાં ખંડન કર્યું છે. એ આક્ષેપોનો પ્રત્યુત્તર અકલંકદેવે પોતે આપ્યો નથી અને તેમના શિષ્ય વિદ્યાનંદે[૨] અષ્ટ સહસ્રીમાં આપ્યો. તેથી એવું અનુમાન થાય છે કે અકલંકદેવ કુમારિલ પહેલાં જ સ્વર્ગસ્થ થયા હશે.

હવે પં. બેચરદાસ જૈનદર્શનની પ્રસ્તાવનામાં (પૃ. ૧૦૨) લખે છે કે:—"એ જ યાત્રીએ (ઈત્સિંગે) પોતાના દેશમાં જઈને ઈ. સ. ૬૯૫ માં લખેલા પ્રવાસવર્ણનમાં શ્રી ભર્તૃહરિનો મૃત્યુસમય ઇ. સ. ૬૫૦ નો નોંધેલો છે. પ્રસિદ્ધ મીમાંસક કુમારિલે તંત્રવાર્તિકમાં (પૃ. ૨૦૯–૨૧૦) પોતાના પૂર્વવર્તી વૈયાકરણ ભર્તૃહરિના મતનું આલોચન કરેલું છે. એટલે એ મીમાંસક ઇ. સ. ૮ મી સદીમાં (પૂર્વાર્ધમાં) થએલા હોવા જોઇએ." પરંતુ એ કાંઈ નિશ્ચાયત્મક પ્રમાણ માલમ પડતું નથી. કોઈપણ સમાલોચક માટે પોતાના પૂર્વવર્તી ગ્રંથકારની સમાલોચના જેટલી શક્ય છે તેટલી જ સમકાલીન ગ્રંથકારની સમાલોચના શક્ય છે. તેથી કુમારિલભટ્ટનું અસ્તિત્વ ઇ. સ. ૬૫૦ ની આસપાસનું હોય એ શક્ય છે. અને જ્યારે કુમારિલ અકલંક સાથે, અને કુમારિલ અને

૧ અષ્ટશતી ઉપરાંત રાજવાર્તિક નામનું તત્ત્વાર્થભાષ્ય, ન્યાયવિનિશ્ચય, સિદ્ધિવિનિશ્ચય, લઘીયસ્ત્રયી, બૃહત્ત્રયી, ભાષામંજરી, તથા સ્વરૂપ સંબોધનઃ એ એકલંક દેવના લભ્ય ગ્રંથો છે. ન્યાયચૂલિકા એમણે રચી સંભળાય છે. અકલંકસ્તોત્ર તથા અકલંક પ્રાયશ્ચિત્ત એ અકલંકદેવની સંદિગ્ધ કૃતિઓ છે. સિદ્ધિવિનિશ્ચય ગ્રંથનો ઉલ્લેખ ઘણા શ્વેતાંબર ગ્રંથોમાં પણ સમાન થયલો છે. તે પર આશરે ૧૮૦૦૦ શ્લોક પ્રમાણે અનંતવીર્યકૃત ટીકા છે જેની એક નવીન પ્રતિ શ્રી જૈન શ્વે. કોન્ફરંસમાં છે. ન્યાયવિનિશ્ચય પર વાદિરાજકૃત ૨૦૦૦૦ શ્લોક પ્રમાણ મહત્ત્વપૂર્ણ ટીકા છે, અને લઘીયસ્ત્રયી પર ૧૬૦૦૦ શ્લોક પ્રમાણ પ્રભાચંદ્રાચાર્યકૃત ન્યાયકુમુદચંદ્રોદય નામની ટીકા છે.

૨ અષ્ટસહસ્રી ઉપરાંત તત્ત્વાર્થ શ્લોકવાર્તિક, આપ્તપરીક્ષા, પ્રમાણ પરીક્ષા, પત્રપરીક્ષા, સત્યશાસન પરીક્ષા, શ્રીપુરપાર્શ્વનાથસ્તોત્ર, જિનેકગુણસંસ્તુતિ, અને યુક્ત્યનુશાસનવૃત્તિ આદિ ગ્રન્થો રચ્યા છે. એમના તે ઉપરાંત અનુપલબ્ધ ગ્રંથોમાં સૃષ્ટિ પરીક્ષા, તર્કપરીક્ષા, પ્રમાણનિર્ણય ગ્રન્થો છે એમ અનુમાન થાય છે.

Aho ! Shrutgyanam

અકલંક બન્ને વાસવદત્તા સાથે, સંકળાય છે ત્યારે ઇ. સ. ૬૫૦ ની આસપાસ તેઓને સ્થિર કર્યા સિવાય છૂટકો નથી. વળી વાસવદત્તા ધર્મકીર્તિ સાથે સંકળાય અને તેને કાદંબરી કારના હર્ષચરિત પહેલાં મૂકવી પડે ત્યારે તે પણ ઇ. સ. ૬૪૦ ની આસપાસ સ્થિર થઈ ઉક્ત ગ્રંથકારોને સ્થિર કરે છે. એમને છુટા પાડવા અશક્ય માલમ પડે છે. આમ સંકળાયલા અકલંકદેવના શિષ્ય વાદી વિદ્યાનંદ અષ્ટસહસ્રી (પૃ. ૧૮) માં મંડનમિશ્રનો ઉલ્લેખ કરે ત્યારે તે મંડનમિશ્રને પણ ઈ. સ. ની સાતમી સદીના ઉત્તરાર્ધમાં બેંચે છે અને સાથે સાથે શંકરાચાર્યને પણ ઈ. સ. ની સાતમી સદીમાં આણે છે. એથી ઈ. સ. ની આઠમી સદીનો લગભગ સ્થિર થયલો તેમનો સમય પણ અસ્થિર થાય છે. આપણે ઇચ્છીશું કે આ નવી વિગતોના પ્રકાશમાં શંકરાચાર્ય અને મંડનમિશ્રના સમયનો ફરી ઊહાપોહ થાય. કુમારિલભટ્ટનો સમય બીજા કેટલાક વિદ્વાનો પણ વિ. સં. ૭૫૭ થી ૮૧૭ સુધીનો મૂકે છે. પરંતુ સદ્‌ગત ડૉ. સતીશચંદ્ર વિદ્યાભૂષણ તેને ધર્મકીર્તિના સમકાલીન માને છે; અને ધર્મકીર્તિએ ગુપ્તવેશે કુમારિલભટ્ટ પાસે રહી તેના મતના ગુપ્ત સિદ્ધાંતો જાણી લીધા એ કથાનક આપે છે.

કદાચ બાણભટ્ટનો સમય ઇ. સ. ૬૩૨ થી ૬૪૫ ની આસપાસ, મહારાજા હર્ષદેવનો રાજ્યકાલ હોવાથી, જે નક્કી થયો છે, તે સંદિગ્ધ મનાય, અને બાણભટ્ટને હર્ષદેવનો સમકાલીન માનવામાં ન આવે, અને આઠમી સદીમાં થયલા ગ્રન્થકાર માનવામાં આવે, અને વાસવદત્તામાં ધર્મકીર્તિના ગ્રંથનો ઉલ્લેખ તેના જ ગ્રંથને લક્ષીને નથી એમ ધારવામાં આવે, તો પણ વાસવદત્તાનો સમય અન્ય પ્રમાણોથી સારી રીતે સિદ્ધ થઇ શકે છે, અને ઇ. સ. ૬૪૦ આસપાસના તેના અત્રે નિર્ણીત કરેલા સમયમાં ફરક પડી શકતો નથી. હવે તે પ્રમાણો આપીશું.

ગૌડવહોના કર્તા વાક્પતિરાજ ભાસ, કાલિદાસની સાથે સુબન્ધુનો ઉલ્લેખ કરે છે, પરંતુ બાણભટ્ટનો ઉલ્લેખ કરતા નથી. વાક્પતિરાજને પંડિત મહાશય ઇ. સ. ૭૦૦ અને ૭૨૫ ના ગાળામાં મૂકે છે તેથી વાસવદત્તાકાર બાણભટ્ટની પૂર્વે તથા ઇ. સ. ૭૦૦ ની પહેલાં થયા હશે એમ ઠરે છે. ઉક્ત ઉલ્લેખ આવો છે:—

**भासम्मि जलणमित्ते कन्तीदेवे अ जस्स रहुआरे ।**
**सोबन्धवे अ बन्धम्मि हारियन्दे अ आणन्दो ॥**

ભાષ્યકાર પતંજલિ કાત્યાયનના વાર્તિક પરના પોતાના ભાષ્યમાં ત્રણ આખ્યાયિકાઓના નામ આપે છે–વાસવદત્તા, સુમનોત્તરા અને ભૈમરથી. તે ઉલ્લેખ આ પ્રમાણે છે:— **" अधिकृत्य कृते ग्रन्थे " बहुलं लुग्वक्तव्यः । वासवदत्ता । सुमनोत्तरा । न च भवति भैमरथी ।**

બીજે સ્થળે વાસવદત્તા અને સુમનોત્તરનો ઉલ્લેખ કરે છે:—
" **वासवदत्तिकः सुमनोत्तरिकः** " મહાભાષ્ય–કીલહોર્નની આવૃત્તિ. વિભાગ ૨ જો પૃ. ૨૮૪.

Aho ! Shrutgyanam

એ રીતે ભાષ્યકાર પતંજલિ પહેલાં વાસવદત્તાકાર સુબંધુનો સમય ઠરે છે. વ્યાકરણ ભાષ્યકાર પતંજલિને[1] ઈ. સ. ૬૫૦ પૂર્વેના માનવામાં આવે છે. તેથી વાસવદત્તાનો સમય પણ ઈ. સ. ૬૫૦ પૂર્વેનો હોવો જોઇએ.[2]

૧ પાતંજલ યોગસૂત્રોના કર્તા પતંજલિ, તથા ચરકસંહિતાના સંસ્કાર કર્તા પતંજલિ, અને આ વ્યાકરણ ભાષ્યકાર પતંજલિ ત્રણેને એક માનવાથી તેમના સમય સંબંધી ઘણી અન્યોન્ય વિરુદ્ધ બાબતો ઉભી થાય છે અને તેનું સમાધાન થઈ શકતું નથી. પાતંજલ યોગસૂત્રના કર્તા પતંજલિ સૌથી વિશેષ પ્રાચીન લાગે છે, અને તેમનો સમય અત્રે દર્શાવેલા સમય કરતાં સૈકાઓ પહેલાંનો છે.

૨ ભર્તૃહરિ વાક્યપદીયમાં જે કહે છે કે:—

**कायवाग्बुद्धिविषया ये मलाः समवस्थिताः ।**
**चिकित्सालक्षणाध्यात्मशास्त्रस्तेषां विशुद्धयः ॥ (वा. प. १।१४८)**

તે પતંજલિ ભાષ્યકારને ઉદ્દેશીને છે તેમ તેનો ટીકાકાર જણાવે છે. ભર્તૃહરિ ઇ. સ. ૬૫૦ માં સ્વર્ગસ્થ થયા; તેથી તે પૂર્વે પતંજલિ થયા એ નિશ્ચિત વાત છે. વાસવદત્તાને ઇ. સ. ૬ઠ્ઠી સદીથી પૂર્વે કોઇ પણ મૂકતું નથી તો વાસવદત્તાના નામોલ્લેખ કરનાર પતંજલિ ઇ. સ. ૬ ઠ્ઠી સદીથી પૂર્વે ઠરી શકતા નથી. એમને ઇ. સ. ની ૬ ઠ્ઠી સદીના માનવામાં યોગસૂત્રકાર અને ચરકવાર્તિકકાર તરીકે નક્કી થતો સમય વિરુદ્ધ જતો હોય તો વ્યાકરણ ભાષ્યકારને જુદા માન્યા સિવાય છૂટકો નથી. ડો. જેકોબી અને કીથ જૂદા માને છે. બાહ્ય પ્રમાણો એક બાજુ રાખીએ તો આંતર પ્રમાણોથી પણ વાસવદત્તા ઇ. સ. ૬ ઠ્ઠા સૈકા પૂર્વેની ઠરી શકતી નથી. એટલું ચોક્કસ છે કે ભાષ્યકાર વાસવદત્તાનો નામોલ્લેખ કરતા હોવાથી ભર્તૃહરિ જે ઇ. સ. ૬૫૦ માં સ્વર્ગસ્થ થયા તેના કરતાં આશરે ૨૦ વર્ષ પૂર્વે તો તેનો રચનાકાળ માનવો જ પડે. કારણ કે પતંજલિ ભાષ્યકાર ભર્તૃહરિ કરતાં પહેલાં થયા એ નિર્વાદ છે. પરંતુ ઇ. સ. ૬૩૦ પૂર્વે કયાં સુધી વાસવદત્તાનો રચનાકાલ હોઇ શકે એ શોધમાં ભાષ્યકારનો સમય જ વાસવદત્તાને લઇને નીચે ઉતરતો હોવાથી પ્રમાણાન્તરની અપેક્ષા રહે છે. સાથે સાથે એ પણ નિશ્ચિત છે કે વાસવદત્તાને ઇ. સ. ના ૬ઠ્ઠા સૈકાની પૂર્વે મૂકવી પણ તેની શૈલી જોતાં શકય નથી. એ ઉપરથી ભાષ્યકાર પતંજલિ તથા યોગસૂત્રકાર અને વૈદ્યકવાર્તિકકાર ભિન્ન ભિન્ન વ્યક્તિઓ છે કે એક તથા ભિન્ન ભિન્ન હોય તો તે કયારે કયારે થયા એનો ઊહાપોહ કરવો બહુ જરૂરી છે. સાથે સાથે વાસવદત્તાને વહેલામાં વહેલી કયી સાલમાં મૂકી શકાય એ પણ વિચારવું જરૂરી છે. અને શૈલી ઉપરાંત વાસવદત્તામાં આવતા ઉક્ત ત્રણ ઉલ્લેખો કોને લક્ષી લખાયા છે તે પણ નક્કી કરવું જરૂરી રહે છે.

પ્રો. ભાણ્ડારકર અને પ્રો. પિટર્સન વાસવદત્તાકાર સુબંધુને બાણભટ્ટ પછી મૂકે છે. વાસવદત્તાના એડિટર હોલ સુબંધુને પહેલાં મૂકે છે.

**वासवदत्तामधिकृत्य कृताऽऽख्यायिका वासवदत्ता । सुमनोत्तरा । उर्वशी । न च भवति, भैमरथी ।अ० ४ । पा० ३ । सू. ८७ काशिका पृ. ३४८ (काशी)**

મહાભાષ્યનો સમય એટલો અર્વાચીન સંભવી ન શકે તો એક ખુલાસો વાસવદત્તાના નામોલ્લેખ માટે શકય છે. એમ કહેવાય છે કે સુબંધુએ વાસવદત્તા ગુણાઢયની કથા પરથી લીધેલી. એવી કથાનું અસ્તિત્વ સુબંધુની વાસવાદત્તા પહેલાં સ્વીકારીએ તો તે આખ્યાયિકાને લક્ષીને મહાભાષ્યકારનો ઉલ્લેખ સંભવી

Aho ! Shrutgyanam

વળી વાસવદત્તામાં આવતા દિગંબર પરાભવના ઉલ્લેખને પણ કદાચ અકલંકદેવની અષ્ટશતીના કુમારિલે કરેલા ખંડનને સૂચવતા માનવામાં ન આવે તો પણ દિગંબરના તેમજ બૌદ્ધના મીમાંસકોએ કરેલા પરાભવોને ઉદ્દેશીને તે ઉલ્લેખો છે એ તો નિર્વિવાદ છે. હવે મીમાંસકોમાં તે સમયમાં આમ ઝળકી ઉઠે એવો સમર્થવાદી થયો હોય તો તે કુમારિલભટ્ટ જ છે. તેથી છેવટ કુમારિલભટ્ટના સમયની વાસવદત્તા ઠરે છે, અને કુમારિલ ભટ્ટ અને ધર્મકીર્તિ સંબંધીના ઉક્ત કથાનક પરથી પણ વાસવદત્તાને ઈ. સ. ૬૪૦ ની આસપાસ સ્થિર કરવી પડશે.

અકલંકદેવનો સમય શ્રીયુત કે. બી. પાઠક મહાશય શકાબ્દ ૬૭૫ એટલે વિ. સં. ૮૧૦ અર્થાત્ ઇ. સ. ૭૫૪ નો મૂકે છે. આ સમય સિદ્ધ કરવા નીચેનાં પ્રમાણો આપવામાં આવે છે. અકલંકદેવ કેટલાક ઉલ્લેખો પ્રમાણે સાહસતુંગ નૃપતિના સમકાલીન હતા. કર્ણાટકના દંતિદુર્ગ રાજાનું બિરુદ સાહસતુંગ હતું. દંતિદુર્ગનો રાજ્ય સમય ઇ. સ. ૭૫૪ નક્કી થયલો છે. વળી દંતિદુર્ગ પછી શુભતુંગ પણ સાહસતુંગ બિરુદ-ધારી થયો. આ નૃપતિ પણ અકલંકદેવનો સમકાલીન હતો. એમ દિગમ્બર કથાકોષકારના "देवः शुभतुंगसमयुगीनः समभूद्-અર્થાત્-દેવ ( અકલંકદેવ ) શુભતુંગના સમકાલીન થયા." એ ઉલ્લેખ પરથી માલમ પડે છે. આ સાહસતુંગ નૃપતિઓમાંનો એક કૃષ્ણરાજ નામથી પણ પ્રસિદ્ધ હતો. જિનસેનકૃત હરિવંશ પુરાણ નિર્માણ સમયે-વિ. સં. ૮૪૦ માં-ઉક્ત કૃષ્ણરાજનો પુત્ર ઇંદ્રાયુધ રાજ્ય કરતો હતો, તેથી કૃષ્ણરાજનો સમય તે કરતાં કેટલાંક વર્ષ પૂર્વેનો ધારી શકાય. ડૉ. ભંડારકરે સ્વનિર્મિત દક્ષિણના ઇતિહાસમાં કૃષ્ણરાજ નૃપતિએ વિ. સં. ૮૧૦ થી ૮૩૨ સુધી રાજ્ય કર્યું એમ લખ્યું છે. તેથી અકલંકદેવનો સમય વિ. સં. ૮૧૦ થી ૮૩૨ નો ઠરે છે.[૧]

આની વિરુદ્ધ ઉપર દર્શાવેલી બાબતો તે ઉપરાંત નીચલો સ્પષ્ટ ઉલ્લેખ નજરે પડે છેઃ—

---

શકે છે. પરંતુ જિનભદ્રગણિજી વાસવદત્તાનો ઉલ્લેખ તરંગવતી સાથે કરતા હોવાથી તે તો સુબંધુની જ વાસવદત્તા છે એમ માની શકાય. હરિભદ્રસૂરિ આવસ્યકસૂત્રની પોતાની વૃત્તિ ( પૃ ૧૦૬ ) " **निर्देश्य वशाद्यथा वासवदत्ता प्रियदर्शनेति** " થી વાસવદત્તા અને પ્રિયદર્શનાનો ઉલ્લેખ કરે છે. જિનભદ્રગણિજી પ્રિયદર્શનાનો ઉલ્લેખ કરતા નથી. પ્રિયદર્શના શ્રીહર્ષનીકૃતિ છે અને તેને રા. બા. કેશવ. હ. ધ્રુવ ઇ. સ. ૬૧૮ ની લગભગ મૂકે છે. આમાં હર્ષનો રાજ્યકાળ ઇ. સ. ૬૦૬ થી ૬૪૮ નો આગલાં પાનાં પરના ટિપ્પણ મુજબ લેવામાં આવ્યો હોય એમ માલમ પડે છે. વળી જે સંભાવના ભાષ્યકારને માટે વાસવદત્તાના નામ નિર્દેશ અર્થે કરવામાં આવે છે તે જ હર્ષચરિતમાં આવતા તેના નામોલ્લેખ માટે વાસવદત્તાકારને બાણભટ્ટ પછી થયલા માનનારા કેટલાક કેમ ન કરે-એ પ્રશ્નનો ઉત્તર હર્ષચરિતનો ઉક્ત શ્લોક જ આપે છે. ગુણાઢ્યના કથાસંગ્રહમાંના એક સંક્ષિપ્ત કથાનક માટે **कवीनामगलद्दर्पो नूनं वासवदत्तया** એવો ઉલ્લેખ સંભવતો નથી. તેવો ઉલ્લેખ તો સુબંધુના ઉપલબ્ધ અલંકારિક ગદ્ય કાવ્ય માટે જ શક્ય છે. હું ધારું છું આટલો ખુલાસો પૂરતો ગણાશે.

૧ જુઓ તત્ત્વાર્થ રાજવાર્તિક પૃ. ૪

Aho ! Shrutgyanam

विक्रमार्कशकाब्दीयशतसप्तप्रमाजुषि ।
कालेऽकलंकयतिनो बौद्धैर्वादो महानभूत् ॥

**अकलंकचरित**–એપિગ્રાફિયા કર્ણાટિકા, વિભાગ ૨જાની પ્રસ્તાવના ( દ્વિતીયસંસ્કરણ )

અર્થાત્ વિક્રમાર્કના શકના સાતસોમા વર્ષમાં અકલંકયતિનો બૌદ્ધો સાથે મોટો વાદ થયો. વળી લ્યુઇસ રાઇસ શ્રવણબેલગોલાના શિલાલેખો નામના તેના ગ્રંથમાં કૃષ્ણરાજ તે જ સાહસતુંગ એમ કહેતો નથી. તેમ જ સાહસતુંગ એ અકલંકદેવના સમકાલીન રાજાનું માત્ર બિરુદ જ હતું કે કોઈ રાજાનું નામ હતું તે પણ આપણે કહી શકતા નથી. તેથી આવો સ્પષ્ટ ઉલ્લેખ અકલંકના સમયનો મળતો હોય અને અન્યપ્રમાણોથી પણ તે સંભવતો હોય તો અકલંક દેવનું અસ્તિત્વ ઈ. સ. ૬૪૪ માં સ્વીકારવું યુક્તિયુક્ત લાગે છે.

હવે અકલંકદેવ કુમારિલ ભ શ્લોકવાર્તિકમાં અષ્ટશતીના ઉપર્યુક્ત ભાગનું કરેલું ખંડન જોવા છતાં પ્રત્યુત્તર ન આપે, એનો એક જ ખુલાસો, એમના જેવા સમર્થવાદી માટે થઈ શકે. તે એ જ કે તેમ કરવાની તક તેમના સ્વર્ગસ્થ થવાથી જ તેમને મળી નહિ હોય. તેથી જ તેમના શિષ્ય વિદ્યાનંદને અષ્ટશતી પર અષ્ટસહસ્રી રચી તે કાર્ય પૂરું કરવું પડયું. ઉક્ત ખંડનનો પ્રત્યુત્તર આપી ન શકાયો તે પરથી અને વાસવદત્તાનો સમય ઈ. સ. ૬૪૦ આસપાસનો ઉપર નક્કી કર્યો છે તે ઉપરથી એમ અનુમાન થાય છે કે ખંડન વહેલામાં વહેલું ઇ. સ. ૬૩૫ માં થયું હશે અને છેવટ ઈ. સ. ૬૪૦ લગભગમાં થયું હશે. સુબંધુ આગલા પાનાંની ટિપ્પણીમાં દર્શાવ્યા પ્રમાણે મીમાંસક હોવાથી, મીમાંસક કુમારિલભટ્ટે કરેલું ખંડન તેની દૃષ્ટિએ વહેલું પડયું હોય અને વાસવદત્તામાં તેણે તે સંબંધમાં દિગંબર દર્શન પર તેથી કટાક્ષ કર્યો હોય. અર્થાત્ વાસવદત્તાને ઈ. સ. ૬૪૦ આસપાસની આપણે માનીએ અને સાથે સાથે અકલંકદેવનું ઈ. સ. ૬૪૪ માં અસ્તિત્વ સ્વીકારીએ તો કંઈ અયુક્ત નથી.

આ લેખની શરૂઆતમાં દર્શાવ્યું તેમ શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણ વાસવદત્તાનો ઉલ્લેખ કરે છે પરંતુ બાણભટ્ટની કાદંબરીનો ઉલ્લેખ કરતા નથી. બાણભટ્ટની કાદંબરી જેવી સુપ્રસિદ્ધ આખ્યાયિકાનો ઉલ્લેખ ન થાય અને વાસવદત્તાનો જ થાય ત્યારે એ જ અનુમાન થઈ શકે કે જિનભદ્રગણિજી બાણભટ્ટના વૃદ્ધ સમકાલીન હશે અને તેમણે શ્રી વિશેષાવશ્યક ભાષ્ય વાસવદત્તાના સમય ઈ. સ. ૬૪૦ પછી અને ઈ. સ. ૬૪૫ જે શ્રી હર્ષના અવસાનનું વર્ષ છે તે પહેલાં રચ્યું હશે. કારણ એ છે કે બાણભટ્ટ શ્રી હર્ષનો આશ્રિત અને માનિતો હોઇ તેણે કાદંબરી કથા શ્રી હર્ષના જીવન કાલમાં જ તેની પ્રીતિ અર્થે રચી હોવી જોઇયે. આથી એ જ ઠરે છે કે ભગવાન્ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે ઈ. સ. ના સાતમા સૈકાના પૂર્વાર્દ્ધમાં જ પોતાની ઉત્તરાવસ્થા ગાળેલી. શ્રી વિશેષાવશ્યક ભાષ્ય જેવો પ્રૌઢતાપૂર્ણ ગ્રંથ તેમની ઉત્તરાવસ્થામાં જ રચાયલો માનવો યુક્તિયુક્ત લાગે છે.

Aho ! Shrutgyanam

અત્રે શ્રી જિનભદ્રગણિજીના સમયની નીચલી રેખા આંકવી જરૂરી જણાય છે. તે ઈ. સ. ૬૭૭ વિ. સં. ૭૩૩ ની છે. એ વિ. સં. ૭૩૩ ની સાલ જિનદાસ મહત્તરની નંદી સૂત્રની ચૂર્ણિની છે. આવશ્યક સૂત્ર પર શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે વિશેષાવશ્યક ભાષ્ય રચ્યું અને ત્યાર પછી તે જ સૂત્ર પર જિનદાસ મહત્તરની ચૂર્ણિ છે. તેથી ઇ. સ. ૬૭૭ ( અને ભાષ્ય અને ચૂર્ણિના સંભવિત અંતરને ગણત્રિમાં લઈએ તો ઇ. સ. ૬૫૦ ) શ્રી જિનભદ્રગણિના સમયની નીચલી સીમા છે. ઉપરની સીમા આગળ દર્શાવ્યું તેમ વાસવદત્તાના રચાયાની સાલ છે.

શ્રી જિનવિજયજીએ જીતકલ્પની પોતાની પ્રસ્તાવનામાં શ્રી જિનભદ્રગણિજીનો સમય અવકાશને અભાવે વિશેષ ચર્ચા રહેવા દઈ, કોઈ સ્પષ્ટ નિર્ણય આપ્યા સિવાય, "ખાસ કાંઈ વિરોધીપ્રમાણ નજરે ન પડે ત્યાં સુધી પટ્ટાવલિયોમાં જે વીર સંવત્ ૧૧૧૫-વિક્રમસંવત્ ૬૪૫ ની સાલ એમના માટે લખેલી છે તેનો સ્વીકાર કરીએ તો તેમાં કશી હરકત નથી" એમ લખી વિ. સં. ૬૪૫ નો છે એમ તાત્કાલિક ઠેરવ્યું છે.

અત્રે મારા મિત્ર શ્રીયુત મણિલાલ સુરજમલે, યુગપ્રધાન યંત્ર પરથી શ્રી જિનભદ્રગણિજીના સમય સંબંધી કરેલી સૂચના મૂકવી યોગ્ય ધારું છું. જો કે સાથેસાથે જ જણાવવું જોઇએ કે યંત્રમાં આપેલી સાલો બહુ વિશ્વસનીય નથી. યુગપ્રધાનોના ક્રમમાં તોપણ વિશેષ તથ્યાંશ છે. એ યંત્ર પ્રમાણે શ્રી જિનભદ્રગણિ વીરાત્ ૧૦૧૧ માં જન્મ્યા, વીરાત્ ૧૦૨૫ માં દિક્ષિત થયા અને વીરાત્ ૧૧૧૫ માં સ્વર્ગસ્થ થયા. શ્રીયુત મણિલાલની સૂચના એ છે કે વીર અને વિક્રમ સંવત્ વચ્ચે જો ૪૭૦ નું નહિ પણ ૪૧૦ નું અંતર માનવામાં આવે તો શ્રી જિનભદ્રગણિ સ્વર્ગસ્થ ઇ. સ. ૬૪૯ થયા એમ મેળ મેળવી શકાય છે. ૪૭૦ નો અંતર હજુ હું યોગ્ય માનું છું. અને તે અંતર ૪૧૦ નો માનવાને મને પોતાને વજનદાર પ્રમાણો મળેલા ન હોવાથી આ સંબંધમાં કયું અંતર લેવું ઠીક છે એ કહી શકતો નથી. હું તો જિનભદ્રગણિજીની ઉત્તરાવસ્થા ઇ. સ. ના સાતમા સૈકાના પૂર્વાર્ધમાં જ હતી તે આગળ આપેલાં પ્રમાણો પરથી કહું છું. એટલું ચોક્કસ છે કે વાસવદત્તાને નિશ્ચાયક પ્રમાણોથી વિ. સં. ૬૪૫ પહેલાં મૂકી ન શકાય ત્યાં સુધી શ્રી જિનભદ્રગણિજીને વિ. સં. ૬૪૫ માં મૂકી નહિ જ શકાય.

Aho ! Shrutgyanam

# પવન દૂતનો કર્તા ધોયી

[ લેખક—રા. બ. શ્રીયુત કેશવલાલ હર્ષદરાય, ધ્રુવ. ]

કવિ ધોયી ઇસવી સનના બારમા સૈકામાં થયો હતો. શ્રીધરદાસના **સદુક્તિકર્ણામૃતમાં** એની નામ મુદ્રાવાળા એગણીસ [૧] શ્લોક આપ્યા છે. સેંકડો કવિનાં સુભાષિતનો આ સંગ્રહ લક્ષ્મણ સંવત ૨૭ માં એટલે ઇ. સ. ૧૨૦૬ માં કરવામાં આવ્યો હતો. સંગ્રાહક કાયસ્થ વંગ દેશના રાજા લક્ષ્મણસેનનો મહામંડલેશ્વર હતો. એનો પિતા બટુદાસ રાજા વલ્લાલસેનના વારામાં વરેંદ્રના મહા-સાંધિવિગ્રહિકની પદવિ ધરાવતો હતો. શ્રીધરદાસના સંગ્રહના રચનાકાળના આધારે ધોયીને બારમા શતકમાં મૂકયા છે.

**સદુક્તિકર્ણામૃત**માં સંગ્રહેલા પૂર્વોક્ત એગણીસ શ્લોકમાંના એકના ઉત્તરાર્ધમાં વાંચિયે છિયે કે વિક્રમાદિત્યની સભામાં અદ્‌ભુત સ્મરણશક્તિ માટે વરરુચિની જે ખ્યાતિ હતી તે ધોયીએ પણ સેન રાજાની સભામાં મેળવી હતી, અમે તેને લીધે એ શ્રુતિધર બિરુદથી જાણીતો હતો. [૨] આ બિરુદનો ઉલ્લેખ **ગીતગોવિન્દના** આરંભમાં આપેલા સુભાષિતમાં પણ કરેલો છે.[૩] ધોયીની એ ચમત્કારી શક્તિની આખ્યાયિકાઓ ગ્રંથસ્થ કે કંઠસ્થ ઊતરી આવી હોત, તો તેથી કૌતુકીને બે ઘડી આનંદ થાત તે જુદી વાત; પણ તત્ત્વલિપ્સુની શિલોંછવૃત્તિ તો પોષાત, અને કવિજીવનનો એકાદ કણ કદાચ જડી આવત.

પ્રસ્તુત શ્લોકના પૂર્વાર્ધમાં કવિએ પોતાને 'કવિરાજોનો ચક્રવર્તી રાજા' એવું વિશેષણ લગાડયું છે.[૪] એ ખોટી આત્મસ્તુતિ નથી, પણ એના એક ઉચ્ચતર બિરુદનો અર્થવાદ છે. ધોયીએ રચેલું **પવનદૂત** નામે કાવ્ય બચ્યું છે અને હાલમાં પ્રસિદ્ધ પણ થયું છે. તેની પુષ્પિકામાં એ બિરુદ છે.[૫] લક્ષ્મણસેનના સભા મંડપના શિરોલેખમાં રાજસભાનાં પંચરત્નની ગણના કરતાં ધોયીના નામ બદલ એ ઉપનામ જ આપ્યું છે. [૬] આ બિરુદ કિંવા ઉપનામ તે કવિરાજ.

---

૧ શ્રીયુત ચિંતાહરણ ચક્રવર્તીએ સંસ્કૃત સાહિત્ય પરિષદ ગ્રંથમાલામાં પવનદૂત છપાવ્યું છે. તેમાં Supplimentary Note ના મથાળા નીચે જે શ્લોકો આપ્યા છે, તે પૈકી પહેલા અ-ઢાર **સદુક્તિકર્ણામૃત**માંથી લીધેલા તે છે. એમાં ઊમેરવો રહી ગયેલો શ્લોક નીચે પ્રમાણે છેઃ—

**दन्तिव्यूहं कनकलतिकां चामरं हैमदण्डं**
**यो गौडेन्द्रादलभत कविक्ष्माभृतां चक्रवर्ती ।**
**ख्यातो यश्च श्रुतिधरतया विक्रमादित्यगोष्ठी-**
**विद्याभर्तुः खलु वररुचेराससाद प्रतिष्ठाम् ॥**

૨ જુઓ ટિપ્પણી ૧માં ઊતારેલા શ્લોકનું ઉત્તરાર્ધ.

૩ જુઓ **वाचः** પ્રતીકના શ્લોકના ચોથા ચરણનો છેવટનો ભાગ **श्रुतिधरो धोयी कवि-क्ष्मापतिः ।**

૪ જુઓ ટિપ્પણ ૧ માં ઊતારેલા શ્લોકના બીજા ચરણનો **कविक्ष्माभृतां चक्रवर्ती** એ ભાગ.

૫ એ પુષ્પિકા નીચે મુજબ છેઃ—**इति श्रीधोयीकविराजविरचितं पवनदूताख्यं काव्यं समाप्तम् ।**

૬ એ શ્લોક નીચે મુજબ છેઃ—

**गोवर्धनश्च शरणो जयदेव उमापतिः । कविराजश्च रत्नानि समितौ लक्ष्मणस्य च ॥**

Aho ! Shrutgyanam

'કવિરાજ ધોયી બંગાળી વૈદ્યજ્ઞાતિનો હતો. **કવિકણ્ઠહાર** અને **ચન્દ્રપ્રભા**માં બંગાળી વૈદ્યજ્ઞાતિના **દુહિસેન** કિંવા **ધૂયિસેન**નું નામ આવે છે તે જ આ ધોયી. કવિરાજ ઉપપદ એની જ્ઞાતિનું બોધક છે. બંગાળી વૈદ્યજ્ઞાતિનાઓ કવિરાજ સંજ્ઞાથી ઓળખાય છે.' આવું કેટલાએકનું કહેવું છે,[૭] પણ તે મારી સમજ પ્રમાણે ભૂલ ભરેલું છે. રાજસભાના શિરોલેખનો **કવિરાજ** બોલ બિરુદ વાચક છે, જ્ઞાતિ વાચક નથી. ધોયીએ પોતે જ **કવિનરપતિ** અને **કવિક્ષ્માભૃતાં ચક્રવર્તી** એવા અનુવાદ યોજી એમાં સમાયલા વિશિષ્ટ કવિત્વનો સંકેત સ્પષ્ટ કર્યો છે.[૮] ધોયી વૈદ્યજ્ઞાતિનો નથી એમ કર્યા પછી વૈદ્યજ્ઞાતીય **દુહિસેન** કિંવા **ધૂયિસેન**ના નામ સાથે એના નામના મળતાપણાનો વિચાર કરવો રહેતો નથી.

ધોયી કવિ કાશ્યપગોત્રનો રાઢીય બ્રાહ્મણ હતો એમ મહામહોપાધ્યાય હરપ્રસાદ શાસ્ત્રી જણાવે છે.[૯] **પવનદૂત**ની પ્રશસ્તિ એ કથનનું સમર્થન કરે છે. એના બીજા શ્લોકમાં કવિ જન્માંતરમાં પણ ગંગાને કાંઠે અર્થાત્ એ પવિત્ર નદી ઉપરના વિજયપુરમાં વાસ માગે છે. એ નગર સુહ્ય કિંવા રાઢ દેશમાં આવ્યું હતું. પ્રસ્તુત શ્લોક ઉપરથી કવિ કયા ધર્મનો હતો તે પણ જાણવામાં આવે છે. ભવોભવ મારું ચિત્ત વિષ્ણુ ભગવાનનાં ચરણ કમલમાં રહેજો એમ એ ઇચ્છે છે: અર્થાત્ એ વિષ્ણુભક્ત હતો.[૧૦]

**પવનદૂતના** કર્તા ઉપર રાજાની સંપૂર્ણ મહેરબાની હતી, તેને લીધે કવિરાજ રાજાનો વૈભવ ભોગવતો હતો.[૧૧] એને ઘેર હાથી ઝૂલતા હતા, એ બ્હાર નીકળતો, ત્યારે છડીદાર સોનાની છડી લેઇ એની આગળ ચાલતો. ચમરધર એને ચમર ઢાળતો, તેનો દાંડો પણ સાવ સોનાનો હતો. રાજકવિઓની બેઠકમાં ધોયી કવિતાચાર્યનું માન ભરેલું સ્થાન શોભાવતો હતો.[૧૨]

કવિરાજની સાહિત્યપ્રવૃત્તિનું લેખું સો સવાસો શ્લોકમાં જ આવી રહે છે, એમ નથી.[૧૩] એના દૂતકાવ્યની પ્રશસ્તિના અંતિમ શ્લોકમાં કેટલાક અમૃત ઝરતા પ્રબંધો એણે રચ્યાનો સ્પષ્ટ નિર્દેશ છે;

---

૭ જુઓ ચિંતાહરણ ચક્રવર્તીનું **પવનદૂત**. Introduction p. 5.

૮ જુઓ વળી ટિપ્પણી ૩ નો **गीतगोविन्द**માંથી કરેલો ઊતારો.

૯ જુઓ શાસ્ત્રીજીએ છપાવેલ Notices of Sanskrit Manuscripts, Vol. I. Preface p. XXXVIII.

૧૦ એ આખો શ્લોક નીચે મુજબ છે:—

**गोष्ठीबन्धः सरसकविभिर्वाचि वैदर्भरीति-**
**र्वासो गङ्गापरिसरभुवि स्निग्धभोग्या विभूतिः ।**
**सत्सु स्नेहः सदसि कवितावार्यकं भूभुजां मे**
**भक्तिर्लक्ष्मीपतिचरणयोरस्तु जन्मान्तरेऽपि ॥**

૧૧ જુઓ ટિપ્પણી ૧ માંના શ્લોકનું પૂર્વાર્ધ.

૧૨ જુઓ ટિપ્પણી ૧૦ માના શ્લોકનું ત્રીજું ચરણ.

૧૩ **પવનદૂત** કાવ્ય ૧૦૦ શ્લોકનું છે. એની પ્રશસ્તિમાં ૪ શ્લોક છે. **सदुक्तिकर्णामृत**માં ૧૬ શ્લોક છે. ઉપરાંત Supplimentary Note ને છેડે બીજા બે શ્લોક ધોયીના કરીને આપ્યા છે.

Aho ! Shrutgyanam

તેમાં બહુ વચનનો પ્રયોગ છે, તેથી એ પ્રબંધ ત્રણ અથવા તેથી વધારે હોવા સંભવે છે. ૧૪ આ પ્રતીતિની પુષ્ટિ **સદુક્તિકર્ણામૃત**માં ઊતારેલા ઓગણીસ શ્લોક પૈકી **વિભ્રાણાસ્તોય૦, યત્ર તત્ર૦, પશ્ચાત્ખુરદ્ધિ૦,** અને **કૃતશીકર૦** એ પ્રતીકના શ્લોકથી કંઈક દરજ્જે થાય છે.૧૫ પહેલામાં જલ-ક્રીડાનું, બીજામાં રાત્રિના ગાઢ અંધકારનું, ત્રીજામાં ઝાડ થઈ સવારને આવરા બનાવતા અશ્વનું અને ચોથામાં ભીંજાતી કેશવાળી ખંખેરી, પગથી વહેણ ડહોળી, નદીનું પાણી પીતા ઘોડાનું વર્ણન છે. એ સગ્ધરા, રથોદ્ધતા, વસંતતિલકા અને સુંદરીવૃત્ત એક અથવા ભિન્ન મહાકાવ્યના અંશ હોય એમ દૃષ્ટિપાતે પણ પરખાઈ આવે છે. આ પ્રબંધોના નાશથી ધોયીએ મૂકેલી સાહિત્ય સમૃદ્ધિના મોટા ભાગનો નાશ થયો છે.

બચેલું દૂતકાવ્ય વૈદર્ભી રીતિમાં રચેલું છે.૧૬ એનો નાયક બંગાળનો લક્ષ્મણસેન છે. તે દક્ષિણમાં વિજય કરતો કરતો ઠેઠ મલયાબળ સુધી પહોંચી જાય છે. તે પર્વત ઉપર રહેનારા એક ગંધર્વની પુત્રી કુવલયવતી લક્ષ્મણસેનના અદ્ભુત રૂપ અને પરાક્રમથી મોહિત થાય છે. સેનરાજા ચંદનવૃક્ષના પ્રદેશમાં કીર્તિનો સુવાસ મૂકી વળી જાય છે. તેના વિરહથી ગંધર્વકન્યા ઝૂરી મરે છે. એવે બેસતી વસંતઋતુએ પવનને સેનરાજાની રાજધાની તરફ પ્રસ્થાન કરતો જોઈ કુવલયવતી તેને વિજયપુર જઈ એની વિરહદશા નિવેદન કરવા વીનવે છે. એ પવનને માર્ગ આંકી બતાવે છે તેમાં અનુક્રમે પાંડ્યદેશનું ઉરગપુર, રામસેતુ, ચોલરાજ્યની કાંચીપુરી, કાવેરીના ઉપલાણનો પ્રદેશ, આંધ્રદે-શનો માલ્યવાન પર્વત, પંચાપ્સર સરોવર, સમુદ્રતટની કલિંગનગરી, વિંધ્યાચલમાંથી નિકળતી નર્મદા, યયાતિનગર અને છેવટ સુહ્મદેશનું વિજયપુર આવે છે.

---

૧૪ એ આખો શ્લોક નીચે મુજબ છે:—

**कीर्तिर्लब्धा सदसि विदुषां शीलिताः क्षोणिपाला**
**वाक्संदर्भाः कतिचिदमृतस्यन्दिनो निर्मिताश्च ।**
**तीरे संप्रत्यमरसरितः क्वापि शैलोपकण्ठे**
**ब्रह्माभ्यासे प्रयतमनसा नेतुमीहे दिनानि ॥**

અહીં પહેલા ચરણમાં ઉપલબ્ધ પાઠ **शीतलक्षोणिपाला** છે. તે બંધ ન બેઠાથી મેં **शी-लिताः क्षोणीपाला** એવો નવો પાઠ કલ્પ્યો છે.

૧૫ આખા શ્લોક અનુક્રમે નીચે મુજબ છે:—

**विभ्राणास्तोयलग्नं वसनमरसनादामनि श्रोणिभारे**
**दूरादन्योन्यसाचिस्मितचतुरसखी कामिभिर्वीक्ष्यमाणाः ।**
**उत्तेरुस्तीरलेखां विपुलकमलिनीपत्रमीषद्वीलक्षा**
**वक्षोजाग्रेषु कृत्वा हरिणशिशुदृशो वीतचीनांशुकेषु ॥**
**यत्र तत्र रतिसज्जबन्धकीप्रीतये मदनशासनादिव ।**
**नीलकान्तपटतामुपाययौ सूचिभेद्यं निबिडं निशातमः ॥**
**पश्चात् खुरद्धितयखण्डितभूमिभागमूर्ध्वीकृताग्रचरणद्वयमुग्रहेषम् ।**
**मूर्धावगाहनविहस्तनिजाश्ववार माराज्जनः परिजहार खलं तुरङ्गमम् ॥**
**कृतशीकरवृष्टिकेशरैरसकृत्स्कन्धमबन्धुरं धुवन् ।**
**अपिषच्चरणाग्रताडितं तुरङ्गः पङ्किलमापगापयः ॥**

૧૬ જુઓ ટિપ્પણી ૧૦ માના શ્લોકના પહેલા ચરણનો ઉત્તરખંડ.

Aho ! Shrutgyanam

લક્ષ્મણસેને દક્ષિણના રાજાઓ ઉપર વિજય મેળવ્યાનું **પવનદૂત**માં કહ્યું છે ખરું,[૧૭] પણ ધોયીએ તેની કંઈ વિગત આપી નથી. યુવરાજપદે અને રાજપદે એણે પડોસના રાજાઓ ઉપર મેળવેલી ફતેહ આપણા જાણવામાં છે.[૧૮] એના પિતા વલ્લાલસેનના વારામાં એણે ગૌડદેશના રાજાને હરાવી કેદ કર્યો હતો અને તેના રાજ્યનો મોટો ભાગ જીતી લીધો હતો. વળી કાશી કામરૂપ અને કલિંગના રાજાઓનો પણ એણે પરાભવ કર્યો હતો, અને પ્રયાગ વારાણસી તથા પુરીમાં કીર્તિસ્તંભ રોપ્યા હતા. **પવનદૂત**માં આ પરાક્રમોનો ઇસારો સરખો પણ છે નહિ. તેથી એવા અનુમાન ઉપર હું આવું છું કે લક્ષ્મણસેને દક્ષિણમાં જે વિજય મેળવ્યો તે કુમારાવસ્થામાં ઇ. સ. ૧૧૬૫ પૂર્વે.

કહે છે કે લક્ષ્મણસેન એક વખત એની સાવકી માના કોઈ વૈમનસ્યના કારણથી કહીંક છાનોમાનો જતો રહ્યો હતો, તે વખતે માછીઓએ વલ્લાલસેનને એનો પત્તો લગાડી આપ્યો હતો.[૧૯] આ બનાવ કુમારાવસ્થાનો અને આશ્રયસ્થાન કુંતલનું કલ્યાણ જણાય છે. નવલોહિઓ કુંવર પિતાનું ઘર છોડીને માતામહના ઘર સિવાય બીજે ક્યાં જાય ? મારી તો અટકળ એવી છે કે રીસાઈને મોસાળ જ ગયો હશે. એની સદ્‌ગત માતા રામદેવી દક્ષિણના ચાલુક્યવંશની કુંવરી હતી.[૨૦] એ ચાલુક્યોનું પાટનગર કલ્યાણ[૨૧] કહેવાય છે. ધૂંધવાતો લક્ષ્મણસેન બંગાળના સફરી વહાણમાં બેસી, જે માર્ગે બિલ્હણ કવિ રામેશ્વરથી કલ્યાણપુર આવ્યો હતો તે માર્ગે થઈ, મોસાળ આવ્યો. બંગાળમાં કુંવરની ખોળાખોળ થઈ રહી. એ વાત ફેલાતી ફેલાતી માછીઓના વાસમાં પહોંચતાં કેટલાકે દરબારમાં જઈ ભાળ આપી હશે કે રાજકુમાર તો કલ્યાણ તરફ જળવટે પધાર્યા છે. એ સમાચાર મળ્યા પછી કુંવરને સમજાવી તેડી લાવવાને દરબારી માણસો ગયાં હશે. એ ટાણે લક્ષ્મણસેનની ઉમ્મર વીસ એકવીસની હશે એમ હું ધારું છું. એનો જન્મ ઇ. સ. ૧૧૧૯ માં થયો હતો. એ લેખે મોસાળવારાનું વર્ષ ઇ. સ. ૧૧૩૯–૪૦ આવે છે. તે અરસામાં દ્વિતીય જગદેકમલ્લ ચાલુક્ય કલ્યાણની ગાદીએ હતો.[૨૨] તે બિલ્હણના **વિક્રમાંકદેવચરિત**ના નાયક છઠ્ઠા વિક્રમાદિત્ય કિંવા વિક્રમાંકનો પૌત્ર થાય. લક્ષ્મણસેન મોસાળમાં હતો તે દરમિયાન[૨૩] દ્વારસમુદ્રનો હોયશલ રાજા વિષ્ણુવર્ધન ઉર્ફે બટ્ટિગ ચાલુક્ય રાજ્ય ઉપર ચડી આવ્યો. એના પક્ષમાં જયકેશી, કુલશેખર, ચટ્ટ વગેરે રાજાઓ હતા. આહવમલ્લનો સેંદ્રકવંશી સામંત પેર્માડિ એમના સામો થયો. તેણે કુલશેખરનો પરાભવ કર્યો અને ચટ્ટને ઘેરી લઈ સમશેરથી તેનું માથું ઊડાવી

---

૧૭ જુ । **प दू । ६३ । जित्वा देत्र त्वयि सरभसं दाक्षिणात्यान् क्षितीशान्०**

૧૮ જુઓ ગીતગોવિંદના ઉપોદ્‌ઘાતમાં વલ્લાલસેન અને લક્ષ્મણસેનની હકીકત આપી છે તે.

૧૯ જુઓ પંડિત વિશ્વનાથ રેઉકૃત **भारतके प्राचीनराजवंश, प्रथम भाग, पृ. २०७.**

૨૦ જુઓ Lakshmanasena's Madhia nagar Plate, virsey.

**धराधरान्तःपुरमौलिरत्नं चालुक्यभूपालकुलेन्दुलेखा ।**
**तस्य प्रियाभूद् बहुमानभूमिर्लक्ष्मीपृथिव्योरपि रामदेवी ॥**

૨૧ કલ્યાણ હાલ કલ્યાણીને નામે પ્રસિદ્ધ છે અને તે નિજામના રાજ્યમાં છે, એમ પંડિત ગૌરીશંકર ઓઝા લખે છે.

૨૨ જુઓ પંડિત ગૌરીશંકર ઓઝાકૃત **भारतीय पेतिहासिक ग्रन्थमाला, जिल्द पहिली, सोलंकियों का प्राचीन इतिहास, प्रथम भाग, पृष्ठ १२७–१२८.**

૨૩ એ મૈસુરના હસન જિલ્લામાં છે. એનું હાલનું નામ હલેખીડ છે. બેલૂર પણ મૈસુરમાં છે.

Aho ! Shrutgyanam

દીધું. એટલે ભયભીત થઇ જયકેશી અને વિષ્ણુવર્ધન રણભૂમિ મૂકી ભાગ્યા. પરાક્રમી પેર્માડિ પૂઠે થયો. તેણે ભાગતા શત્રુને વાહડિની ઘાંટીએ પકડી પાડયા. સંકળામણમાં આવેલો હોયશલ રાજા ગજદળ મૂકી નાઠો અને દ્વારસમુદ્રમાં જઇ ભરાયો. પેર્માડિએ આવી હોયશલની રાજધાનીને ઘેરો ઘાલ્યો. અંતરાયલો રાજા ગભરામણનો માર્યો નાસી છૂટયો. સેંદ્રક સેનાપતિએ એનો પીછો લેવો જરી રાખ્યો. તે વેલૂર નગર પહોંચ્યો, ત્યાં તો હોયશલ ઘાટની પહાડીમાં પેસી ગયો. એટલે કુંતલનો સામંત જબરી લૂંટ લેઇ કલ્યાણ નગર પાછો વળ્યો.[૨૪] યાદવંશી હોયશલને વિક્રમાંકદેવના સમયની લડાઇમાં એ વિજય ન મળ્યો, અને આહવમલ્લના સમયની ચડાઇમાં એ ન મળ્યો.

ચોસાળપક્ષના વિગ્રહમાં સાહસિક કુમાર લક્ષ્મણસેને ભાગ લીધો હશે અને પરાક્રમનાં પગરણ માંડયાં હશે.[૨૫] બાકરગંજના લેખમાં કેશવસેન એના પિતા લક્ષ્મણસેનનાં યશોગાન ગાય છે, ત્યાં કહે છે, કે દક્ષિણ સમુદ્રના કાંઠાના પ્રદેશમાં જ્યાં ગદાધર શ્રીકૃષ્ણ અને મુશળધર બળરામ વાસ કરીને રહ્યા છે, ત્યાં લક્ષ્મણસેનના પ્રથમ પરાક્રમનો કીર્તિસ્તંભ છે.[૨૬] એનું અધિષ્ઠાન હું કુંતલ દેશના કિસુકાડુ વિભાગનું કિસુવોળ્ળ ગામ માનું છું.[૨૭] એમાં વસુદેવના પુત્રોનાં શિલ્પકળાના આદર્શભૂત મંદિરો હોવાનું વાંચિયે છિયે. એ વિભાગ સેંદ્રક સામંત પેર્માડિના અધિકારમાં હતો. ત્યાં એણે દ્વારસમુદ્રના રાજા ઉપર મળેલી જીતનો કીર્તિસ્તંભ ઊભો કર્યો હશે, અને તેમાં કુંતલના ભાણેજનાં પરાક્રમનાં વખાણ કર્યાં હશે. લક્ષ્મણસેનના **ભુવનવિજય**નો આરંભ કુંતલ અને દ્વારસમુદ્ર વચ્ચેના વિગ્રહથી થાય છે. **પવનદૂત**માં બાળરાજાએ **દાક્ષિણાત્ય ક્ષિતીશો** ને જીત્યાનો ઉલ્લેખ છે.[૨૮] તે વિષ્ણુવર્ધન, જયકેશી, ચટ્ટ અને કુલશેખરને ઉદ્દેશીને કરેલો લાગે છે. જયકેશીનો સમય ઇ. સ. ૧૧૩૮–૩૯ આપ્યો છે.[૨૯] વિષ્ણુવર્ધનના પક્ષમાં એની હાજરીથી કુંતલ અને દ્વારસમુદ્ર વચ્ચેના વિગ્રહનો સમય પણ ઉપર કહ્યા પ્રમાણે આવે છે.

અહીં કરેલી ગણતરી ખરી માનતાં **પવનદૂત** ઇ. સ. ૧૧૪૦ પછી તરતમાં રચાયું ઠરે છે. વિગ્રહોત્તર તેડવા આવેલા બંગાળના દરબારી મંડળ સાથે વિજયી કુમાર પિતા અને પિતામહનું અભિનંદન મેળવવા ઉત્તરાપથ પાછો ફર્યો હશે. વલ્લાલસેને અને વિજયસેને જ નહિ પણ સમસ્ત વંગદેશે તેને વધાવી લીધો હશે. કુશળ પાછા આવેલા કુંવરને નવદ્વીપની જાગીર સોંપાઇ હશે અને એ રીતે સાવકાપણાનો ખટરાગ દૂર થયો હશે. દક્ષિણાપથનાં દક્ષિણનાં રાજ્યો ઉપરના વિજયના સંભારણામાં નવદ્વીપ વિજયપુર નામ પામ્યું હશે. એ નામથી જ **પવનદૂત**માં બાળરાજા લક્ષ્મણસેનના પાટનગરનો નિર્દેશ છે. નવું નામ પાછળથી ભૂલાઇ ગયું. તેને લીધે વિજયપુર કયું અને કયાં આવ્યું તે વિશે શોધકોમાં મતભેદ ઊભો થયો છે.[૩૦] કેટલાક પૌરાતનિકો કહે છે કે રાજશાહી

૨૪ કુંતલ અને દ્વારસમુદ્ર વચ્ચેના આ વિગ્રહની હકીકત નરેગલ અને પટ્ટલકડના કન્નડ લેખોના ઇંગ્રેજી ભાષાંતરમાંથી મેં તારવી કાઢી છે. જુઓ. J. B. B. R. A. S. XI. pp. 244–45, 269–70.

૨૫ જુઓ J. A. S. B. VII. pp. 40–50.

૨૬ જુઓ શ્લોક ૧૩, **वेलायां दक्षिणाब्धेर्मुसलधरगदापाणिसंवासवेद्यां.....**
**येनोच्चैः** × × × × × × **समरजयस्तम्भमाला व्यधायि** ॥

૨૭ જુઓ J. B. B. R. A. S. XI માંના કન્નડ લેખો.

૨૮ જુઓ ટિપ્પણી ૧૭. ૨૯ જુઓ ટિપ્પણી ૨૭ માં કહેલા કન્નડ લેખ.

૩૦ જુઓ ચિંતાહરણ ચક્રવર્તીનું **પવનદૂત** Introduction pp 25-26.

Aho ! Shrutgyanam

જિલ્લામાં આવેલું વિજયનગર તે જ **પવનદૂત**નું વિજયપુર. એની પડોશમાં દેવપાડામાંથી વિજયસેનનો શિલાલેખ મળી આવ્યો હતો. તેથી કરીને વિજયનગર લક્ષ્મણસેનનું પાટનગર હતું એમ કંઈ સિદ્ધ થતું નથી. તબકાતે નાસિરીમાં એની રાજધાનીનું નામ નોદિયા ( Nodia ) આપ્યું છે, એને હું નવદ્વીપનું રૂપાંતર સમજું છું. હાલના નદિયા પાસે Bamanpukur નામે ગામમાં બલ્લાલ ઢીબી એટલે બલ્લાલનો ટીંબો એવે નામે ટેકરો છે અને તેની નજદીકમાં બલ્લાલ દીધી નામે સરોવર છે. આ જૂનાં સ્થાનો વિજયપૂરમાંના સમભુવનના[૩૧] રાજમહેલની અને એના અંતઃપુરની ક્રીડા દીર્ઘિકાની[૩૨] સ્મૃતિ આપે છે. લક્ષ્મણસેનનાં પાટનગર ત્રણ; નવદ્વીપ, લક્ષ્મણાવતી અને વિક્રમપુર. પહેલાંનું નવું નામ ભૂલાઈ જૂનું વિકાર પામી નદિયા કે નોદિયારૂપે ઊતરી આવ્યું. એ નવદ્વીપ કિંવા વિજયપુર ધોયીનું નિવાસ્થાન, જ્યાં બીજે જન્મે પણ એ વાસ માગે છે.

ધોયીએ ત્રણસેન રાજાનો દિનદિન ચડતો પ્રતાપ જોયો.[૩૩] એણે **પવદૂત**રચ્યું તે વિજયસેનના રાજ્યકાળની ઉત્તર વીશીમાં; અને **કવિતાચાર્ય**નું ગૌરવ ભર્યું પદ ભોગવ્યું તે વલ્લાલસેન તથા લક્ષ્મણસેનના અમલમાં. ઉકત દૂત કાવ્ય કવિની ઉત્તરાવસ્થાની કૃતિ છે એ ટાણે ચિરકાળ શબ્દબ્રહ્મનું રટન કરનાર શબ્દાતીત બ્રહ્મનું ચિંતન કરવા ઇચ્છે છે.[૩૪] કાવ્યનો આદર્શ મહાકવિ કાલિદાસનું **મેઘદૂત** છે. ધોયીના વૈકુંઠવાસ પછી એના સાથી જયદેવને કવિરાજ પદવિ મળે છે.[૩૫]

વલ્લાલસેન અને લક્ષ્મણસેનની સભાનાં પંચ રત્ન ઉમાપતિધર, શરણ, ગોવર્ધન, ધોયી અને જયદેવ.[૩૬] પહેલા બેના સળંગ પ્રબંધ મારા જોવામાં આવ્યા નથી. ગોવર્ધન **આર્યાસપ્તશતી**નાં મુકતકોથી જાણીતો છે. **પવનદૂત** અને **गीतगोविन्द** આપ્યાં તે છેલ્લા બે કવિએ.

પ્રસ્તુત ચર્ચામાં પ્રમાણ શૃંખલાના અંકોડા બંધબેસતા જણાય છે. તથાપિ તેમાંના કેટલાક કાચા હોવાનો સંભવ છે. એના મજબૂતપણાની ખાતરી થયા પછી સાંધા પાકા કરવાના રહે છે.

## અધ્યાપક ડૉ. હર્મન યાકોબીનો પત્ર.

જર્મનીના બોનનગરની યુનિવર્સિટીના પૌર્વાત્ય ભાષાઓના મહાન અધ્યાપક ડૉ. હર્મન યાકોબી ભારતીય સંસ્કૃતિના અસાધારણ પંડિત છે. તેમાંયે ખાસ જૈન સાહિત્યના તો તેઓ અદ્વિતીય સ્કૉલર છે. પ્રો. લૉસેન અને વેબર જેવા સર્વવિદ્યાવિશારદ અધ્યાપકોએ જૈનધર્મના વિષયમાં જે એવો વિચાર પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો હતો કે—એ ધર્મ બૌદ્ધધર્મની એક શાખા રૂપે જ છે, અને બૌદ્ધોની અવનતિના વખતમાં એ પ્રચાર પામ્યો છે ઇત્યાદિ. તે વિચારનો સૌથી વધુ પ્રામાણિક પ્રતિવાદ ડૉ. હર્મન યાકોબીએ કર્યો અને તે સદાને માટે સર્વને માન્ય થયો. જૈન ધર્મના મહત્ત્વને લાંછિત કરતા એ અસદ્વિચારનો વિરોધ કરી એના મૌલિક સ્વરૂપને જગન્માન્ય કરાવાના કારણે જૈન

૩૧ જુઓ **प. दू.** । ૯૩ । ૩૨ જુઓ **प. दू.** ।૯૪।

૩૩ જુઓ ટિપ્પણી ૧૪ માં ઊતારેલા શ્લોકના પહેલા ચરણનો ઉત્તરખંડ **शोलिताः क्षोणिपालाः** ।

૩૪ જુઓ ટિપ્પણી ૧૪ માં ઊતારેલ શ્લોકનું ઉત્તરાર્ધ.

૩૫ જુઓ **गी० गो०** । ૧૨ । ૨૬ । ૩૬ જુઓ ટિપ્પણી ૬.

Aho ! Shrutgyanam



જૈન સાહિત્યના મહાન અભ્યાસી
પ્રો. હર્મન યાકોબી ( જર્મની )

Aho ! Shrutgyanam

Aho ! Shrutgyanam

ધર્માનુયાયિઓ પ્રતિ ડૉ. યાકોબીનું કેટલું ઋણ હોઇ શકે તેની કલ્પના વિદ્વાન હોય તે જ કરી શકે. એ ઋણના બદલામાં જૈન સમાજે પણ, એઓ જ્યારે ૧૯૧૩માં હિંદુસ્થાનમાં આવ્યા ત્યારે, એમને ઠેક ઠેકાણે વધાવી લઇ તેમ જ **જૈન દર્શન દિવાકર** વગેરે જેવી પદ્વિઓ સમર્પી કંઇક પોતાની કર્ત્તવ્યવૃત્તિ પ્રદર્શિત કરી છે.

જૈન સાહિત્ય ઉપરાંત ભારતીય જ્યોતિર્વિદ્યા, છન્દોવિદ્યા, અલંકારશાસ્ત્ર અને ભાષાશાસ્ત્રના વિષયોમાં પણ એમની એટલી જ પ્રતિષ્ઠા છે. આમ ભારતીય સાહિત્યની સેવા કરતાં એમના જીવનના પૂરાં ૫૦ વર્ષો, ગયે વર્ષે વ્યતીત થઇ ગયાં છે. એથી યુરોપના એમના મિત્રો, સહાધ્યાયિઓ અને શિષ્યોએ મળીને એમના એ અર્ધ–શતાબ્દિક સાહિત્યિક–જીવનની સ્મૃતિમાટે એક સુંદર સ્મરણગ્રંથ પ્રકાશિત કર્યો છે.

જૈન સાહિત્ય વિષે એમણે કેટલું લખ્યું છે તેનો પરિચય તો અન્ય કોઇ વખતે આપીશું. આજે તો અહિં એમની એક દર્શનીય પ્રતિકૃતિ અમે જૈન સાહિત્યના પ્રેમીઓને નજર કરીએ છીએ અને તે સાથે એમના સદ્‌ભાવ અને સૌહાર્દ ભરેલા એક પત્રનો અનુવાદ આપીએ છીએ જે પત્ર અમને આ જ માસના છેલ્લા મેલદ્વારા પ્રાપ્ત થયો છે.

---

બોન, ૧૫ મી ફેબ્રુઆરી, ૧૯૨૭; ૫૯ નાઇબુહ્‌ર્‌સ્ટ્રાસ.

**વ્હાલા સાહેબ,**

આપનો ઘણો માયાળુ અને રસ પડે એવો તા. ૨૭–૧–૨૭ નો પત્ર તેમ જ સમ્મતિતર્ક પ્રકરણ અને જીતકલ્પસૂત્રની નકલો મને આજે મળી. અને મેલ ચુકું નહિ એટલા માટે વળતી ટપાલે પત્ર લખું છું. આપની મહાન કૃપા માટે મારા અંતઃકરણપૂર્વકના આભાર સ્વીકારવા મહેરબાની કરશો. સમ્મતિતર્ક પ્રકરણના પરીક્ષણ માટે જે કે સમય અતિ ટૂંકો હતો છતાં એમાં નજર કરતાં એ અગત્યના ગ્રંથનું સંપાદન અને નિરૂપણકાર્ય તેમ જ એની એક આદર્શ આવૃત્તિ તૈયાર કરવાનું કાર્ય જે સંપૂર્ણતાથી અદા કરવામાં આવ્યું છે એ વિષે મારા મન ઉપર સારામાં સારી છાપ પડી છે. ગ્રંથનું વધારે ધ્યાનપૂર્વક પરીક્ષણ કરતાં કંઇ સુધારા સૂચવવા હું સમર્થ થઇ શકીશ તો તે આપને જણાવવા ચુકીશ નહિ.

અપભ્રંશ હરિવંશપુરાણની આપની પ્રત મને ધીરવા માટે હું આપનો ખાસ આભારી છું. હું એને રોમન લિપિમાં ઉતારૂં છું, અને થોડા સમયમાં તે કામ પુરૂં થઇ જશે. હું એ ગ્રંથનું સંપાદન કરવાનો ઇરાદો રાખતો નથી પરંતુ તેના ઉપરથી પુષ્પદંતની ભાષા અને છંદોનો અભ્યાસ કરવા ઇચ્છું છું અને તેની સાથે ધનપાલની ભાષા અને છંદોની તુલના કરવા માગું છું. છંદોની બાબતમાં પુષ્પદંત ધનપાલ કરતાં અર્વાચીન છે તે વિષે મને શંકા નથી. કડવકોનો મૂળ હેતુ વર્ણનમાં નાનકડા વિભાગો તરીકે ઉપયોગી થવાનો છે અને કડવકને અંતે આવતું 'ધત્તા' વલણ (strophe) એમાં વર્ણવેલી વાતને પૂર્ણ કરે છે. **ભવિસયત્તાકહા**માં આમ છે, પરંતુ પુષ્પદંત ધત્તાની પૂર્વની અંતિમ કડી વા કડીઓમાં શરૂ કરેલા વાક્યને ઘણીવાર ધત્તામાં ચાલુ રાખે છે. અથવા જે એથી વધુ ખરાબ છે તે એ છે કે ધત્તામાં શરૂ કરેલા વાક્યને લંબાવે છે અને બીજા કડવકમાં પુરૂ કરે છે. આમ તે ગ્રંથને કડવકોમાં વહેંચવાનો અર્થ જ ઉડાડી દે છે. અને કેટલાક પાછળના લેખકો તો વાક્યાંતને શ્લોક સાથે પૂર્ણ નહિ કરતાં એની મધ્યમાં જ મુકે છે. મારી દલીલ, એને ભાષા-

Aho ! Shrutgyanam

શાસ્ત્રીય કારણોથી અનુમોદન મળે નહિ ત્યાંસુધી નિર્ણયકારક ન પણ જણાય. એટલા માટે મારી પ્રતનું મૂળ પ્રત સાથે પુનરાવલોકન કરતી વેળાએ હું હરિવંશમાંના અપભ્રંશ ભાષાના વ્યાકરણનું ખોખું તૈયાર કરવા અને તેને **भविसयत्तकहा**ના એવા ખોખા સાથે સરખામવા માગું છું.

આપે હરિવંશપુરાણની પ્રેસ કોપી તૈયાર કરી છે એ સાંભળીને હું રાજી થાઉં છું. અને આપને તે પ્રસિદ્ધ કરવાનો મજબુત આગ્રહ કરું છું. એનું સંપાદનકાર્ય મને સોંપવાની આપની માયાળુ દરખાસ્ત માટે હું આપનો આભાર માનું છું; પરંતુ લખતાં દિલગીરી થાય છે કે આટલી ઉમરે હું એવું કોઇ કામ ન ઉપાડી શકું જે સંભવતઃ હું પૂર્ણ થયેલું જોવા જેટલું ન જીવું. મેં ઘણો વખત થયાં જે કાર્યો પૂર્ણ કરવાનું માથે લીધું છે તે પૂર્ણ કરી શકું તો મારે સંતોષ માનવો જોઇએ. પરંતુ અપભ્રંશ ગ્રંથો નાગરીમાં પ્રકટ કરવા બાબત કેટલીક સૂચનાઓ આપવાની મને રજા આપશો ? હ્રસ્વ અને દીર્ઘ **ए** અને **ओ** અનુસ્વાર અને અનુનાસિક છપાતાં એક બીજાથી ભિન્ન દેખાવા જોઇએ. જૈન હસ્તપ્રતોમાં **ए** અને **ओ** લખવાની બે રીતોનો ઉપયોગ કરવાની મારી દરખાસ્ત છે; **एं** માટે **ात.** **ओ** માટે **ाता.** જો આ સ્વરો હ્રસ્વ હોય તો એ અક્ષરો **ते** અને **तो** લખવા. **तं** દીર્ઘ અક્ષર તરીકે અને **तँ** હ્રસ્વ તરીકે. આદિ **ओ** જો હ્રસ્વ હોય તો **ॐ**, લખવો અને દીર્ઘ હોય તો **ओ**, હ્રસ્વ **ए** માટે હું **ए** ની દરખાસ્ત કરું છું અને દીર્ઘ **ए** માટે નવું રૂપ **ऍ** દાખલ કરવા માગું છું. જો પ્રત એ પ્રમાણે લખાય તો પ્રત્યેક અક્ષરની માત્રાઓ દૃષ્ટિગોચર થાય અને છંદ પણ સ્પષ્ટ થવાથી એથી થતી ભૂલો એકદમ પકડાઇ જાય.

આપે ઘણા અપભ્રંશ ગ્રંથો ઉપલબ્ધ કર્યા છે એ માટે હું આપને મુબારકબાદી આપું છું અને એની વિગતવાર નોંધ પ્રગટ કરવાની આપને વિનંતી કરું છું. અપભ્રંશમાં લખાએલાં એ તમામ દિગંબર કાવ્યો એક જ ભાષામાં અને ધનપાલ અને પુષ્પદંતે વાપરેલા છંદોમાં લખાએલાં છે ?

હું જાણીને ઘણો ખુશી થયો છું કે આપ જૈન સાહિત્ય સંશોધક ચાલુ કરવાના છો. અને એકાદા નવા અંક માટે આપે મારો ફોટો માગ્યો છે તો હું જુદા લખોટામાં એક મોકલું છું. એ ગયા ઉનાળામાં લેવાએલો છે અને મૂળને ઘણો મળતો મનાય છે. આપના પત્રના જે અંકો આપે મને મોકલ્યા તેમાં પુષ્પદંત વિષેના લેખો ઉપરાંત ઘણા રસ પડે એવા લેખો છે. હું હિંદી કે ગૂજરાતી ઝપાટા બંધ વાંચી શકતો નથી. પરંતુ એ ભાષામાં લખાયલા લેખનો મર્મ કોશની મદદથી, તમે જેમ જર્મન સમજી શકો, તેટલું હું આ ભાષાઓમાંથી સમજી શકું છું.

આપના પત્રમાં આપ પ્રો. ફોન ગ્લાસેનાપ્પનો ઉલ્લેખ કરો છો. એ મારા શિષ્ય છે અને આપ મારી પાસે લખાવવા ઇચ્છો છો એમ હું એમને લખીશ. એમનું સિરનામું નીચે મુજબ છે.

Bendlerstrass 17, Berlin W. 10; Germany

બીબ્લીઓથિકા ઇન્ડિકાવાળી હેમચંદ્રના પરિશિષ્ટ પર્વની બીજી આવૃત્તિ હમણાં પ્રેસમાં છે. આ નવી આવૃત્તિ બને એટલી શુદ્ધ કરવા માટે એ ગ્રંથની કેટલીક વધુ હસ્ત પ્રતો મારે જોઇએ છીએ. કારણ જે હસ્તપ્રતો ઉપરથી પ્રથમ આવૃત્તિ તૈયાર કરવામાં આવી હતી તે સર્વ શંકાનું સમાધાન કરવા માટે પૂરતી ન હોતી. આપ માટે ઉઘાડા છે એ ભંડારોમાંથી કેટલીક સારી અને પ્રાચીન હસ્તપ્રતો મને ઉછીની ન મેળવી આપી શકો ? મારા કામમાં મદદ કરવાથી આપ મને અત્યંત આભારી કરશો.

માયાળુ લાગણીઓ સહિત હું છું.

આપનો અંતઃકરણ પૂર્વક

હર્મન યાકોબી

---

Aho ! Shrutgyanam

Aho ! Shrutgyanam



મહં. શ્રી વસ્તુપાલ  મહં. શ્રી લલિતાદેવી  મહં. શ્રી વેજલદેવી



મહં. શ્રી તેજપાલ  મહં. શ્રી અનુપમાદેવી

Aho ! Shrutgyanam

# મહામાત્ય વસ્તુપાલ તેજપાલના બે રાસ

ગુજરાતના આ બે વણિગ્બંધુઓએ પોતાના સદ્‌ગુણો અને સુકૃત્યોથી જે કીર્તિ મેળવી ગયા તેવી કીર્તિ મેળવનારા પુરુષો ભારતના ઐતિહાસિક મધ્યકાલમાં ઘણા થોડા થયા છે.

એ બંને ભાઇઓ—જન્મથી હતા તો પુનર્વિવાહિત માતાના પુત્ર પણ ગૌરવ અને સન્માનની દૃષ્ટિએ આદર્શ કુલપુંગવોથી પણ પૂજ્ય તેવા થયા, જાતિથી હતા તો વૈશ્ય પણ શૌર્ય અને ઔદાર્યના ગુણે કરી મહાન્ ક્ષત્રિયોથી પણ ચઢી જાય તેવા થયા, પદથી હતા તો મહામાત્ય પણ સત્તા અને સામર્થ્યના યોગે કરી મોટા સમ્રાટોથી પણ વધી જાય તેવા થયા, ધર્મથી હતા તો જૈન પણ સહિષ્ણુતા અને સમદર્શિતાના સદ્‌ભાવે લોકમાન્ય મહાત્માથી પણ સ્તવાય તેવા થયા, વ્યવસાયથી હતા તો રાજ-સેવક પણ કળા અને ધર્મના અલૌકિક પ્રેમ પ્રભાવે યોગીપુરુષોથી પણ વંદાય તેવા થયા, અને વેષથી હતા તો વૈભવશાલી ગૃહસ્થ પણ ત્યાગ અને વિરાગની વાસનાએ મુનિજનોથી પણ અભિવાદ્ય તેવા થયા.

હિંદુ સંસ્કૃતિના અસામાન્ય સંરક્ષક થઇને પણ મુસલમાનોના ધર્માચરણ માટે અનેકાનેક મસ્જીદો બંધાવી આપનારા, જૈનધર્મના પરમ ઉપાસક થઇને પણ સેંકડો શિવાલયો અને સંન્યાસી-મઠો ચણાવી આપનારા, અહિંસા પરમો ધર્મના દૃઢ શ્રદ્ધાળુ થઇને પણ દેશદ્રોહી અને ધર્મદ્વેષીઓનો સમૂળ ઉચ્છેદ કરાવી નાખનારા, રાજલક્ષ્મીના સ્વયંવર જેવા સ્વામી બનીને પણ દાસીની જેમ તેને તુચ્છકારી કાઢનારા, રાજા-મહારાજાઓના નમસ્કાર ઝીલનારા થઇને પણ ગુણવાન દરિદ્રોની ચરણપૂજા કરનારા, કુટિલ રાજનીતિના સૂત્રધાર થઇને પણ કવિતા અને કળાની સરિતામાં નિરંતર ક્રીડા કરનારા, અને વિદેશીઓ અને વિધર્મીઓની લક્ષ્મીને લૂંટનારા બનીને પણ દાનાર્થિઓ માટે ધનની નદિઓ વ્હેવડાવનારા એ ગૂર્જર મહામાત્યોની જોડીના પુરુષો, આખા ભારતના મધ્યકાલીન ઇતિહાસમાં, શોધ્યા જડે એમ નથી.

મધ્ય યુગીન ઉપલબ્ધ સંસ્કૃત સાહિત્યમાં જૂદા જૂદા કવિઓનાં કરેલાં જેટલાં કીર્તિ-કાવ્યો એ બંધુઓ માટેનાં મળી આવે છે તેટલાં બીજા કોઈ નરમાટે કરેલાં મળતાં નથી. ગૂર્જરેશ્વર પુરોહિત સોમેશ્વરે **કીર્તિકૌમુદી કાવ્ય** રચીને એમની કીર્તિનું કવન કર્યું તથા અર્બુદાચલપ્રશસ્તિ બનાવીને એમની અમર પ્રશંસા કરી. પંડિત અરિસિંહે **સુકૃત સંકોર્તન** કાવ્ય બનાવી એમનાં સુકૃતોનું સંકીર્તન કર્યું. ઉદયપ્રભ સૂરિએ **ધર્માભ્યુદય** કાવ્યમાં એમના ધર્મપ્રેમનું વર્ણન કર્યું તેમ જ **સુકૃતકીર્તિકલ્લોલિની** કવિતાવડે એમનાં સુકૃતોની કીર્તિ ગાઈ. જયસિંહ સૂરિએ **હમીરમદમર્દન** નાટક રચીને એમના શૌર્ય અને રાજકૌશલ્યનું આલેખન કર્યું તેમ જ **વસ્તુપાલ-તેજઃપાલ પ્રશસ્તિ** બનાવીને એમની ઉદારતાની સ્તુતિ કરી. સિદ્ધસારસ્વતાચાર્ય મહાકવિ બાલચંદ્રસૂરિએ **વસન્તવિલાસમહાકાવ્ય** રચીને પોતાની સરસ્વતીને સન્તુષ્ટ બનાવી. આ બધા એમના સમકાલીન કવિઓ હતા અને એમણે જે અખંડ કાવ્યો એમનાં ગુણગૌરવ ગાનારાં બનાવ્યાં તેમનો આ નામનિર્દેશ માત્ર કરવામાં આવ્યો. એ સિવાય બીજા પણ ઘણા સમકાલીન કવિઓ અને ચારણોએ જે એમનાં સ્તુતિ-સ્તોત્રો કર્યાં હતાં તેમાંનાં કેટલાંયે છૂટક પદ્યો પ્રકીર્ણ પ્રબંધોમાં નજરે પડે છે. પછીના ગ્રંથકારોમાં મેરુતુંગાચાર્યે **પ્રબન્ધચિંતામણિમાં**, જિનપ્રભસૂરિએ **વિવિધતીર્થકલ્પમાં** અને રાજશેખરસૂરિએ **ચતુર્વિંશતિપ્રબન્ધમાં** એમના જીવન વિષેના પ્રબંધો ગૂંથ્યા છે અને છેવટે જિનહર્ષમુનિએ **વસ્તુપાલચરિત્ર** રચી એમની જીવનકથાઓનો સર્વસંગ્રહ કર્યો છે. **ઉપદેશતરંગિણી** વગેરે બીજા બીજા ગ્રંથોમાં જે એમના વિષે જુદી જુદી દૃષ્ટિએ વધતું ઓછું લખવામા આવ્યું છે તે બધાની તો યાદી માત્ર આપી દેવાનોયે અહિં અવકાશ નથી.

Aho ! Shrutgyanam

આ બધી કૃતિઓ પ્રાયઃ સંસ્કૃતમાં છે અને એમાંની ઘણી ખરી પ્રસિદ્ધ થઈ ગઇ છે. દેશભાષા માં સંસ્કૃતના જેટલું અને જેવું એમના વિષે લખાએલું મળતું નથી. તપાસ કરતાં, એવી ત્રણ ચાર કૃતિઓ ગૂજરાતીમાં બનેલી મળી આવે છે જેમાંની બેને અહિં આજે પ્રકટ કરવાનો યોગ બની આવ્યો છે. ત્રીજી કૃતિ ઉપાધ્યાય સમયસુંદરજીની કરેલી છે અને ૪ થી શ્રી આનંદસૂરગચ્છના પં. મેરુવિજયજીની ( સંવત્ ૧૭૨૧ ) બનાવેલી છે.

## પ્રસ્તુત કૃતિઓનો પરિચય

**૧**લા રાસના કર્તા લક્ષ્મીસાગરસૂરિ છે. એ સૂરિ કયા ગચ્છમાં થયા અને ક્યારે એ રાસ રચવામાં આવ્યો તેનો કશો ઉલ્લેખ આમાં કરેલો નથી. બીજાં બીજાં સાધનો ઉપરથી લક્ષ્મીસાગર નામના બે કરતાં વધારે આચાર્યો થયા હોય તેમ જણાય છે. એક લક્ષ્મીસાગર તપાગચ્છમાં થયા જેમનો જન્મ સં. ૧૪૬૪, ભાદ્રપદ વદ ૨, દીક્ષા સં. ૧૪૭૦, પંન્યાસપદ ૧૪૯૬, વાચકપદ ૧૫૦૧, સૂરિપદ ૧૫૦૮, ગચ્છનાયક પદ ૧૫૧૯, અને સ્વર્ગવાસ સં. ૧૫૩૯ માં થયો હતો. વિમલપ્રબંધ નામના ઉત્તમ ગૂજરાતી રાસના કર્તા કવિવર લાવણ્ય સમયના એ દીક્ષાદાયક આચાર્ય હતા.[૧]

બીજા, લક્ષ્મીસાગર મલધારી ગચ્છમાં ગુણસાગરસૂરિના પટ્ટધર થયા છે. એમના હાથે પ્રતિષ્ઠિત થએલી કેટલીક જૈનમૂર્તિઓ મળી આવે છે જે ઉપરથી એમનો સમય વિ. સં. ૧૫૪૮ થી ૧૫૭૫ સુધીનો પ્રમાણિત થાય છે.[૨]

આ બેમાંથી કયા લક્ષ્મીસાગર સૂરિએ પ્રસ્તુત રાસ રચ્યો હશે તે જ્યાં સુધી બીજું કોઈ પ્રમાણ ન મળે ત્યાં સુધી નિશ્ચિત રીતે કહી શકાય તેમ નથી.

**૨**જો રાસ પાર્શ્વચંદ્રસૂરિએ બનાવેલો છે. એ આચાર્ય સં. ૧૫૪૬ થી ૧૬૧૨ સુધી વિદ્યમાન હતા. એમની બનાવેલી ઘણી ગૂજરાતી કૃતિઓ મળી આવે છે જેમાંની ૨૨ ની નોંધ, જૈનગૂજરાતી સાહિત્યના અનન્ય ઉપાસક અને ગવેષક શ્રીયુત મોહનલાલ દ. દેશાઇએ પોતાના "**જૈન ગૂર્જરકવિઓ**" નામના અમૂલ્ય પુસ્તકના ૧ લા ભાગમાં, પૃ. ૧૩૮ થી ૧૪૮ માં, આપી છે. પાર્શ્વચંદ્ર નામનો જે એક ગચ્છ ચાલે છે તેના એ આચાર્ય મૂળ પુરુષ હતા.

"હમીરપુર નગરના પ્રાગ્વંશના વેલ્હગશાહ પિતા, વિમલાદે માતા. જન્મ સં. ૧૫૩૯ ચૈત્ર સુદિ ૯ શુક્રવાર. દીક્ષા સં. ૧૫૪૬, ઉપાધ્યાય પદ સં. ૧૫૫૪, આચાર્યપદ સં. ૧૫૬૫, યુગપ્રધાન પદ સં.૧૫૯૯ અને સ્વર્ગવાસ સં. ૧૫૧૨ જોધપુરમાં. તેમણે મારવાડના રાજા રાવ ગાંગજી તથા યુવરાજ માલદેવજીને પ્રતિબોધ્યા હતા. તેમ જ મુણોતગોત્રના ક્ષત્રિય રાજપુતોનાં ૨૨૦૦ ઘર પ્રતિબોધી ઓશવાલ શ્રાવક કર્યા. તેમણે ગૂજરાતમાં ઉનાવા ગામમાં વૈષ્ણવ સોની વાણીઆને ચમત્કાર દેખાડી શ્રાવકો કર્યા તે હજી મોજુદ છે. વળી, બીજાં અનેક ગામોના શ્રાવકો મહેશ્વરી થએલા તેમને પ્રતિબોધી ફરી શ્રાવકો બનાવ્યા હતા." (જૈન ગૂર્જર કવિઓ, પૃ. ૧૩૯, ટિપ્પણી)

## બંને રાસોની સરખામણી અને વિગત

**આ** બંને રાસોની વિગત એક સરખી છે અને રચના પણ એક જેવી છે; એટલું જ નહિ પણ એક ઉપરથી બીજાની નકલ થએલી છે અમ સ્પષ્ટ જણાય છે. લક્ષ્મીસાગરસૂરિની કૃતિને જ કેટલાક વધારા સુધારા સાથે પાર્શ્વચંદ્રસૂરિએ પોતાની કૃતિ તરીકે ગોઠવી દીધી હોય તેમ લાગે છે. લક્ષ્મી સાગરસૂરિના રાસની લગભગ જ્યારે ૬૦ કડીઓ છે ત્યારે પાર્શ્વચંદ્રસૂરિના રાસની ૯૦ કડીઓ છે. પણ

૧ જુઓ, શ્રીયુત મોહનલાલ દ. દેશાઇ સંકલિત **જૈનગુર્જર કવિઓ** ભાગ ૧ લો, પૃ. ૬૬.

૨ જુઓ ઉપરનું જ પુસ્તક, પૃ૦ ૧૧૨.

Aho ! Shrutgyanam

હકીકત બંનેમાં લગભગ તેટલી જ છે. છન્દ અને ઢાલ પણ તેનાં તે જ છે. ભાષાશૈલી અને વસ્તુવિચાર પણ તેનાં તે જ છે.

## આ રાસોની વિશેષતા

વસ્તુપાલ તેજપાલના ઇતિહાસને લગતી બીજી કોઇ ખાસ બાબતો આ રાસોમાં સંકલિત છે એવું તો કશું નથી. એ મહાપુરુષોના ઇતિહાસની સામગ્રીનો સર્વ સંગ્રહ તો જિનહર્ષગણિએ પોતાના **वस्तुपालचरित्र**માં જે કર્યો છે તે કરતાં વધારે કોઇ લેખકે કર્યો નથી. પણ આ રાસોમાં એ દૈવી ભાઇઓના જન્મને લગતી જે બાબત લખેલી છે તે ખાસ વિચારણીય હોવાથી તે દૃષ્ટિએ આ કૃતિઓ બહુ ઉપયોગી ગણી શકાય. જૈન સમાજમાં પરંપરાથી એ કિંવદંતી ચાલી આવે છે કે એ જગદ્‌વિલક્ષણ મહાપુરુષોના પ્રાતઃસ્મરણીય માતા કુંવરદેવી મૂળ બાલ્યાવસ્થામાં વિધવા થએલા હતા અને તેમની સાથે મંત્રી આસરાજે પુનર્લગ્ન કર્યું હતું. જૈન વણિક જાતિઓમાં દસા વીસાના જે બે મોટા ભેદો છે તેઓનું મૂળ કારણ પણ એ બાબત સાથે જોડવામાં આવે છે અને એ સંબંધી કેટલીયે વાતો ઘણા જૂના સમયથી જૈનોમાં ચાલી આવે છે. આ બાબતનો સીધો પુરાવો વસ્તુપાલ તેજપાલના સમકાલીન લેખકોની કૃતિઓમાં તો ક્યાંયે દૃષ્ટિગોચર થતો નથી તેમ જ આડકતરી રીતે જેમાંથી એવા અર્થનો ધ્વનિ કાઢી શકાય તેવો ઉલ્લેખ પણ ક્યાંયે જણાતો નથી. પરંતુ એમનાથી પ્રાયઃ અડધી સદી બાદ થએલા મેરુતુંગસૂરિ પોતાના પ્રબંધચિંતામણિ ગ્રંથમાં એ ભાઇઓની જે કેટલીક વિગત આપે છે તેમાં આ વાતનો ટુંકો ઉલ્લેખ કરે છે. મેરુતુંગાચાર્ય, એ મંત્રિઓની હકીકત આપતાં પ્રારંભમાં જ લખે છે કે–

**मन्त्रिणस्तु जन्मवार्ता चैवम्–कदाचित् श्रीमत्पत्तने भट्टारक श्री हरिभद्रसूरिभिर्व्याख्यानावसरे कुमारदेव्यभिधाना काचिद्विधवाऽतीव रूपवती मुहुर्मुहुर्निरीक्षमाणा तत्र स्थितस्याशराजमन्त्रिणानुयुक्ता गुरव इष्टदेवतादेशादमुष्याः कुक्षौ सूर्याचन्द्रमसोर्भाविनमवतारं पश्यामः । तत्सामुद्रिकानि भूयो विलोकितवन्त इति प्रभोर्विज्ञाततत्त्वः स तामपहृत्य निजां प्रेयसीं कृतवान् । क्रमात्तस्या उदरेऽवतीर्णौ तावेव ज्योतिष्केन्द्राविव वस्तुपालतेजःपालाभिधानौ सचिवावभूताम् ।** (પ્રબંધચિંતામણી, દીનાનાથની આવૃત્તિ, પૃ૦ ૨૫૧–૫૨.)

અર્થાત્–" મંત્રિઓની જન્મવાર્તા આ પ્રમાણે છે–કયારેક શ્રી પાટણમાં ભટ્ટારક હરિભદ્રસૂરિના વ્યાખ્યાનમાં કુમારદેવી નામે એક અતિ રૂપવતી વિધવા સ્ત્રી આવેલી તેની સામું આચાર્ય વારંવાર જોવા લાગ્યા. તેથી ત્યાં બેઠેલા મંત્રી આશરાજનું મન તેના તરફ આકર્ષાયું. તેના ગયા પછી મંત્રિએ ગુરુને તેની સામું જોવાનું આગ્રહપૂર્વક કારણ પુછ્યું. ત્યારે ગુરુએ કહ્યું કે ઇષ્ટદેવતાએ અમને, એ સ્ત્રીની કુંખમાં સૂર્ય અને ચંદ્રમાનો ભાવી અવતાર કહેલો છે તેથી તે બાબતના સામુદ્રિક લક્ષણો અમે ફરી જોતા હતા. આ રીતે સૂરિ પાસેથી તત્ત્વ જાણીને તેણે તે સ્ત્રીનું અપહરણ કર્યું અને પોતાની પ્રિયા બનાવી. ક્રમથી તેના પેટે જ્યોતિરિન્દ્રો જેવા તે વસ્તુપાલ તેજપાલ નામના મહામંત્રીઓ પેદા થયા."

મેરુતુંગના જ સમકાલીન જિનપ્રભસૂરિ વિવિધતીર્થકલ્પમાં આ ભાઇઓનાં સુકૃતોની નોંધ લે છે પણ તે આ બાબતનો કશો ઉલ્લેખ કરતા નથી.

જિનપ્રભસૂરિથી ૨૫–૩૦ વર્ષ પછી ( સં. ૧૪૦૫ ) થએલા રાજશેખરસૂરિ–જે ખાસ વસ્તુપાલ તેજપાલના કુલગુરુના ગચ્છના જ હતા–પોતાના ચતુર્વિંશતિપ્રબંધમાંના **वस्तुपालप्रबंध**માં બીજી ઘણી વાતો લખે છે પણ આ બાબતનો જરાયે સૂચન નથી કરતા.

જિનહર્ષગણી જે વસ્તુપાલના ચરિત્રને લગતી સર્વ સામગ્રીના મુખ્ય સંગ્રાહક છે અને જે લિખિત અને શ્રુત એવી બધી બાબતોનો ઉપયોગ પોતાના ગ્રંથમાં કરવાનો ખાસ ઉલ્લેખ કરે છે તે પણ આ

Aho ! Shrutgyanam

વાતની તો ગંધ સરખી પણ પોતાના ગ્રંથમાં આવવા નથી દેતા. જ્યારે પ્રસ્તુત રાસોમાં આ વાત સ્પષ્ટ રીતે લખેલી મળી આવે છે; અને એ ઉપરાંત, મેરુવિજયનો જે પાછળથી લખેલો રાસ છે તેમાં પણ આ વાત આ જ પ્રમાણે આપેલી છે. આ ઉપરથી સમજાય છે કે આ ગૂજરાતી રાસકારો મેરુતુંગના પ્રબંધચિંતા-મણીવાળા ઉક્ત ઉલ્લેખને અનુસર્યા છે; અને મેરુતુંગ માત્ર લગભગ ૫૦ વર્ષ બાદ જ એ મંત્રીઓ પછી થએલા હોવાથી તેમના કથનમાં સત્યતાનો સંપૂર્ણ સંભવ છે.

" **श्रीमाळी वाणीआओना ज्ञातिभेद** " એ નામના પુસ્તકમાં સદ્‌ગત ભાઈશ્રી મણિલાલ વ્યાસે આ બાબતનો જે ઉલ્લેખ કરેલો છે તે અમને વધારે વિચારશીલ અને પ્રમાણભૂત જણાય છે. તે લખે છે કે–" પ્રબંધચિંતામણિ "નો ઉતારો એ સર્વથી વધારે મહત્વનું પ્રમાણ છે. સં. ૧૩૬૧ માં એ ગ્રંથ રચાયો છે. ૧૨૯૮ માં વસ્તુપાળ સ્વર્ગવાસી થયા અને ૧૩૦૮ માં તેજપાળ પરલોકવાસી થયા. એમની હયાતી પછી ૫૩ વર્ષે વઢવાણમાં આ ગ્રંથ પૂરો થયો. ૫૩ વર્ષ એટલે બહુ જ નજીકનો કાળ. એ વખતે વસ્તુપાલ તેજપાલનાં પુત્રી પુત્ર વગેરે વંશજો અને અનેક સગાંસંબંધીઓ હયાત હોવાં જોઇએ. તેમ જ લોકોમાં પણ ઘેરેઘેર એ વાત જાણીતી હોવી જોઇએ. એ વખતે કવિને વિશ્વસનીય માહિતી મેળવવાની પૂરેપૂરી અનુકુળતા હતી. "

" વસ્તુપાલ તેજપાલ–**यशसा वास्तुपालेन रुद्धमाकाशमण्डलम्**–જેમના યશથી આકાશ છવાઇ ગયું–તેમને માટે આવી નોંધ કરવી એ જેવા તેવા જોખમનું કામ નહોતું. જો એ કાળના લોકોમાં સર્વત્ર આ વાત ચાલતી ના હોત તો વસ્તુપાલ તેજપાલ જેવા યશસ્વી અને દાનવીર શ્રાવક માટે ગ્રંથકાર આવી નોંધ કદી કરત નહિ. ગ્રંથકારને અનેક મહાપુરુષોના ચરિત્રનો સંગ્રહ કરવો હતો એટલે પોતાની ફરજને અંગે તેણે આ હકીકત નોંધી છે. " ( પૃ૦ ૧૬૪ )

પણ, પ્રબંધચિંતામણીના અને આ રાસોના ઉલ્લેખમાં જરા ફરક છે. મેરુતુંગના કથન પ્રમાણે તો આ વાર્તા પાટણમાં જ બની હતી. આશરાજ પણ પાટણમાં જ હતા અને કુમારદેવી પણ પાટણની જ હતી. પાટણમાં જ હરિભદ્રસૂરિ વ્યાખ્યાન કરતા હતા ને તે વખતે આસરાજે કુમારદેવીને જોઇને પોતાને ત્યાં આણી. પરંતુ, રાસોના લેખમાં હકીકત જૂદા જ રૂપે છે. એમાનાં લખાણ પ્રમાણે–આસરાજ મૂળ પાટણના ખરા પણ નિર્ધન થઈ જવાથી તે પાટણ પાસેના માલસમુદ્ર ગામમાં જઈને રહ્યા હતા. કુમારદેવીના માતા–પિતા તે માલસમુદ્રમાં જ રહેતા હતા અને ત્યાં જ હરિભદ્રસૂરિના વ્યાખ્યાન વખતે આસરાજ–કુમારદેવીનો ભેટો થયો. ત્યાંથી જ, ગુરુના કથન પ્રમાણે આસરાજ કુમારદેવીને, પોતાના રબારી મિત્રની મદદથી, એક રાત્રે ચુપચુપ ઉપાડી ગયા અને કોંકણના સોપારા શહરમાં ઘર કરીને રહ્યા; વગેરે વગેરે. રાસ લેખકો જે આ બધી વિગત આપે છે તેમાં આધારભૂત મેરુતુંગના ઉલ્લેખ કરતાં બીજા પણ તેવા કોઇ ઉલ્લેખો હોવા જોઇએ જે અદ્યાપિ જાણમાં આવ્યા નથી. રાસકર્તાઓ પોતાની મતિ કલ્પનાથી આ બધું લખી કાઢે એમ માનવું યુક્તિયુક્ત જણાતું નથી. પણ તપાગચ્છ બૃહત્પટ્ટાવલી–જે અમે **જૈન સાહિત્ય સંશોધકના પ્રથમ** ખંડના ત્રીજા અંકમાં પ્રકટ કરી છે–તેમાં વળી આ વાત જરાક જૂદા રૂપમાં લખેલી છે. તેમાં રાસાઓ અને પ્રબંધચિંતામણિ બંનેના કથનનું જાણે સમન્વય કરવામાં આવ્યું હોય તેવું કાંઇક લાગે છે. આ બધા પુરાવાઓ ઉપરથી આ આખો પ્રશ્ન બહુ ચર્ચવા જેવો થાય છે અને એના અંગે ઘણી ઘણી ઐતિહાસિક બાબતોનો નિર્ણય કરવો આવશ્યક રહે છે. પરંતુ અહિં એ બધી ચર્ચાને પુરતો અવકાશ નથી તેથી માત્ર આટલી ટુંકી વિગત આપીને હાલતો ફક્ત આ રાસોને પ્રસિદ્ધિમાં મુકવા જેટલું જ કાર્ય કરી વિરામ લઇએ છીએ.

Aho ! Shrutgyanam

## રાસ-સાર

ઉપર જેમ સૂચવ્યું છે તેમ આ રાસોમાં બીજી કોઈ ખાસ એવી ઐતિહાસિક વિગતો નથી જે જૂના સંસ્કૃત ગ્રંથોમાં ન જણાતી હોય. આ બંને ભાઇઓ ધોળકાના વીરધવળ રાજાના કેમ મંત્રી બન્યા, કેવી રીતે એમણે ગૂજરાતના સામ્રાજ્યની ઉન્નતિ કરી અને કેવી રીતે ધર્મકાર્યોમાં અઢળક પૈસો ખર્ચ્યોઃ એ બધી હકીકત તો પ્રબંધોમાં સારી પેઠે લખેલી છે. આ રાસોમાં મુખ્ય રીતે તો ફક્ત આસરાજ અને કુમારદેવીના પુનર્વિવાહની જ વાત વર્ણવેલી છે અને છેવટે આ બંને દાનેશ્વરીઓએ ક્યાં ક્યાં ધર્મ-કાર્યો કર્યા અને તેમાં કેટલા પૈસા વાપર્યા તેની ટુંક યાદી આપી છે.

આ નીચે એ આખા રાસનો સરલ સાર આપવામાં આવે છે જેથી મૂળ રાસ જેને ન વાંચવો હોય તે પણ આ સાર ઉપરથી તેનો ભાવાર્થ સમજી શકે.

આ સાર લક્ષ્મીસાગરસૂરિની બનાવેલી કૃતિનો છે. પાર્શ્વચંદ્રસૂરિની કૃતિમાં ફક્ત કેટલાક શબ્દો અને વાક્યોનો જ વધારો છે તેથી તેનો જૂદો સાર આપવાની આવશ્યકતા રહેતી નથી.

**ભાષા ૧ લીઃ** પ્રારંભની કડીમાં રાસકર્તા કહે છે કે–વીર જિનેશ્વર અને ગૌતમસ્વામીના પાદ પ્રણમીને તથા સરસ્વતીને નમસ્કાર કરીને તેના સુપ્રસાદથી હું વસ્તુપાલ તેજપાલનો રાસ કહીશ.

પૃથ્વીમાં પ્રસિદ્ધ એવું અણહિલપુર નામનું નગર છે. એ નગર ગઢ, મઢ, મંદિર, પોળ, વાવ અને સરોવર ઇત્યાદિથી સમૃદ્ધ દેખાય છે. એમાં ૮૪ ચઉટાં છે. 'માણસોનો સમુદ્ર' એવી એને ઉપમા આપવામાં આવે છે. ધન, કણ અને કાંચનથી એ ભરેલું છે. એ નગરમાં પોરવાડ વંશના, ચંડનો પુત્ર, પ્રચંડ, તેનો પુત્ર સોમ અને તેનો પુત્ર આસરાજ કરીને રહે છે. મૂળ એ વંશ ગર્ભશ્રીમંત હતો પણ આજે તે નિર્ધન થએલો છે. કર્મની આગળ રાવ કે રંક કોઇ છુટી શકતું નથી. એ કારણથી આસરાજે પરાણે પાટણ છોડીને માલાસણ ગામમાં આવીને વાસ કર્યો હતો. એ ગામમાં પોરવાડની જ જાતનો આભૂસાહ નામે ગૃહસ્થ રહે છે. તેને રૂપે કરીને રંભા જેવી લાછલદેવી ( લક્ષ્મીદેવી ) નામે ગૃહિણી છે. તેને કુંઅરી નામે પુત્રી છે જે સુલલિત વાણીવાળી, અતિ રૂપવંતી અને ગુણવંતી છે. ભણાવી ગણાવી ને પિતાએ તેને ન્યાતિમાં પરણાવી પણ પૂર્વકર્મના યોગે તે રંડાપો પામી. તેથી માતા-પિતાએ તેને તેડાવીને પોતાને ત્યાં જ રાખી લીધી. પિહરમા રહેતી થકી તે ધર્મ-નિયમમાં પોતાનો કાલ વ્યતીત કર્યા કરે છે. રોજ દેહરે ઉપાશ્રયે જાય, પોસહ પડિકમણાં કરે, સારી ભાવનાઓ ભાવે અને જિનની પૂજા કર્યા કરે. એક દિવસે દેહરામાં પૂજા કરી પોશાળમાં આવીને ગુરુની વ્યાખ્યાનસભામાં બેઠી. સામુદ્રિક શાસ્ત્રના પારગામી ગુરુની દૃષ્ટિએ કુંઅરી ચડતાં જ અનાયાસે તેમનું માથું ડોલવા લાગ્યું. તે વખતે આસરાજ ત્યાં બેઠો હતો. તેણે ગુરુને માથું ડોલાવવાનું કારણ પૂછ્યું. ગુરુએ કહ્યું એ વાત કહેવાય એમ નથી. તેથી આસરાજને વધારે ઉત્કંઠા થઇ અને પગે લાગી અતિ આગ્રહપૂર્વક વારંવાર પૂછવા લાગ્યો. ગુરુએ પોતાના જ્ઞાનબળે ભાવિનો મહાન્ લાભ જાણી કહ્યું કે એની કુંખે તો એવા બે રત્નપુરુષો નીપજશે જેઓ ચંદ્ર અને સૂર્ય જેવા તેજસ્વી અને પ્રતાપી બનશે. હરિભદ્રસૂરિના મુખેથી એ વાત સાંભળી મંત્રી આસરાજ કુંઅરીને પ્રાપ્ત કરવાનો ઉપાય વિચારવા લાગ્યો. કુંઅરી વિધવા છે એ વાત તે જાણતો હતો અને તેથી તેના મનમાં જરાક સંકોચ આવ્યો. પણ તરત તેણે સમાધાન કરી લીધું કે, વિધવાનો સંગ્રહ કરવામાં શ્યો બાધ હોઇ શકે. પૂર્વે તો આમ થતું જ હતું. ખુદ આદિનાથ ભગવાને પણ વિધવા સાથે ઘરવાસ કર્યો હતો. એમ કરવાથી તો પૂર્વની રીતિનું પાલન જ થાય છે; તેનો કાંઇ લોપ થતો નથી.

Aho ! Shrutgyanam

**ભાષા ૨ જી:** આબૂસાહના ઘરે એક વિશ્વાસુ રબારી–ભરવાડ રહે છે. તે બહુ જ વિવેકવાળો અને બળબુદ્ધિ આદિ બધું જાણનારો છે. તેને અવસર જોઈ આસરાજે પોતાને ત્યાં તેડાવ્યો અને તેની સાથે મિત્રતા બાંધી. ધીમે ધીમે મિત્રતાનો સંબંધ ગાઢો થયો ત્યારે એક દિવસે આસરાજે પોતાના મનની વાત તેની આગળ જાહેર કરી. રબારીએ એક મધરાતે પોતાની તેજ ચાલવાળી સાંઢણીને પલ્હાણી આસરાજ પાસે લાવ્યો. તે જોઇ આસરાજ બહુ ખુશી થયો, કુમરદેવી જ્યારે ભર નિદ્રામાં સૂતી હતી ત્યારે તેને ત્યાંથી ઉપાડી સાંઢણી ઉપર બેસાડી ચાલી નીકળ્યો. જાગ્રત થઇને કુમરદેવીએ રબારીને હોકારીને કહ્યું કે આ શું કરવા માંડયું છે? ત્યારે તે કહે કે, બા મારા ઉપર ગુસ્સે થશો નહિં. મેં તો આસરાજના કહેવાથી આ કામ કર્યું છે. એ સાંભળી કુમરદેવી કુપિત થઈ અને કટાર કાઢીને મરવા માટે તૈયાર થઈ. ત્યારે આસરાજે કહ્યું કે, હે ભદ્રે! તું રીસ કરીશ નહિં અને આમ મુંઝાઇ મરીશ નહિં. ગુરુમહારાજના કહેવાથી હું આ કામ કરવા તત્પર થયો છું. બધી વાત સાંભળીને કુમરદેવીને વિશ્વાસ આવ્યો અને તે તેની સ્ત્રી બની. તેઓ ત્યાંથી નીકળીને કોંકણદેશમાં આવેલા સોપારા નગરમાં જઇને રહ્યા. ત્યાં તેમને જાલ્હુ, માલ્હુ, સાહુ, ધણદેવી, વયજલદે, સોભાગદે અને પદમલદે નામે અનુક્રમે સાત પુત્રીઓ થઇ. તે પછી એક પુત્ર પેદા થયો જેનું નામ લૂણિગ રાખવામાં આવ્યું. પ્રથમ બધી પુત્રીઓ જ પેદા થઇ તેથી માતાનું મન જરા ખિન્ન બન્યું હતું. પણ જ્યારે આઠમો પુત્ર પેદા થયો ત્યારે તેને ખૂબ હર્ષ થયો, અને તે માટે મોટો ઉત્સવ મંડાયો. થોડા સમય પછી બીજો પણ એક પુત્ર થયો જેનું નામ માલદેવ રાખવામાં આવ્યું. આ પુત્ર રૂપે કરીને કામદેવ જેવો દેખાતો હતો. પણ કમનસીબે બાળપણમાં જ એ બંને પુત્રો મૃત્યુ પામ્યા અને તેથી માતાનું હૃદય અત્યંત દુખી બન્યું. તે દિવસ ને રાત ઝુરવા લાગી. આસરાજ તેનું મન શાંત કરવા માટે અનેક રીતે તેને સમજાવ્યાં કરે પણ તેથી તેના મનનું સમાધાન થાય જ નહિં. ત્યારે તે મંત્રી ફરી હરિભદ્રસૂરિ પાસે આવ્યો અને બધી વાત કહી. ગુરુએ પોતાના જ્ઞાનબળે ભવિષ્ય જોઇને કહ્યું કે–જ્યારે તમે સોપારાનું રહેઠાણ છોડીને ગૂજરાતમાં આવશો અને ધોળકામાં રહેશો ત્યારે તમને તેવા પુત્રરત્નોની પ્રાપ્તિ થશે. ગુરુના વચન પ્રમાણે આસરાજ પોતાના પરિવારને લઇને ધોળકે આવીને વસ્યો. ત્યાં તેને ત્રીજો પુત્ર જન્મ્યો જેનું નામ વસ્તિગ (વસ્તુપાલ) રાખવામાં આવ્યું. એ પુત્રના જન્મ પ્રસંગે માતા-પિતાએ ખૂબ વધામણાં કીધાં. થોડા દિવસ પછી ચોથો પુત્ર પણ અવતર્યો અને તેનું નામ તેજિગ (તેજપાલ) એવું રાખ્યું. આથી માતાને મન પરમ આનંદ થયો અને પિતાએ ખૂબ ઓચ્છવ માંડ્યો.

**ભાષા ૩ જી:** સૂર્ય અને ચંદ્રમાની જેમ દિવસે દિવસે બંને પુત્રો પ્રતાપી થવા લાગ્યા. વસ્તિગને લલતાદે નામે ભલી સ્ત્રી પરણાવવામાં આવી; તેમ જ તેજિગને અનુપમદે નામે સુંદર સ્ત્રી પરણાવી. પૂર્વ પુણ્યના પ્રભાવે બંને ભાઇઓ સુખોમાં વિલસે છે અને આનંદમાં રમે છે.

એ ધોલકા નગરમાં વાઘેલા વંશનો વીરધવલ રાજા રાજ્ય કરે છે. તેણે એ બંને ભાઇઓની ખ્યાતિ સાંભળી એમને પોતાની પાસે તેડાવ્યા અને પોતાના રાજ્યનો કારભાર લેવા સમજાવ્યા. ત્યારે વસ્તુપાલે કહ્યું કે હે રાજન્! મારી એક સરત છે તે તમારે કબૂલવી જોઇએ; અને તે એ છે કે મારી પાસે અત્યારે લાખ રૂપૈયાનું ધન છે. જો કદાચિત્ તમારો મારા ઉપર કોઇ કારણથી કોપ ઉતરે તો પણ તમારે મારા આ ધનને અડવું નહિં. એવી કબૂલાત જો સર્વજન સમક્ષ તમે આપતા હો તો હું તમારો રાજ્ય કારભાર સંભાળવા તૈયાર છું. રાજા મંત્રીપુત્રની આ વિલક્ષણ સરત સાંભળી મનમાં તેની બુદ્ધિ માટે ચકિત થયો અને તેના કથન પ્રમાણે કબૂલાત આપીને તે બંને ભાઇઓને પોતાના પ્રધાનો બનાવ્યા.

Aho ! Shrutgyanam

મંત્રી બનીને વસ્તુપાલ સીધો ખંભાત ઉપર રવાના થયો. કારણ એ હતું કે ત્યાં એક સદ્દયદ્દ નામે નોડો રહેતો હતો. જે અતિ ગર્વિષ્ઠ અને ધનોન્મત્ત હતો. રાજાને પણ તે કશા હિસાબમાં ગણતો ન હતો. સાંખૂ નામે એક બલવાન સરદારની તેને ખૂબ મદત હતી. તેથી વસ્તુપાલે ચઢાઇ કરીને તેમની મિલ્કત કબજે કરી અને તેમનો દર્પ દૂર કર્યો. તેવી જ રીતે ખંડેરાવ નામના એક સરદારનો પણ મદ ઉતારી નાંખી તેને પોતાનો બંદીઓ બનાવ્યો. એમ છત્રીસ વાર એ ભાઇઓએ દુશ્મનો ઉપર ચઢાઇઓ કરી અને દુશ્મનોનો ઉચ્છેદ કર્યો. દેશમાં જેટલા ચોર ચરટ અને ખૂંટ ખરડ હતા તે બધાને વશ કરીને પ્રજાના ઉપદ્રવો દૂર કર્યા અને રાજ્યને આબાદ બનાવ્યું તેમના આવા પરાક્રમ અને બુદ્ધિ બળથી વીરધવલ વગેરે બધા રાજા રાણા ખુશી થયા અને તેમનો ઘણો આદર કરવા લાગ્યા.

આ બધું કરી રહ્યા પછી આ મંત્રી ભાઇઓ ધર્મ કાર્ય કરવાનો વિચાર કરવા લાગ્યા.

**ભાષા ૪ થીઃ** ( આ ભાષામાં એ બંને ભાઇઓએ કેટકેટલાં ધર્મ કાર્યો કર્યાં અને તેમાં કેટકેટલું દ્રવ્ય વાપર્યું તેની વિગત માત્ર જ આપવામાં આવી છે.) પાંચ હજાર પ્રસાદો, ઉત્તમ તોરણ સાથે કરાવ્યા. સવા લાખ નવી પ્રતિમાઓ તૈયાર કરાવી. ૯૮૪ પોશાળો–એટલે ઉપાશ્રયો કરાવ્યાં. ૭૦૦ સત્તુકાર–અન્નસત્ર મંડાવ્યા. ૭૦૦ લેખશાલા–એટલે નીશાળો કરાવી. ૩૬ ગઢ ચણાવ્યા. ૨૦૦ તળાવો બંધાવ્યાં. ૨૧ આચાર્યોને સૂરિપદ આપ્યાં. ૧૨૦૪ તોરણ ચઢાવ્યાં. ૧૦૦૦ સુખાસનો આપ્યાં. ૫૦૦ બ્રાહ્મણ રોજ ઘર આગળ વેદપાઠ ભણતા. ૫૦૫ કિંમતી કપડાનાં સમોસરણ કરાવ્યાં. ૫૦૦ બહુ મૂલ્ય સિંહાસન કરાવ્યાં. ૭૦૦ મઠ તપસ્વીઓને રહેવા માટે બંધાવી આપ્યા. ૬૪ મસીતો તુરક લોકોને બાંધી આપી. ૧૫૦૦ ભિક્ષુઓને રોજ દાન આપવામાં આવતું. વરસે દહાડે ૪ મોટી સંઘપૂજાઓ કરતા. ૨૫૦૦ માહેશ્વરી મંદીરોનો ઉદ્ધાર કરાવ્યો. ૧ હજાર કાપડી લોકો ( બાવા જોગિઓ )ને રોજ સુંદર જમણ આપવામાં આવતું. ૭૦૦ કુઆઓ ખોદાવ્યા. ૪૬૪ વાવો બંધાવી. બારે માસ ચાલે એવી ૪૦૦ પાણી પીવાની પરબો મંડાવી.

આ પ્રમાણે દાન–ધર્મ કરવા ઉપરાંત સંઘ કાઢીને યાત્રા કરવાનો તેમનો મનોરથ થયો, જે કવડિલ ( શત્રુંજયાધિષ્ઠિત કપર્દિયક્ષ )ની કૃપાથી સંપૂર્ણ થયો.

**ભાષા ૫ મીઃ** હવે તેઓ સંઘ કાઢીને યાત્રા કરવા નિકળ્યા જેમાં ૧૦૦ દેવાલયો સાથે લીધાં. દેશવિદેશના અનેક સંઘો સાથે ભળ્યા. ૪ રાજાઓ પણ તેમાં સામેલ થયા. તેમાં ૧૯૦૦ સીકરી ( એક જાતનું વાહન પાલખી જેવું થાય છે ) હતી. ૧૮૦૦ વાજિંત્રો હતાં. ૪ હજાર ઘોડાઓ હતા. પાયકનો તો પારયે ન હતો. ૫૦૦ પાલખીઓ હતી. ૪૦૫ સેજવાલ હતા. બધા મળીને ૭૦૦ સૂરિઓ હતા અને ૨૦૦૦ તેમના શિષ્યો હતા. ૨૩૦ દાંતના રથ હતા. ૩૩૦૦ ભાટ, ૧૧૦૦ ક્ષપણક ( દિગંબર યતિ ), ૩ હજાર ગાયક, ૧૦૦૦ ચારણ, ૧૦૦૦ લુહાર, ૧૦૦૦ સુથાર, ૧૦૦ કંકોઇ, ૨ હજાર પોઠિયા, અને ૭૦૦ ઊંટ હતાં. ત્રાંબાના ચરૂ અને કડાહીઓની તો સંખ્યા જ ન હતી. બધા મળીને સાતલાખ માણસો ભેગા મળ્યા હતા. આટલા મોટા સમુદાય સાથે તેઓ યાત્રા કરવા નિકળ્યા હતા. તે સમુદાયના ભારથી જાણે પૃથ્વી કંપી ઉઠી હતી, સમુદ્રો ખળભળી રહ્યા હતા, આકાશ ધૂળથી ઢંકાઇ ગયું હતું અને ઇંદ્રનું આશન ડોલવા લાગ્યું હતું. આ રીતે ચાલતા તેઓ શત્રુંજય પર્વત ઉપર ગયા અને ત્યાં આદીશ્વર ભગવાનને વંદી–પૂજીને પોતાના જન્મને સાર્થક માન્યું. ત્યાંથી પછી તે સંઘ ગિરનાર પર્વતની યાત્રાએ ગયો. ત્યાં નેમિજિનેશ્વરનાં દર્શન–પૂજન કરી સંસારથી પાર પામવાનું પુણ્ય ઉપાર્જન કર્યું.

આ રીતે સાડી બારવાર વસ્તુપાલે તીર્થયાત્રા કરી. શત્રુંજય પર્વત ઊપર ૧૮ કરોડ ૯૬ દ્રવ્ય ખર્ચ્યું. ૧૨ કરોડ, ૮૦ લાખ ગિરનાર પર્વત ઊપર દ્રવ્ય વ્યય કર્યો. ૧૨ કરોડ, ૫૩ લાખ આબુ પર્વત

Aho ! Shrutgyanam

ઉપર વાપર્યા. ૧૮ કરોડ ખર્ચી જ્ઞાનભંડાર લખાવ્યા. એમ ૧૮ વર્ષમાં કુલ મળીને ૨૦ અબજ, ૭૩ કરોડ, અને ૧૮ લાખ રૂપીઆ ( પાર્શ્વચંદ્રની કૃતિમાં આ સંખ્યામાં કેટલોક ફેરફાર છે ) એ બંને ભાઇઓએ ધર્મકાર્યમાં ખર્ચ કર્યા હતા.

આ કાર્યોથી મહીમંડલમાં તેમનું નામ અમર રહી ગયું છે અને તેમના મનની આશા તેઓ પૂર્ણ કરી ગયા છે. લક્ષ્મીસાગરસૂરિ એમ કહે છે કે જે કોઈ મનુષ્ય આ વસ્તુપાલ તેજપાલના ગુણ ગાશે તેના મનોરથો પણ આ રીતે સફળ થશે.

## રાસ ૧ લો, લક્ષ્મીસાગર સૂરિકૃત.

[ ભાષા ૧ લી ]

વીર જિણેસર નમિય પાય, અનઇ ગોયમ સ્વામી;
સરસતિ તણુઇં સુપસાઉ લઇએ, કહિસિઉં સિરનામી.
વસ્તુપાલ તેજિગિ તણુઉ એ, અમ્હિ બોલિસ્યું રાસો;
ભરતક્ષેત્ર ધુરિ ગૂજરાત, અણહિલ નિવાસો. ૧
અણહિલ્લવાડઉં નયર જાણિ, પુહવિઇં પ્રસિદ્ધઉં;
ગઢ મઠ મંદિર પોલિ વાવિ, સરોવરિહિં સમદ્ધઉં.
ચઉરાસી ચહુટા ભલાં એ, નરસમુદ્ર ભણીજઇ;
ધણ કણ કંચણ અતિ સમૃદ્ધ, કિસી ઉપમ દીજઇ. ૨
તિહાં વસઇ ચંડ પ્રચંડ, પુત્ર સોમિગ આસરાજ;
પોરૂઆડ વંશ મૂલગઉ એ, પુણ નિર્દ્ધન આજ.
કર્મહ આગલિ કોઇ નવિ, છૂટઇ રંક ન રાણઉ;
તીણઇ કારણિ છાંડિયઉ એ, પાટણ સપરાણઉ. ૩
માલાસુણિ પુરિ આવીઉ એ, તિહાં કીધઉં ઠામ;
તિણિ પુરિ નિવસઇ પોરૂઆડ, સાહ આબૂ નામ.
લાચ્છલદેવી તાસ ઘરણિ, રૂપિઇં રંભાવરિ;
તાસ કુંઅરિ સુલલિત વાણી, અચ્છઇ નામિઇં કુંઅરિ. ૪
રૂપવંત ગુણવંત નારિ, નાતિઇ પરણાવી;
પૂર્વકર્મહ તણઇં યોગિ, રંડાપણુ પામી.
પીહરિ તેડી માય-બાપિ, તવ તીહા આવઇ;
ધર્મનીમ અહિનિસિ કરઇં એ, અનઇ ભાવના ભાવઇ. ૫
અન્ન દિવસ જિન પૂજ કરી, પોસાલઇ આવી;
ગુરુની દૃષ્ટિ જવ ચડી એ, તવ સીસ હલાવી.
તિહાં બઇઠઉ આસરાજ, ભવસાયર ભાગઉ;
સીસ હલાવ્યા તણીય વાત, પૂરછેવા લાગુ. ૬

Aho ! Shrutgyanam

તવ ગુરુ બોલઇ વયણી ઇમ, એ વાત ન કહાઇં;
અરથહ આણ્યા તણુઇ કોડિ, હિયડઇ ન સમાઇં.
તવ પાયલાગી પૂછીઉં એ, ગાઢ મંત્રીસરિ;
આગ્રહ જાણી અતિ ઘણુઉ એ, દીઠઉ લાભ સૂરીસરિ. ૭
હરિભદ્ર સૂરિઇં ઇમ કહિઉં એ, એહની કૂંખઇ રયણુ;
બેઅ પુત્ર અછઇ ભલા એ, સશિસૂર સમાણુ.
કુંઅરિ લેવા કરઇ ઉપાય, મંત્રિ ગુરુનઇ વયણિ;
પઢમ જિણેસર આદિનાથિ, જે કીધઉ ઇણિઇ. ૮
પૂરવ રીતિ ન લોપીઇ એ, સંગ્રહણું કીજઇ;
પૂરવલા ભવતણઇ પુણ્યિ, એ વાત જ સૂજઇ. ૯

## વસ્તુ

વીર જિણુવર, વીર જિણુવર, પાય પણુમેવિ,
સરસતિ સામિણી જસુ પસાઇ, સવિ સિદ્ધિ સમ્યગ;
સરનામી ચ સહિગુરુ ચલણ, ભણિસુ ચરિત વસ્તિગહ તેજિગ.
અણહિલવાડઉં વર નયર, આસિગ વસઇ સુચિત્ત;
કર્મ વસિઇ નિર્ધન હુઉ, માલાસુણિ સંપત્ત. ૧૦

## ભાષા ૨ જી

આભૂ સાહ તણુઇ ઘરિ એક, રુખ્મારી છઇ અતિ સવિવેક,
જાણુઇ બલબુદ્ધિ સયલ સવે.
અવસરિ તેડી બાંધવ થાપિઉ, બહુ માન સિદ્ધિઇ આપઇ,
કર્મહ પાખઇ કોઇ મિત્ર નવિ. ૧૧
એક વાર જઉ પ્રીતિ રહંતાં, નિરવંજણિ જુ વાત કહંતા,
મંત્રીસરિ કારણ કહિઉં એ.
કારણ જાણી સાંઢિ પલ્હાણી, રાતડી જાણી નિસિભરિ આણી.
મંત્રિ મનિ આણંદ ભઉ એ. ૧૨
કુંઅરિ પુઢી નીદ્રઇ જામ, માહિ આવીઉ મંત્રીસર તામ,
સાંઢિઇ ઘાલી સંચરઇ એ.
તવ બોલઇ કુંઅરિ તીણિઇં ઠાહિં, એહ વાત મઝરઇં ન સહાઇં.
અકારણ કિસિઉં આદિરિઉં એ. ૧૩
ભણુઇ બોલ હિવ તિહાં મંત્રીસ, ભદ્રે મ કરસિ તું મઝ રીસ,
એહ વચન મમ ગુરિ કહિઉં એ,

Aho ! Shrutgyanam

तेह वयणु जुउ मानी ओल, कुंअरि चाली करिय निटोल,
कुंकणु देसिइं जव गया ओ. १४
सोपारइ जइ किउ निवासो, अनुक्रमि हुइ बेटी तासो,
जल्हू माल्हू नाम सुणि.
साहू धणुदेवी वधजल दे, सोभागिणि अनइ पदमलदे,
सत्त सुशासिणि सयल मुणि. १५
ईम करंता जायु पुत्र, पहिलउ जूणिग साह विदित्त,
तिणि वारइं हरिषिउं सहू अ (सयल).
बीजउ बेटउ हूउ जाम, मालदेव तस दीधउं नाम,
उद्यम हउउ अति सफल. १६
माय बाप पेखंतां जाम, बे सरगेकि पहुतां ताम,
माडी तव जूरइ घणुं ओ.
आसिराजि बोलिउं तिणि ठाहि, कां जूरइं मूरखि मन माहि,
वली सहिगुरु पूछि घणुउं ओ. १७
ईम कहीनइं आविउ जाम, सहिगुरु वंदि बइठउ ताम.
बे करजोडी वीनवइ ओ.
स्वामी बेटा जे तुम्हि कहियां, ते जाया पिणु थिर नवि रहिया,
ज्ञान करी जोउ नउ ओ. १८
सहिगुरु बोलइं ज्ञान जोईनइं, सोपारउ आवी छांडीनइं,
तव तुम्हि बेटा पामिसिउ ओ.
गुरुनउं वचन सुणीनइ वीर, कुटंब सरीसउ आवीउ धीर,
धउलकइ कीउ निवासो. १९
तव तिहिं त्रीजउ बेटउ जायउ, वस्तिग नाम हूउं तिणि ठामि,
वाड कीधउं वधामणुउं ओ.
जायउ तेजिग चउथउ बेटउ, माडीनइं मनि आणंद मोटउ,
बाप करइ उच्छव घणुउ ओ. २०

## वस्तु

साह आसिग, साह आसिग, तणुई जे नारि;
आभूसाह तणीअ धुअ, नामिइं कुंराद्देवि जाणुउं;
सत्यशील गुण आगली, अतिहिं इपिं रंभा वखाणुउं.
कुंकणुदेसिइं जव गयां, छोड जायां जाम;
बेउ पुत्र हिव ऊपना, वस्तिग तेजिग नाम. २१

Aho ! Shrutgyanam

## ભાષા ૩ જી

અઇયા દિનકરુએ ચંદ સમાણુ બે પુત્ર વાધઇ રુલીએ;
વસ્તિગૂ એ પરણઇ નારિ લલતાદે નામિઇ ભલી એ. ૨૨
એણુઇ નામિ એ અણુપમદેવિ તેજપાલ ઘરિ જાણીઇ એ;
પૂરવૂ એ પુણ્ય પ્રભાવિ સુખ વિલસઇ સવિ માણીઇ એ. ૨૩
અઇયા ધવલક્કઇ એ નયર મઝારિ વીરધવલ તિહિં થાપિયા એ;
વાઘેલઇ એ રાણઇ તેડિ રાજ સવિ આપીયા એ. ૨૪
અઇયા વસ્તિગૂ બોલઇ ઇમ વીનતી મઝ હેવ સુણિ;
અઇયા લાખૂ દ્રવ્ય છઇ એક અમહ કન્હઇ આજ સયલ મુણિ. ૨૫
જય તું એ ફસઇ રાઉ તું તઉં રાખે એતલઉં એ;
લાભઇ એ બોલિઉ ઇમ સવિહું જણ સાખિઇ ભલી એ. ૨૬
અંભાયતુ એ નયર મઝારિ સઇદ નામિઇ નોડઉ રહિઇ એ;
ન માનઇ એ એ કહિની આણ તેહ ઊપરિ કટકી કરઇ એ. ૨૭
નોડાનઇં એ સાંખૂઉ મિત્ર બેઉ જીતા બલ કરીએ;
જીતઉ એ અંડેરાઉ ઠામ સવે અરથિઇં ભરીએ. ૨૮
એવંકારઇ એ વાર છત્રીસ વયરીદલ મંત્રિઇં ભાંજીયાએ;
જીતા એ ખૂંટ ખરડ રાય રાણા મનિ રંજિયા એ. ૨૯
માનીયા એ વીરધવલ મંત્રિ મનાવિઉ સહુઅ સેવ;
ચીંતઇએ મંત્રી સુજાણ ધર્મ કરિસુ અતિ ઘરૂ હેવ. ૩૦

### વસ્તુ

બેઉ બંધવ, બેઉ બંધવ, અતિહિં સુજાણ;
બે બાપિઇ પરણવિયા, વહૂ બે અ ઘરિ લચ્છિ આણીઅ;
મંત્રિ પદિ તિહિં થાપિયા, બહુ અ રિદ્ધિ મંદિર અમાણીય.
ઝૂઝ કરી બલિ આગલઉએ, જીતઉ અંડેરાઉ;
હિવ મંત્રીસ ચીંતવઇ, ધર્મ્મહ કારણિ ભાઉ. ૩૧

## ભાષા ૪ થી

પાંચ સહિસ પ્રાસાદ કીય, ઉત્તમ તોરણ બ્બાહ તુ;
બિહુ બાંધવિઇં ભરાવિયા એ, બિંબહ લકખ સવાઉ તુ. ૩૨
ચઉરાસી વલિ આગલા એ, નવસઇ પોસાસાલ તુ;
સત્રૂકારહ સાતહ સઇં, સાતહ સઇં લેસાલ તુ. ૩૩
ગઢ છત્રીસ કરાવિયા એ, તલાવહ સઇ દુન્નિ તુ;
એકવીસ સૂરિ થાપિયા એ, અરથ વેચી બહુ પુણ્ય તુ. ૩૪

Aho ! Shrutgyanam

બારસઇ ચ્યારિ તોરણ ચડયા એ, સહસ સુખાસણિ જાણિ તુ;
પાંચસઇ બ્રાહ્મણ વેદ ભણઇ એ, નિતુ ઊગમઈ ભાણિ તુ.
પાંચસઇ પાંચે આગલા એ, સમોસરણ પટકૂલ તુ;
પાંચસઇ સિંહાસણા એ, કારાવિય બહુ મૂલ તુ. ૩૬
સાતસઇ મઠ તપસી તણા એ, ચઉસઠ્ઠી તુરક મસીતિ તુ;
પનરહ સઇ વસ્તિગ તણઈ એ, નિતુ મહાત્મા વિહરંતિ તુ. ૩૭
વરસિઇ સંઘપૂજ ચ્યારિ કિય, લીધઉ જગિ જસવાઉ તુ;
પંચવીસસઇ ઉદ્ધાર કિય, મહેસરીય પ્રાસાદ તુ. ૩૮
સહસ એક નિતુ કાપડીય, જિમણ કરઇ બહુ ભાવિ તુ;
સાતસઇ કૂવ બણાવિયા એ, ચ્યારિસઇ ચઉસઠિ વાવિ તુ. ૩૯
ચ્યારિસઈ પરવ મંડાવિયા એ, બારહ કાલી માસિ તુ;
જાત્ર કરેવા ભાત કીઉ, કેવડિલ પૂરઇ આસ તુ. ૪૦

વસ્તુ

સાહ વસ્તિગ, સાહ વસ્તિગ, અનઇ તેજપાલ;
બિહું બાંધવ આલોચ કરિ, ઠામિ ઠામિ કરણી કરાવીય;
દ્રવ્ય વેચઇ બહુ ભાવ ધરિય, બદ્ધ અ પુણ્ય ભંડાર ભરાવીય.
યાત્ર કરેવા ઊપનુ, મંત્રિ મનિ હિવ ભાઉ;
સાંનિધ અંબિકદેવિ કિય, કવડિલ તણુઉ પસાઉ. ૪૧

ભાષા પ મી

યાત્ર કરેવા ચાલીઉ તુ, ભ૦ દેવાલા સઉ એક તુ;
દેસિવિદેસિઇ આવીયા તુ, ભ૦ મિલિયા સંઘ અનેક તુ. ૪૨
ઉગણીસસઇ સીકરિ ભલી તુ, ભ૦ ચ્યારિઇ રાય સુરંગ તુ;
અહારસઇ વાજિત્ર ભલા તુ, ભ૦ ચ્યારિ સહસ તુરંગ તુ. ૪૩
પાયક પાર ન પામીઇ તુ, ભ૦ પાલખી સઇ પાંચ તુ;
સેજવાલાં સંઘિ ઘાલીયા તુ, ભ૦ ચ્યારિ સહસ અનઇ પાંચ તુ. ૪૪
સાતસઇ ગણધર ચાલીયા તુ, ભ૦ વીસસઈ તેહના સીસ તુ;
બિસઇ ત્રીસાં દાંતરથ તુ, ભ૦ બાટહ સઇ તેત્રીસ તુ. ૪૫
અગ્યારસઇ બ્રમણા મિલ્યા તુ, ભ૦ ગાયણ ત્રિણિ સહસ તુ;
દસ સઇ ચારણ સાથિંઇ ભાણુઉ તુ, ભ૦ લોહકાર સઈ દસ તુ. ૪૬
સહસ એક સૂત્રધાર હૂઅ તુ, ભ૦ કંદોઇ શત એક તુ;
બિ સહસ પોઠીયાં મિલ્યાં તુ, ભ૦ ઊંટ સંઘાતિ સઈ સાત તુ. ૪૭
ત્રાંબ ચરૂ કડાહિયા તણી તુ, ભમ૦ લાભઇ સંક્ષ ન પાર તુ;
સાત લાખ માણસ મિલ્યા તુ, ભ૦ અવર ન જાણું ભાર તુ. ૪૮

Aho ! Shrutgyanam

એતલઇ સંઘિઇં ચાલીયા એ માલ્હંતડે, વસ્તિગ તેજગ ભાઉ;
મેરુ મહીધર ખલભલઇં એ મા૦ કંપીયા ઇંદ્રહ ઠાઉ. ૪૯
સાયર સવેક ઝલઝલઇં મા૦, ખેહિ ઢાંકીયઉ સૂર;
ક્રમિઇં ચાલતાં આવિયએ મા૦, સેત્તુજિ સંઘનઉ પૂર. ૫૦
આદિ જિણેસર ભેટી એ મા૦, ફીટઉ ભવદાહ;
ન્હવણ કરઇં તવ જિણુવરૂ એ મા૦, લોક મિલિઉ અથાહ. ૫૧
ઇણ પરિ પૂજા પઢમજિણુ મા૦, પુહુતઉ સંઘ ગિરિનારિ;
નેમિ જિણેસર વંદીયએ મા૦, આવીઇ નહી ય સંસારિ. ૫૨
એવંકારઇ યાત્રા કીય મા૦, વસ્તિગ સાઢી બાર;
સેત્તુજિ ઊપરિ લાખ છન્નૂ મા૦, વેચિ કોડી અઢાર. ૫૩
બાર કોડિ અસીઅ લાખ મા૦, ગઢ ગિરિનારિ વખાણિ;
બાર કોડિ ત્રિપન્ન લાખ મા૦, આબૂ અ ઊપરિ જાણિ. ૫૪
અઢાર કોડિ સોવન તણી એ મા૦, વેચીય જ્ઞાન ભંડારિ;
વીસસઇં કોડિ અઢાર લાખ મા૦, કોડિ વલી ત્રિહત્તરિ. ૫૫
એતલઉ દ્રવ્યવ્યય કીઉ એ મા૦, વસ્તિગ તેજિગ સાહિ;
ગિરૂઆં કરણી એ કરઇં એ મા૦, વરસ અઢારહ માંહિં; ૫૬
મહિમંડલિ રહાવીઉંએ મા૦, મનના પૂરી આસ;
લક્ષ્મીસાગર બોલિઉ એ મા૦, ગિરૂઉ એહ જિ રાસ. ૫૭
વસ્તુપાલ તેજિગ તણઉ એ મા૦, ચરિત સુણઇં નરનારિ;
તેહનઇ ઘરિ અકૂલાં કૂલઇ મા૦, અષ્ટ મહાસિદ્ધિ પૂરિ. ૫૮

॥ इति श्री लक्ष्मीसागर सूरिकृतः श्रीमहं० वस्तुपाल तेजपाल रासः समाप्तः ॥

## રાસ ૨ જો, શ્રી પાસચંદ્ર સૂરિરચિત

જિણુ ચુવીસહ ચલણ નમેવીય, અન સૂયસામિણિ સરસતિ દેવીય, સહિગુરુ પાય પસાઉ લઈ એ.
રાસબંધિ ભિહું બંધવ કેરું, કાંઈ કીજ્જઇ ચરિત્ત નવેરું, વસ્તપાલ તેજગિ તણઉ એ. ૧
ભરહ ક્ષેત્ર ધુરિ ઉત્તમ જાણઉ, ગુર્જરધર વર દેસ વખાણઉ, પાટણ અણહલપુર પવરો.
ગઢ મઢ મંદિર પોલિ પગાર, કૂવ સરોવર અતિ મણુહાર, ચઉરાસી ચઉહટાં ભલા એ. ૨
જિણમંદિર પોસાલ વિશાલ, સુરપુરિ સોહઈ જિમ સુરપાલ; તિમ અણહલપુરિ નારિ નરો.
' નરસમુદ્ર ' તિહિ ઊપમ સારો, તહિં નિવસહ ચૂંડપ્પ મલ્હારો, પ્રચંડ પુત્ર તેહઈ તણઉ એ. ૩
સોમકુમર આસરાજ સુણીજઈ, પોરવાડ વંસહ ધુરિ દીજઇ, કરમવસિ નિરધન હૂયા એ.
દ્રવ્યહીન તિહાં નવિ ઠાઉ, તુ છાંડેવા કીઉ ઉપાઉ, માલવાસણિ પુરિ આવીયા એ. ૪
તિણિ પુરિ નિવસઇ આભૂસાહો, પોરવાડ વંસહ ઉછાહો, લાછલદેવીય તસ્સ ઘરણિ.
તાસ કૂયરિ અતિ સુલલિત જાણઉ, નામિ કુંરાદેવિ વખાણઉ; ત્રીય રયણ ઉપમ લઈ એ. ૫

Aho ! Shrutgyanam

ભણીય ગુણીય નાતિ પરણાવી, તેઉ વાત પણિ મેલિ ન આવી, વિહનઇ વસિ વહિવા દૂઇ એ.
તુ આપિ પીહરિ તેડાવી, કરમતણઇ વસિ તી હી આવી, ધરમ નીમ અહનિસિ કરઇ એ. ૬
જિણવર પૂજઈ અતિ સુવિચારો, હીયડઇ સમરઇ નિત નવકારો, વંદણ પડિકમણઉ કરઇ એ.
અન્ન દિવસિ બહુ લક્ષણવંતો, જિણ પૂજીય વસતિ પુહુતી ય, સહિગુરુ દ્રષ્ટિ તવ ચડી એ. ૭
તસ્સ અંગિ લક્ષણ દીઠઉં જામ, સહિગુરુ સીસ હલાવિઉં તામ, મન માંહિ જાણી રહઇ એ.
ઇણિ અવસરિ આગઈ છઇ બહઠઉ, આસરાજ મંત્રીસર દીઠઉં, સીસહ કારણ પૂછીઉં એ. ૮
સહિગુરુ બોલઇ ઇસિઉ વિચારો, એહ તણઉ મ કરસિ ઉચારો, વાત અસંભમ એ અછઈ એ.
તીણિ વયણિ ગાઢેરી ખંતિ, આસરાજ મનિ લાગી ચિંતિ, પાય કમલ સાહી રહઇ એ; ૯
આગ્રહ જાણી મંત્રી કેરુ, દીઠઉ લાભ અનઇ અધિકેરુ, હરિભદ્રસૂરિ કારણ કહઈ એ.
એહની કૂખિઇ સૂર સમાણઉ, બીજઉ સસિહર અમીય વખાણઉં, પુત્ર રયણ બેઇ અછઇ એ. ૧૦
ત્રીયરયણ લેવા મુઝ ઠાઉં, મંત્રીશ્વર હિવ રચઈ ઉપાઉ, ઋષિ ભાખું તે નવિ ટલઇ એ,
આગઇ આદિજિણેસરિ કીધઉં, તે સંગ્રહણઉં લોક પ્રસીધૂ, પૂરવરીતિ ન લોપીઇ એ. ૧૧

**વસ્ત**—પદમ જિણવર, પદમ જિણવર, પમુહ ચુવીસ,
તિત્થંકર સવિ મનિ ધરી કરિંસુ ચરિત્ત વસ્તિગહ કેરું, અણહિલવાડા જામલિહિ નહીય નયર પુહવિ અનેરું.
ચંડ પ્રચંડહ તિહાં વસઇએ સોમસીહ તસપુત્ત, આસરાજ ધણ હીણ હૂય માલાસણિ સંપત્ત. ૧૨
આભૂસાહ તણુઇ ઘરે અછઇ રબારી એક; બુદ્ધિવંત બલિ આગલઉ એ અવસરિ બોલઇ છેક. ૧૩
મંત્રીસરિ મિત્ર થાપીઉએ આસરાજ તે તેડિ; મિત્ર પુત્ર બંધવ સહીય લાભઇ કર્મહ કેડિ ૧૪
પ્રીતિ આપણુ આપણીય બોલઇ બોલ સુરંગ; જુ મન લાધૂં તેહ તણુઉં એ વાત કહી સુચંગ. ૫૧
મન લાધા વિણ વાતડી ય, જે કવિ કહઇ અયાણુ; સહઈ પરાભવ તે ઘણા એ નિશ્ચઇ ગમઇ પરાણુ. ૧૬
સાંઢિ પલાણી રાતડી ય રાતડી નીંદ્ર ભરિ જાણિ; આભૂસાહ તણી ધૂય ઉઠી મુઝરઇ પ્રાણિ. ૧૭
વાત સુણી ઘરિ આવીઉ એ માઝિમ રયણી જામ; કુમરિ ચડાવી ચાલિઉ એ સાંઢિહિ ઉપરિ તામ.૧૮
તીણિ રબારી હાકીઉ એ માંડિઉ કિમિઉ ઉપાય; આસરાજિએ ધમ કીઉ એ દોસ નહી મુઝ માઈ.૧૯
કટારી ય કાઢી કરીય તુ તિણિ કલ્યું સયર; એઅ અખત્ર કાંઇ આદ્યવિઉં એ આપણ પા નહી વયર. ૨૦
મંત્રીસરિ ધમ બોલીઉં એ ભદ્રિ તૂં મ કરસિ રીસ; એઉ વચન મુઝિ ગુરિ કહિઉં એ કાંઇ તું છેદઇ સીસ.૨૧
તેઉ વચન તિણિ સાસહિઉં એ કુંરલ હૂઈ તસ્સ નારિ; કૂકણદેસહ જવગયી એ આવી વાત વિચારિ.
અનુક્રમ બેટી સાત તસ્સ જાલ્હૂ આઉ નામ; સાહૂ ધણદેવી સહીય સોહગ બેઅનિ અભિરામ. ૨૩
વયજલદેવી પદમલીય સાત સુહાસિણિ જાણી; તુ મનિ માતા ચીંતવઈ એ ધરમહ કીધી હાણિ. ૨૪
ધમ કરંતા જાઇઉ એ પહિલઉ લૂણિગસાહ; તિણિ વારિ હરખ્યા ઘણુઉ ય ઘરિ માંડિઉ ઉચ્છાહ. ૨૫
બીજઉ બેટઉ જાઈઉ એ આલદેવ ગુણસાર; રૂવિ અનંગિ આગલઉ એ જાણુઇ સયલ સંસાર. ૨૬
બાલકાલિ જગ દેખતાં એ પુહતા બે પરલોકિ; માડીય ગાઢઇ અતિઘણુઉં એ રોઇ તેહ નઇ સોકિ. ૨૭
આસરાજ ઇણિ પરિ ભણુઇ એ મૂરખિ તૂ મન ઝૂરિ; હૂં જાઇ વલિ પુછિસિઉં સહિગુરુ હરિભદ્રસૂરિ. ૨૮
ધમ કહી વલિ આવીઉ એ બઇઠઉ ગણધર પાસિ; ભગવન! બેટા તમ્હે કહ્યાએ લાધા મન ઉલ્હાસિ. ૨૯
થિર ન રહ્યા કારણિ કમણિ જોઉ કરી પસાઉ; સહિગુરુ જ્ઞાનિસિઉ કહિઉં એ મ ધરસિ ચિત્ત વિસાઓ.૩૦
મેહલીય કૂંકણ દેસઉ એ ગૂજરિ જવ આવેસિ; પુહુચસિ પુરિ જવ ધવલકઇ એ તવ બેટા પામેસિ. ૩૧
તિણિ વયણિ મન હરષીઉ એ છાંડિઉ કુંકણ દેસ; કુટુંબ સરીસુ આવીઉ એ કીધઉ ધવલકઇ પ્રવેસ. ૩૨
તિહાં આવ્યા પુત્ર જાઇઉ એ મોટઇ મન ઉછાહિ; વારુ કીધ વધામણું એ ધવલકા નયરહ માંહિ. ૩૩
વસ્તિગ નામ પ્રતિઠીઉં એ વાધઇ તે સુકુમાલ; બીજઉ બેટઉ જાઇઉ એ નામ દીધઉં તેજપાલ. ૩૪

Aho ! Shrutgyanam

**वस्त**—साह **आ**भूय, साह **आ**भूय, तद्दाप ईक धूय,
नामिइ कुंरादेवि तस्स **आ**सराजि परणीय आणी; सत्य सीलगुणि आगली रूपवंत सिघले वखाणी.
आणुं करी कुंकणु गयउ, जाइ भेटी सात; भि भेटा तिहां उपना हिव हुइ इडी वात. ૩૫
सिसिहर सूर समाणा भेउ तेजिहि दीपंतां; वांधइ सुरतरु जेम भेउ दिणि दिणि जयवंता;
वस्तपाल परणावीउ ओ सललित **ल**लता दे; **ते**जपाल घरि अति सुनारि नांमह **अ**णुपमदे. ૩૬
पूर्व पुण्य प्रभाव सार सुख विलसइ भेइ; धणकण कंचणु घरि हूयां ओ वइरी नवि कोइ. ૩૭
**वी**रधवल तिहि करइ राज **वा**घेलउ राणुउ; अरीयण गयवर भंजणुउ ओ करि सीह समाणुउ. ૩૮
अन्न दिवसि तिणि राय तेडि मंत्रीसर थाप्या; भे बंधव पहिरावीया ओ भिहुं आस ज आप्या. ૩૯
वस्तपाल तव भोलीउ ओ सुणि नरवर साचउं; लाष द्रव्य छइ अम्ह कन्हइ ओ नही कूडउं काचउं. ૪૦
जइ तूं रूसइ नरवरेंद्र तव ओ तूं राखे; लाभइ मुहुंडई भाषीउं ओ सविहूं जणु साखे. ૪૧
राजनीति भोली खरी ओ नवि हूउ गमारो; सूयणु लोक आणुंदीयु ओ हरषिउ परवारो. ૪૨
खंभनयरि गयु वस्तपाल भलि धणुई अपारो; सैद नाम नोडु वसइ ओ नवि करई जुहारो. ૪૩
तस्स ऊपरि मंत्रि कोपीउ ओ श्री वस्तपालो; जाणे करि जम रूसावउ ओ ओह भूडु कालो. ૪૪
नोडानइ मित्र सांभूओ ओ छइ अतिहि प्रचंडो; ओलग न करइ केह तणी ओ नवि आपइ दंडो. ૪૫
भारी वांस पंचासनी ओ भूसलभांहि पूरई; ओकइ धाइ आहणीओ ते सहू चूरई. ૪૬
पहिलई जूजइ पाडीउ ओ जे देसवटीतु; लीधी लिखमी तेह तणी ओ नोडु पणि जीतु. ૪૭
वार छत्रीसइ हणु परिइ ओ वयरी दल भांन्या; चोर चरडनइ भूट खरड तेही भल गान्यां ૪૮

**वस्त**—सूर ससिहर, सूरससिहर, तणइ आकारि;
भे बंधव परणावीया भेउ नारि अतिसुभग सुंदर[1]. + + +
भे पुणु जूजइ आगला जीतउ खांडइहि राउ; मंत्रीसर मनि ऊपनु धरमह ऊपरि भाउ. ૫૧
इया पांचइ ओ सहिस प्रासाद वस्तगि जैन करावीयाओ; भिमह ओ लाभसवाउ भिहुं बंधवि भरावीया ओ
पोसह ओ साल सइ नव चुरासी वलि आगलीय; दुनि सई ओ गरूय तलाव गढ बत्रीस करावीया ओ.
पांचसइ ओ आगली पांच समोसरण जदरतणां ओ; पांचसइ ओ सिंहासणु सहस पाट आसणु तणा ओ.
चउसठि ओ तरक मसीत सात सइ मढ तपसी तणा ओ; + +
मुणिवरूओ सई पांत्रीस नित वहरई वस्तिग तणुइओ, वीस सइओ वलि सइ पांच भवणु महेसरह भणुइओ;
वरसह ओ माहि त्रिवार संघ पूज कापड दीइओ; कंचणूं ओ कुंभ चउवीस वासदूपा वहिरावीया ओ. ૫૮
कापडी ओ जिमण लहंति ओक सहस्स नितु आवीया ओ; च्यारि सई चुसठि वावि सात सइ कूव खणावीया ओ.
परवह ओ सई नितु च्यारि पाणी त्रस्यां पाइइ ओ; ओकसु ओ नयर समूह जिनवर नामिइ गाई ओ ૬૦
सेत्रिजिओ साढी बार जात्र कीधी रेवति वलीय; पहिलीओ जात्र कीधी ओउ मई संभ्या धमि संभलीय.
देवह ओ तणा प्रासाद ओ सु साथि चलावीया ओ; च्यारइ ओ राय सुरंग पायक तिहि साथइ लीया ओ.
सीकरी ओ सइ ओगणीस धयवड गूडीय सहसलंघ; च्यारई ओ सहस तुरंग रंगिहि चालइ निर्विलंघ.
वाहणीओ सइ अढार पालखी पणि पांच सई ओ; क्षपनकू ओ सइ अग्यार सहस त्रि गायणु गहगहइओ.
दुनि सइ ओ अन्निइ वलि त्रीस दांत तणा रह नही मणाओ;
गणधरू ओ सातसइ जाणि वीससइ सिष्य तीह तणाओ. ૬૫
च्यारई ओ सहस सइ पांच सेजवाली साथिई किया ओ; त्रांणभइ ओ चरुयअपार पार न लाभइ दीवायां ओ.

१. આ ઠેકાણે ત્રણ ચાર કડીઓ લખતી વખતે છુટી ગયેલી લાગે છે.

Aho ! Shrutgyanam

ભાટ એ સહસ્સ તેત્રીસ એક સહસ્સ વલિ સૂત્રધાર; ચારણ એ દસસઇ હુંઠિ દસસઈ સાથિ લોહકાર. ૬૭
પોઢિયા સહસ બીજ ઊંટ સઇ સાત સાથઈ ભલાં એ; પટકુટીએ સંખ ન પાર સાત લાખ માણસ મિલ્યા એ.
ખજક એ ભોદક જાણિ કંદોઇ સત કેવલું એ; નાંન્હડાએ લોક ન પાર ચાલતાં દીસઈ એવલઇ એ. ૬૯
એતલઇ સંઘે ચાલંતિ મેર મહીધર ખલભલઇ એ; પહુવીએ ધોકઇ પ્રાણિ સાયર સિઘલા લહલઇ એ. ૭૦
ઝંપીઉએ ખેહડી સૂર કંપીય વાસિગ નાગલોક; ચાલિઉ એ ઇંદ્રિહ હાણુ જાણુ કીધઉં બાર દેવલોક. ૭૧
આવીઉ એ સેત્તુજિ સંઘ આદિજિણુંદ જુહારીઉએ; ભેટીઉ એ તિહૂયણ નાહ તઉ પાતક સહુ હારીઉં એ. ૭૨
જિણુવર એ કરઇ સનાત્ર નાન્હ મોટ ઊમાહીઉ એ; એવડૂ એ વાણીય પૂર જલનિધિ સઘલું સાહિઉં એ. ૭૩
પૂજીઉ એ પદમ જિણંદ તીર્થ જુહારઇ ફિરી ફિરીય; ચાલિઉ એ ગિરિ ગિરિનારિ નેમિજિણેસર મનિ વરીય. ૭૪

**વસ્ત**—મંત્રિ વસ્તગિ, મંત્રિ વસ્તિગ, અનઇ તેજપાલિ,
બિહુ બંધવિ ગુરુ ધમ્મ કિય જિણુહ બિંબે પ્રાસાહ કારીય.
ગઢ મઢ મંદિર અનઇ સુર ઠામિ ઠામિ વાહીય અવારીય;
જ્ઞાનભંડાર ભરાવીયા ભરીયા સુકૃત ભંડાર, અવરતિત્થ વલિ ઉધર્યા તીહ ન લાભઇ પાર. ૭૫
જામ વસ્તગિ, જામ વસ્તગિ, જાત્ર ચાલંતિ,
તોં સાયર સવિ ઝલહલઈ ખેહડંબરિ આકાશ છાહિઉ, નાગરાજ મનિ કમકમિઉ કિરયુ આજ એ પ્રલયવાયુ;
લછી ઊમણુ દૂમણી જાણિઉં સમુદ્ર ઢંકાઇ, સંઘવી સેત્તુંજિ જવ ગયુ તવ રલીયાઇતિ થાઈ. ૭૬

ભાવિહિ ભગતિહિ પૂજ કરેઈ, શ્રાવય જનમતણું ફલ લેઇ,
સેત્તુંજિ વેંચીય દ્રવ્ય અપાર, છનૂલાખ કેાડિ અઢાર. ૭૭
સત્ત સુહાસણિ તિ લખૂં તોરણ, નેમભૂયણ વીર સરગારોહણ;
થંભણપાસ તણઉ અવતારો થાપીય મનિ ચિંતઈ ગિરનારો. ૭૮
અસીય લાખ દ્રવ્ય બારહ કેાડિ, વેંચીય નેમિ નમું કરજોડિ;
કલ્યાણત્રય આદિવિહારો, તિહાં થાપીય સેત્તુંજિ અવતારો. ૭૯
તિહિં જિમણઇ અષ્ટાપદ દીસઇ, ડાવઈ સિરિ સમેતિ નમીજઈ;
ત્રિપન લાખ દ્રવ્ય બારહ કેાડિ, નેમિ ભૂયણિ તોઈ બારહખોડિ. ૮૦
આદિવિહાર પીતલ અચલેસો, આબૂય ઊપરિ કીધઉ નિવેસો;
જ્ઞાનિ વેંચીય કેાડિ અઢાર, પુસ્તકિ ભરીયા ત્રિણિ ભંડાર. ૮૧
અવર થાનક સંખ્યાનવિ જાણઉં, એકઇ જીભઇ કેમિ વખાણું;
ત્રિણિ કેાડિ સઇ ત્રિહુંતરિ કેાડિ, અસીય લાખ સોવન્હ જોડિ. ૮૨
એએ તુ દ્રવ્ય એવંકારઈ, વેંચીય ભરીયા પુણ્ય ભંડારઇ;
એ સહુ વરસ અઢારહ માહે, ધમ્મકમ્મ કીય મન ઉચ્છાહે. ૮૩
લાંછિતણઉ ઇમ લાહુ લેઇ, દિવલોકિ પુહુતા તે બેઈ;
મન આણંદઇ રાસ રમીજઈ, તુ મનવંછિત સહૂ ઈસીઝઈ ૮૪
જીણઇ એઉ રાસુ સાંભલીઉ, જાણે તેહ ઘરિ સુરતરુ ફલીઉ;
પાસચંદ્ર સૂરિ ઇમ બોલંતે, ભણઈ ગુણઇ તે સુખલહંતિ. ૮૬

**ઇતિશ્રી વસ્તુપાલ-તેજપાલ રાસ સમાપ્તઃ**

Aho ! Shrutgyanam

# શ્રીમત્ સિદ્ધસેન દિવાકર પ્રણીત
# ન્યાયાવતાર સૂત્ર

[ વિવેચક—અધ્યાપક શ્રીયુત પં. સુખલાલજી ]

મહાવાદી શ્રી **સિદ્ધસેન દિવાકર** જૈન તાર્કિકોમાં સર્વ પ્રથમ છે અને તેમનું રચેલું **ન્યાયાવતાર** સૂત્ર એ જૈન ન્યાય સાહિત્યમાં આદિમ તર્ક ગ્રંથ છે. એ ગ્રંથ આકારમાં જો કે ઘણો જ નાનો છે–માત્ર ૩૨ જ શ્લોકનો છે પણ તત્ત્વ વિચારમાં એ સાગર જેવડો છે. એમાંના એકેકા વાક્યના આધારે પાછળના પૂર્વાચાર્યોએ મોટા ગ્રંથો રચ્યા છે અને એમાંની જ વિચાર સરણિ ઉપર આખા જૈન ન્યાયશાસ્ત્રની ઇમારત ઊભી કરવામાં આવી છે.

આ સૂત્રનું સંક્ષિપ્ત ઇંગ્રેજી ભાષાંતર સદ્‌ગત બંગાલી વિદ્વાન્ ડૉ. સતીશચંદ્ર વિદ્યાભૂષણે કેટલાક વર્ષો ઉપર પ્રગટ કર્યું હતું. પણ આપણી દેશભાષામાં હજી સુધી કોઇએ એનું સ્વતંત્ર ભાષાંતર વગેરે કર્યું જાણ્યું નથી. અધ્યાપક શ્રી સુખલાલજીએ પોતાના પ્રૌઢ પાંડિત્યને શોભાવે એવું આ વિવેચન લખીને એ ગ્રંથના અભ્યાસ માટે અભિનંદનીય સરલતા કરી આપી છે અને આ જ સુધીમાં કોઇ જૈન વિદ્વાને નહિ સ્પર્શેલી એવી પ્રૌઢ પણ સ્ફુટ શૈલીમાં આ સમગ્ર સૂત્રપટ્ટના તારેતારનું મર્મ ઉકેલી બતાવ્યું છે. ખાસ કરીને પ્રમાણ અને નયઃ આ જે બે પદાર્થો જૈન તત્ત્વજ્ઞાનના ભંડારની કુંચીઓ ગણાય છે તેની સૂક્ષ્મ રચના સમજવા માટે જે સ્પષ્ટીકરણ શ્લોક ૨૯–૩૦ ના વિવેચનમાં કરવામાં આવ્યું છે તે તો અમારા અભિપ્રાય પ્રમાણે અદ્વિતીય અને અનન્યજ્ઞાત જેવું છે. પ્રમાણ અને નયનો આવો વિશદ અર્થાવબોધ તો કોઇ જૂના સંસ્કૃત ગ્રંથોમાં પણ કરવામાં આવ્યો હોય એમ અમારા અવલોકનમાં આવ્યું નથી.

આ સૂત્ર વિવેચનના ઉપોદ્‌ઘાત રૂપે જે પ્રકરણ લખવામાં આવ્યું છે તેમાં ઐતિહાસિક ઊહાપોહનો ઘણો નિષ્કર્ષ આપેલો છે. એ પ્રકરણ બહુ ગંભીર અને બહુ વિચાર પરિપ્લુત છે. જૈન ન્યાયપદ્ધતિના વિકાસ-ક્રમનું પ્રતિપાદન કરનારું આ એક **બીજું સૂત્ર જ** છે એમ કહીએ તો તે અત્યંત ઉપયુક્ત જણાશે. આ આખા પ્રકરણમાં જે વિચારો સૂત્રરૂપે મૂક્યા છે તેની પાછળ યુગોનાં અધ્યયન અને ચિંતન રહેલાં છે. એમાં પ્રતિપાદેલા એકેએક વિચારના આધારમાં ઘણાં ઘણાં પ્રમાણો રહેલાં છે અને તેના વિવેચનમાં અનેક મોટાં પ્રકરણો લખાય તેમ છે; અને શાસનદેવીની ઇચ્છા હશે તો તે લખાશે પણ ખરાં.

છાત્રાલયો કે પાઠશાળાઓના જે વિદ્યાર્થીઓ આ વિષયને ગ્રહણ કરી શકે તેવા હોય તેમને જો આ સૂત્ર-વિવેચન શીખવામાં આવે તો તેથી જૈન તત્ત્વપરિભાષા અને તર્કવિચારનું અત્યુત્તમ જ્ઞાન થાય તેમ છે તેમ જ જૈન તત્ત્વજ્ઞાનની દિશાનું સુદર્શન પણ થાય તેમ છે.–**જિન વિજય** ]

## પ્રાસ્તાવિક

ન્યાયાવતાર સૂત્રના અભ્યાસકને ઉપયોગી થાય એવી બે બાબતો અહિં આરંભમાં ચર્ચવી આવશ્યક લાગે છે. એમાંની પહેલી બાબત ન્યાયાવતારનો ટુંક પરિચય આપવો તે; અને બીજી, એ ગ્રંથમાં જે પ્રમાણ–મીમાંસાનું વિવેચન કરવામાં આવ્યું છે તેની પદ્ધતિનો જૈનસાહિત્યમાં કેવા ક્રમે વિકાસ થયો તેની સ્થૂલ રૂપરેખા આલેખવી તે.

ન્યાયાવતાર એ પ્રસિદ્ધ જૈનાચાર્ય સિદ્ધસેન દિવાકરની કૃતિ છે. તેમની બીજી કૃતિઓમાં અત્યારે ૨૧ સંસ્કૃત બત્રીસીઓ, અને પ્રાકૃત સંમતિતર્ક પ્રકરણ ઉપલબ્ધ છે. દિવાકરશ્રીના

Aho ! Shrutgyanam

સમયવિષે ઐતિહાસિકોમાં મતભેદ છે. પ્રાચીન જૈન પરંપરા તેઓને વિક્રમની પહેલી સદીમાં થયાનું સૂચવે છે. આધુનિક સંશોધકો વિચારકો તેઓને લગભગ પાંચમા સૈકામાં મૂકે છે. વળી પ્રૉ. યાકોબી ની કલ્પના એવી છે કે તેઓ બૌદ્ધ તાર્કિક ધર્મકીર્તિ પછી થએલા હોવા જોઇએ. તે પ્રમાણે દિવાકરનો સમય સાતમા સૈકા બાદ આવે છે. એ કલ્પનાના સમર્થનમાં પ્રૉ. યાકોબી ન્યાયાવતારને ધર્મકીર્તિકૃત ન્યાયબિંદુના અનુકરણ તરીકે જણાવે છે. વધારામાં તેઓ વળી પોતાની સમરાઇચ્ચકહાની પ્રસ્તાવનામાં કહે છે કે "જો કે સિદ્ધસેને ન્યાયાવતારની રચના ન્યાયબિન્દુનું સર્વોત્કૃષ્ટ સ્થાન લેવા કરી હતી પણ ખરી રીતે ન્યાયાવતાર એ ન્યાય બિન્દુથી ઉતરતા દરજ્જાનો જ ગ્રંથ છે." પ્રૉ. યાકોબીએ એ કથનના સમર્થનમાં કાંઇ દલીલો નથી આપી એટલે જ્યાં સુધી તેઓની દલીલો જાણવામાં ન આવે ત્યાં સુધી માત્ર સ્વતંત્રપણે સામાન્યરીતે એ બાબતમાં કાંઈ કહેવાનું પ્રાપ્ત થાય છે.

ન્યાયાવતાર એ દિગ્નાગના ન્યાયપ્રવેશ અને ધર્મકીર્તિના ન્યાયબિંદુ સાથે જૂદી જૂદી રીતે સમાનતા ધરાવે છે. આ ત્રણે ગ્રંથોની અત્યારસુધીની મારી વારંવારની સરખામણી ઉપરથી હું હજી કશાજ નિર્ણય ઉપર આવી શકતો નથી કે ન્યાયાવતાર અને ન્યાયપ્રવેશ એ બેમાં તેમ જ ન્યાયાવતાર અને ન્યાયબિંદુ એ બેમાં કયો ગ્રંથ પહેલાંનો અને કયો પછીનો છે. ઉલટું ઘણીવાર સરખામણી કરતાં એવી કલ્પના કરવાને કારણ મળે છે કે ન્યાયાવતાર એ જ બીજા બે ગ્રંથો પહેલાં રચાયો હશે. પરંતુ એ તો કલ્પના છે. એના સાધક અને બાધક પ્રમાણો ઉપર ઘણું જ વિચારવાનું અને નવીન શોધ કરવાનું બાકી છે. તેથી અત્યારે એ ગ્રંથોના પૌર્વાપર્યવિષે કાંઇ ચોક્કસ કહેવું અસ્થાને છે. પરંતુ ન્યાયબિંદુ અને ન્યાયાવતારના ચડતા ઉતરતાપણા વિષેનો પ્રૉ. યાકોબીનો અભિપ્રાય મને માન્ય નથી. અને અત્યાર-સુધીના કાળજીપૂર્વકના અવલોકનથી મારો અભિપ્રાય તો એથી ઉલટી જ દિશામાં જાય છે. મને લાગે છે કે ન્યાયાવતાર એ પોતાના નાના કદને લીધે કે પદ્યમયરચનાને લીધે ન્યાયબિંદુથી ઉતરતી કક્ષાનો માનવામાં આવે તો જૂદી વાત છે; પણ ભાષાપ્રસાદ, વિચારસ્પષ્ટતા, અને લક્ષણોની નિશ્ચિતતા જોતાં એનું સ્થાન ન્યાયબિંદુથી જો ચડે નહિ તો ઉતરી શકે તેમ પણ નથી જ. અને વળી પદ્યરચનામાં ન્યાયના પદાર્થોનું અતિસંક્ષેપમાં આટલા સ્પષ્ટીકરણપૂર્વક જ્યારે વર્ણન જોઇએ છીએ ત્યારે તો ન્યાયાવતારને ઉલટું ઉચ્ચ સ્થાન આપવાનું મન થઈ જાય છે. ગમે તેમ હો પણ એટલું તો ચોક્કસ છે કે ન્યાયાવતાર એ જૈનતર્કગ્રન્થોનો પ્રથમ પાયો છે. એણે જૈનતર્કપરિભાષાનું જે પ્રસ્થાન શરૂ કર્યું તે અત્યાર સુધી અખંડિત છે. તેથી જ એના પ્રણેતા સિદ્ધસેનદિવાકરને જૈનતર્કશાસ્ત્રના પ્રસ્થાપક કહેવાનું અને માનવાનું પ્રાપ્ત થાય છે.

ન્યાયાવતારની એ વિશિષ્ટતા અભ્યાસીઓના ધ્યાનમાં વધારે આવે તે હેતુથી અને ઐતિહાસિક ગવેષણામાં કંઇક માર્ગસૂચન થાય એવા હેતુથી ન્યાયાવતારનો પરિચય કરાવતાં આ સ્થળે તેની મુખ્યપણે ન્યાયપ્રવેશ અને ન્યાયબિંદુ સાથે સરખામણી કરવી યોગ્ય ધારી છે.

**બાહ્ય સ્વરૂપ**—ગ્રંથના બાહ્ય સ્વરૂપમાં મુખ્યતયા ભાષા, રચનાશૈલી અને નામકરણ એ ત્રણ વસ્તુ આવે છે. કુશળ ગ્રન્થકાર પોતાના સમયમાં આકર્ષક બનેલી–સમકક્ષ વિદ્વાનોએ તૈયાર કરેલી–વિચાર અને રચનાની સૃષ્ટિમાંથી ઉક્ત ત્રણ બાબતો પોતાની કૃતિ માટે પસંદ કરે છે. અને વિશેષ પ્રતિભા હોય તો પોતાના તરફથી કાંઇક નવીનના આણી એવી સૃષ્ટિમાં કાંઇક આકર્ષક અને અનુકરણીય તત્ત્વ ઉમેરે છે. આ નિયમનું ન્યાયાવતારમાં અવલોકન કરીએ.

(૧) વૈદિક બ્રાહ્મણ વિદ્વાનો પ્રથમથી જ સંસ્કૃત ભાષાની ઉપાસના કરતા આવ્યા છે એ વાત જાણીતી છે. બૌદ્ધ વિદ્વાનોમાં નાગાર્જુન ( ઈ. સ. પૂર્વે ૧ સદી )થી સંસ્કૃતમાં દર્શનિક ગ્રંથ લખવાની પ્રવૃત્તિ શરૂ થયા વિષે બે મત છે જ નહીં. જૈન વિદ્વાનોમાં સંસ્કૃતમાં પ્રથમ લખનાર વાચક ઉમાસ્વાતિ

Aho ! Shrutgyanam

છે. આચાર્ય કુંદકુંદ પોતાના દાર્શનિક વિચારોને માત્ર પ્રાકૃતમાં ગુંથે છે ત્યારે સિદ્ધસેન દિવાકર પોતાના દાર્શનિક વિચારો વર્ણવવા સંસ્કૃત પ્રાકૃત બન્ને ભાષાનો આશ્રય લે છે. પ્રાકૃતમાં સંમતિપ્રકરણ લખે છે અને સંસ્કૃતમાં બીજી બત્રિસીઓ ઉપરાંત ન્યાયાવતાર લખે છે. તર્કગ્રન્થ રચવા માટે બન્ને ભાષાની દિવાકરજીની પસંદગી એ ખાસ ધ્યાન આપવા જેવી બાબત છે.

(૨) ભારતીય દર્શનસાહિત્યમાં રચનાશૈલીના અનેક યુગો છે. સૂત્રયુગ, ભાષ્યયુગ, વાર્તિકયુગ અને ટીકાયુગ. એ યુગો ગદ્યના થયા. આર્યાયુગ, અનુષ્ટુપ્‌યુગ અને વિવિધચ્છન્દયુગ એમ પદ્યના પણ ત્રણ યુગ છે. ઈશ્વરકૃષ્ણની કારિકા એ વૈદિકદર્શન સાહિત્યમાં આર્યાયુગની પ્રથમકૃતિ. નાગાર્જુનની માધ્યમિક-કારિકા એ બૌદ્ધ સંસ્કૃત દર્શનસાહિત્યની પ્રથમ અનુષ્ટુપ્‌કૃતિ. વાચક ઉમાસ્વાતિની પદ્ય કૃતિઓ જૈન દર્શનસાહિત્યમાં આર્યાયુગની પ્રથમકૃતિ છે. આચાર્ય કુંદકુંદની પ્રાકૃત કૃતિઓ જૈનસાહિત્યમાં પ્રથમથી જ રૂઢ થએલ ગાથા છંદના નમુના છે. સંમતિતર્કના મૂળ માટે પસંદ કરાએલ ગાથાછંદ એ તો જૈનસાહિત્યનો પ્રથમથી જ રૂઢ છંદ છે પણ બત્રીસીઓમાં પસંદ કરાએલ અનુષ્ટુપ્, ઉપજાતિ, વસંતતિલકા, પૃથ્વી આદિ વિવિધ છંદો એ સંસ્કૃત દાર્શનિક જૈન સાહિત્યમાં સર્વ પ્રથમ છે. ન્યાયાવતાર માટે અનુષ્ટુપ્ છંદની પસંદગી એ પણ સમન્તભદ્રની આપ્તમીમાંસાના અનુષ્ટુપ્ છંદની પેઠે જૈન ન્યાયસાહિત્યમાં ધ્યાન ખેંચનારી બાબત છે.

(૩) વિદ્વાનોમાં નામકરણના ખાસ યુગો પ્રવર્તે છે. કયારેક કોઇ વિશિષ્ટ કૃતિને લીધે તેનું અમુક નામ સવિશેષ વિદ્વત્‌પ્રિય અને લોકપ્રિય થયું એટલે અમુક વખત સુધી એ નામનું અનુકરણ બહુ થવા લાગે છે અને તેથી તે નામનો યુગ વપ્રર્તે છે. ગીતા એ નામ લોકપ્રિય થતાં અનેક વિદ્વાનોએ ગીતા નામ આપી અનેક કૃતિઓ રચી. દર્શન સાહિત્યમાં વાર્તિક, બિંદુ, સમુચ્ચય, મુખ આદિ પદો અંતમાં હોય એવા અનેક નામોના યુગો પ્રવર્તેલા છે. જેમકે પ્રમાણવાર્તિક, મીમાંસા શ્લોકવાર્તિક, ન્યાયવાર્તિક, તત્ત્વાર્થ રાજવાર્તિક, તત્ત્વાર્થ શ્લોક વાર્તિક આદિ. હેતુ બિન્દુ, ન્યાયબિન્દુ, તત્ત્વબિંદુ, યોગબિન્દુ, ધર્મબિન્દુ આદિ. શિક્ષા સમુચ્ચય, પ્રમાણ સમુચ્ચય, શાસ્ત્રવાર્તા સમુચ્ચય, યોગદૃષ્ટિ સમુચ્ચય આદિ. હેતુમુખ, પરીક્ષામુખ આદિ.

ન્યાયાવતાર, ન્યાયપ્રવેશ, ન્યાયબિંદુ, ન્યાયસાર જેવાં નામો એ એવા કોઈ ખાસ યુગનું જ પરિ-ણામ છે. ન્યાયપ્રવેશના કર્તા બૌદ્ધ વિદ્વાન્ દિગ્‌નાગ અને ન્યાયાવતારના કર્તા સિદ્ધસેનના પૌર્વાપર્ય વિષે નિશ્ચિતપણે અત્યારે કંઈ પણ કહેવું તે કઠિન છે છતાં ઘણા કારણસર એવી કલ્પના થઇ આવે છે કે એ બે ગ્રંથોમાંથી કોઇ-એકમાં બીજાના અનુકરણની છાયા અવશ્ય છે.

**આંતરિક સ્વરૂપ**—મુખ્ય પ્રતિપાદ્ય વસ્તુ, તેના ભેદ પ્રભેદો, કેટલાંક ખાસ નામો અને પરિભાષાઓ, મતવિશેષનું સમર્થન કે નિરાકરણ, તેમ જ એ બધામાં અમુક દૃષ્ટિબિન્દુ; આટલી બાબતો ગ્રંથના અભ્યંતર સ્વરૂપમાં પ્રધાન હોય છે. તેથી એ બાબતો લઘ ઇતર ગ્રન્થો સાથે ન્યાયાવતારની તુલના કરવામાં જેટલો લાભ છે એમ ધારી અહિં એવી તુલના કરવી ધારી છે.

ન્યાયાવતારનો મુખ્ય વિષય જૈન દૃષ્ટિએ પ્રમાણોનું નિરૂપણ કરવું એ છે. એમાં આગમ-પ્રસિદ્ધ જ્ઞાનના પાંચ પ્રકારો કે પ્રમાણના પ્રત્યક્ષ, અનુમાનાદિ ચાર પ્રકારોનું વર્ણન નથી. પણ આગમોમાં ઉલ્લિખિત અને તત્ત્વાર્થ સૂત્રમાં ખાસ સ્થાન પામેલ પ્રત્યક્ષ અને પરોક્ષ એવા બે પ્રકારનાં પ્રમાણનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

ન્યાયાવતારમાં પ્રમાણસામાન્યની અને તેના ભેદોની વ્યાખ્યા એટલા બધી વિચારપૂર્વક બંધાએલી

Aho ! Shrutgyanam

છે કે પાછળની અનેક સદીઓમાં જૈન ન્યાયશાસ્ત્રનો પૂરતો વિકાસ થવા છતાં પણ શ્વેતાંબર કે દિગંબર કોઇ આચાર્યને ન્યાયાવતારની વ્યાખ્યાઓમાં માત્ર શાબ્દિક પરિવર્તન સિવાય કશું જ ઉમેરવું પડ્યું નથી.

દિગ્નાગના ન્યાયપ્રવેશ, ધર્મકીર્તિના ન્યાયબિંદુ અને શાંતિરક્ષિતના તત્વસંગ્રહમાં બૌદ્ધદર્શનસંમત બે પ્રમાણોનું નિરૂપણ છે પણ તે બે ન્યાયાવતાર કરતાં જૂદાં છે. અર્થાત્ તેમનું નામ પ્રત્યક્ષ અને અનુમાન છે. જો કે ન્યાયાવતારમાં પ્રથમતઃ પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે પ્રમાણો જ કહેવામાં આવ્યાં છે છતાં તેમાં પરોક્ષના નિરૂપણમાં તેના અનુમાન અને આગમ એવા બે ભેદોનું નિરૂપણ હોવાથી એકંદર પ્રત્યક્ષ, અનુમાન, અને આગમઃ એવા ત્રણ ભેદ થાય છે. જૈન પ્રમાણગ્રંથોમાં માત્ર આવાં ત્રણ ભેદોનું નિરૂપણ એ ન્યાયાવતારમાં જ છે. બીજે ક્યાંયે નથી. બીજા ગ્રંથોમાં તો પરોક્ષના ભેદ તરીકે સ્મરણ, પ્રત્યભિજ્ઞાન, તર્ક, અનુમાન અને આગમ એ પાંચનું નિરૂપણ આવે છે. ન્યાયાવતારના સીધી રીતે બે અને છતાં વસ્તુતઃ ત્રણ પ્રમાણોનું નિરૂપણ, ઇશ્વરકૃષ્ણની સાંખ્યકારિકા અને પતંજલિના યોગસૂત્રમાં વર્ણિત પ્રત્યક્ષ, અનુમાન અને આગમ એ ત્રણ પ્રમાણોનું સ્મરણ કરાવે છે. પાછળના દરેક જૈન તર્કગ્રંથમાં ઘટાવવામાં આવ્યાં છે તેમ ન્યાયાવતારમાં આગમસિદ્ધ પાંચ જ્ઞાનો પ્રત્યક્ષ અને પરોક્ષ એ ભેદમાં ઘટાવવામાં આવ્યાં નથી. એટલું જ નહિ પણ પાંચ જ્ઞાનનો ઉલ્લેખ સુદ્ધાં એમાં નથી. એમાં ફક્ત કેવળજ્ઞાનનું સ્પષ્ટ કથન છે. કદાચ પૂર્ણ જ્ઞાન હોવાથી એનો જ નિર્દેશ નાનકડા ગ્રંથમાં કરવો ગ્રંથકારે ધાર્યો હશે. ગમે તેમ હોય પણ પ્રમાણ વિષયક વિચારસૃષ્ટિમાં ત્રિવિધ પ્રમાણની જે પ્રાચીન પરંપરા ચાલી આવતી હતી તેને, અને જે બૌદ્ધ સંપ્રદાયમાં પ્રમાણની દ્વિત્વ સંખ્યા રૂઢ થઈ હતી તેને, ઉદાર-સર્વસંગ્રહ વર્ગીકરણમાં ઘટાવવાનું કામ તો જૈન ગ્રંથોમાં ન્યાયાવતારનું જ લાગે છે.

ન્યાયપ્રવેશમાં પ્રત્યક્ષનું લક્ષણ 'કલ્પનાપોઢજ્ઞાન' એટલું જ છે ધર્મકીર્તિએ પોતાના ન્યાયબિંદુમાં પ્રત્યક્ષનું લક્ષણ કરતાં એમાં 'અભ્રાન્ત'પદ ઉમેરી 'કલ્પનાપોઢ અભ્રાન્ત જ્ઞાન' એવું લક્ષણ બાંધ્યું છે. અને તે લક્ષણ, તે પછીના બધા બૌદ્ધ તાર્કિકોએ છેવટના લક્ષણ તરીકે માન્ય રાખ્યું હોય એમ તત્ત્વસંગ્રહાદિ ગ્રંથો ઉપરથી સમજાય છે. જૈન દર્શનની પ્રત્યક્ષપ્રમાણની વ્યાખ્યા બીજા બધા કરતાં તદ્દન જૂદી છે; તેથી તેમાં બૌદ્ધની જેમ અભ્રાન્ત કે ન્યાય-વૈશેષિક દર્શનની જેમ અવ્યભિચારી પદ નથી. છતાં ન્યાયાવતારમાં અન્ય પ્રસંગે અભ્રાન્ત શબ્દ યોજાએલો છે તે ખાસ અર્થસૂચક છે, એવી પ્રૉ. યાકોબીની કલ્પના છે.

અનુમાન પ્રમાણની સત્યતાનો સ્વીકાર ન કરનારની સામે તેની સત્યતા સ્થાપવા; અને પ્રત્યક્ષ પ્રમાણની સત્યતાનો સ્વીકાર ન કરનારની સામે તેની સત્યતા સ્થિર કરવાનો પ્રયત્ન શ્રી સિદ્ધસેન કરે છે, ત્યારે તે અભ્રાન્ત પદ યોજે છે. આ સ્થાપના કયા કયા પ્રતિવાદી સામે હશે એ પ્રશ્નનો ખુલાસો તે વખતે પ્રચલિત દાર્શનિક માન્યતાઓમાંથી મળી શકે. બૌદ્ધો અનુમાનને વ્યવહારસાધક માને છે છતાં તેનો વિષય સામાન્ય એ તેઓને મતે કલ્પિત હોવાથી તેને પ્રત્યક્ષ જેવું મુખ્ય પ્રમાણ નથી માનતા; માત્ર ગૌણ માને છે. અને કેટલાક શૂન્યવાદી જેવા બૌદ્ધો તો પ્રત્યક્ષને પણ સત્ય નથી માનતા. તેઓની સામે સિદ્ધસેન એ બન્નેનું સત્યપણું સાબીત કરે છે. જેઓ વિજ્ઞાનમાત્રનું અસ્તિત્વ સ્વીકારી બાહ્ય કાંઇપણ બીજી વસ્તુ નથી માનતા કે જેઓ શૂન્યવાદના લીધે અંદર બહાર કાંઇ તત્ત્વ નથી માનતા તે બન્નેની સામે સિદ્ધસેન જ્ઞાન અને તદ્ભિન્ન વસ્તુની સ્થાપના કરે છે. એ સ્થાપનાથી એમ લાગે છે કે સિદ્ધસેનની સામે વિજ્ઞાનવાદ અને શૂન્યવાદનું બળ હશે.

કયું પ્રમાણ સ્વાર્થ, કયું પરાર્થ, અને કયું ઉભયરૂપઃ એ પ્રશ્નને વિચારવાનું કાર્ય પ્રમાણશાસ્ત્રોનું છે. ન્યાય-વૈશેષિક દર્શનમાં માત્ર અનુમાન પ્રમાણ પરાર્થરૂપે પ્રસિદ્ધ છે. ન્યાયપ્રવેશ અને ન્યાયબિંદુમાં પણ

Aho ! Shrutgyanam

અનુમાનને જ પરાર્થ કહેવામાં આવ્યું છે; પ્રત્યક્ષને નહિં. દિગંબરાચાર્ય પૂજ્યપાદ અને ભટ્ટારક અકલંક પોતપોતાની તત્ત્વાર્થ ઉપરની વ્યાખ્યાઓમાં શ્રુતજ્ઞાનને પરાર્થ અને શ્રુત સિવાયના બીજાં બધાં જ્ઞાનોને સ્વાર્થરૂપે વર્ણવે છે. માણિક્યનંદી વગેરે બધા દિગંબરાચાર્યો પોતપોતાના ગ્રંથોમાં અનુમાનને જ પરાર્થ કહે છે. પ્રત્યક્ષને કોઇ વૈદિક, બૌદ્ધ કે દિગંબર તાર્કિકે પરાર્થ કહ્યું નથી. પ્રત્યક્ષને પરાર્થ કહી અનુમાન અને પ્રત્યક્ષ બન્નેનું પરાર્થપણું સ્થાપન કરવાનો પ્રથમ પ્રયત્ન ન્યાયાવતારમાં જ દેખાય છે, જેને પાછળથી પ્રમાણનયતત્ત્વ લોકાલંકારમાં સ્થાન મળ્યું છે. અનુમાનને પરાર્થ માનવામાં જે યુક્તિ છે તે યુક્તિ પ્રત્યક્ષમાં પણ લાગુ પડે છે. તો પછી તેને પરાર્થ શા માટે ન માનવું; એવા આશયથી તાર્કિકો સમક્ષ પ્રત્યક્ષનું પરાર્થપણું સ્થાપન કરવાનો પ્રથમ પ્રયત્ન એ સિદ્ધસેનની અસાધારણ પ્રતિભાના સ્વાતંત્ર્યનું સૂચન કરે છે. પરાર્થ અનુમાનનું સ્વરૂપ બતાવતાં દિગ્નાકરે જે વાક્ય **पक्षादिवचनात्मकम्** યોજ્યું છે તે વાક્ય ન્યાયપ્રવેશના સૂત્રમાં પણ **तत्र पक्षादिवचनानि साधनम्** આ રૂપમાં મળી આવે છે પણ ન્યાય-બિંદુમાં આવો કંઇ ઉલ્લેખ દેખાતો નથી.

ન્યાયપ્રવેશમાં સાધન ( પરાર્થનુમાન ) દૂષણ, સાધનાભાસ, દૂષણાભાસ, પ્રત્યક્ષ, અનુમાન, પ્રત્યક્ષા-ભાસ અને અનુમાનાભાસ–એ આઠ વિષયોનું નિરૂપણ છે. પરંતુ તેમાં મુખ્ય ભાગ તો પ્રથમના ચાર વિષયોથી જ રોકાએલો છે. ન્યાયાવતારમાં ઉક્ત આઠમાંથી પ્રત્યક્ષાભાસ અને અનુમાનાભાસ સિવાયના બાકીના છએ વિષયોનું નિરૂપણ કરેલું છે. પણ તેમાં મુખ્યપણે સાધન, દૂષણ, સાધનાભાસ અને દૂષણાભાસ એ ચાર વિષયો જ વર્ણવાએલા છે. ગૌતમના ન્યાયસૂત્રોમાં અન્ય વસ્તુનું વર્ણન હોવા છતાં પણ જેમ પરાર્થાનુમાન (ન્યાય)ને લગતા પદાર્થોનું જ વર્ણન મુખ્ય છે. અને એ સૂત્રોમાં વર્ણવાએલાં સોળ પદાર્થોમાં ઘણા પદાર્થો તો માત્ર ન્યાયને જ લગતા છે; તેમ ન્યાયાવતાર, ન્યાયપ્રવેશ અને ન્યાયબિંદુમાં બીજું વર્ણન તો માત્ર પ્રાસંગિક છે; અને સાધન કે પદાર્થાનુમાનને લગતી બાબતનું વર્ણન જ મુખ્ય છે. તેથી એ ગ્રંથોનું નામકરણ જે પ્રારંભમાં ન્યાયશબ્દ વડે રાખવામાં આવ્યું છે તે **प्राधान्येन व्यपदेशा भवन्ति** એ નિયમને યાદ કરાવે છે.

પરાર્થાનુમાનમાં પક્ષનો પ્રયોગ કરવો જ જોઇએ. એવું સમર્થન ન્યાયાવતારમાં કરવામાં આવ્યું છે જે ખાસ ધ્યાન ખેંચે છે. વૈદિક વિદ્વાનોમાં તો પક્ષનો પ્રયોગ કરવા વિષે બે મત છે જ નહિં. તેથી કયા પ્રતિવાદી સામે ન્યાયાવતારનું આ સમર્થન હશે એ પ્રશ્ન થાય છે. વિચાર કરતાં જણાય છે કે એ સમર્થન કોઇ બૌદ્ધ તાર્કિક સામે કરાએલું છે. જો કે ન્યાયબિંદુમાં ધર્મકીર્તિ સ્પષ્ટ કહે છે કે 'પક્ષના પ્રયોગ વિના પણ ચાલે'–અર્થાત્ તે આવશ્યક નથી. પણ એ મત ધર્મકીર્તિનો પોતાનો છે કે બૌદ્ધ તર્ક પરંપરામાં પૂર્વવર્તી વિદ્વાનોએ રૂઢ કરેલ એ મતની ન્યાયબિંદુમાં ધર્મકીર્તિએ માત્ર નોંધ કરી છે; એનો નિર્ણય કરવો કઠણ છે. પણ જો સિદ્ધસેન કોઇપણ રીતે ધર્મકીર્તિના પૂર્વવર્તી નિશ્ચિત થાય તો જરૂર એમ કહી શકાય કે સિદ્ધસેને **तत्प्रयोगोऽत्र कर्तव्यः** અર્થાત્ 'અનુમાન વાક્યમાં પક્ષનો પ્રયોગ કરવો જોઇએ' એમ કહી કરેલું પક્ષપ્રયોગનું સમર્થન ધર્મકીર્તિના પૂર્વવર્તી કોઇ બૌદ્ધ વિદ્વાન સામે હોવું જોઇએ. બૌદ્ધ પ્રતિવાદી સામે સિદ્ધસેને કરેલું આ પક્ષપ્રયોગનું સમર્થન પાછળના જૈનાચા-ર્યોએ પોતપોતાના તર્ક ગ્રંથોમાં લીધેલું છે. એ સમર્થન કરતાં દિગ્નાકરે જે ધાનુષ્કનો દાખલો આપ્યો છે તે ઉપમાદ્વારા વક્તવ્યને સ્પષ્ટ કરવાની તેઓની કુશળતા સૂચવે છે.

પક્ષનું સ્વરૂપ બતાવતાં ન્યાયાવતારમાં જે '**प्रत्यक्षाद्यनिराकृतः**' એવું પદ વાપરેલું છે તે ન્યાયબિંદુના પ્રત્યક્ષ લક્ષણમાં વપરાએલ '**अनिराकृत**' પદ સાથે તદ્દન સાદૃશ્ય ધરાવે છે. જ્યારે ન્યાયપ્રવેશના પ્રત્યક્ષ લક્ષણમાં વપરાએલ '**प्रत्यक्षाद्यविरुद्धः**' એ પદ સાથે માત્ર અર્થતઃ સામ્ય

Aho ! Shrutgyanam

ધરાવે છે. અક્ષપાદ વૈશેષિકસૂત્રના પ્રશસ્તપાદ ભાષ્યમાં એ જ પ્રસંગે વપરાએલું અવિરોધી પદ પણ ન્યાય પ્રવેશના **अविरुद्ध**પદ સાથે શાબ્દિક સાદૃશ્ય ધરાવે છે.

ભટ્ટારક અકલંકથી માંડી ઉપાધ્યાય યશોવિજયજી સુધીના બધા દિગંબર-શ્વેતાંબર જૈન તર્ક ગ્રંથોમાં, જૈનેતર વૈદિક અને બૌદ્ધ તર્કગ્રંથ કરતાં તદ્દન જૂદા જ પ્રકારની હેતુના પ્રયોગની પરિપાટી જે એક સરખી મળી આવે છે તેના પ્રથમ આવિષ્કર્તા, જ્યાં સુધી ન્યાયાવતારથી બીજો કોઈ જૂનો જૈન તર્કગ્રંથ ન મળી આવે ત્યાં સુધી, સિદ્ધસેન દિવાકર જ ગણાવા જોઇએ.

ન્યાયાવતારમાં જે સાધર્મ્ય અને વૈધર્મ્ય દૃષ્ટાંતના લક્ષણો છે તે ન્યાયપ્રવેશમાંના તેના લક્ષણો સાથે ઘણું જ શાબ્દિક સામ્ય ધરાવે છે. જ્યારે પ્રશસ્તપાદ ભાષ્યમાંના તેના લક્ષણો સાથે માત્ર અર્થતઃ સામ્ય મુખ્ય છે. અને ગૌતમના ન્યાયસૂત્રમાંના દૃષ્ટાન્ત લક્ષણો સાથે તો ન્યાયાવતારગત લક્ષણોનું શબ્દશઃ કે અર્થશઃ કશું જ સામ્ય નથી. આ ઉપરાંત દૃષ્ટાંતના પ્રયોગની અનાવશ્યકતા જે ન્યાયાવતારમાં બતાવી છે તે કયા પ્રતિપક્ષ સામે છે એ પ્રશ્ન ઉપર વિચાર કરતાં લાગે છે કે સિદ્ધસેનનું એ કથન નૈયાયિકોની અને ખાસ કરી બૌદ્ધોની સામે હોવું જોઇએ. કારણ કે ન્યાયપ્રવેશ અને ન્યાયબિંદુમાં ઉદાહરણના પ્રયોગ ઉપર ખાસ ભાર આપવામાં આવ્યો છે, ત્યારે સિદ્ધસેન તેનો પ્રયોગ ન કરવા માટે ખાસ ભાર આપે છે. ઉદાહરણના પ્રયોગને વ્યર્થ જણાવતાં સિદ્ધસેન પૂર્વવર્તી ન્યાયવિદ્ વિદ્વાનોની, પોતાની બાજુમાં સંમતિ છે એવી નોંધ કરે છે. આ નોંધ ખાસ અર્થસૂચક છે. શું સિદ્ધસેન પહેલાં એવા કોઈ જૈન કે જૈનેતર તાર્કિકો થયા હશે જેઓના મતને સિદ્ધસેન પોતાના સમર્થનમાં સાક્ષી તરીકે સૂચવે છે ?

સાધનના વિષયમાં પક્ષ, હેતુ અને દૃષ્ટાંતઃ એ ત્રણ અવયવોના નિરૂપણપૂર્વક ન્યાયાવતારમાં સાધનાભાસનું નિરૂપણ છે. તેમાં પહેલો પક્ષાભાસ લીધો છે અને તેમાં એના પાંચ ભેદો કરવામાં આવ્યા છે જે ન્યાયબિંદુના પક્ષાભાસના ભેદો સાથે લગભગ શબ્દશઃ મળે છે અને બંને ગ્રંથોની પક્ષાભાસની સંખ્યા પણ સમાન છે. જ્યારે ન્યાયપ્રવેશમાં પક્ષાભાસની સંખ્યા વધારે છે, એટલે કે નવની છે. ત્યારબાદ હેત્વાભાસના જે ત્રણ ભેદો ન્યાયાવતારમાં આપેલા છે તે જ ન્યાયપ્રવેશ, ન્યાયબિંદુ અને પ્રશસ્તપાદ ભાષ્યમાં પણ છે. એ જ ત્રણ ભેદોને મુખ્ય રાખીને પાછળના જૈન તાર્કિકોએ તેના ભેદ-પ્રભેદો બતાવી હેત્વાભાસની કલ્પના વિસ્તારી છે. વૈશેષિક, બૌદ્ધ કે જૈન તર્કગ્રંથોમાં ગૌતમના પાંચ હેત્વાભાસો મૂળ ક્રમમાં નથી.

દૃષ્ટાંતાભાસનું વર્ણન કરતાં સિદ્ધસેન પૂર્વવર્તી ન્યાય નિષ્ણાતોની પરંપરા પ્રમાણે ૭ ૭ સાધર્મ્ય અને વૈધર્મ્ય દૃષ્ટાન્તાભાસો સૂચવતા જણાય છે. એ પૂર્વવર્તી ન્યાયનિષ્ણાતો કોણ હશે ? જૈન કે જૈનેતર એ કહેવું કઠણ છે. ન્યાયપ્રવેશમાં તો સાધર્મ્ય અને વૈધર્મ્ય બન્નેના પાંચપાંચ પ્રકાર છે. જ્યારે ન્યાયબિંદુમાં નવ નવ પ્રકાર આપેલા છે. ૭ની સંખ્યા માત્ર પ્રશસ્તપાદ ભાષ્યમાં છે.

સાધનાભાસના નિરૂપણ પછી દૂષણ અને દૂષણાભાસનું નિરૂપણ ન્યાયાવતારમાં જેવું છે તેવું જ ન્યાયપ્રવેશ અને ન્યાયબિંદુમાં પણ છે. પરંતુ એ પ્રસંગે ન્યાયાવતારમાં વપરાએલો નિરવદ્ય શબ્દ તો ફક્ત ન્યાયબિંદુમાં જ છે. ન્યાયાવતારમાં જે પ્રમાણના ફલનું કથન છે તે ન્યાયપ્રવેશ અને ન્યાયબિંદુ બન્નેથી જૂદી જ જાતનું છે. કદાચ એમાં બૌદ્ધ દૃષ્ટિ કરતાં જૈન દૃષ્ટિની ભિન્નતાનો ધ્વનિ હોય. પરંતુ ન્યાયાવતારનું એ કથન માત્ર સમંતભદ્રની આપ્તમીમાંસા સાથે મળે છે અને ફલકથનની એ જ પરંપરા સમગ્ર જૈનતર્કગ્રંથોમાં છે.

પ્રમાણ અને નયનો જે વિષયભેદ ન્યાયાવતારમાં છે તે જૈનેતર ગ્રંથોમાં તો હોવાનો સંભવ જ નથી. કારણ કે જૈન સિવાય બીજા કોઈ શાસ્ત્રમાં નયની મીમાંસા જ નથી. નયનો વિષય, નયનું સ્વરૂપ,

Aho ! Shrutgyanam

સ્યાદ્વાદશ્રુતનું લક્ષણ. અને જૈનદૃષ્ટિએ પ્રમાતાનું સ્વરૂપ; ટૂંકમાં છતાં બહુ જ સ્પષ્ટ અને નિશ્ચિતરૂપે બતાવી સિદ્ધસેન દિવાકરે ન્યાયાવતારને વિશિષ્ટ જૈનતર્કપદ્ધતિના પ્રથમ ગ્રંથનું સ્થાન આપ્યું છે. જે અત્યાર સુધી કાયમ છે.

## જૈન પ્રમાણમીમાંસા પદ્ધતિનો વિકાસક્રમ

આજ સુધીમાં તત્ત્વચિંતકોએ જ્ઞાનવિચારણા એટલે પ્રમાણમીમાંસામાં જે વિકાસ કરેલો છે, તેમાં જૈન દર્શનનો કેટલો ફાળો છે એ પ્રશ્નનો ઉત્તર મેળવવા જ્યારે જૈન સાહિત્યને વધારે ઉંડાણથી જોઇએ છીએ ત્યારે હૃદયમાં સાશ્ચર્ય આનંદ થવા સાથે જૈન તત્ત્વચિંતક મહર્ષિઓ પ્રત્યે બહુ માન થયા વિના રહેતું નથી. અને તત્ત્વચિંતન-મનનરૂપ તેઓની જ્ઞાનોપાસનાની મુક્ત કંઠે પ્રશંસા કરવા મન લલચાય છે.

જૈન સાહિત્યમાં જ્ઞાનનિરુપણની બે પદ્ધતિ નજરે પડે છેઃ—પહેલી આગમિક અને બીજી તાર્કિક. આગમિક પદ્ધતિમાં મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય અને કેવલ એ રીતે જ્ઞાનના પાંચ ભેદો પાડી સમગ્ર જ્ઞાનવૃત્તિનું વર્ણન કરવામાં આવ્યું છે. તાર્કિક પદ્ધતિના બે પ્રકારો વર્ણવેલા છે.

( ૧ ) પહેલો પ્રકાર પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે ભેદનો; અને

( ૨ ) બીજો પ્રકાર પ્રત્યક્ષ, અનુમાન અને આગમ એ ચાર ભેદનો છે.

પહેલી પદ્ધતિને આગમિક કહેવાનાં મુખ્ય બે કારણો છેઃ

( अ ) કોઇ પણ જૈનેતર દર્શનમાં નહિ વપરાએલા એવા મતિ, શ્રુત, અવધિ આદિ જ્ઞાનવિશેષવાચી નામો વડે જ્ઞાનનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે; અને,

( इ ) જૈનશ્રુતના ખાસ વિભાગ રૂપ કર્મશાસ્ત્રમાં કર્મપ્રકૃતિઓનું જે વર્ગીકરણ છે તેમાં જ્ઞાનાવરણીયકર્મના વિભાગ તરીકે મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યાયજ્ઞાનાવરણ, કેવલજ્ઞાનાવરણ ( નહિ કે પ્રત્યક્ષાવરણ, પરોક્ષાવરણ, અનુમાનાવરણ, ઉપમાનાવરણ આદિ ) એવા શબ્દો યોજાએલા છે તે.

બીજી પદ્ધતિને તાર્કિક કહેવાનાં પણ મુખ્ય બે કારણ છેઃ

(क) તેમાં યોજાએલ પ્રત્યક્ષ, પરોક્ષ, અનુમાન, ઉપમાન આદિ શબ્દો ન્યાય, બૌદ્ધ આદિ જૈનેતર દર્શનોમાં પણ સાધારણ છે છે તે; અને,

(ख) પ્રત્યક્ષ, પરોક્ષ આદિરૂપે સમગ્ર જ્ઞાનવૃત્તિનું પૃથક્કરણ કરવામાં તર્કદૃષ્ટિ પ્રધાન છે તે.

ગણધર શ્રી સુધર્મ પ્રણીત મૂળ આગમોથી માંડીને ઉપાધ્યાય યશોવિજયજીની કૃતિ સુધીનાં જ્ઞાનનિરૂપણ વિષયક સમગ્ર શ્વેતાંબર-દિગંબર વાઙ્મયમાં ( માત્ર કર્મશાસ્ત્ર બાદ કરીને ) આગમિક અને તાર્કિક બન્ને પદ્ધતિઓનો સ્વીકાર કરાએલો છે. એ બેમાં આગમિક પદ્ધતિ જ પ્રાચીન હોય તેમ લાગે છે. કારણ કે જૈન તત્ત્વચિંતનની ખાસ વિશિષ્ટતા અને ભિન્ન પ્રસ્થાનવાળા કર્મશાસ્ત્રમાં તે જ પદ્ધતિ સ્વીકારાએલી છે. આ કારણથી એમ પણ કહી શકાય કે ભગવાન મહાવીરના સ્વતંત્રવિચારનું વ્યક્તિત્વ આગમિક પદ્ધતિમાં જ છે. બીજી તાર્કિક પદ્ધતિ જો કે જૈન વાઙ્મયમાં ઘણા જૂના કાળથી જ દાખલ થએલી લાગે છે; પણ તે આગમિક પદ્ધતિની પછી જ અનુક્રમે દાર્શનિક સંઘર્ષણ તેમ જ તર્કશાસ્ત્રનું પરિશીલન વધવાને પરિણામે યોગ્ય રીતે સ્થાન પામી હોય તેમ ભાસે છે.

મૂળ અંગ ગ્રન્થોમાંથી ત્રીજા સ્થાનાંગ નામના આગમમાં તાર્કિક પદ્ધતિના બન્ને પ્રકારોનો નિર્દેશ છે. ભગવતી નામક પાંચમા અંગમાં ચાર ભેદવાળા બીજા પ્રકારનો નિર્દેશ છે. મૂળ અંગોમાં આગમિક અને તાર્કિક બન્ને પદ્ધતિએ સમગ્ર જ્ઞાનવૃત્તિનું નિરૂપણ થએલું હોવા છતાં પણ કયાંયે એ બે પદ્ધતિનો પરસ્પર સમન્વય કરાએલો નજરે પડતો નથી. શ્રીમદ્ ભદ્રબાહુકૃત દશવૈકાલિકનિર્યુક્તિ ( પ્રથમાધ્યયન )

Aho ! Shrutgyanam

માં ન્યાયપ્રસિદ્ધ પરાર્થ અનુમાનનું અતિ વિસ્તૃત અને અતિ સ્ફુટ વર્ણન જૈન દૃષ્ટિએ કરવામાં આવ્યું છે તે ઉપરથી એટલું તો લાગે છે કે નિર્યુક્તિકારના પહેલાં જ તાર્કિક પદ્ધતિ જૈન શાસ્ત્રમાં સ્થાન પામી હશે. છતાં નિર્યુક્તિ સુદ્ધાંમાં એ બે પદ્ધતિનો સમન્વય થએલો જણાતો નથી.

પરંતુ કાળક્રમે જેમ જેમ દાર્શનિક સંઘર્ષ અને તર્કનો અભ્યાસ વધતો ગયો તેમ તેમ પ્રથમથી જ આગમમાં પ્રચલિત એ બે પદ્ધતિના સમન્વયનો પ્રશ્ન વધારે સ્પષ્ટપણે ઉપસ્થિત થવા લાગ્યો. આગમમાં મૂળ જ્ઞાનના મતિ શ્રુત આદિ એવા પાંચ વિભાગો છે. તેમ જ પ્રત્યક્ષ, પરોક્ષ એમ બે; અને પ્રત્યક્ષ, અનુમાન આદિ એમ ચાર પણ છે. તેમાં કાંઈ વિરોધ છે કે નહિં ? અને ન હોય તો તેનો સમન્વય શી રીતે ? આ પ્રશ્ન થવા લાગ્યો. એનો ઉત્તર આપવાનો પ્રથમ પ્રયાસ વાચક ઉમાસ્વાતિના તત્ત્વાર્થ સૂત્રમાં થએલો જણાય છે. સમગ્ર આગમોનું દોહન કરી સમસ્ત જૈન પદાર્થોને, લોકપ્રિય દાર્શનિક સંસ્કૃત સૂત્ર શૈલીમાં, સૌથી પહેલાં ગૂંથનાર જૈનાચાર્ય વાચક ઉમાસ્વાતિ છે. તેથી તેઓ ઉક્ત પ્રશ્નનું સમાધાન કર્યા વિના નજ રહે તે દેખીતું છે. તત્ત્વાર્થના પ્રથમ અધ્યાયમાં મુખ્યપણે જ્ઞાનનું નિરૂપણ છે. તેમાં વાચકશ્રીએ આગમિક પદ્ધતિની ભૂમિકા ઉપર તાર્કિકપદ્ધતિ ઘટાવી છે. જ્ઞાનના મતિ, શ્રુત આદિ પાંચ ભેદો બતાવી તેને તાર્કિક પદ્ધતિના પ્રથમ પ્રકારમાં ઘટાવતાં વાચકશ્રી કહે છે કે–પહેલાં બે જ્ઞાન પરોક્ષ; અને બાકીનાં ત્રણે પ્રત્યક્ષ છે. પરોક્ષ અને પ્રત્યક્ષ એ બે ભેદવાળી પ્રથમ પ્રકારની તાર્કિક પદ્ધતિને આગમિક પદ્ધતિમાં ઘટાવનાર આગમાભ્યાસી વાચકશ્રી આગમોમાં ઉલ્લિખિત ચાર ભેદવાળી બીજી તાર્કિક પદ્ધતિને ભૂલી જાય એમ બનવું અસંભવ છે, તેથી જ તેઓએ પોતાના તત્ત્વાર્થભાષ્યમાં **चतुर्विधमित्येके** કહી ચાર પ્રમાણનું પણ સૂચન કર્યું છે. પરંતુ જેમ પાંચ જ્ઞાનને પરોક્ષ અને પ્રત્યક્ષ એ બે પ્રમાણ-ભેદમાં સૂત્રદ્વારા ઘટાવ્યાં છે; તેમ એ પાંચ જ્ઞાનને પ્રત્યક્ષ, અનુમાન આદિ ચાર પ્રમાણોમાં સૂત્ર કે ભાષ્ય સુદ્ધાંમાં ઘટાવ્યાં નથી. માત્ર કોઇ ચાર પ્રમાણ માને છે એટલું જ **चतुर्विधमित्येके** એ ભાષ્ય વાક્યદ્વારા સૂચન કર્યું છે. આ સૂચન કરતી વખતે વાચકશ્રી સામે " બીજી ચાર ભેદવાળી તાર્કિક પદ્ધતિ જે આગમમાં નિર્દિષ્ટ થએલી છે તે જૈનદર્શનને માન્ય છે કે નહિં; અને માન્ય હોય તો તેમાં પણ પાંચ જ્ઞાન કેમ ઘટાવતા નથી ?" એવો જીજ્ઞાસુ શિષ્યોનો કે દર્શનાંતરીય પ્રતિવાદીઓનો પ્રશ્ન હતો. એ પ્રશ્નનું નિરાકરણ કોઈ ચાર પ્રકારનું પ્રમાણ માને છે એટલા કથનથી થતું નથી. બહુ તો એ કથનદ્વારા એટલું જ ફલિત થાય કે આગમોમાં સ્થાન પામેલ ચાર પ્રમાણોનો વિભાગ એ કોઇ બીજા દર્શનકારોનો એ માન્ય કરેલો વિભાગ છે; પણ તે જૈનદર્શનને પણ અનિષ્ટ નથી; એ સૂચવવા વાચકશ્રી આગળ વધીને કહે છે કે **नयवादान्तरेण** અર્થાત્ ચતુર્વિધ પ્રમાણનો વિભાગ અપેક્ષા વિશેષે સમજવો. આ જ ટૂંક સૂચનને વળી તેઓ આગળ જતાં નયસૂત્રના ભાષ્યમાં સ્પષ્ટ કરી કહે છે કે–શબ્દનયની અપેક્ષાએ પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, અને શબ્દ: એ ચારેનું પ્રામાણ્ય સ્વીકારવામાં આવે છે. વાચકશ્રીના પૂર્વાપર એ કથનનો સાર એટલો જ નીકળી શકે કે એ ભેદવાળી પ્રથમ પ્રકારની તાર્કિક પદ્ધતિ જ જૈનદર્શનને વધારે બંધ બેસતી છે. અને ચાર ભેદવાળી બીજી તાર્કિક પદ્ધતિ આગમમાં નિર્દિષ્ટ છતાં મૂળે એ દર્શનાં-તરની છે; પણ જૈનદર્શનને અમુક અપેક્ષાએ તેનો સ્વીકાર કરવામાં કશી અડચણ નથી. આ જ કારણથી તેઓએ પ્રથમ પ્રકારની તાકિક પદ્ધતિમાં જેમ પાંચ જ્ઞાનનો વિભાગ ઘટાવ્યો તેમ બીજા પ્રકારની તાર્કિક પદ્ધતિમાં ભાષ્ય સુદ્ધામાં ઘટાવ્યો નથી.

વાચકશ્રીએ જે પ્રત્યક્ષ અને પરોક્ષભેદની તાર્કિક પદ્ધતિને મુખ્યપણે જૈનદર્શન સંમત હોવાની તત્ત્વાર્થ સૂત્રદ્વારા છાપ મારી તેને જ આચાર્ય કુંદકુંદે મંજુર રાખી. તેઓએ પણ પ્રવચનસારના પ્રથમ પ્રકરણમાં તત્ત્વાર્થસૂત્રની જેમ પહેલાં બે જ્ઞાનને પરોક્ષ અને બાકીનાં ત્રણ જ્ઞાનને પ્રત્યક્ષરૂપે વર્ણવ્યાં છે. આગમિક

Aho ! Shrutgyanam

અને તાર્કિક પદ્ધતિના સમન્વયનો આટલો પ્રયત્ન થયાં પછી પણ જિજ્ઞાસુઓને શંકા માટે અવકાશ હતો જ. તેથી વળી પ્રશ્ન થવા લાગ્યો કે "તમે ( જૈનાચાર્યો ) તો મતિ અને શ્રુતને પરોક્ષ કહો છો જ્યારે જૈનેતર દાર્શનિક વિદ્વાનો મતિજ્ઞાન તરીકે વર્ણવાતા ઇંદ્રિય જન્ય જ્ઞાનને પ્રત્યક્ષ કહે છે. તો આ બાબતમાં સત્ય શું સમજવું? શું તમારા કથન પ્રમાણે મતિજ્ઞાન એ ખરેખર પરોક્ષ જ છે કે દર્શનાંતરીય વિદ્વાનોના કથન પ્રમાણે એ પ્રત્યક્ષ જ છે." આ પ્રશ્ન એક રીતે વાચકશ્રીના સમન્વયમાંથી જ ઉદ્ભવે તેવો છે અને તે દેખીતી રીતે વિકટ પણ લાગે છે. પરંતુ આનું સમાધાન વાચકશ્રી અને કુંદ-કુંદાચાર્ય પછી થતું દેખાય છે.

એ સમાધાનના બે પ્રયત્નો આગમોમાં નજરે પડે છે. પહેલો પ્રયત્ન અનુયોગદ્વારમાં અને બીજો નંદિસૂત્રમાં. બન્નેની રીત જૂદી જૂદી છે. અનુયોગદ્વારમાં પ્રત્યક્ષ અનુમાન આદિ ચાર પ્રમાણોના ઉલ્લેખની ભૂમિકા બાંધી, તેમાંથી પ્રત્યક્ષના બે ભાગો પાડી, એક ભાગમાં મતિજ્ઞાનને પ્રત્યક્ષ તરીકે માન્ય રાખવામાં આવ્યું; અને બીજા ભાગમાં વાચકશ્રીએ સ્વીકારેલ અવધિ આદિ ત્રણ જ્ઞાનોનું પ્રત્યક્ષપણું કબૂલ રાખવામાં આવ્યું. જ્યારે નંદિસૂત્રનો સમાધાન-પ્રયત્ન બીજી જ રીતનો છે. તેમાં પ્રમાણના પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે ભેદો લઇ, પ્રત્યક્ષ ભેદના બે ભાગો પાડી, પહેલા ભાગમાં મતિજ્ઞાનને અને બીજામાં અવધિ આદિ ત્રણ જ્ઞાનોને અનુયોગદ્વારની પેઠે પ્રત્યક્ષરૂપે બતાવ્યાં છે ખરાં; પણ વળી આગળ જતાં જ્યાં પરોક્ષ ભેદનું વર્ણન કરવાનો પ્રસંગ આવે છે ત્યાં નંદિકાર શ્રુતજ્ઞાનની સાથે મતિજ્ઞાનને પણ પરોક્ષ તરીકે વર્ણવે છે; જે વર્ણન અનુયોગદ્વારમાં નથી. અનુયોગદ્વાર અને નંદિના કર્તાએ એક સરખી જ રીતે દર્શનાંતરમાં અને લોકમાં પ્રત્યક્ષરૂપે પ્રસિદ્ધ ઇંદ્રિયજન્ય ( મતિ ) જ્ઞાનને પ્રત્યક્ષના એક ભાગ તરીકે વર્ણવી જૈન અને લોક વચ્ચેનો વિરોધ દૂર તો કર્યો પણ તેટલા માત્રથી એ સમન્વયનો વિચાર બિલકુલ સ્પષ્ટ અને અસંદિગ્ધ તો ન જ થયો. એક રીતે ઉલટો ગોટાળો થયા જેવું થયું. લોકમાન્યતાનો સંગ્રહ કરવા જતાં ઇંદ્રિયજન્ય ( મતિ ) જ્ઞાનને પ્રત્યક્ષના એક ભાગ તરીકે નંદિ અને અનુયોગદ્વારમાં કરેલ સમન્વય પ્રમાણે નંદિકારે તેને પરોક્ષના એક ભેદ તરીકે પણ વર્ણવ્યું. આથી વળી શંકા થવા લાગી કે "ઇંદ્રિયજન્ય (મતિ) જ્ઞાનને તમે ( જૈનાચાર્યો ) પ્રત્યક્ષયે કહો છો અને પરોક્ષ પણ કહો છો; ત્યારે શું તમે લૌકિકસંગ્રહ અને આગમિકસંગ્રહ બન્ને કરવા ખાતર એક જ જ્ઞાનને પ્રત્યક્ષ અને પરોક્ષ એમ પરસ્પર વિરોધીરુપે સ્વીકારો છો કે સંશયશીલ છો?" આનું નિરાકરણ તદ્દન સ્પષ્ટપણે ત્યાર પછીના શ્વેતાંબર અને દિગંબર ગ્રંથોમાં આપણે જોઇએ છીએ.

ઉપલબ્ધ સાહિત્ય જોતાં એનું નિરાકરણ કરનાર શ્વેતાંબર આચાર્યોમાં સૌથી પહેલા જિનભદ્ર ગણી ક્ષમાશ્રમણ અને દિગંબર આચાર્યોમાં ભટ્ટારક અકલંક લાગે છે. ક્ષમાશ્રમણ પોતાના વિશેષાવશ્યક ભાષ્યમાં ઉક્ત પ્રશ્નનું નિરાકરણ કરતાં કહે છે કે-ઈંદ્રિયજન્ય ( મતિ ) જ્ઞાનને જે પ્રત્યક્ષ કહેવામાં આવે છે તે સાંવ્યવહારિક પ્રત્યક્ષ સમજવું. ભટ્ટારક અકલંક પોતાની લઘીયસ્ત્રયીમાં વધારે સ્પષ્ટતાથી કહે છે કે પ્રત્યક્ષના મુખ્ય અને સાંવ્યવહારિક એવા બે ભેદો છે. તેમાં અવધિ આદિ ત્રણ જ્ઞાન એ મુખ્ય પ્રત્યક્ષ; અને ઇંદ્રિયજન્ય ( મતિ ) જ્ઞાન તે સાંવ્યવહારિક પ્રત્યક્ષ સમજવું. બન્ને આચાર્યોનું કથન પ્રસ્તુત પ્રશ્ન પરત્વે છેવટનું નિરાકરણ કરે છે. બન્નેના કથનનો સ્પષ્ટ આશય ટૂંકમાં એટલો જ છે કે જૈનદર્શનને તાત્ત્વિક દૃષ્ટિએ અવધિ, મનઃપર્યાય અને કેવલ એ ત્રણ જ્ઞાન પ્રત્યક્ષરુપે માન્ય છે. મતિ અને શ્રુત વસ્તુતઃ પરોક્ષ જ છતાં મતિ ( ઇંદ્રિયજન્ય ) જ્ઞાનને જે પ્રત્યક્ષ કહેવામાં આવે છે તે તાત્ત્વિકદૃષ્ટિએ નહિ પણ લોકવ્યવહારની સ્થૂળ દૃષ્ટિએ. તાત્ત્વિકદૃષ્ટિએ તો એ જ્ઞાન શ્રુતજ્ઞાનની પેઠે પરોક્ષ જ છે. એ બન્ને આચાર્યોનું આ સ્પષ્ટીકરણ એટલું બધું અસંદિગ્ધ છે કે તેઓ પછી આજ સુધીના લગભગ બારસો વર્ષમાં બીજા કોઇ ગ્રંથકારને તેમાં કશું જ ઉમેરવાની જરૂર પડી નથી.

Aho ! Shrutgyanam

ક્ષમાશ્રમણ જિનભદ્ર પછી પ્રસ્તુત વિષય પરત્વે ખાસ ઉલ્લેખ યોગ્ય શ્વેતાંબરાચાર્યો ચાર છે. જિનેશ્વરસૂરિ, વાદિદેવસૂરિ, આચાર્યહેમચંદ્ર અને ઉપાધ્યાય યશોવિજયજી. ભટ્ટારક અકલંક પછી પ્રસ્તુત વિષયમાં ઉલ્લેખયોગ્ય દિગંબરાચાર્યોમાં માણિક્યનંદિ, વિદ્યાનંદિ, આદિ મુખ્ય છે. બન્ને સંપ્રદાયના એ બધા આચાર્યોએ પોતપોતાની પ્રમાણમીમાંસા વિષયક કૃતિઓમાં કશાએ ફેરફાર વિના એક જ સરખી રીતે અકલંકે કરેલ શબ્દ યોજના અને જ્ઞાનનું વર્ગીકરણ સ્વીકારેલ છે તે બધાએ પ્રત્યક્ષના મુખ્ય અને સાંવ્યવહારિક એ બે ભેદ પાડયા છે. મુખ્યમાં અવધિ આદિ ત્રણ જ્ઞાનને અને સાંવ્યવહારિકમાં મતિજ્ઞાનને લીધું છે. પરોક્ષના સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, તર્ક, અનુમાન અને આગમ એ પાંચ ભેદો પાડી ઉક્ત પ્રત્યક્ષ સિવાયના બધી જાતના જ્ઞાનને પરોક્ષના પાંચ ભેદમાંથી કોઇને કોઇ ભેદમાં સમાવી દીધેલું છે.

પરંતુ અહીં એક મહાન્ પ્રશ્ન થાય છે, અને તે એ કે-આચાર્ય સિદ્ધસેન દિવાકર જેઓ જૈન તાર્કિકોમાં પ્રથમ અને પ્રધાન મનાય છે તેઓએ આગમિક અને તાર્કિક પદ્ધતિના પરસ્પર સમન્વય તેમ જ તેને અંગે ઉદ્ભવેલા પ્રશ્નો પરત્વે શો વિચાર કર્યો છે? આનો ખુલાસો તેઓની ઉપલબ્ધ કૃતિઓમાંથી નથી મળતો. પ્રમાણશાસ્ત્રના ખાસ લેખક એ આચાર્યની પ્રતિભા, પ્રમાણને લગતા આ મુદ્દાને સ્પર્શ ન કરે એમ બનવું સંભવિત નથી. તેથી કદાચ એમ બનવા યોગ્ય છે કે તેઓની અનેક નષ્ટ કૃતિઓ સાથે પ્રસ્તુત વિચારને લગતી કૃતિ પણ નાશ પામી હોય.

જૈન વાઙ્મયમાં આગમિક અને તાર્કિક એ બન્ને પદ્ધતિઓના પરસ્પર સમન્વયનો પ્રશ્ન કેવી રીતે જન્મ્યો અને વિકસિત થયો એનું અવલોકન આપણે ટૂંકમાં કરી ગયા. એનો સાર એ છે કે જ્ઞાનના પાંચ પ્રકારોને પ્રત્યક્ષ અને પરોક્ષ એ ભેદમાં સૌથી પહેલાં વાચક ઉમાસ્વાતિએ તત્ત્વાર્થમાં ઘટાવ્યા અને તે દ્વારા એ બે ભેદવાળી તાર્કિક પદ્ધતિ જૈનદર્શનને વધારે અનુકૂળ છે એવી પોતાની સંમતિ પ્રકટ કરી. વાચકવર્યની એ સંમતિને જ દિવાકરજીએ ન્યાયાવતારમાં માન્ય રાખી છે. અને તે દ્વારા પોતાનો અભિપ્રાય જણાવ્યો છે કે ઉકત બે ભેદવાળી તાત્ત્વિક પદ્ધતિ જ જૈનદર્શનને બંધ બેસતી છે.

# सविवेचन न्यायावतार

## પ્રમાણનું લક્ષણ, સ્વરૂપ અને તેના ભેદોઃ-

**प्रमाणं स्वपराभासि ज्ञानं, बाधविवर्जितम् ।**
**प्रत्यक्षं च परोक्षं च द्विधा, मेयविनिश्चयात् ॥ १ ॥**

**સ્વપર પ્રકાશક તેમ જ નિર્બાધ એવું જે જ્ઞાન તે પ્રમાણ. તેના પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે ભેદો છે. કારણ કે મેય-તત્ત્વનો નિર્ણય બે પ્રકારે થાય છે.**

પ્ર. સ્વપર પ્રકાશક એટલે શું? અને તે સમજવા કાંઇ દૃષ્ટાન્ત છે?

ઉ. જેમ દીવો બીજી વસ્તુઓને પ્રકાશિત કરે છે અને પોતાને પણ પ્રકાશિત કરે છે; (કારણ કે દીવાને પ્રકાશિત કરવા માટે બીજા દીવાની જરૂર પડતી નથી) માટે તે સ્વ-પર પ્રકાશક છે. તેમ જ્ઞાન પણ વૃક્ષ પક્ષી આદિ અન્ય વસ્તુઓને જણાવવા ઉપરાંત પોતાના સ્વરૂપને પણ જણાવે છે. કારણ કે જ્ઞાન ઉત્પન્ન થયું એટલે તે આપો આપ જણાઇ જાય છે. એ જ તેનું સ્વપર પ્રકાશપણું.

પ્ર. નિર્બાધ એટલે શું?

ઉ. બાધા વિનાનું તે નિર્બાધ. હોય છીપલી પણ તે ચકચકિત હોવાથી તેમાં ચાંદીનું જ્ઞાન થાય તો તે જ્ઞાન બાધાવાળું છે. કારણ કે એ જ્ઞાનથી ચાંદી લેવા પ્રવૃત્તિ કરનાર તેને મેળવી શકતો નથી. એટલે તે જ્ઞાન પ્રવૃત્તિ બાદ ખોટું ઠરે છે. ખોટું ઠરવું એ જ જ્ઞાનનો બાધ.

Aho ! Shrutgyanam

પ્ર. પ્રમાણના બે ભેદ પાડવાના કારણ તરીકે તત્ત્વનો બે પ્રકારનો નિર્ણય કહ્યો છે તેને વિશેષ સ્પષ્ટ કરો.

ઉ. દરેક જ્ઞાન, પછી તે પ્રત્યક્ષ હોય કે પરોક્ષઃ પોતાના સ્વરૂપને પ્રકાશિત કરવામાં એટલે સ્વસંવેદનમાં તો પ્રત્યક્ષ જ છે. પરોક્ષ એવો જે ભેદ છે તે બાહ્ય અર્થની અપેક્ષાએ અર્થાત્ જે જ્ઞાન અન્યવિષયને સાક્ષાત્પણે જાણે તે પ્રત્યક્ષ અને જે અસાક્ષાત્પણે–અસ્પષ્ટપણે જાણે તે પરોક્ષ. નિર્ણયો ગમે તેટલા અને ગમે તેવા હોય; કાં તો તે વિશદ હશે અને કાંતો અવિશદ. આ રીતે વિશદ–અવિશદ પણાના ભેદને લીધે પ્રમાણના મુખ્યતયા બે જ ભેદો પડે છે.

**પ્રમાણના લક્ષણ-કથનનું પ્રયોજન શું એવી શંકા—**

**प्रसिद्धानि प्रमाणानि व्यवहारश्च तत्कृतः ।**
**प्रमाणलक्षणस्योक्तौ ज्ञायते न प्रयोजनम् ॥ २ ॥**

**પ્રમાણો અને તેમનાથી નિષ્પન્ન થતો વ્યવહાર એ બન્ને પ્રસિદ્ધ છે–દરેક પ્રાણીને સ્વાનુભવસિદ્ધ છે. તો પછી પ્રમાણનું લક્ષણ કહેવામાં શું પ્રયોજન છે તે સમજાતું નથી.**

**ઉક્ત શંકાનું નિરાકરણ—**

**प्रसिद्धानां प्रमाणानां लक्षणोक्तौ प्रयोजनम् ।**
**तद्व्यामोहनिवृत्तिः स्यात् व्यामूढमनसामिह ॥ ३ ॥**

**અહિં પ્રમાણના સ્વરૂપ વિષે જેઓ અજ્ઞ છે તેઓનું એ અજ્ઞાન દૂર થાય એ જ પ્રસિદ્ધ એવા પ્રમાણોના લક્ષણ-કથનનું પ્રયોજન છે.**

પ્ર. લક્ષણ એટલે શું અને તેનું પ્રયોજન શું ?

ઉ. કોઈપણ વસ્તુની પૂર્ણ વ્યાખ્યા આપવી તે તેનું લક્ષણ. તેના પ્રયોજન બે છે. એક તો એ કે તે વસ્તુને બીજી વસ્તુઓથી તદ્દન જૂદી પાડી ઓળખાવી આપવી; અને બીજું એ કે એવી ઓળખાણ કરાવી તે વસ્તુ વડે તેના વ્યવહારને સધાવવો.

પ્ર. શું પ્રમાણો પ્રસિદ્ધ નથી અર્થાત્ કોઇ તેને ઓળખતું નથી ? તેમ જ શું તેનાથી વ્યવહાર સધાતો નથી ?

ઉ. પ્રમાણથી વ્યવહાર સાધવો એટલે જીવનયાત્રાનો સમંજસપણે નિર્વાહ કરવો. આવો નિર્વાહ દરેક પ્રાણીના જીવનમાં ઓછોવત્તો જણાય છે. અને તેથી તેવા વ્યવહારસાધક પ્રમાણોનો અનુભવ પણ દરેક પ્રાણીમાં સંભવે છે.

પ્ર. તો પછી અહિં પ્રમાણોનું લક્ષણ બાંધવાનું કાંઇ પ્રયોજન જણાતું નથી.

ઉ. પ્રયોજન છે જ. અને તે એ કે કેટલાકને જીવનયાત્રાના અનુભવોદ્વારા તેના સાધકપ્રમાણોનું સામાન્ય ભાન હોય છે પણ વિશેષ નથી હોતું–તેવાઓને એ ભાન વિશેષપણે કરાવી આપવું અર્થાત્ તેઓને પ્રમાણ વિષે સૂક્ષ્મ, વિસ્તૃત અને સત્ય અનુભવ કરાવી આપવો; અને જેઓ પ્રમાણસાધિત વ્યવહાર ચલાવવા છતાં વ્યામોહને લીધે પ્રમાણના સ્વરૂપ વિષે કાં તો સંદેહશીલ છે, કાં તો ભ્રાન્ત છે, અને કાં તો તદ્દન અજ્ઞ છે; તેઓના એ મોહને દૂર કરી પ્રમાણનું વાસ્તવિક ભાન કરાવવું. જેમ કેટલાક શરીર ધારીને પોતાના શરીરનું ભાન હોય છે અને તે વડે તે જીવનયાત્રા પણ ચલાવે છે છતાં શરીરના શાસ્ત્રીય લક્ષણજ્ઞાનથી તેનું ભાન વધારે સૂક્ષ્મ, વધારે સત્ય, અને વધારે વિસ્તૃત બને છે–અને તેમ થવાથી તેઓ જીવનયાત્રા ચલાવવામાં શરીરનો વધારે સારી રીતે ઉપયોગ કરી શકે છે. અને,

Aho ! Shrutgyanam

કેટલાક તો શરીર ધારણ કરવા છતાં તેના સ્વરૂપ વિષે અજ્ઞાન હોય છે તેવાઓનું અજ્ઞાન પણ શરીર શાસ્ત્ર દૂર કરે છે. તેમ આ પ્રમાણશાસ્ત્રની સાર્થકતા વિષે સમજવું.

**પ્રત્યક્ષ અને પરોક્ષના લક્ષણો—**

**अपरोक्षतयाऽर्थस्य ग्राहकं ज्ञानमीदृशम् ।**
**प्रत्यक्षमितरज्ज्ञेयं परोक्षं ग्रहणेक्षया ॥ ४ ॥**

**વસ્તુને અપરોક્ષપણે—સ્પષ્ટતાથી જાણનાર એવું જ્ઞાન તે પ્રત્યક્ષ અને તેથી વિપરીત બીજું—વિષયને પરોક્ષપણે જાણનારૂં જ્ઞાન તે પરોક્ષ, પ્રમાણ જાણવું અપરોક્ષ અને પરોક્ષપણે જાણવાનું કથન એ બાહ્ય વસ્તુના ગ્રહણની દૃષ્ટિએ સમજવું.**

પ્ર. બાહ્યવસ્તુના ગ્રહણની દૃષ્ટિ એટલે શું ?

ઉ. પહેલાં કહેવામાં આવ્યું છે કે દરેક જ્ઞાન સ્વરૂપને પ્રકાશવામાં તો પ્રત્યક્ષ જ છે તેથી પ્રત્યક્ષ અને પરોક્ષપણાનો ભેદ સ્વરૂપથી ભિન્ન વિષયની અપેક્ષાએ જાણવો. એટલે કે જે જ્ઞાન સ્વભિન્ન વસ્તુને અસ્પષ્ટપણે જાણે તે પરોક્ષ; અને સ્પષ્ટપણે જાણે તે પ્રત્યક્ષ એ જ બાહ્ય વસ્તુના ગ્રહણની દૃષ્ટિએ પરોક્ષ અને અપરોક્ષપણાના ભેદનો ભાવ છે.

**અનુમાનનું લક્ષણ—**

**साध्याविनाभुनो लिङ्गात् साध्यनिश्चायकं स्मृतम् ।**
**अनुमानं तदभ्रान्तं प्रमाणत्वात् समक्षवत् ॥ ५ ॥**

**સાધ્યના અવિનાભાવી—વ્યાપ્ત—હેતુથી ઉત્પન્ન થતું જે સાધ્યનો નિશ્ચય કરનારૂં જ્ઞાન તે અનુમાન મનાય છે. પ્રમાણ હોવાને લીધે તે અનુમાન જ્ઞાન પ્રત્યક્ષની જેમ અભ્રાંત હોય છે.**

પ્ર. પ્રત્યક્ષનું દૃષ્ટાન્ત આપી અનુમાનને અભ્રાન્ત સિદ્ધ કરવાનું શું પ્રયોજન ?

ઉ. બૌદ્ધો સામે પોતાનો મતભેદ બતાવવા ખાતર. બૌદ્ધોને મતે સામાન્ય (જાતિ) એ વાસ્તવિક નથી અને અનુમાનમાં તો સામાન્ય ભાસે છે. તેથી તેઓ અનુમાનને ભ્રાન્ત મિથ્યા માને છે. જૈનમત પ્રમાણે ગ્રન્થકારનું કહેવું છે કે સામાન્ય એ પણ વિશેષની પેઠે વસ્તુ છે તેથી અનુમાન પણ અભ્રાન્ત હોઈ શકે. જેમકે પ્રત્યક્ષ.

**સર્વે જ્ઞાનો ભ્રાન્ત જ હોવાથી પ્રત્યક્ષ પણ ભ્રાંત કાં ન હોય એ શંકાનું નિરાકરણ—**

**न प्रत्यक्षमपि भ्रान्तं प्रमाणत्वविनिश्चयात् ।**
**भ्रान्तं प्रमाणमित्येतद्विरुद्धं वचनं यतः ॥ ६ ॥**

**પ્રમાણપણાનો નિશ્ચય હોવાથી પ્રત્યક્ષ પણ ભ્રાન્ત નથી. કારણ કે ભ્રાન્ત અને પ્રમાણ એવું કથન જ [ પરસ્પર ] વિરુદ્ધ છે.**

પ્ર. સર્વે જ્ઞાન ભ્રાન્ત છે એમ કોણ માને છે જેથી પ્રત્યક્ષના ભ્રાન્તપણા વિષે શંકા ઉઠે ?

ઉ. વિજ્ઞાનવાદી બૌદ્ધ કહે છે કે-જગત્ માત્ર વિજ્ઞાનરૂપ છે. તેમાં જ્ઞાતા જ્ઞેય જેવો કશો ભેદ નથી. જે ભેદ દેખાય છે તે માત્ર વાસના-સંસ્કારને લીધે. ખરી રીતે બધાં જ્ઞાનો અર્થ શૂન્ય હોઈ ભ્રાન્ત છે. આ મત સામે ગ્રન્થકાર કહે છે કે બધું જગત્ માત્ર વિજ્ઞાનરૂપ નથી. તેમાં અન્ય વસ્તુ પણ છે. તેથી પ્રત્યક્ષજ્ઞાન યથાર્થ સંભવે છે અને તેથી જ તે અભ્રાન્ત પણ હોય છે.

Aho ! Shrutgyanam

**પ્રમાણની સિદ્ધિ કેમ થાય એ પ્રશ્નનો ઉત્તર—**

**सकलप्रतिभासस्य भ्रान्तत्वासिद्धितः स्फुटम् ।**
**प्रमाणं स्वान्यनिश्चायि द्वयासिद्धौ प्रसिद्धयति ॥ ७ ॥**

**સઘળો પ્રતિભાસ–જે કંઇ જણાય છે તે બધું ભ્રાન્ત જ છે એમ સિદ્ધ થતું નથી. તેથી પ્રમાણ તો સ્પષ્ટ જ છે, પણ એ સ્વ–પર નિર્ણયકારી પ્રમાણની સિદ્ધિ બે વસ્તુની સિદ્ધિ ઉપર જ અવલમ્બે છે.**

પ્ર. કોઇપણ વસ્તુ ( મેય )ની સિદ્ધિ પ્રમાણથી જ થઇ શકે ત્યારે અહિં તો એમ કહ્યું છે કે પ્રમાણની સિદ્ધિનો આધાર વસ્તુની સિદ્ધિ ઉપર છે. આમ ઉલટું કેમ ?

ઉ. બન્ને વિચારો સાચા છે. કાંઇ પણ તત્ત્વ છે કે નહિ; અને હોય તો તે કેવું છે; એનો નિર્ણય સત્યજ્ઞાન–પ્રમાણથી જ થઇ શકે. પ્રમાણમાં જેવું વસ્તુનું સ્વરૂપ ભાસે તેવી જ વસ્તુ સ્વીકારાય છે. તેથી જ કહેવાય છે કે ' **प्रमेयसिद्धिः प्रमाणाद्धि** ( ઇશ્વરકૃષ્ણ ). આ એક વિચાર.

તેવી રીતે પ્રમાણ એટલે સ્વ–પર નિર્ણયકારી જ્ઞાન. પ્રમાણનું આવું સ્વરૂપ તો ત્યારે જ સંભવી શકે જો સ્વ અને પર જેવી બે વસ્તુઓ હોય. જો એવી કોઇ બે વસ્તુઓનું જ ન હોય અગર એમાંથી એકાદ ન હોય તો સ્વ–પર નિર્ણયકારી પ્રમાણ હોય છે એવો વિચાર જ ન સંભવે. તેથી ગ્રન્થકાર કહે છે કે જ્ઞાનનું સ્વરૂપ અને તદ્વિભન્ન વસ્તુ એ બન્ને સિદ્ધ હોવાથી જ પ્રમાણનું લક્ષણ પણ સિદ્ધ છે–અર્થાત્ પ્રમાણનું સ્વરૂપ પ્રમેયના અસ્તિત્વને આભારી છે. આ બીજો વિચાર.

પહેલા વિચારમાં પ્રમેયના સ્વરૂપનું જ્ઞાન ( નહિ કે તેની નિષ્પત્તિ યા બંધારણ ) પ્રમાણના અસ્તિત્વને લીધે છે એવો ભાવ છે. અને બીજામાં પ્રમાણના સ્વરૂપનું બંધારણ યા નિષ્પત્તિ ( નહિ કે તેનું જ્ઞાન ) પ્રમેયના અસ્તિત્વને લીધે છે એવો ભાવ છે.

**શાબ્દ પ્રમાણનું લક્ષણ—**

**दृष्टेष्टाव्याहताद् वाक्यात् परमार्थाभिधायिनः ।**
**तत्त्वग्राहितयोत्पन्नं मानं शाब्दं प्रकीर्त्तितम् ॥ ८ ॥**

**જેનો અર્થ પ્રમાણથી બાધિત નથી એવા અને સત્ય અર્થના બોધક વાક્યથી તત્ત્વના ગ્રાહકરૂપે જે પ્રમાણ ઉત્પન્ન થયું હોય તે શાબ્દ કહેવાય છે.**

**શાસ્ત્રનું લક્ષણ—**

**आप्तोपज्ञमनुल्लङ्घ्यमदृष्टेष्टविरोधकम् ।**
**तत्त्वोपदेशकृत् सार्वं शास्त्रं कापथघट्टनम् ॥९॥**

**જે સૌથી પહેલાં આપ્ત અર્થાત્ સર્વજ્ઞ વડે પ્રરૂપાયું હોય; જે બીજાઓ દ્વારા પરાભવ પામે તેવું ન હોય; જેનો અર્થ પ્રમાણથી બાધિત ન હોય; અને જે તત્ત્વનો ઉપદેશ કરનારૂં અને સર્વ હિતાવહ હોય; તે જ એકાન્તવાદ રૂપ મિથ્યા માર્ગોનું નિરાકરણ કરનાર [ સાચું ] શાસ્ત્ર હોય છે.**

**પરાર્થ પ્રમાણનું લક્ષણ—**

**स्वनिश्चयवदन्येषां निश्चयोत्पादनं बुधैः ।**
**परार्थं मानमाख्यातं वाक्यं तदुपचारतः ॥१०॥**

Aho ! Shrutgyanam

જેના વડે પોતાના નિશ્ચય જેવો નિશ્ચય બીજાને ઉત્પન્ન કરાવી શકાય તેને વિદ્વાનોએ પરાર્થપ્રમાણ કહ્યું છે. એવું પરાર્થ પ્રમાણ તે વાક્ય. પણ તે ઉપચારથી.

પ્ર. વક્તા પોતાના આત્મામાં જે જાતનું જ્ઞાન હોય તેવા જ્ઞાનને જ બીજાના આત્મામાં શબ્દવડે ઉતારવાનો પ્રયત્ન કરે છે. તેથી શબ્દ જ પરાર્થ થયો. અને શબ્દ તો અજ્ઞાન જડ પુદ્ગળરૂપ છે એટલે જ્ઞાનપ્રમાણવાદી જૈન જડ શબ્દને પ્રમાણ કેવી રીતે કહી શકે ?

ઉ. જો કે શબ્દ એ જ્ઞાનરૂપ નથી તોપણ શ્રોતાને જ્ઞાન કરાવવામાં તે સાક્ષાત્ ઉપયોગી હોવાથી તેને ઉપચારથી–આરોપથી પ્રમાણ કહેલ છે.

## અનુમાનની પેઠે પ્રત્યક્ષનું પણ પરાર્થપણું—

**प्रत्यक्षेणानुमानेन प्रसिद्धार्थप्रकाशनात् ।**
**परस्य तदुपायत्वात् परार्थत्वं द्वयोरपि ॥११॥**

વક્તાદ્વારા પ્રત્યક્ષ અને અનુમાન વડે પોતે નિશ્ચિત કરેલ વિષયનું પ્રકાશન થતું હોવાથી, અને તે પ્રકાશન પર શ્રોતાની પ્રતીતિનો ઉપાય થતું હોવાથી બન્ને ( પ્રત્યક્ષ અને અનુમાન )નું પણ પરાર્થપણું સંભવે છે.

પ્ર. અહિં પ્રત્યક્ષ અને અનુમાન બન્નેનું પરાર્થપણું બતાવવાનો શો હેતુ ?

ઉ. બૌદ્ધ સામે પોતાનો મતભેદ બતાવવો તે. બૌદ્ધો અનુમાન જ્ઞાનને, તે સવિકલ્પક હોવાથી, શબ્દદ્વારા બીજાના આત્મામાં ઉતારવા લાયક માને છે, અને તેથી તેઓ અનુમાનને જ પરાર્થ કહે છે; પ્રત્યક્ષને નહિ. કારણ બતાવતાં તેઓ કહે છે કે–પ્રત્યક્ષ, પ્રમાણ હોવાથી તે, શબ્દદ્વારા બીજાના આત્મામાં ઉતારી શકાતું નથી. આ મત સામે ગ્રન્થકારનો વાંધો છે. ગ્રન્થકાર કહે છે કે સવિકલ્પક પણ પ્રત્યક્ષ પ્રમાણ હોય છે અને તેથી તે પણ શબ્દદ્વારા બીજાના આત્મામાં સંક્રાન્ત કરી શકાય. અને તેથી તેને પણ અનુમાનની પેઠે પરાર્થ માનવું યોગ્ય છે. તેવી જ રીતે વળી ન્યાયદર્શનમાં પરાર્થપ્રમાણરૂપે માત્ર અનુમાન જ પ્રસિદ્ધ છે. તેથી તેની સામે ગ્રન્થકાર પોતાનો વિચાર સ્પષ્ટપણે મૂકે છે કે જે યુક્તિથી અનુમાનને પરાર્થ કહી શકાય, તેજ યુક્તિથી પ્રત્યક્ષને પણ પરાર્થ કહી શકાય.

## પરાર્થ પ્રત્યક્ષ પ્રમાણનું સ્વરૂપ—

**प्रत्यक्षप्रतिपन्नार्थप्रतिपादि च यद्वचः ।**
**प्रत्यक्षं प्रतिभासस्य निमित्तत्वात् तदुच्यते ॥१२॥**

પ્રત્યક્ષ પ્રમાણથી નિશ્ચિત થએલ અર્થનું બોધક જે વચન તે પ્રત્યક્ષ કહેવાય છે. કારણ કે તે વચન શ્રોતાના પ્રતિભાસ–પ્રત્યક્ષ જ્ઞાનનું નિમિત્ત થાય છે.

પ્ર. વક્તાનું પ્રત્યક્ષ જ્ઞાન શ્રોતામાં પ્રત્યક્ષ જ્ઞાન ઉત્પન્ન કરે છે એમ માનીએ ત્યારે તો શ્રોતાના જ્ઞાનમાં વક્તાનું જ્ઞાન નિમિત્ત થતું હોવાથી તે જ જ્ઞાનસાધન હોઈ પ્રમાણ કાં ન કહેવાય ? અને જો કહેવાય તો શબ્દને પરાર્થપ્રત્યક્ષ પ્રમાણરૂપ શા માટે કહ્યો ?

ઉ. શ્રોતાના જ્ઞાનમાં વક્તાનું જ્ઞાન નિમિત્ત છે ખરું, પણ તે શબ્દદ્વારા, નહિ કે સાક્ષાત્. જો મધ્યે શબ્દનું વાહન ન હોય તો વક્તાનું જ્ઞાન શ્રોતામાં જ્ઞાન જન્માવી ન શકે. તેથી શબ્દ એ સાક્ષાત્ નિમિત્ત છે અને વક્તાનું જ્ઞાન એ પરંપરાથી નિમિત્ત છે, માટે જ અહિં સાક્ષાત્ નિમિત્તરૂપ શબ્દને પરાર્થપ્રમાણ કહે છે.

Aho ! Shrutgyanam

**પરાર્થાનુમાન પ્રમાણનું સ્વરૂપ—**

साध्याविनाभुवो हेतोर्वचो यत् प्रतिपादकम् ।
परार्थमनुमानं तत् पक्षादिवचनात्मकम् ॥ १३ ॥

**જે વાક્ય સાધ્યવ્યાપ્ત હેતુનું પ્રતિપાદક હોય તે પરાર્થ અનુમાન છે. એ પરાર્થાનુમાન પક્ષ આદિના કથન રૂપ છે.**

પ્ર. હેતુપ્રતિપાદક વચનને પરાર્થાનુમાન કહો છો અને વળી સાથે જ એ પરાર્થાનુમાનને પક્ષ આદિના કથનરૂપ કહો છો તેમાં શું વિરોધ નથી ?

ઉ. ના. શ્રોતા વ્યુત્પન્ન નિષ્ણાત યા તજ્ઞ હોય તો માત્ર હેતુનો પ્રયોગ સાંભળીને જ અનુમાન કરી લે છે. બીજા અવયવોના પ્રયોગની તેને અપેક્ષા નથી રહેતી. એ દૃષ્ટિથી હેતુપ્રતિપાદક વચનને પ્રથમ પરાર્થાનુમાન કહ્યું છે. પણ દરેક શ્રોતા કાંઇ સરખી યોગ્યતાવાળા નથી હોતા; તેથી કોઇને માટે પક્ષપ્રયોગ, કોઇને માટે દૃષ્ટાંતપ્રયોગ, કોઇને માટે ઉપનય, અને કોઇને માટે નિગમનનો પ્રયોગ પણ કરવો પડે છે. તેથી જ પક્ષઆદિના બોધક વાક્યને પણ પરાર્થાનુમાન કહેલ છે.

**પક્ષનું સ્વરૂપ અને તેના પ્રયોગનું સમર્થન—**

साध्याभ्युपगमः पक्षः प्रत्यक्षाद्यनिराकृतः ।
तत्प्रयोगोऽत्र कर्त्तव्यो हेतोर्गोचरदीपकः ॥१४॥
अन्यथा वाद्यभिप्रेतहेतुगोचरमोहिनः ।
प्रत्याय्यस्य भवेद्धेतुर्विरुद्धादिरकिंतो यथा ॥१५॥
धानुष्कगुणसम्प्रेक्षिजनस्य परिविध्यतः ।
धानुष्कस्य विना लक्ष्यनिर्देशने गुणेतरौ ॥१६॥

**પ્રત્યક્ષ આદિ અર્થાત્ પ્રત્યક્ષ, અનુમાન, સ્વવચન, અને લોક વડે અબાધિત એવો જે સાધ્યનો સ્વીકાર–પ્રતિજ્ઞા તે પક્ષ. તેનો અહિં પરાર્થાનુમાન પ્રસંગે પ્રયોગ કરવો જોઇએ. કારણ કે તે પક્ષ જ હેતુના વિષયનો પ્રદર્શક બને છે.**

**પક્ષનો પ્રયોગ કરવામાં ન આવે તો વાદીને ઇષ્ટ એવા હેતુના સ્થળ વિષે, મોહ પામનાર શ્રોતાને હેતુ વિષે, વિરોધની શંકા થાય. જેમ નિશાન ચોક્કસ નક્કી કર્યા સિવાય તીર ફેંકનાર બાણાવળીના જે ગુણ કે દોષ તે બાણાવળીના ગુણપ્રેક્ષક તટસ્થ માણસને વિપરીત પણ ભાસે.**

પ્ર. વાદિએ સ્વીકારેલું સાધ્ય પ્રત્યક્ષ અનુમાનાદિથી અબાધિત હોવું જોઇએ એમ કહ્યું, પણ બાધિત હોય તો શું થાય ?

ઉ. બાધિત હોય તો પક્ષ નહિ પણ પક્ષાભાસ કહેવાય.

પ્ર. એ વાત ઉદાહરણો આપી સ્પષ્ટ કરો. ઉ. સ્પષ્ટીકરણ એકવીસમા શ્લોકમાં આવવાનું છે.

પ્ર. શું પરાર્થાનુમાનમાં સર્વત્ર પક્ષનો પ્રયોગ આવશ્યક છે ?

ઉ. ના. જે પ્રતિવાદીને બીજી કોઈ રીતે પક્ષનું ભાન ન જ થયું હોય તેને માટે પક્ષનો પ્રયોગ આવશ્યક છે. કારણ કે તેવો પ્રતિવાદી પક્ષ જાણ્યા વિના હેતુના સ્થળનો નિર્ણય કરી શકતો ન હોવાથી

Aho ! Shrutgyanam

ઘોટાળામાં પડી જાય છે કે આ હેતુથી સાધ્ય કયાં સિદ્ધ કરવું. તેમ જ પક્ષનો પ્રયોગ ન કરવામાં આવે તો જે પ્રતિવાદી વાદીના ઇષ્ટ પક્ષવિષે અજ્ઞાન હોય તેને હેતુ વિષે વિરુદ્ધ દોષની શંકા થાય અર્થાત્ વાદીએ ભલેને સદ્‌હેતુનો પ્રયોગ કર્યો હોય છતાં અજ્ઞપ્રતિવાદી પક્ષને અભાવે વાદીપ્રયુક્ત હેતુને વિપક્ષમાં વર્તમાન ધારી તેના ઉપર વિરુદ્ધ દોષની આશંકા કરે. માટે પક્ષભાન વિનાના પ્રતિવાદીની અપેક્ષાએ પક્ષનો પ્રયોગ આવશ્યક છે જ.

પ્ર. પક્ષને અભાવે જ સદ્‌હેતુ વિષે વિરુદ્ધ દોષની આશંકા થાક એ તે કેમ ?

ઉ. બાણાવળીની જેમ. કોઇ બાણાવળી લક્ષ્ય વીંધવામાં અર્જુન જેવો કુશળ હોય, પણ બાણ ફેંકતી વખતે તે કાંઇ નિશાન જ ન બાંધે, એમને એમ બાણ ચલાવ્યે જાય. ત્યાં કોઇ તટસ્થ પ્રેક્ષક બેસી એ બાણાવળીના ગુણદોષની પરીક્ષા કરતો હોય, એ પ્રસંગે એ બાણાવળી ગમે તેટલો લક્ષ્યભેદવામાં કુશળ હોય, છતાં તેની કુશળતાનો ગુણ પ્રેક્ષકની નજરે ત્રુટીરૂપે જણાવાનો પણ સંભવ છે. તેમ જ બાણાવળીની ખામી હોય તો તે ગુણરૂપે પણ જણાવાનો સંભવ છે. એ પ્રમાણે નિષ્ણાતવાદીએ જોે કે સદ્‌હેતુનો જ પ્રયોગ કર્યો હોય અને તે સાધ્ય સિદ્ધ કરવામાં સમર્થ પણ હોય; છતાં પક્ષનો પ્રયોગ કરેલ ન હોય, તો પ્રતિવાદી હેતુના સ્થળ વિષે અજ્ઞાન હોવાથી એવી શંકા કરે કે આ હેતુ તો વિપક્ષગામી છે. આ પ્રમાણે સમ્યગ્ હેતુ પણ પ્રતિવાદીની દૃષ્ટિમાં અસમ્યગ્ રૂપે જણાવવો સંભવ છે.

**હેતુ પ્રયોગની શૈલી—**

**हेतोस्तथोपपत्त्या च स्यात् प्रयोगोऽन्यथापि वा ।**
**द्विविधोऽन्यतरेणापि साध्यसिद्धिर्भवेदिति ॥१७॥**

**તથોપપત્તિ વડે અને અન્યથોપપત્તિ વડે એમ બે પ્રકારે હેતુનો પ્રયોગ થાય છે. પણ બેમાંથી કોઇ એક પ્રકારના પ્રયોગ વડે પણ સાધ્યની પ્રતીતિ થાય છે.**

પ્ર. સ્વાર્થાનુમાન અને પરાર્થાનુમાનમાં હેતુના સ્વરૂપ પરત્વે કાંઈ ફેર છે ?

ઉ. નહિ. બન્નેમાં હેતુનું સ્વરૂપ એક જ છે. અને તે એ કે સાધ્યના અભાવમાં નિયમથી ન રહેવું તે.

પ્ર. ત્યારે હેતુ પ્રયોગની શૈલી શું બન્ને અનુમાન માટે છે ?

ઉ. નહિ. સ્વાર્થાનુમાન તો જ્ઞાનરૂપ હોઇ તેમાં શબ્દપ્રયોગને અવકાશ જ નથી; પણ પરાર્થાનુમાનમાં શ્રોતાને સાધ્યની પ્રતીતિ કરાવવા વક્તાને વાક્યો ઉચ્ચારવાં પડે છે તેથી વાક્યરચનાવાળા પરાર્થાનુમાનમાં જ હેતુપ્રયોગની શૈલીનો વિચાર કરી શકાય.

પ્ર. પ્રયોગની શૈલીના બે પ્રકાર તથોપપત્તિ અને અન્યથોપપત્તિ એટલે શું ?

ઉ. તથા એટલે સાધ્યનું અસ્તિત્વ હોય તો જ ઉપપત્તિ એટલે હેતુનું ઘટવાપણું; અને અન્યથા એટલે સાધ્ય ન હોય ત્યારે અનુપપત્તિ એટલે હેતુનું ન ઘટવાપણું.

પ્ર. શું આ બે પ્રયોગોમાં કાંઈ અર્થભેદ પણ છે ?

ઉ. નહિ. હેતુના અવિનાભાવ રૂપ એક જ સ્વરૂપને પ્રગટ કરનારા આ બે શબ્દો જ ફક્ત જૂદા જૂદા છે. પહેલા પ્રયોગમાં એ સ્વરૂપ વિધિરૂપે અને બીજામાં નિષેધરૂપે કહેવાય છે. જેમ ' વિચારવાનને સંપત્તિ વરે છે ' એ કથન અને ' વિચારહીનને વિપત્તિ વરે છે ' એ કથનમાં એક જ ભાવની વિધિનિષેધરૂપ બે બાજુની સૂચક માત્ર શબ્દરચના ભિન્ન છે. જેમ ' પર્વત અગ્નિવાળો હોવો જોઇએ; કારણ કે અગ્નિ હોય તો જ ધૂમનું અસ્તિત્વ બંધ બેસે ' એ કથન, અને ' પર્વત અગ્નિવાળો હોવો જોઇએ; કારણ કે

Aho ! Shrutgyanam

અગ્નિ ન હોય તો ધૂમનું અસ્તિત્વ ન જ બંધ બેસે' એ કથનમાં અર્થભેદ નથી. એક જ વસ્તુને વિધિનિષેધરૂપે કહેનારા પ્રયોગો માત્ર જૂદા છે.

પ્ર. શું સર્વત્ર બન્ને પ્રકારનો હેતુપ્રયોગ આવશ્યક છે ?

ઉ. નહિ. એમાંથી કોઇ એક પ્રકારના હેતુપ્રયોગ વડે શ્રોતાને સાધ્યની પ્રતીતિ થઇ જાય છે. હેતુપ્રયોગનું કાર્ય માત્ર સાધ્યની પ્રતીતિ કરાવવાનું છે. એ કાર્ય જ્યે કોઇ એક જ જાતના હેતુપ્રયોગથી સિદ્ધ થતું હોય તો તે માટે બીજી જાતનો હેતુપ્રયોગ વૃથા હોવાથી ન કરવો.

**સાધર્મ્ય અને વૈધર્મ્ય દૃષ્ટાન્તનું સ્વરૂપ—**

**साध्यसाधनयोर्व्याप्तिर्यत्र निश्चीयतेतराम् ।**
**साधर्म्येण स दृष्टान्तः सम्बन्धस्मरणान्मतः ॥ १८ ॥**

**જ્યાં સાધ્ય અને સાધનની વ્યાપ્તિ સ્પષ્ટપણે નિર્ણીત થાય તે સાધર્મ્યદૃષ્ટાંત. તેનો પ્રયોગ જો પ્રતિવાદીને સંબંધનું સ્મરણ કરાવવું હોય તો જ ઇષ્ટ છે.**

**साध्ये निवर्तमाने तु साधनस्याप्यसम्भवः ।**
**ख्याप्यते यत्र दृष्टान्ते वैधर्म्येणेति स स्मृतः ॥१९॥**

**સાધ્ય નિવૃત થાય ( અર્થાત્ ન હોય) ત્યારે હેતુનો પણ અસંભવ જ છે, એવું જે દૃષ્ટાન્તમાં બતાવાય તે વૈધર્મ્યદૃષ્ટાન્ત મનાય છે.**

પ્ર. પ્રતિવાદીને સંબંધનું સ્મરણ કરાવવું હોય તો જ દૃષ્ટાન્તનો પ્રયોગ ઇષ્ટ છે એ કથનનો વધારે ફલિત અર્થ શો ?

ઉ. દૃષ્ટાન્ત એ દરેક પ્રતિવાદી માટે આવશ્યક નથી. કારણ કે તેના પ્રયોગનું પ્રયોજન માત્ર વ્યાપ્તિ સંબંધનું સ્મરણ કરાવવું એટલું જ છે. તેથી જે પ્રતિવાદીએ પ્રથમ વ્યાપ્તિ સંબંધનું જ્ઞાન મેળવેલું હોય પણ તેની તેને વિસ્મૃતિ થઇ હોય તેવા પ્રતિવાદીને એ સંબંધની સ્મૃતિ કરાવવા માટે વાદીએ દૃષ્ટાન્તનો પ્રયોગ કરવો. બીજે સ્થળે નહિ. એવાં બીજાં સ્થળો બે કલ્પી શકાય. એક તો એ કે જેમાં પ્રતિવાદીને વ્યાપ્તિ સંબંધનું જ્ઞાન જ ન થયું હોય અને બીજું એ કે જેમાં તેને તેવા સંબંધનું જ્ઞાન થયું હોય અને તેની સ્મૃતિ પણ હોય. પહેલા સ્થળમાં સંબંધનું જ્ઞાન જ થએલું ન હોવાથી તેવું જ્ઞાન જ કરાવવું પ્રાપ્ત થાય છે, જે દૃષ્ટાન્તદ્વારા નહિ પણ પ્રત્યક્ષ આદિ પ્રમાણે દ્વારા કરાવી શકાય. તેથી તેવા સ્થળ માટે દૃષ્ટાન્ત નકામું છે. બીજા સ્થળમાં સંબંધની સ્મૃતિ જ હોવાથી દૃષ્ટાન્તનું કશું કાર્ય ન રહેવાને લીધે તેનો પ્રયોગ નકામો છે.

**દૃષ્ટાન્તની નિરર્થકતાનો પ્રસંગ બતાવી તેની સાર્થકતાનું સ્પષ્ટીકરણ—**

**अन्तर्व्याप्त्यैव साध्यस्य सिद्धेर्बहिरुदाहृतिः ।**
**व्यर्था स्यात् तदसद्भावेऽप्येवं न्यायविदो विदुः ॥ २० ॥**

**અન્તર્વ્યાપ્તિ વડે જ સાધ્યની સિદ્ધિ થતી હોવાથી બહાર ઉદાહરણ આપવું તે નકામું છે. એ રીતે અન્તર્વ્યાપ્તિ ન હોય ત્યાં પણ બહાર ઉદાહરણ આપવું વ્યર્થ છે એમ નૈયાયિકો માને છે.**

પ્ર. અન્તર્વ્યાપ્તિ વડે સાધ્યની સિદ્ધિ થાય એટલે શું ?

Aho ! Shrutgyanam

ઉ. વ્યાપ્તિ સંબંધનું જ્ઞાન મેળવેલ પ્રતિવાદીને જ્યારે તે સંબંધનું સ્મરણ થાય ત્યારે ' હેતુ સર્વત્ર સાધ્યયુક્ત જ હોય છે ' એવું ભાન થાય છે. એ ભાનમાં પ્રસ્તુત પક્ષની અંદર વર્તમાન હેતુ પણ સાધ્યથી યુક્ત જ છે એ ભાન આવી જાય છે; અને એ જ ભાન તે અન્તર્વ્યાપ્તિનું જ્ઞાન કહેવાય છે. આ જ્ઞાન થતાં જ પક્ષમાં સાધ્યનો નિશ્ચય પણ થઈ જાય છે. તે જ અન્તર્વ્યાપ્તિ વડે સાધ્યની સિદ્ધિ.

પ્ર. આવી સિદ્ધિ થાય ત્યાં બહારનું ઉદાહરણ નકામું કેમ મનાય છે ?

ઉ. બહારનું ઉદાહરણ એટલે પક્ષથી ભિન્ન સ્થળમાં હેતુ અને સાધ્યની વ્યાપ્તિનું દર્શન કરાવવું તે. આવા દર્શન માટે જ દૃષ્ટાન્તનો પ્રયોગ કરાય છે. પણ દૃષ્ટાન્ત વિના જ બીજી કોઈ રીતે પ્રતિવાદીને વ્યાપ્તિ સંબંધનું સ્મરણ થઈ જવાથી જો પક્ષની અંદર જ વ્યાપ્તિબળને લીધે હેતુ વડે સાધ્યની પ્રતીતિ થઇ જાય તો પક્ષની બહાર દૃષ્ટાન્ત દ્વારા વ્યાપ્તિસંબંધનું દર્શન કરાવવાનું કશું પ્રયોજન રહેતું નથી.

પ્ર. અન્તર્વ્યાપ્તિ ન હોય ત્યાં પણ દૃષ્ટાન્ત પ્રયોગને વ્યર્થ કહેવામાં આવે છે તે કેવી રીતે ?

ઉ. જેણે કદિ વ્યાપ્તિનું જ્ઞાન મેળવ્યું જ ન હોય તેને વ્યાપ્તિનું સ્મરણ કે અન્તર્વ્યાપ્તિનું ભાન સંભવે જ નહિ. આવા પ્રતિવાદીને તો પ્રમાણદ્વારા વ્યાપ્તિનો નિશ્ચય કરાવવો પડે છે. તે માટે પક્ષ બહાર માત્ર ઉદાહરણ આપી હેતુ અને સાધ્યનું માત્ર સાહચર્ય બતાવવાથી કામ સરતું નથી. કારણ કે એવું સાહચર્ય વ્યાપ્તિ વિના પણ સંભવે. તેથી તેવાઓને તો પ્રમાણ વડે જ નિયતસાહચર્યરૂપ વ્યાપ્તિનું જ્ઞાન કરાવવું પડે છે. જે દૃષ્ટાન્તથી ન થઈ શકે.

પ્ર. ત્યારે દૃષ્ટાન્તપ્રયોગ સાર્થક કોને માટે ?

ઉ. આનો ખુલાસો પાછલા શ્લોકોના ભાવાર્થમાં આવી જાય છે.

**પક્ષાભાસનું વર્ણન—**

**प्रतिपाद्यस्य यः सिद्धः पक्षाभासोऽक्षलिङ्गतः ।**
**लोक-स्ववचनाभ्यां च बाधितोऽनेकधा मतः ॥ २१ ॥**

**પ્રતિવાદીને જે સિદ્ધ હોય, જે પ્રત્યક્ષ અને અનુમાનથી તથા લોક અને સ્વવચનથી બાધિત હોય તે પક્ષાભાસ. એ અનેક પ્રકારે મનાય છે.**

પ્ર. પક્ષાભાસ એટલે શું ?

ઉ. પક્ષના સ્થાનમાં યોજવાને લીધે પક્ષના જેવો દેખાવા છતાં જે પક્ષનું કામ ન કરે તે પક્ષાભાસ.

પ્ર. તેના જે અનેક પ્રકારો ઉપર કહ્યા તેના દાખલા આપો.

ઉ. જેને ઘટનું પૌદ્ગલિકપણું સિદ્ધ-નિશ્ચિત હોય તેની સામે તે સિદ્ધ કરવા પક્ષ મૂકવો કે 'ઘટ પૌદ્ગલિક છે ' તો એ પ્રથમ પક્ષાભાસ છે, કારણ કે પક્ષ મૂકીને સિદ્ધિ તો અસિદ્ધ વસ્તુની કરાય છે; નહિ કે સિદ્ધ વસ્તુની. જે સિદ્ધ છે તેની સિદ્ધિ શું ? તેથી સિદ્ધને સાધવા મૂકેલ પક્ષ એ પક્ષાભાસ છે. પ્રત્યક્ષબાધિત એ બીજો પક્ષાભાસ. જેમ કે ' અગ્નિ અનુષ્ણ-શીત છે' એવો પક્ષ મૂકવો તે. કારણ કે અગ્નિનું અનુષ્ણપણું એ ઉષ્ણપણાના પ્રત્યક્ષજ્ઞાનથી બાધિત છે. ત્રીજો પક્ષાભાસ લિંગ-અનુમાન બાધિત જેમ કે ' પુનર્જન્મ નથી ' એ પક્ષ મૂકવો તે. કારણ કે એ કથન પુનર્જન્મના અસ્તિત્વસાધક અનુમાનથી બાધિત છે. ચોથો પક્ષાભાસ લોકબાધિત. જેમ કે " માતા ગમ્ય-ભોગ્ય છે. " એમ કહેવું તે. કારણ કે માતાના ગમ્યપણાનો પક્ષ લોકવ્યવહારથી બાધિત છે. અને પાંચમો પક્ષાભાસ સ્વવચનબાધિત. જેમ કે એમ કહેવું જે ' મારી માતા વંધ્યા છે. ' આ પક્ષ વક્તાના પોતાના વચનથી જ બાધિત છે. કારણ જો તેની માતા વંધ્યા હોત તો તે પોતે જન્મે જ ક્યાંથી ? અને જો તે જન્મ્યો છે તો તેની માતા વંધ્યા નથી. એટલે ' મારી માતા વંધ્યા છે ' એ કથન બાધિત છે.

Aho ! Shrutgyanam

હેત્વાભાસનું સ્વરૂપ—

अन्यथाऽनुपपन्नत्वं हेतोर्लक्षणमीरितम् ।
तदप्रतीतिसन्देहे विपर्यासैस्तदाभता ॥ २२ ॥

અન્યથાઅનુપપન્નપણું એવું હેતુનું લક્ષણ કહેવામાં આવ્યું છે. તેની અપ્રતીતિ, સંદેહ અને વિપર્યાસને લીધે હેત્વાભાસપણું મનાય છે.

પ્ર. અન્યથાઅનુપપન્નપણું એટલે શું ? ઉ. સાધ્ય ન હોય ત્યાં ન જ રહેવું તે.

પ્ર. એને હેતુના લક્ષણ તરીકે ક્યાં કહેવામાં આવ્યું છે ?

ઉ. સ્વાર્થાનુમાનની વ્યાખ્યાપ્રસંગે–પાંચમા શ્લોકમાં.

પ્ર. હેતુ હેત્વાભાસ કઈ રીતે બને છે ?

ઉ. અન્યથાનુપપત્તિરૂપ લક્ષણની કાં તો પ્રતીતિ ન હોય, કાં તો સંદેહ હોય, અને કાં તો વિપર્યાસ હોય ત્યારે.

હેત્વાભાસના ભેદો અને તેના નામોનું કથન—

असिद्धस्त्वप्रतीतो यो योऽन्यथैवोपपद्यते ।
विरुद्धो योऽन्यथाप्यत्र युक्तोऽनैकान्तिकः स तु ॥ २३ ॥

જે અપ્રતીત હોય તે અસિદ્ધ, જે અન્યથા જ અર્થાત્ વિપક્ષમાં જ ઘટે તે વિરૂદ્ધ, જે વિપક્ષમાં પણ (પણ શબ્દથી પક્ષમાંયે) ઘટે તો તે અનૈકાન્તિક.

પ્ર. અસિદ્ધ, વિરુદ્ધ, અનૈકાંતિક એ ત્રણેનું વિશેષ સ્પષ્ટીકરણ શું ?

ઉ. જે હેતુનું સ્વરૂપ નિશ્ચિત ન હોય તે પહેલો અસિદ્ધ હેત્વાભાસ, જે માત્ર વિપક્ષમાં જ રહે તે બીજો વિરુદ્ધ હેત્વાભાસ, અને જે પક્ષ તથા સપક્ષ બન્નેમાં શંકિત હોય અગર રહે તે અનૈકાંતિક નામનો ત્રીજો હેત્વાભાસ.

બે શ્લોકોમાં અનુક્રમે સાધર્મ્ય અને વૈધર્મ્ય દૃષ્ટાન્તાભાસો—

साधर्म्येणात्रदृष्टान्तदोषा न्यायविदीरिताः ।
अपलक्षणहेत्तूत्थाः साध्यादिविकलादयः ॥ २४ ॥

અહિં ન્યાયવિદોએ સાધર્મ્યદૃષ્ટાંત-દોષો વર્ણવેલા છે જે લક્ષણહીન હેતુ-હેત્વાભાસથી ઉત્પન્ન થાય છે અને સાધ્ય વગેરેથી વિકળ આદિ રૂપ છે.

वैधर्म्येणात्र दृष्टान्तदोषा न्यायविदीरिताः ।
साध्यसाधनयुग्मानामनिवृत्तेश्च संशयात् ॥ २५ ॥

અહિં ન્યાયવિદોએ વૈધર્મ્યદૃષ્ટાન્તદોષો વર્ણવેલા છે જે સાધ્ય, સાધન અને એ ઉભયની અનિવૃત્તિ અને સંશયથી બને છે.

પ્ર. સાધ્યાદિથી વિકલાદિ રૂપ એટલે શું ?

ઉ. જે દૃષ્ટાન્ત સાધ્ય રહિત હોય તે સાધ્યવિકલ, જે સાધન રહિત હોય તે સાધનવિકલ, અને જે એ બન્નેથી રહિત હોય તે ઉભયવિકલ. તેમ જ જેમાં સાધ્ય સંદિગ્ધ હોય તે સંદિગ્ધસાધ્યધર્મ, જેમાં સાધન સંદિગ્ધ હોય તે. સંદિગ્ધસાધનધર્મ, અને જેમાં બંને સંદિગ્ધ હોય તે સંદિગ્ધોભયધર્મ. આ રીતે છ દૃષ્ટાંત-દોષો અર્થાત દૂષિત દૃષ્ટાન્તો–દૃષ્ટાન્તાભાસો છે.

Aho ! Shrutgyanam

પ્ર. શું એ બધા હેત્વાભાસથી જ ઉત્પન્ન થાય છે ?

ઉ. નહિ. સમ્યગ્ હેતુ હોય ત્યાં પણ દૃષ્ટાન્તાભાસો હોઇ શકે.

પ્ર. આ બધાને ઉદાહરણદ્વારા સમજાવો.

ઉ. ' અનુમાન, પ્રમાણ હોવાથી, પ્રત્યક્ષની પેઠે ભ્રાન્ત છે ' એ વાક્યમાં સાધ્યવિકલ દૃષ્ટાન્તાભાસ છે. કારણ કે એમાં પ્રત્યક્ષ પ્રમાણ દૃષ્ટાંતરૂપે મૂકેલ છે. જે ભ્રાન્તત્વરૂપ સાધ્યથી રહિત છે. ' જાગૃત દશાનું જ્ઞાન, પ્રમાણ હોવાથી, સ્વપ્નજ્ઞાનની પેઠે ભ્રાન્ત છે ' એ વાક્યમાં સ્વપ્નજ્ઞાનરૂપ દૃષ્ટાન્ત પ્રમાણત્વરૂપ સાધનથી રહિત હોવાને લીધે સાધનવિકલ દૃષ્ટાન્તાભાસ બને છે. ' પ્રત્યક્ષ આદિ પ્રમાણો વડે ન દેખાતો હોવાથી, ઘટની જેમ, સર્વજ્ઞ નથી ' એ વાક્યમાં ઘટરૂપ દૃષ્ટાન્ત નાસ્તિત્વ સાધ્ય, અને પ્રમાણો વડે ન દેખાવારૂપ સાધન બન્નેથી રહિત હોવાને લીધે ઉભયવિકલ દૃષ્ટાન્તાભાસ છે. ' આ માણસ, રસ્તે ચાલતા પુરુષની પેઠે, મરણશીલ હોવાથી, વીતરાગ છે ' એ વાક્યમાં રસ્તે ચાલતો પુરુષ એ દૃષ્ટાન્ત સંદિગ્ધસાધ્યધર્મ છે. કારણ કે તેમાં વીતરાગત્વરૂપ સાધ્યનો નિશ્ચય નથી. રસ્તે ચાલતો પુરુષ વીતરાગ પણ હોઈ શકે; તેમ જ સરાગ પણ હોઇ શકે. 'આ પુરુષ, રથ્યાપુરુષની પેઠે, રાગયુકત હોવાથી, મરણશીલ છે ' એ વાયકમાં રથ્યાપુરુષ સંદિગ્ધસાધનધર્મ દૃષ્ટાન્તાભાસ છે. કારણ કે તેમાં રાગરૂપ સાધન હોયે ખરું અને ન પણ હોય. ' આ પુરૂષ, રથ્યાપુરુષની પેઠે, રાગયુકત હોવાથી અસર્વજ્ઞ છે.' એ વાક્યમાં રથ્યાપુરુષ સંદિગ્ધોભયધર્મ દૃષ્ટાન્તાભાસ છે. કારણ કે તેમાં અસર્વજ્ઞરૂપ સાધ્ય અને રાગરૂપ સાધન બન્નેના સંદેહ છે.

## દૂષણ અને દૂષણાભાસનું સ્વરૂપ—

**वाद्युक्ते साधने प्रोक्तदोषाणामुद्भावनम् ।**
**दूषणंनिरवद्ये तु दूषणाभासनामकम् ॥ २६ ॥**

**વાદીકથિત સાધન વાક્યમાં પૂર્વોકત દોષોનું જે ઉદ્ભાવન કરવું તે દૂષણ અને નિર્દોષ સાધન-વાક્યમાં જે ઉદ્ભાવન કરવું તે દૂષણાભાસ.**

પ્ર. સાધનવાક્ય એટલે શું ?

ઉ. વાદી જે વાક્યો વડે પ્રતિવાદી સામે પોતાનું પરાર્થાનુમાન અભિષ્ટ સાધ્ય સિદ્ધ કરવા ઇચ્છતો હોય તે સાધનવાક્ય.

પ્ર. શું સાધનવાક્ય સર્વત્ર સમાન જ હોય છે ?

ઉ. નહિ. પ્રતિવાદીના અધિકાર ભેદને લીધે સાધનવાક્ય ક્યાંયેક માત્ર હેતુરૂપ હોય છે. ક્યાંયેક પક્ષહેતુ ઉભયરૂપ હોય છે, ક્યાંયેક પક્ષહેતુ દૃષ્ટાન્ત રૂપ હોય છે, ક્યાંયેક વળી તેમાં ઉપનય મળે છે, અને ક્યાંયેક નિગમન પણ જોડાય છે. અવયવ એક હોય, બે હોય, કે વધારેમાં વધારે પાંચ હોય; પણ જ્યારે તે વાક્ય સદોષ હોય ત્યારે પ્રતિવાદી તેમાં રહેલા પૂર્વોકત પક્ષાભાસ, હેત્વાભાસ કે દૃષ્ટાન્તાભાસાદિ દોષોનું આવિષ્કરણ સભ્યો સમક્ષ કરે છે. એ દોષાવિષ્કરણ એ જ દૂષણ.

પ્ર. પ્રતિવાદીએ વાદીને આવું દૂષણ શા માટે આપવું ?

ઉ. સત્યજ્ઞાન ખાતર અને વિજય લાભ ખાતર. વાદી ખોટી રીતે સાધન વાક્ય યોજી પોતાનું સાધ્ય સિદ્ધ કરતો હોય ત્યાં પ્રતિવાદી તે વાક્યના દોષો બતાવી, વાદી અને સભ્યોને દોષોનું સત્યજ્ઞાન કરાવે છે અને સાથે સાથે વાદીને ખોટી રીતે વિજય મેળવતાં અટકાવી પોતે સભ્યો સમક્ષ પોતાની પ્રતિભા વડે વિજય પ્રાપ્ત કરે છે,

Aho ! Shrutgyanam

પ્ર. દૂષણાભાસ એટલે શું ?

ઉ. ખરી રીતે દૂષણ ન હોય પણ દૂષણના સ્થાનમાં યોજાએલો હોય તે દૂષણાભાસ.

પ્ર. શું દૂષણ અને દૂષણાભાસ એક જ સ્થળે હોય ?

ઉ. નહિ. દૂષણ એ સદોષ સાધન વાક્યમાં સંભવે છે. જ્યારે દૂષણાભાસ નિર્દોષ સાધન વાક્યમાં સંભવે છે.

**પારમાર્થિક પ્રત્યક્ષ—**

**सकलावरणमुक्तात्म केवलं यत् प्रकाशते ।**
**प्रत्यक्षं सकलार्थात्मसततप्रतिभासनम् ॥ २७ ॥**

**સંપૂર્ણ પદાર્થોના સ્વરૂપને સતત પ્રકાશિત કરનાર જે જ્ઞાન સંપૂર્ણ આવરણથી મુકત સ્વરૂપવાળું હોઇ કેવળ પ્રકાશમાન થાય છે તે પ્રત્યક્ષ પ્રમાણ.**

પ્ર. કેવળ પ્રકાશમાન થવું એટલે શું ?

ઉ. ઇંદ્રિય કે બીજા કોઇપણ બાહ્યસાધનની અપેક્ષા સિવાય જ માત્ર આત્માની યોગ્યતાને બળે જ્ઞાનનું જે સંપૂર્ણપણે પ્રકટવું તે જ કેવળ પ્રકાશમાન થવું.

પ્ર. આવી સંપૂર્ણ પ્રકાશવાની યોગ્યતા ક્યારે આવે ?

ઉ. જ્ઞાનાવરણ–અજ્ઞાનથી સર્વથા છૂટા થવાય ત્યારે.

પ્ર. આવા પ્રત્યક્ષ અને ઇંદ્રિયજન્ય પ્રત્યક્ષમાં શો ફેર ?

ઉ. ઘણો જ ફેર. ઇંદ્રિયજન્ય પ્રત્યક્ષ માત્ર વર્તમાનકાલની વસ્તુને અને તે પણ સંનિહિત, સ્થૂલ તેમ જ પરિમિત વસ્તુને જ પ્રકાશિત કરે છે. વળી તે પણ બહુ અધુરી રીતે. આથી ખરી રીતે ઇંદ્રિયજન્ય જ્ઞાન એ પરોક્ષ જ છે. એને પ્રત્યક્ષ કહેવામાં આવે એ લોકવ્યવહારને લીધે. તેથી જ ઇંદ્રિયજન્ય પ્રત્યક્ષને સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહેવામાં આવ્યું છે. જ્યારે જ્ઞાનાવરણના સર્વથા નાશથી ઉત્પન્ન થનારું જ્ઞાન એ ત્રૈકાલિક સમગ્ર પદાર્થોને સર્વાંશે સતત પ્રકાશિત કરે છે તેથી એ જ જ્ઞાન મુખ્ય પ્રત્યક્ષ છે. એને પારમાર્થિક પ્રત્યક્ષ કહેવામાં આવ્યું છે. આવું પ્રત્યક્ષ જેને પ્રકટયું હોય તે જ સર્વજ્ઞ.

**પ્રમાણનું ફળ—**

**प्रमाणस्य फलं साक्षादज्ञानविनिवर्त्तनम् ।**
**केवलस्य सुखोपेक्षे शेषस्यादानहानधीः ॥ २८ ॥**

**પ્રમાણનું સાક્ષાત્ ફળ અજ્ઞાનને દૂર કરવું એ છે. કેવળજ્ઞાનનાં સુખ અને ઉપેક્ષા એ બે ફળો છે અને બાકીના જ્ઞાનનું ઉપાદાન તથા હાનની બુદ્ધિ એ ફળ છે.**

પ્ર. અજ્ઞાનના નિવારણને પ્રમાણનું ફળ કહ્યું છે તે કયા પ્રમાણનું ?

ઉ. પ્રત્યક્ષ, પરોક્ષ, વ્યવહારિક કે પારમાર્થિક બધા પ્રમાણોનું.

પ્ર. અજ્ઞાનના નિરાકરણને સાક્ષાત્–અવ્યવહિત ફળ કહ્યું ત્યારે શું પ્રમાણોનું અસાક્ષાત્–વ્યવહિત પણ ફળ હોય છે ? ઉ. હા.

પ્ર. બધા પ્રમાણોનું વ્યવહિત ફળ, અવ્યવહિત ફળની પેઠે એક જ હોય છે કે જૂદું જૂદું ?

ઉ. જૂદું જૂદું.

પ્ર. કેવી રીતે ?

Aho ! Shrutgyanam

ઉ. કેવળજ્ઞાન–પારમાર્થિક પ્રત્યક્ષનાં સુખ અને ઉપેક્ષા એવાં બે વ્યવહિત ફળો છે. કારણ કે એ જ્ઞાન પ્રકટ્યા બાદ તુરત તો અજ્ઞાન દૂર થાય છે. અને ત્યારબાદ પરમ આહ્લાદરૂપ સહજ સુખ ઉદ્ભવે છે, તેમ જ રાગદ્વેષ ન હોવાથી માધ્યસ્થ્યરૂપ ઉપેક્ષા પણ આવે છે. કેવળજ્ઞાન સિવાયનાં બીજાં જ્ઞાનો ઉત્પન્ન થતાં વેંત જ પોતપોતાના વિષયનું અજ્ઞાન તો દૂર કરે છે પણ તે જ્ઞાનોની સાથે રાગદ્વેષનો સંબંધ હોવાથી પોતાના વિષય પૂરતું અજ્ઞાન દૂર થયા બાદ કાં તો રાગને લીધે તે વિષયને મેળવવાની અને કાં તો દ્વેષને લીધે વિષયને ત્યાગવાની બુદ્ધિ જન્મે છે. આ કારણથી કેવળજ્ઞાન સિવાયના જ્ઞાનોનાં વ્યવહિત ફળરૂપે ઉપાદાન બુદ્ધિ કે હાનબુદ્ધિને કહેવામાં આવી છે.

## પ્રમાણ અને નયના વિષયનો વિવેક—

अनेकान्तात्मकं वस्तु गोचरः सर्वसंविदाम् ।
एकदेशविशिष्टाऽर्थो नयस्य विषयो मतः ॥ २९ ॥

**અનેક ધર્માત્મક વસ્તુ એ સર્વસંવેદનનો–પ્રમાણનો વિષય મનાય છે અને એક દેશ–અંશસહિત વસ્તુ એ નયનો વિષય મનાય છે.**

પ્ર. પ્રમાણનો વિષય થનારી વસ્તુઓ કરતાં નયનો વિષય થનારી વસ્તુઓ શું તદ્દન જૂદી હોય છે, કે જેથી પ્રમાણ અને નયના વિષયને તદ્દન જૂદે જૂદો બતાવી શકાય ?

ઉ. ના. એકબીજાથી જૂદા એવા વસ્તુઓના કોઈ બે વિભાગ નથી કે જેમાંથી એક વિભાગ પ્રમાણનો વિષય બને અને બીજો વિભાગ નયનો વિષય બને.

પ્ર. જો પ્રમાણ અને નયનો વિષય થનાર વસ્તુ એક જ હોય તો પછી બન્નેનો વિષયભેદ કેવી રીતે ?

ઉ. વસ્તુ ભલે એક જ હોય પણ જ્યારે તે વસ્તુ અમુક વિશેષતાદ્વારા અર્થાત્ અમુક વિશેષ-ધર્મોની પ્રધાનતા છતાં અખંડિતપણે ભાસે છે ત્યારે તે અનેકધર્માત્મકવિષય કહેવાય છે. પરંતુ જ્યારે તે જ વસ્તુમાંથી કોઈ એક અંશ છૂટો પડી પ્રધાનપણે ભાસે છે ત્યારે તે એક-અંશ-વિશિષ્ટ-વિષય કહેવાય છે. આ વાત દાખલાથી સ્પષ્ટ કરીએ. આંખ સામે કોઈ એક ઘોડો આવે ત્યારે અમુક આકાર, અમુક કદ અને અમુક રંગ એ તેની વિશેષતાઓ પ્રધાનપણે ભાસે છે; પણ તે વખતે એ વિશેષતાઓની પ્રધાનતા છતાં અભિન્નરૂપે અન્યવિશેષતાઓ સહિત સમગ્ર ઘોડો જ ચાક્ષુષજ્ઞાનનો વિષય બને છે. તે વખતે કાંઇ તેની અમુક વિશેષતાઓ બીજી વિશેષતાઓ કરતાં છૂટી પડી ભાસતી નથી કે ઘોડારૂપ અખંડ પદાર્થમાંથી આકાર આદિ તેની વિશેષતાઓ પણ તદ્દન ભિન્નપણે ભાસતી નથી. માત્ર અમુક વિશેષતાઓ દ્વારા તે આખો ઘોડો જ અખંડિતપણે આંખનો વિષય બને છે. એ જ પ્રમાણનો વિષય થવાની રીત છે. પ્રમાણના વિષય થએલ એ ઘોડાનું જ્ઞાન જ્યારે બીજાને શબ્દદ્વારા કરાવવું હોય ત્યારે તે ઘોડાની અમુક વિશેષતાઓ બીજી વિશેષતાઓ કરતાં બુદ્ધિદ્વારા છૂટી પાડી વક્તા કહે છે કે–આ ઘોડો લાલ છે, ઉંચો છે કે અમુક આકારનો છે. તે વખતે વક્તાના બૌદ્ધિક વ્યાપારમાં કે શ્રોતાની જ્ઞાનક્રિયામાં ઘોડો ભાસમાન છતાં તે માત્ર ગૌણ હોય છે, અને તેની વિશેષતાઓ જે બીજી વિશેષતાઓ કરતાં જૂદી પાડી કહેવામાં આવે છે, તે જ મુખ્ય હોય છે. તેથી જ એ વખતે જ્ઞાનનો વિષય બનતો ઘોડો અમુક અંશ-વિશિષ્ટ વિષય બને છે એ જ નયનો વિષય થવાની રીત છે.

આ વક્તવ્યને બીજા શબ્દોમાં–ટૂંકમાં એ રીતે પણ કહી શકાય કે–ભાનમાં અમુક વિશેષતાઓની પ્રધાનતા છતાં જ્યારે ઉદ્દેશ્ય અને વિધેયના વિભાગ સિવાય જ વસ્તુ ભાસમાન થાય ત્યારે તે પ્રમાણનો

Aho ! Shrutgyanam

વિષય અને જ્યારે વસ્તુ ઉદ્દેશ્ય-વિધેયના વિભાગપૂર્વક ભાસમાન થાય ત્યારે તે નયનો વિષય. આ રીતે વસ્તુ એક જ છતાં તેના ભાનની રીત જૂદી જૂદી હોવાથી પ્રમાણ અને નયમાં તેનો વિષયભેદ સ્પષ્ટ છે.

પ્ર. પ્રમાણની પેઠે નય પણ જો જ્ઞાન જ હોય તો એમાં તફાવત શો ?

ઉ. ઇંદ્રિયોની મદદથી કે મદદ સિવાય જ ઉત્પન્ન થએલું જ્ઞાન જ્યારે કોઇ વસ્તુને યથાર્થપણે પ્રકાશિત કરે છે ત્યારે તે પ્રમાણ કહેવાય છે અને પ્રમાણદ્વારા પ્રકાશિત થએલી વસ્તુને શબ્દદ્વારા બીજાને જણાવવા માટે તે વસ્તુના વિષયમાં જે માનસિક વિચારક્રિયા થાય છે તે નય. અર્થાત્ શબ્દમાં ઉતારાતી કે ઉતારવા લાયક જે જ્ઞાનક્રિયા તે નય અને એનો પુરોગામી ચેતના-વ્યાપાર તે પ્રમાણ. આ ઉપરાંત નય અને પ્રમાણનું અંતર એક એ છે કે નયજ્ઞાન તે પ્રમાણજ્ઞાનના અંશરૂપે છે અને પ્રમાણજ્ઞાન તે નયજ્ઞાનના અંશી કે સમૂહરૂપે છે. કારણ કે પ્રમાણ વ્યાપારમાંથી જ નયવ્યાપારની ધારાઓ પ્રકટે છે.

પ્ર. પ્રમાણ અને નયશબ્દની વ્યુત્પત્તિ બતાવી તેનો અર્થભેદ સ્પષ્ટ કરો.

ઉ. **પ્ર+માન**=( જે જ્ઞાન વડે **પ્ર**-અભ્રાંતપણે વસ્તુનું **માન**-પ્રકાશન ( નિર્ણય ) થાય તે ) પ્રમાણ. **ની+અ**=( **ની**-પ્રમાણદ્વારા જાણેલી વસ્તુને બીજાની અર્થાત્ શ્રોતાની બુદ્ધિમાં પહોંચાડવાની ક્રિયા. **અ**-કરનાર વક્તાનો માનસિક વ્યાપાર તે ) નય.

પ્ર. જૈન ન્યાયગ્રન્થોની જેમ જૈનેતર ન્યાય ગ્રન્થોમાં નય વિષે મીમાંસા છે કે નહિં ?

ઉ. નથી. જો કે જૈન અને જૈનેતર બન્નેના તર્કગ્રન્થોમાં પ્રમાણની મીમાંસા છે છતાં નયને પ્રમાણથી છૂટો પાડી તેના ઉપર સ્પષ્ટ અને વિસ્તૃત મીમાંસા તો માત્ર જૈનોએ જ કરેલી છે.

## નય અને સ્યાદ્વાદ વચ્ચેનો સંબંધ તથા બન્નેનું અંતર—

**नयानामेकनिष्ठानां प्रवृत्तेः श्रुतवर्त्मनि ।**
**सम्पूर्णार्थविनिश्चायि स्याद्वादश्रुतमुच्यते ॥ ३० ॥**

**એકનિષ્ઠ-એક એક ધર્મને ગ્રહણ કરવામાં લીન એવા નયોની પ્રવૃત્તિ શ્રુતિમાર્ગમાં હોવાથી સંપૂર્ણ વસ્તુને નિશ્ચિત કરનાર અર્થાત્ વસ્તુને સમગ્રપણે પ્રતિપાદન કરનાર તે તે સ્યાદ્વાદશ્રુત કહેવાય.**

પ્ર. શ્રુત એટલે શું ? ઉ. આગમજ્ઞાન તે શ્રુત.

પ્ર. શું બધું શ્રુત એક જ જાતનું છે કે તેમાં જાણવા જેવો ખાસ ભેદ છે ? ઉ. ભેદ છે.

પ્ર. તે કયો?

ઉ. શ્રુતના મુખ્ય બે ભાગ પાડી શકાય એક તો અંશગ્રાહી-વસ્તુને એક અંશથી સ્પર્શ કરનાર; અને બીજો સમગ્રગ્રાહી-વસ્તુને સમગ્રપણે ગ્રહણ કરનાર. અંશગ્રાહીતે નયશ્રુત અને સમગ્રગ્રાહી તે સ્યાદ્વાદશ્રુત.

આ કથનને વધારે સ્પષ્ટ કરીએ. કોઇ એક તત્ત્વનું પ્રતિપાદન કરનાર એક આખું શાસ્ત્ર, આખું પ્રકરણ કે આખો વિચાર તે તે તત્ત્વ પૂરતું સ્યાદ્વાદશ્રુત; અને તેમાંના તે તત્ત્વને લગતા જુદા જુદા અંશો ઉપરના ખંડ વિચારો તે પ્રત્યેક નયશ્રુત. આ વિચારો એક એક છૂટા છૂટા લઇએ ત્યારે નયશ્રુત અને તે બધાનું પ્રસ્તુત તત્ત્વપરત્વે એકીકરણ તે સ્યાદ્વાદશ્રુત. કોઇ એક તત્ત્વપરત્વે નય અને સ્યાદ્વાદ-શ્રુતનો જે આ ભેદ તે જ સંપૂર્ણ જગત પરત્વે ઘટાવી શકાય.

પ્ર. દાખલો આપી સમજાવો.

ઉ. સમગ્ર ચિકિત્સાશાસ્ત્ર એ આરોગ્ય તત્ત્વનું સ્યાદ્વાદશ્રુત છે; પણ આરોગ્ય તત્ત્વને લગતા, આદાન, નિદાન, ચિકિત્સા આદિ જૂદા જૂદા અંશો ઉપર વિચાર કરનાર એ શાસ્ત્રના તે તે અંશો, એ

Aho ! Shrutgyanam

ચિકિત્સાશાસ્ત્રરૂપ સ્યાદ્વાદશ્રુતના અંશો હોવાથી તે તત્ત્વપરત્વે નયશ્રુત છે. આ રીતે નયશ્રુત તે અંશોનો સરવાળો છે.

પ્ર. નય અને સ્યાદ્વાદને જૈનશ્રુતમાં ઘટાવવાં હોય તો કેવી રીતે ?

ઉ. જૈનશ્રુતમાંના કોઇ એકાદ સૂત્રને લ્યો કે જે એક જ અભિપ્રાયનું સૂચક હોય તે નયશ્રુત અને એવાં અનેક અભિપ્રાયોનાં સૂચક અનેક સૂત્રો ( પછી ભલે તે પરસ્પર વિરોધી ભાસતા હોય ) તે સ્યાદ્વાદશ્રુત. દાખલા તરીકે–' **पडुप्पन्ने नेरइए विणस्सइ** ' એ સૂત્ર લ્યો. એનો અભિપ્રાય એ છે કે નારકી જીવ ઉત્પન્ન થતાં વેંત જ નાશ પામે છે. આ અભિપ્રાય ક્ષણભંગસૂચક છે. એટલે નારકીજીવનો ઉત્પાદ અને વ્યય સૂચવે છે. તેવી જ રીતે નારકીજીવની સ્થિરતાનું વર્ણન કરનાર બીજાં સૂત્રો લ્યો.

**प्र०–" णेरइयाणं भंते ! केवइयं कालं ठिई पन्नत्ता ?**

**उ० – गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं ठिई पन्नता "** ( भगवती पृ० ९३, श० १ उ० १ )

એ બધાં જ સૂત્રો જૂદાં જૂદાં નારકી પરત્વે નય વાક્ય છે અને એક સાથે મળે ત્યારે સ્યાદ્વાદ-શ્રુત બને છે.

પ્ર. ત્યારે એમ થયું કે એક વાક્ય એ નય અને વાક્યસમૂહ તે સ્યાદ્વાદ અને જો એમ હોય તો પ્રશ્ન થાય છે કે શું એક જ વાક્ય સ્યાદ્વાદાત્મક અનેકાંતદ્યોતક ન હોઇ શકે ?

ઉ. હોઈ શકે.

પ્ર. કેવી રીતે ? કારણ કે એક વાક્ય એ કોઇએક વસ્તુ પરત્વે એક અભિપ્રાયનું સૂચક હોવાથી તેના કોઈ એક અંશને સ્પર્શ કરી શકે; બીજા અંશોને સ્પર્શ ન કરી શકે. તો પછી તે એક વાક્ય સમગ્રગ્રાહી ન થઇ શકવાથી સ્યાદ્વાદશ્રુત કેવી રીતે કહી શકાય ?

ઉ. અલબત્ત દેખીતી રીતે એક વાક્ય વસ્તુના અમુક એક અંશનું પ્રતિપાદન કરે છે પણ જ્યારે વક્તા તે વાક્યવડે એક અંશનું પ્રતિપાદન કરવા છતાં પ્રતિપાદન કરાતા તે અંશ સિવાયના બીજા અંશોને પણ એક જ સાથે પ્રતિપાદિત કરવા ઇચ્છે ત્યારે તે ઇતરઅંશોને પ્રતિપાદનના સૂચક **स्यात्** શબ્દનો વાક્યમાં પ્રયોગ કરે છે અથવા તો **स्यात्** શબ્દનો ઉચ્ચાર કર્યા સિવાય પણ વક્તા તે શબ્દના ભાવને મનમાં રાખી વાક્યને ઉચ્ચારે છે ત્યારે તે વાક્ય સાક્ષાત્ અંશમાત્રગ્રાહી દેખાવા છતાં પણ स्यात् શબ્દ સાથે અથવા स्यात् શબ્દ સિવાય જ ઇતર સમગ્ર અંશોના પ્રતિપાદનના ભાવથી ઉચ્ચારા-એલું હોવાને લીધે સ્યાદ્વાદશ્રુત કહેવાય છે.

પ્ર. વક્તા स्यात् શબ્દનો પ્રયોગ ન કરે તેમ જ તેનો ભાવ પણ મનમાં ન રાખે તો તે જ વાક્ય કઇ કોટિમાં આવે ?

ઉ. નયશ્રુતની કોટિમાં.

પ્ર. જ્યારે વક્તા પોતાને ઇષ્ટ એવા એક અંશનું નિરાકરણ જ કરતો હોય ત્યારે તે વાક્ય કયા શ્રુતની કોટિમાં આવે ?

ઉ. દુર્નય અથવા મિથ્યાશ્રુતની કોટિમાં.

પ્ર. કારણ શું ?

Aho ! Shrutgyanam

ઉ. વસ્તુના પ્રમાણ સિદ્ધ અનેક અંશોમાંથી એક જ અંશને સાચો ઠરાવવા તે વક્તા આવેશમાં આવી જઈ બીજા સાચા અંશોનો અપલાપ કરે છે તેથી તે વાક્ય એક અંશ પૂરતું સાચું હોવા છતાં ઇતર અંશોના સંબંધના વિચ્છેદ પૂરતું ખોટું હોવાથી **દુર્નયશ્રુત** કહેવાય છે.

પ્ર. આવાં અનેક દુર્નય વાક્યો મળે તો સ્યાદ્વાદશ્રુત બને ખરું ?

ઉ. ના. કારણ કે આવાં વાક્યો પરસ્પર એકબીજાનો વિરોધ કરતા હોવાથી વ્યાઘાત-અથડામણી પામે છે. તે પોતપોતાની કક્ષામાં રહી વસ્તુના અંશમાત્રનું પ્રતિપાદન કરવાને બદલે બીજાની કક્ષામાં દાખલ થઈ તેનું મિથ્યાપણું બતાવવાની મોટી ક્રિયા કરે છે, તેથી તે મિથ્યાશ્રુત છે. અને તેથી જેમ પરસ્પર અથડાતા વિરોધી અનેક માણસો એક સમૂહબદ્ધ થઈ કોઇ એક કાર્ય સાધી નથી શકતા; ઉલટું તે એક બીજાના કાર્યના બાધક બને છે. તેમ અનેક દુર્નય વાક્યો એક સાથે મળી કોઇ એક વસ્તુને સંપૂર્ણ જણાવવાની વાત તો બાજુએ રહી તે એક બીજાના આંશિક અર્થના સત્ય પ્રતિપાદનને પણ સત્યપણે પ્રકટ થતાં અટકાવે છે.

પ્ર. કોઈ એક જ વસ્તુનું વર્ણન કરવાને પ્રસંગે દુર્નય, નય અને સ્યાદ્વાદ એ ત્રણે શ્રુત ઘટાવવાં હોય તે ઘટી શકે ખરાં ? અને ઘટી શકે તો શી રીતે ?

ઉ. કોઇએ જગતના નિત્યપણા કે અનિત્યપણા વિષે પ્રશ્ન કર્યો કે-જગત નિત્ય છે, અનિત્ય છે, ઉભયરૂપ છે, કે એથી વિલક્ષણ એટલે અનુભયરૂપ છે? આનો ઉત્તર આપનાર વક્તાને જો પ્રમાણથી એવો નિશ્ચય થયો હોય કે જગત નિત્ય-અનિત્ય-ઉભયરૂપ છે; અને તે પછી તે ઉત્તરમાં જણાવે કે જગત નિત્યરૂપેયે છે અને અનિત્યરૂપેયે છે, તો એ ઉત્તરમાં એક જ વસ્તુપરત્વે પરસ્પર વિરોધી એવા બે અંશોના પ્રતિપાદક બે વાક્યો હોવા છતાં તે બન્ને મળી સ્યાદ્વાદશ્રુત છે. કારણ કે એ પ્રત્યેક વાક્ય એક જ વસ્તુના વાસ્તવિક અંશને પોતપોતાની દૃષ્ટિએ પ્રતિપાદિત કરે છે-અર્થાત્ પોતાની મર્યાદામાં રહી મર્યાદિત સત્ય પ્રકટ કરે છે. છતાં પ્રતિપક્ષીની મર્યાદાનો તે તિરસ્કાર કે સ્વીકાર કરતાં નથી. ઉક્ત બન્ને વાક્યોમાંથી કોઇ એકાદ જ વાક્ય લઇએ તો તે નયશ્રુત હોઇ શકે; પણ એ ત્યારે જ કે જો વક્તાએ એ વાક્યને પ્રસ્તુત વસ્તુના દૃષ્ટિઅંશનું પ્રતિપાદન કરવા માટે યોજેલું હોવા છતાં વિરોધી બીજા અંશ પરત્વે તે માત્ર તટસ્થ કે ઉદાસીન હોય. આથી ઉલટું એ બે વાક્યોમાંથી કોઈ એક વાક્ય દુર્નયશ્રુત હોઈ શકે પણ તે ત્યારે કે જો વક્તા એ વાક્યવડે દૃષ્ટ અંશનું પ્રતિપાદન કરવા સાથે જ બીજા પ્રામાણિક અંશનો નિષેધ કરે. જેમ કે જગત્ નિત્ય જ છે-અર્થાત્ અનિત્ય નથી.

પ્ર. જો વિચારો અનંત હોવાથી વિચારાત્મક નયો પણ અનંત હોય તો એને સમજવા એ કઠણ નથી શું ?

ઉ. છે જ. છતાં સમજી શકાય.

પ્ર. કેવી રીતે ?

ઉ. ટૂંકમાં સમજાવવા એ બધા વિચારોને બે ભાગમાં વહેંચી શકાય. કેટલાક વિચારો વસ્તુના સામાન્ય અંશને સ્પર્શ કરનાર હોય છે. કારણ કે વસ્તુનું વિચારમાં આવતું કોઇપણ સ્વરૂપ લઇએ તો કાં તો તે સામાન્ય હશે અને કાં તો તે વિશેષ હશે. આ કારણથી ગમે તેટલા વિચારોના ટૂંકમાં સામાન્યગ્રાહી અને વિશેષગ્રાહી એ બે ભાગ પડી શકે. એને શાસ્ત્રમાં અનુક્રમે **દ્રવ્યાર્થિક** અને **પર્યાયાર્થિક** એવાં નામ આપવામાં આવ્યાં છે.

પ્ર. આ સિવાય બીજું પણ ટૂંકું વર્ગીકરણ થઇ શકે ?

Aho ! Shrutgyanam

ઉ. હા. જેમ કે **અર્થનય** અને **શબ્દનય** વિચારો ગમે તે અને ગમે તેટલા હોય પણ કાં તો તે મુખ્યપણે અર્થને સ્પર્શી ચાલતા હશે, અને કાંતો મુખ્યપણે શબ્દને સ્પર્શી પ્રવૃત થતા હશે. અર્થસ્પર્શી તે બધા **અર્થનય** અને શબ્દસ્પર્શી તે બધા **શબ્દનય.** આ સિવાય **ક્રિયાનય, જ્ઞાનનય, વ્યવહારનય, પરમાર્થનય** એવાં અનેક યોગ્ય વર્ગીકરણો થઇ શકે.

પ્ર. આનો જરા વિસ્તાર કરવો હોય તો શક્ય છે ?

ઉ. હા. મધ્યમપદ્ધતિએ સાત વિભાગ કરવામાં આવે છે, જેમાં પ્રથમના ત્રણ દ્રવ્યાર્થિક અને પાછળના ચાર પર્યાયાર્થિક છે. પ્રથમના ચાર અર્થનય અને પાછળના ત્રય શબ્દનય છે. માત્ર અહિં એ સાતનાં નામ આપીશું. વિગતમાં નહિં ઉતરીએ. વધારે વિગત અન્યત્ર ચર્ચીશું. ૧ નૈગમ, ૨ સંગ્રહ, ૩ વ્યવહાર, ૪ ઋજુસૂત્ર, ૫ શબ્દ, ૬ સમભિરુઢ, અને ૭ એવંભૂત.

**જીવનું સ્વરૂપ—**

**प्रमाता स्वान्यनिर्भासी कर्त्ता भोक्ता निवृत्तिमान् ।**
**स्वसंवेदनसंसिद्धो जीवः क्षित्याद्यनात्मकः ॥ ३१ ॥**

**પ્રમાતા, સ્વપર પ્રકાશક, કર્તા, ભોક્તા, વિવર્તવાન અને પૃથ્વી આદિના સ્વરૂપથી ભિન્ન એવો જીવ સ્વસંવેદનજ્ઞાન વડે સિદ્ધ છે.**

પ્ર. અહિં જીવને પ્રમાતા આદિ અનેક વિશેષણો આપેલાં છે તેનું શું પ્રયોજન ?

ઉ. પ્રમાતા એ વિશેષણ દ્વારા એમ સૂચવે છે કે જીવ એ **બૌદ્ધ** સમ્મત માત્ર 'જ્ઞાનક્ષણ પરંપરા રૂપ' નથી પણ એક ધ્રુવ તત્ત્વ છે. કર્તા અને ભોક્તા એ બે વિશેષણો દ્વારા એમ સૂચવે છે કે જીવ એ **સાંખ્યદર્શનના** માનવા મુજબ અકર્તા અને અભોક્તા નથી. વિવૃત્તિમાન એ વિશેષણથી **નૈયાયિક** આદિ સમ્મત એવી કૂટસ્થનિત્યતાનો નિષેધ કરે છે. ક્ષિત્યાદિ અનાત્મક એ વિશેષણથી જીવતત્ત્વ **ચાર્વાક**-ની માન્યતા મુજબ ભૌતિક નથી પણ પૃથ્વી આદિ પાંચભૂતોથી તદ્દન ભિન્ન-સ્વતંત્ર છે એમ સૂચવે છે.

પ્ર. ઉક્ત પ્રકારના જીવતત્ત્વની સિદ્ધિ ખરી રીતે કયા પ્રકારના પ્રમાણથી થઇ શકે ?

ઉ. સ્વસંવેદન અર્થાત્ સ્વાનુભવથી. સ્વાનુભવ સિવાય જીવનું સ્વરૂપ સિદ્ધ કરવા સમર્થ બીજું મુખ્ય પ્રમાણ નથી.

પ્ર. પ્રમાતા આદિ દરેક પક્ષનો અર્થ શો ?

ઉ. પ્રમાણ વડે જ્ઞાન મેળવે તે પ્રમાતા. પોતાને અને પોતાથી ભિન્ન વસ્તુને જાણે તે સ્વાન્ય-નિર્ભાસી-સ્વપર પ્રકાશક. ઇચ્છાપૂર્વક કાંઈ પણ ક્રિયા કરે તે કર્તા, કરેલ ક્રિયાનું ફળ ભોગવે તે ભોક્તા. સ્થિર રહેવા છતાં અનેક અવસ્થાઓને પ્રાપ્ત થયાં કરે તે વિવર્તવાન.

**ઉપસંહાર—**

**प्रमाणादिव्यवस्थेयमनादिनिधनात्मिका ।**
**सर्व्वसंव्यवहर्तृणां प्रसिद्धापि प्रकीर्त्तिता ॥ ३२ ॥**

**અનાદિ અનંત સ્વરૂપ એવી આ પ્રમાણ આદિની વ્યવસ્થા દરેક વ્યવહારી માણસને ( સામાન્યરૂપે ) પ્રસિદ્ધ-જ્ઞાત છતાં પણ (વિશેષ પ્રબોધનના અર્થે અહિં) કહેવામાં આવી છે.**

Aho ! Shrutgyanam

લૌકિક કે લોકોત્તર દરેક જાતનો વ્યવહાર કરનાર જે જે છે તે બધા પ્રમાણ, પ્રમેય, નય આદિની વ્યવસ્થા જાણે છે. કારણ કે એ વ્યવસ્થા–મર્યાદા અનાદિકાળથી ચાલી આવે છે અને એનો અંત પણ નથી. જગતનો લૌકિક કે શાસ્ત્રીય બધો વ્યવહાર પ્રમાણાદિ ઉપર જ નિર્ભર છે. તેમ છતાં કોઇ એવા પણ હોય કે જેઓને પ્રમાણાદિના સ્વરૂપ વિષે કાં તો ભ્રમ થયો હોય અગર કોઇ જાતનું અજ્ઞાન ઉદય પામ્યું હોય, તો તે દૂર કરવા, આ પ્રકરણ દ્વારા તેની વ્યવસ્થા વર્ણવામાં આવી છે.

## न्यायावतारमां प्रयुक्त थएला केटलाक खास शब्दो.

| | | | | |
|---|---|---|---|---|
| अनुमान | श्लो. | ५ | परार्थप्रमाण | १० |
| अनेकांतात्मक | | २८ | परोक्ष | ४ |
| अनैकांतिक | | २३ | प्रत्यक्ष | ४ |
| अन्तर्व्याप्ति | | २० | प्रमाण | १ |
| अन्यथानुपपन्नत्व | | २२ | प्रमाता | ३१ |
| अन्यथोपपत्ति | | १७ | बाधाविवर्जित–**निर्बाध** | १ |
| असिद्ध | | २३ | भोक्ता | ३१ |
| आप्तोपज्ञ | | ९ | मेय–**तत्त्व** | १ |
| कापथ–**एकांतवाद** | | ९ | लिंग–**हेतु** | ५ |
| तथोपपत्ति | | १७ | विरुद्ध | २३ |
| दुर्नयश्रुत | | ३० | विवृत्तिमान् | ३१ |
| दूषण | | २६ | वैधर्म्य दृष्टांत | १९ |
| दूषणाभास | | २६ | साधन–**अनुमान वाक्य** | २६ |
| दृष्टांताभास–**साधर्म्य दृष्टांतदोष** | | | साधर्म्य दृष्टांत | १८ |
| **वैधर्म्य दृष्टांतदोष** | | २४–२५ | साध्याविनाभू–**साध्यव्याप्त** | ५ |
| दृष्टेष्टाव्याहत | | ८ | स्याद्वादश्रुत | ३० |
| नय–**अंशग्राही** | | २९ | स्वपराभासि–**स्वपरप्रकाशक** | १ |
| नयश्रुत | | ३० | स्वसंवेदन | ३१ |
| पक्ष | | १५ | हेत्वाभासनुं **स्वरूप** | २२ |
| पक्षाभास | | २० | हेत्वाभासना **भेदो** | २३ |

Aho ! Shrutgyanam

# नव प्रकाशित ग्रन्थ परिचय

**१. जैन गूर्जर कविओ**—प्रथमभाग. [ विक्रम तेरमा शतकथी ते सत्तरमा शतक सुधीना गूजराती भाषाना जैन कविओनी तेमनी कृति सहित विस्तृत सूचि. 'जूनी गूजराती भाषाना इतिहास'नी विस्तृत प्रस्तावना समेत **संग्राहक** अने **संप्रयोजक** श्रीयुत **मोहनलाल दलीचंद देसाइ.** बी. ए. एलएलबी. वकील हाईकोर्ट मुंबई. प्रकाशक जैन श्वेतांबर कोन्फरन्स ऑफीस, मुंबई. ]

आ गौरव भरेला ग्रंथना 'संप्रयोजक' श्रीयुत मोहनलाल द. देशाई, आ विषयमां, अमारा समव्यसनी अने समस्वभावी चिरमित्र छे. जैनसाहित्य अने जैन इतिहासना परिशीलननो तेमने घणो जूनो रोग छे. जे वखते अमने कलमये ज्ञानतां नहोती आवडती ते वखतना ए जैन इतिहास अने जैन साहित्यना विचारग्रेला अने अनन्य आशक बनेला छे. कोई २०–२२ वर्षथी जे एक पोताना प्रिय-विचाररूप सुपुत्रनी ए प्रतिपाल्ना करता आव्या छे तेना लग्नोत्सव समान सौभाग्य भरेला सुप्रसंग जेवो, आ ग्रंथने प्रकाशमां मूकवानो तेमना माटे सुअवसर आवेलो गणाय. अने ए सुअवसरने जोवा मोहनभाई सफळ थया ते माटे अमे एमने वधामणी आपीए छीए.

आ युगना जैन व्यवसायी गृहस्थोमां मोहनभाई जूना जैन गूजराती साहित्यना अभ्यासी तरीके सर्वाग्र छे एम जो कहीए तो तेमां जराये अमने अतिशयता नथी लागती. क्यां तो वकीलातनो वहेतो धंधो अने क्यां आ अखंड साहित्य सेवा! खरी रीते ज्यां आ बे प्रवृत्तिओने जराये मेळ नथी त्यां मोहनभाई आवुं अत्युत्तम फळ नीपजावी शक्या ते माटे एमना उद्योगनी शी वर्णुना करी शकाय. केवळ साहित्य प्रवृत्ति ए ज जेमना जीवननिर्वाहनो खास उपाय होय अने ए ज जातनुं जीवन जीववा माटे जेओ सरज्या होय तेवा पुरुषो पण, जे कार्य मोहनभाईए करी बताव्युं छे ते, करी बतावता भाग्ये ज भाग्यशाळी नीवडे छे. मोहनभाई जो न जन्म्या होत तो कदाच जैन गूर्जर कविओनी झांखी करवा जगतने २१ मी सदीनी वाट जरूर जोवी पडत.

हवे मुद्दा उपर आवीए. आ ग्रंथमां गूजराती भाषामां पद्य रूपे, जे जे जैन विद्वानो, जे कंइ लखी गया छे तेनी विगतवार यादि आपवानो मुख्य उद्देश राखेलो छे. आ भागमां २८० लेखकोनी ५४० कृतिओनी नोंध आवेली छे अने तेणे लगभग ६०० पाना रोकेला छे. ए एकली नोंध ज नथी पण खरी रीते ५०० वर्षना गाळामां थएला ३०० जेटला गूजराती भाषाना उत्कर्षक अने पोषक एवा जैन विद्वानोना जीवनकार्यनुं सारभूत तारण छे. आ ६०० पानाना मूळ ग्रंथ उपर ३०० करतांये वधारे पानानी 'प्रस्तावना (!)' छे. एनुं नाम प्रस्तावना छे, पण वास्तविकमां गूजराती भाषाना अंधारण अने इतिहास उपर प्रकाश पाडनारा अनेकानेक प्रस्तावो–प्रकरणो–प्रबंधोना संग्रहनो आ एक मोटो ग्रंथ ज बनेलो छे. सुंहना गांठिये गांधी जेवा बनेला साक्षरवर्गमांना मोटा भागने तो आ ग्रंथनां पूरां पानां फेरवी जवां जेटलुं धैर्य पण होवुं कठण छे त्यारे मोहनभाई तो आवा अनेक भागो लखी, सुधारी, छपावी बहार पाडवाना हजी तो मोटा मनोरथो करी रह्या छे. भगवती श्रुतदेवता एमना ए महनीय मनोरथोने सफळ करवानी शुभतक आपे.

Aho ! Shrutgyanam

**२. अभयकुमार मंत्रीश्वरनुं जीवनचरित्र.** [ उपाध्याय श्रीमद् तिलकचंद्र विरचित संस्कृत महाकाव्यनुं गूजराती भाषांतर. विस्तृत परिशिष्ट अने टिप्पणीयुक्त भाषांतर कर्ता श्रीयुत **मोतीचंद ओधवजी**; भावनगर. भाग १–२. पृष्ट ३२० अने २४३ ]

जैन विद्वानोओ कथासाहित्यने जेटलुं खेड्युं छे तेटलुं बीजा कोइओ नहि. धर्मबोध अने नीति-विचारना हेतुओ संस्कृत, प्राकृत, अपभ्रंश, हिंदी अने गूजराती आदि भाषाओमां जैन विद्वानोओ सेंकडो नहि पण हजारोनी संख्यामां कथाओ लखी काढी छे, अने दरेक कथानुं परिणाम कोइने कोई प्रकारना धर्मबोध के नीतिबोधना बिंदुवाळुं तेमणे मूक्युं छे. लौकिक होय, पौराणिक होय, ऐतिहासिक होय, काल्पनिक होय के सांप्रदायिक होय; गमे ते कथा होयः जैन विद्वानोओ तेने पोताना ढाळमां ढाळी छे अने तेना उपर पोताना कथनमार्गनी मोहर मारी छे. आवा ज एक कथाकाव्यनुं भाइश्री मोतीचंद ओधवजीओ घणी काळजी अने कुशाग्रतापूर्वक सुंदर गूजराती भाषांतर करीने उपर्युक्त नामे बहार पाड्युं छे.

श्रमण भगवान श्रीमहावीर अने बुद्धदेवना समकालीन मगध सम्राट श्रेणिक ऊर्फ बिंबीसार जैन-बौद्ध साहित्यमां सुप्रसिद्ध छे. अभयकुमार ए सम्राटनो अति कुशल अने बुद्धिशाली पुत्र हतो. एनी माता सुनंदा वैश्य कुलनी हती तेथी कुलपरंपराना नियम प्रमाणे ए कुमार साम्राज्यनो वारसदार थइ शके तेम न हतुं. साम्राज्यनुं आधिपत्य भोगववानो हक्क तो विचाराओए ए सम्राटना पितृद्वेषी पुत्र कुणिक अपर नाम अजातशत्रुने आप्यो हतो अने ते हक्क बीजा कोइथी फेरवी शकाय तेम न हतुं. तेथी सम्राट श्रेणिके पोताना प्रिय अने विनीत पुत्र अभयने साम्राज्यनो मंत्रीश्वर बनावी राजनो तो नहि पण राज्य जेवो ज अधिकार भोगववानी व्यवस्था करी आपी हती अभय कुमारनी हकीकत मात्र जैन ग्रंथोमां ज मळी आवे छे. बौद्ध के ब्राह्मणपुराणोमां आनो कोई खास उल्लेख थयेलो मळतो नथी. तेथी आ कुमारनी कथाने ऐतिहासिकत्व केटलुं आपी शकाय ते महत्त्वनो प्रश्न विचारवानो रहे छे. अने त्यां सुधी ए प्रश्ननो निर्णय न थाय त्यां सुधी आवा कथाग्रंथोने 'जीवनचरित्र' कहेवानी के मानवानी भ्रान्ति कोइ शिष्ट लेखके न करवी जोइए. आपणा प्राचीन विद्वानोओए कथा, आख्यायिका, चरित, वृत्त वगेरे वस्तुओना बोधक खास शब्दो अने नामो निर्मित कर्या छे. तेनो विवेक दरेक लेखके करवानी जरूर छे. कहेवानी मतलब ए के आ पुस्तकने जे 'अभयकुमार मंत्रीश्वरनुं जीवनचरित्र' नामाभिधान आपवामां आव्युं छे तेथी जग्याओ 'अभयकुमार मंत्रीश्वर कथा के एवुं ज कांइ आपवुं उचित गणाय.

आ आखा ग्रंथनुं भाषांतर बहु ज सरस अने सुबोध भाषामां पण अर्थपूर्ण रीते करवामां आव्युं छे अने ते दरेक रसिकवाचकने गमे तेवुं छे. पुस्तकनी अंते जे केटलीक टिप्पणीओ आपी छे ते लेखकना अभ्यासनी खास काळजी सूचवे छे.

भावनगरनी जैनधर्म प्रसारक सभा अने आत्मानंद सभा जेवी संस्थाओ तरफथी आ जातना घणा भाषांतरना ग्रंथो प्रकट थया छे अने थता रहे छे. पण अमने ए ग्रंथोमां जराये काळजी के चैतन्य जेवां देखातां नथी; अने तेनुं कारण ए छे के अर्धपंडित जेवा जैनेतर शास्त्रीओ पासेथी, थोडा पैसा आपी घणुं काम करावी लेवानी वैश्यवृत्ति त्यां उदय पामेली होय छे. भले थोडा ग्रंथो प्रसिद्ध थाय पण तेनी पाछळ जो परिश्रम, अभ्यास अने रसवृत्तिनो परिपाक थाय तो तेथी जैनसाहित्यनी प्रतिष्ठामां घणो वधारो थई शकशे. आ ग्रंथना भाषांतर कर्ता जेवा योग्य अभ्यासीओना हाथे जो एवा ग्रंथो तैयार करावामां आवे तो तेथी द्रव्ये अने भावे बंने रीते लाभ छे. **—जिनविजय**

Aho ! Shrutgyanam

**हेमचन्द्राचार्यकृत-प्रमाणमीमांसा**—[ आर्हतमत प्रभाकर ग्रंथमाळा ( पूना ) प्रथममयूख. संपादक अने प्रकाशक भोतीलाल लाधाजी पूना पृ. २०+१०८. ]

आ ग्रंथनो विषय तेना नामथी ज जाणी शकाय तेवो छे. तेमां प्रमाणनी चर्चा मुख्य छे तेथी तेनुं नाम प्रमाणमीमांसा राख्यामां आव्युं छे. पण तेमां प्रमाता प्रमेय आदि तत्त्वोनी पण चर्चा छे.

आ ग्रंथ सूत्र शैलीओ रचाएलो छे अने तेना उपर स्वोपज्ञ वृत्ति छे. आ ग्रंथना प्रणेता सर्व तंत्र स्वतंत्र प्रसिद्ध जैनाचार्य हेमचंद्र छे. तेथी ज ओ ग्रंथनी योग्यता उच्चकोटिनी अने ध्यान खेंचे तेवी छे. लगभग बारसो चारसो वर्ष जेटला समयमां जैन तर्कशास्त्रे जे विकास साध्यो छे ते समग्रपणे जोवो होय तो ते माटे आ एक ज ग्रंथनुं अवलोकन बस छे. आ ग्रंथ संमतितर्क, सिद्धि विनिश्चय, स्याद्वादरत्नाकर आदि जेवो अति विस्तृत अने जटिल नथी; तेम ज न्यायावतार के न्यायदीपिका जेवो नानो पण नथी. आनुं परिमाण मध्यम छे. कर्ताओ परिमाण निर्धारित करवामां अभ्यासीओनी सगवड खास लक्षमां राखी लागे छे. गौतमना न्यायसूत्र अने दिगंबराचार्य अमृतचंद्रनी पंचाध्यायीनी जेम आ ग्रंथ पण पांच अध्यायोमां व्हेंचाएलो छे. परंतु दुःखनी वात छे के ओ ग्रंथ संपूर्ण उपलब्ध नथी. मात्र ओनो बेढ अध्याय एटले त्रण आह्निक ज मळे छे. एटला भागमां फक्त सो सूत्रो छे अने व्याख्या सहित तेनुं परिमाण अढीहजार श्लोक जेटलुं छे. आ ग्रंथ पूर्ण रचायो हशे एम तो लागे छे पण कोण जाणे शा कारणथी आ ग्रंथ आम खंडित थई गयो छे. हेमचंद्राचार्यना बीजा घणा महाकाय जेवा ग्रंथोनी ज्यारे ते जमानाथी लइ आज सुधीनी लखेली अनेकानेक प्रतिओ मळे छे त्यारे आ ग्रंथनी आवी त्रुटिना विषे खास आश्चर्य थाय छे. सिद्धहेम बृहन्न्यासनी पेठे आ ग्रंथने पण काळे तत्काळ कवलित करी लीधो होय तो कोण जाणे.

भाषा अने विचार विशदतामां आ ग्रंथनुं स्थान वाचस्पति मिश्रनी कृतिओ जेवुं छे. वाचस्पति मिश्र एटले वैदिक दार्शनिक लेखकोमां उच्चकोटिना ग्रंथकार ओ जाणीतुं छे. प्रत्येक विषयना निरुपणमां आचार्य हेमचन्द्रे खास ध्यान राख्युं छे ने ते ते विषयने लगती शुद्धिग्राह्य अने हृदयहारिणी एवी दलीलो आपे छे के जेथी विषय शुष्क पण न थाने अने लंबाणथी कंटाळो पण न आवे. प्रतिपादनमां ग्रंथकारनुं स्वातंत्र्य स्पष्ट देखाय छे. तेमणे घणे स्थळे पूर्वाचार्योना परिचित मार्गने पण सहेतुक छोडयो छे, अने तर्कशास्त्रमां छाजे तेवो स्वतंत्र शुद्धिवैभव पण बताव्यो छे. माणिक्यनंदि विगेरे दिगंबराचार्यो-ओ प्रमाणना लक्षणमां जे अपूर्वपद मूक्युं छे अने वादिदेवसूरि जेवा पोताना विद्या-गुरुओ जे '**स्वपर**' एवुं पद मूक्युं छे ते बन्ने ने छोडी आचार्य हेमचंद्रे टूंकुटच अने छतां स्वार्थग्राही निर्दोष **सम्यगर्थनिर्णयः प्रमाणम्** एवुं प्रमाणनुं लक्षण बांध्युं छे अने तेनी व्याख्यामां अन्यतीर्थिकोनी जेम स्वतीर्थ आचार्योनां लक्षणनी मीमांसा निःसंकोचपणे करी विचार स्वातंत्र्य प्रदर्शित कर्युं छे. कर्तानी स्वतंत्र शुद्धि अने सूक्ष्म प्रतिभानुं दर्शन आखा ग्रंथमां थाय छे.

आवा श्रेष्ठ ग्रंथने पण जैनसंप्रदायमां अध्ययन माटे स्थान नथी. छतां खुशीनी वात ओ छे के आ ग्रंथ कलकत्ता युनीवर्सीटीना पाठयक्रममां स्थान पाम्यो छे. परंतु जैन अभ्यासको क्यां ? अने जो कोई रडया खडया जैनेतर अभ्यासको होय तो तेओने आ ग्रंथ मळे क्यांथी ? घणा वर्ष अगाउ आ ग्रंथ अमदावादमां शेठ मनसुखभाइ भगुभाइओ छपावेलो छे अने ते वगर किंमते आप-वामां आवे छे छतां तेना दरेक अभ्यासीने ते मळी शकतो नथी. ओने मेळववामां जे लागवग के खुशामतनी जरूर पडे छे ते तेना निर्मूल्य वितरणनुं महत्त्व ओछुं करी नांखे छे. उक्त शेठश्रीओ सद्भावनाथी छपावेल अनेक सुंदर सुंदर ग्रंथोमांनो आ एक ग्रंथ छे पण ते तेमनी पद्धति प्रमाणे

Aho ! Shrutgyanam

પત્રાકાર હોઇ અભ્યાસીઓને બહુ અનુકુલ ન આવે તે સ્વાભાવિક છે. તે ઉપરાંત એ આવૃત્તિમાં ઘણી ત્રૂટીઓ છે. સંશોધન જોઇએ તેવું નથી થયું. ક્યાં ક્યાંએ તો સૂત્ર સુદ્ધાં વ્યાખ્યામાં મળી ગયું છે. સંપાદકને એ પણ ખબર નથી પડી કે આ સૂત્ર છે કે વ્યાખ્યા.

આ બધી ખામીઓ પ્રમાણમીમાંસાનું પ્રસ્તુત નવું સંસ્કરણ દૂર કરે છે. તે ઉપરાંત આ નવીન સંસ્કરણમાં ઘણી વિશેષતાઓ છે જે અત્યારસુધીના પ્રકાશિત થએલા શ્વેતાંબર દિગંબર બધી સંસ્થાઓના સંસ્કરણોમાં સામાન્યેન દેખાતી નથી. શેઠ મોતીલાલ લાધાજીએ આર્હતમત પ્રભાકરનામક ગ્રંથમાળા શરૂ કરી જૈન પ્રકાશન સંસ્થાઓને ખાસ માર્ગસૂચન થાય તેવી ઘણી બાબતો દાખલ કરી છે. જૂદી જૂદી જૈનસંસ્થાઓ તરફથી આજ સુધીમાં સંસ્કૃતપ્રાકૃત હજારો પુસ્તકો બહાર પડ્યાં છે અને પડ્યે જાય છે. પરંતુ મુદ્રણકાર્યને લગતી થએલી ઉપયોગી પ્રગતિમાંથી જૈનસંસ્થાઓએ અત્યાર સુધીમાં ખાસ તત્ત્વ કાંઇ લીધું નથી. એનો કાંઇક વિવેક શ્રીયુત મોતીલાલ લાધાજીએ કરેલો છે તેથી તેમનો પ્રયાસ ફળાવહ હોઇ અભિનંદનને પાત્ર છે.

ગ્રંથમાળાના પ્રથમ મયૂખસ્વરૂપ પ્રમાણમીમાંસાના આ સંસ્કરણમાં ધ્યાન ખેંચે તેવી ઉપયોગી બાબતો આ છે.

૧ શબ્દાડંબરી અને વસ્તુશૂન્ય ભાષાનો ત્યાગ કરી પ્રસન્ન તેમ જ અર્થપૂર્ણ ભાષામાં પ્રસ્તાવિક વક્તવ્ય.
૨ અનેક પ્રકારની ઉપયોગી ટિપ્પણીઓ અને ગ્રંથાન્તર સાથે સરખામણી.
૩ **ખાસ ઉમેરેલા પરિશિષ્ટો**

કાગળ, છપાપણી, પરિશ્રમ અને કદ જોતાં પુસ્તકની કિંમત એક રૂપિઓ વ્યાજબી છે. કિંમત રાખવામાં સાહિત્ય સેવાનો ભાવ તરી આવે છે. છેવટે એટલું કહેવું જરૂરનું છે કે જો આવાં પુસ્તકો પાકાં પુંઠાવાળાં હોય તો તેનું જીવન અને મહત્ત્વ બંને વધે. જલદી કે બીજા ગમે તે કારણે જે ઘણી અશુદ્ધિઓ રહી ગઇ છે તે આવા ગ્રંથને ન શોભે. તેથી સંપાદક મહાશયનું ધ્યાન આ તરફ ખાસ ખેંચવામાં આવે છે. શરૂઆતમાં વિષયાનુક્રમ આપવાની ખાસ અગત્ય હતી.

**मल्लिषेणसूरिरचित-स्याद्वादमञ्जरी**-[સંપાદક અને પ્રકાશક ઉપર પ્રમાણે. પૃ. સં. ૬૮+૨૪૪ ]

આ એક વ્યાખ્યા ગ્રંથ છે. તેનું મૂળ જૂદું છે. મૂળ પદ્યમાં છે અને પદ્યો પણ ૩૨ છે. આચાર્ય હેમચંદ્રની બે બત્રીસીઓમાંથી બીજી અન્યયોગ વ્યવચ્છેદિકા નામક દ્વાત્રિંશિકા ઉપર શ્રી મલ્લિષેણસૂરિની આ સ્યાદ્વાદ મંજરી નામક વ્યાખ્યા છે. એમાં તત્કાલીન સમગ્ર જૈનેતર દર્શનોનું નિરસન કરી જૈન મત પ્રસિદ્ધ સ્યાદ્વાદનું સ્થાપન કરવામાં આવ્યું છે. મૂળગ્રંથ એ બાહ્ય દૃષ્ટિએ આચાર્ય સિદ્ધસેન દિવાકરની બત્રીસીઓનું અનુકરણ છે. પણ વસ્તુ દૃષ્ટિએ દિગંબરાચાર્ય સમંતભદ્રની **આપ્તમીમાંસા**ની પ્રતિકૃતિ છે. મૂળ ગ્રંથ ટૂંકો છતાં જેટલો પ્રૌઢ અને પ્રામાણિક છે તેટલીજ ટીકા પણ મહત્ત્વપૂર્ણ છે. ભાષાની પ્રાંજલતા, વક્તવ્યની સ્પષ્ટતા અને પરિમાણની મધ્યમતાની દૃષ્ટિએ મંજરીનું સ્થાન પ્રમાણમીમાંસની પછી આવે છે. શ્રી મલ્લિષેણ સૂરિએ પોતાની પહેલાના અનેક જૈન જૈનેતર તાર્કિકગ્રંથોનું દોહન કરી ટૂંકામાં ટૂંકો અને છતાં બધી માહિતી વાળો આ ગ્રંથ લખી જૈન તર્ક શાસ્ત્રના અભ્યાસીઓનો માર્ગ બહુ જ સરલ કરેલો છે અને તેથી જ આ ગ્રંથ કલકત્તા યુનીવર્સીટી, મુંબઈ યુનીવર્સીટી અને કાશી યુનીવર્સીટી સુદ્ધાંના પાઠયક્રમમાં દાખલ થએલો છે.

પં. હિરાલાલ હંસરાજે ગૂજરાતી અને પરમશ્રુત પ્રભાવકમંડળે હિંદી અનુવાદ સહિત આ ગ્રંથ ઘણા વર્ષ અગાઉ બહાર પાડેલો. બનારસ ચોખંબાસિરિઝ અને યશોવિજય ગ્રંથમાલા તરફથી આ ગ્રંથ

Aho ! Shrutgyanam

માત્ર મૂળ મૂળ પ્રસિદ્ધ થએલો. પરંતુ એ બધી આવૃત્તિ જૂની ઢબે પ્રસિદ્ધ થએલી. એમાં મુદ્રણની પ્રગતિનું લેશ પણ દર્શન નથી થતું. આવા યુનીવર્સીટીના પાઠયગ્રંથની અનેક આવૃત્તિઓ છતાં તેમાં ખાસ અગત્ય અને મહત્ત્વની બાબતો ન હોય એ સાચા શાસ્ત્રપ્રેમીને ખટકે તેવી બાબત છે. પરંતુ જોઇને આનંદ થાય છે કે આર્હતમતપ્રભાકરના ત્રીજા મણકારૂપે મંજરીનું આ સંસ્કરણ પ્રમાણ મીમાંસાની જેમ અનેક દૃષ્ટિએ મહત્ત્વ ભોગવે છે. તેમાં જે નવપરિશિષ્ટો જોડવામાં આવ્યા છે, જે ટિપ્પણીઓ આપવામાં આવી છે અને પ્રાસ્તાવિક વક્તવ્યમાં જે હકીકત પૂરી પાડવામાં આવી છે તે બધું ઘણું ઉપયોગી અને અભ્યાસીને અત્યંત ઉપકારક થાય તેમ છે. જૈનસંસ્થા તરફથી પ્રકાશન કાર્ય કરનાર વિદ્વાનો વધારે નહિ તો આ મંજરીનો આદર્શ સામે રાખી પોતાનું કાર્ય કરે તો જરૂર પ્રકાશનકાર્યની કિંમત વધારે. તે માટે દરેક જૈનપ્રકાશક વિદ્વાનોને વિનતિ છે કે તેઓ મંજરીના આ સંસ્કરણમાંના પરિશિષ્ટો ઉપર ધ્યાન આપે. આ પરિશિષ્ટો ઐતિહાસિક અને તાત્ત્વિક બન્ને દૃષ્ટિએ મહત્ત્વનાં છે.

મંજરીનો ઇંગ્રેજી અનુવાદ બહાર પડશે ત્યારે તેમાં પ્રો. ધ્રુવની સંપાદન કળાનું દર્શન અવશ્ય થશે. પણ અત્યારે તો આ સંસ્કારણ જ દરેક અભ્યાસીની આંખ ઠારે તેવું છે. આમાં જે શ્રમ લેવામાં આવ્યો છે તે જ સંપાદકની સાહિત્યસેવાનું ખાસ લક્ષણ લાગે છે. કિંમત બે રૂપિઆ એની વધારે નથી. મૂળ શ્લોકોના વિષયાનુક્રમ ઉપરાંત વિસ્તૃત વિષયાનુક્રમ જોડવામાં આવ્યો હોત તો આની ઉપયોગિતામાં ઘણો ઉમેરો થાત; છતાં પહેલા પરિશિષ્ટમાં જે પૂર્વ પક્ષો આપ્યા છે તે વિષયાનુક્રમની એક જૂદી જ રીતે ગરજ સારે છે એમ કહી શકાય.

શ્રીયુત મોતીલાલ પોતે મારવાડી અને વ્યાપારી છે. તેમ છતાં આવા નવીન દૃષ્ટિપૂર્ણ પ્રકાશનો પ્રસિદ્ધ કરવાની તેમની પ્રવૃત્તિ તેમને યોગ્ય સહાયક શાસ્ત્રી મળ્યાની સૂચના આપે છે; અને એ કાંઇ ઓછી ખુશીની વાત નથી. જ્ઞાનના ઉજમણામાં લાખો રૂપીઆ ખરચી નાખનાર ગૃહસ્થો ગમે તેવાં પુસ્તકો ખરીદીને કે પ્રસિદ્ધ કરીને જે જ્ઞાન ભક્તિ દાખવે છે તે કરતાં આવા ગ્રન્થોનાં, આવી જાતનાં, સંસ્કરણો પ્રસિદ્ધ કરવામાં જ્ઞાનભક્તિની વધારે કિંમત છે એમ આ સંસ્કરણ જોનાર કોઈ પણ વિદ્વાનને લાગ્યા વિના નહીં રહે.

—પં. સુખલાલજી.

આ માંહેના ૧૦૫ થી ૧૫૨ પૃષ્ઠ સુધી આદિત્ય મુદ્રણાલયમાં
ગજાનન વિશ્વનાથ પાઠકે છાપ્યાં. રાયખડ રોડ—અમદાવાદ.

Aho ! Shrutgyanam

# एक ऐतिहासिक श्रुतपरंपरा अने तेनी परीक्षा

[ લેખકઃ—અધ્યાપક શ્રીયુત રસિકલાલ છોટાલાલ પરીખ. ]

પ્રાચીન કાળથી આપણા દેશના વિચારકોએ યથાર્થ જ્ઞાનના સાધનને પ્રમાણ સંજ્ઞા આપી છે. આ સાધનો કયાં અને કેટલાં તે વિષે દરેક દર્શન ચર્ચા કરે છે; અને ભિન્ન ભિન્ન દૃષ્ટિએ પોતાના મતો આપે છે. આમાં ઐતિહ્ય પ્રમાણને પણ સ્થાન છે. પણ જેમ બીજા પ્રમાણોની તાત્ત્વિક ચર્ચા કરી તે યથાર્થ જ્ઞાનનાં સાધન કેવી રીતે બને છે તે ચોક્કસાઇથી બતાવવાનો પ્રયત્ન થયો છે તેમ ઐતિહ્ય પ્રમાણ વિષે થયું નથી. ઐતિહ્ય પ્રમાણ એટલે શું, તે યથાર્થ જ્ઞાનનું કારણ કેવી રીતે બને, તેમાં કયા કયા દોષો આવી જાય છે—અથવા ઐતિહ્ય પ્રમાણના 'હેત્વાભાસો' કયા ઇત્યાદિ ચર્ચા આપણને પ્રાપ્ત થતી નથી. પણ ભૂતકાળનું જ્ઞાન યથાર્થ રીતે થાય તે માટે આ પ્રમાણની તાત્ત્વિક ચર્ચા આવશ્યક છે.

કોઇ પણ વસ્તુના અથવા વિચારના ભૂતકાળના યથાર્થ જ્ઞાનને આપણે 'ઇતિહાસ' એવી સંજ્ઞા આપીએ તો અતિહ્ય પ્રમાણ ઇતિહાસનું એક સાધન ગણાય. વર્તમાન વિષે જ્ઞાન જેમ તેના સાધનને લઇને વિપરીત, સંશયગ્રસ્ત, સંભવિત, અથવા યથાર્થ બને છે તેમ ભૂતકાળ વિષે પણ બને એ સ્વાભાવિક છે. વર્તમાનનું જ્ઞાન કેવા પ્રકારનું છે તેનો નિર્ણય કરવામાં તેના સાધનોની પરીક્ષા જેમ એક આવશ્યક છે તેમ ભૂતકાળના જ્ઞાન વિષે પણ તેના સાધનોની પરીક્ષા આવશ્યક છે. આંખને અમુક આભાસ જળ જેવો દેખાય તેટલા ઉપરથી જ તે પાણી છે એવો નિર્ણય જેમ અયુક્ત ગણાય, અથવા મૈત્રીના અત્યાર સુધીના છોકરાં કાળાં છે તેટલા ઉપરથી જ હવે પછી થવાનો છોકરો કાળો થશે એવી અનુમિતિ કરવી જેમ અયુક્ત ગણાય, તેમ ભૂતકાળમાં અમુક એક બનાવ બન્યો હતો તેટલી શ્રુતપરંપરા ઉપરથી જ તે બનાવ બન્યો હતો એમ સ્વીકારી લેવું એ અયુક્ત ગણાય. દરેક સ્થાને પરીક્ષાની જરૂર છે.

આ લેખમાં એવી એક ઐતિહાસિક શ્રુતપરંપરા લઇ તેની પ્રામાણિકતા તપાસવા પ્રયત્ન કર્યો છે.

આપણામાં ભૂતકાળના બનાવો માટે જે પરંપરાઓ છે તેમાં હિંદુસ્થાનમાં આવેલા પરદેશીઓ સંબંધી બહુ થોડી પરંપરાઓ છે. હિંદુસ્થાન ઉપર કયા પરદેશીઓ ચઢી આવ્યા, તેની સામે અહીંઆ કોણ થયું, સંગ્રામનું શું પરિણામ આવ્યું ઇત્યાદિ માહીતી આપણા દેશની પરંપરાઓથી બહુ જુજ મળે છે. આ લેખમાં આપેલી પરંપરા એ જાતની કેટલી માહીતી આપે છે માટે તે ખાસ ધ્યાન આપવા લાયક છે.

રાજશેખરસૂરિએ ચતુર્વિંશતિ પ્રબંધ નામનો ગ્રંથ લખ્યો છે તેમાં છેલ્લો પ્રબંધ વસ્તુપાલ વિષે છે. તેમાં છેવટના ભાગમાં નીચે પ્રમાણે અહેવાલ છે. એક દૂત આવી વસ્તુપાલને ખબર આપે છે કે દીલ્હીથી મોજુદીન સુલતાનનું સૈન્ય ચઢી આવે છે. વસ્તુપાલ રાણા વીરધવલને ખબર આપે છે. તે વસ્તુપાલને કહે છે "વસ્તુપાલ! મ્લેચ્છોએ ગર્દભીવિદ્યામાં સિદ્ધ એવા ગર્દભિલ્લ રાજાનો અભિભવ કર્યો; હંમેશ સૂર્યમાંથી નીકળતા ઘોડા ઉપર જે રાજપાટી કરતો તે શિલાદિત્યને પણ પીડ્યો; સાતસો યોજન

પૃથ્વીના નાથ જયન્તચંદ્રનો પણ ક્ષય કર્યો; વીશવાર બાંધેલા સહાવદીન સુરત્રાણને છોડનાર પૃથ્વીરાજને બાંધ્યો; માટે તેઓ દુર્જય છે." વસ્તુપાલ પોતાને મોકલવાની વિનન્તી કરે છે. એક લાખ ઉત્તમ ઘોડેસ્વાર લઈ તે નીકળ્યો. તીજ પ્રયાણે તેણે મહણુલ[૧] દેવીનું સ્મરણ કર્યું. દેવીએ પ્રત્યક્ષ થઇ વસ્તુપાલને નિર્ભય થવાનું કહ્યું; અને જણાવ્યું 'અર્બુદગિરિની દિશાથી યવનો પ્રવેશ કરશે. જ્યારે તેઓ તારા દેશમાં પ્રવેશ કરે ત્યારે તેઓથી લંઘિત થએલા ઘાટોનો પોતાના રાજન્યોથી 'રોધ' કરજે. પછી તેઓ પડાવ નાખતા હશે, તે સમયે સ્થિરચિત્ત થઇ સૈન્ય સાથે વેગથી આક્રમણ કરજે. જયશ્રી તારા હસ્તકમળમાં જ છે." આ સાંભળી પોતાના સેવક અર્બુદગિરિના નાયક ધારાવર્ષને કહેવડાવ્યું કે "મ્લેચ્છ સૈન્ય આબુમાં થઇને આવે છે. તારે તેમને દાખલ થવા દઇ પછી ઘાટ રોધી લેવા." તેણે તેમ કર્યું અને યવનો દાખલ થયા. અને જેવો પડાવ નાખે છે કે તુરત જ તેમનો કાળ વસ્તુપાળ તેમના ઉપર પડ્યો. યુદ્ધમાં તેમને હણીને, "તેઓના લાખો માથાથી ગાડાં ભરી ધોળકા આવી મન્ત્રીએ પોતાના સ્વામીને બતાવ્યાં." [૨]

જિનહર્ષગણિએ પણ વસ્તુપાલચરિતમાં આ જ પ્રસંગે આ જ પરંપરાને શ્લોકબધ્ધ કરી મુકી

---

૧ આ મહણુલ દેવી વિષે આ જ પ્રબન્ધની શરૂઆતમાં રાજશેખર કહે છે કે મહણુલ દેવી કાન્યકુબ્જેશ્વરની પુત્રી હતી. તેના પિતાએ પ્રસન્ન થઇ ગૂર્જરભૂમિ તેને 'કંચુલિકાપદ'માં આપી હતી. આનો દીર્ઘકાળ ઉપભોગ કરી તે મરીને ગૂર્જરદેશની અધિષ્ઠાત્રી દેવી થઈ. જિનહર્ષગણિ પણ આવો જ અહેવાલ આપે છે.

આ મહણુલ દેવી સિદ્ધરાજની માતા મયણુલ્લા ન હોય? એ રાજમાતા જ અધિષ્ઠાત્રી તરીકે પછીથી ન પૂજાઈ હોય?

૨ एकदा ढिल्लीनगरादेत्य चरपुरुषैः श्रीवस्तुपालो विज्ञप्तः । "देव ढिल्लीतः श्रीमोजदीनसुरत्राणस्य सैन्यं पश्चिमां दिशमुद्दिश्य चलितम् । चत्वारि प्रयाणानि व्यूढं । तस्मात् सावधानैः स्थेयम् । मन्ये अर्बुदमध्ये भूत्वा गुर्जरधरां प्रवेष्टा । " मन्त्रिणा सत्कृत्य ते चरा राणपार्श्वे नीताः कथापितः स प्रबन्धः । ततो राणकेनाभाणि । "वस्तुपाल ! म्लेच्छैर्गर्दभ[भि]ल्लो गर्दभीविद्यासिद्धोऽप्यभिभूतः । नित्यसूर्यबिम्बनिर्यत्तुरङ्गमकृतराजपाटीकः शिलादित्योऽपि पीडितः । सप्तशतयोजनभूनाथो जयन्तचन्द्रोऽपि क्षयं नीतः । विंशतिवारबद्धसहावदीनसुरत्राणमोक्ता पृथिवीराजोऽपि बद्धः । तस्माद् दुर्जया अमी । किं कर्ताऽसि ? ।.... ... .... ... ....

सा....उवाच "वत्सक मा भैषीः । अर्बुदगिरिदिशा यवनाः प्रवेक्ष्यन्ति । तव देशं यदाऽमी प्रविशन्ति तदैव सल्लङ्घिता घण्टिकाः स्वराजन्यै रोधयेथाः । तेऽथ यत्रावासान् गृह्णन्ति तत्र स्थिरचित्तः ससैन्यो युद्धाय सरभसं ढौकेथाः । जयश्रीस्तव करपंकज एव" । इदं श्रुत्वा धारावर्षाय.... अर्बुदगिरिनायकाय स्वसेवकाय नरान् प्रैषयत् । ... ... ... ...
... .... ... ... एवं तान् हत्वा तच्छीर्षलक्षैः शकटानि भृत्वा धवलक्कमेत्य मन्त्री स्वस्वामिनं प्रत्यदर्शयत् ।

चतुर्विंशति प्रबंध पृ. १२४–२५.

Aho ! Shrutgyanam

छे.[૩] तेमां आटली वधारे विगत छे वस्तुपाल धोळकाथी नीकळी सरीसा आगळ मुकाम करी पाटणु आवे छे. त्यां महणुला देवी स्वप्नुं आपे छे. पछी पालणपुर थइ आबु आव छे. वस्तुपालनो सत्कार चंद्रावतीनो राजा धारावर्ष करे छे, अने वस्तुपाल तेने भेटो आपी संतोषे छे.

आ परंपरामांथी नीचे प्रमाणे बीनाओ तारवी शकाय छे.

१. राणा वीरधवळना समयमां मौजुदीन सुलताननुं सैन्य गुजरात उपर चढी आव्युं अने वस्तुपाले चंद्रावतीना धारावर्षनी मदद्थी तेने हराव्युं.

आ प्रसंगे आ जातनी पूर्वे थएली चढाइओना नीचे प्रमाणे उल्लेख आप्या छे.

२. गर्दभिल्ल राजाने म्लेच्छोओ हराव्यो.

३. शिलादित्यने पण हराव्यो.

४. जयंतचन्द्रनो क्षय कर्यो.

५. शाहबुदीनने वीशवार छोडनार पृथ्वीराज केद पकडायो.

आ आखी परंपरामां ऐतिहासिक आभास छे. पण ज्यांसुधी अन्य पुरावाओथी ते साबीत न करी शकाय अथवा तेनी संभवितता पण न बतावी शकाय त्यां सुधी ते केवळ परंपरा ज रहे.

आ परंपरामां सौथी मोटी ऊणप तारीखोनी छे. उपर जणावेला पांचे बनावो क्यारे बन्या, तेमांथे खास करीने वस्तुपालनो मौजुदीन सुलतानना सैन्य सामे युद्धनो बनाव वस्तुपालना जीवनमां क्यारे बन्यो एनी आपणने खबर नथी. उपर जणावेला चरितोमां आपेला क्रम प्रमाणे आ बनाव वस्तुपालना जीवनना छेल्ला भागमां आवे. पण आ चरितोमां वर्णवेला बनावो कालक्रम प्रमाणे आपेला छे एम मानवाने कांइ पण पुरावो नथी;[૪] कारण के लेखकोनो हेतु ऐतिहासिक दृष्टिथे चरित लखवानो नथी. माटे आ बनावोना समय अन्य स्थानेथी मेळववा जोइथे.

वस्तुपाल अने मौजुदीनना प्रसंगनो विचार करीथे ते पहेलां थे परंपरा आपनार वस्तुपालथी समयमां केटलो दूर छे ते जाणवुं जोइथे. आ जाणवाथी आ बनाव विषेनी लेखकनी

---

३ सिद्धविद्याप्रणीगर्द–भिल्लो यवनकुंजरैः । समूलमुदमूलि द्राग् सरिदद्रुम इवोन्मदैः ॥
सूर्यमण्डलनिर्गच्छदुच्चैस्तरतुरंगमं । आरुह्यासह्यतेजा यो वाजिकेलिमशीलयत् ॥
सोऽपि भूपावलीसेव्यः शिलादित्यो नरेश्वरः । उदच्छेदि यवस्तंबवज् जवाद्यवनव्रजैः ॥
योजनानां शतान्युर्व्यां सप्तसप्ताश्वतेजसः । यस्याज्ञा राजहंसीव लीलामाकलयत्यहो ॥
राजा जयंतचद्रोऽसौ चन्द्रोज्वलयशाः पुनः । असुरैराशुगैः क्षिप्रं क्षयं नीतः क्षणादपि ॥
निबद्ध्य विंशतिवारान् धर्मद्वारा मुमोच यः । सहाबुदीननामानं सुरत्राणं रणांगणे ॥
पृथ्वीराजोप्यसौ तेन क्षत्राचारवतां धुरि । विख्यातो रावणेनेव बबंधे कीर्तिवीर्यवत् ॥ १४–२०

वस्तु. च. प्रस्ताव ७. पृ, ०८–६. प्रकाशक पं. श्रा. हीरालाल हंसराज.

४ आ बनावना वर्णनो पछी प्रबंधमां राजशेखर बे तारीखो आपे छे, अने ते सा. पूनडनी यात्राओ विषे छे. पहेली यात्रा वि. सं. १२७७मां भिन्मेरपुरथी करी. बीजी सुलतानना आदेशथी वि. सं. १२८६ मां करी. आ समये वस्तुपाले तेनुं स्वागत कर्युं.

Aho ! Shrutgyanam

પ્રમાણિકતા તપાસવામાં મદદ મળે. ચતુર્વિંશતિ પ્રબંધની પ્રશસ્તિમાં જણાવ્યા પ્રમાણે તે ગ્રંથ સંવત ૧૪૦૫ દિલ્લીમાં (ઢિલ્હી) ષડ્દર્શનપોષક મહણસિંહે આપેલા આવાસમાં પૂરો થયો. આ ગ્રંથ રચાવનાર પણ મહણસિંહ હતો.[૫] રાજશેખરે આ ગ્રંથ વિક્રમ સંવત ૧૪૦૫ માં પૂરો કર્યો. આ ઉપરથી એ અનુમાન સહજ છે કે તેની હયાતી વિક્રમ સંવત ૧૩૭૫–૧૪૦૦ ના ગાળામાં હશે. વસ્તુપાલનો અવસાન કાળ વિ. સં. ૧૨૯૬ માઘ શુદ પાંચમ સોમવારનો આપેલો છે. તેજપાલનું મૃત્યુ વિ. સં. ૧૩૦૩ પછી છે.[૬] આ ઉપરથી એમ અનુમાન કરી શકાય કે વસ્તુપાલના અવસાન અને રાજશેખરની વચ્ચે અડધી સદીથી થોડોક વધારે સમય હશે. આ ઉપરાંત વસ્તુપાળ જે ગચ્છના સાધુઓને પોતાના કુલગુરુ તરીકે પૂજતો તે હર્ષપુરીય ગચ્છના રાજશેખર સાધુ છે. ગ્રંથ રચનાનું સ્થાન દીલ્હી છે કે જ્યાં સાધારણ રીતે દીલ્હીની ઇસ્લામી ચડાઇઓ સારી રીતે જાણીતી હોય. આ ઉપરાંત આ સમયે દીલ્હી ઇસ્લામીઓ માટે કાંઇ બહુ જૂનું પણ થયું નહતું કે જેથી આ ચઢાઇઓનાં સ્મરણોમાં બહુ ગોટાળો થઇ જાય. કુતુબુદ્દીન એબકે દિલ્હી વિ. સં. ૧૨૫૦ માં સર કર્યું.[૭] એટલે ઇસ્લામને દિલ્હીમાં આવે પૂરા બે સૈકા પણ થયા ન હતા. આ રીતે કાળની દૃષ્ટિએ, ગુરુપરંપરાના સંબંધની દૃષ્ટિએ અને સ્થળની દૃષ્ટિએ વિચારતાં જણાય છે કે વસ્તુપાલના સમયથી અને આ બનાવથી રાજશેખર બહુ દૂર નથી. આ સાન્નિધ્ય તેની પ્રામાણિકતાના પક્ષમાં છે.

ઉપર જણાવ્યું તેમ મૌંજુદીનની આ હારનો સમય ચતુર્વિંશતિ પ્રબંધમાંથી મળતો નથી. પણ વસ્તુપાલ, તથા વીરધવલ અને આજુબાજુના યુગનો અન્ય પુરાવાઓથી સમય જાણીતો છે. વસ્તુપાલનો સમય એટલે વીરધવલનો અને ભીમ બીજાનો સમય. બીજા ભીમનો રાજ્યસમય વિ. સં. ૧૨૪૫–૧૨૯૮ સુધીનો છે ( ઇ. સ. ૧૧૭૯–૧૨૪૨ ). વીરધવલનો રાજ્ય સમય વિ. સં. ૧૨૮૯–૧૨૯૪ (ઇ. સ. ૧૩૩૩–૧૨૩૮) આપેલો છે. જુઓ બોમ્બે ગેઝટીઅર વો. ૧ પૃ. ૧૯૮–૨૦૫.

આ સમયની દૃષ્ટિએ વિચારતાં મૌંજુદીન કોણ તેનો તુરત પત્તો લાગે છે. સાધારણ રીતે ઇ-

---

૫ श्रीप्रश्नवाहनकुले कोटिकनाम्नि गणे जगद्विदिते । श्रीमध्यमशाखायां हर्षपुरीयाभिधे गच्छे ॥१॥
मलधारिबिरुदश्रीअभयोपपदसूरिसन्ताने । श्रीतिलकसूरिशिष्यः सूरिः श्रीराजशेखरो जयति ॥ २ ॥
तेनायं मृदुगर्भैर्मुग्धो मुग्धावबोधकामेन । रचितः प्रबन्धकोशो जयताज्जिनपतिमतं यावत् ॥ ३ ॥
तथा कट्टारवीरदुःसाधवंशमुकुटो नृपौघगीतगुणः । बब्बूलिपुरकारितजिनपतिसदनोच्छलत्कीर्तिः ॥४॥
बप्पकसाधोस्तनयो गणदेवोऽजनि सपादलक्षभुवि । तद्भूनूनकनामा तत्पुत्रः साढको दृढधीः ॥ ५ ॥
तत्सूनुः सामन्तस्तत्कुलतिलकोऽभवज्जगत्सिंहः । दुर्भिक्षदुःखदलनः श्रीमहमदसाहिगौरवितः ॥ ६ ॥
तज्जो जयति सिरिभवः षड्दर्शनपोषणो महणसिंहः । ढिल्ल्यां स्वदत्तवसतौ ग्रन्थमिमं कारयामास ॥७॥
शरगगनमनुमिताब्दे (१४०५) ज्येष्ठामूलीयधवलसप्तम्यां ।
निष्पन्नामिदं शास्त्रं श्रोत्रध्येत्रोः सुखं तन्यात् ॥ च. वि. प्र. पृ. १३९.

૬ જુઓ વસન્તવિલાસ મહાકાવ્યની શ્રીયુત દલાલની પ્રસ્તાવના પૃ. ૧૨–૧૩. ગા. ઓ. સી.

૭ જુઓ તબકાત ઇ- નાસિરીનો મેજર એમ. જી. રેવરટીનો અનુવાદ. પૃ. ૪૬૯ (વો. ૧)

Aho ! Shrutgyanam

તિહાસમાં જે પાદશાહ શહાબુદ્દીન ઘોરીના નામે પ્રસિદ્ધ છે તેનું જ નામ મૌજુદ્દીન છે. આ હકીકત આપણને ઇસ્લામી તવારીખોમાંથી સહેલાઇથી મળે છે. શહાબુદ્દીને હિન્દુસ્થાન ઉપર અનેક સ્વારીઓ કરેલી છે તે પણ ઇતિહાસમાં જાણીતું છે. એટલે આપણા આ બનાવની વાસ્તવિકતા વિષે કાંઇ આંતરિક વિરોધ નથી. હવે મૌજુદ્દીન શહાબુદ્દીન ઘોરીની તવારીખ ઉપરથી જોઇએ કે તેણે અથવા તેના સરદારોએ ગૂજરાત ઉપર કયારે કયારે ચઢાઇ કરી. સરદારોનો સમાવેશ એટલા માટે કરવામાં આવ્યો છે કે લોકોમાં સાધારણ રીતે સરદારની ચઢાઇ પાદશાહના નામે ઓળખાય છે અને ઇસ્લામી રીવાજ પ્રમાણે સરદાર આદિ સેવકો પાદશાહના નામથી ઓળખાતા હતા.

આ સમય માટે તબકાત-ઇ-નાસીરી સૌથી વધારે પ્રામાણિક અને સમયની દૃષ્ટિએ વધારે નજીક ગણાય છે.[૮] હું આ ગ્રંથના મેજર રેવરટીના અંગ્રેજી અનુવાદનો તથા તે વિચક્ષણ અનુવાદકે આપેલી ટિપ્પણીઓમાંથી ઉલ્લેખો કરૂં છું.

મૌજીદ્દીન સુલતાનની ગુજરાતની એક ચઢાઇ વિષે આ પ્રમાણે અહેવાલ છે. 'પછીના વર્ષે સુલ્તાન મુ'ઇઝ-ઉદ્દ-દીન નહરવાલા ઉપર લશ્કર લઇને ઉપડયો. નહરવાલાનો રાય ઉમ્મરમાં નહાનો હોવા છતાં તેની પાસે લશ્કર પુષ્કળ હતું. ઇસ્લામનું સૈન્ય હાર્યું; અને નાઠું. અને સુલતાન ઇ. ધાઓ પોતાની યોજના પાર પાડયા વિના પાછો ફર્યો. આ બનાવ હી. ૫૭૪ માં બન્યો."[૯] (પૃ. ૪૫૧-૫૨).

નહરવાલા એ અણહીલવાડનું ફારસી રૂપાન્તર છે. હી. ૫૭૪ એટલે વિ. સં. ૧૨૩૫. આ સમયનો નહાનો રાજા એટલે કે મૂળરાજ બીજો કે ભીમદેવ બીજો.

આ પછી આ ગ્રંથમાં બીજો ઉલ્લેખ શહાબુદ્દીનઘોરીના ગુલામ કુતબુદ્દીનની ચઢાઇ વિષે છે. તે પ્રમાણે 'હી. ૫૯૩ માં કુતુબુદ્દીને નહરવાલા ઉપર ચઢાઇ કરી અને ભીમદેવને હરાવ્યો. અને સુલતાનનું વેર લીધું.' (પૃ. ૫૧૬) આ ગ્રંથમાંથી ગૂજરાત ઉપરની આ સમયની ચઢાઇઓ માટે વિશેષ મળતું નથી.

અહીંઆ પ્રશ્ન થાય છે કે કુતુબુદ્દીને સુલતાનનું વેર લીધું તેનો શો અર્થ ? આનો અર્થ એવો કરવો કે હી. ૫૭૪ (વિ. સં. ૧૨૩૫)માં ખાધેલી હારનો બદલો હિ. ૫૯૩ માં (વિ. સં. ૧૨૫૪) એટલે કે ઓગણીશ વર્ષ પછી લીધો ? અથવા આમાં કોઇ તાત્કાલિક હારનો ઉલ્લેખ છે ? આ વિષે આપણને મૂળ ગ્રંથમાંથી કાંઇ મળતું નથી, પણ અનુવાદકે અન્ય પ્રામાણિક ઇસ્લામી તવારીખો જેવી કે તજ-ઉલ-મ-આસીર આદિ ઉપરથી કુતુબુદ્દીનના જીવનચરિતની ટિપ્પણીમાં જે પૂર્તિ કરી છે તે ઉપરથી કાંઇક જાણવાનું મળે છે. તે આ પ્રમાણે છે.

'તજ-ઉલ-મ-આસીર પ્રમાણે જ્યારે કુતુબુદ્દીન અજમેર હતો ત્યારે તેને ખબર આપવામાં આવી કે મેર અથવા મૈરોએ બળવો કર્યો છે, અને સૌએ ભેગા થઇને નહરવાલાના

૮. આ ગ્રંથના લેખકનો સમય તેના અનુવાદની અંગ્રેજી પ્રસ્તાવનામાં આપ્યો છે. મૌલાના મિંહાજ ઉદ્દીન, અબુ ઉમર ઈ. ઉસ્માનનો જન્મ હીજરી ૫૮૯ (વિ. સં. ૧૨૫૦) અને મૃત્યુ સુલતાન ઘીયાસુદ્દીનના સમયમાં એટલે હીજરી ૬૪૪ પછી (વિ. સં. ૧૩૨૧ પછી) થયું છે. મરણની ચોકસ તારીખ નથી.

૯. આના ઉપર ટિપ્પણી લખતાં અનુવાદક લેખકનો પૂર્વાપર વિરોધ બતાવે છે. ચાલતા ક્રમ પ્રમાણે 'પછીના વર્ષે' હી. ૫૭૩ થી આવે. જ્યારે છેવટ હી. ૫૭૪ આપે છે. બીજા લેખકો પણ હી. ૫૭૪ આપે છે. એટલે અનુવાદક એ સ્વીકારે છે.

Aho ! Shrutgyanam

રાય ઉપર દૂત મોકલ્યો છે અને મુસલમાનો જેઓ સંખ્યામાં થોડા હતા, તેમના ઉપર ચઢાઇ કરવામાં મદદ કરવા વિનંતી કરી છે. આ લઢાઇમાં મુસલમાનો હાર્યા, કુતુબુદ્દીન ઘોડા ઉપરથી પડ્યો અને અજમેરના ગઢમાં આશ્રય લીધો. આને હિંદુઓએ ઘેર્યો અને સુલતાન શહાબુદ્દીનની મદદ આવતાં ઘેરો ઊઠ્યો. આ બનાવ હી. ૫૯૨માં (વિ. સં. ૧૨૫૩માં) બન્યો.' જુઓ પૃ. ૫૨૦–૨૧

આ હારનું વેર લેવા કુતુબુદ્દીને હી. ૫૯૩ માં ફરી ચઢાઇ કરી. આ વખતે આબુ આગળ સખત લઢાઇ થઇ, અને હિંદુઓ હાર્યા. કુતુબુદ્દીને અણહીલવાડ લીધું, અને ત્યાં મુસલમાન અમીર મુક્યો. (પૃ. ૫૨૨). આ કુચનું વર્ણન કરતાં અનુવાદક ઇસ્લામી તવારીખોના આધારે જણાવે છે કે " જ્યારે પાલી અને નડુલની સરહદમાં આવ્યા ત્યારે તેઓએ આ સ્થાનો ખાલી જોયાં,.....અને શત્રુઓ બે સેનાપતિઓ નીચે ગોઠવાએલા માલુમ પડ્યા. તમ–ઉલ–મ'–આસિર પ્રમાણે રાયકરણ અને રારાયર અથવા દારાજર, અને ફિરિસ્તા પ્રમાણે ઉરસી અને વાલન. આ લોકો આબુગઢની તળેટીની બે ખીણના દ્વાર આગળ ગોઠવાયા હતા જ્યાં આગળ મુસલમાનોની તેમના ઉપર ચઢાઇ કરવાની હિંમત ન ચાલે, કારણકે આ બે જ સ્થાન હતું કે જ્યાં પહેલાં સુલ્તાન મુહમ્મદ–ઇ–સમ ઘોરી પૂર્વે ઘાયલ થયો હતો; અને તેથી ત્યાં આક્રમણ કરવું એ અશુભ ગણાયું હતું, કારણ કે રામને એવું જ ફરીથી બને." (પૃ. ૫૨૧–૨૨)

હવે પ્રશ્ન થાય છે કે આ ઉલ્લેખ પ્રમાણે શહાબુદ્દીનઘોરી આબુગઢ આગળ ઘાયલ થયો તે કયારે થયો ? આ ઉલ્લેખ હી. ૫૭૪ ની હારનો સમજવો કે ત્યાર પછીનો ? હી. ૫૭૪ ની હાર આબુ આગળ થઇ હતી એવો કયાંઇ ઉલ્લેખ નથી. એથી આ કોઇ તાત્કાલિક હાર હોવી જોઇએ. અહીંઆ ઇલીઅટના ઇતિહાસમાંથી મદદ મળે છે. ઇલીઅટે પોતાનો ગ્રંથ પ્રામાણિક ઇસ્લામી તવારીખોના ઉલ્લેખ પૂર્વક લખ્યો છે. તે પ્રમાણે કુતુબુદ્દીને ગૂજરાત ઉપર હી. ૫૯૩ ચઢાઇ કરી હિંદુઓને હરાવ્યા તે પહેલાં થોડાક જ માસ ઉપર શાહાબુદ્દીનઘોરી આબુગઢ આગલ ઘાયલ થયો હતો.[૧૦] આ બનાવ વિ. સં. ૧૨૫૩ અને વિ. સં. ૧૨૫૪ ના વચગાળામાં બન્યો હોવો જોઇએ.

હવે આ બનાવો વસ્તુપાલના જીવન ચરિતમાં બંધ બેસે છે કે નહિ તે જોઇએ. વસ્તુપાલનું મરણ પરંપરા પ્રમાણે વિ. સં. ૧૨૯૬ માઘ સુદ ૫ સોમવારે થયું. આ પહેલાં મુસલમાનોની ત્રણ મુખ્ય હારો ઉપરના અહેવાલ ઉપરથી જણાય છે. એક મૌજુદ્દીન શહાબુદ્દીનની વિ. સં. ૧૨૩૫ માં, કુતુબુદ્દીનની વિ. સં. ૧૨૫૩ અને ત્રીજી મૌજુદ્દીન શહાબુદ્દીનની આ જ અરસામાં. વસ્તુપાલની સાથે ધારાવર્ષ રાજા હતો. તે ગૂજરાતના રાજા સાથે અનેક વાર બીજા[૧૧] રાજાઓની સામે લડ્યો. હતો. આબુ આગળની હાર અને જીત બન્ને પ્રસંગે તે હાજર હતો. વિ. સં. ૧૨૩૫ ની જીતમાં તેની હાજરી વિશે કશી માહીતી નથી; આ વસ્તુસ્થિતિમાંથી જો કે નિશ્ચિત અનુમાન કાંઇ નીકળતું નથી; તો પણ તે ઉપરથી એવો સંભવ ઉત્પન્ન થાય છે કે વિ. સં. ૧૨૫૩ ની મૌજુદ્દીનને આપેલી હાર એ વસ્તુપાલના હાથે અપાઇ હોય.

હવે બીજા બે બનાવો લઇએ, પૃથ્વીરાજનો અને જયંતચંદ્રનો. આ બન્ને બનાવો ઇતિહાસમાં પ્રસિદ્ધ છે, અને તેમનો સમય પણ ઉપરના બનાવોથી બહુ દૂર નથી.

પૃથ્વીરાજે શહાબુદ્દીનને વીશવાર છોડી મુકયો એનો અર્થ એવો થાય કે વીશવાર શહાબુદ્દીન

૧૦ જુઓ પં. ઓઝાનો રાજપુતાનેકા ઇતિહાસ. પૃ. ૧૭૬ ટિ. ૨ (જુઓ ઇલીઅટ હિ. ઓ. ફ. ઈ. વો. પૃ. ૨૨૯–૩૦)

૧૧ જુઓ પં. ગૌરીશંકર ઓઝાનો રાજપુતાને કા ઇતિહાસ. પૃ. ૧૭૬.

Aho ! Shrutgyanam

હાર્યો અને એકવીશમી વાર જીત્યો. શહાબુદ્દીનની પૃથ્વીરાજ સામેની એકવીશ લડાઈઓનો આ પરંપરા કરતાં વધારે પ્રામાણિક પુરાવો નથી. આ બનાવ વિષે રાજશેખરની અંગત માહીતી વિશેષ હોવાનો સંભવ નથી. એની માહીતી શ્રુતપરંપરાની જ હોવી જોઇએ. આ ગમે તેમ હોય પણ એકવીશ વાર લડાઇ થયાનો મત, જ્યાં સુધી વધારે પુરાવા મળે નહિ ત્યાંસુધી કેવળ શ્રુતપરંપરાની કોટિનો જ રહેવાનો.

આ બાબતમાં પણ ઉપર જણાવેલા તબકાત-ઇ-નાસીરીની માહીતી આપણા કામમાં આવે છે. તેમાં પૃથ્વીરાજ સાથે બે વાર યુદ્ધ થયાનો ઉલ્લેખ છે. પ્રથમવાર શહાબુદ્દીને સખત હાર ખાધી અને બીજી વાર પૃથ્વીરાજ પકડાયો. પ્રથમનો અહેવાલ નીચે પ્રમાણે છે. 'પણ રાયકોલા પિથોરા પાસે આવી ગયો હતો, અને સુલતાને તેને મળવા તરાઇ તરફ કુચ કરી. હિંદના બધા રાણાઓ રાયકોલા સાથે હતા.

જ્યારે લશ્કરો બરાબર ગોઠવાઇ ગયાં ત્યારે સુલતાને ભાલો લીધો અને ગોબિન્દરાય-દિલ્હીનો રાય-જે હાથી ઉપર બેસી રણક્ષેત્રમાં ઘુમતો હતો તેના ઉપર આક્રમણ કર્યું. સુલતાન-ઇ-ગાઝી જે તે સમયનો હૈદર હતો, જે બીજો રૂસ્તમ હતો તેણે ગોવિન્દરાયના મ્હોડા ઉપર એટલો સખત ઘા કર્યો કે તે કારીરના બે દાંત તેના મ્હોંમા પડયા. તેણે ઇસ્લામના સુલતાન ઉપર જબૈયો તાકયો અને હાથના ઉપરના ભાગમાં સખત ઘા માર્યો. સુલતાને પોતાના ઘોડાને ફેરવ્યો અને ઘાના દર્દ-થી તે ઘોડા ઉપર રહી શકયો નહિ. ઇસ્લામના લશ્કર ઉપર હાર આવી અને તેથી લશ્કર, પાછું વ્યવસ્થામાં ન લાવી શકાય, એ રીતે ભાગ્યું; અને સુલ્તાન ઘોડા ઉપરથી પડવાની તૈયારીમાં હતો. એક સિંહસમા ખલ્જ યુવાને તેને જોયો અને એકદમ તેની પછવાડે કુદકો મારી બેસી ગયો, અને તેને પોતાના હાથમાં ટેકવી ઘોડાને પોતાના અવાજથી દોડાવી તેને રણક્ષેત્રની બહાર લાવ્યો.

પૃ. ૪૫૯-૬૦ તબકાત-ઇ-નાસિરિ.

આ પ્રમાણે પૃથ્વીરાજની જીતનો અહેવાલ સામા પક્ષે આપ્યો છે. પૃથ્વીરાજ રાસા અને એ જાતના ગ્રંથોનો અહેવાલ પ્રસિદ્ધ છે એટલે અહીં તે આપવાની જરૂર નથી. આ પછી પૃથ્વીરાજે તબર હિન્દના કિલ્લાને ઘેરો ઘાલ્યો, અને તેર મહિનાસુધી ઘેરો ચાલ્યો. ' પછીના વર્ષે સુલ્તાન ઇ ગાઝીએ ઇસ્લામનું લશ્કર ભેગું કર્યું અને ગયા વર્ષનું વેર લેવા હિન્દુસ્તાન તરફ પ્રયાણ કર્યું. 'ઇસ્લામની સેનામાં એક લાખ અને વીશહજાર ઘોડેસ્વાર હતા, અને બધા બખ્તરમાં સજ્જ હતા.' સુલતાન આવી પહોંચ્યો એ પહેલાં તબરીન્દા સર થઇ ગયું હતું અને પૃથ્વીરાજની છાવણી તરાઇની પાસે હતી. સુલતાને હવે પોતાના લશ્કરની ગોઠવણી કરી. સૈન્યનો મધ્ય ભાગ, સરસામાન, વાવટા, છત્ર, અને હાથીઓ કેટલાક માઇલ પછવાડે રાખ્યાં.....ચપલ હાથવાળાં અને ઓજા વિનાના સવારોની સેનાના ચાર વિભાગ કર્યા અને કારીરોની સામે ચારે બાજુએથી આક્રમણ કરવા હુકમ કર્યો.' "ઇસ્લામી સૈન્યે આ પ્રમાણે યુદ્ધ કર્યું. અને ખુદાએ ઇસ્લામને ફતેહ આપી અને કારીરોનું લશ્કર હાર્યું." "રાય પિથોરા હાથી ઉપરથી નીચે ઉતરી ઘોડા ઉપર બેઠો, અને નાઠો. સુરસુતીની પાસે કેદ પકડાયો." અને " તેઓએ તેને જહાનમમાં મોકલ્યો. અને દિલ્હીનો ગોબિન્દરાય યુદ્ધમાં માર્યો ગયો." "હી. ૫૮૮ માં આ બનાવો બન્યા અને આ વિજય મળ્યો." પૃ. ૪૬૪—૪૬૯.

આ રીતે પૃથ્વીરાજનો વિજય વિ. સં. ૧૨૪૮ માં થયો અને હાર વિ. સ. ૧૨૪૯માં થઇ.

રાજા જયન્તચંદ્રનો અહેવાલ આ જ ચતુર્વિંશતિ પ્રબન્ધમાં આપેલો છે. હર્ષ કવિના પ્રબંધમાં

Aho ! Shrutgyanam

જયન્ત પાલ વિષે જે માહીતી છે તેનો સાર આ પ્રમાણે છે. પૂર્વ દિશામાં વારાણુસી નગરમાં ગોવિન્દચન્દ્ર નામનો રાજા હતો, તેનો પુત્ર જયન્તચંદ્ર હતો. તેને રાજ્ય આપીને તેનો પિતા સ્વર્ગે ગયો. જયન્તચન્દ્રે સાતસો યોજન પૃથ્વી જીતી. તેને મેઘચન્દ્ર કરીને કુમાર હતો. જયન્ત ચંદ્રના નાશ સંબંધી અહેવાલ આ પ્રમાણે છે. જયન્તચંદ્રનો પદ્માકરનામે પ્રધાન નર હતો. તે અણહિલપત્તન ગયો. ત્યાં સૂહવદેવી નામની પદ્મિની યુવાન, સુંદર શાલાપતિપત્ની જોઇ કે જે વિધવા હતી. તેને કુમારપાલરાજાની રજાથી તેના ઘેરથી લઇ સોમનાથની યાત્રા કરી તે કાસી ગયો. તે પદ્મિનીને જયન્તચંદ્રની ભોગિની કરી. તે એટલી બધી વિદ્વાન અને કલાનિષ્ણાત હતી કે તે લોકમાં કલાભારતી તરીકે પ્રસિદ્ધ થઇ. આ સૂહવદેવીને પુત્ર થયો. તે યુવાન થયો. રાજાએ વિદ્યાધર નામના મંત્રીને પૂછ્યું કે રાજ્ય કોને આપવું. વિદ્યાધરે કહ્યું 'સુવંશ મેઘચંદ્રને, પુનર્દૃતાના ( ફરીથી રખાએલીના ) પુત્રને નહિ.' પણ રાજા સૂહવના કામણ નીચે હતો એટલે તેના પુત્રને આપવા ઇચ્છતો હતો. આ રીતે રાજા અને મંત્રી વચ્ચે વિરોધ ઉત્પન્ન થયો. પણ મંત્રીએ ગમે તેમ કરીને રાજાને સમજાવ્યો અને મેઘચન્દ્રને રાજ્ય અપાવ્યું. સૂહવદેવી ગુસ્સે થઈ. પોતે ધનાઢય હતી, સ્વચ્છન્દ હતી એટલે પોતાના પ્રધાન નરોને તક્ષસિલાધિપતિ પાસે મોકલી પુષ્કળ ધન આપી ચઢાઇ કરવાનું કહેવડાવ્યું. વિદ્યાધરે આ વાત રાજાને કહી. રાજાએ માની નહિ. વિદ્યાધરનું કાંઇ ચાલ્યું નહિ એટલે ગંગામાં ડુબી મર્યો. રાજા અનાથ થયો. સુરત્રાણ આવ્યો. નગરમાં ભાણડે ભાણડ ફુટયું. રાજા યુદ્ધ માટે સામે આવ્યો. પોતાનાં સૈન્યમાં ૮૪૦૦ નિસ્વાનો હતા. પણ એકે નિસ્વાનનો અવાજ રાજા સાંભળતો નથી. તટસ્થોને પૂછ્યું. તેઓએ કહ્યું " મ્લેચ્છોના ધનુષના અવાજોમાં બીજા અવાજો ડૂબી ગયા છે. " રાજા હૃદયમાં હારી ગયો. પછી એ જણાયું નથી કે તે હણાયો કે નાસી ગયો, કે મરી ગયો કે ગંગાજળમાં પડયો. યવનોએ નગરી લીધી. " [ ચ. વિ. પ્ર. પૃ. ૬૩. અને પ્હેલાં ].

આ અહેવાલ કેવળ વાર્તા છે કે ઐતિહાસિક છે તે કહેવું કઠિન છે. તબકાત-ઇ-નાસિરીમાંથી જયન્તચંદ્રની હાર વિષે આપણને આ પ્રમાણે અહેવાલ મળે છે. " હી. ૫૯૦ માં સુલતાન ફરીથી ઘઝનીથી નીકળ્યો, અને કનોજ, અને બનારસ તરફ કુચ કરી; અને ચંદવારની પાસે તેણે રાયજૈચંદને હરાવ્યો. અને તે વિજયથી તેને ત્રણસોથી વધારે હાથીઓ સાંપડયા. " પૃ. ૪૭૦. એટલે કે જયન્તચંદ્રની હાર વિ. સં. ૧૨૫૧ માં થઇ.

આ રીતે આ પરંપરામાંથી બે ઉલ્લેખો બરાબર ઐતિહાસિક ઠરે છે. વસ્તુપાલ અને મૌજુદીનના યુદ્ધનો પ્રસંગ ઐતિહાસિક જણાય છે પણ તેનો સમય ચોક્કસ ન થવાથી સંભવની કોટિનો રહે છે. બાકીના બે બનાવોની હવે પછી પરીક્ષા કરીશું.

Aho ! Shrutgyanam

जैनतत्त्वज्ञानना पिपासुओने खुष खबर

संस्कृत–प्राकृत भाषाना अभ्यासिओने सु समाचार

जैन साहित्यना ग्रंथ संग्राहकोने प्रिय निवेदन

## आर्हतमतप्रभाकर कार्यालयद्वारा प्रकाशित

# जैन साहित्यना उत्तमोत्तम

# संस्कृत–प्राकृत ग्रंथो.

આ સંસ્થાએ પ્રારંભેલ ગ્રંથપ્રકાશનકાર્યના ફળ રૂપે હાલમાં દુષ્પ્રાપ્ય એવા જૈન આગમ તથા પૂર્વાચાર્ય રચિત જૈન ન્યાય, વ્યાકરણાદિક અવશ્ય સંગ્રહ કરવા યોગ્ય શાસ્ત્રીય ગ્રંથો વિદ્વાનોની સહાયતાથી સંશોધન કરવાપૂર્વક અર્થબોધક અને મતપરિચાયક ટિપ્પણી, વિસ્તૃત પ્રસ્તાવના અને પરિશિષ્ટ વિગેરે અથવા ઇંગ્લિશ નોટ્સ, શબ્દકોશ વિગેરે સાથે સુન્દર બાલબોધ ટાઈપથી ડેમી અષ્ટ પેજી પંચાવન રતલી ગ્લેજ કાગળ ઉપર પુસ્તકાકારે સુન્દર છપાયા છે ને છપાઈ રહ્યા છે. જૈન સાહિત્યનો પ્રસાર કરવાના મુખ્ય ઉદ્દેશથી જ સંસ્થાએ ગ્રંથની કિંમત તેને અંગે થયેલા ખર્ચ જેટલી જ રાખેલી હોવાથી એતદ્દેશીય તથા પરદેશીય સંસ્થાઓદ્વારા પ્રકાશિત ગ્રંથની નજરે નજીવી છે. એ બાબત ગ્રંથ જોતાં જ દરેકની ખાત્રી થયા વિના કદાપિ નહી રહે. આ ગ્રંથોમાંનાં ઘણા ખરા ગ્રંથો મુંબાઈ, કલકત્તા વિગેરે યુનિવર્સિટીઓ, શ્રીમહાવીર જૈન વિદ્યાલય તથા શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડલ વિગેરે આદર્શ સંસ્થાઓએ અભ્યાસક્રમ માટે નીમ્યાં હોવાથી દરેક અભ્યાસિઓએ તથા તત્ત્વજિજ્ઞાસુઓએ આ લાભ લેવા કદાપિ નહી ચુકવું. ગ્રંથની નકલો થોડી જ હોવાથી તેમ જ ગ્રંથો શિક્ષણક્રમમાં નિમાએલા હોવાથી ગ્રાહકો તરફથી ઘણી માગણી આવ્યા કરે છે, માટે તૈયાર ગ્રંથો વી. પી. થી મંગાવી લેવા અને છપાતા માટે અગાઉથી દરેક ગ્રંથ પાછળ રૂપિયો એક મોકલી ગ્રાહક લીસ્ટમાં નામ દાખલ કરાવવા શીઘ્રતા કરવી. જેથી સંસ્થાને ઉત્તેજન મલે અને સાહિત્ય સેવાનું શ્રેય સંપાદન કરવામાં સંસ્થાચાલકોના સહભાગી થઈ શકાય. તેમજ ભવિષ્યમાં ગ્રંથો ન મલવાથી નિરાશ થવાનો પ્રસંગ ન આવે.

१ कलिकालसर्वज्ञ श्री हेमचन्द्राचार्यरचित प्रमाणमीमांसा स्वोपज्ञवृत्तिसह पृष्ठ लगभग १४५ किंमत રૂ. ૧.

२ कलिकालसर्वज्ञ श्री हेमचन्द्राचार्यरचित अन्ययोगव्यवच्छेदिका श्री मल्लिषेणसूरिकृत स्याद्वादमंजरी टीका साथे पृष्ठ लगभग ३२० किं. રૂ. ૨.

पोष्टखर्च शिवाय,

## नीचेनां पुस्तको छपाय छे.

३ प्राकृतव्याकरण स्वोपज्ञवृत्ति सह.

४ छंदोऽनुशासन स्वोपज्ञवृत्ति सह.

५ જૈન શાસનના પરમપ્રભાવક શ્રી વાદિદેવસૂરિકૃત प्रमाणनयतत्त्वालोकालंकार स्वोपज्ञ स्याद्वादरत्नाकर (ઉપલબ્ધ ભાગ પરિચ્છેદ ૭ લગભગ) बृहट्टीका साथे.

६ सभाष्य तत्त्वार्थाधिगमसूत्र આઠ કર્મોના સ્વરૂપદર્શક ફોટાઓ સહિત.

७ श्रीमद् हरिभद्रसूरिकृत अनेकांतजयपताका स्वोपज्ञ वृत्ति अने श्रीमुनिचन्द्रसूरिकृत टिप्पणीसह

८ औपपातिक सूत्र (मूळ ઇંગ્લિશ નોટ્સ સાથે.)

९ सूत्रकृतांग सूत्र ( मूळ ઇંગ્લિશ નોટ્સ સાથે. )

## मळवानूं ठेकाणुं—

१ आर्हतमतप्रभाकर कार्यालय, पूना सिटी.

२ जैन साहित्य संशोधक कार्यालय, एलिस ब्रिज, अमदावाद.

३ शा शंभुलाल जगशीभाई, ठे. उस्मानपुरा पुरातत्त्व मंदिर, अमदावाद.

४ मेसर्स मोतीलाल बनारसीदास ठे सय्यद मिठा बजार, लाहोर. ( पंजाब )


'हनुमान' प्रेस, पुणे शहर.

Aho ! Shrutgyanam

Aho ! Shrutgyanam

# आचार्य श्रीजिनविजय सम्पादित ग्रन्थोनी नामावली

१ **जैन तत्त्वसार** ( हिन्दी भाषांतर )

२ **विज्ञप्ति त्रिवेणी** ( संस्कृत मूळ–हिन्दी प्रस्तावना )

३ **कृपारस कोष** ( „ „ )

४ **शत्रुंजय तीर्थोद्धार प्रबन्ध** „ „

५ **द्रोपदी स्वयंवर नाटक** „ „

६ **प्राचीन जैन लेख संग्रह** भाग १ लो. ( प्राकृत मूळ–गूजराती विवेचन. )

७ „ भाग २ जो. ( ५५७ शिलालेखोनो संग्रह. „ )

८ **जैन ऐतिहासिक गूर्जरकाव्य संचय** (३३ ऐतिहासिक रासोनो मोटो संग्रह.)

९ **हरिभद्राचार्यस्य समयनिर्णयः** ( स्वतंत्र संस्कृत निबंध )

१० **कुमारपाल प्रतिबोध** ( प्राकृत भाषानो १२ हजार श्लोकनो महान् ग्रंथ. )

११ **प्राकृत कथा संग्रह** ( गूजरात पुरातत्त्व मंदिर ग्रंथावली )

१२ **पाली पाठावली** ( पाली भाषानी पाठमाळा. गू. पु. मं. )

१३ **अभिधानप्पदीपिका** ( पाली भाषानो शब्दकोष गू. पु. मं. )

१४ **जीतकल्पसूत्र–मूल, चूर्णि, टिप्पण समेत** (विस्तृत गूजराती प्रस्तावना)

## हाथमां छपाता ग्रंथो.

१५ **प्राचीन गूजराती गद्य संदर्भ** ( १५ मा सैकाना गूजराती गद्यनो संग्रह. )

१६ **गूजरातना इतिहासनो साधन संग्रह, ग्रंथ १ लो.**

(१) मेरुतुङ्गाचार्य रचित प्रबन्धचिन्तामणि सटिप्पण.

१७ **विजयदेवमाहात्म्य** ( १७ मा सैकाना एक प्रसिद्ध जैनाचार्यनुं संस्कृत चरित्र )

१८ **पट्टावलि संग्रहः** भाग १ लो. ( खरतर गच्छनी अनेक प्राचीन पट्टावलीओ. )

## तैयार थता ग्रंथो

१९ **कुवलयमाला कथा** ( ८ मा सैकानी प्राकृतमां लखाएली एक उत्तम जैन कथा )

२० गूजरातना इतिहासनो साधन संग्रह भाग २ जो. ( शिलालेख वगेरे ).

मुद्रकः चीमनलाल ईश्वरलाल भट्ट। मुद्रणस्थानः वसंत मुद्रणालय पांजरापोळ पानाभाईनी वाडी–,अमदावाद.

ખંડ ૩. અંક ૨

# જૈન સાહિત્ય સંશોધક

## જૈન
## સાહિત્ય સંશોધક

જૈન ઇતિહાસ, સાહિત્ય, તત્ત્વજ્ઞાન આદિ વિવિધ વિષયક

સચિત્ર ત્રૈમાસિક પત્ર

સંપાદક

**શ્રીજિનવિજય**

આચાર્ય–ગૂજરાત પુરાતત્ત્વ મંદિર–અમદાવાદ

પ્રકાશક

જૈન સાહિત્ય સંશોધક કાર્યાલય

આષાઢ ] અમદાવાદ [ ૧૯૮૩

Aho ! Shrutgyanam

# जैन साहित्य संशोधक कार्यालय

एलीसब्रीज, :: अमदावाद :: (गुजरात)

प्राकृत, संस्कृत, गूजराती, हिन्दी

## भाषानां

## पठनीय, वाचनीय, मननीय, संग्रहणीय

## पुस्तकोनुं सूचिपत्र

---

प्रत्येक साधुसाध्वीने अवश्य पठनीय, सर्व छेद सूत्रोनो सारभूत आप्तग्रंथ

### श्री जिनभद्रगणी क्षमाश्रमण विरचित

## जीतकल्प सूत्र

भाष्यकार युगप्रधान श्रीजिनभद्रगणी क्षमाश्रमणनी आप्तता गणधर अने स्थविर पुरुषो जेटली ज मनाय छे. एमनुं रचेलुं जीतकल्प सूत्र अद्यापि बहु दुर्लभ्य हतुं अने आजसुधीमां कोइएे प्रकट कर्युं न हतुं. ए सूत्र अति उत्कृष्ट पद्धतिएे छपावीने आ कार्यालय तरफथी बहार पाडवामां आव्युं छे. आमां प्रथम क्षमाश्रमणजीकृत मूळ जीतकल्पसूत्र छे. पछी सिद्धसेनगणीकृत प्राकृतभाषामां रचाएेली प्राचीन चूर्णि छे. ते पछी एे चूर्णिना विषमपदो पर चंद्रसूरिएे लखेली संस्कृत टिप्पणी आपवामां आवी छे. चूर्णिग्रंथ ताडपत्रनी अति जूनी प्रतो उपरथी बहु परिश्रमपूर्वक अने आधुनिक विद्वन्मान्य पद्धतिएे तैयार करवामां आव्यो छे.

पुस्तकनी शरुआतमां गूजरातीं भाषामां लांबी प्रस्तावना लखवामां आवी छे जेमां सूत्रकार क्षमाश्रमणना समय वगेरे नामनो विषे एैतिहासिक पद्धतिएे विगतथी चर्चा करवामां आवेली छे.

आ सूत्र प्रत्येक साधुसाध्वीने अवश्य पठन करवा योग्य छे. जे साधुसाध्वीओएे जीतकल्पसूत्रनुं अध्ययन कर्युं न होय तेमने स्वतंत्र पणे विचरवानो के वसवानो अधिकार नथी एम जैनशास्त्रनी सप्त आज्ञा छे. जे एे आज्ञानुं पालन नथी करता ते श्रमणधर्मना विराधक थाय छे.

माटे दरेक साधुसाध्वीओने अने ज्ञानभंडारोने आ सूत्र अवश्य संग्रहणीय छे,

आएो ग्रंथ निर्णयसागर जेवा सर्वश्रेष्ठ प्रेसमां, उंची जातना एेंटिक कागळ उपर, सुंदर अक्षरोमां मुद्रित थयो छे. पुस्तकनी साधज पण पुस्तकने शोभे एेवी डाउन आठपेजी राखेली छे.

आ अपूर्व अने अलभ्य ग्रंथनी किंमत रु. ३-०-० भाद्रवामास सुधीमां मंगावनाराओने पोष्टेज माफ छे.

Aho ! Shrutgyanam

# आचारांगसूत्र

એમ તો આચારાંગસૂત્રની આજ સુધીમાં અનેક આવૃત્તિઓ છપાઈ ગએલ છે પરંતુ શુદ્ધતા અને ઉત્તમતાની દૃષ્ટિએ એની બરાબરી કરી શકે એવી એકે બીજી આવૃત્તિ બહાર પડી નથી. આ આવૃત્તિ જર્મનીના એક વિદ્વાને વર્ષોસુધી આચારાંગસૂત્રનો ઊંડો અભ્યાસ કરી તૈયાર કરેલ છે. મૂળની અનેક પ્રતો ભેગી કરી તેમાંથી પ્રથમ મૂળપાઠ તારવી કાઢી, પછી ચૂર્ણિ, ટીકા, અવચૂરી, ટબ્બાર્થ અને બાલાવબોધ આદિ જુદી જુદી વ્યાખ્યા કરનારાઓના પાઠો સાથે સરખાવી, આનો પાઠ નિર્ણય કરવામાં આવ્યો છે; એટલું જ નહી પણ આજ સુધીમાં કોઈપણ ટીકાકાર જે વસ્તુ એ સૂત્રમાં જોઇ શક્યા ન હતા તે એમાં તારવી કાઢવામાં આવી છે. અને એ વસ્તુ તે આખા સૂત્રમાં ગદ્યભાગ અને પદ્યભાગ કેટલો છે તેનું પૃથક્કરણ છે. પશ્ચિમના વિદ્વાનો આપણા દેશના શાસ્ત્રોનો કેવી પદ્ધતિએ અને કેટલી બારીકીથી અભ્યાસ કરે છે તેની કલ્પના આચારાંગસૂત્રની આ આવૃત્તિ જોવાથી થશે. આની વિશિષ્ટતાનો ખયાલ એટલા ઉપરથી આવી શકશે કે જર્મનીની એક પ્રખ્યાત યુનિવર્સિટીએ એ ગ્રન્થના સંશોધક વિદ્વાનને એમના આવા અથાગ બૌદ્ધિક પરિશ્રમના બદલામાં ઉંચામાં ઉંચી પાંડિત્યપ્રદર્શક "ડૉક્ટર"ની ડીગ્રી આપી છે.

સારામાં સારા એન્ટીક કાગળ ઉપર સુન્દર રીતે અને નવી પદ્ધતિએ છપાવવામાં આવેલ છે. પાછળ ગ્રન્થમાં આવતા દરેક શબ્દનો પ્રાકૃત અને સંસ્કૃત શબ્દકોષ આપવામાં આવેલ છે. તેમ જ ખાસ ખાસ મહત્ત્વનાં પાઠાન્તરો પણ આપેલાં છે. દરેક ભંડાર, લાઇબ્રેરી અને ગ્રન્થસંગ્રહમાં આની એકેક નકલ ખાસ રાખવા લાયક છે તેમ જ દરેક સાધુસાધ્વીને સ્વાધ્યાય માટે અત્યંત ઉપયોગી હોવાથી તેમને પણ ખાસ સંગ્રહવા લાયક છે.

જર્મનીની લિપ્જીગ યુનિવર્સીટી તરફથી એ ગ્રન્થની રોમનલીપિમાં જે મૂળ આવૃત્તિ પ્રકટ થઇ છે તેની કિંમત લગભગ ૬–૭ રુપિયા જેટલી પડે છે. છતાં આ આવૃત્તિની મૂળ કિંમત ઘટાડીને માત્ર ૧) રૂપિયો જ રાખવામાં આવી છે. ઘણી જ થોડી નકલો છપાએલી છે માટે મંગાવવાની ઇચ્છા વાળાએ શીઘ્રતા કરવી.

## त्रण छेद सूत्रः बृहत्कल्प-व्यवहार-निशीथ-सूत्राणि

જૈન આગમ સાહિત્યમાં આ ત્રણ છેદ સૂત્ર સૌથી વધારે પ્રાચીન અને પ્રધાન આગમ ગણાય છે. એમના કર્તા ભદ્રબાહુ સ્વામી છે. એ છેદ સૂત્રો ઉપર પૂર્વાચાર્યોએ જેટલી વ્યાખ્યાઓ લખી છે તેટલો બીજા કોઇપણ આગમો ઉપર નથી લખી. એ છેદ સૂત્રો હજી સુધી કોઇએ છપાવ્યા ન હતા. પરંતુ જર્મનીના પ્રસિદ્ધ વિદ્વાન્ ડૉ. શુબ્રીંગ, જેમણે ઉપરોક્ત આચરાંગ સૂત્રનું સંશોધન કર્યું છે તેમણે જ સૌથી પ્રથમ આ ત્રણ છેદ સૂત્રોનું પણ અત્યુત્તમ સંશોધન કરી પ્રકટ કરવાનું પ્રશંસનીય શ્રેય પ્રાપ્ત કર્યું છે. આ સૂત્રોના પાઠ પણ આચારાંગ સૂત્રની

Aho ! Shrutgyanam

માફક ટીકા, ચૂર્ણિ, ભાષ્ય, નિર્યુક્તિ આદિ જુની વ્યાખ્યાઓ અને મૂળની જુનામાં જુની પ્રતિઓ ભેગી કરી સાયન્ટીફિક પદ્ધતિએ તૈયાર કરવામાં આવ્યા છે. સાથે એવી ઉત્તમ રીતે છપાવવામાં આવ્યા છે કે જેથી આખા સૂત્રનું રહસ્ય વાંચતાંની સાથે જ, યંત્રને જોવની માફક, આંખો આગળ તરી આવે છે. અંતમાં જુદાજુદા પાઠાન્તરો પણ આપવામાં આવ્યાં છે. ઉંચા એન્ટીક કાગળ ઉપર સુંદર રીતે છપાવેલાં હોવા છતાં ત્રણે સૂત્રોની કિંમત ફક્ત હવે માત્ર ૧) રૂપિયો છે. થોડી જ પ્રતિઓ શિલિકમાં રહેલી છે.

---

**विज्ञप्तित्रिवेणि** એક સંસ્કૃત ગદ્યપદ્યાત્મક અપૂર્વ ઐતિહાસિક પત્ર. હિન્દી ભાષામાં લખેલી વિસ્તૃત પ્રસ્તાવના, જેમાં વિજ્ઞપ્તિપત્રોનો અજ્ઞાતપૂર્વ ઇતિહાસ અને પ્રસ્તુત પત્રનો અનેક ઐતિહાસિક બાબતોથી ભરપૂર પરિચય આપેલો છે.

**कृपारस कोष** (સંસ્કૃત-હિન્દી) અકબર બાદશાહના જૈનગુરુ હીરવિજયસૂરિના વિદ્વાન્ શિષ્ય શાંતિચંદ્ર ઉપાધ્યાયે અકબરની સ્તુતિરૂપે રચેલું આ એક સુંદર સંસ્કૃત ખંડકાવ્ય છે. એની પ્રસ્તાવનામાં હીરવિજયસૂરિ અને અકબર બાદશાહના મેળાપની પ્રમાણભૂત એવી બધી ઐતિહાસિક વિગત આપવામાં આવેલી છે.

**शत्रुंजयतीर्थोद्धार प्रबन्ध** (સંસ્કૃત-હિન્દી)-સંવત્ ૧૫૮૩ માં શત્રુંજયનો છેલ્લો ઉદ્ધાર જે ચિતોડના કર્માશાહ શેઠે કરેલો હતો, તેનો, તે જ વખતના એક વિદ્વાનયતિએ સંસ્કૃતમાં લખેલો આ ઉપયોગી ઇતિહાસનો પ્રબંધ છે. પ્રસ્તાવનામાં શત્રુંજયના ઇતિહાસને લગતી ઘણી માહિતી આપવામાં આવી છે.

**द्रौपदी स्वयंवर नाटक** (સંસ્કૃત-હિન્દી) ગૂજરાતના રાજકવિ સિદ્ધપાલની એક માત્ર બચેલી આ નાટકકૃતિ છે. પ્રસ્તાવનામાં કવિનો વિસ્તૃત પરિચય લખવામાં આવ્યો છે.

---

**परिशिष्ट पर्व** (ભાષાંતર ભાગ ૧-૨) હેમચંદ્રાચાર્યરચિત પરિશિષ્ટપર્વનું આ સરલ અને સરસ હિન્દી ભાષામાં ભાષાંતર થએલું છે. આમાં જંબૂસ્વામી, પ્રભવસ્વામી, સુહસ્તિસૂરિ, વજ્રસ્વામી અને સંપ્રતિ રાજા વગેરે ભગવાન્ મહાવીર સ્વામી પછી થએલા મહાપુરુષોનાં પુણ્યકારક જીવનચરિત્રો આવેલાં છે.

**કિંમત બંને ભાગની ૧-૪-૦**

**प्राचीन जैनलेखसंग्रह भाग १लो:** આમાં લગભગ વિ. સં. પૂર્વે સો વર્ષ ઉપર થઇ ગએલા કલિંગ (હાલના ઉડીસા)ના કીર્તિશાલી જૈન રાજા ખારવેલે ઉદયગિરિની હાથીગુફામાં કોતરાવેલો અતિપ્રાચીન અને ઇતિહાસની દૃષ્ટિએ ઘણો અગત્યનો શિલાલેખ આપવામાં આવ્યો છે. જૈનધર્મના ગૌરવની દૃષ્ટિએ આ એક અપૂર્વ ચીજ છે. અનેક સુધારાવધારા સાથે આની બીજી આવૃત્તિ તૈયાર થાય છે.

Aho ! Shrutgyanam

**प्राचीन जैनलेखसंग्रह भाग २जो :** આમાં વિક્રમની દશમી સદીથી લઇ વીસમી સદી સુધીના ૧૦૦૦ વર્ષના ગાળાના ૫૫૭ શિલાલેખોનો મહાન્ સંગ્રહ થએલો છે. દરેક લેખના સંબંધમાં ઐતિહાસિક વિગતોથી ભરેલું ભરપુર વિવેચન લખવામાં આવ્યું છે. ડેમી સાઇઝના સાડીસાતસો ઉપર જેટલાં પાનાનો આ દળદાર ગ્રંથ છે. જૈન શિલાલેખોનો આવો અપૂર્વ સંગ્રહ હજીસુધી કોઇએ બહાર પાડયો નથી. કિં. ૩–૮–૦

**जैन ऐतिहासिक गूर्जरकाव्यसंचय:** ૧૪મા સૈકાથી લઇ છેક ૧૮મા સૈકા સુધીમાં જૈન ધર્મમાં, મહાન્ પ્રભાવક આચાર્યો, શ્રાવકો, વિદ્વાન્ યતિઓ સાધ્વીઓ વગેરે જે અનેકાનેક પ્રભાવશાલી વ્યક્તિઓ થઇ ગઇ છે તેમાંની ૨૭ વ્યક્તિઓના સંબંધવાળા ૩૩ રાસોના આ સંચયમાં ઉત્તમ સંગ્રહ થએલો છે જૈન ધર્મના ઇતિહાસની અપેક્ષાએ તો આ સંગ્રહ અપૂર્વ છે જ પણ ગૂજરાતી ભાષાના અભ્યાસની દૃષ્ટિએ પણ આ પુસ્તક ઘણું મહત્ત્વનું છે. સાથે દરેક રાસનો સરલ ભાષામાં 'સાર' પણ આપવામાં આવ્યો છે અને જ્યાં ત્યાં અનેક ટિપ્પણીઓ ને તત્સંબંધી બીજી નોંધો આપી પુષ્કળ માહિતીનો ભંડાર ભર્યો છે. લગભગ ૫૦૦ પાનાનો દળદાર ગ્રંથ છે. કાંગળ, છપાઈ વગેરે સર્વે ઉત્તમ પ્રકારનાં છે. પાકું પુંઠું મૂલ્ય માત્ર ૨–૧૨–૦

**प्राकृत कथा संग्रह** આમાં નાની નાની પ્રાકૃત ભાષામાં લખેલી સરસ કથાઓ છે. પ્રાકૃત ભણનારને બહુ ઉપયોગી છે.

**सुरसुंदरी चरियं** સંપાદક મુનિશ્રી રાજવિજયજી, પ્રાકૃત ભાષામાં રચાએલી આ જૂની કથા બહુ જ રસિક અને બોધપ્રદ છે.

**कुमारपाल प्रतिबोध** સિંદુર પ્રકરણના કર્તા સોમ પ્રભાચાર્યે વિ. સં. ૧૨૪૧માં હેમચંદ્ર સૂરિના શિષ્યોના કથનથી, હેમચંદ્રાચાર્યે કુમારપાલ રાજાને જે ધર્મોપદેશ આપ્યો હતો તેના વર્ણનમાં આ ગ્રંથ રચ્યો છે. ગ્રંથમાં અનેક ઉપદેશો વિષેનાં આખ્યાનો આપ્યાં છે. ગ્રંથ બહુ મોટો ૧૨૦૦૦ શ્લોક જેટલો છે. વડોદરની ગાયકવાડ સરકાર તરફથી આ ગ્રંથ પ્રકટ કરવામાં આવ્યો છે. ૭–૦–૦

**समराइच्चकहा** (પ્રથમ ત્રણ પ્રસ્તાવ) હરિભદ્રસૂરિની રચેલી પ્રશમરસ પરિપૂર્ણ આ કથા જાણીતી છે. એની રચના બહુજ મધુર અને રસવાળી છે. એની પ્રાકૃતભાષા પણ અતિ સરલ હોઇ ખૂબ લાલિત્યથી ભરેલી છે. જૈન કથાના રસિક તેમ જ પ્રાકૃત ભાષાના અભ્યાસીને માટે આ ગ્રંથ અમૂલ્ય છે. આ ભાગમાં પ્રથમના ત્રણ ભવ આવેલા છે. સાથે સળંગ સંસ્કૃત છાયા પણ આપેલી છે. જેથી પ્રાકૃત નહિ સમજનારને પણ તેટલો જ ઉપયોગ થઇ શકે તેમ છે.

ઘટાડેલી અડધી કિંમત ૧–૧૨–૦.

Aho ! Shrutgyanam

**प्रद्युम्न चरित्र** મહોપાધ્યાય રત્નચંદ્ર ગણિનું રચેલું આ સંસ્કૃતચરિત્ર બહુજ રસિક છે. સંસ્કૃત પદ્યબદ્ધ છે. આની રચનાશૈલી ઘણા ઉંચા પ્રકારની હોઇ વાંચનારને એક સારા કાવ્યનો આનંદ આપે તેમ છે. કથાની અદ્‌ભુતતા તો નિરાળી જ છે. વ્યાખ્યાનમાં વાંચવા લાયક હોઈ શ્રોતાઓને ખૂબ આનંદ આપે તેમ છે. થોડીક જ નકલો શિલિકમાં છે. મૂ. ૨-૦-૦

---

**श्री हारिभद्राचार्यस्य समयनिर्णयः ।** હિન્દુસ્થાનમાં સૌથી પહેલી જે પ્રાચ્યવિદ્યાવિશારદ વિદ્વાનોની "ઓરિએન્ટલ કોન્ફરન્સ" પૂના મુકામે ભરાણી તેમાં વાંચવા માટે આ સંસ્કૃત નિબંધ લખવામાં આવ્યો હતો. આ નિબંધમાં હરિભદ્રસૂરિના સમયનો યથાર્થ નિર્ણય કરવામાં આવ્યો છે કે જે નિર્ણયનો, જર્મનીના પ્રખ્યાત વિદ્વાન્ ડૉ. હર્મન યાકોબીએ પણ મુક્તકંઠે સ્વીકાર કર્યો છે અને પોતાના લાંબા સમય સુધી દૃઢ કરી રાખેલા અને ચર્ચેલા નિર્ણયને એકદમ ભૂલભરેલો જાહેર કર્યો છે. આ કરતાં વધુ સફળતા આવા લેખો માટે બીજી શી હોઈ શકે.

સંસ્કૃતના અભ્યાસી સાધુઓ અને શ્રાવકોને આ નિબંધ ખાસ વાંચવા જેવો છે. જે મુનિઓ ગ્રંથ સંપાદન અને પુસ્તક પ્રકાશનના કાર્યમાં રસ લેતા હોય તેમના માટે તો આ નિબંધ એક અભ્યસનીય પુસ્તક જેવું છે. સંસ્કૃતમાં ગ્રંથોની પ્રસ્તાવના કેમ લખવી તેમ જ ઐતિહાસિક વિગતોની ચર્ચા કેમ કરવી, સાધકબાધક પ્રમાણો કેમ તારવી કાઢવા અને તેમનો પૌર્વાપર્ય કેમ તપાસવોઃ એ વિગેરે બાબતોનું જ્ઞાન આ નિબંધના વાચન-મનનથી ઘણી સારી પેઠે થઇ શકે તેમ છે. મૂલ્ય ૦-૪-૦

---

**संक्षिप्त प्राकृत व्याकरण** પ્રાકૃત ભાષા શિખનારાઓ માટે પ્રારંભમાં આ પુસ્તક ઘણું ઉપયોગી છે. માત્ર આઠ જ દિવસમાં પ્રાકૃત ભાષાનો સરલ પરિચય આ નાનકડા પુસ્તકના પાઠથી થઇ શકે તેમ છે. પ્રાકૃત ભાષાના એક પ્રસિદ્ધ ઇંગ્રેજ સ્કૉલરના લખેલા કિંમતી પુસ્તકનું આ સરલ ભાષાંતર છે. મૂળ પુસ્તકની કિંમત ૩ રૂપીઆ જેટલી છે અને તે આજે કયાંયે મળતું નથી કિંમત ૦-૪-૦

---

Aho ! Shrutgyanam

**વીર વંશાવલી** અથવા **તપાગચ્છબૃહત્પટ્ટાવલી** કોઇ ૧૫૦ વર્ષ પૂર્વે, કોઇ ઇતિહાસરસિક વિદ્વાને સંગ્રહેલી તપાગચ્છની ભાષાની આ એક અતિ વિસ્તૃત પટ્ટાવલી છે. આ પટ્ટાવલીમાં અનેક પુરુષોના ઉલ્લેખો સંગ્રહીત કરવામાં આવ્યા છે. જેટલી જૂની પટ્ટાવલીઓ લખેલી મળી આવે છે તે સૌમાં આ વધારે વિસ્તારવાળી છે અને અનેક ઉપયોગી ઉલ્લેખોવાળી છે. મૂલ્ય માત્ર ૦-૧૨-૦

---

### બૌદ્ધ અને જૈનધર્મના અભ્યાસકો માટે એક અતિ મનનીય ગ્રંથ

**બુદ્ધ અને મહાવીર.** જર્મન વિદ્વાન અધ્યાપક લૉયમાન જૈન અને બૌદ્ધધર્મના ઘણા જાણીતા અભ્યાસી અને પ્રખ્યાત પંડિત છે. જૈન આગમોનો ભાષા, ઇતિહાસ અને તુલનાની દૃષ્ટિએ જેટલો ઉંડો અભ્યાસ એ વિદ્વાને કરેલો છે તેટલો બીજા કોઇ યુરોપીય પંડિતે કર્યો નથી એમ કહેવાય છે. જૈનધર્મનો લગભગ ૫૦ કરતાં વધારે વર્ષ જેટલો એમનો અભ્યાસ છે. આવશ્યક સૂત્ર, દશવૈકાલિકસૂત્ર, ઔપપાતિકસૂત્ર વગેરે અનેક આગમોના વિષયમાં એમણે ઘણું લખ્યું છે. છેલ્લે તરંગવતી નામની અદ્‌ભુત અને અતિસુંદર પ્રાચીન જૈનકથાનો ઉત્કૃષ્ટ જર્મન અનુવાદ કરી એ જૈનકથાને એમણે જગજાહેરી કરી છે. એમના જ હાથે લખાએલું આ બુદ્ધ અને મહાવીરનામનું અપૂર્વ પુસ્તક છે.

આ પુસ્તક ઘણું ગંભીર અને વિચારણીય છે. ભારતની પ્રાચીન સંસ્કૃતિમાં જૈન અને બૌદ્ધધર્મનો કેવા ક્રમે વિકાસ થયો એ મુદ્દા પ્રથમ ચર્ચી પછી વિસ્તૃત રીતે બુદ્ધ અને મહાવીરની અનેક રીતે તુલનાઓ કરી કરી તે બેમાં ક્યાં એકતા છે અને ક્યાં ભિન્નતા છે એ અદ્‌ભુતરીતે બતાવ્યું છે.

આ બે શ્રમણધર્મ સંસ્થાપકોની આવી વિશિષ્ટ તુલના બતાવનારું પુસ્તક, ભારતની એક પણ ભાષામાં હજી સુધી ક્યાંયે પ્રકટ થયું નથી.

મૂળ જર્મનમાંથી સંસ્કારી ગૂજરાતી ભાષામાં, સુંદર ભાષાંતર કરનાર પ્રસિદ્ધ લેખક શ્રીયુત નરસીભાઇ ઇશ્વરભાઇ પટેલ છે. પુસ્તક સુંદર કાગળો ઉપર, આકર્ષક આકારમાં અને ઉત્તમ ઢબમાં છાપવામાં આવ્યું છે. મૂલ્ય ૦-૮-૦.

---

## પં. શ્રી સુખલાલજી સંપાદિત ઉત્તમ ગ્રંથો

**ન્યાયાવતાર સૂત્ર** સિદ્ધસેન દિવાકર પ્રણીત જૈનન્યાયનો એ સર્વોદ્દિમ ગ્રંથ જૈન સાહિત્યમાં સુપ્રસિદ્ધ છે. એ ગ્રંથ પ્રમાણમાં જો કે બહુજ નાનો છે પણ મહત્ત્વમાં સૌથી મોટો છે. જૈન ન્યાયશાસ્ત્રનો મૂળ પાયો એ જ ગ્રંથ ઉપર રચાયો છે. એ અત્યુત્તમ ગ્રંથ ઉપર, પ્રાચીન ભાષ્યો અને ટીકાઓને પણ

Aho ! Shrutgyanam

ટકકર મારે એવી ઉત્તમ શૈલીમાં અને સરલ ગૂજરાતી ભાષામાં પં. શ્રી. સુખલાલજીએ વિશદ વિવેચન લખ્યું છે જેના અભ્યાસથી ન્યાયશાસ્ત્રથી તદ્દન અપરિચિત મનુષ્ય પણ એનું જ્ઞાન સરલતાપૂર્વક સંપાદન કરી શકે છે. ન્યાયના વિષય ઉપર આવી સુબોધ પદ્ધતિએ લખાએલું બીજું એક પણ જૈન પુસ્તક હજી પ્રકટ થયું નથી. મૂલ્ય ૦–૪–૦

---

**योगदर्शन** અને **योगविंशिका** પાતંજલ યોગસૂત્ર ઉપર ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજય ગણિએ જૈનદૃષ્ટિએ લખેલી ટીકા તથા હરિભદ્રસૂરિની યોગવિંશિકા આ બે ગ્રંથો આમાં છપાવેલા છે. ગ્રંથના પ્રારંભમાં ગ્રંથગત વિષયનો પરિચય આપવા માટે એક વિસ્તૃત નિબંધ લખવામાં આવ્યો છે જેમાં જૈનમત સમ્મત યોગમાર્ગની બૌદ્ધ તેમ જ બ્રાહ્મણમત સમ્મત એ માર્ગ સાથે લંબાણથી તુલના કરી બતાવી છે અને જૈન યોગમાર્ગની, વિશિષ્ટતા સમજાવવામાં આવી છે. અભ્યાસિઓ માટે આ પુસ્તક બહુ ઉપયોગી છે. કિંમત ૧–૮–૦

---

**कर्मग्रन्थ हिन्दी विवेचन** પ્રથમ, દ્વિતીય, તૃતીય અને ચતુર્થ એમ ૪ કર્મગ્રંથો ઉપર બહુ વિસ્તાર સાથે હિન્દી ભાષામાં વિવેચન લખેલું છે. એ વિવેચનમાં જે વિશેષતાઓ છે તે બીજા કોઇએ છપાવેલા કર્મગ્રંથોમાં નથી. એ વિશેષતાઓમાં ઠેકઠેકાણે તે તે વિષયો ઉપર સ્વતંત્ર નિબંધ જેવા પરિશિષ્ટો અને બીજા તેવા ગ્રંથોના વિષયો સાથે તુલનાઓ મુખ્ય છે. દિગંબર સંપ્રદાયના કર્મવિષયક સાહિત્યમાં પણ જ્યાં જ્યાં ખાસ નવીનતાઓ છે તે પણ તે તે ઠેકાણે બતાવવામાં આવી છે. એકંદર કર્મગ્રંથના અભ્યાસિઓને આ પુસ્તકોમાંથી જે વિચાર સામગ્રી મળશે તે બીજા કોઈ પણ ઠેકાણે મળે તેમ નથી.

મૂલ્ય પ્રથમ કર્મ ગ્રંથ ૧—૪–૦ બીજો કર્મ ગ્રંથ ૦–૧૨–૦
ત્રીજો કર્મ ગ્રંથ ૧–૧૨–૦ ચોથો કર્મ ગ્રંથ ૨—૦–૦

---

**जैनदर्शन** હરિભદ્રસૂરકૃિત ષડ્દર્શન સમુચ્ચયમાં જૈનદર્શનને લગતું જે પ્રકરણ છે તે ઉપર પં. શ્રી મેઘરાજ જીવરાજે ગૂજરાતી ભાષામાં ખૂબ વિગતવાર વિવેચન લખ્યું છે. એ વિવેચનમાં પ્રશ્નોત્તરની પદ્ધતિએ જૈન તત્ત્વોની ઘણી સરસ મીમાંસા કરવામાં આવી છે. જૈનદર્શનમાં જીવાજીવાદિ પદાર્થોનું સ્વરૂપ કેવી રીતે સિદ્ધ કરવામાં આવ્યું છે તેનું ઘણી સુગમતા સાથે જ્ઞાન થઇ શકે તેવું આ પુસ્તક છે મૂ૦ ૧–૮–૦

---

Aho ! Shrutgyanam

**જૈન સાહિત્યમાં વિકાર :** જાણીતા જૈનવિચારક પંડિતશ્રી બેચરદાસ જીવરાજે લખેલું આ પુસ્તક જૈનસમાજને ઠીક પરિચિત થએલું છે. જૈનધર્મના મૂળ સ્વરૂપને સમજવામાં આ પુસ્તક ઘણી કિંમતી મદદ આપે એવું છે. દરેક વિચારકને એકવાર આ પુસ્તક અવશ્ય વાંચવા અને મનન કરવા જેવું છે. હવે તો માત્ર ગણુતરીની જ નકલો બાકી રહી છે. **મૂલ્ય ૧-૦-૦**

**સુખી જીવન :** રોમનવિદ્વાન્ સેનેકા જે દોઢ હજાર કરતાં વધારે વર્ષો ઉપર થઇ ગયો છે તેનું આ સુંદર પુસ્તક છે. આ પુસ્તકમાં પોતાના જીવનને સુખી કેમ બનાવવું એ માટે જે ઉપદેશ અને બોધ આપેલો છે તે આજે પંદરસો સતરસો વર્ષો વીતવા છતાં પણ અમૂલ્ય અને અપૂર્વ જેવો લાગે છે. આ પુસ્તકના વારંવાર વાંચનથી મનને અપૂર્વ શાંતિ અને આશ્વાસન મળે તેમ છે. અધ્યાત્મપ્રેમી સજ્જનો માટે એક રસાયણ જેવી ચીજ છે. **ઘટાડેલી કિંમત રૂા. ૦-૮-૦**

લખો:—

વ્યવસ્થાપક

**જૈન સાહિત્ય સંશોધક કાર્યાલય.**

એલીસબ્રીજ,—અમદાવાદ.

Aho ! Shrutgyanam

# સંપાદકીય વક્તવ્ય

નિયમ કરતાં આ અંક સહજ વિલંબથી પ્રકાશિત થાય છે તેમાં કારણ એક તો ગરમીની મોસમને લીધે અંક છપાવવાનું કાર્ય જરા થોડુંક મોડેથી જ શુરુ થયું હતું તે; અને બીજું ગૂજરાતમાં પડેલી અતિવૃષ્ટિના સબબે તેમાં વળી ૨૦–૨૫ દિવસનો ઉમેરો થયો તે. આમ જ્યેષ્ઠ પૂર્ણિમા ઉપર કાઢવા ધારેલો આ બીજો અંક શ્રાવણી પૂર્ણિમાના સમયે પ્રકાશિત થઇ શકયો છે. આ થએલો વિલંબ અમારા જિજ્ઞાસુ વાચક બંધુઓને અસહ્ય લાગે એ સ્વાભાવિક જ છે અને તેથી કેટલાક બંધુઓએ એ બદલ જે સ્નેહભરી ફર્યાદ કરી છે તે પણ વાસ્તવિક છે.

આ પછીનો અંક જલ્દી જ પ્રકટ થવાનો છે તેથી આશા છે કે આનો બદલો એ અંકથી વળી શકશે. આવતો ૩ જો અંક આશ્વિન પૂર્ણિમા લગભગમાં ગ્રાહકોને મળી જશે.

* * * *

પહેલા અંકના પ્રમાણમાં આ અંક થોડાં પાનાનો જોઇ કદાચિત્ ગ્રાહકોને ભ્રમ થવાનો સંભવ છે તે માટે અહિ ખુલાસો કરી દેવો આવશ્યક છે કે–પહેલા અંકમાં કેટલુંક આવશ્યક લખાણ વધી પડવાથી સંકલ્પિત પાનાઓ કરતાં અમારે વધારે પાનાંઓ આપવાં પડયાં હતાં અને તેથી આ અંકમાં તે વાળી લેવાં પડયાં છે. અમારી મૂળજાહેરાત પ્રમાણે તો આ પત્રને **ચાતુર્માસિક** રૂપે બહાર પાડવાનું હતું અને વર્ષના એ ત્રણે અંકોમાં મળી કુલ ૪૫ ફર્મ આપવાનું નિરધાર્યું હતું. પણ પાછળથી તે વિચારમાં સકારણ પરિવર્તન થયું અને તેથી ચાતુર્માસિકને બદલે **ત્રૈમાસિક** રૂપે પત્રે અવતાર લીધો. એટલે એક આખા અંકની બાહ્યસામગ્રીનો વધારો થવાથી ખર્ચમાં પણ વધારો થયો. છતાં અમે ગ્રાહકોને તો પૂર્વપ્રકાશિત વચન પ્રમાણે તેટલું જ લખાણ આપવાનો નિશ્ચય રાખ્યો છે, એટલું જ નહિ પણ ઉલટું તેમાં પણ કેટલોક વધારો આપવાનો વિચાર્યો છે જે છેલ્લો અંક પ્રકટ થએથી સ્પષ્ટ જોઇ શકાશે.

આ બધું છતાં ગ્રાહક સંખ્યા હજી અમારી ઓછામાં ઓછી ઇચ્છા પ્રમાણે પણ નોંધાઇ નથી. તેથી અમે અમારા જિજ્ઞાસુ અને સાહિત્યપીપાસુ બંધુઓ કે–જેઓ અત્યાર સુધીમાં ગ્રાહક તરીકે નોંધાઇ ગયા છે તેમને જ ભલામણ કરવા ઇચ્છીએ છીએ કે તેઓ આ કાર્યમાં બનતી સહાયતા આપવા ઉત્સુક બનશે જ.

* * * *

આ અંકમાં જે **કુવલયમાલા** નામનો અમારો લેખ છે તે મૂળ **વસન્તરજત સ્મારક ગ્રન્થ** માટે લખાયો છે કે જે ગ્રંથ ગૂજરાતના સાક્ષરશિરોમણિ શ્રી આનંદશંકર બાપુભાઇ ધ્રુવના સાક્ષરજીવનની ઉજાણી નિમિત્તે પ્રસિદ્ધ થવાનો છે. એ ગ્રંથ પ્રસિદ્ધ થયા પૂર્વે જ અમારા લેખને આ રીતે **જૈન સાહિત્ય સંશોધક**માં પ્રકટ કરવાની અને તેમ કરી અમારા વાચકોને તેના વાંચનનો વહેલો લાભ આપવાની જે ઉદાર અનુમતિ, એ ગ્રંથના મુખ્ય સંપાદક સાક્ષર શ્રીયુત હીરાલાલ ત્રિભુવનદાસ પારેખે આપી છે, તે બદલ આ પત્રના વાંચકો તરફથી હું એ સાક્ષર સજ્જનનો આભાર માનું છું.

શ્રાવણી પૂર્ણિમા<br>૧૯૮૩

–સંપાદક

Aho ! Shrutgyanam

૧ મહોપાધ્યાય શ્રીયશોવિજય ગણિ લિખિત ફલાફલ પ્રશ્નપત્રક. ૧૬૧–૧૬૫
૨ નંદુરબારનિવાસી કાલૂશેઠની ગ્રંથપ્રશસ્તિ. ૧૬૬–૧૬૭
૩ શ્રીસર્વવિજય વિરચિત ઋષભ અને વર્ધમાન જિનસ્તુતિ ૧૬૮
૪ કુવલયમાલાઃ આઠમા સૈકાની એક જૈન કથા. ૧૬૯–૧૯૪
૫ ધર્મસમુદ્રકૃત શકુંતલા રાસ.
[ સંગ્રાહક શ્રીયુત મોહનલાલ દલીચંદ દેશાઈ, બી. એ. એલ્‌એલ્‌, બી. ] ૧૯૫–૨૧૫
૬ નલવિલાસ નાટક : એક ગ્રંથ પરિચય.
[ લેખક–અધ્યાપક શ્રીયુત રામનારાયણ વિશ્વનાથ પાઠક. ] ૨૧૬–૨૨૩
૭ જૈન તત્ત્વ ચર્ચા.
[ લેખક–અધ્યાપક શ્રીયુત પં. સુખલાલજી ] ૨૨૩–૨૨૮
૮ આવશ્યક સૂત્રના કર્તા કોણ ?
[ લેખક–અધ્યાપક શ્રીયુત પં. સુખલાલજી ] ૨૨૯–૨૪૦

Aho ! Shrutgyanam

Aho ! Shrutgyanam



મહોપાધ્યાય શ્રીમદ્ ગણી યશોવિજય ન્યાયાચાર્ય સંકલિત અને સ્વહસ્તલિખિત પ્રશ્નચક્ર
( ભાવનગરનિવાસી શેઠ શ્રી પ્રેમચંદ રતનજીના ગ્રંથસંગ્રહમાંથી પ્રાપ્ત )



નંદુરબારનિવાસી શ્રેષ્ઠી કાલુએ સં. ૧૫૫૧માં લખાવેલા જ્ઞાનભંડારના ગ્રંથોમાંના એક ગ્રંથનું અંતિમપત્ર
( ભાવનગરના જૈન સંઘના ભંડારમાંથી, શેઠ શ્રી કુંવરજી આણંદજી દ્વારા પ્રાપ્ત )

Aho ! Shrutgyanam

# जैन साहित्यसंशोधक

'पुरिसा ! सच्चमेव समभिजाणाहि । सच्चस्साणाए उवट्ठिए मेहावी मारं तरइ ।'
'जे एगं जाणइ से सव्वं जाणइ; जे सव्वं जाणइ से एगं जाणइ ।'
'दिट्ठं, सुयं, मयं, विण्णायं, जं एत्थ परिकहिज्जइ । !'

—निर्ग्रन्थप्रवचन—

खंड ३ ] महावीरनिर्वाण संवत् २४५३–आषाढ [ अंक २


## महोपाध्याय श्री यशोविजयगणि लिखित फलाफल विषयक प्रश्नपत्र

આ પૃષ્ઠની બાજુમાં જે પત્રની પ્રતિકૃતિ છે તે મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયગણિના સ્વહસ્ત લિખિત **फलाफलपृच्छा** વિષયક એક પ્રશ્નપત્રક છે. આ પત્ર, ભાવનગર નિવાસી સાહિત્યરસિક શેઠશ્રી પ્રેમચંદ રતનજી વીરજીના ગૃહપુસ્તકાલયમાં છે. પ્રથમ તો આ પત્રક પૃચ્છાવિષયક હોવાથી એ વિષયના જ્ઞાતાઓની દૃષ્ટિએ આમયે અપૂર્વ છે, અને વળી તેમાં શ્રીમદ્યશોવિજયજી જેવા મહાપુરુષના સ્વહસ્તાક્ષરે લખાએલ હોવાથી તેનું મહત્ત્વ ઘણું વધુ કહી શકાય.

આ પ્રશ્નપત્રકમાં ૪ ચક્રઃ બનાવેલાં છે અને તે દરેકમાં ૬–૬ કોષ્ઠક મુકેલા છે. બધા મળીને ૨૪ કોષ્ટક થાય છે અને તે ૨૪ તીર્થંકરના નામથી અંકિત છે. દરેક તીર્થંકરના નામ ઉપર ૬–૬ પ્રશ્ન ગોઠવ્યા છે. પ્રશ્ન કેમ કાઢવા અને તેનું ફળાફળ કેમ જાણવું એ સ્વયં લેખક મહાપુરુષે પોતાની ભાષામાં પોતાના હાથે જ લખી રાખેલું છે. જિજ્ઞાસુ પુરુષ આમાંથી પોતાને ઇષ્ટ જ્ઞાન, જરાક ઉંડાણથી મનન કરશે તો તે પોતાની મેળે જ મેળવી શકે તેમ છે તેથી આ વિષે વધારે સ્પષ્ટ કરવાનું અમે ઇષ્ટ ગણ્યું નથી.

આ એક અપૂર્વ અને અપ્રાપ્ય એવી પૂજનીય અને દર્શનીય પ્રતિકૃતિ છે. એ પત્ર પ્રકટ કરવા માટે શેઠશ્રી પ્રેમચંદભાઇએ જે સહૃદયતા બતાવી છે તે બદલ અમારા વાચકો તરફથી અમે તે બંધુ પ્રતિ આભાર પ્રદર્શિત કરીએ છીએ.

Aho ! Shrutgyanam

અહિં એ સમગ્ર પત્રનું ઉદ્ધરણ આપીએ છીએ.

॥ॐ ह्रीं श्रीं अर्हं नमः ॥ एणिं मंत्रइं वार २१ स्थापना षडी अथवा पूगीफल अभिमंत्री मूकावीइ। जेह बोलनी पृच्छा करइं तेह थकु जिहां थापना मूंकइ तेहना तीर्थंकरनी फाटिं। पृछाना बोल गणतां जे तीर्थंकरनइं फाटिं मूंकइ। तेहनी ते ओली गणवी। पंडितश्री नयविजयगणिशिष्य गणि जसविजय लिखितं ॥ छ ॥




Aho ! Shrutgyanam

॥ श्री आदिनाथ ॥ १ ॥

१ शीघ्रं सफला कार्यसिद्धिर्भविष्यति
२ अस्मिन्व्यवहारे मध्यमं फलं दृश्यते
३ ग्रामांतरे फलं नास्ति कष्टमस्ति
४ भव्यं स्थानसौख्यं भविष्यति
५ मध्यमं देशसौख्यं भविष्यति
६ अल्पा मेघवृष्टिः संभाव्यते

॥ श्री अजितनाथ ॥ २ ॥

१ प्रचुरा मेघवृष्टिर्भविष्यति
२ मध्यमफला कार्यसिद्धिर्भविष्यति
३ अस्मिन्विवाहे लाभो नास्ति
४ सकुशलं सलाभं ग्रामांतरं भविष्यति
५ स्थानसौख्यं भविष्यति
६ महद्देशसौख्यं भविष्यति

॥ श्री शंभवनाथ ॥ ३ ॥

१ भव्यं देशसौख्यं भविष्यति
२ मध्यमा मेघवृष्टिर्भविष्यति
३ कार्यसिद्धिरास्ति फलं नास्ति
४ सलाभो व्यवहारो भविष्यति
५ ग्रामांतरे मध्यमं फलं भविष्यति
६ महांतं स्थानसौख्यं भविष्यति

॥ श्री अभिनंदन ॥ ४ ॥

१ भव्यं स्थानसौख्यं भविष्यति
२ देशसौख्यं मध्यमं भविष्यति
३ प्रजाभाग्येन मेघवृष्टिर्भविष्यति
४ सुंदरा कार्यसिद्धिर्भविष्यति
५ मध्यमं फलं व्यवहारे भविष्यति
६ ग्रामांतरे कष्टं न च फलं

॥ श्री सुमतिनाथ ॥ ५ ॥

१ सकुशलं सफलं ग्रामांतरं भविष्यति
२ स्थानसौख्यं मध्यमं भविष्यति
३ देशसौख्यं न दृश्यते
४ प्रचुरा मेघवृष्टिर्भविष्यति
५ कार्यसिद्धिरास्ति फलं च नास्ति
६ व्यवहारो निष्फलो हानिकरः

॥ श्री पद्मप्रभस्वामि ॥ ६ ॥

१ व्यवहारः सलाभो भविष्यति
२ मध्यमं ग्रामांतरं भविष्यति
३ स्थानसौख्यं सर्वथा नास्ति
४ भव्यं देशसौख्यं भविष्यति
५ मध्यमा मेघवृष्टिर्भविष्यति
६ न च कार्यसिद्धिर्नच फलं

॥ श्री [सु] पार्श्वनाथ ॥ ७ ॥

१ व्यापारो महालाभप्रदः
२ सेवकः सुन्दरो भविष्यति
३ सेवाफलं सर्वथा नास्ति
४ चतुःपदानां महान् वृद्धिर्भविष्यति
५ भयं यास्यति परं द्रव्यहानिः
६ व्याजे दत्तं पुनरपि हस्ते न चटिष्यति

॥ श्री चन्द्रप्रभस्वामि ॥ ८ ॥

१ दत्तं सविशेषलाभं भावि
२ व्यापारे लाभो न च हानिः
३ सेवकोयमर्थाय भविष्यति
४ सेवा कृता महालाभकारी भविष्यति
५ चतुः [ प ] ष्पाभो मध्यमो भविष्यति
६ भयं विधेयं धर्मः कार्यः

Aho ! Shrutgyanam

॥ श्री सुविधिनाथ ॥ ९ ॥

१ भयं सर्वथा न कार्यं
२ दत्तं लाभनाशाय भविष्यति
३ व्यापारः क्लेशफलो भविष्यति
४ सेवको भव्यो भविष्यति
५ सेवा मध्यमफला भविष्यति
६ चतुःपदानां हानिर्भविष्यति

॥ श्री शीतलनाथ ॥ १० ॥

१ चतुःपदाल्लाभो दृश्यते
२ भयं भविष्यति परमलीकं
३ दत्तं सर्वथा यास्यत्येव
४ व्यापारो मध्यो भावी
५ सेवकोऽयं मध्यमगुणः
६ सेवा कष्टंफललाभा भावि [ नी ]

॥ श्री श्रेयांसनाथ ॥ ११ ॥

१ सेवा सफला भविष्यति
२ चतुःपदहानिः, लाभश्च स्यात्
३ भयं भवत्येवात्मचिंता कार्या
४ दत्तं सलाभं सपरोपकारं भविष्यति
५ व्यापारान्न च लाभो हानिः
६ सेवक उद्वेगकरो भविष्यति

॥ श्री वासुपूज्य ॥ १२ ॥

१ सेवको भव्योपकारी भविष्यति
२ सेवा मध्यमफला न दृश्यते
३ चतुःपदान्न च लाभो हानिः
४ भयं शमिष्यति चिंता न कार्या
५ दत्तं चाटिष्यति परं बहुकाले
६ व्यापारो महाकष्टफलः

॥ श्री विमलनाथ ॥ १३ ॥

१ धारणागतिर्भव्या भवेत्
२ जयः पराजयोपि भविष्यति
३ वरो निःपुण्यो दरिद्रश्च स्यात्
४ पुण्यवति कन्येयं प्रत्यक्षश्रीः
५ किंचिद्दण्डेन पुररोधोपशमिश्यति
६ बद्धो बहु दण्डेनापि भाग्येन छुटिष्यति

॥ श्री अनंतनाथ ॥ १४ ॥

१ बद्धो मुधैव शीघ्रं छुटिष्यति
२ धारणागतिर्मध्यमा भवेत्
३ जयो नास्ति हानिर्भविष्यति
४ वरोयं पुण्यवान् दीर्घायुश्च
५ कन्या मध्यमा भविष्यति
६ पुररोधो महाभाग्येन छुटिष्यति

॥ श्री धर्मनाथ ॥ १५ ॥

१ पुररोधोपशमिष्यति
२ बद्धः छुटिष्यति द्रव्य[व्य]येन
३ धारणागतिर्नोद्वेगो भविष्यति
४ जयो भविष्यति पराजयश्च
५ वरो भव्योऽति अल्पायुः
६ कन्या कुलकलंकिनी

॥ श्री शान्तिनाथ ॥ १६ ॥

१ कन्या सुशीला सदाचारा
२ पुररोधः कष्टेन
३ बद्धो महाभाग्येन छुटिष्यति
४ धारणागतिर्भव्या विद्यते
५ पराजयो जयो भवेत्
६ वरोऽयं न भव्यो व्यसनी

Aho ! Shrutgyanam

॥ श्री कुन्थुनाथ ॥ १७ ॥

१ वरः पुण्योऽस्ति सुखी च
२ कन्या भव्यास्ति परं कलहकृत्
३ पुररोधः पुण्येन छुटिष्यति
४ बद्धो मुधैव शीघ्रं छुटिष्यति
५ धारणागतिर्मध्यमा भवेत्
६ जयेन सर्वार्थचिन्ता कार्या

॥ श्री अरनाथ ॥ १८ ॥

१ जयो भविष्यति यशोपि भविष्यति
२ वरो मध्यमगुणो भविष्यति
३ कन्याऽसावुद्वेगकरी भवेत्
४ पुररोधः स्तोकदिनैर्यास्यति
५ बद्धो महाकष्टेन छुटिष्यति
६ धारणागतिः सुंदरा, उद्वेगश्च

॥ श्री मल्लिनाथ ॥ १९ ॥

१ मंत्रौषधीभ्यो महागुणो भावी
२ गतं वस्तु सविलंबं स्तोकं चट०
३ आगंतुकः कष्टे पतितः, सविलंबमागमि०
४ संताने पुत्रो भावि
५ अर्थचिंता, सहजैवार्थप्राप्तिः
६ राज्यं क्वापि नास्ति, प्राणा रक्षणीयाः

॥ श्री मुनिसुव्रतस्वामि ॥ २० ॥

१ राज्यं भव्यं परं जनभक्तिः न
२ मंत्रविद्यौषधीभ्यो मध्यमो गुणो भवि०
३ गतं गतमेव शेषं रक्षणीयं
४ आगंतुकः शीघ्रं सलाभोस्ति
५ संताने पुत्रो भवेन्न सुंदरः
६ अर्थचिंताऽस्ति परं न दृश्यते

॥ श्री नमिनाथ ॥ २१ ॥

१ अर्थलाभो भविष्यति, चिंता न
२ संताने पुत्रो भविष्यति, धनागमः
३ मंत्रौषधीभ्योऽनर्थो भावि
४ गतं शीघ्रं चटिष्यति
५ आगंतुको मार्गाद्विलंबितः
६ राज्यं सविलंबं सोपक्रमं भावि

॥ श्री नेमिनाथ ॥ २२ ॥

१ संताने पुत्रो भव्यो भविष्यति
२ अर्थचिंताऽस्ति परं मध्यमं पुण्यं
३ राज्यं नास्ति प्रयासो न कार्यः
४ गतं वस्तु अर्धप्रायं चटिष्यति
५ मंत्रौषधीभ्यो गुणो भावि
६ आगंतुकागमनं संप्रति दृश्यते

॥ श्री पार्श्वनाथ ॥ २३ ॥

१ आगंतुका आगता एव, वर्धाप्यसे
२ संताने पुत्राः पुत्रिकाश्च संति
३ अर्थचिंता विद्यते परं दुर्लभा
४ राज्यं भविष्यति प्रयासो न कार्यः
५ मंत्रविद्यौषधीभ्यो न गुणः
६ गतं वस्तु प्रायश्चटिष्यति

॥ श्री महावीर ॥ २४ ॥

१ गतं यथा तथा हस्ते चटति
२ आगंतुकः संप्रति सविलंबो दृश्यते
३ संतानात्सुखं न विलोक्यं
४ राज्यं सकष्टं सविलंबं भावि
५ अर्थचिंता न कार्या
६ मंत्र विद्यौषधीभ्यो न गुणः

Aho ! Shrutgyanam

# नंदुरबार निवासी कालूसाहनी ग्रंथ-प्रशस्ति

આ નીચે આપેલી ગ્રંથ પ્રશસ્તિ વિ૦ સં૦ ૧૫૫૧માં નંદુરબાર નિવાસી શ્રેષ્ઠિ કાલૂએ લખાવેલા ગ્રંથભંડારની છે. વાચકશ્રી મહીસમુદ્રના ઉપદેશથી એ શ્રેષ્ઠિએ સમગ્ર સિદ્ધાંતોની ટીકા સાથેની અનેક પ્રતિ સારા કાગળ ઉપર, સુંદર અક્ષર લખનારા લહીઆઓના હાથે લખાવીને તેનો એક મોટો જ્ઞાનભંડાર સ્થાપિત કર્યો હોય એમ આ પ્રશસ્તિ ઉપરથી જાણવાનું મળે છે.

એ નંદુરબાર સ્થાન તે હાલમાં તાપ્તીવેલીમાં આવેલું નંદરબાર જ લાગે છે. એ સ્થાને તો આજે એ જ્ઞાનભંડારનો કશો અવશેષ રહેલો હોય તેમ લાગતું નથી પણ એ ભંડારમાંની પ્રતિઓ યતિઓ અને શ્રાવકોના હસ્તક અન્ય સ્થળે જે કેટલીક ચાલી ગઇ અને તેથી હજી સુધી સચવાઈ રહી તે ઉપરથી એ ભંડારના અસ્તિત્વની આપણને જાણ થાય છે. ગતવર્ષ, ભાવનગરના સંઘના ભંડારનું અવલોકન કરતાં તેમાં એની એક પ્રતિના અમને દર્શન થયાં જેનાં અંતિમપત્રનું ચિત્ર આ સાથેના પૃષ્ટ ઉપર અંકિત થએલું નજરે પડશે અને તે ઉપર લખેલી શ્રેષ્ઠિની પ્રશસ્તિ આ નીચે વાંચવા મળશે.

એ પ્રતિ **व्यवहारभाष्य**ની છે. કુલ એનાં ૧૨૬ પાનાં છે. પાનાં લગભગ એક ફુટ જેટલાં લાંબાં અને પા ઇંચ જેટલાં પહોળાં છે. દરેક પાનાની દરેક પૃષ્ટિ ઉપર ૧૫-૧૫ પંક્તિઓ લખેલી છે. આવી જ એક બે પ્રતિઓ પાટણના ભંડારમાં પણ અમારા જોવામાં આવી છે.

ભાવનગરના ભંડારમાંની એ પ્રતિ શ્રીયુત કુંવરજી આણંદજી મારફત પ્રાપ્ત થએલી હોવાથી આ સ્થળે તેમનો નામોલ્લેખ કરવો ઉચિત છે.

## मूळप्रशस्ति

नंदुरबारनिवासी भीमः संघाधिपोऽभवद् भविकः ।
श्रीजिनधर्माधारस्तत्तनयो डुंगरस्सुकृती ॥ १ ॥
तद्वंशैकविलासी प्राग्वाटः प्रकटजिनमताभ्यासी ।
श्रीगुणराजो गुणवान् पट्प्रतिष्ठादिकारयिता ॥ २ ॥
श्रीशत्रुंजय-रैवत-जीरापल्लचर्बुदादियात्रासु ।
वित्तव्ययसफलीकृतजन्मा तद्दं (?) च लखमाई ॥ ३ ॥
तनयस्तयोः सुविनयः कालूनामा कृतानुकृतसुकृती ।
तज्जाया जसमाई ललतादेवी च वीराई ॥ ४ ॥
श्रीजिनभवनजिनार्चापुस्तकसंघादिके सदाक्षेत्रे ।
वित्तव्ययस्य कर्ता दानार्थिजनान् समुद्धर्ता ॥ ५ ॥ युग्मम्
श्रीमत्कालूनाम्ना निजकर कमलार्जितेन वित्तेन ॥
चित्कोशे सिद्धांता ससूत्रका वृत्तिसंयुक्ताः ॥ ६ ॥
श्रीमद्वाचकनायकमहीसमुद्राभिधानमुखकमलात् ।
लब्ध्वा वरोपदेशं नंदंतु च लेखिताः सुचिरं ॥ ७ ॥

संवत् १५५१ वर्षे आषाढ सित दि० १० शुक्रे । महोपाध्याय श्री **महीसमुद्रगणिशिष्य** पं० कनकविजयगणि लिखापिताः ॥

Aho ! Shrutgyanam

## ભા વા ર્થ

૧ નંદુરબારમાં વસનારો એવો ભીમ નામે સંઘપતિ થયો જે જૈનધર્મીઓ માટે આધારભૂત જેવો હતો અને તેને ડૂંગર નામે સુકૃતી એવો પુત્ર હતો.

૨-૩ તે ડુંગરના વંશમાં પ્રાગ્વાટ એટલે પોરવાડ જાતિમાં પ્રસિદ્ધ એવો ગુણરાજ થયો જેણે પદ-પ્રતિષ્ઠા આદિ સારાં કાર્યો કર્યા; તેમ જ શત્રુંજય, ગિરનાર, જીરાવલા, અને આબુ આદિ તિર્થોની યાત્રાઓમાં પોતાના ધનનો વ્યય કરી જન્મ સફલ કીધો. તેની સ્ત્રીનું નામ લખમાઇ હતું.

૪-૫ તેમનો પુત્ર કાલૂનામા છે જેણે અનેક સુકૃત કર્યા છે. એને જસમાઇ, લલતાદેવી અને વીરાઈ નામની ત્રણ સ્ત્રીઓ છે. એણે જિનમંદિર, જિનપ્રતિમા, જૈનપુસ્તક અને સંઘ આદિ કાર્યો નિમિત્તે ખૂબ દ્રવ્યવ્યય કર્યો છે અને દીનજનોનો ઉદ્ધાર કર્યો છે.

૬-૭ એ કાલૂસેઠે, મહીસમુદ્રનામના વાચકવર્યનો ઉપદેશ સાંભળી, પોતે ઉપાર્જિત કરેલા ધનના વ્યયથી જ્ઞાનભંડાર સ્થાપ્યો છે અને તેમાં બધાં સૂત્રો ટીકાઓ સહિત લખાવી સંગૃહીત કર્યા છે. એના લખાવેલા આ ગ્રંથો ચિરકાળ સુધી વિદ્યમાન રહો.

સંવત્ ૧૫૫૧ના આષાઢ સુદિ ૧૦ શુક્રવારના દિવસે આ પ્રતિ પુરી લખાઈ રહી.

મહોપાધ્યાય શ્રીમહીસમુદ્રના શિષ્ય પં. કનકવિજયગણિની દેખરેખ નીચે આ પુસ્તકો લખવામાં આવ્યાં છે. ઇતિ.

શ્રી સર્વ વિજય વિરચિત આનન્દસુન્દર ગ્રંથમાંની

# ऋषभ अने वर्द्धमान जिननी स्तुति.

## श्रीवृषभजिनस्तुतिः

वृषभ चिरञ्जय रञ्जयः रञ्जयमयरचकीर्तिचय ।
प्रणतसभासुरभासुरभासुरयमर्पय परेषाम् ॥१॥

सुदिनवितरणे तरणेतरणेतरणे भवोदधेर्विदधे ।
नरहरिचन्दनचन्दनचन्दनचन्दनमधीश गुणैः ॥२॥

सुकृतरसमयसमयः समयः समयन्नसाधनानाम् ।
यत्र सुधारय धारय धारयासि मयि नयनम् ॥३॥

विबुधानन्दन नंदननंदननंदनपरस्य महिमभरः ।
त्वयि जातरसा तरसातरसातरसादरं तदियम् ॥४॥

जयासि सकलया कलया कलयाकलयावकामकरचरण ।
अवनिसु नयनानयनानयनानयनानंदिजिनेंद्रनकम् ॥५॥

Aho ! Shrutgyanam

त्वामनुपरमापरमापरमापरमासमासकलिकलुषम् ।
मां च निभालय भालय भालय भालय निलीनतया ॥६॥
चिरमुरासि वहेसिवहेसिवहेसिवहेमधवलं गृहवसते ।
विरतरामवृजिनजिनजिनजिनमाणिक्यसर्वतो विजयम् ॥७॥

। इतिश्रीवृषभजिनस्तवनं चतुर्थमकमयं संपूर्णम् ।

## श्रीवर्द्धमानजिनस्तुतिः

सिरिवद्धमाण सिरिवद्धमाणसिरिवद्धमाणजिणचंद ।
परमाणव परमाणवपरमाणवणंसि वेदिज्जा ॥१॥
सुहसायर सुहसायरसुहसायरभवसमूहानिम्महण ।
जयणायग जयणायगजयणायगइं निवारिज्जा ॥२॥
रयणायर रयणायररयणायर नाणदंसणासिरीणं ।
सुरमोहण सुरमोहणसुरमोहणयं पयंकुज्जा ॥३॥
सरणागय सरणागयसरणागयवज्जपंजरपइट्ठ ।
कमलासण कमलासणकमलासणसरिस मह हुज्जा ॥४॥
सव्वविजय सव्वविजयसव्वविजयथुणियगणगारिट्ठपहो ।
महसययं महसययं महसययं सिवपयं नयसु ॥५॥

॥ प्राकृतयमकत्रयस्तवः ॥

Aho ! Shrutgyanam

# कुवलयमाला

## આઠમા સૈકાની એક જૈન કથા

લેખક

**આચાર્યશ્રી જિનવિજયજી**

( ગુજરાત પુરાતત્ત્વ મંદિર, અમદાવાદ )

જે કથાનો અહીં પરિચય આપવામાં આવે છે તેનું નામ કુવલયમાલા છે. ઉદ્યોતનસૂરિ ઊર્ફે દાક્ષિણ્યચિહ્ન નામના જૈન વિદ્વાન એના કર્તા છે. શક સંવત્ ૭૦૦ ના અંતિમ દિવસના આગલા દિવસે અર્થાત્ શકે ૬૯૯ ના ચૈત્ર વદિ ૧૪ તિથિએ, અપરાન્હ સમયે, વર્ત્તમાનમાં મરુભૂમિમાં ગણાતા પણ તે વખતે ગૂર્જરભૂમિમાં સમાતા જાબાલિપુર નામના સ્થાનમાં, એની રચના પૂરી થઇ હતી. નરહસ્તી શ્રી વત્સરાજ ત્યારે એ સ્થાનનો રાજા હતો. કથાની ભાષા મુખ્ય પ્રાકૃત–મહારાષ્ટ્રી જૈન છે. રચના ગદ્ય અને પદ્ય ઉભય મિશ્રિત ચંપૂગ્રંથ જેવી છે. ગ્રંથ પરિમાણ લગભગ ૧૩૦૦ શ્લોક જેટલું છે; અને કથાવસ્તુ સંકીર્ણ સ્વરૂપનું છે. ગ્રંથકારે કથાના આદિ અને અંતભાગમાં, પ્રસ્તાવના અને પ્રશસ્તિના રૂપમાં, જે કેટલુંક વર્ણન આપ્યું છે તે પરથી જ આ બધી હકીકત ઉપલબ્ધ થાય છે, અને એ ઉપરાંત બીજી પણ કેટલીક, ભાષા અને ઇતિહાસની દૃષ્ટિએ મહત્ત્વની ગણાય એવી, હકીકત એ ગ્રંથમાં મળી આવે છે; જેનો નિર્દેશ કરવો એ પ્રસ્તુત લેખનો મુખ્ય ઉદ્દેશ છે.

### જૈન કથાસાહિત્યનો વિકાસક્રમ

આ કથાનો વિસ્તૃત પરિચય આપતાં પહેલાં જૈન કથાસાહિત્યનો કેવા ક્રમે વિકાસ થતો ગયો તેનું જરા સંક્ષિપ્ત અવલોકન આપવું આવશ્યક છે. જૈનોનું કથાસાહિત્ય પ્રમાણમાં ઘણું વિશાળ છે. પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ અને ગૂજરાતી એમ ચારે ભાષામાં લખાએલા સેંકડો જૈન કથાગ્રંથો આજે મળી આવે છે. પણ એ ગ્રંથોનો મોટો ભાગ ૧૦ મા સૈકા પછીનો બનેલો છે. જેમ જેમ જૂના સૈકાઓ તરફ આગળ વધીએ તેમ તેમ એ ગ્રંથોની સંખ્યા ઘણી જ ઘટતી જાય છે અને આખી પહેલી સહસ્રાબ્દીમાં રચાયેલા પૂરા દશ ગ્રંથો પણ આજે ઉપલબ્ધ થતા નથી. એ દૃષ્ટિએ જોતાં કુવલયમાલાની ઉપલબ્ધિ ઘણી અગત્યની ગણાય.

જૈન આગમસાહિત્યમાં વાઙ્મયના પ્રકારની દૃષ્ટિએ ધર્મકથાનુયોગ નામનો એક આખો સ્વતંત્ર વિભાગ જ કરવામાં આવેલો છે, અને જ્ઞાતાધર્મકથા નામના આગમ ગ્રંથને એ વિભાગના નિર્દેશક રૂપે ઉલ્લેખવામાં આવે છે. શ્રુતપરંપરા પ્રમાણે એ વિભાગમાં કેટલીયે ક્રોડ એવી ધર્મકથાઓ આલેખેલી હતી, પણ તે કાલપ્રભાવે નષ્ટ થઈ ગઈ અને વર્તમાનમાં માત્ર ૧૯ અધ્યાય જ એ આગમના ઉપલબ્ધ થાય છે; અને તે પણ તેના મૂળ રૂપમાં નહિ. આગમાંતર્ગત એ ધર્મકથાઓ વેદ, બ્રાહ્મણ અને ઉપનિષદ્ ગ્રંથોમાંની કથાઓ જેવી ધર્મવિધિઓથી મિશ્રિત અને ત્રુટિત રૂપની હતી. ઉપદેશકો એ કથાઓની વધારે વિગત ગુરુપરંપરાથી મેળવતા અને પોતાની શૈલી પ્રમાણે લોકોને કહી સમજાવતા. પાછળના સમયમાં જ્યારે પુરાણ ગ્રંથોની રચના થવા લાગી અને રામાયણ, મહાભારત, હરિવંશ વગેરે પુરાણકથાઓ લોકપ્રિય થવા લાગી, ત્યારે જૈન શ્રમણોએ પણ પોતાના સિદ્ધાન્તો પ્રમાણે તીર્થંકરો તેમ જ બીજા શલાકા પુરુષોની પુરાણ કથાઓ રચવા માંડી, અને લોકાનુરંજનની શૈલીએ કથાઓ

Aho ! Shrutgyanam

કહેવી શરુ કરી. તે પછી જ્યારે કેવળ લોકોત્તર પુરુષોની કથાઓને બદલે વત્સરાજ અને નરવાહનદત્ત જેવા લૌકિક પુરુષોની પણ કથાસૃષ્ટિ સરજાવા લાગી અને તેમાં કવિત્વ અને કલા (રસનિષ્પત્તિ)નો પણ પ્રવેશ થવા લાગ્યો ત્યારે જૈન વિદ્વાનોને તેનું પણ અનુસરણ કરવાનું આવશ્યક લાગ્યું, અને પરિણામે તેમણે પણ તેવું કથાસાહિત્ય નિર્માણ કરવા માંડ્યું.

એમ જણાય છે કે પુરાણકાળમાં ભારત અને રામાયણની કથા ઉપરાંત લોકોમાં વસુદેવચરિત પણ બહુ જ મનોરંજક થઈ પડ્યું હતું. એ ચરિતને વર્ણવતા કયા કયા લૌકિક ગ્રંથો પ્રસિદ્ધિમાં આવ્યા હતા તે જાણવાનું કશું સાધન જ્ઞાત નથી. પણ જૈન કથાગ્રંથોમાં બહુ પ્રાચીન એવો વસુદેવહિંડી નામનો એક ગ્રંથ બે ત્રણ ખંડમાં મળી આવે છે, તે ઉપરથી અનુમાન થાય છે કે એક વખતે વસુદેવચરિત લોકોમાં બહુ જ પ્રિય થઇ પડેલું હોવું જોઇએ. જૈન વસુદેવચરિત મૂળ ચંદ્રગુપ્ત મૌર્યના ગુરુ ભદ્રબાહુ સૂરિએ રચ્યું હતું, એમ હેમચંદ્રસૂરિના ગુરુ આચાર્ય દેવચંદ્ર પોતાના શાન્તિનાથચરિત્રના ઉપોદ્‌ઘાતમાં સૂચવે છે, અને એ ચરિત સવાલાખ શ્લોક પ્રમાણ જેટલું હતું, એમ તે માને છે.[૧] ભદ્રબાહુરચિત એ વસુદેવચરિત ઘણા જૂના વખતમાં જ લુપ્ત થઇ ગયું હોય તેમ લાગે છે. કારણ કે અદ્યાપિ અનિશ્ચિત પણ અનુમાને ૭ મા સૈકા અગાઉ થઇ ગયેલા સંઘદાસ ક્ષમાશ્રમણે આરંભેલા અને ધર્મસેનગણિ મહત્તરે પૂરેલા વસુદેવહિંડી નામના ગ્રંથમાં એવો સ્પષ્ટ ઉલ્લેખ કરેલો છે કે–કાંઇક તો શ્રુત એટલે શાસ્ત્રમાં નિબદ્ધ થએલું અને કાંઇક આચાર્ય પરંપરાએ કહેવાતું આવતું ચરિત્ર સાંભળીને આ ચરિતની રચના કરવામાં આવી છે.[૨]

એ જ પ્રમાણે જ્યારે રામાયણની કથા લોકોમાં બહુ જ પ્રિય થઇ પડી હતી ત્યારે વિમલસૂરિ નામના આચાર્યે સૌથી પ્રથમ પઉમચરિયં નામનો કથાગ્રંથ રચી જૈન રામાયણની સૃષ્ટિ નિર્મિત કરી. આ આચાર્ય કયારે થઇ ગયા એ નિર્ણીત થયું નથી. એ ગ્રંથમાં સૂચવેલા સમય પ્રમાણે તો તેઓ વિક્રમની પહેલી શતાબ્દીમાં થયેલા હોવા જોઇએ; પણ તેની રચનાશૈલી અને ભાષાકૃતિ વગેરે ઉપરથી ડૉ. હર્મન યાકોબી એમ માને છે કે ૪ થા ૫ મા સૈકા કરતાં એ ગ્રંથ જૂનો નથી. એ જ આચાર્યે ભારતની કથા ઉપર પણ પઉમચરિયં જેવો જ હરિવંસચરિયં નામનો પણ પ્રાકૃત ગ્રંથ લખ્યો હતો, એમ આ કુવલયમાલામાં જ જણાવેલું છે; પણ તે અદ્યાપિ ઉપલબ્ધ થયું નથી. પુરાણ પ્રસિદ્ધ પુરુષો ઉપરાંત, ઐતિહાસિક યુગના પ્રારંભમાં ઉદયન વત્સરાજ અને નરવાહનદત્ત વગેરે લૌકિક ઉદાત્ત પુરુષોની કથાઓ લોકસમાજમાં ખૂબ પ્રસિદ્ધિ પામી. કવિઓને પોતાની કલા અને કલ્પનાને યથેચ્છ વિહરવા માટે આ નવું ક્ષેત્ર ઘણું વિશાળ અને નિર્બંધ વિનાનું લાગ્યું, અને તેથી તેમણે ઐતિહાસિક અને કાલ્પનિક વસ્તુઓના મિશ્રણવાળી વાસવદત્તા, સુમનોત્તરા, ઉર્વશી,[૩] ભૈમરથી અને નરવાહનદત્ત[૪] વગેરે અનેક શૃંગારરસ પ્રધાન લૌકિક કથાગ્રંથોની રચના કરવા માંડી. ધર્મ અને નીતિપ્રધાન એવી પુરાણ કથાઓ સતત સાંભળી સાંભળી રસિક શ્રોતાવર્ગ કંટાળ્યો હતો.[૫] તેથી તેને માટે આ નવા પ્રકારનું કથા–સાહિત્ય વધારે આકર્ષક અને મનોરંજક થઈ પડ્યું. મનુષ્ય સ્વભાવ સહેજે શૃંગારપ્રધાન વસ્તુ તરફ વધારે આકર્ષાય છે અને એ રીતે એ વસ્તુમાં એકવાર મુગ્ધ થયેલા જનોને પછી કેવળ નીતિ કે ધર્મની વિવેચના કરનારી વાણી શુષ્ક લાગ્યાં કરે છે. આ નિયમે શૃંગારરસસમુદ્દીપક કવિઓની લલિત મધુર વાણી વાળી કામ કથાઓ સાંભળી મુગ્ધ બનેલો લોકસમાજ અહિંસા, સંયમ અને તપઃપ્રધાન જૈન શ્રમણોની માત્ર વિરકિતબોધક ધર્મકથાઓ ઉપર ઉપરતિ ધારણ કરવા લાગ્યો; અને જૈન કથાકર શ્રમણોને શ્રોતાવર્ગની વ્યાક્ષિપ્ત ચિત્તવૃત્તિનો ઉદ્વેગજનક અનુભવ થવા લાગ્યો. નિવૃતિમાર્ગી જૈન નિર્ગ્રંથોથી આધ્યાત્મિકવૃત્તિને ઉત્તેજન ન આપે તેવો કશો ઉપદેશ કે વાર્તાવિનોદ કરી શકાય તેમ ન હતું. કારણ

Aho ! Shrutgyanam

કે રાજ કથા, દેશ કથા, સ્ત્રી કથા કે આહાર કથા જેમાં પ્રધાન હોય એવી કશી વાણી બોલવા માટે જૈનભિક્ષુને ધર્મશાસ્ત્રોમાં નિષેધ કરવામાં આવ્યો છે. શૃંગાર અને રસ વિનાની કથા લોકો આદરપૂર્વક સાંભળતા નથી; અને લોકોની વૃત્તિને અનુસરી જો કથામાં કામ અને શૃંગારનો રસપોષ કરવામાં આવે તો શ્રમણ ધર્મના નિયમનું પાલન થતું નથી. આમ કેટલોક કાળ દુવિધામાં વીતાડ્યા પછી આખરે નિર્ગ્રંથ વર્ગ એ વિચારપર આવ્યો કે-" લોક સમાજની ચિત્તવૃત્તિ કામ પ્રધાન કથાઓ સાંભળી વ્યાક્ષિપ્ત થઈ ગયેલી હોવાથી શુદ્ધ આધ્યાત્મિક ભાવનાને પોષનારી ધર્મકથા સાંભળવા જરાએ ઉત્સુક નથી. જ્વરના પિત્તથી પીડિત થયેલા મનુષ્યનું મુખ જેમ ગોળ, સાકર કે શ્રીખંડ ઉપર અરુચિવાળું થઇ રહે છે તેમ આ કામકથારસથી મુગ્ધ થયેલા લોકો વિશુદ્ધ ધર્મકથા તરફ અરુચિવાળા થઇ રહ્યા છે. લોકો એમ સમજતા નથી કે જે સુખો ધર્મ, અર્થ અને કામથી સંકલિત હોય તે જ ખરાં સુખો છે, અને અર્થ અને કામનું મૂળ પણ માત્ર ધર્મ જ છે. માટે જેમ કોઇ સુવૈદ્ય અમૃતોપમ પણ વિરસ એવા ઔષધ તરફ અરુચિ રાખનારા રોગીને તેના મનોભિલષિત પેયપદાર્થની સાથે ભેળવીને પણ પાઇ દેવાની ઇચ્છા કરે છે અને તેમ કરી તેના રોગનો નાશ કરવા પ્રયત્ન કરે છે; તેમ કામકથારક્ત હૃદયવાળા જનને શૃંગાર રસના મિશ્રણવાળી ધર્મકથા કહીને પણ તેના મનનું આવર્જન કરવું કલ્યાણકારક જ છે"[૬] આ વિચારના નિર્ણય ઉપર આવીને નિર્ગ્રંથોએ પણ, નવા પ્રકારના કથાસાહિત્યની સૃષ્ટિ રચવા માંડી. લૌકિક કવિઓની શૃંગારિક કથાઓની માફક શ્રમણ કવિઓ પણ ચરિત કે કલ્પિત કોઈ કથાવસ્તુ લઇ તેને પોતાની પ્રતિભા બળે નવ નવ કલ્પના અને વર્ણનાના વિવિધ અલંકારોથી વિભૂષિત કરી કથાસુંદરીને " નવ વધૂની માફક સાલંકારા, સુભગા, લલિતપદા, મૃદુકા, મંજુલોલ્લાપા બનાવી સહૃદયોના મનને આનંદ આપનારી"[૭] બનાવવા લાગ્યા.

આ ઉપરથી એ પણ સ્પષ્ટ જણાઇ આવે છે કે જૈન કથાલેખકોનું મૂળ ધ્યેય તો એક જ રહ્યું છે અને તે આધ્યાત્મિક કલ્યાણ છે. આપણે ગમે તે જૈન કથા જોઇશું તો તેમાં આ ધ્યેય પ્રત્યક્ષ જણાઈ આવશે. જૈન લેખક કથાનું કલેવર ગમે તે જાતનું ઘડશે પણ તેનો અંત ભાગ તો ગમે તેમ કરીને પણ ધર્માધર્મનું ફળ સૂચવનારો બનાવવા પ્રયત્ન કરશે. જ્યારે સામાન્ય લોકવાર્તાઓ જેવી વસ્તુને પણ જૈન કથાલેખકોએ પોતાની પીંછીથી રંગી છે, અને તે ઉપર પોતાના ધ્યેયની મુદ્રા અંકિત કરી છે; તો પછી ખાસ વિશિષ્ટ વસ્તુનો આધાર લઇ, સુંદર કથા રચવાની ખાતર જ રચાએલી કથામાં તો આ મુદ્રાની વિશિષ્ટતા સૌથી વધારે તરી આવે એ લાક્ષણિક જ છે.

## पादलिप्तसूरिनी तरंगवती कथा

આ જાતની કલ્પના અને વર્ણના પૂર્ણ જૈન કથાઓમાં પાદલિપ્ત સૂરિની तरंगवती કથા સૌથી પ્રથમ હોય તેમ જણાય છે. એ સૂરિ સાતવાહન વંશી રાજા હાલની વિદ્વત્સભાના એક પ્રતિષ્ઠિત કવિ હતા. કથાસુંદરીઓની રાણી જેવી પિશાચભાષામયી બૃહત્કથાનો રચયિતા મહાકવિ ગુણાઢ્ય પણ એ જ રાજાનો ઉપાસિત કવિ હતો. સ્વયં રાજા પણ જાતે મહાકવિ હતો અને તેની અક્ષય કીર્તિ સમી પ્રાકૃત गाथाकोष अथवा गाथा सप्तशती નામની પ્રસિદ્ધ કૃતિ અદ્યાપિ વિદ્વાનોના મનને આલ્હાદ આપ્યા કરે છે. આ ત્રણે કવિમુકુટમણિઓનો સંકલિત પરિચય પ્રસ્તુત કુવલયમાલાકારે પ્રસ્તાવનામાં આપ્યો છે, જેનાં અવતરણો આગળ જોવાં મળશે જ. પાદલિપ્ત સૂરિની અસલ તરંગવતી હજી સુધી ક્યાંયે ઉપલબ્ધ થઇ નથી. કોઈ અનિશ્ચિત સમયે આચાર્ય વીરભદ્ર કે વીરભદ્રના શિષ્ય ગણિ નેમિચંદ્રનો રચેલો તેનો **संक्षिप्तसार** જ મળી આવ્યો છે, તે ઉપરથી એ મૂળ કથાની વસ્તુની પ્રતીતિ થાય છે.[૮] જેને એ સાર લેખક આખી કથાનો માત્ર **संक्षिप्तसार** કહે છે તે પણ જ્યારે ૧૬૦૦ શ્લોક જેટલો સુવિશાળ છે, તો એ મૂળકથા કેવડી મોટી હશે તેની શી કલ્પના કરી શકાય. સાર લેખક

Aho ! Shrutgyanam

શા માટે પોતે એ સાર ઉદ્ધરે છે તે અર્થે પ્રારંભમાં જ જે ૩–૪ ગાથાઓ કહી છે તેમાં તે જણાવે છે કે "પાદલિપ્તાચાર્યે જે તરંગવતી કથા રચી છે તે વિસ્તૃત, વિપુલ અને વિચિત્ર છે. તેમાં ઘણાં દેશી વચનો આવેલાં છે. વળી તેમાં કયાંયે કુલકો આવેલાં છે; કયાંયે ગુપિત યુગલકો આવેલાં છે, અને કયાંયે ધતરજનોને ન સમજાય એવાં પટ્કલ આવેલાં છે. એથી તેને કોઇ સાંભળતું નથી, કોઇ પૂછતું નથી અને કોઇ કહેતું નથી. કેવળ વિદ્વાનોના જ કામની તે કથા થઇ પડી છે. બીજાઓને તેનો કશો ઉપયોગ નથી. તેથી પાદલિપ્તે રચેલાં દેશી વાક્યો વગેરેને છોડી દઈ તેમની રચેલી ગાથાઓ ઉપરથી અન્ય જનોના હિતની ખાતર હું આ સંક્ષિપ્તતર કથા બનાવું છું. સાથે એ પણ એક હેતુ છે કે એ સૂરિની કૃતિનો આ રીતે સર્વથા વિચ્છેદ થતો અટકે"[૯] આ વર્ણન ઉપરથી સમજાય છે કે તરંગવતી કથા મૂળ પ્રાકૃત જૈન મહારાષ્ટ્રી ભાષામાં રચાએલી હતી, અને તેમાં દેશી ભાષાનો પણ ઘણો વધારે પ્રમાણમાં પ્રયોગ થએલો હતો. કથાની રચના ગદ્ય અને પદ્ય ઉભય પ્રકારના લખાણવાળી હતી, અને તેમાં ઠેકઠેકાણે લાંબાં લાંબાં વર્ણનો અને પદ્યોનાં ઝુંડનાં ઝુંડ આવેલાં હતાં. જેને કુવલયમાલા કથાકાર સંકીર્ણકથા કહે છે તે પ્રકારની એ કથા હતી, એમ આ વર્ણન ઉપરથી સ્પષ્ટ સમજાય છે.

### બીજી અલભ્ય કથાઓ

પાદલિપ્તસૂરિએ ઉપક્રમેલી આ નવીન પ્રકારની કથાસૃષ્ટિમાં પાછળથી ધીમે ધીમે ભરતી થતી રહી અને મલયવતી, મગધસેના,[૧૦] બન્ધુમતી,[૧૧] સુલોચના[૧૨] વગેરે સુંદર કથાઓ રચાઈ. પણ કમનસીબે એક નામ સિવાય બીજું કશું એ કૃતિઓના વિષયમાં અદ્યાપિ જાણવામાં નથી આવ્યું.

પઉમચરિયં, हरिवंसचरियं वसुदेवचरियं વગેરે પુરાણપદ્ધતિના ચરિત્રગ્રંથોને કથાવર્ગમાં ન ગણીએ તો, તે પછી धम्मिलहिंडी નામનો કથાગ્રંથ મળી આવે છે, જે સામાન્ય રીતે वसुदेवचरियं ઊર્ફે वसुदेव हिंडी ની સાથે જ જોડાયેલો નજરે પડે છે. આચાર્ય હરિભદ્ર અને ઉદ્યોતનસૂરિ બંને આ ગ્રંથનો ઉલ્લેખ કરે છે. તેથી એમના સમય કરતાં અર્થાત્ આઠમા સૈકા પહેલાંનો એ ગ્રંથ છે, એટલું નિર્વિવાદ પણે એના માટે કહી શકાય છે. એ કથામાં વર્ણન ભાગ કરતાં કથાભાગ જ વધારે છે, અને તેથી એનું વાચન ચાલતું રહ્યું અને આજ સુધી એ વિદ્યમાન રહી શકી.

### હરિભદ્રસૂરિની સમરાદિત્ય કથા

વિદ્યમાન કથાગ્રંથોમાં વધારે પ્રખ્યાત અને વધારે પરિચિત કથા હરિભદ્રસૂરિની समराइच्चकहा (સમરાદિત્ય કથા) છે. આ હરિભદ્રસૂરિ, કુવલયમાલાના કર્તા ઉદ્યોતનસૂરિના એક વિદ્યાગુરુ છે એવો નિર્ણય મેં મારા હરિભદ્રસૂરિના સમય નિર્ણયવાળા નિબંધમાં[૧૨] વિગતથી કરેલો છે[૧૩] અને તે ડૉ. હર્મન યાકોબી જેવા સમર્થ પંડિતે પણ સંપૂર્ણપણે માન્ય કરેલો છે.[૧૪] એ નિર્ણયમાં મુખ્ય આધારભૂત થએલો ઉલ્લેખ, પ્રસ્તુત કુવલયમાલામાંથી જ જડી આવ્યો છે જે અહીં પણ આગળ ઉપર બતાવાશે જ. આથી હરિભદ્રસૂરિ આઠમા સૈકાના પૂર્વાર્દ્ધમાં વિદ્યમાન હતા એ નિશ્ચિત થયું છે. આ હરિભદ્રસૂરિ એક મહાન્ લેખક હતા. જૈનદર્શનના એક અતિસમર્થ ગ્રંથકાર તરીકે એમની ખ્યાતિ સુવિશ્રુત છે. જૈન ઐતિહ્ય પરંપરા પ્રમાણે તો એમણે કોઇ ૧૪૦૦ કે ૧૪૪૪ જેટલા નાના મોટા ગ્રંથો બનાવ્યા કહેવાય છે. પણ વર્તમાનમાંયે લગભગ ૮૮ જેટલા ગ્રંથોનાં નામો એમની કૃતિ તરીકે ગણવા–ગણાવવામાં આવે છે.[૧૫] એમની એ વિશાળ ગ્રંથરાશિમાં જૈનધર્મના સિદ્ધાન્તોનું ભિન્નભિન્ન દૃષ્ટિએ વિવેચન અને નિરૂપણ કરવામાં આવ્યું છે. એમાંના કેટલાક ગ્રંથો જૈન આગમોની ટીકારૂપે છે, કેટલાક પ્રાચીન ગ્રંથોના સારરૂપે છે, અને કેટલાક સ્વતંત્ર પ્રકરણરૂપે છે. એ સ્વતંત્ર પ્રકરણોમાં દાર્શનિક અને આધ્યાત્મિક વિષયોના વિવેચનાત્મક ગ્રંથો ઘણા મહત્વના છે. પૂર્વાશ્રમે એ જાતિએ બ્રાહ્મણ હતા, અને ચતુર્દશવિદ્યામાં પારંગત હતા. તેથી સંસ્કૃત ભાષા ઉપર પૂર્ણ પ્રભુત્વ હોય એ સ્વાભાવિક જ છે.

Aho ! Shrutgyanam

આશ્ચર્યજનક વાત તો એ છે કે, એક જૈન સાધ્વીનાં બોધવચનો સાંભળી એમણે જૈની દીક્ષાનો સ્વીકાર કર્યો હતો, અને આજન્મ એ સાધ્વીનું પુણ્યસ્મરણ એ કરતા રહ્યા હતા. એ સાધ્વીનું નામ યાકિની મહત્તરા હતું. એ મહત્તરાને એમણે પોતાની ધર્મમાતા માની હતી, અને પોતાની અનેક ગ્રંથકૃતિઓને અંતે એ માતાના નામનો આદરપૂર્વક ઉલ્લેખ કર્યો છે.

હરિભદ્રસૂરિ મહાન્ સિદ્ધાંતકાર અને દાર્શનિક વિચારક તો હતા જ પણ તે ઉપરાંત મહાન કવિ પણ હતા, એમ જૈન પરંપરા જણાવે છે. પોતાની કવિત્વશક્તિના પરિચાયક રૂપે એમણે કેવાં કેવાં કથા, ચરિતો, આખ્યાનો વગેરે લખ્યાં હશે તે તો ઉપલબ્ધ ગ્રંથનામાવળી ઉપરથી કાંઈ વિશેષ જાણી શકાય તેમ નથી. કથાકોષ, ધૂર્તાખ્યાન, મુનિપતિ ચરિત્ર, યશોધર ચરિત્ર, વીરાંગદ કથા અને समरादित्य कथा આટલી કથાસાહિત્યની કૃતિઓ એમના નામે નોંધેલી દેખાય છે, પણ તેમાં માત્ર धूर्ताख्यान અને समरादित्य कथा એ બે જ કૃતિઓ અત્યારે ઉપલબ્ધ છે, અને એ નિર્વિવાદ રૂપે એમની જ બનાવેલી છે એમ માની શકાય છે. समराइच्चकहा એ હરિભદ્રસૂરિની કવિકલ્પનાની પ્રત્યક્ષ પ્રતિમા છે. પ્રશમરસપ્રપૂર્ણ એવી એક ઉત્તમ કથા તરીકે એની પ્રશંસા પાછળના ઘણા વિદ્વાનોએ કરી છે. ઉદ્યોતનસૂરિએ કુવલયમાલાની પ્રસ્તાવનામાં અન્યાન્ય મહાકવિઓની કૃતિઓની પ્રશંસા ભેગી આની પણ જે પ્રશંસા કરી છે તે તો આગળ અપાશે જ. તે ઉપરાંત મહાકવિ ધનપાલે તિલક મંજરીમાં,[૧૬] દેવચંદ્રસૂરિએ शान्तिनाथ चरित्रमां,[૧૭] અને બીજા ઘણા વિદ્વાનોએ અનેક સ્થળે એની સ્તુતિ કરી છે. હેમચંદ્રસૂરિએ પોતાના काव्यानुशासनमां[૧૮] सकलकथाना निदर्शक तरीके समरादित्यनो नामोल्लेख कर्यो छे *

ક્ષિતિપ્રતિષ્ઠિત નામના નગરના પૂર્ણચંદ્ર નામે રાજાને કૌમુદી નામે રાણીથી ગુણસેન નામે એક પુત્ર થયો. એ જ્યારે બાલ્યાવસ્થામાં હતો ત્યારે બહુ જ કુતુહલી અને ક્રીડાપ્રિય હતો. રાજાનો યજ્ઞદત્ત નામે એક પુરોહિત હતો. તેનો પુત્ર અગ્નિશર્મન્ રૂપે બહુ જ અસુંદર અને આકૃતિએ ઘણો જ બેડોળ હતો. રાજકુમાર એ પુરોહિત પુત્રની ખૂબ હાંસી મશ્કરી અને શારીરિક વિડંબના કર્યા કરે. આથી આખરે કંટાળી એ પુરોહિતપુત્ર કોઇ તપસ્વીની પાસે જઈ તાપસ બન્યો, અને ફરી બીજા જન્મમાં આવી વિડંબના ન સહવી પડે તેના માટે કઠોર તપસ્યા કરવા લાગ્યો. કાલાંતરે એ પૂર્વ પરિચિત રાજકુમાર રાજા થયાં પછી એ તાપસની પાસે જઈ ચઢે છે, અને વાતવાતમાં એની સાથેનો પોતાનો પૂર્વ પરિચય જાણી લે છે. રાજાને બહુ પશ્ચાત્તાપ થાય છે, અને તેથી પોતાના પૂર્વાપરાધોની તે તાપસ પાસે માફી માગે છે. એ તાપસ મહિના મહિનાના ઉપવાસ કર્યા કરે છે. મહિનાની સમાપ્તિએ એક જ

* समरादित्य चरित्र જૈન મુનિઓ ઘણા રસપૂર્વક વાંચતા અને શ્રાવકો ભાવપૂર્વક સાંભળતા. એ ગ્રંથની પ્રતો લખાવી સાધુઓને અર્પણ કરવામાં બહુ પુણ્ય માનવામાં આવતું. એની એક ઉદાહરણભૂત સંવત્ ૧૨૯૯ માં લખેલી તાડપત્રની પ્રતિ ખંભાતના શાંતિનાથના ભંડારમાં છે, જેની નોંધ ડૉ. પીટર્સને, પોતાના પુસ્તક-ગવેષણા સંબંધે લખેલા રીપોર્ટના ૩ જા ભાગમાં, પૃ. ૧૮૩ માં, લીધી છે. એ પ્રતિના અંતે લખાવનારની લાંબી પ્રશસ્તિ આપેલી છે. તેમાં જણાવ્યું છે કે-પલ્લીવાલ વંશના લાખણ નામે શેઠના મનમાં 'પોતાના માતાપિતાઓના પુણ્ય સ્મર્ણાર્થ કાંઇક સુકૃત કરવું જોઇએ' એવો વિચાર થયો. વિચાર કરતાં તેને લાગ્યું કે જગતમાં દાન કૃત્ય એક સર્વોત્કૃષ્ટ પુણ્યમાર્ગ છે, અને દાનકૃત્યોમાંયે જ્ઞાનદાન સર્વશ્રેષ્ઠ છે. જ્ઞાન એ શ્રુતાધીન છે, અને શ્રુત એ શાસ્ત્રસ્વરૂપ છે. શાસ્ત્રોમાં કેટલાંક કલ્પિત વસ્તુરૂપ હોય છે, અને કેટલાંક ચરિત વસ્તુરૂપ હોય છે. એમાંયે સુચરિત રૂપ ગ્રંથ વધારે કલ્યાણકારક કહેવાય છે. એમ વિચાર કરતાં તેને समरादित्य રૂપ સુચરિતનું સ્મરણ થયું. એ પ્રશમરસ પરિપૂર્ણ ચરિત્રનાં શ્રવણ, વાચન, લેખન તેને સૌથી વધુ ઇષ્ટ લાગ્યાં. પોતાને જે પૂર્ણ ઇષ્ટ હોય તે જ વસ્તુ બીજા ઇષ્ટ જનને સમર્પણ કરવી જોઇએ, અને માતાપિતા કરતાં વધુ ઇષ્ટજન જગતમાં છે નહિ. એથી પોતાના એ ઇષ્ટતમ માતાપિતાના પુણ્યાર્થે તેણે समरादित्य ચરિત્રની પ્રતિ લખાવી. ગ્રંથ લખાવવામાં પણ કેટલો બધો વિવેક અને કેટલો બધો ઉત્તમ આદર્શ !

Aho ! Shrutgyanam

વાર ભિક્ષા લેવા ગામમાં જાય છે, અને તે પણ જો એક જ ઘરે મળી ગઈ તો ઠીક નહિ તો ફરી પાછો વનમાં ચાલ્યો આવે છે, અને બીજા મહિનાના ઉપવાસ આદરી લે છે. રાજા તેને એક માસોપવાસને પારણે પોતાને ત્યાં ભિક્ષા લેવા માટે ઘણા આગ્રહપૂર્વક આમંત્રે છે. માસાંતે તપસ્વી ત્યાં જાય છે. પણ તે જ દિવસે રાજાને ત્યાં રાજકુમારનો જન્મ થએલો હોવાથી આખો રાજવર્ગ એ જન્મોત્સવની ધમાલમાં પડી જાય છે અને પારણા માટે આવેલા તપસ્વીની પરિચર્યા કરવાનું ભૂલી જાય છે. રાજમંદિરમાં કોઈ સત્કાર કરતો ન હોવાથી તપસ્વી આમનો આમ પાછો ફરી જાય છે. પાછળથી રાજાને ખબર પડે છે ત્યારે તે બહુ દુઃખી થાય છે અને દોડતો દોડતો તપસ્વી પાસે જઇ થયેલી ભૂલની માફી માગે છે, અને બીજા માસોપવાસને અંતે પોતાને ત્યાં આવવાની અત્યાગ્રહપૂર્વક વિજ્ઞપ્તિ કરી આવે છે. નિયમ પ્રમાણે તપસ્વી પુનઃ રાજમહેલે પારણાર્થે જાય છે પણ કર્મધર્મના નિયમે એ દિવસે પણ રાજવર્ગને કોઇ વિક્ષિપ્ત કાર્ય ઉપસ્થિત થતાં પૂર્વની માફક જ તપસ્વી અનાદરભાવે પારણું કર્યા વિના પાછો વનમાં આવે છે, અને ત્રીજા માસના ઉપવાસની પ્રતિજ્ઞા લઇ લે છે. એમ ૪ વાર તે તપસ્વી એ રાજાને ત્યાં જાય છે અને પાછો આવે છે. છેલ્લી વખતે તપસ્વીને ખૂબ ક્રોધ થઇ આવે છે અને તેથી તે યાવજ્જીવન અન્નનો ત્યાગ કરી બેસે છે અને રાજા ઉપર અત્યંત દ્વેષ ધારણ કરી જન્મોજન્મ એ વૈરનો બદલો વાળવાની કોઈ શક્તિ મળે તેવું નિદાન કરી પોતાની સર્વ તપઃસંપત્તિ તે માટે હારી બેસે છે. એમ એ બંને આત્માઓ વચ્ચે વૈર બંધાય છે. તે પછી દરેક જન્મમાં તે જુદા જુદા સંબંધે જોડાય છે અને અગ્નિશર્મનનો આત્મા ગુણસેનના આત્માને જુદી જુદી રીતે હેરાન કરી પોતાની વૈરવૃત્તિને સંતોષે છે. આમ નવ ભવ સુધી તેમનો વિરોધભાવ ચાલુ રહે છે, અને છેલ્લા ભવમાં ગુણસેનનો આત્મા ઉત્કર્ષ પામતો પામતો આખરે મુક્તિ મેળવે છે અને અગ્નિશર્મનનો આત્મા અધોગતિ પામે છે.

આ કથાવસ્તુને મુખ્ય કરી હરિભદ્રે જૈન સિદ્ધાંત પ્રમાણે કામ, ક્રોધ, લોભ, મોહ, ઇર્ષ્યા, દ્વેષ, આદિ દુર્ગુણોને વશીભૂત થએલો આત્મા કેવી કેવી હીન દશા પામી જગતમાં રઝળે છે; અને અહિંસા, સંયમ, તપ, ક્ષમા, દાન, વગેરે સદ્‌ગુણોના આચરણથી જીવાત્મા કેવી રીતે આધ્યાત્મિક વિકાસ સાધે છે, તેનાં કાલ્પનિક ચરિત્રો ઘણી ઉત્તમ રીતે આલેખી બતાવ્યાં છે.

હરિભદ્રસૂરિની આ કથા મુખ્ય પ્રાકૃત ભાષામાં-જૈન મહારાષ્ટ્રીમાં જ રચાએલી છે. પણ ક્વચિત્ કેટલાંક રૂપો શૌરસેનીનાં પણ વાપરેલાં છે. કથા સામાન્ય રીતે ગદ્યમાં લખાએલી છે, પણ વચ્ચે વચ્ચે વિરલ પદ્યો પણ વાપરેલાં છે. પદ્ય ભાગ ઘણો ખરો આર્યાછંદોનો છે અને થોડાંક બીજાં છંદો પણ છેઃ જેવાં કે પ્રમાણી, દ્વિપદી, વિપુલા, વગેરે. રચનાશૈલી સરલ અને સુબોધ છે. પાદલિપ્તની તરંગવતી જેવી વર્ણનોથી અને અલંકારોથી ભરેલી નથી. વાક્યો બહુ જ ટૂંકાં, લાંબા સમાસોથી રહિત અને પ્રવાહબદ્ધ એક પછી એક ચાલ્યાં આવે છે, અને કથાની વિગત વેગ ભરી રીતે આગળ વધે જાય છે. જ્યાં પ્રસંગ આવે છે ત્યાં થોડાક અલંકારો પણ નજરે પડે છે. સહજસ્ફુરિત ઉપમાઓ અને અનાયાસ સૂચિત શબ્દાવલીની ઝમક પણ કયાંક કયાંક મળી આવે છે, પણ સમુચ્ચય કથાપ્રવાહ, ગંગાના શાંત પ્રવાહની માફક સ્થિર અને સૌમ્ય ભાવે પોતાના લક્ષ્ય તરફ વહ્યો જાય છે. પ્રાકૃત ભાષાનો સાધારણ અભ્યાસી પણ એની ભાષા સમજી શકે છે અને એ જ કારણથી એ કથા આજસુધી સારી રીતે પ્રચારમાં રહી શકી છે.

### ઉદ્યોતન સૂરિની કુવલયમાલા કથા

હરિભદ્ર સૂરિની કથા અનંતર જ પ્રસ્તુત કુવલયમાલા કથાનું સ્થાન આવે છે તેથી, તેમ જ એ બંને સૂરિઓ વચ્ચે ગુરુ-શિષ્યનો સંબંધ હતો તેથી પણ, કુવલયમાલાના પરિચય પહેલાં સમરાદિત્ય

Aho ! Shrutgyanam

આનો વિસ્તૃત પરિચય આપવો આવશ્યક હતો. હરિભદ્રની કથાની રચના સમજ્યા પછી ઉદ્યોતન સૂરિની કથારચના સમજવી ઘણી સરલ થઇ પડશે. ઉદ્યોતન સૂરિને પોતાની કથાની સ્ફૂર્તિ હરિભદ્ર-સૂરિની કથાપરથી જ થઈ હોવી જોઇએ એમ બંનેની સરખામણી કરતાં સ્પષ્ટ સમજાય છે.

**કુવલયમાલાની લિખિત પ્રતિઓ**

ઉદ્યોતનસૂરિની મૂળ પ્રાકૃત કુવલયમાલાકથાની જૂની પ્રતિઓ અદ્યાપિ બે કરતાં વધારે જાણ્યામાં આવી નથી. એમાંની એક પૂનાના રાજકીય ગ્રંથ સંગ્રહમાં અને બીજી જેસલમેરના જૈન ભંડારમાં સંરક્ષિત છે. પૂનાની પ્રતિ કાગળ ઉપર લખેલી છે અને તે ૧૫ મા સૈકાની આસપાસમાં ઊતારેલી સંભવે છે. એ ઊતારો અસલની કોઇ જૂની તાડપત્રની પ્રતિ ઉપરથી થયેલો હોય તેમ લાગે છે. જેસલમેરની પ્રતિ તાડપત્ર ઉપર લખેલી છે અને તેની લખ્યા સાલ 'संवत् ११३९ फाल्गु (ण) वदि १ रवि दिन' છે. આ બંને પ્રતિઓમાં પરસ્પર કેટલાક ઘણા મહત્ત્વના પાઠભેદો છે તેથી બંનેની મૂળ પરંપરા પ્રારંભથી જ પ્રથક્ પ્રથક્ હોય એમ લાગે છે. એ પાઠભેદો કોઇ બીજાના હાથે નહિ પણ ખુદ ગ્રંથકારના પોતાના હાથે જ થએલા હોય તેવા છે, અને તેમાં કેટલાક તો જેમને ખાસ ઐતિહાસિક દૃષ્ટિએ બહુ જ મહત્ત્વના કહી શકીએ તેવા છે.

આચાર્ય હરિભદ્રસૂરિના સમય માટે પરંપરાથી ચાલ્યા આવતા ઉલ્લેખ વિષે જર્મનીના પ્રસિદ્ધ સંસ્કૃત વિદ્વાન્ ડૉ. હર્મન યાકોબીએ પહેલવહેલી શંકા ઉપસ્થિત કરી અને કેટલાક ઊહાપોહને અંતે પોતે સંપાદિત કરેલી સિદ્ધર્ષિની અદ્‌ભુત સંસ્કૃતકથા उपमितिभवप्रपंचा नी प्रस्तावनामां (सन् १९१३ नी आसपास) તેમણે નિર્ણય આપ્યો કે હરિભદ્ર એ સિદ્ધર્ષિના ધર્મોપદેશક ગુરુ હોઇ તે બંને સમકાલીન હતા, અને તેમનો સમય સિદ્ધર્ષિના લખ્યા પ્રમાણે વિક્રમની ૧૦ મી શતાબ્દિનો મધ્યભાગ માનવો જોઇએ. પરંપરાના કથન પ્રમાણે તેમનો સમય વિક્રમના ૬ ઠ્ઠા સૈકાનો ઉત્તરકાળ આવે છે, પરંતુ એક તો હરિભદ્રસૂરિના પોતાના ઉલ્લેખોથી જ એ સમય બાધિત થાય છે, અને બીજું સિદ્ધર્ષિ તેમને પોતાના ધર્મગુરુ તરીકે ઉલ્લેખે છે, તેથી પરંપરાગત કથન પ્રમાણભૂત માની શકાય તેમ નથી: એ એમની મુખ્ય દલીલ હતી. મને પોતાને, હરિભદ્ર પોતેજ પોતાના ગ્રંથોમાં ધર્મકીર્તિ વગેરે ૭ મા સૈકામાં થઈ ગએલા વિદ્વાનોના ઉલ્લેખો કરતા હોવાથી તે પહેલાં તો એ ન હોઇ શકે: એ વાત જેટલી નિશ્ચિત ભાસતી હતી, તેટલી, સિદ્ધર્ષિના સમકાલીન જેવા છેક ૧૦ મા સૈકામાં તે થયા હતા તે વાત, વિશ્વસનીય જણાતી ન હતી. તેથી હરિભદ્રના સમયના નિર્ણયમાં સહાયભૂત થાય તેવા જેટલા ઉલ્લેખો મળે તે બધા ભેગા કરવાનો મેં પ્રયત્ન કરવા માંડ્યો. પ્રભાવક ચરિત્રમાં આપેલી સિદ્ધર્ષિની હકીકત વાંચતાં તેમાં દાક્ષિણ્ય ચિન્હસૂરિ અને તેમની કુવલયમાલા કથાનો ઉલ્લેખ જોવામાં આવ્યો. તેથી કદાચિત્ એ કથામાં સિદ્ધર્ષિ કે હરિભદ્રના સંબંધમાં કાંઇ લખેલું મળી આવે, એવા વિચારથી મને એ કથા જોવાની જીજ્ઞાસા થઇ.

૧૪ મા સૈકામાં થએલા રત્નપ્રભસૂરિ નામના આચાર્યે દાક્ષિણ્યચિન્હસૂરિની મૂળ પ્રાકૃત કથા ઉપરથી સારરૂપે સંક્ષિપ્ત જે સંસ્કૃત કુવલયમાલા રચેલી છે તેનું મુદ્રણકાર્ય સં. ૧૯૭૧-૭૨ ના અરસામાં મુનિવરશ્રી ચતુરવિજયજી મહારાજે વડોદરામાં આરંભેલું. તે સમયે પ્રસ્તુત લેખકની પણ ત્યાં જ સ્થિતિ હતી. સંસ્કૃત કુવલયમાલાના કર્ત્તાએ પ્રારંભમાં પૂર્વના કવિઓનાં જે કેટલાંક નામો આપેલાં તેમાં હરિ-ભદ્રસૂરિનું નામ પણ દૃષ્ટિગોચર થયું. પણ એથી એ કંઇ ખુલાસો નહોતો થતો કે મૂળ પ્રાકૃત કથા કોણે અને કયારે રચી છે, અને તેમાં હરિભદ્રસૂરિનું નામ છે કે નહિ, અને છે તો તે કેવા સ્વરૂપમાં છે, વગેરે વગેરે. ડૉ. હર્મન યાકોબી, પ્રભાવકચરિત્રમાં કરેલા એ ગ્રંથ સંબંધી ઉલ્લેખનો અર્થ કાંઈ જુદો જ સમજ્યા હતા, અને તેથી તેમણે उपमितिभवप्रपंचाकथानी प्रस्तावनामां लख्युं हतुं के—"प्रभावक चरित्र, १४, ८९ मां लख्या प्रमाणे सिद्धर्षिए कुवलयमाला कथा रचेली छे, पण जुदा जुदा

Aho ! Shrutgyanam

ગ્રંથકારોની કરેલી એ કથાની જે હસ્તલિખિત પ્રતિઓ કેટલાક ગ્રંથ ભંડારોમાં મળી આવે છે તેમાં સિદ્ધર્ષિની કરેલી એકે જણાતી નથી." (પૃ. ૧૨, કલકત્તા આવૃત્તિ)

આથી મૂળગ્રંથ જોવાની જીજ્ઞાસા વધારે ઉત્કટ થઈ. પૂનાના રાજકીય સંગ્રહમાં પણ કોઇ કુવલય-માલાની પ્રતિ છે એમ જાણ થતાં, વડોદરાની સેંટ્રલ લાયબ્રેરીવાળા સદ્‌ગત સાક્ષર શ્રી ચીમનલાલ ડાહ્યાભાઇ દલાલ મારફત તે પ્રતિ મંગાવવામાં આવી. જોતાંની સાથે જ જણાયું કે એ જ અસલ ઉદ્યોતનસૂરિની કુવલયમાલા છે. આદિ-અંતનો ભાગ તપાસતાં તેમાંથી પ્રશસ્તિ વગેરે પણ મળી આવી, રચ્યાની સાલ પણ મળી આવી, કર્ત્તાની ગુરુપરંપરા પણ જડી આવી, હરિભદ્રસૂરિના વિષેનો ઉલ્લેખ પણ ઉપલબ્ધ થયો, અને તેમાંથી સમરાદિત્ય ચરિત્રની પ્રશંસા પણ અવગત થઈ. એ ઉપરથી એટલો નિશ્ચય તો તે વખતે જ થયો કે સમરાદિત્યના કર્ત્તા પ્રસિદ્ધ હરિભદ્રસૂરિ સિદ્ધર્ષિના સમકાલીન ૧૦ મા સૈકામાં તો નથી જ થયા. તેઓ કુવલયમાલાની રચના સાલ જે શક સંવત્ ૭૦૦ (વિક્રમ ૮૩૫ અને ઈ. સ. ૭૭૯) છે તે પૂર્વે કોઈ પણ વખતે થયા હોવા જોઇએ. પૂર્વે એટલે કયારે તેનો નિર્ણય તે વખતે કરી શકાયો નહોતો. તે વિચાર પાછળથી સ્ફુટ થયો હતો. જ્યારે પૂનાની પ્રથમ પ્રાચ્યવિદ્યા વિદ્વત્પરિષદ્ ભરાણી ત્યારે. એ પરિષદ્‌માં વાંચવા માટે મેં **'હરિભદ્રનો સમય નિર્ણય'** એ જ વિષયનો નિબંધ લખવો પસંદ કર્યો. કારણ કે ત્યાં હરિભદ્રના અને બીજા ઘણા ગ્રંથોનો વિશાલ સંગ્રહ સન્નિકટ હતો.

હરિભદ્રના એ સમય નિર્ણાયક નિબંધના આલેખન વખતે કુવલયમાલાનું સાંગોપાંગ નિરીક્ષણ કરવાનો અવસર મળ્યો, અને તેથી એની રચના, શૈલી, ભાષા, અને તત્કાલીન ઐતિહ્ય પરિસ્થિતિ વગેરે અનેક દૃષ્ટિએ એમાં સમાએલી સામગ્રી તરફ માર્‌ લક્ષ ખેંચાયું. એ નિબંધમાં જ મેં એક ખાસ ટિપ્પણી લખી, એના વિષયમાં આ પ્રમાણે લખ્યું હતું કે—

"આ કથા પ્રાકૃત સાહિત્યમાં એક અમૂલ્ય રત્ન સમાન છે. ખેદની બાબત એ છે કે આવા ઉત્તમ અને મહત્વના ગ્રંથતરફ આજસુધી કોઇ શોધક વિદ્વાનની દૃષ્ટિ ગઈ નથી. આની એક હસ્ત-લિખિત પ્રતિ ડેક્કન કૉલેજમાં સુરક્ષિત મુંબઈ સરકારના સુપ્રસિદ્ધ ગ્રંથસંગ્રહમાં સંગ્રહાએલી છે. આ કથા ચંપૂના ઢંગની છે. આની રચનાશૈલી બાણની કાદંબરી કે ત્રિવિક્રમ કવિની દમયંતી કથા જેવી છે. કાવ્યચમત્કૃત્તિ ઉત્તમ પ્રકારની અને ભાષા ઘણી જ મનોરમ છે. પ્રાકૃત ભાષાના અભ્યાસીઓ માટે તો આ એક અનુપમ ગ્રંથ છે. એ કથામાં કવિએ કૌતુક અને વિનોદને વશીભૂત થઇ મુખ્ય પ્રાકૃત-ભાષા સિવાય અપભ્રંશ અને પૈશાચી ભાષામાં પણ કેટલાંએક વર્ણનો કરેલાં છે જેમની ઉપયોગિતા ભાષાશાસ્ત્રીઓની દૃષ્ટિએ ઘણી જ વધુ છે. અપભ્રંશ ભાષામાં લખેલાં આટલાં જૂનાં વર્ણનો અદ્યાવધિ બીજે ક્યાંયે પ્રાપ્ત થયાં નથી. તેથી એ દૃષ્ટિએ વિદ્વાનો માટે આ એક બહુ મહત્ત્વની વસ્તુ છે. આ કથાનો વિસ્તૃત પરિચય અમે એક સ્વતંત્ર લેખવડે આપવાનો વિચાર રાખીએ છીએ." (જુઓ, જૈન સાહિત્ય સંશોધક, પ્રથમ ખંડ-પ્રથમ અંક, પૃષ્ઠ ૪૩)

લગભગ ૧૦ વર્ષ ઉપર કરી રાખેલા એ વિચારને વ્યવહારમાં મૂકવાનો આજે યોગ આવ્યો છે.

## કથાકર્તા ઉદ્યોતનસૂરિનો પરિચય

ઉદ્યોતનસૂરિએ પોતાની ગુરુપરંપરા તથા કથારચનાનાં સમય અને સ્થળ ઇત્યાદિનો સારો પરિચય પોતે જ કથાના અંતભાગમાં ઠીક વિગતપૂર્વક આપેલો છે જે ઇતિહાસની દૃષ્ટિએ ઘણો જ મહત્ત્વનો ગણાય. આપણા દેશના પ્રાચીન ગ્રંથકારોમાંથી આ રીતનો પોતાનો પરિચય ઘણા જ થોડા-ઓએ આપ્યો છે અને તેથી આપણા સાહિત્યના ઇતિહાસની સાંકળો, ઘણા ઘણા પ્રયત્નો કર્યા છતાં પણ બરાબર બંધબેસતી થતી નથી. જે જમાનાના સેંકડો ગ્રંથકર્ત્તાઓ પોતાની અમરકૃતિઓને અંતે

Aho ! Shrutgyanam

પોતાનું પૂરું નામ પણ આપવાની દરકાર રાખતા નથી તે જ જમાનાનો એક કથાકાર આ રીતે પોતાની જાતને ઓળખાવવા ખાતર પોતાનાં કુળ, વંશ, ગુરુ, સમય અને સ્થળ આદિનો રીતસર ઉલ્લેખ કરવાની જે પસંદગી કરે છે તેને, તેની ઐતિહાસિક વૃત્તિની નિર્દેશક સમજવી જોઇએ.

તે પોતાનો પરિચય આ પ્રમાણે આપે છે—

(१) * अत्थि पुहईपसिद्धा दोण्णि पहा दोण्णि चेय देस त्ति।
तत्थत्थि पहं णामेण उत्तरावहं बुहजणाइण्णं ॥ ×

(२) सुइदिअचारुसोहा विअसिअकमलाणणा विमलदेहा।
तत्थत्थि जलहिदइआ सरिआ अह चंदभाय त्ति ॥

(३) तीरम्मि तीय पयडा पव्वइया णाम रयणसोहिल्ला।
जत्थत्थि ठिए भुत्ता पुहइं सिरितोररायेण × ॥

(४) तस्स गुरू हरिउत्तो आयरिओ आसि गुत्तवंसाओ।
तीय णयरीय दिण्णो जेण णिवेसो तहिं काले ॥

(५) तस्स वि सिस्सो पयडो महाकई देवउत्तणामो त्ति।[1]
.... .... सिवचंद गणी य मयहरो त्ति (?) ॥[2]

(६) सो जिणवंदणहेउं कहवि भमंतो कमेण संपत्तो।[3]
सिरिभिल्लमालणयरम्मि संठिओ कप्परुक्खो व्व ॥

(७) तस्स खमासमणगुणा णामेणं जक्खयत्तगणिणामो।
सीसो महइ महप्पा आसि तिलोए वि पयडजसो ॥

---

* મેં ઉપર કુવલયમાલાની પ્રતિઓની ઉપલબ્ધિની બાબતમાં લખ્યું છે કે એ ગ્રંથની અદ્યાપિ માત્ર બે જ અસલ પ્રતો જાણવામાં આવી છે અને તે બંનેમાં ફેરફારોક મહત્ત્વનો પાઠભેદ છે. એ પાઠભેદ આ પ્રશસ્તિના ભાગમાંયે સ્પષ્ટ જણાઇ આવે છે અને તેથી આ સ્થળે એ પાઠાંતરો નોંધવાની આવશ્યક ફરજ પડી છે. સંક્ષિપ્ત નિર્દેશની ખાતર જેસલમેરવાળી તાડપત્રની પ્રતિને સર્વત્ર J સંજ્ઞા આપું છું અને પૂનાની પ્રતિને P સંજ્ઞા આપું છું.

× P માં આ પ્રારંભની બંને ગાથા નથી. એમાં ૩ જી ગાથાથી પ્રશસ્તિનો પ્રારંભ કરેલો છે અને તેનો પ્રથમ પાદ J કરતાં જૂદા જ પ્રકારનો છે; અર્થાત્ તે આ પ્રમાણે છે—

'अत्थि पयडा पुरीणं'। P तोरमाणेण।

१ P માં આ ગાથાર્દ્ધની જગ્યાએ નીચે પ્રમાણે આખી ગાથા છે—
[ तस्स ] बहुकलाकुसलो सिद्धान्तवियाणओ कई दक्खो।
आयरिय देवगुत्तो ज[ स्स ]जावि विजरए कित्ती ॥

२ J માં આ ગાથાર્દ્ધ ખંડિત છે. P માં તે નીચે પ્રમાણે છે—
सिवचन्दगणी अह महयरो त्ति सो एत्थ आगओ देसा।

३ આ ગાથાર્દ્ધ P માં નથી.

Aho ! Shrutgyanam

(८) तस्स य बहुया सीसा तववीरिअवयणलद्धिसंपण्णा ।[४]
रम्मो गुज्जरदेसो जेहिं कओ देवहरएहिं ॥

(९) णागो विंदो मम्मड दुग्गो आयरियअग्गिसम्मो य ।
छट्ठो वडेंसरो छम्मुहस्स य (व?) अणस्स ते आसि ॥[५]

(१०) आगासवप्पण[य]रे जिणालयं तेण णिम्मवियं रम्मं ।[६]
तस्स मुहदंसणे च्चिय अवि पसमइ जो अठभत्थो (व्वो) वि ॥[७]

(११) तस्स वि सीसो अन्नो तत्ताअरिओ त्ति णाम पयडगुणो ।[८]
आसि तवतेयणिज्जियपविगयमोहो[९] [ दिणयर व्व ] ॥

(१२) [ जो दूसमसलिलपवाहवेगहीरन्तगुणसहस्साण ][१०]
सीलंगविउलसालो लक्खणरुक्खो व्व निक्कंपो ॥[११]

(१३) सीसेण तस्स एसा हिरिदेवीदिण्णदंसणमणेण ।
रइया कुवलयमाला विलसियदक्खिण्णइन्धेण ॥

(१४) दिण्णजहिच्छियफलओ बहुकित्तीकुसुमरेहिराभोओ ।
आयरियवीरभद्दो अत्थावरो [१२] कप्परुक्खो व्व ॥

(१५) सो सिन्धन्तेण गुरू; जुत्तीसत्थेहि जस्स हरिभद्दो ।
बहुसत्थगंथवित्थरपत्थारियपयडसच्चत्थो ॥[१३]

---

४ P तववीरियलद्ध( द्धि ) चरणसंपण्णा।

५ P માં આખી ગાથા નથી. ६ P માં આ ગાથાર્દ્ધ આ પ્રમાણે છે-

आगासवप्पनयरे वडेसरो आसि जो खमासमणो।

७ P अहव्वो वि. ८ P માં ગાથાર્દ્ધ આ પ્રમાણે-

तस्स य आयारधरो तत्तायरिओ त्ति नामसारगुणो।

९ J માં આ ગાથાર્દ્ધ ખંડિત છે. P માં નીચે પ્રમાણે પૂર્ણ છે-

आसि तवतेयानिज्जियपावतमोहो दिणयर व्व।

१० J માં આ ગાથાનું પૂર્વાર્દ્ધ પડી ગએલું છે, તે P માંથી અહિં ઉતારી લીધું છે.

११ P लग्गणखंभो व्व निक्कंपो। १२ P अवावरो।

१३ હરિભદ્રસૂરિના સમયનિર્ણયમાં મને આ જ ગાથા મુખ્ય આધારભૂત થએલી છે. P પ્રતિમાં આ ગાથા જરા પાઠભેદ અને કાંઇક ખંડિતરૂપની છે. એમાં એનો પાઠ આ પ્રમાણે છે-

सो सिद्धन्तगुरु पमाणनाएण जस्स हरिभद्दो
भ(व)हुगन्थसत्थवित्थरपयडसव्वत्थो।

છન્દના માપથી જોતાં આ ગાથા અપૂર્ણ લાગે છે અને તેથી એનો સ્પષ્ટ અર્થાવબોધ થતો નથી. વિચાર કરતાં મને લાગ્યું કે આના પ્રથમ પાદનો સંબંધ ઉપરની ગાથામાં બતાવેલા વીરભદ્રસૂરિ સાથે હોવો જોઈએ

Aho ! Shrutgyanam

(१६) आसी तिकम्माभिरओ महादुवारम्मि खत्तिओ पयडो ।
उज्जोअणो त्ति णामं तच्चिअ परिभुंजिरे तइआ ॥[१४]

(१७) तस्स वि पुत्तो संपइ णामेण वडेसरो त्ति पयडगुणो ।[१५]
तस्सुज्जोअणणामो तणओ अह विरइया तेण ॥

(१८) तुंगमलंघं जिणभवणमणहरं सावयाउलं विसमं ।
जाबालिपुरं[१६] अट्ठावयं व अह अत्थि पुहईए ॥

(१९) तुंगं धवलं मणहारिरयणपसरंतधयवडाडोवं ।
उसहजिणिंदायतणं करावियं वीरभद्देण ॥

(२०) तत्थट्ठिएण अह चोद्दसीए चेत्तस्स कण्हवक्खम्मि ।
णिम्मविआ बोहिकरी भव्वाणं होउ सव्वाण ॥

---

અને બાકીનાં ત્રણે પદો હરિભદ્રસૂરિના વિષેનાં હોવાં જોઇએ. એ કલ્પના પ્રમાણે મેં એનો સંપૂર્ણ પાઠ આ પ્રમાણે કલ્પ્યો હતો–

सो सिद्धन्त[म्मि] गुरु(रू); पमाणनाएण(अ) जस्स हरिभद्दो ।
बहुगन्थसत्थवित्थरपयड [समत्तसुअ] सव्वत्थो ॥

(જુઓ, જૈન સાહિત્ય સંશોધક, ખંડ ૧, અંક ૧, પૃ. ૫૨)

મારા આ રીતે પૂરેલા પાઠને ડૉ. હર્મન યાકોબીએ પણ અર્થસંગત ગણ્યો છે અને તેની નોંધ સમરાદિત્ય કથાની પ્રસ્તાવનામાં તેમણે આ પ્રમાણે લીધી છે–

The passage in which Haribhadra is referred to, is corrupt as is shown by the metre. In the Ms. of the Deccan College, the only that seems to be available, it runs thus: सो सिद्धन्त० (ઉપરની જેમ). Muniraj Jinavijaya has satisfactorily emended the text and supplied the missing syllables as follws-सो सिद्धन्तगुरु (આખી ગાથા ઉપરની જેમ). The first Pada is connected with the preceeding verse which eulogises Uddyotan's teacher Virabhadra: and the following verse names his father Vatesvara who was a Ksatriya and became a Ksamasramana-

મને એ જોઇને આનંદ થયો કે જેસલમેરની પ્રાચીન પ્રતિમાં મારા કલ્પિત પાઠને જ મળતો અને મેં ધેસાડેલા અર્થને જ પ્રકટ કરતો સંપૂર્ણ પાઠ મળી આવ્યો છે.

જેસલમેરની પ્રતિના ફોટોગ્રાફ્સ્ હમણાં જ પૂજ્યશ્રી કાંતિવિજયજી મહારાજે બહુ પ્રયાસ કરાવીને લેવડાવ્યા છે, અને તેની એક નકલ મને સૌથી પ્રથમ જોવા મળે તેવી સગવડ તેઓશ્રીએ જે ઉદારતાપૂર્વક કરી આપી છે તે બદલ હું તેમનો આભાર માનું છું. જેસલમેરની પ્રતિમાંથી જ જાબાલિપુર અને ત્યાંના રાજા વત્સરાજને લગતી ગાથા મળી આવી છે જેની ઉપયોગિતા આગળ ઉપર તે રાજા માટે લખવામાં આવેલી વિગતપરથી સમજાશે.

૧૪ P માં આ ગાથા મુદ્દલ નથી.

૧૫ P માં આ ગાથાર્દ્ધની જગ્યાએ નીચે પ્રમાણેનું ભિન્ન ગાથાર્દ્ધ છે

राया[य] खत्तियाणं वंसे जाओ वडेसरो नाम ।

૧૬ P માં આ અગત્ય ધરાવતું નગરનું નામ પડી ગએલું છે.

Aho ! Shrutgyanam

(२१) परमडभिउडिभंगो पणईयणरोहणीकलाचंदो ।
सिरिविच्छरायणामो णरहत्थी पत्थिवो जइआ ॥[१७]

(२२) को किर वच्चइ तीरं जिणवयणमहोअहिस्स दुत्तारं ।
थोअमइणा वि बद्धा एसा हिरिदोवियणेण ॥[१८]

(२३) जिणवयणाओ जं णं अहियं व विरुद्धयं व जं बद्धं ।
तं खमसु संठवेज्जसु मिच्छा अह दुक्कडं तस्स ॥[१९]

(२४) चंदकुलावयवेणं आयरियउज्जोअणेण रइया मे ।
सिवसंतिबोहिमोक्खाण साहिया होउ भवियाण ॥[२०]

(२५) एयं कहं करेउं जं पुण्णं पावियं मए विउलं ।
साहुकिरियासुचित्तं भवे भवे होउ मे तेणं ॥

(२६) सगकाले वोलीणे वरिसाण सएहि सत्तहि गएहिं ।
एगदिणेणूणेहिं रइया अवरण्हवेलाए ॥

(२७) ण कइत्तणाहिमाणो ण कव्वबुद्धीए विरइया एसा ।
धम्मकह त्ति णिबद्धा मा दोसे काहिह इमीए ॥[२१]

**સારાર્થ**—પૃથ્વીમાં પ્રસિદ્ધ એવા બે પથ અને બે જ દેશ છે (દક્ષિણા પથ અને ઉત્તરાપથ). તેમાં ઉત્તરાપથ એ વિદ્વાનોથી ભરપૂર એવો દેશ ગણાય છે.(૧) એ દેશમાં સમુદ્રની પ્રિયતમા જેવી ચંદ્રભાગા નદી વહે છે.(૨) એ નદીના તીર ઉપર પ્રખ્યાત એવી પવ્વઇયા નામે સમૃદ્ધિશાલી નગરી છે જે નગરીમાં રહીને શ્રીતોરરાયે પૃથ્વીનું આધિપત્ય ભોગવ્યું હતું.(૩) એ રાજાના ગુરુ હરિગુપ્ત નામે આચાર્ય હતા જેઓ જાતે ગુપ્તવંશમાં જન્મેલા હતા અને તે કાળે ત્યાં જ વાસ કરીને રહેતા હતા.(૪) તે આચાર્યના દેવગુપ્ત નામે શિષ્ય થયા જેઓ [બહુ કળાકુશલ, સિદ્ધાંતના જ્ઞાતા અને] મહાકવિ હતા. તેમના શિવચંદ્ર ગણી નામે મહત્તર-પદ-ધારક શિષ્ય થયા.(૫) તેઓ જિનવંદન એટલે તીર્થયાત્રા કરવાના હેતુથી ફરતા ફરતા ભિન્નમાલમાં આવીને સ્થિત થયા.(૬) તેમને યક્ષદત્ત ગણી નામે મહાન્ શિષ્ય થયા જેમનો યશ ત્રણે જગત્માં પ્રસરી રહ્યો. (૭) તેમને તપ, વીર્ય, વચન અને લબ્ધિ-સંપન્ન એવા અનેક શિષ્યો થયા જેમણે દેવમંદિરો બનાવરાવી ગૂર્જરદેશને

૧૭–૨૦ આ ચારે ગાથાઓ P પ્રતિમા નથી.

૨૧ આ ગાથા પણ P માં નથી.

Aho ! Shrutgyanam

રમ્ય બનાવ્યો (૮) એ શિષ્યોમાં ણાગ, વિંદ, સમ્મડ, દુગ્ગ, અગ્નિશર્મ અને છઠ્ઠા વડેસર ખાસ મુખ્ય હતા.(૯) વડેસરે અગાસવપ્પ નામના નગરમાં રમ્ય એવું જિનમંદિર બંધાવરાવ્યું.(૧૦) તેમના એક શિષ્ય તત્ત્વાચાર્ય નામે થયા જેઓ તપ અને શીલ આદિના ગુણોથી પૂજ્ય થયા.(૧૧) તેમના જ દાક્ષિણ્યચિન્હ (ઉપનામવાળા) શિષ્યે, હીદેવીના દર્શનના પ્રતાપે આ કુવલયમાલા કથા રચી.(૧૨) ઈચ્છિતફળ આપનાર કલ્પવૃક્ષ જેવા આચાર્ય વીરભદ્ર સૂરિ જેના સિદ્ધાન્તાધ્યાપક ગુરુ છે; અને જેમણે બહુ શાસ્ત્ર અને ગ્રંથનો વિસ્તાર કરી ( ઘણા ગ્રંથો રચી ) સત્યાર્થનો પ્રસાર કર્યો એવા આચાર્ય હરિભદ્ર જેના યુક્તિશાસ્ત્રો શિખવનારા ગુરુ છે.(૧૪–૧૫) ત્રિકર્માભિરત એવો મહાદુવારમાં પ્રસિદ્ધ ઉદ્યોતન નામે ક્ષત્રિય થયો જે ત્યાંનો તાત્કાલીન ભૂમિપતિ હતો.(૧૫) તેનો પુત્ર સંપ્રતિનામે થયો જે વડેસર પણ કહેવાતો,(?) તેનો પુત્ર જે ઉદ્યોતન તેણે જ આ કથાની રચના કરી. (૧૭)

પૃથ્વીમાં અષ્ટાપદ [પર્વત]ની જેમ તુંગ, અલંઘ્ય જિનમંદિરોથી મનોહર, શ્રાવકોથી વ્યાપ્ત અને વિષમ એવું જાવાલિપુર નામનું નગર છે. ત્યાં વીરભદ્રે ઊંચું, ધોળું અને ધ્વજપટથી શોભતું એવું ઋષભજિનનું મંદિર કરાવેલું છે. એ મંદિરમાં રહીને ચૈત્ર કૃષ્ણપક્ષની ચતુર્દશીના દિવસે, ભવ્યજનોને બોધ કરનારી આ કથા પૂર્ણ કરી છે.(૧૯–૨૦)

પર-શત્રુના સુભટોની ભ્રુકુટિઓનો ભંગ કરનાર અને પ્રણયીજનરૂપી રોહણીના માટે ચંદ્રકળા જેવો શ્રીવત્સરાજ નામે નરહસ્તી ત્યારે રાજ્ય કરે છે.(૨૧)

જિનપ્રવચનરૂપી દુસ્તર મહાસાગરનો કોણ પાર પામી શકે તેમ છે. કેવળ હીદેવીના વચનથી અલ્પબુદ્ધિવાળાએ પણ મેં આ કથા કરી છે. તેથી જિનવચનથી જે કાંઇ વિરુદ્ધ કે અધિક લખાયું હોય તો તેનું મિથ્યાદુષ્કૃત થાઓ.(૨૨–૨૩)

ચંદ્રકુલના અવયવભૂત આચાર્ય ઉદ્યોતને આ રચના કરી છે. ભવ્યજનોની મુક્તિની આ સહાયક થાઓ. આ કથા કરવાથી મને જે કાંઇ પુણ્ય પ્રાપ્ત થયું હોય તો તેથી મને જન્મોજન્મ સત્ક્રિયામાં પ્રવર્તનારું મન મળો.(૨૪–૨૫)

શકકાલના સાતસો વર્ષ વ્યતીત થવામાં માત્ર એક દિવસ ન્યૂન હતો તે દિવસે અપરાહ્ણવેળાએ આ કથા સમાપ્ત થઇ છે.(૨૬)

કવિત્વના અભિમાને કે કાવ્યની બુદ્ધિએ આ રચના કરવામાં આવી નથી. ધર્મકથા કહેવાના આશયથી આ કથા નિબદ્ધ કરી છે માટે આનો દોષ ન કાઢશો.(૨૭)

Aho ! Shrutgyanam

ઉદ્યોતનસૂરિના સંબંધમાં તો આ પ્રશસ્તિમાંથી યથેષ્ટ વિગત મળી જ રહે છે પણ તે ઉપરાંત જે બીજી પણ કેટલીક મહત્ત્વની ઐતિહાસિક વિગતો આમાંથી મળી આવે છે તેનું ઉપયોગી વિવેચન અહિં કરવા ઇચ્છું છું. ગૂજરાતમાં પ્રસરેલા જૈનધર્મના પ્રારંભિક ઇતિહાસ ઉપર આ પ્રસસ્તિ ઘણું અજવાળું પાડે છે. અણહિલપુરના શાસનકાલમાં ઉત્કર્ષ પામેલો જૈનધર્મ, મૂળ કઇ બાજુએથી તળ ગૂજરાતમાં પ્રવિષ્ટ થયો અને કયા આચાર્યના સંયમબળે ગૂર્જરભૂમિ જૈનમંદિરોથી મંડિત થઇ એ વિષયનો કેટલોક ખુલાસો આમાંથી મળી આવે છે. જૈનધર્મ પાળનારી બધી વૈશ્ય જાતિઓ–ઓસવાલ, પોરવાડ, શ્રીમાલ વગેરે–નું મૂળ સ્થાન ભિન્નમાલ કેમ છે અથવા ભિન્નમાલથી નીકળેલી એ જાતિઓએ શા કારણથી જૈનધર્મનો સ્વીકાર કર્યો–એ બહુ મહત્ત્વના પ્રશ્નના ઉકેલની દિશા પણ આમાંથી સૂઝી આવે તેમ છે. પણ અહિં એ બધી બાબત ચર્ચવાનો અવકાશ નથી.

આ પ્રશસ્તિમાંથી હિંદુસ્થાનના રાજકીય ઇતિહાસની દૃષ્ટિએ બહુ ઉપયોગી ગણાય એવી એક બાબત મળી આવે છે અને તે ૩ જી ગાથામાં સૂચવેલા રાજા તોરમાણ અગર તોરરાય વિષેની છે. આ તોરમાણ તે બીજો કોઇ નહિં પણ હૂણોના પ્રબલનેતા તરીકે જે ઇતિહાસમાં પ્રસિદ્ધ છે તે જ એ હોવો જોઇએ. ભારતનો જેટલો ઇતિહાસ અદ્યાવધિ પુસ્તકારૂઢ થયો છે તેમાં 'પૃથ્વીભોક્તા' એવા બીજા કોઈ તોરમાણનો નામનિર્દેશ જડતો નથી, તેથી હું આ તોરમાણને હૂણસમ્રાટ્ તોરમાણ જ સમજું છું. અને સ્થાનની દૃષ્ટિએ પણ તે બંનેની એકતા સધાય છે. હિંદના તત્કાલીન ઈતિહાસમાં સમ્રાટ્ તોરમાણ એક મહાન્ સૂત્રધાર છે. ગુપ્તસામ્રાજ્યના સિંહાશનને વિચલિત કરનાર એ વિદેશી વીર મધ્ય એશિયાની મરુભૂમિમાંથી બહાર નીકળી વિક્રમના ૬ ઠા સૈકાની બીજી પચીસીના અરસામાં ભારતમાં પેઠો અને પંજાબ અને દિલ્હીના પ્રદેશનો વિજય કરતો મધ્યભારતની છેક માલવભૂમિ ઉપર વિ. સં. ૫૬૬ ની આસપાસમાં એણે પોતાનો વિજયધ્વજ ઉડતો કર્યો.[૧૯] ભારતની રાજકીય, ધાર્મિક અને સામાજિક પરિસ્થિતિમાં મહાન્ પરિવર્તન ઉપસ્થિત કરનાર એ હૂણાધિપતિનું ભારતીય પાટનગર ક્યાં અને કયું હતું તેનો પત્તો પુરાતત્ત્વવેત્તાઓને હજી લાગ્યો નથી. એના પુત્ર મહાવીર મિહિરકુલની રાજધાની સાકલ (પંજાબમાં આવેલું હાલનું સીયાલકોટ) હતું એ તો કેટલાક પુરાવાઓ ઉપરથી નિર્ણીત થયું છે પણ એના પોતાના નિવાસસ્થાનનો જે કશો પત્તો ન હતો તે આ કુવલયમાલામાંથી મળી આવે છે. આ કથામાં જણાવ્યા પ્રમાણે એની રાજધાની પવ્વઇયા કરીને હતી અને તે ચંદ્રભાગા ( ચિનાબ ) નદીના તીરે વસેલી હતી.

પંજાબના પ્રાંતોના નકશામાં એ સ્થાન ક્યાં આવેલું હોવું જોઇએ તેનો શોધ હવે પુરાવિદોએ કરવાની જરૂર છે. પવ્વઇયા એ પ્રાકૃત નામ છે. એનું સંસ્કૃત રૂપાંતર પાર્વતિકા કે પાર્વતી એવું કાંઇક થાય. એ નામને મળતું સ્થાન પંજાબ-પ્રાંતના નકશામાં દેખાતું નથી તેમજ એ વિષયને લગતાં જે જૂનાં ભૌગોલિક પુસ્તકો છે તેમાં પણ તેનો પત્તો લાગતો નથી. યવનચંગના પ્રવાસ વર્ણનમાં PO-FA-TO અગર PO-LA-FA-TO ( પો-ફ-તો, પો-લ-ફ-તો નામના પંજાબના એક પાટનગરનો ઉલ્લેખ આવે છે.[૨૦] પો-ફ-તો એ ચૈનિક શબ્દનો સંસ્કૃત ઉચ્ચાર પર્વત એવો થાય છે. તો શું એ પર્વત જ તોરમાણની રાજધાની પવ્વઇયા નહિં હોય ? યવનચંગના લખવા પ્રમાણે પો-ફ-તો મુલ્તાનથી ૭૦૦ 'લી' એટલે ૧૧૭ માઇલ ઉત્તર-પૂર્વમાં આવેલું હતું. કનિંગહામ સાહેબે હિસાબ કરીને જોયું તો મુલ્તાનથી બરાબર એ જ દિશામાં અને એટલે જ છેટે ઝંગ નામનું સ્થાન પડે છે જે ચિનાબ ( ચંદ્રભાગા ) નદીને કાંઠે પણ આવેલું છે. પણ બીજી કેટલીક બાબતોની શંકાઓ ઉપસ્થિત કરી કનિંગહામ શોરકોટ નામના સ્થાનને પો-ફ-તો સાથે સરખાવે છે.[૨૧] વીન્સેન્ટ એ સ્મીથ કાશ્મીર રાજ્યનું ઉપનગર જે જમ્મૂ છે તેને પો-ફ-તો કહે છે[૨૨] અને ડૉ. ફ્લીટ આજે અતિ પુરાણસ્થાન તરીકે શોધાએલું હરપ્પા એ જ

Aho ! Shrutgyanam

यवनचंगनुं पो-फ़-तो छे એમ લખે છે.[२३] એ સ્થાન નિર્ણય ગમે તેમ થાય પણ કુવલયમાલાના ઉલ્લેખ ઉપરથી આપણે એટલું તો જાણી શકયા છીએ કે તોરમાણની રાજધાની પવ્વઇયા કરીને હતી અને તે પંજાબમાંની ચંદ્રભાગા નદીને તીરે વસેલી હતી.

જૈનધર્મના ઇતિહાસની દૃષ્ટિએ તો તોરમાણની આ નોંધ યુગાન્તર સૂચવનારી ગણાય. ગુપ્ત સમયમાં જૈનધર્મની શી સ્થિતિ હતી તે જાણવાનું કશું સાધન હજી પ્રકાશમાં આવ્યું નથી. ભારતના એ સુવર્ણયુગમાં જૈનધર્મ કેવા જીવને જીવતો હતો તેની કલ્પના કરવા પુરતુંયે કોઇ સામયિક પ્રમાણ દૃષ્ટિગોચર થતું નથી. જૈનધર્મના એ અંધકારાચ્છન્ન ઇતિહાસ ઉપર પ્રસ્તુત નોંધ એક ઝીણું પણ તીક્ષ્ણ કિરણ ફેંકે છે અને તેના સ્વરૂપની કાંઇક ઝાંખી આપણને કરાવે છે. તોરમાણ જેવા વિદેશી અને વિજયી સમ્રાટ્ના એક જૈનાચાર્ય ગુરુ હોય એ જૈનધર્મના ઇતિહાસ માટે બહુ સૂચક બાબત મનાય. એ ઉપરથી આપણે કલ્પી શકીએ છીએ કે, ગુપ્તસમયમાંયે જૈનસાધુઓ રાજગુરુ થવા જેટલા ગૌરવ-વાળા થતા હતા. તોરમાણના જે ગુરુ હરિગુપ્ત આચાર્ય છે તે ઘણા પ્રભાવશાળી વ્યક્તિ જણાય છે. કારણ કે તેમને ગુપ્તવંશી કહ્યા છે. ગુપ્તવંશી રાજાઓ સામાન્યરીતે વિષ્ણુના ઉપાસક હતા; પણ તેમાંના કેટલાકે બૌદ્ધધર્મ પ્રતે પણ વિશિષ્ટ સદ્ભાવ બતાવ્યો હતો. ફાહીયાન અને યવનચંગના પ્રવાસવૃત્તાંતો ઉપરથી તેમ જ તત્કાલીન પ્રશસ્તિલેખો ઉપરથી આ બાબતની વિગતો જાણી શકાઇ છે. પરંતુ જૈનધર્મ તરફ તે રાજાઓનું કેવું વલણ રહેતું હતું તેની કશી નોંધ બહાર આવી નથી. એ દૃષ્ટિએ પ્રસ્તુત નોંધ એક મહત્ત્વના ઉલ્લેખ યોગ્ય ગણાય. આચાર્ય હરિગુપ્તને જે ગુપ્તવંશી તરીકે ઉલ્લેખ્યા છે, તેનો સ્પષ્ટ-ભાવ જાણવા માટે તો કોઇ પ્રમાણાંતર આપણી પાસે નથી કે જેથી એનો ખુલાસો કરી શકીએ કે હરિગુપ્તસૂરિનો જે ગુપ્તવંશમાં જન્મ થએલો તે કોઇ રાજવંશ હતો કે સામાન્યવંશ હતો. પણ જૈન સાધુઓની જે એક સદાની એવી પદ્ધતિ ચાલી આવે છે, કે કોઇ વિશિષ્ટ કુલ અગર વંશમાં જન્મેલો પુરુષ જૈન દીક્ષા લે છે તો તેના તે કુળ-વંશને તેઓ બહુ કાળજીપૂર્વક નોંધી રાખે છે અને બીજા સામાન્યજનોને ધર્મોપદેશ કરતી વખતે, પોતાના ધર્મ અને સંપ્રદાયના ગૌરવનિર્દેશની ખાતર, તેનો યથા-યોગ્ય ઉપયોગ કરતા રહે છે. આ ઉપરથી જો આવું અનુમાન કરાય કે, લગભગ ત્રણ સૈકા પછી થએલા ઉદ્યોતનસૂરિ પોતાની સાતમી પેઢીએ થએલા પૂર્વજના કુળની જે ખાસ નોંધ કરે છે તે કુળ અવશ્ય મહત્ત્વ ધરાવનારું હોવું જોઇએ તો તે અનુમાન ઉપેક્ષણીય તો ન જ કહેવાય. તેમ જ તોરમાણ જેવો બલવાન્ સમ્રાટ્ જેને ગુરુ તરીકે માન આપે તે વ્યક્તિ કુળશીલ આદિએ બહુ જ ધ્યાન ખેંચે તેવી ન હોય તો તેવો યોગ બનવો સુસંભવિત નથી. ગુપ્તવંશમાંના રાજપુરુષો જેવી પ્રધાન વ્યક્તિઓ પણ જૈન મુનિદીક્ષાનો સ્વીકાર કરે એ વાત જરા અશ્રુતપૂર્વ જેવી લાગે છે ખરી પણ તે અસંભવિત નથી એમ કહેવાને માટે બીજું પણ એક પ્રમાણ આપણને એ જ કુવલયમાલામાંથી મળે છે. આપણે આગળ જોઇશું કે પ્રસ્તાવનાના ભાગમાં જ્યાં પૂર્વકવિઓની પ્રશંસા કરેલી છે તેમાં એક દેવગુપ્ત નામના કવિની પણ સ્તુતિ છે. એ દેવગુપ્તને 'ગુપ્તવંશના રાજર્ષિ' (वंसे गुत्ताण रायरिसी) કહીને સંબોધ્યા છે. 'રાજર્ષિ' પદ કોને લગાડવામાં આવે છે એ આપણે જાણીએ જ છીએ. તેથી એમ કહી શકીએ છીએ કે એ દેવગુપ્ત અવશ્ય ગુપ્તવંશમાંના કોઇ રાજપુરુષ છે. એમના વિષયમાં અન્ય કોઈ વિશેષ સૂચન એ સ્તુતિમાંથી મળતું નથી. માત્ર એ ત્રિપુરુષ ચરિત્રના કર્તા છે એટલું જ વધારે કહેવામાં આવ્યું છે. પણ, આચાર્ય હરિગુપ્તના શિષ્ય જે દેવગુપ્ત છે તે જ તે હોય તેમ મને લાગે છે. કારણ કે આપણે ઉપર જોઇ ગયા તેમ ઉદ્યોતનસૂરિએ હરિગુપ્તશિષ્ય દેવગુપ્તને 'મહાકવિ' કહ્યા છે. એ 'મહાકવિ' વિશેષણ અવશ્ય સાભિપ્રાયવાળું હોવું જોઇએ. તેથી એ બંને

Aho ! Shrutgyanam

કવિત્વ ગુણધારક દેવગુપ્ત નામો એક જ વ્યક્તિના અનુમાનાય તો તે પ્રમાણ બાધક ગણાય તેમ નથી. હરિગુપ્ત આચાર્ય જાતે ગુપ્તવંશના એક પ્રતિષ્ઠિત વ્યક્તિ હોય અને તેમની પાસે દેવગુપ્ત નામના કોઇ ગુપ્તવંશી રાજપુરુષ દીક્ષા લે તે ઐતિહાસિક દૃષ્ટિએ અઘટમાન વસ્તુ નથી. અલબત્ત, આ બધી વિગત માટે વધારે નિશ્ચિત સમસામયિક પ્રમાણોની આવશ્યકતા છે; કેવળ આટલા જ ઉલ્લેખ ઉપર કોઈ ઇતિહાસ સમ્મત નવી ઇમારત ચણી ન શકાય. છતાં આ ઉલ્લેખની આવી કોઇ ઇમારતના પાયા માટેની યોગ્યતા છે એ તો આપણે કબૂલ કરવું જ જોઇએ.

જ્યારે આ વિષયમાં આટલે સુધી પહોંચ્યા છીએ તો વળી એક પગલું આગળ પણ ભરી લઇએ અને ગુપ્તવંશની નામાવલીમાં આ નામનો ક્યાંયે કોઈ અવશેષ વગેરે દેખાય છે કે કેમ તે પણ જરા જોઇ લઇએ. ગુપ્તોના ઇતિહાસને લગતા જે ખાસ ખાસ લેખો આજસુધીમાં મળી આવ્યા છે તેમાં તો હરિગુપ્ત નામ મળતું નથી. પણ કનિંગહામ સાહેબને સને ૧૮૯૪માં અહિચ્છત્રમાંથી એક તાંબાનો શિક્કો મળી આવ્યો હતો જેની એક બાજુએ પુષ્પસહિત કળશ છે અને બીજી બાજુએ श्रीमहाराज हरिगुप्तस्य આવું વાક્ય આલેખેલું છે.૨૪ અક્ષરોની આકૃતિ ઉપરથી અને નામની સરખામણી ઉપરથી આ શિક્કો કોઈ ગુપ્તવંશી રાજાનો જ હોવો જોઇએ એમ નિષ્કવિદ્યાનિષ્ણુતોનું મંતવ્ય છે. આ હરિગુપ્તનો ગુપ્તવંશના કયા પુરૂષો સાથે પૂર્વાપરનો સંબંધ છે તે કાંઇ સ્થિર કરી શકાય તેમ નથી. પણ લિપિવિદ્યાના બળે એવું સાધારણ અનુમાન કરવામાં આવ્યું છે કે વિક્રમના ૬ઠ્ઠા સૈકાની વચગાળેનો એનો સમય હોવો જોઇએ. જેમ આ શિક્કો પંજાબના પ્રાંતમાંથી મળ્યો છે અને ૬ઠ્ઠા સૈકાના મધ્યકાળનો છે તેમ જ આચાર્ય હરિગુપ્ત પણ, આપણે ઉપર જોયું તેમ, પંજાબ પ્રાંતના હતા અને તોરમાણના સમકાલીન હોવાથી તેમનો સમય પણ વિક્રમના ૬ ઠ્ઠા સૈકાનો મધ્યકાળ જ ઠરે છે. તેથી આ બંનેમાં આમ સમય, સ્થળ, નામ અને વંશની સમાનતા મળી આવવાથી, સંભવિત છે કે બંને એક જ વ્યક્તિ હોય. લખાણની પદ્ધતિ ઉપરથી આ શિક્કો ગુપ્તવંશનો છે એમ માનવામાં આવે છે પણ સાથે એમ પણ કહેવામાં આવે છે કે આની એક બાજુ ઉપર જે પુષ્પસહિત કલશાકૃતિ અંકિત છે તે ગુપ્તવંશના બીજા રાજાઓના શિક્કા ઉપર સામાન્ય રીતે ( માત્ર ચંદ્રગુપ્ત રાજાના થોડાક શંકિત શિક્કાઓ બાદ કરતાં ) દેખાતી નથી. ગુપ્તોના બીજા બીજા શિક્કાઓ ઉપર કોઇમાં ધનુર્ધારી રાજાની મૂર્તિ, કોઇમાં લક્ષ્મીની મૂર્તિ, કોઇમાં બળદ (નંદી)ની મૂર્તિ, કોઇમાં યજ્ઞના અશ્વની મૂર્તિ,–આમ ભિન્ન ભિન્ન પ્રકારની મૂર્તિઓ અંકિત થએલી મળે છે અને એ ભિન્નતાનું કારણ તે તે રાજાની ધાર્મિકભાવના હોવાનું માનવામાં આવે છે. યાજ્ઞિક–વૈદિક ધર્માનુયાયી રાજાના શિક્કા ઉપર યજ્ઞીય અશ્વની આકૃતિ, વિષ્ણુભક્ત રાજાના શિક્કા ઉપર લક્ષ્મીની આકૃતિ, શિવભક્તના શિક્કા ઉપર વૃષભની આકૃતિ અને બૌદ્ધાનુયાયીના શિક્કા ઉપર ચૈત્યની આકૃતિઃ એમ ધર્મભાવના પ્રમાણે આકૃતિઓ અંકિત કરવામાં આવેલી મનાય છે. આ દૃષ્ટિએ પ્રસ્તુત હરિગુપ્તના શિક્કાના ચિહ્ન ઉપરથી પણ તે રાજાની ધર્મભાવનાનો વિચાર કરાય તો કદાચિત્ તેથી પણ તેનો જૈનધર્મ સાથે સંબંધ હોય એમ પુરવાર થાય. પુષ્પસહિત કલશ એ જૈનોમાં સુપ્રસિદ્ધ કુંભકલશ સંભવે છે. જૈનોએ કુંભકલશને એક માંગલિક વસ્તુ ગણેલી છે અને દરેક મંગલકાર્યમાં શુભચિહ્ન તરીકે તેનું મુખ્ય પણે આલેખન કરવામાં આવે છે. મથુરામાંથી મળી આવેલા કુશાણ સમયના જૈન સ્થાપત્યાવશેષોમાં આ કુંભકળશની આકૃતિઓ મળી આવે છે અને જૂના હસ્તલિખિત પુસ્તકોમાંયે એ અનેક રીતે ઉપલબ્ધ થાય છે. જૈનોની કુંકુમપત્રિકાઓમાં આજે પણ કુંભકલશ સર્વપ્રધાન હોય છે અને કેટલાયે છપાયેલાં પુસ્તકોનાં મુખપૃષ્ઠ ઉપર એક ખાસ ચિહ્ન તરીકે પણ મુકાએલું એ દૃષ્ટિગોચર થાય છે. આથી સ્પષ્ટ સમજાય છે કે કુંભકલશ એ જૈનધર્મનું ખાસ માંગલિક ચિહ્ન ( Symbol ) છે અને તે ઘણા જૂના જમાનાથી વપરાતું આવ્યું છે. તેથી, ઉક્ત શિક્કાનો પ્રવર્તક હરિગુપ્ત જો જૈનધર્માનુયાયી હોય તો તેના શિક્કા ઉપર તેવા ચિહ્ન માટે કરાએલી પસંદગી સુસંગત થઇ શકે છે.

Aho ! Shrutgyanam

ઉપર આપણે એ પણ અનુમાન કર્યું છે કે હરિગુપ્ત આચાર્યના શિષ્ય જે દેવગુપ્ત કહેલા છે તે પણ ગુપ્તવંશીય જ સંભવે છે અને તેમ હોય તો તે રાજર્ષિ પણ છે. માટે એમનો પણ કાંઈ પત્તો લાગે તો લગાડીએ. બાણના હર્ષચરિત્ર ઉપરથી જણાય છે કે સ્થાણ્વીશ્વર હર્ષવર્દ્ધનની ભગિની રાજ્યશ્રીનો પતિ જે કનોજનો સ્વામી ગ્રહવર્મા હતો તેનો ઉચ્છેદ માલવાના રાજા દેવગુપ્તે કર્યો હતો. આ દેવગુપ્ત ગુપ્તવંશીય હતો એમ બીજા બીજા પુરાવાઓ ઉપરથી ઠરાવાય છે.[૨૫] કનોજ ઉપર તેણે કરેલા આક્રમણનો બદલો લેવા માટે તેના ઉપર હર્ષવર્દ્ધનના મોટા ભાઇ રાજ્યવર્દ્ધને ચઢાઇ કરી અને તેમાં તે દેવગુપ્તની જે હાર થઇ તેના પરિણામે તેણે પોતાનું રાજ્ય અને કુટુંબ છોડી તે સંસારથી વિરક્ત થયો હોય અને પછી પોતાના જ સજ્જતીય અને પ્રભાવશાલી વૃદ્ધ આચાર્ય હરિગુપ્ત પાસે દીક્ષા લઈ લીધી હોય તો તે બનવા જોગ છે. યુદ્ધમાં પરાજય પામેલા રાજાઓ માટે દેહનાશ કે સંન્યાસ એ બે જ શરણભૂત હોવાની માન્યતા તો આપણા સાહિત્યમાં સુપ્રસિદ્ધ જ છે.

આ કથનમાં થોડોક સમયકૃત વિરોધ દેખાય છે. કારણ કે હરિગુપ્ત તોરમાણના સમકાલીન હોવાથી, અને તોરમાણ પુરાવિદોના સ્થિર કર્યા પ્રમાણે, વધારેમાં વધારે વિ. સં. ૫૭૫ કરતાં વધુ જીવ્યો ન હોવાથી, હર્ષનો વૃદ્ધ સમકાલીન દેવગુપ્ત હરિગુપ્તનો શિષ્ય શી રીતે બની શકે. કારણ કે એ બે વચ્ચે લગભગ ૭૫ કરતાં વધારે વર્ષોનું અંતર પડે છે. જો સમાધાન જ કરવું હોય તો તે બે ત્રણ રીતે થઇ શકે તેમ છે. એક તો તોરમાણના મરણનો જે સમય નક્કી કરવામાં આવ્યો છે તે અનુમાનથી છે તેથી તે કદાચિત્ જાણવા કરતાં વધારે વર્ષ જીવ્યો હોય ! બીજું, રાજ્યવર્દ્ધનદ્વારા દેવગુપ્તના પરાજયનો જે સમય નિર્ધારવામાં આવે છે તે પણ કદાચિત્ ૧૦ વર્ષ પાછળ ન જાય એમ નથી. ત્રીજું હરિગુપ્તઆચાર્ય બહુ દીર્ઘાયુષી હોય અને તોરમાણના પછી પણ તેઓ ઘણાં વર્ષો સુધી હયાત રહ્યા હોય અને તેમની છેલ્લી અવસ્થામાં દેવગુપ્ત તેમનો શિષ્ય બન્યો હોય તો તે પણ સંભવિત છે. જૈન સાધુઓમાં દીર્ઘાયુષી આચાર્યો થયાના દાખલાઓ ઘણા મળી આવે છે. પરંતુ આ બધી કલ્પનાઓ છે. જ્યાં સુધી કોઇ ઐતિહાસિક પ્રમાણ એને સિદ્ધ કરનારું ન મળે ત્યાં સુધી એના પર આપણે વધારે પડતો ભાર ન આપી શકીએ. આ લખાણમાંથી પ્રમાણભૂત ગણાય એવી વિગત તો માત્ર એટલી જ સમજવી જોઈએ કે, ચંદ્રભાગા નદીને તીરે વસેલી પવ્વઇયા નગરીનો જે તોરમાણ નામે રાજા હતો તેના ગુરુ હરિગુપ્ત નામે જૈનસૂરિ હતા અને તેઓ જન્મે ગુપ્તવંશીય હતા. તેમ જ દેવગુપ્ત નામના એક ગુપ્તવંશીય રાજર્ષિ પણ તે જમાનામાં થયા હતા.

આચાર્ય હરિગુપ્તના પ્રશિષ્ય અને દેવગુપ્તના શિષ્ય શિવચંદ્રગણિ મહત્તર પંજાબમાંથી નીકળી તીર્થયાત્રાના નિમિત્તે આ દેશમાં આવ્યા હતા અને તે ફરતા ફરતા છેવટે ભિનમાલ નગરમાં સ્થિર થઇ રહ્યા હતા. આ ભિનમાલ તે પ્રાચીન ગૂર્જર દેશની મૂળ રાજધાની તરીકે ઇતિહાસમાં પ્રસિદ્ધ છે અને એનું બીજું નામ શ્રીમાલ છે. મધ્યકાલીન જૈનઇતિહાસનો આ ભિનમાલ સાથે ઘણો સંબંધ રહેલો છે. હાલની જે જૈન જાતિઓ રાજપૂતાના, પશ્ચિમભારત અને પંજાબ તથા યૂપીના પ્રાંતોમાં વસે છે તે બધીનું મૂળ ઉત્પત્તિસ્થાન એ ભિનમાલ છે. મધ્યકાલીન ભારતના રાજપૂત રાજવંશો જે પ્રદેશમાં અને જે સમયમાં ઉદ્ભવ પામે છે તે જ પ્રદેશમાં અને તે જ સમયમાં એ જૈન જાતિઓનો પણ પ્રાદુર્ભાવ થાય છે, એથી જૈનધર્માનુયાયી શ્રીમાલ, પોરવાડ અને ઓસવાલ વગેરે જૈન જાતિઓના મૂળ પુરુષોનો સંબંધ જે રાજપૂત ક્ષત્રિયો સાથે હોવાનું કહેવામાં આવે છે તેમાં ઘણું તથ્ય સમાએલું છે. શિવચંદ્રગણીના શિષ્ય જજ્ઞદત્ત અગર યક્ષદત્તગણી થયા અને તેમના અનેક પ્રભાવશાલી શિષ્યોએ ગૂર્જર દેશમાં ઠામઠામ જૈનમંદિરો કરાવરાવી એ દેશને રમ્ય બનાવ્યો. જૈન મંદિરોના ઇતિહાસની દૃષ્ટિએ આ ઉલ્લેખ ઘણો

Aho ! Shrutgyanam

અગત્યનો છે. જૈનોના સાંપ્રદાયિક ઇતિહાસમાં ચૈત્યવાસ વિષેની જે હકીકત નોંધાએલી મળી આવે છે પણ જેના વિષે કોઈ સ્પષ્ટ પ્રમાણ દૃષ્ટિગોચર થતું નથી તે માટે આ ઉલ્લેખ ઘણું સૂચક થઇ પડે છે. તેમ જ સાતમા સૈકામાં ગૂજરાતમાં જૈન તીર્થો વિદ્યમાન હતા અને તેની યાત્રાર્થે દૂર દૂરથી જૈનો અહિં આવતા હતા એ બાબત પણ આ નોંધ ઉપરથી સ્પષ્ટ થાય છે.

યક્ષદત્તગણીના એક શિષ્ય વડેશ્વર (વટેશ્વર) હતા જેમણે આગાસવપ્પ (આકાશવપ્ર) નગરમાં જૈન મંદિર બનાવરાવ્યું. આ આગાસવપ્પ નગર કયું હતું તેનો નિર્ણય નથી થતો. કદાચિત્ એ હાલનું વડનગર–જેનું પ્રાચીન નામ આનંદપુર છે–હોય. કારણ કે આગાસવપ્પ (સં૦ આકાશવપ્ર) નો અર્થ જે નગરને આકાશ એ જ માત્ર વપ્ર એટલે પ્રાકાર–કોટ–કિલ્લો હોય અર્થાત્ જેની ફરતો કોઇ કોટ બાંધેલો ન હોય તે, એવો થાય છે. પ્રાચીન કાળમાં કોટ વગરનાં નગરો ભાગ્યે જ થતાં. આનંદપુર આમાંનું જ હતું. એ પુરને ફરતો કિલ્લો પાટણના રાજા કુમારપાલે સં. ૧૨૦૮ માં જ પ્રથમ બંધાવ્યો હતો.[૨૬] એથી હું અનુમાનું છું કે પ્રસ્તુતમાં જણાવેલું આકાશવપ્ર એ આનંદપુર જ હશે.

વડેસરના શિષ્ય તત્ત્વાચાર્ય નામે થયા. આ તત્ત્વચાર્યનું બીજું નામ શીલાંક હોય એમ ૧૨ મી ગાથામાં આવેલાં શ્લેષાત્મક વિશેષણો ઉપરથી ભાસે છે. જો એમ હોય તો મેં બીજે ઠેકાણે જણાવ્યું છે તેમ,[૨૭] આ તે જ શીલાંક હોવા સંભવે છે જેમણે આચારાંગ અને સૂત્રકૃતાંગ સૂત્ર ઉપર સંસ્કૃત વ્યાખ્યાઓ લખી છે. કારણ કે એ વ્યાખ્યાકાર શીલાંકનું બીજું નામ તત્ત્વાદિત્ય હતું જે આ તત્ત્વાચાર્ય સાથે સરખાવી શકાય છે. પણ આચારાંગ સૂત્રની ટીકામાં આપેલા, રચનાસંવતનો જ્યાં સુધી સ્પષ્ટ નિર્ણય ન થાય ત્યાં સુધી આ વિચારની ચોક્કસાઇ થઈ શકે તેમ નથી.

૧૪ અને ૧૫ મી ગાથામાં, કથાકારે પોતાના બે વિદ્યાગુરુઓનો ઉલ્લેખ કર્યો છે. એમાંના વીરભદ્રે જાબાલિપુરમાં વૃષભજિન–પ્રથમ તીર્થંકરનું મંદિર બંધાવરાવ્યું હતું એમ ૧૯ મી ગાથાના ઉલ્લેખ પરથી જણાય છે. એમની પાસે ઉદ્યોતનસૂરિએ જૈન સિદ્ધાન્તોનો અભ્યાસ કર્યો હતો. બીજા ગુરુ હરિભદ્ર પાસે તેમણે યુક્તિશાસ્ત્રોનો એટલે ન્યાયના સિદ્ધાન્તોનો અભ્યાસ કર્યો હતો. આથી જણાય છે કે ઉદ્યોતનસૂરિને ઘણા સમર્થ ગુરુઓના શિષ્ય બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

૧૬ મી ૧૭ મી ગાથામાં કથાકારે પોતાના કુળ અને પિતા–પ્રપિતાનો ઉલ્લેખ કર્યો છે. એ ઉલ્લેખ પ્રમાણે એમના પ્રપિતાનું નામ ઉદ્યોતન હતું અને તે વંશે ક્ષત્રિય હોઈ મહાદુવારના પરિભોક્તા હતા. આ મહાદુવાર ક્યાં આવેલું હતું તેનો પત્તો લાગી શક્યો નથી. એ ઉદ્યોતનના પુત્ર વડેસર, જેમનું બીજું નામ કદાચિત્ સંપ્રતિ (?) હોય, અને તેના પુત્ર કથાકાર ઉદ્યોતન પોતે. પ્રપિતા અને પૌત્રના જે એક જ નામ છે તે, તે કાળની ક્ષત્રિયોની નામકરણની રીતનું જ સમર્થન કરે છે. તે વખતના ઘણા લેખોમાં ત્રીજી–ચોથી પેઢીએ એનું એ જ નામ વાપરેલું જોવામાં આવે છે. જૈન આચાર્યોની પટ્ટપરંપરામાં પણ ઘણી જગ્યાએ આ રીત સ્વીકારેલી નજરે પડે છે.

૧૮ થી ૨૦ મી ગાથામાં કયા સ્થળે રહીને ઉદ્યોતનસૂરિએ એ કથા રચી તે જણાવ્યું છે. એમાં જણાવેલું જાબાલિપુર તે હાલનું જાલોર અગર જાલોર છે જે જોધપુર રાજ્યના દક્ષિણભાગનું એક જીલ્લાનું મુખ્ય સ્થાન છે. કાન્હડદે પ્રબંધ અને બીજી વાર્તાઓથી આપણા સાહિત્યમાં એ સ્થાન સુપરિચિત થએલું છે. ભિનમાલ ભાંગ્યા પછી એ તરફના પ્રદેશનું સુરક્ષિત સ્થાન જાબાલિપુર મનાયું હતું અને તેથી અલાઉદ્દીનના જમાના સુધી મરુભૂમિની એક રાજધાની થવાનું એને સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. એ પુરની પાસે કિલ્લાને યોગ્ય એવો દુર્ગમ અને ઉન્નત પર્વત આવેલો છે જેનું નામ સુવર્ણગિરિ છે. અણહિલપુરના ચાલુક્યોના રાજ્ય દરમિયાન ગૂજરાતના સામ્રાજ્યના ઉત્તરભાગનું એ એક મુખ્ય અને ઘણું મહત્ત્વનું ઠાણું હતું.

Aho ! Shrutgyanam

ઉદ્યોતનસૂરિએ પોતાની કથા પૂરી કરી તે વખતે ત્યાં વત્સરાજ નામે રાજા રાજ્ય કરતો હતો. ગ્રંથકર્તાએ એ રાજાના વંશ વગેરેનું કશું સૂચન નથી કર્યું; પણ બીજાં બીજાં સાધનો ઉપરથી આપણે એનો નિર્ણય સારી પેઠે કરી શકીએ તેમ છીએ. વત્સરાજના માટે વાપરેલા પરભટ-ભ્રકુટિભંજક અને નરહસ્તી જેવાં વિશેષણો પરથી ચોક્કસ જણાય છે કે એ રાજા મોટો બલવાન્ અને પ્રતાપી હતો. ભારતના તત્કાલીન ઇતિહાસનું અવલોકન કરતાં, તેમાં આપણને એવા એક પ્રતાપી વત્સરાજનું નામ આગળ પડતું જ મળી આવે છે જે પ્રતિહારવંશનો મહાન્ સમ્રાટ્ હતો. એ વંશનો પ્રથમ અભ્યુદય પ્રાચીન ગૂર્જરભૂમિમાં જ થયો હતો પણ પાછળથી એ પોતાના પ્રબળ પરાક્રમે ઉત્તરભારતના કાન્યકુબ્જના પ્રભાવશાળી સામ્રાજ્યનો સ્વામી બન્યો હતો. કાન્યકુબ્જના સામ્રાજ્યાધિપતિ બનવા છતાં પણ તત્કાલીન ભારતીય રાષ્ટ્રોમાં એ વંશ પોતાની મૂળ જન્મભૂમિ જે ગૂર્જર હતી તેના નામે જ એટલે કે ગૂર્જરરાજના નામે જ અનેક વર્ષો સુધી ઓળખાતો રહ્યો હતો. એવા એ પરાક્રમી ગૂર્જર રાજવંશનો વિશેષ પ્રભાવ વધારનાર, ઘણું કરીને, સમ્રાટ્ વત્સરાજ જ હતો અને એથી એના વિષેનો કુવલયમાલાનો આ ઉલ્લેખ એક અગત્યની નોંધ જેવો થઈ પડશે.

પુરાતત્ત્વવેત્તાઓના મંડલમાં આ પ્રતિહારવંશ ઘણો ચર્ચાનો વિષય થઇ પડ્યો છે. આપણા સમર્થ ગૂજરાતી પુરાવિદ્ ડૉ. ભગવાનલાલ ઇન્દ્રજીએ સૌથી પ્રથમ એ વિચાર પ્રકટ કર્યો હતો કે ગૂર્જરલોકો જેમના વસવાટને લઇને આ દેશનું નામ ગૂર્જર પડ્યું-તેઓ મૂળે વિદેશી હતા અને શક, હૂણ જેવા જ આર્યેતરવંશી હતા. એ વિચારને પાછળથી મી. જેકસન, શ્રીદેવદત્ત રા. ભાંડારકર અને સર્ વિન્સેન્ટ એ. સ્મીથ વગેરેએ સારી પેઠે સમર્થિત કર્યો અને એ બધા સમર્થનના પરિણામે એ તારણ નીકળ્યું કે ભિનમાલમાં ઉદ્ભવેલો અને કનોજમાં ઉત્કર્ષના શિખરે પહોંચેલો ગૂર્જર-પ્રતિહાર-વંશ એ અસલના ગૂર્જરોના પ્રતિનિધિરૂપે હતો અને તે ઘણી શીઘ્રતાથી હિંદુધર્મમાં ભળી જઈ ક્ષત્રિયોના વર્ગમાં દાખલ થયો હતો. મહારાષ્ટ્રના વિદ્વાન્ શ્રી ચિંતામણી વિ. વૈદ્ય અને રાજપૂતાનાના અદ્વિતીય ઇતિહાસજ્ઞ પં. શ્રી ગૌરીશંકર હી. ઓઝા વગેરે વિદ્વાનો એ વિચારનો પ્રબળ વિરોધ કરે છે અને પ્રતિહારવંશ એ ગૂર્જરલોકોના પ્રતિનિધિરૂપે નહિં પણ અસલ આર્યાવર્તવાસી ક્ષત્રિયોના જ એક વિભાગ રૂપે છે એમ સિદ્ધ કરવા પ્રયત્ન કરે છે. આપણને અહિં એ ચર્ચામાં ઉતરવાનું કારણ નથી. આપણે તો અહિં ફક્ત એ વંશના ઉત્કર્ષક સમ્રાટ્ વત્સરાજનો જ થોડોક પરિચય મેળવી લઇએ એટલે કુવલયમાલાના એના વિષેના ઉલ્લેખની સાર્થકતા સમજાઇ જાય.

સદ્ગત પુરાવિદ્ વીન્સેન્ટ એ. સ્મીથે લંડનની રૉયલ એશિયાટિક સોસાયટીના જર્નલના સને ૧૯૦૯ ના અંક ૧-૨ માં આ વંશ વિષેની મળી આવતી સઘળી સામગ્રીનો ઉપયોગ કરી 'રાજપૂતાના અને કનોજના ગૂર્જરો' એ મથાળા નીચે એક ઘણો વિદ્વત્તાભરેલો લેખ લખ્યો છે. એમાં વત્સરાજ વિષેની પણ સમગ્ર ચર્ચા કરી છે. એ ચર્ચાના આધારે શ્રી ચિંતામણિ વિ. વૈદ્યે પોતાના 'मध्य युगीन भारत भाग २ रा' નામના મરાઠી ગ્રંથમાં; શ્રી ગૌરીશંકર હી. ઓઝાએ પોતાના 'राजपूतानेका इतिहास भाग १' હિન્દી ગ્રંથમાં; અને શ્રીરાખાલદાસ બેનર્જીએ 'બાંગલાર ઇતિહાસ પ્રથમ ભાગ' નામના પોતાના બંગાલી પુસ્તકમાં પણ યોગ્ય માહિતી આપી છે.

વત્સરાજ વિષેનો જૂનામાં જૂનો ઉલ્લેખ જે, અદ્યાવધિ, મળી આવ્યો છે તે શક સંવત્ ૭૦૫ નો એટલે કે આપણી આ કુવલયમાલામાંના ઉલ્લેખ પછી ૫ વર્ષ બાદ લખાએલો છે. એ ઉલ્લેખ जैनहरिवंशपुराण ના કર્તા જિનસેન આચાર્યનો કરેલો છે. શક સંવત્સર ૭૦૫ માં જ્યારે એ આચાર્યે પોતાનો

Aho ! Shrutgyanam

ગ્રંથ પૂરો કર્યો ત્યારે કયો રાજા ક્યાં રાજ્ય કરે છે તે વિષેનો એક શ્લોક તેમણે પોતાના ગ્રંથની પ્રશસ્તિમાં લખી દીધો છે જેને મી. સ્મીથ 'ભારતીય ઇતિહાસના સાધનોમાં એક અલભ્ય પ્રકારના સાધનનું અદ્વિતીય ઉદાહરણ' કહે છે. એ શ્લોક આ પ્રમાણે છે.

शाकेष्वब्दशतेषु सप्तसु दिशं पञ्चोत्तरेषूत्तरां
पातीन्द्रायुधनाम्नि कृष्णनृपजे श्रीवल्लभे दक्षिणाम् ।
पूर्वां श्रीमदवन्तिभूभृति नृपे वत्साधिराजेऽपरां
सौर्या(रा)णामधिमण्डले (लं) जययुते वीरे वराहेऽवति ॥

અર્થાત્–" શક સંવત્ ૭૦૫ માં, જ્યારે ઇન્દ્રાયુધ નામનો રાજા ઉત્તર દિશામાં રાજ્ય કરતો હતો; શ્રીકૃષ્ણરાજનો પુત્ર શ્રીવલ્લભ દક્ષિણ દિશામાં રાજ્ય કરતો હતો; તેમ જ પૂર્વમાં અવન્તિરાજ, પશ્ચિમ માં વત્સરાજ અને સૌર્યમંડલમાં જયવરાહ રાજ્ય કરતો હતો." આમ આ શ્લોકમાં, શાકે ૭૦૫ માં આખા ભારતના ચારે ખુંણે કયા કયા પ્રસિદ્ધ રાજાઓ રાજ્ય કરતા હતા તે બતાવ્યું છે અને તે કથન ઐતિહાસિક પ્રમાણોથી યથાર્થ ઠર્યું છે. આમાં પશ્ચિમ દિશામાં જે વત્સરાજનો અધિકાર બતાવ્યો છે તે પશ્ચિમ દિશા એટલે આપણી પ્રાચીન ગૂર્જરભૂમિ અને તેનો અધિપતિ વત્સરાજ તે આ કુવલય-માલામાં જણાવેલો વત્સરાજ છે. વત્સરાજના પ્રપૌત્ર સમ્રાટ્ મિહિરભોજ–જેનું બીજું નામ આદિવરાહ પણ હતું, તેના સમયનો એક લેખ ગવાલિયરમાં મળી આવ્યો છે[૨૮] જેમાં વત્સરાજ વિષે નીચે લખેલું વર્ણન વાંચવામાં આવે છે.

तत्सूनुः प्राप्य राज्यं निजमुदयगिरिस्पर्द्धि भास्वत्प्रतापः
क्ष्मापालः प्रादुरासीन्नतसकलजगद्वत्सलो वत्सराजः ।
यस्यैतास्सम्पदश्च द्विरदमदसुरास्वादसान्द्रप्रमोदाः
पद्माक्षीराक्षिपन्त्यः प्रणयिजनपरिष्वङ्गकान्ता विरेजुः ॥ ६
ख्याताद् भण्डिकुलान्मदोत्कटकरिप्राकारदुर्लंघतो
यः साम्राज्यमधिज्यकार्म्मुकसखा संख्ये हठादग्रहीत् ।
एकः क्षत्रियपुङ्गवेषु च यशोगुर्व्वीन्धुरं प्रोद्वह–
न्निक्ष्वाकोः कुलसमुन्नतं सुचरितैश्चक्रे स्वनामांकितम् ॥

આમાંના બીજા પદ્યમાં કહેવામાં આવ્યું છે કે વત્સરાજે પ્રસિદ્ધ એવા ભંડિકુલનું સામ્રાજ્ય યુદ્ધ કરી હઠપૂર્વક પડાવી લીધું હતું. આ ભંડિકુલનું સામ્રાજ્ય તે કયું એ વિષયનો હજી સ્પષ્ટ પુરાવો મળ્યો નથી પણ વિદ્વાનોનો તર્ક છે કે આ ભંડિકુલ તે કનોજનો વર્મવંશ હશે; અને એ ઉપરથી વત્સરાજે જ કનોજમાં પોતાના સામ્રાજ્યની સંસ્થાપનાનો પાયો નાંખેલો હશે એમ પુરવાર થાય છે. કનોજ ઉપરાંત વત્સરાજે ગોડ અને બંગાલના રાજાઓનો પણ પરાજય કર્યો હતો, અને તે બંને રાજાઓનાં શિરચ્છત્ર તે છતી લાવ્યો હતો. પણ પાછળથી જ્યારે તેણે માલવાના રાજા ઉપર ચઢાઇ કરી ત્યારે તે ચઢાઇની સામે, માલવાના રાજા ઉપરાંત દક્ષિણનો રાષ્ટ્રકૂટ સમ્રાટ્ ધ્રુવ અને તેનો લાટનો સામંત કર્કરાજ પણ ઉપસ્થિત થયો અને તેથી વત્સરાજને હાર ખમવી પડી અને બદલામાં તે બંને છત્રો રાષ્ટ્રકૂટ સમ્રાટ્ને આપી

Aho ! Shrutgyanam

દેવાં પડ્યાં. આ રીતે ઇતિહાસમાં વત્સરાજનો પરિચય મળી આવે છે. મી. સ્મીથે વત્સરાજનો સમય ઇ. સ. ૭૭૦ થી ૮૦૦ સુધીનો, આનુમાનિક રીતે, સ્થિર કર્યો છે; અને તેને કુવલયમાલાના ઉલ્લેખ થી પણ પુષ્ટિ મળે છે.

ઉપર, સામાન્ય રીતે આપણે જાણ્યું છે કે આ પ્રતિહારવંશનું મૂળ ઉત્પત્તિસ્થાન ભિનમાલ છે, પણ તે માત્ર અનુમાને જ સ્વીકારી લેવામાં આવ્યું છે. એ વંશ પ્રાચીન ગૂર્જરભૂમિમાં ઉદય પામ્યો એ વાત તો સપ્રમાણ સાચી છે જ, અને પ્રાચીન ગૂર્જરભૂમિનું પાટનગર ભિનમાળ એ યવનચંગના ઉલ્લેખથી સારી પેઠે વિદિત થએલું છે; તેથી ભિનમાલ સિવાય, એ વંશની બીજી કઇ રાજધાની હોઇ શકે–એવી તર્કપરંપરાએ એ વાતનો સ્વીકાર કરવામાં આવ્યો છે. પણ તે માટે હજી પ્રમાણ કશું મળ્યું નથી. એથી શ્રી ચિંતામણી વિ. વૈદ્યે પોતાના 'मध्ययुगीन भारत भा. २' (पृ. १२८) માં એ બાબત વિષે શંકા ઉઠાવી છે. તેમનું કહેવું છે કે—"સ્મિથના લખવા પ્રમાણે ભિન્માલ શહેર એ નાગભટ (વત્સરાજના પ્રપિતા)ની રાજધાની હશે. પણ લેખોમાંથી આ વિષે કશો જ ઉલ્લેખ મળતો નથી. કદાચિત્ લેખ લખનારાઓને, અત્યંત પરિચિત હોવાથી, તેનું નામ લેખમાં નિર્દિષ્ટ કરવા જેટલું મહત્ત્વનું નહિ લાગ્યું હોય; પણ આપણને સ્થળની માહીતી હોવી અત્યંત આવશ્યક છે. કારણ કે તે વગર ઇતિહાસની સંગતિ થતી નથી. ખેર. પૃથ્વીરાજ ચોહાણના સમયે નાહરરાય પ્રતીહારનું ઠેકાણું જોધપુર નગર પાસેનું મંડોર હતું, એ નિશ્ચિત છે. તે પરથી એમ લાગે છે કે પ્રતીહાર ધરાણાની ગાદી નાગભટના વખતે પણ મંડોરમાં જ હોવી જોઇએ. બીજું એ કે મંડોરમાં ઉધ્વસ્ત સ્થિતિમાં પડેલાં જૂનાં સ્થાનો અને પાલી (? પ્રાકૃત) ભાષામાં લખેલા શિલાલેખ વગેરે મળે છે તે પરથી એમ ભાસે છે કે પ્રાચીન સમયમાં મંડોર એ ઘણી જાહોજલાલીનું અને મહત્ત્વનું સ્થાન હોવું જોઇએ. (જુઓ ટૉડ, પૃ. ૨૧૦, ભાગ ૧) મંડોર ગામ પ્રતીહારોનું મૂળ સ્થાન શા માટે હોવું જોઇએ એનું ત્રીજું કારણ એ છે કે મારવાડમાં મુખ્ય સ્થાન મંડોર જ હતું. રાઠોડ લોકોએ પ્રથમ પ્રતીહાર ધરાણાનો આશ્રય કરી તેને પાદાક્રાંત કર્યો અને પોતે જ તેની ગાદી પડાવી લીધી. એ જ રાઠોડ લોકોએ પછી મંડોરથી થોડાક જ માઇલના છેટે જોધપુર નામે નવી રાજધાની વસાવી. રાઠોડ વંશના ઇતિહાસ તરફ લક્ષ્ય દેતાં જણાય છે કે તેણે મંડોરના પ્રતીહાર ધરાણાનો આશ્રય લીધો હોય એમ સ્પષ્ટ લાગે છે. એકંદર, નાગભટની ગાદી ઘણું કરીને મંડોરમાં જ હોય એમ અમને લાગે છે. વળી, ભિનમાલમાં ૮ માં સૈકાના પૂર્વે વ્યાઘ્રમુખના વંશજ 'ચાપ' વંશના રાજાઓ રાજ્ય કરતા હતા, એ પાછળ બતાવેલું જ છે. તેથી ભિનમાલ એ નાગભટની રાજધાની હોવી અસંભવિત છે. પણ અમારા વિધાન ઉપર આવો આક્ષેપ આવી શકે છે કે ભિનમાલ અને મંડોર એ બંને ગામો મારવાડમાં આવેલાં હોઇ એક જ રાજ છત્ર નીચે હતાં. આ આખા પ્રદેશને પૂર્વે गुर्जरत्रा એવું કહેવામાં આવતું. गुर्जरत्रा એટલે મારવાડ પ્રાંત–'गुजराथ' નહિ. [गुजराथ પ્રાંત તે કાળે લાટ નામે પ્રસિદ્ધ હતો.] આ પ્રદેશમાં એકછત્રી રાજ્ય હોવાને લીધે તે ભિનમાલમાં જ હોવું જોઇએ; અર્થાત્ મંડોરમાં બીજું રાજ્ય હોવું અસંભવિત લાગે છે. આ રીતે સર્વ બાજુએ વિચાર કરતાં નાગભટનું મૂળ સ્થાન કયું એ ઠરાવવું જરા કઠણ જ છે, એમ કહેવું પડે છે. તે કયાંયે પણ મારવાડમાં જ હોવું જોઇએ, કારણ ૮ મા સૈકાના પ્રારંભમાં અરબ લોકોના જેટલા હુમલા મારવાડ પ્રાંતપર થતા હતા તેટલા ચિત્તોડ કે સાંભર ઉપર નહોતા થતા. નાગભટે તો અરબો પર પરાક્રમ ગજાવીને તેમને હેઠા પાડ્યા હતા અને તેથી જ તે વધારે પ્રસિદ્ધિમાં આવ્યો હતો માટે તેનું કાર્યક્ષેત્ર મારવાડમાં જ કયાંયે આવેલું હોવું જોઇએ."

શ્રીયુત વૈદ્યની આ શંકા વિચારણીય છે અને તેનો ખુલાસો કુવલયમાલાના ઉલ્લેખથી થઇ જાય છે.

Aho ! Shrutgyanam

પ્રતિહારોની એ રાજધાની જબ્બાલિપુર (જલોર) હતી એમ ઉદ્યોતનસૂરિના કથન ઉપરથી આપણે નિશ્ચિત કરી શકીએ છીએ. અરબોના હુમલાઓ થવા લાગ્યા એટલે ભિનમાલ અરક્ષિત જેવું સ્થાન થઈ પડ્યું હતું અને તેથી તે રાજધાની તરીકે અયોગ્ય જણાવાથી નાગભટે ત્યાંથી પોતાની ગાદી જબ્બાલિપુર ફેરવી નાંખી હોય એ સર્વથા સંગત લાગે છે. ગંગા અને યમુનાના વચ્ચેના સુજલ અને સુફલ પ્રદેશના દર્શન કર્યા પછી અને ગૌડ અને બંગાલ જેવા સુન્દર પ્રદેશમાં વિજયધ્વજ ફરકાવ્યા પછી શુષ્ક મરુભૂમિના એક ખૂણામાં વૈભવોપભોગ કરવાનું કે સામ્રાજ્ય સંચાલન કરવાનું એ વિજયી સમ્રાટોને પાલવે તેમ હતું જ નહિ તેથી તેમણે કનોજનો કબ્જો કરી ભારતના દેવોપમ અને કેન્દ્રભૂત પ્રદેશમાં પોતાની રાજલક્ષ્મીની પ્રાણપ્રતિષ્ઠા કરી. આ રીતે જોતાં પ્રથમ નાગભટથી લઇ બીજા નાગભટ સુધી, લગભગ ૫૦ વર્ષ જેટલો કાળ પ્રતિહારોની ગાદી જબ્બાલિપુરમાં રહી હોવી જોઇએ.

પ્રતિહારોના જબ્બાલિપુર છોડી ગયા પછી પરમારોના હાથમાં એનો અધિકાર આવ્યો હોય એમ લાગે છે. કારણ કે પરમારવંશનો મૂળ પુરુષ જે સિન્ધુરાજ છે તેના નામનું સિન્ધુલેશ્વર મહાદેવનું પ્રાચીન મંદિર જલોરમાં હોવાનો ઉલ્લેખ મળી આવે છે અને એ વંશના લેખોમાં

**सिन्धुराजो महाराजः सममून्मरु मण्डले**

'મરુ મંડલમાં [ સૌથી પ્રથમ ] સિન્ધુરાજ નામે મહારાજ થયો,' એવું લખેલું જડે છે. પરમારો પછી નાડોલના ચોહાણોએ જલોરને પોતાની રાજધાની બનાવી અને તે આખરે અલાઉદ્દીનના સમયમાં ઉધ્વસ્ત થઇ. આ ઇતિહાસ ઉપરથી આપણને જલોરની રાજધાની તરીકેની યોગ્યતા સ્પષ્ટ સમજાય છે અને તેથી અરબોના પ્રારંભિક હુમલામાં જ ભિનમાલ ભાંગી પડવાથી, ૮ મા સૈકાના મધ્યકાલથી લઇ છેક ૧૪ મા સૈકાના મધ્યકાલ સુધીના લગભગ ૬૦૦ વર્ષ જેટલા વર્ષ સુધી જબ્બાલિપુર મરુમંડલના મુખ્ય સ્થાનની પદવીને ભોગવતું હતું એમ માની શકાય છે.

જો કે કુવલયમાલાના કશા અંતર્ગત ઉલ્લેખ સાથે કોઇ સંબંધ નથી પણ તેના દેશ અને કાળ સાથે બહુ જ નિકટ સંબંધ હોવાથી એ પણ નોંધ કરવી અહિં આવશ્યક લાગે છે કે–જે વખતે, જે ભૂમિમાં, જે પાટનગરમાં, જે રાજવંશની છત્રછાયાના આશ્રય નીચે ઉદ્યોતનસૂરિ પોતાની કથાની રચના કર્યા કરે છે; તે જ વખતે, તે ભૂમિનું નામ સુધાં પડાવી લેનાર, તે પાટનગરની સર્વોપરિસત્તા ખૂંચવી લેનાર, તે રાજવંશની છત્રછાયાના બદલે પોતાની ગાદીની છત્રછાયા ફેલાવનાર એવા એક ભાવિ સામ્રાજ્યની રચના તેના પડખેના જ પ્રદેશમાં બેઠેલો એક પુરુષ કર્યા કરે છે. જે વખતે યૌવનવિલાસી નૃપતિ વત્સરાજ વૃદ્ધા ગૂર્જરભૂમિની જર્જરિત થએલી દેહયષ્ટિથી વિરક્ત બની તેનો ત્યાગ કરવાનો, અને અન્ય કોઈ મદ્રમાતી સુભગા સુંદરીને પોતાની પ્રિયતમા બનાવવાનો વિચાર કરી દેશ–વિદેશમાં દળબળ લઇને ફર્યા કરે છે; તે જ વખતે તેનો પડોશી વનવાસી વૃદ્ધ વનરાજ એ જ જીર્ણ–શીર્ણ ભૂમિને નવું સ્થાન, નવું રૂપ, નવું સામર્થ્ય, નવું તેજ અને નવાં આભૂષણો આપી કરી પોતાની સંતતિ માટે એક નવીન ગૂર્જરરમણીનું ઘડતર કર્યા કરે છે. જે વખતે અર્બુદાચલની પેલી બાજુએ બેઠેલો યૌવનોદ્ભટ વત્સરાજ પ્રતિહાર પ્રાચીન ગૂર્જરત્રાની પુરાતન રાજલક્ષ્મીને જન્મભૂમિમાંથી ઉપાડી જઇ ગૂર્જરનામના ગૌરવને નામશેષ બનાવી મુકવાનો મનોરથ કર્યા કરે છે; તે જ વખતે અર્બુદાચલની આ બાજુએ બેઠેલો વયોવૃદ્ધ વનરાજ ચાવડો નવીન ગૂજરાત રચી તે માટે નવરાજલક્ષ્મી તૈયાર કરી એક અક્ષયતૃતીયાના દિવસે તેની પ્રાણપ્રતિષ્ઠા કરી ગૂર્જર નામના ગૌરવને અક્ષય અને અનુપમ બનાવવાનો ઉપક્રમ કરે છે. શબ્દોની દૃષ્ટિએ જરા આલંકારિક દેખાતા પણ અર્થની દૃષ્ટિએ ઐતિહાસિક લેખાતા આ વાક્યોપરથી વાચકો સમજી શકયા હશે કે જબ્બાલિપુરમાં પ્રતિહાર સમ્રાટ વત્સરાજ રાજ્ય કરતો છતો ગૌડ, બંગાલ,

Aho ! Shrutgyanam

માલવ વગેરે બીજા દૂર દૂરના મોટા પ્રદેશોનો દિગ્વિજય કરી ઉત્તરાપથમાં મહાન્ સામ્રાજ્યની સ્થાપના કરવાનો ઉદ્યમ કર્યા કરતો હતો; તે જ વખતે અણહિલપુર નામનું નાનું સરખું નવું ગામ વસાવી તેનો નાનો સરખો કારભાર ચલાવતો વનરાજ ચાવડો પણ સારસ્વત મંડળ, આનર્ત અને વાગડ વગેરે આસપાસના નાના નાના પ્રાંતોને કબ્જે કરી પશ્ચિમભારતમાં એક નવું મોટું સામ્રાજ્ય સ્થપવાનો મનોરથ કર્યા કરતો હતો. કાલચક્રની ગુમકલાને કોણ કળી શકે તેમ છે.

વત્સરાજના પુત્ર નાગભટે કાયમને માટે જાબાલિપુરથી પોતાની રાજગાદી બસેડી અને તે કનોજ જેવા સુદૂરના પ્રદેશમાં લઇ જઇને સ્થાપી. રાજગાદી ઘણે આઘે ચાલી જવાથી પ્રાચીન ગૂર્જરત્રાની પ્રજા અરક્ષિત અને નિર્નાયક જેવી સ્થિતિમાં આવી પડી હતી. એક બાજુએ અરવલ્લીપર્વતની બીણોમાં વસતા જંગલવાસી ધાડપાડુઓ એ પ્રજાવર્ગને કનડવા લાગ્યા અને બીજી બાજુએ સિંધમાં આવી વસેલા બર્બર અરબો વારંવાર મોટા હુમલાઓ લાવી લુંટફાટ અને બાળજાળ કરી દેશની દુર્દશા કરવા લાગ્યા. આ રીતે ભયત્રસ્ત બનેલો ગૂર્જર પ્રજાવર્ગ કોઇ સુરક્ષિત પ્રદેશ અને સંરક્ષક રાજ્યસત્તાના આશ્રયને બોળતો હતો. તેવામાં, તેને વનરાજે સ્થાપેલા પ્રજાપાલક રાજ્યની અને અણહિલપુરની ઉપજાઉ ભૂમિની ભાળ લાગી, એટલે ધીમે ધીમે પણ ટોળે ટોળાં એ ગૂર્જરવાસિઓ પોતાનું સર્વસ્વ ઉપાડી અણહિલપુર તરફ આવવા લાગ્યા અને વનરાજની ગાદીની છત્રછાયા નીચે વસવા લાગ્યા. થોડા જ વર્ષોમાં અણહિલપુર અને તેની આસમંતાતનો પ્રદેશ ગૂર્જરભૂમિમાંથી આવેલા લોકોથી ઉભરાઈ જવા લાગ્યો, અને એ પ્રદેશનાં જે મૂળ નામો હતાં તે ભુંસાઇ જઇ તેના ઠેકાણે નવા આવેલા લોકોના મૂળ નિવાસસ્થાન ઉપરથી એ પ્રદેશ પણ ગૂર્જરલોકોની ભૂમિ તરીકે ઓળખાવા લાગ્યો. અણહિલપુર ગૂર્જર રાજધાની તરીકે પંકાવા લાગ્યું અને એના રાજકર્તા ગૂર્જરનરેન્દ્રના ઉપનામે સંબોધાવા લાગ્યા. આ રીતે વનરાજે સ્થાપેલી રાજલક્ષ્મીનાં પુણ્યપ્રતાપે નવીન ગૂજરાતની દિનપ્રતિદિન વૃદ્ધિ થવા લાગી. પ્રાચીન ગૂર્જરત્રામાંથી જે લોકો આ નવીન ગૂજરાતમાં આવીને વસતા હતા, તે કાંઇ આજે મહારાષ્ટ્ર કે મદ્રાસ પ્રાંતમાં જઈ વસતા મારવાડિઓ જેવા બુદ્ધિજડ કે ગૌરવહીન ન હતા. તેઓ ઘણા બુદ્ધિશાળી, પરાક્રમી, ધર્મપ્રેમી, સાહસિક અને ઉદ્યમી હતા. તેમનામાંના અનેકે પોતાના બુદ્ધિબળે નવીન ગૂજરાતની રાજનીતિનાં સુવ્યવસ્થિત તંત્રો ગોઠવવાં માંડ્યાં, અનેકે શારીરિક પરાક્રમો ગજવી લુટારૂઓ, ધાડપાડુઓ અને બહારના શત્રુઓનાં પગ હેઠાં પાડવાં માંડ્યાં, અનેકે પોતાના પવિત્ર ધર્માચરણ દ્વારા અનીતિ અને અધર્મના માર્ગે ચાલનારા લોકોને સન્માર્ગે આણવા માંડ્યા, અનેકે જલ અને સ્થલના માર્ગે લાંબા પ્રવાસો કરી મોટા સાહસો ખેડી પોતાના વતનમાં લક્ષ્મીને ખેંચી આણવાના ઉપાયો સેવવા માંડ્યા, અને અનેકે ખેતી વગેરેની પ્રવૃત્તિમાં સાચી મહેનત ઉઠાવી દેશવાસિઓને આવશ્યક એવી સર્વ અન્ન પાનાદિ વસ્તુઓના ભંડાર ભરવા માંડ્યા. આમ એ ગૂર્જરવાસિઓના સદ્‌ગુણોવડે અણહિલપુરનું દૃઢ રાજતંત્ર ગોઠવાયું અને તેની સત્તા વધવા માંડી. લોકો સદાચારી થઇ સ્વાભિમાની બન્યા અને ધનધાન્યે સુખી થયા. આ રીતે પ્રતિહાર સમ્રાટ્ વત્સરાજના પડોસી અને સમસમયી વનરાજે ભાવિ સામ્રાજ્યની રચના કરીને તેણે તે પ્રાચીન ગૂર્જરભૂમિનું નામ પડાવી લીધું–કારણ કે તે પછી થોડા જ વર્ષોમાં માત્ર મરુમંડલ તરીકેની એ પ્રદેશની પ્રસિદ્ધિ થઇ રહી. જાબાલિપુરની સર્વોપરિ સત્તા પણ અણહિલપુરે ખુંચવી લીધી–કારણ કે તે સમય પછી લગભગ એ પાટણની સત્તાનું જ એ તરફનું એક મુખ્ય ઠાણું ગણાતું રહ્યું.

વત્સરાજ વિષેનો સમકાલીન એવો જૂનામાં જૂનો ઉલ્લેખ, આજ સુધીમાં, શકસંવત્ ૭૦૫ નો મળેલો હતો અને દૂર કર્ણાટકમાં બેઠેલા એક દિગંબર જૈન આચાર્યનો કરેલો હતો; કુવલયમાલામાંનો ઉલ્લેખ તે કરતાં ૫ વર્ષ વધારે જૂનો છે અને તે તેની જ રાજધાનીમાં રહેતા એક શ્વેતાંબર જૈન આચાર્યનો કરેલો છે.

Aho ! Shrutgyanam

કુવલયમાલાની સમાપ્તિસૂચક સમય વિષેની જે નોંધ છે તે પણ પોતાના વિષયની જરા નવીન તરેહની છે. ૨૦ મી ગાથામાં માસ, પક્ષ, અને તિથિની સૂચના છે અને ૨૫ મી ગાથામાં વર્ષની અને વખતની સૂચના છે. એ બંને નોંધોનો મેળો સંબંધ જોડતાં 'શક સંવત્ ૭૦૦ વ્યતીત થવામાં એક દિવસ ન્યૂન રહે તે દિવસે–ચૈત્ર કૃષ્ણ પક્ષની ચતુર્દશીએ અપરાહ્નવેળાએ રચીને પૂર્ણ કરી' આટલો અર્થ થાય છે. સામાન્ય રીતે પશ્ચિમ અને ઉત્તરભારતમાં જૂના સમયથી વિક્રમ નામે પ્રચલિત સંવતનો જ વધારે પ્રચાર રહેલો છે, અને ગ્રન્થો અને લેખોમાં ઘણા ભાગે એ જ સંવતનો નિર્દેશ કરેલો હોય છે. શક કાલ એ દક્ષિણનો લોકમાન્ય સંવત્સર છે. પણ કુવલયમાલામાં શક સંવતનો ઉપયોગ કરવામાં આવ્યો છે જે ગ્રન્થકારની ખાસ રુચિનું સૂચન કરતું હોય એમ લાગે છે. મને લાગે છે કે ઉદ્યોતનસૂરિનો દક્ષિણ દેશ સાથે ખાસ પરિચય હોવો જોઇએ. કારણ કે કથાના વર્ણનમાંયે દક્ષિણના પ્રદેશ અને સ્થાનોનો બહુ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, એટલું જ નહિ પણ દક્ષિણની તાત્કાલીન દેશભાષાનો પણ ખાસ પ્રયોગ કરેલો છે. વળી, ગ્રન્થકારનું ઉપનામ જે મૂળમા दक्खिण्णइंच (જેનું સંસ્કૃત ભાષાંતર કરે दाक्षिण्यचिन्ह એવું શબ્દાંતર કરેલું છે, પણ મારા વિચારથી તે दक्षिणचिन्ह હોય તેમ લાગે છે) શબ્દ વાપરેલો છે તે ઘણું કરીને 'दक्षिणी' એવા ઉપનામનું સૂચક લાગે છે. એટલે કે એ ઉદ્યોતનસૂરિ 'दक्षिणी' એમ કહેવાતા હશે. એ પરથી સંભવિત છે કે કાં તો એમની જન્મભૂમિ દક્ષિણમાં આવેલી હશે અને કાં તો એમણે દક્ષિણમાં લાંબા સમય સુધી નિવાસ કરેલો હશે. ગમે તેમ હોય પણ એમને દક્ષિણ દેશનો સારી પેઠે પરિચય હતો અને તે પરિચયના અભ્યાસે જ એમણે આ પ્રદેશમાં વધુ પ્રચલિત વિક્રમકાલના બદલે શકકાલનો નિર્દેશ કર્યો હોવો જોઇએ. પણ એ સાથે માસ, પક્ષ અને તિથિનો જે નિર્દેશ કર્યો છે તે જરા ભ્રમમાં નાંખે તેવો છે. શકકાલ સાથે પ્રયુકત કરાતા માસ ઘણા ભાગે અમાંત હોય છે. પણ અહિં જણાવેલો માસ પૂર્ણિમાંત છે. અમાંત માસના હિસાબે વર્ષસમાપ્તિ ચૈત્ર બ. દિ. ૧૫ ની સાથે નહિ પણ ફાલ્ગુણ બ. દિ ૧૫ સાથે થાય છે. ચૈત્ર બ. દિ ૧૫ ની સાથે વર્ષની સમાપ્તિ જણાવવાથી ઉદ્યોતનસૂરિએ પૂર્ણિમાંત માસનો ઉપયોગ કર્યો છે એ સ્પષ્ટ સમજાય છે અને રાજપૂતાનામાં આજે પણ વર્ષસમાપ્તિ ચૈત્ર બ. દિ ૧૫ મે જ થાય છે.

ડૉ. હર્માન યેાકાબીએ. આ મિતિ ઉપર એક નોટ, સમરાદિત્યકથાની પ્રસ્તાવનામાં (પૃ. ૨) લખી છે, તે જાણવા જેવી હોવાથી અહિં ઉતારી લેવી ઉપયોગી થઈ પડશે.

"चोद्दसीए चित्तस्स किण्ह पक्खम्मि એટલે ચૈત્ર વ.દિ ૧૪. આ તિથિ પંચાંગદૃષ્ટિએ રસપ્રદ છે. ચૈત્રાદિ વર્ષ ચૈત્રના શુકલ પક્ષથી જ હમેશાં શરૂ થાય છે તેથી પ્રસ્તુત તિથિ પૂર્ણિમાન્ત પદ્ધતિ કે જેમાં કૃષ્ણ પક્ષ હમેશાં શુકલ પક્ષની પૂર્વે આવે છે તે પ્રમાણે ગણીને મૂકેલી હોય એમ ભાસે; પણ, કિલ્હૉર્ન (ઇંડિયન એંટિકવરી ૧૮૯૬ પૃ. ૨૭૧ ટિપ્પણ) શિલાલેખોની તિથિઓપરથી બતાવ્યું છે કે શક-વર્ષોના સંબંધમાં પ્રાયઃ હમેશાં 'અમાન્ત' માસોનો ઉપયોગ કરવામાં આવે છે, તેથી આપણી આ તિથિનો પ્રથમદૃષ્ટિએ અર્થ અત્યંત શંકાસ્પદ થાય છે, તે છતાં પણ આ લક્ષિત વર્ષમાં 'અધિક' ચૈત્ર માસ હતો કે જે 'નિજ' માસની પૂર્વ આવે છે; તેથી આ પ્રસ્તુત તિથિ સંબંધે 'અધિક' ચૈત્ર વદિ ૧૪ એ છેલ્લો દિન છે પણ તે પૂર્વના વર્ષનો છેલ્લો દિન છે,–જો તે વર્ષ 'નિજ' ચૈત્રથી શરૂ થયું હોય તો– અને તેમ જ થવું જોઇએ; કારણ કે ખરા ચૈત્રની શરૂઆત કરનારો શુકલપક્ષનો ચંદ્ર, મેષસંક્રાન્તિ પહેલાં આવ્યો હતો. હું તેથી એમ માનું છું કે સ્વામિકન્નુ પિલ્લાઇનો નિર્ણય નામે 'જ્યાં અધિક ચૈત્ર હોય છે ત્યાં વર્ષનો પ્રારંભ થાય છે' (ઇંડિયન એફેમરી વૉ. ૧ ભાગ ૧ પૃ. ૬૫) તે નિર્ણય માત્ર આધુનિક પ્રથાને લાગુ પડે છે."

કુવલયમાલાની પ્રસ્તાવનામાં અને આંતરિક ભાગમાં પણ કેટલીક ઐતિહાસિક વિગતો ઉપરાંત ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ તેમ જ તત્કાલીન સામાજિક રીતિરીવાજ અને ભૌગોલિક વર્ણનની દૃષ્ટિએ ઘણી ઘણી ઉપયોગી બાબતો આવેલી છે જેનો વિચાર આ લેખના બીજા ભાગમાં કરવાનું મુલતવી રાખી જરા વધારે વિસ્તૃત થઈ પડેલા આ લેખને અહિં પૂર્ણ કરીશું.

Aho ! Shrutgyanam

## ટિપ્પણિઓ

૧ જુઓ, શાન્તિનાથ ચરિત્રની આદિમાં આપેલી નીચેની ગાથા—

**वंदामि भद्दबाहुं जेण य अइरसियं बहुकहाकलियं ।**
**रइयं सवायलक्खं चरियं वसुदेवरायस्स ॥**

—પીટર્સન સાહેબે કરેલી સંસ્કૃત હસ્તલિખિત પુસ્તકોની ગવેષણાનો ૫ મો રીપોર્ટ, પૃષ્ઠ ૭૩.

૨ જુઓ, ધર્મસેનગણિએ પૂરેલા વસુદેવહિંડીના મધ્યમખંડની આદિમાંનું નીચેનું વાક્ય–

**तत्थ य किंचि सुयनिबद्धं किंचि आयरिय परंपरेण**
**आगयं ततो अवधारितं मे ।**

—પીટર્સનનો ત્રીજો રીપોર્ટ, પૃ. ૧૯૯

૩ આ કથાઓનો નામનિર્દેશ પતંજલિના વ્યાકરણ મહાભાષ્યમાં મળે છે. જેમ કે—

**वासवदत्तामधिकृत्य कृताऽऽख्यायिका वासवदत्ता,**
**सुमनोत्तरा, उर्वशी । न च भवति भैमरथी । ४।३।८७**

૪ આનો નામોલ્લેખ વસુદેવહિંડી વગેરે જૈન ગ્રન્થોમાં મળે છે.

૫ આ કથનનો સંવાદી ઉલ્લેખ મેરુતુંગના પ્રબંધચિંતામણિના પ્રારંભના એક શ્લોકમાં પણ દૃષ્ટિગોચર થાય છે. જેમ કે—

**भृशं श्रुतत्वान्न कथाः पुराणाः**
**प्रीणन्ति चेतांसि तथा बुधानाम् ।**

૬ પ્રમાણ માટે જુઓ વસુદેવહિંડીમાંનું નીચેનું અવતરણ—

**'सोऊण लोइयाणं.....णरवाहनदत्तादीणं कहाओ कामियाओ लोगो एगंतेणं कामकहासु रज्जंति । सोग्गइपहदेसियं पुण धम्मं सोऊं पि नेच्छति य जरपित्तवसकडुयमुहो इव गुलसक्करखंडमच्छंडियाइसु विपरीतपरिणामो । धम्मत्थकामकलियाणि य सुहाणि धम्मत्थकामाण य मूलं धम्मो; तम्मि य मंदतरो जणो । तं जह णाम कोई वेज्जो आउरं अमयउसहपाणपरंमुहं ओसढमिति उव्विययं मणोभिलसियपाणववएसेण उसहं तं पज्जेति । कामकहारतहितयस्स जणस्स सिंगारकहावसेण धम्मं चेव परिकहेमि ।**

—પીટર્સન ત્રીજો રીપોર્ટ, પૃ. ૧૯૮

૭ **सालंकारा सुहया ललियपया मउयमंजुलुल्लावा ।**
**सहियाण देइ हरिसं उव्वूढा नववहू चे व ।**

—કુવલયમાલાની પ્રસ્તાવનામાં.

૮ એ સારની એક બે પ્રતો મળી છે તે પરથી જર્મનીના પ્રસિદ્ધ વિદ્વાન્ અધ્યાપક અર્નેસ્ટ લૉયમાને જર્મન ભાષામાં એ કથાનું બહુ સુંદર ભાષાંતર કરી પ્રકાશિત કર્યું છે. એ ભાષાંતર પરથી ગૂજરાતી ભાષાન્તર શ્રી નરસીભાઇ પટેલે કરેલું છે તે જૈન સાહિત્ય સંશોધકના બીજા ખંડમાં અમે પ્રસિદ્ધ કર્યું છે.

૯ **पालित्तएण रइया वित्थरओ तह य देसिवयणेहिं ।**
**नामेण तरंगवई कहा विचित्ता य विउला य ॥**
**कत्थइ कुलयाइं मणोरमाइं अण्णत्थ गुविलजुयलाइं ।**
**अण्णत्थ छक्कलाइं दुप्परिअल्लाइं इयराणं ॥**
**न य सा कोई सुणेइ नो पुण पुच्छेइ नेव य कहेइ ।**
**विउसाण नवर जोगा; इयरजणो तीए किं कुणउ ॥**

Aho ! Shrutgyanam

**तो उव्वे [ य ] जणं गाहाओ पालित्तएण रइयाओ ।**
**देसिपयाइं मोत्तुं संखित्तयरी कया एसा ॥**
**इयराण हियट्ठाए मा होही सव्वहा वि वोच्छेओ ।**
**एवं विचिंतिऊणं खामेऊणं तयं सूरिं ॥**

—तरंगलोलानी हस्तलिखित प्रति परथी.

१० मलयवती अने मगधसेना कथानो उल्लेख निशीथसूत्रनी चूर्णिमां आवे छे. यथा—

**अणेगित्थीहिं जा कामकहा । तत्थ लोइया णरवाहणदत्तकथा । लोयुत्तरिया तरंगवती, मगधसेणादीणि**—हस्तलिखित प्रतिपरथी.

११ आ कथानो नामनिर्देश तत्त्वार्थसूत्र परनी सिद्धसेनाचार्यनी व्याख्यामां करेलो छे:-

**विकल्पितेऽपि ह्यर्थे स्मृतिर्दृष्टा—बन्धुमती—आख्यायिकादौ ।**

१२ सुलोचना कथानो उल्लेख कुवलयमालामां ज आवेलो छे.

**सन्निहियजिणवरिन्दा धम्मकहाबन्धदिक्खियनरिन्दा ।**
**काहिया जेण सुकहिया सुलोयणा समवसरणं वा ॥**

१३ जुओ, जैन साहित्य संशोधक, त्रैमासिक, प्रथमखंड, प्रथम अंक.

१४ जुओ, बिब्लीओथिका इन्डिका ( कलकत्ता )मां प्रकट थएली समराइच्चकहानी प्रस्तावना.

१५ आ यादी माटे जुओ, देवचंद लालभाइ जैनपुस्तकोद्धार फंड ( सुरत )मां प्रकट थएला धर्मसंग्रहणी नामे ग्रन्थनी मुनि कल्याणविजयजीनी लखेली प्रस्तावना.

१६ **निरोद्धुं पार्यते केन समरादित्यजन्मनः ।**
**प्रशमस्य वशीभूतं समरादित्यजन्मनः ॥**

१७ **वंदे सिरिहरिभद्दंसूरिं विउसयणणिग्गयपयावं ।**
**जेण य कहापबन्धो समराइच्चो विणिम्मविओ ॥**

—पीटर्सनं रीपोर्ट ५, पृ. ७३,

१८ **समस्तफलान्तेतिवृत्तवर्णना समरादित्यवत्सकलकथा ।**
**—निर्णयसागरी आवृत्ति, पृ. ३४०.**

१९ तोरमाणनी हकीकत विषे जुओ—विन्सेन्ट ओ. स्मीथनी 'आर्ली हिस्टरी ऑफ इन्डिया' पृ. ३१६; तथा, पं. गौरीशंकर ही. ओझानो राजपूतानेका इतिहास भाग १, पृ. १२८.

आ तोरमाण राजाना अनेक शिक्काओ मळ्या छे जे उपर तोर अने तोरमाण आ बंने रीते एनो नामनिर्देश छे-जुओ, जर्नल ऑफ एशियाटिक सोसायटी ऑफ बेंगाल, सने १८९४, पृ. १९८-२०१.

२० जुओ, सेम्युअल बीलनुं 'बुद्धिष्ट रेकॉर्डस् ऑफ धी वेस्टर्न वर्ल्ड' नामनुं पुस्तक, भाग २, पृ. २७५.

२१ ओ. कनिंगहाम लिखित 'ओन्श्यन्ट ज्यॉग्रेाफी ऑफ इन्डिया' नवी आवृत्ति पृ. २३३-४.

२२ वॉटर्स 'युवनच्वंग' भाग २, पृ. ३४२.

२३ जुओ, 'जर्नल रॉयल एशियाटिक सोसायटी' सने १९०७, पृ. ६५०.

२४ जुओ, जॉन ऐलननुं 'कैटेलॉग ऑफ इन्डिअन कॉइन्स; गुप्त डिनेस्टीज.' पृ. १५२ अने प्लेट.

२५ जुओ, चिंतामणी वि. वैद्य लिखित मध्ययुगीन भारत भाग १, पृ, १८.

२६ जुओ, ओपिग्राफिआ इन्डिका भाग १, मां प्रकट थएली कुमारपालनी वडनगरनी प्रशस्ति.

२७ जुओ, जैन साहित्य संशोधक ग्रन्थमाळामां प्रकाशित जीतकल्पसूत्रनी प्रस्तावना.

२८ आर्किऑ लॉजिकल सर्वे ऑफ इन्डिया, ओन्युअल रीपोर्ट, सन १९०३-४.

Aho ! Shrutgyanam

# ધર્મસમુદ્ર કૃત શકુંતલા રાસ

[ સંગ્રાહક–સંપાદક–શ્રીયુત મોહનલાલ દલીચંદ દેશાઈ B. A. LL. B. ]

આ રાસના કર્ત્તા ધર્મસમુદ્ર એ એક જૈન સાધુ છે, તે પોતાનો જે પરિચય, પોતાની અન્ય કૃતિઓમાં આપે છે તે એટલો કે પોતે જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયમાંના ખરતર ગચ્છના જિનહર્ષસૂરિના પટ્ટધર જિનચંદ્ર સૂરિના શિષ્ય વિવેકસિંહ ઉપાધ્યાયના શિષ્ય હતા. તેમણે સં. ૧૫૬૭ માં જલોરમાં સુમિત્રકુમાર રાસ, સં. ૧૫૮૪ માં કુલધ્વજ રાસ, અને સંવત્ આપ્યા વગરની અન્ય કૃતિઓ નામે રાત્રિભોજન રાસ ( અથવા જયસેન ચોપાઇ ), અવંતિ સુકુમાલ સ્વાધ્યાય આદિ કૃતિઓ રચી છે. જુઓ મારૂં પુસ્તક નામે ' જૈન ગૂર્જર કવિઓ પ્રથમ ભાગ ' પૃ. ૧૧૬ થી ૧૧૯. આ રાસ તે પુસ્તક છપાયું ત્યાર પછી હસ્તગત થયેલ છે ને તેની રચનાનો સમય સં. ૧૫૭૦ લગભગ મૂકી શકાય. આ વર્ષ લગભગ કવિ ભાલણનું અવસાન થયું હશે એમ રા. રામલાલ ચુનીલાલ જણાવે છે.

શકુંતલા પર કોઇપણ પ્રાચીન ગૂજરાતી કવિએ આખ્યાન, કે પદબંધ રચના કરી હોય એવું ક્યાંય હજી સુધી માલૂમ પડ્યું નથી. આ ઉપર રચના કરવાની પહેલ કરનાર વિક્રમની સોળમી સદીના ઉત્તરાર્ધમાં થયેલ આ જૈન કવિ ધર્મસમુદ્ર છે એમ નિર્વિવાદે કહી શકાશે. આ કૃતિ એક નાની છતાં સુંદર કૃતિ છે તે સમગ્ર વાંચતાં જોઇ શકાશે, અને તેની આખી રચના જોતાં તેના કર્તા એક જૈન છે એવું કોઇને ભાગ્યે જ જણાશે.

કવિશિરોમણિ કાલિદાસ કૃત શકુંતલા પરનું અભિજ્ઞાન શાકુંતલ નામનું ' નાટકોની રસરાણી ' રૂપ નાટક સુપ્રસિદ્ધ છે. તેનું મૂલ વસ્તુ મહાભારતમાં મળી આવે છે. તે સિવાય સંસ્કૃતમાં અન્ય કોઇ કવિએ તેના પર કંઇ રચના કરી હોય એવું જણાયું નથી. મહાભારતના વસ્તુમાં કવિ કાલિદાસે રોચક, ઉચિત, રસ વિધાયક ફેરફાર કરી પોતાની સાચી કલાવિધાન અને પ્રતિભાશક્તિ તેમ જ સૂક્ષ્મ રસવૃત્તિ બતાવી છે. મારા મિત્ર રા. અંબાલાલ બુલાખીરામ જાની પ્રેમાનંદ કૃત સુભદ્રાહરણની પ્રસ્તાવના પૃ. ૧૬૬–૧૬૭ માં જણાવે છે કે:—

' કવિ કાલિદાસે ' અભિજ્ઞાન શાકુંતલ 'ની રચના મહાભારતના એક વૃત્તાંતના આધારે રચી છે; પરંતુ તેણે તેના નાયક ભારતનૃપતિશિરોમણિ દુષ્યન્ત અને નાયિકા શકુંતલા એ બન્નેનાં ચારિત્ર્યને સંસાર અને નીતિના ઉચિત અદર્શભૂત નિરૂપવા બે મહત્વનાં નવાં કથાંતરો યોજ્યાં છે. છતાં તેમની માનવ પ્રકૃતિની સ્વાભાવિકતા, સંપૂર્ણ કલાચાતુરી અને રસસંવેદનથી જાળવી રાખી છે. તેણે તેમને આદર્શભૂત દર્શાવવા જતાં તેમની માનવતાનો લેશ માત્ર નાશ કર્યો નથી, પણ તેની પામરતા નિવારી ઉલટી બહલાવી છે. ( આ વાત હાલના ' સાહિત્યકો ' લક્ષમાં લેશે કે ? ) મૂળ વૃત્તાંતનો દુષ્યન્ત રાજા અનેક પત્ની વાળો, કામી, અત્યન્ત મોહવશ, નિષ્ઠુર અને અસત્યવાદી છે; ત્યારે, ' અભિજ્ઞાન શાકુન્તલ 'નો નાયક દુષ્યન્ત રાજા વિનયી, ધાર્મિક, દયાર્દ્ર અંતઃકરણવાળો, પ્રેમશૌર્યાન્વિત અને સત્યપ્રિય છે. કાલિદાસે દુર્વાસા મુનિના શાપનો પ્રસંગ યોજીને અદ્‌ભુત કલાચાતુરીથી દુષ્યન્તની કામાંધતા, પાપ-મયતા, નીતિભીરૂતા અને પ્રણયહીનતા નિવારી, તેના પ્રતિની તિરસ્કારબુદ્ધિ વાચકના મનમાં થતી અટકાવી ઉલટી, ઊંડી માનબુદ્ધિ, અને પૂજ્યભાવ ઉત્પન્ન કર્યા છે. તે જ પ્રમાણે મહાભારતની શકુન્તલા લોલુપ, મોહવશ, અને કંઇક ધૃષ્ટ પણ છે, જો કે તેનું વર્તન પ્રસંગોચિત છે ખરૂં; પરંતુ નાટકની શકુન્તલા

Aho ! Shrutgyanam

વિનીત હૃદયી, કોમલ સ્વભાવવાળી અને સ્ત્રીસહજ લજ્જાથી યુક્ત છતાં આત્મસંમાનથી સંપૂર્ણ અન્વિત છે. જેમ સર્વ રીતે મૂળ ધૃતિવૃત્ત, દુષ્યન્ત અને શકુન્તલાની સ્વાભાવિક માનુષી વૃત્તિઓનું પ્રતિબિંબ પાડે છે, તેમ નાટકમાં પણ તેમની માનુષી વૃત્તિઓની સ્વાભાવિકતા જાળવવા ઉપરાંત પાત્રોનું પાત્રત્વ ઉન્નત અને આદર્શીભૂત થયલું છે. અને એ જ એની ખૂબી છે."

આ રાસમાં વસ્તુ ઉક્ત નાટકમાંથી લીધેલું સ્પષ્ટ છે. માત્ર પોતે જૈન સાધુ છે તેથી અહિંસાના સિદ્ધાન્તને ચીવટથી વળગી રહેવાના કારણે યત્રતત્ર ફેરફાર કર્યો છેઃ જેવો કે માછલીના ઉદરમાંથી ધીવરને મળેલી મુદ્રિકાને આ રાસમાં તેને સરવર પાળેથી મળેલી જણાવી છે; શકુંતલાને દુષ્યન્ત ભૂલી જતાં તેણી 'આ કયાં કર્મે બન્યું' એમ કહી વિલાપ કરે છે તેમાં જૈનભાવના તરવરે છે. વગેરે વગેરે. નામમાં જે પ્રાકૃત ફેરફાર છે તે એ છે કે કણ્વ ઋષિને 'કંઽ' દુષ્યંત ને 'દુક્કંત', શકુંતલા ને સકુંતલા, સિકુંતલા એ નામ અપાયાં છે.

૧૦૪ કૂંકની આ કૃતિમાં દેશી ઢાળો અને છંદો જૂદા જૂદા મૂકાયા છે અને એ રીતે લોક પ્રચલિત દેશીઓ–લોક રાગોનો ઉપયોગ જૈન કવિઓએ તેરમા સૈકાથી તે છેવટ સુધી કર્યો છે એ એમનું સમગ્ર સાહિત્ય જોતાં જણાશે.

આ રાસ એક અતિ જૂની પ્રતમાંથી ઉતાર્યો છે. તે પ્રતમાં આ રાસ, તેમ જ આ કર્તાકૃત અવંતિસુકુમાલ પર પંચઢાલક ( પાચ ઢાલની સજ્ઝાય–સ્વાધ્યાય ) તેમ જ છેવટે હરિયાલી છે, અને વચમાં લક્ષ્મીરત્ન ઉપાધ્યાય શિષ્યકૃત સુરપ્રિય ઋષિ સ્વાધ્યાય છે કે જે કવિ પણ વિક્રમ સોળમા શતકમાં થયા છે. આ પ્રતમાં બે બાજુવાળા એવા ચાર પત્રો છે ને તે ખીચોખીચ નાના પણ સુંદર અક્ષરોમાં લખેલા છે. દરેક પત્રની બંને બાજુ પર ૨૩ પંક્તિઓ છે. છેવટે 'પં. ખેમકુશલ લખિતં' એમ જણાવ્યું છે. આ પ્રતિ મારી પાસે છે કે જે સુભાગ્યે એક સાહિત્યરસિકભાઇ પાસેથી પ્રાપ્ત થઇ છે. તેના કાગળ પરથી તે સોળમી સદીના અંતમાં યા સત્તરમીના પ્રારંભમાં લખાયેલી લાગે છે. તે પ્રત પરથી અક્ષરશઃ ઉતારો કરી આ કૃતિ અત્ર મૂકવામાં આવે છે. જૂની જૈન પ્રતમાં 'ખ'ને બદલે 'ष' લખાય છે તેમ અત્ર પણ છેઃ પણ તેનો ઉચ્ચાર 'ખ' જ થતો અને તેથી ઉતારામાં 'ખ' મૂક્યો છે ને રૂપો જૂનાં છે તે બતાવવા મૂળ રૂપો જ મૂકવામાં આવ્યાં છે. પૂર્વે લખવામાં અને ઉચ્ચારમાં ભેદ રહેતો તે એ કે ગયઉ લખાય, પણ બોલાય ગયો, એમ કેટલાક માને છે. ગયઉ–ગ્યઉ, પહુતુ એવાં ભૂતકાળનાં પ્રાચીન રૂપ મૂળમાં છે, તેનાં આધુનિક રૂપો ગયો–પહોતો વગેરે છે. પ્રાચીન ગૂજરાતીમાં પુંલિંગે પ્રત્યય 'ઉ' કાર હતો. સરખાવો 'અલખામણુ ક્યમ ધર્મ થઉ, જે હુતો આદર આપ'–ભાલણકૃત નલાખ્યાન. ૧૨–૧૬. આ 'ઉ' પરથી હાલનો 'ઓ' થયો છે અને હાલ લખાય છે. તેવી જ રીતે પ્રાચીન રૂપ કહઇ, પૂરઈ, લહઈ–તેનાં વર્ત્તમાન રૂપ કહે, પૂરે, લહે–એ છે. આ ઉતારામાં પ્રાચીન રૂપ આબાદ રાખ્યાં છે. સામાન્ય રીતે હાલનાં રૂપ ઇ ને બદલે એ, ઉ ને બદલે ઓ મૂકવાથી આવી રહે છે. આ પ્રાચીન કૃતિથી–ભાલણના સમયની કૃતિથી ભાષાશાસ્ત્રીને ઘણું મળી રહેશે.

Aho ! Shrutgyanam

# ધર્મ સમુદ્ર કૃત—શકુંતલા રાસ.

## (ઢાળ ૧.)

સરસતિ સામિણિ કરૂ પસાય, માય મતિ દિયઉ અતિ ભલી એ;
સતીય શકુંતલા જિમ કવું રાસ, આસ પૂરઉ વલી એતલી એ. ૧
એતલીય પૂરઉ આસ, કવિવયણુ વિરચઉ વાસ;
જિમ થાઇ સરસ વિલાસ, નવિ હોઇ પંડિત હાસ. ૨
નવિ હોઈ પંડિત હાસ સારદ, સાર ઘઉ વર સારદા;
મનરંગિ તવ ભાવ ભાખઉ, તુમ્હ પસાઇ હૂં સદા.
સાકેતપુર વર નયર નામિહિં, અમર નયર હરાવ એ;
દુઃકંત રાજા રાજ કરતા, ન્યાય મારગ ઠાવ એ. ૩
ઇક દિનિ નરવર કરીય ઉચ્છાહ બાહરિ વાહ તર વાહણી એ;
પરવર્યઉ પરગરિ વનગિરિ વેગિ રંગિ ઇછા રમઇ મન તણી એ. ૪
મન તણીય કરતુ કેલિ, બઇસતુ છાયા કે(વે)લિ;
હીસતા હયવર હેલિ, બોલતા બંદિ પિહિલિ. ૫
બોલઈ પહેલી નઇ સમરયા, બંદિ બહુ બિરદાવલી,
તવ દૂરિ એક કુરંગ દૃષ્ટિ, દેખિ ઉઠયઉ નૃપ વલી.
રથિ ચડીય ચડવડ ચપલ ચંપ્પા, વન પરિ હય ઉછલઇ,
અસિ કુંત તોમર તૂણ સંધી, ધણુહ મુહિ તાકઇ બલઈ. ૬
કરઇ કુરંગ તુરંગ ઉનમાદ વાદ વદઇ ગતિ અણુસરી એ;
છંડીય ભૂમિ વન પંથ બહુ જાંમ તાંમ પામ્યા વનહિં ભરી એ. ૭
હય ભર્યા પવનહિ જામ, મૃગ પૂઠિ પહુતા તાંમ;
વન એક અતિ અભિરામ, નૃપ ધનુષિ પૂરઇ વાંમ. ૮
નૃપ ધનુષિ પૂરી વામ પ્રાણુહિ બાંણુ મેલ્હઇ તસુ જિમઇ;
રહઉ રહઉ રાજન કાજ નહી એ કહઇ તાપસ તિણિ સમઇ;
મુહિ તૃણુઉ ઘાલઈ ન્યાય ચાલઇ રંગિ માલઇ વનિ રહઇ;
નિત્રાંણુ હરવા બાંણુ તાંણુઇ બાંણુ પ્રાણુ કિસું વહઇ. ૯
રાય અન્યાય તણુઉ રખવાલ, પાલ પૃથ્વી તણુઉ સહૂ કહઇ એ;
એ નિરધાર ઊપરિ હથીયાર ભાર સોભા કેહી લહઈ એ. ૧૦
એ કિસીય લહીયઈ સોહ, મમ કરૂ રાજન દ્રોહ;
ઇક ધરૂ ધરમહ મોહ, છંડીયઈ વયર વિરોહ. ૧૧
છંડીયઇ વયર વિરોધ નરવર જાઉ આશ્રમિ અમ્હ તણુઇ;
ગુરૂ પાય લાગઉ સુમતિ માગઉ પાપ જે હેલઇ હણુઇ;

Aho ! Shrutgyanam

અમ્હે અરથ ઇંધણ તણઇં જાઉ વચન ઇમ નરવર સુણી;
હિંસા નિવારી રાજધારી સામહિઉ આશ્રમ ભણી. ૧૨

ઢાલ ૨.

રથ મેલ્હી નરરાજ લાજ, હીયાસું અણુસરી રે;
પહુતુ ઠામિ પવિત્ર મિત્ર, નિવડ સઇં હાથિ ધરી રે. ૧૩
જોઇઅઇ મન ઉછાહિ, માહિ અનોપમ તરૂ ભલા રે;
મોગર નઇ મચકુંદ, કંદ સેવંત્રી પાડલા રે. ૧૪
કેતકી કરણી જાઈ, થાઇ આણુંદ સુપરિમલઇ રે;
મોટા મંડપ દ્રાખ, સાખ અંબુલડા જિ સગલઈ રે. ૧૫
લયઇ વીસામઉ રાય, વાય મલયગિરિ વાજતઉ રે;
સૂતઉ મંડપ હેઠિ, દ્રેઠિ ન મેલીય છઇ જાગતઉ રે. ૧૬
તિહ અંતરિ હુઇ નારિ, વારિ ભરી તરૂ સીંચતી એ;
વાત કરઇ આણુંદિ, છંદિ નરિંદ અદેખતી એ. ૧૭

દૂહા

પભણુઇ નારિ પ્રિયંવદા, સુણિ પ્રિયંકરિ ! વાત;
કુંઠ નામિ કુલપતિ ઇહાં, સકુંતલાનઉ તાત. ૧૮
યૌવનભરિ પુત્રી ભરી, વર સોધવા નિમિત્ત;
ગ્યઉ પ્રભાસ તીરથ ભણી, યાત્રા મિસિ કરિ ચિત્ત. ૧૯
પાછલિ આવ્યુ પ્રાહુણઉ, દુર્વાસા ઋષિરાઉ;
અણ ઉલખતી નવિ ગિણિઉ, બેટી ચૂકી ચાઉ. ૨૦
તાપસ કુપ્યઉ સિકુંતલા, શાપઇ ઇમ તુરંત;
નવ પરણી વીસારસ્યઇ, સહી જાંણે તુઝ કંત. ૨૧
ઇસિઉં કહી જાતઉ વહી, હું પગિ લાગી તાસુ;
ભોલી એ છઇ મુઝ સખી, ખમિ ખમિ ખિમાનિવાસ !. ૨૨
પણમી પાય સકુંતલા, ખામઇ નિય મનદોસ;
કીડીસ્યું કટકી કિસી, સ્વામી સંહરિ રોસ. ૨૩
દુર્વાસા વલતું ભણઇ, શાપ ન કૂડઉ જાંણી;
પણિ પ્રીય વલી સંભારસ્યઇ, મુંદ્રડી અહિનાંણિ. ૨૪
એ કઉતગ તુ ઇસું, સખી આજ મઇં દિઠ;
તતખિણ કહઇ પ્રીયંકરી, તાપસ મોટઉ દુઠ. ૨૫
ઇમ પ્રીયંકરિ પ્રીયંવદા, રમઇંતિ ગૂઝ રસાલ;
આવી તિસઈ સકુંતલા, કરવા તરૂ સંભાલ. ૨૬

Aho ! Shrutgyanam

ढाळ ३. राग–ऋाभटा.

तइ अंतरि दृष्टई पडी, रिषि पुत्री जाम;
काम बांणि वेध्यउं हीअ, चिंतई नृप ताम. २७
विषम विषय विष दोहिलुं, जिणि धारिउ जीव;
शुद्धि अशुद्धि लहइ नही, परवस्य ई(द्री) सदीव. विषम० आंचली०
रंभा रमवा अवतरी, कइ किंन्नर नारी;
कमला केलि करंतडी, कइ नागकुमारि. विषम० २८
रूप कला एहज तणी, ते केहई कांमि;
जनम विहल पसुनी परइं, जउ हुइ ईणु ठामि. विषम० २९
नारि ताणुं परमाणु स्युं, जउ नहीय सुनाहु;
पडि कुथानकि तउ पछई, नवि भाजई दाहु. विषम० ३०
जिम किम ए अंगीकरूं, ईम चिंतवी भूप;
मित्र जगावी मोकल्युं, पूछिवा सरूप. विषम० ३१
ए कुणु केहनी कन्यका, पूछावई राय;
सखीय भणुई भाइ ! सुणउ, आमूल उपाय. विषम० ३२
तपसी तप तपतउ थरउ, जे विश्वामित्र;
दीठउ ई'द्रई एकदा, सं'काणुं [ निय ] चित्त. विषम० ३३
तेहवी एहनी साधना, जे हरस्यई राज;
चतुरपणुइ करि चूकवई, ते छई कोइ आज. विषम० ३४
चिंतातुर ईम चिंतवई, सुरपति ईणि रेस;
तव ईंद्राणी मेणिका, विनवई विसेसि. विषम० ३५
लाख बत्रीस विमाननउ, तुं प्रभु कहवाइ;
तउ स्वामी चिंता किसी, जे ईम दुभाय, विषम० ३६
वात कही तापस तणी, तव हसइ पुरंधि;
मेखन मेखई चूकवुं, परतिन्या सं'धि. विषम० ३७
आगई नारि निरगाली, नइ प्रीय आदेस:
घृत आहुति अगनइ मिलि, घिगधिगइ विशेष. विषम० ३८

ढाळ ४. राग–सामेरी.

करीय सयल सिंगार ऊतरी, मंडई नाटारंभ;
भणुई मेनिका ईंद्र ईंद्राणी, नेह वचन सं'रंभ. ३९
मुनीसर भलई भलई भेटिउ आवि;
चढिउ रयण करि आवि, रषीसर भलई भलई भेटिउ आवि.

Aho ! Shrutgyanam

આલિ કરઈ આલતિ આવતી, જાલવતી મન ભેદ;
કરઇ તમાસા લ્યઇ નીસાસા, કૂડઉ ધરતી ખેદ. મુની૦ ૪૦
ભોગ કાજિ પ્રભુ યોગ વહી જઇ, કીજઈ કાયા સોષ;
તે ઇહ લોકઈ પુણ્ય પ્રભાવઈ, આવઇ તઉ કુણ દોષ. મુની૦ ૪૧
વયણ ગુણઇ કરિ શ્રવણ હરઇ તસ, હૃદય વિનોદ વિલાસિ;
હર્યો નયણ નિજ રૂપ દેખાડી, પાડી લીધઉ પાસિ. મુની૦ ૪૨
ઇમ ભોલવ્યુ ભલી પરિ તાપસ, પાપ સવારથ મંડી;
સીલ ચિંતામણિ નાંખી દીધું, કીધુ ખંડોખંડિ. મુની૦ ૪૩
તિણિ અન્યાનિ અન્યાય કરીનઇ, કન્યા ગરભ વિછોડિ;
દિન પૂરે વનિ નંખી પહુતી, તાપસ લાગી ખોડિ. મુની૦ ૪૪
ગયઉ તપોવનિ વલિ તપ તપવા, વિશ્વામિત્ર ઉલંઠ;
વનિ ટલવલતું બાલક દેખી, ભાલ કરઈ મુનિ કુંઠ. મુની૦ ૪૫
દયા ભણી ઊછેરી તરૂ પરિ, દૂધ દહીં દેઅંત;
સિકુંતલા ઋષિનઇ અતિ વાલ્હી, ઇમ અહેનઉ વૃત્તંત. મુની૦ ૪૬

## ઢાલ ૫. રાસ.

સંભલિ સવિ સંબંધ મિત્ર પહુતઉ નૃપ પાસિ;
જોવા પૂઠિ સકુંતલા એ આવઇ ઊલ્લાસિ.
દીઠઉં નરપતિ રૂપ જેમ હુઓ અનુરાગ;
નયણ વયણ મનશુદ્ધિ પ્રીતિ મિલવા થિઉ લાગ. ૪૭
સખીય સાખિ સંખેપિ વેગિ ગંધર્વ વીવાહિ;
પરણી કુંઅરિ સિકુંતલા એ ભૂપતિ ઊમાહિ.
વિરહ ન સહણઉ સહીય જાઇ અભ્યંતર ઠામિ;
સુખવિલાસ વિલસઈ તિહાં એ કદલી આરામિ. ૪૮
તાપસનઉ ભય અણુસરી એ મનિ સંકયુ રાય;
નિજ પુરિ જાવા ઉચ્છહિઉ એ કહઈ તરૂણિ વિછાય.
સ્વામિ! રખે ઇણિ ઠામિ મુઝ મેલ્હઉ વીસારી;
નામાંકિત દઇ મૂંદ્રડી એ અસમાધિ નિવારી. ૪૯
પહુતઉ રાજા પુરિ જિસઇ એ, વનિ કુલપતિ આવ્યઉ;
પાણિગ્રહણ વ્રતંત તેહ સખી પાઇં જણાવ્યુ.
મુગધપણુઇ હરખ્યો મુણિંદ વર વરિઉ પ્રસિદ્ધ;
જગિ મોટો દુષ્કંતરાય, મનવંછિત સિદ્ધ. ૫૦

Aho ! Shrutgyanam

તેહજ દિન આધાનવૃદ્ધિ, ભરીઇ છઇ માસ;
હરષી ચિત્ત સકુંતલા એ, પૂરાણી આસ.
આશ્રમિ પ્રસવ અશુદ્ધિ જાણિ, બોલઈ ઋષિરાઉ;
વછિ પધારઉ સાસરઇ એ, પૂરઉ મનિ ભાઉ. ૫૧
સાથઇ થવિરા તાપસી એ, દીધા દેઇ સીસ;
રાયભવણિ પહુચાડવા એ, દેતઉ આસીસ.
કુલપતિ વઉલાવી વલ્યુ એ, હિત સીખ સંભારિ;
ચાલી હવઇ સકુંતલા એ, દુઃખ આણુઇ ભારી. ૫૨
ક્રમિ ક્રમિ પુર સાકેતપાસિ, પહુતા ઇક સરવરિ;
જલ પીવા મૃગલોયણી એ, તિહ પઇસઇ પરિસરિ.
હાથ પાય મુહ ધોયતાં એ, મુંદરડી પાડી;
ભોલપણઇ નિરખી નહીં એ, હીયડઉ ઊઘાડી. ૫૩
નયરિ પોલિ મેલ્હી તિહાં એ, થવિરા નઇ સુંદરિ;
તાપસ માહે જઇય રાજ, જંપઇ જય જય કરિ.
કહીય કુંઠ મુનિઅ સિષાએ, નૃપ કરઈ પ્રણામ;
પૂછઇ સુખ તપ નિરાબાધ, પૂછઇ આશ્રમ ઠામ. ૫૪
મુનિ જંપઇ તઇ રાજીઇ, સુખ તપ સાત સમાધિ;
પણિ પરણી તાપસસુતા, તસ મન વંછિત સાધિ. ૫૫
કુલપતિ કુંઠઇ મોકલી, બઇઠી નયર દુવારિ;
ગર્ભાધાર સકુંતલા, આણુઉ રાજ મઝારિ. ૫૬

ઢાળ ૬. રાગ–સોરઠી.

નૃપ સુણીય સંભ્રમ ભાવ ઉપન્નઉ સંપન્નઉ એ કુણ દોસ;
કુણ કુંઠ કવણ સકુંતલા, એ કવણ કૂડઉ સોસ.
હો તાપસ! અસમંજસ નવિ ભાખીઇ, રહઉ રહઉ મમ ઘઉ આલ,
હો તાપસ! કુવચન કુણ દાખીઇ, જીવદયા પ્રતિપાલ;
હો તાપસ! અસમંજસ નવિ ભાખીઇ. ૫૭
કિમ મૂલ વિણ તરૂ નીપજઇ, કિમ ગામ પાખઈ સીમ;
સંભલ્યું નામ ન તેહનું, પરિણવું તઇ હોઇ કીમ. હો તાપસ૦ ૫૮
રિષિ ભણઇ રાજન! સ્યું કહઇ, આવી અમ્હારઈ ઠામિ;
પરણી તિજી ગ્યઉ કન્યકા, વીસરઇ કવણ વિરામ. હો તાપસ૦ ૫૯
તવ ભૂપ ક્રોધાતુર થઈ, કહઇ સંભલઉ વનરોઝ;
એ રાજ મેલ્હિ અનેરડઈ, કરચ્યો જમાઇ સોઝ. હો તાપસ૦ ૬૦

Aho ! Shrutgyanam

વલી ભૃગુટિ ભીષણ ધડહડી, ઋષિબાલ બોલઇ બોલ;
રે નારિલંપટ ભૂપ તું, મમ મંડિ કપટ નિટોલ. હો તાપસ૦ ૬૧
પ્રભુ ! રખે રિષિનઇ કોપવઉ, પ્રીછવઇ રાય પ્રધાન;
બહુ રાજકાજઇ વીસરી, જે પણિ હુસ્યઇ નિદાનિ. હો તાપસ૦ ૬૨
ઇકવાર દૃષ્ટિં નિરખીઇ, પરખીઇ સાચી વાત;
ઇમ કહીય તેડાવી તિહાં, પણિ દેવઇ દીધઉ ઘાત. હો તાપસ૦ ૬૩
જિમ દૃષ્ટિ દીઠી તિમ ભણઇ, નરનાહ કોપાટોપ;
રઇપ(વા)ડી રમતઇ વીસરયઉં, કુલવટહ કીધુ લોપ. હો તાપસ૦ ૬૪
પૂછંતિ મુહતા સુંદરી, ઉલખઇ કિણિ અહિનાંણિ;
સા ભણઇ ભોલો છઇ કિસ્યું, પરણીયું વન અહિઠાણ. હો તાપસ૦ ૬૫
નૃપ કહઇ અબલા વલવતી, જઉ બોલતાં નહી લાજ;
ઊવેખીઇ એ નવિ સતી, રિષિ ભણઇ રાજન આજ. હો તાપસ૦ ૬૬
તઉ જઇ સભા સવિ રાયનઇ, પ્રીછી વિચારઉ વાચ;
સંકેત ચેતન જાગીઇ, જાણીઇ જિણિ કરિં સાચ. હો તાપસ૦ ૬૭
સંકેત અમ્હ કો નવિ અછઇ, જઉ હુઇ તઉ કહઉ એહ;
વલિ મંત્રિ પૂછઇ રિષિસુતા, જાગઉ કિણિપરિ નેહ. હો તાપસ૦ ૬૮

ઢાળ ૭. જયમાલા.

વીનવઇ સતી સુકુમાલ, સુણઉ સુણઉ જી સ્વામિ દયાલ;
દીધી મુદ્રા ઊતારી, વાલંભ તે કિમ વીસારી. ૬૯
જોઉ જોઉ રે કર્મ કલંક, નવિ છૂટઇ રાય ન રંક;
ધિગ્ ધિગ્ રે ભવપાતકપંક, મનિ થાઇ સતીય સસંક.–આંચલી. ૭૦
ચિત્તિ ચમકઇ પરપદ જાણ, માય દાખઉ તે અહિનાણ;
જે થકી પતીજઇ નાથ, તવ સામ્હું જોઇ હાથ. જોઉ૦ ૭૧
અંગુલીય ન દેખઇ મુદ્રા, કુદ્રાવઇ આવઇ તંદ્રા;
મનિ પઇઠી મોટી સંક, હૂઓ સવિ પરિ વિહિ વંક. જોઉ૦ ૭૨
નવિ જાણઇ તે કિહ પાડી, નરવર તિમ માગઇ તાડી;
સ્યઉ ઉત્તર અબલા આપઇ, તવ કુડ કપટ સહૂ થાપઇ. જોઉ૦ ૭૩
હિવ હસિ હસિ જંપઇ રાય, જોઉ જોઉ રે એ અન્યાય;
કિમ ધવ પણઇ ધીર, કુણ સીલ સુલાજ સરીર. જોઉ૦ ૭૪
સવિ તર્જઇ સભા સભૂપ, રે તાપસ પાપ સરૂપ;
અસતી લેઇ આશ્રમિ જાઉ, અમ્હ થકી અદૃષ્ટઇ થાઉ. જોઉ૦ ૭૫
મુનિ મેઇણિ પીઠ નિહાલી, મનિ વાલી દોસ સંભાલી;
વન ભણીય ભરઇ જિમ પાય, સતી આવઇ પૂઠિ વિછાય. જોઉ૦ ૭૬

Aho ! Shrutgyanam

આક્રોસઇ ક્રોધઇં ડારી, ઋષિપતિ વિષવેલિ વધારી;
કુલ સીલ કલંક પ્રકાસઇ, અમ્હ સાથિ મ આવિસ દાસિઇ. ભેઉ૦ ૭૭
ઇમ તરજી વરજી બાલ, તપસી પુહતા તતકાલ;
સા સુંદરિ પાછી આવઇ, તવ ભૂપતિ વેગિ વરાવઇ. ભેઉ૦ ૭૮
રે નીલજિ લાજ ઊવેખી, ઘટ પાપ ભરાઇ દેખી;
સ્યું આવઇ આધી ધાઇ, ઇણ વાતઇ કિસીય સગાઇ. ભેઉ૦ ૭૯

## ઢાળ ૮. સીંધૂઆ.

ઇમ સુણીય વયણ જિમ વજ્રઘાત, ધડહડીય દ્રસક્કઇ ધરણિપાત;
વલી થઇ સચેતન વાય ભેગિ, નિરધારી વિલવઇ બહૂય સોગિ. ૮૦
રે દૈવ કિસી પરિ એહ કિદ્ધ, સઘલા દુહ સવિ પરિ આજ દિદ્ધ;
સ્યાં કીધાં પરભવિયાં રે પાપ, જે ઉદયુ ઇણિભવિ એહ વ્યાપ. ૮૧
કઇ મોડી તરૂઅર તણીય ડાલ, કઈ ફોડી સરવર સજલ પાલિ;
કઇ દીધી વિણ અપરાધ ગાલ, લીધા ફૂલ કોમલ કઈ અકાલ. ૮૨
વિછોહઉ કીધઉ માય બાલ, તપ ખંડયા મંડયા કૂડ જાલ;
સંતાપ્યા તપસી કઇ દયાલ, કઈ કરતાં ભોજન હર્યા થાલ. ૮૩
તે આવ્યઉ ઇણિ ભવિ અંતરાય, કરવઉ હિવિ કેહવુ મઇ ઉપાય;
તું માય ધરિણી દિઈ મુજઝ ઠાણુ, જઇ સાચું સીલ તણુ પ્રમાણુ. ૮૪
ઇમ સતીય વચન કિમ કૂડ થાઇ, દેખંતા પુહવી વિવરિ જાઇ;
હા હા રવ વિરચઇ લોકવૃંદ, ચમકિઉ ચિત્તઇં તતખિણુ નરિંદ. ૮૫
મહિમાહિ સીલતણુઇ વિનોદ, નાગેસરિ આણી ધરિ પ્રમોદ;
દિન કેતા રાખી ભુવનવાસિ, માની તિણિ બહિનિ કિરિ વિસાસિ. ૮૬
આસનઉ પ્રસવાવસર હેવ, પહુચાડઇ તાપસ પાસિ દેવ;
સુર ભણુઈ નહીં મનિ કિસુંય પાપ, પણિ ઋષિ દુર્વાસા તણુ સાપ. ૮૭
કુલપતિ તે માનઇ વયણુનાગ, સખી એ પણિ બોલ્યુ શાપ લાગ;
દિન પૂરે જનમ્યઉ તેજવંત, સુત દેખી હરખ્યા રિષિ તુરંત. ૮૮

## વસ્તુ

જેણ અવસરિ, જેણ અવસરિ, સરહ ઉપકંઠ;
મુદ્રા પાડી કર થકી, ઝલહલંતિ ધીવરહિં નિરખી,
ગ્યઉ જવહરિ વેચવા રાય, નામ તિણિ સેઠિ પરખી;
કર દીધી તલવર તણુઇ, માછી બંધ્યઉ તામ;
નૃપ આગલિ વીંટી સહિત, મેલ્હી કરઇ પ્રણામ. ૮૯

Aho ! Shrutgyanam

## ढाळ ९. धुरली.

देखीय मुद्रडी हिवि नरनाह, दाह हीयडइं अति अवतर्यउ ओ;
संभरी ते सवि पूरव वात, पातकपंकि हु किम भर्यउ ओ. ९०
किम भरिउ पातकपंक, ओ हूउ माहरउ वंक;
जे सतीय द्विद्ध कलंक, आणी निसी नवि संक. ९१

नवि संक आणी वात जाणी पखइ नारि न मनि धरी;
स्युं थयुं परवसि संनिपातहि धात माहरी ओ फिरी.
मद्द चडयइं मइ मति वनहिं वरणी कवण धरणी अवगुणी;
किणि परइ लहीइ किणइ कहीइं अंक पइठी अतिघणी. ९२

धीवर पूछयउ मुद्रिका ठाम, ताम कहइ सरवरि मइं लही ओ;
पाडी होयस्यइं पीयतां नीर, तीर सरवर तणुइ तिणि सही ओ. ९३
तिणि सहीय सरजलमाहि, लीधी कहिओ नरनाहि;
पणि पडिउ विरह अवाहि, टलवलइं निसिदिनि नाहि. ९४

निसि दिवसि जलविणु जेम जलचर तेम राजा टलवलइं;
नवि भूख नींद्र न राजकाज अवनि सूनी करिकलइं.
निवि मंत्रि तिणि वनिमाहि रमवा राय तेउइ आग्रहइं;
वीसारवा दुख भणीय नरवर केलि ओछव बहु वहइं. ९५

धणि खिणि संभल्यु सिंहनु साद, नाद करि आश्रमि गूंजतउ ओ;
रिषि तणो गोकुल राखवा राय जाइ पासइं जिम बलवतउ ओ. ९६
बलवतउ पुहवीपाल, वनि जाइ जिम ततकाल;
तिम एक देखइं बाल, देयतउ हरि प्रति फाल. ९७

देअतउ हरि प्रतिफाल बालक अतुल बल सूअइ वली;
राजा सभाई थयउ तिणिखिणि सिंह नंख्यु निरहली;
ते कुंअर देखी अमीय पूरइ रायलोयण उल्लसइ;
नृप भणुइ आलिंगन समोपी, वछ ! कहि तुं किहि वसइ. ९८

कहइ कुंअर दुकर्कत मुझ तात मात रिषिधुय सकुंतला ओ;
वास वनवासि फल फूल आहार पहिरणि तरुअर वलकला ओ. ९९
पहिरणुइ वलकल एह, जाणयो नरवर नेह,
ओलखी पुत्र सनेह, तुह माय किहिं छइ तेह. १००

मुझ माय दाखुं साथि आयउ वेगि मुनि आश्रमि जइ;
अपराध खामइं ओध पामइ सतीय कामइ थिर थइ.
रिषि साखि सुंदरि भणुइ सामी, साप दुर्वासा तणुउ;
दूसणु किस्युं तुम्हे अम्ह दीजइ करम मेलउ आपणुउ. १०१

Aho ! Shrutgyanam

ગયવર ગુડીય સુત માહિ સંકુતલા આણીય નયરિ મહોત્સવઇ એ;
બલપણુઈ બલવંત તે કુંઅર રંગિ યુવરાજ પદવી ઠવઇ એ. ૧૦૨
પદ્ધિ ઠવિઉ સુત યુવરાજ, સંગ્રહઈ અરિઅણ રાજ;
નૃપ કરઇ વંછિત કાજ, રાખતઉ કુલવટ લાજ. ૧૦૩
કુલવટ લાજ દાખઈ વિનય રાખઇ સત્ય ભાખઇ જે મુખઇં;
દુષ્કંત રાય શિકુંતલા સુત સદા જયવંતઉ સુખઈ.
એ રાસ ભણુતાં રંગિ સુણુતાં, પાપ કસમલ પરિહરઉ;
કવિ કહઈ ધર્મસમુદ્ર સૂધી, સીલ ઊપરિ ખપ કરઉ. ૧૦૪
ઇતિ શ્રી સકુંતલા રાસ સમાપ્તઃ ॥ પં. પેમકલશ લખિતં ॥

## સ્ફુટ વિવેચન

૧ કાર્યના પ્રારંભમાં વિઘ્ન ન આવે માટે કવિ પહેલાં સરસ્વતિનું આવ્હાહન કરે છે. સામિણિ–સં૦ સ્વામિનિ. કરૂ–કરો 'ઉ' આજ્ઞાર્થમાં જૂ૦ ગૂ૦ માં વપરાય છે. દિયઉ–દિયો–દ્યો. જિમ–જેમ–જે રીતે. આસ–આશા, એતલી–એટલી, સં૦ ઇયત્. અપ૦ એવડું, એત્તુલુ ઉપરથી એવડું, એટલું થયેલ છે. સતીય માં 'થ' પાદપૂરક છે.

૨ વયણુ–વચન; વિરચઉ–વિરચો. સં૦ વિ+રચ્ ધાતુ પરથી કરો; વાસ–સં૦ વસ્–વસવું, રહેવું. તે પરથી રહેઠાણુ–સ્થિતિ. સરસ–રસસહિત. વિલાસ–સુખ–આનંદનો લહેકાવ. હાસ–સં૦ હાસ્ય. હાંસી, મશ્કરી.

૩ સારદ–સં૦ શારદા. સરસ્વતીનું બીજું નામ. સરખાવો 'હસ્યાં શચી, હસ્યાં ઘણું શારદ રે, પછે તેનું સમજ્યા વાસવ હારદ રે–પ્રેમાનંદ. 'સુરિ નર બ્રહ્મા શિવ ને શારદ, રટે શેષ નિરંતર નામ.' –નિરાંત. સાર–મદદ, કૃપા. સરખાવો ' જઇ ચરણે વળગ્યો, ન રહે અળગો, સ્વામી કીધી સાર'–પાંડવ-વિષ્ટિ. વર–ઉત્તમ. રંગિ–રંગે–પ્રેમે–ભાવે–સ્નેહે. ' પ્રીતમ અમારી વીસરીને, કુબ્જા શું રંગ લાગ્યો '–ભાલણ. તવ–ત્યારે, સં૦ તદા. ભાવ–અંદરના અર્થ–ભેદ. પસાયે–સં૦ પ્રસાદ–કૃપા. 'મન મોટું દઇ મોકલિયો, નિજ પસાયો પણ આલ્યો'–ઉદ્ધવ. 'તે માટે મા કરો પસાય, જ્યમ એ ગ્રંથ સંપૂરણ થાય'–તાપીદાસ અભિમન્યુ આ૦ ૧–૫. નામિહિં–નામે. અમરનયર–અમરાવતી, ઇંદ્રપુરી, દેવપુરી. અમર–દેવ. હરાવ એ–હરાવે–પરાજીત કરે, ચઢી જાય. હારે નું પ્રેરક. સરખાવો 'હીરા રતન કનક કોટીમય, હાર્યો ધને કુબેર'–પ્રેમાનંદ સુ૦ ચ૦ ૧૧–૨૫. 'બહુ ધજા કળશ બિરાજે, જોતાં અમરાપુરી તો લાજે'–પ્રે૦ ઓખાહરણ, કડવું ૨૦, દુઃકંત–દુષ્યન્ત. હાવએ–મૂકે ચાલે.

૪ દિનિ–દિને. સપ્તમીનો પ્રત્યય 'ઇ' જૂ૦ ગૂ૦ માં આવે છે. હાલ ઇ ને બદલે એ લખાય છે. ઉચ્છાહ–સં૦ ઉત્સાહ. વાહતર–લઇને. વાહણીએ સં૦ વાહિની–સેના. પરવર્યો–સં૦ પરિ+ઇ–જવું. વિશેષપણે ચાલ્યો, સંચર્યો. સરખાવો 'વાત કહી તે પરવરી, દુર્યોધન બેઠો જંહરે' તાપીદાસ અ૦ આ૦. 'સુણી સ્વયંવર નીસર્યા નરપતિ સેના પરવરી' ભાલણ નળાખ્યાન ૯–૩, પરગરિ–સં૦ પ્રકર ?–સમૂહ સહિત. સરખાવો ૫–કૂલફગર–કૂલના ઢગલા. 'મારગિ નવાં પાથરીઈ ચીર, કૂલ પગર પરિમલ અબીર'–કાન્હડદે પ્રબંધ. 'કુંકમના કરતલ દિધલા, ભલા કૂલ ફગર મહકંત'–મોહનવિજય નર્મદાસુંદરી. ૧૨–૪. વનગિરિ–વનના પર્વત. વેગિ–વેગથી.

Aho ! Shrutgyanam

૫ કેલિ–ક્રીડા. બઇસતુ–બેસતો. છાયા કેલિ–કેળની છાયામાં. હીસતા–હેસારવ કરતા–હણહણતા. સરખાવો–'હરતા ફરતા હીસે ઘોડા, તેહેને હેમ તણા અછોડા'–પ્રેમાનંદ સુ૦ ચ૦ ૬–૧૭. હયવર–શ્રેષ્ઠ ઘોડા હેલિ–સં૦ હેલામાં, આનંદક્રીડામાં. બંદિ–સં૦ બંદિન્–ચારણ. પિહિલિ–પ્રથમે, પહેલાં સં૦ પ્રથમ. પ્રા૦ માગધી પઢમિલ્લ–પહિલ. સરખાવો પહેલ કરવી. 'એ વાતે લજ્જા નહિ કયેમ, પહેલ તમારી પૂઠે અમે' તાપીદાસ અ૦ આ૦ ૫–૧૧.

૬ સમસ્યા–ગૂઢ અર્થ, સંકેતવાણી. બિરદાવલી–(બિરદ + આવલી–હાર) વખાણ–પ્રશંસા. તવ–સં૦ **तदा** ત્યારે. કુરંગ–સં૦ હરણ. દૃષ્ટિ–દૃષ્ટિએ, નજરે. ચડવડ–આમાં ગત્યર્થ ધાતુ ચલ્–ચાલવું છે એમ લાગે છે. આવા ગત્યર્થ ધાતુ ઉપરથી દ્વિર્ભાવ કરવાથી ગૂજરાતી 'ચળવળ'–ચડવડ ઉપજી આવ્યું હોય. જેમકે સૃ ઉપરથી સળવળ, દ્રુ ઉપરથી દડવડ, ઝર્ ઉપરથી ઝરમર. પરિ+ધ ઉપરથી 'પરવર'. ચપલ–ઉતાવળી, પરિ–પ્રત્યે–તરફ; અસિ–તરવાર, કુંત–ભાલું, તોમર–માથાનો ટોપ, તૂણ–ભાથું, સંધિ–સાંધી. સરખાવો 'શર સંધિ રમીયાં ખેટ'–મોહન વિજયનો નર્મદા સુંદરી રાસ પૃ. ૮૩. ધણુહ–ધનુષ્યના મુખથી બલ દઇને તાંકે છે–લક્ષ્ય કરે છે.

૭ તુરંગ–સં૦ ઘોડો. ઉનમાદ–સં૦ ઉન્માદ, જીદ, મદ. વાદ વદે–હોડ બકે. વાદ–સં૦ વદ્ પરથી થયેલ છે. વદે પણ તે ધાતુ પરથી થયેલ છે. એક બીજાની હરીફાઇ બકે. સરખાવો. 'હયરથ વાહન વેહલો, ધણી દોડાવે સહુ વાદ' ૧૧૧૭ પ્રેમાનંદકૃત સુભદ્રાહરણ. ગતિ અનુસરીએ–ગતિ પ્રમાણે–એકબીજાની ગતિમાં. છંડીય–મૂકીને. જંમ–જ્યારે, તામ–ત્યારે, પામ્યા–પહોંચ્યા, વનહિ–વનમાં. ભરી–ભરપૂર.

૮ હય–ઘોડો, ભર્યા–તામ, પવન સાથે–વાયુવેગે જેવો મૃગ પાછળ ચાલ્યો; તેવો (તેને) પહોંચ્યો, જંમ–સં૦ યાવત્ જેવો. તાંમ–સં૦ તાવત્, તેવો. અભિરામ–સુંદર, મનોહર. નૃપ ધનુષિપૂરે વામ–રાજા ધનુષ્યને પૂરા વામથી પૂરતો હતો. વામ–સં૦ વ્યામ. બે હાથ પહોળા કરી તે સાથે છાતીનો ઉપલો ભાગ મેળવતાં જે લંબાઇ થાય તે.

૯ પ્રાણહિ–બલથી–પ્રાણથી. મેલ્હેઇ–ફેંકે. જિમે–જેવો–જ્યારે. રહો રહો–સં૦ રક્ષ્ ઉપરથી રક્ષો–રક્ષણ કરો, બચાવો. જૂ૦ગૂ૦માં રાખો એ અર્થમાં વપરાય છે. સરખાવો 'સ્તને ત્રિકમ રાખજો, તાહારે પાએ પુરૂષોત્તમ.' ભાલણકૃત ધ્રુવાખ્યાન ૬–૧૧. 'પાડે ભુંડ ને આક્રંદ કરે, રાખો નળ! વાણી ઓચરે' ભાલણનું નળાખ્યાન ૧૮–૪. તાપસ–તપસ્વી. તિણિ સમઇ–તે સમયે, તે વખતે. વિશેષણને પણ સપ્તમીનો પ્રત્યય લાગ્યો છે. સરખાવો 'તેણે સમે પછી પાર્થ પ્રત્યે સુભદ્રા શું ઊચરેરે ?' ૧૨૪૮ પ્રેમાનંદ સુ૦ હ૦. મુહિ–મુખે. તૃણ–ઘાસ. ન્યાય–રાસ્તી–વ્યાજબીપણું. ચાલે–વર્તે. રંગિ–આનંદે. મ્હાલે–અહીંતહીં ફરે–સુખ ભોગવે, રહે–વસે, નિત્રાંણ–સં૦ નિસ્ત્રાણ–રક્ષણ વગરનાને, હરવા–મારવા બાંણ... વહે=બાણ ખેંચીને. બાણથી શું કામ પ્રાણ લે છે?

૧૦ રાય–રાજા; રખવાલ–રક્ષાપાલ–રક્ષણ. અન્યાય તણો એટલે અન્યાયનો અર્થાત્ અન્યાય સામે. પાલ...કહે એ–સૌ રાજાને પૃથ્વીપાલ–ભૂપાલ કહે છે. 'એ' એ પાદપૂરક છે. નિરધાર–સં૦ નિરાધાર–આધાર વગરના–અનાથ. તેના પર હથિયારનો ભાર કરવો તેથી કઈ રીતે શોભા મળે ? કેહી–કઇ રીતે. લહે–મળે.

૧૧ સોહ–શોભા, મમ–નહિ મા. દ્રોહ–વેર, ધર્યા 'કોઈ પ્રાણી ઉપર મિથ્યા દ્રોહ ન કરવો' ધક–એક. ધરમહ–ધર્મનો. 'હ' એ છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય જૂ૦ ગૂ૦ માં વપરાય. મોહ–પ્રેમ. વયર–વેર; વિરોધ–દ્વેષ.

Aho ! Shrutgyanam

**१२** नरवर–उत्तम पुरुष. जाउ–जाओ. आश्रमि–आश्रममां अम्ह तणइ–अमारे. छट्ठी बंनेने लगाडी छे. हेलइ–हेलाओ–तुरत. हणे–नाश करे. अरथ–अर्थे–काजे इंधणु–बाळवानां लाकडां. जओ–जइओ. हिंसा–हणवानुं. निवारी–मूकी दइ–टाळी, धारी–जोइ. सामहिउ–सामु सं०संमुख, प्रा० संमुह–नजर आगळ.

**१३** मेल्ही–मूकी; लाज–शरम, हीयासु–हैडे, अणुसरी–राखी. निवउ–सं० निकट पासे, समिप. अथवा निवई (सं. नृपति)नो निवउ लखायो होय.

**१४** अइ–सं० अति. उछाहि–उत्साह पामे. मचकुंद–मुचकुंद या मुचुकुंद ओ नामनुं वृक्ष–तेनुं फूल. कंद–सं० कुंद–ओक जातनां फुल. सेवंत्री–सं० सेमंतीनां फुल. पाडला–सं० पाटल–गुलाब.

**१५** केतकी–सं० ओक जातनुं सुंगंधी फुल–केवडो. करणी–सं० कर्णिकार, करेणुनुं फुल. जाइ–सं० जाति. मालतीनुं फुल. सुपरिमले–सुगंधथी. मंडप–मांडवा. द्राख–द्राक्ष. साख–केरी. अंबुलडा–आंबा. जि–जे. सगले–सघळे–बधे.

**१६** विसामो–विश्राम. आमां श्र नो स् थयो छे. मलयगिरिनो वायु वाय छे. द्रेहि–सं० दृष्टि, आंख. मेलीय–भेगी करी. सं० **मिल्**–ओकत्रित करवुं.

**१७** तिह–अप०; तहा प्रा०. तथा अंतरि–वि० अंतरित, व्यवहित. छंदि–स्वच्छंदथी अथवा साभिप्राय–जाणी जोईने. नरिंदअ–नरेन्द्रने, देखती–जोती.

**१८** पभणइ–बोले. सुणि–सुण–सांभळ, आज्ञार्थक, प्रियंवदा अने प्रियंकरि–ओ बे शकुंतलानी सखीओनां विशेष नाम छे. कुंठ–मूळ शकुंतलामां कण्व छे. कुलपति–तापसोनो मुखी, प्रधान संन्यासी. तात–पिता.

**१९** निमित्त–कारण. ग्यउ–गयो. सरखावो 'गया प्रधान कान्हडदे भणी'–कान्हडदे प्रबंध १–३०, 'अर्जुन ग्यानो राय युधिष्ठिर आणे छे बहु शोक'–भालणकृत नळाख्यान २–४. मिसि–मिषे–मेष काढी.

**२०** प्राहुणउ–सं० **प्राघूर्णिक** परोणो, महेमान, अतिथि. मराठीमां पाहुणो. अण ओलखती–नहि ओळखती–नहि जाणती; तेथी. गिणिउ–गण्यो, आदर कर्यो. सं० धातु **गणय्**. चूकी–भूली, चूक करी. याउ–बराबर.

**२१** कुप्पउ–कोप्यो. शापइ–शाप आपे. तुरंत–तुरावंत, सं० **त्वरावत्**. त्वरा सहित, जलदी. नवपरणी–नवी परणेली. वीसारस्यइ–भूली जशे. सही–सं० **स हि** ते ज खरेखर जडर–खचित. कंत–कान्त–धणी.

**२२** इसिउ–सं० **ईदृश**–आवुं. वही–चाली सं० **वह्** धातु, तासु–तेने. खमि–क्षमा कर. सं० **क्षम्** धातु परथी खम. खिमा–निवास सं० **क्षमानिवास**. क्षमाना स्थान, क्षमाथी भरेला. खिमा–सं० **क्षमा**, सरखावो खमा. **क्ष** नो उच्चार ख्+श् जेवो शुद्ध थाय त्यारे श् नुं महाप्राणत्व तत्त्व ख् मां भळीने ख्ष् थाय छे. जेमके सं० **बुभुक्षा**–प्रा० बुहुक्खा–भूख; सं० **शिक्ष्**–प्रा० शिक्ख–शीखवुं; सं० **रक्षाल्** प्रा० पक्खाल–पखाळवुं.

**२३** खामइ–खमावे, क्षमा मागे. **क्षम्** नुं प्रेरक **क्षमय्**. निय–सं० **निज**–पोतानो. कीडीस्युं–डी सामे. कटकी–नानुं कटक–लश्कर. किसी–केवी. आ कहेवत हजु सुधी चाली आवी छे कीडी पर टक शुं. सरखावो 'हांजी शी कटकी कीडी परें, हांजी राखो धर्मस्नेह.' मोहनविजयकृत नर्मदा सुंदरी ास ढाल १८–६. 'कटकी सी कीडी उपरे, तृण उपर स्यो केहार' ते ज कविकृत, मानतुंग मानवती

Aho ! Shrutgyanam

રાસ ૧-૧૨-૧૧. સંહરિ-સં० **सं+हृ** ખેંચી લેવું. આજ્ઞાર્થ હાલમાં ઇ પ્રત્યય ઉઠી ગયો છે. ચાલુ રૂપ સંહર. રોસ-રોષ, ક્રોધ.

**૨૪** દુર્વાસા-અત્રિ-અનસૂયાના પુત્ર, દત્તાત્રય અને ચંદ્રના ભાઇ. વલતું- અ० વળતી-પછી. કૂડઉ-ખોટો. જાણિ-જાણ, સમજ. પ્રીય-વહાલો. ધણી સંભારસ્યઇ-યાદ કરશે, સ્મરશે. મૂંદ્રડી-સં **मुद्रिका**-સં० **मुद्रा**નું અલ્પાર્થસૂચક. નામના ટુંક લેખવાળી વીંટી. અહિનાંણી-સં० **अभिज्ञान** કે જેના પરથી કાલિદાસનું નાટક અભિજ્ઞાન શાકુંતલ કહેવાય છે. નિશાનીથી. પ્રા० અહિણ્ણાણ, અહિનાણ, ગૂ० એંધાણ.

**૨૫** કઉતગ-સં० **कुतुक**. કૌતુક, આનંદ આપનારૂં ને જોવાની ઇચ્છાને ઉત્કટ કરનારૂં દૃશ્ય. તુ-તો, સં० **तु**. દિઠ સં० **दृष्ट**. દુઠ-સં० **दुष्ट**.

**૨૬** રમઈતિ-રમે છે. ગૂઝ સં० **गुह्य**, પ્રા० ગુજ્ઝ. ગુપ્તવાત, રહસ્ય. તિસઇ-તેવામાં; તરૂ સંભાલ-તરૂની સંભાલ. કવિતાના માપના બંધનથી કવિએ છઠ્ઠી વિભક્તિના પ્રત્યયનો લોપ કર્યો છે; સંભાળ સં० **सं+भल्**=બોલવું. સારી ભાળ-ખબર-કાળજી. સાચવણ-રક્ષણ. આ પછી ઝાપટા ઢાલ આવે છે. ઝાપટ દોહરાની ધાટીનો લય બંધ છે. પંદરમા શતકનાં પ્રાચીન ગૂર્જર કાવ્યના પૃ. ૧૨૨ માં જે પદ્ય (પ્રબંધ ચિંતામણીમાં) આપ્યું છે. તેજ ઝાપટ છે કે. હ. ધ્રુવ.

**૨૭** તરૂ અંતરિ-ઝાડની વચમાં. દૃષ્ટઈ-દૃષ્ટિએ, નજરે. જામ-જ્યારે. કામબાંણિ-કામબાણથી-'ઇ' ત્રીજીનો પ્રત્યય છે. વેધ્યઉ-સં० **विध्**-ભેદવું વીંધાયો. હીઇ-હૈયે. નૃપ-રાજા. તામ-ત્યારે.

**૨૮** વિષમ-સં० દારૂણ, વસમા. વિષય-સં० કામ-(તે રૂપી વિષ-ઝેર) દોહિલું-દુઃખકર, આકરૂં, કઠણ. દેશ્ય શબ્દ 'દૂહલો-દુર્ભગવાચકઃ' (દે. ના. ૫૪૩) જિણિ-જેણે નું પ્રાચીનરૂપ. ધારિઉ-સં० **धारित** વિષની અસરથી બેચેન કર્યો. ધારણ-ઘોર નિદ્રામાં નાખ્યો. શુદ્ધિ અસુદ્ધિ-સારૂં નરતું. લહઇ-જાણે. પરવસ્ય. સં० **परवश**-પરાધીન ઇંદ્રિ-ઇંદ્રિયને. સદીવ-સં० **सदैव** હમેશાં.

**૨૯** રંભા-ઇંદ્રની એક અપ્સરાનું નામ. કઇ-કે. કિન્નર-સં० સ્વર્ગનો ગંધર્વ. કમલા-સં० લક્ષ્મી. કેલિ-સં० રમત કરંતડી-કરતી. નાગકુમારિ-નાગકન્યા.

**૩૦** કેહઈ કાંમિ-શું કામની ? કેના કામની ? વિહલ-સં० **विह्वल**નું પ્રાકૃત વિહલ થાય. જનમ વિહલ પશુની પેઠે થાય તો અહીં વિહલનો અર્થ વૃથા કહાય હોય. જઉ...હામિ-જો આ સ્થળે હોય-રહે તો.

**૩૧** પરમાણુ-સં० **प्रमाण**. આદર. સ્યું-શું નું પ્રાચીનરૂપ. જુ-જો. સુનાહ-સં० **सुनाथ** સારો ધણી. પડિ-પડી. કુથાનકિ-ખરાબ સ્થાનકે-સ્થળે. પછઇ-પછી. ભાજઇ-ભાંગે, ઓલવાય. દાહ સં०, પ્રા० ડાહ. બળતરા.

**૩૨** જિમ કિમ-ગમે તેમ કરીને, જિમ-તેવા જિવ, જિહ, જિધ એ અપભ્રંશ રૂપ છે. સં० **यथा** જે રીતે. કિમ-અપ०, સં० **कथम्**. કેવી રીતે, કોઇરીતે. જિમ અને કિમ આ બંને ભેગા આવેલા પહેલીવખત જોવામાં આવે છે. અંગીકરૂં-સં० (**अंगी+कृ** ધાતુ) સ્વીકારૂં, લઉં. જગાવી-જગાડીને-ઉઠાડીને. પૂછિવા-પૃચ્છા કરવા-તપાસ કરવા. સરૂપ-સં० **स्वरूप** વૃત્તાંત, હકીકત.

**૩૩** કુણ-કોણ; કેહની-કોની, કન્યકા-સં० કન્યા, પુત્રી. આમૂલ-સં०, મૂલથી, ધરથી. ઉપાય-સં० **उत्पाद** પરથી પ્રા० ઉપ્પાય. ઉત્પત્તિ, પ્રાદુર્ભાવ. અહીં ઉપાય એટલે ઇલાજ એ અર્થ નથી.

**૩૪** તપસી-સં० તપસ્વી તાપસ. ખરઉ-ખરો. વિશ્વામિત્ર-ગાધિરાજાના પુત્ર. તપોબળથી બ્રહ્મર્ષિ કહેવાય. અંકાણું શંકિત થયું-સંકોચિત થયું.

Aho ! Shrutgyanam

૩૪ એની સાધના એવી છે કે મારૂં રાજ હરી લેશે. ( માટે એવો આજે કોઇ છે કે જે ચતુરતાથી તેને ચૂકવે-સાધનાથી ભ્રષ્ટ કરે ?

૩૫ સુરપતિ–ઈંદ્ર. ધણિ વિ० એ. વિશેષ્ય નારીજાતિ હોવાથી આ વિશેષણ સ્ત્રીલિંગવાચક એ રૂપ લે છે. સરખાવો. તેણી વેળા, તેણીવાર. રેસ–અપ० રેસિં, રેસિમ્મિ–નિમિત્ત, માટે, વાસ્તે. તવ–ત્યારે. મેણિકા–મેનકા વિશેષ્ય નામ. તેનો બીજી વિભક્તિનો પ્રત્યય 'ને' નો લોપ થયો છે. વિસેસિ–વિશેષપણે.

૩૬ વિમાન વૈમાનિક દેવનો. વિમાન–સં० **वि**–નહિ+ **मान**–ભાર. ભારવગરનું વાહન. કિસિ–કઇ, કેવી. ધમ–આમ. દુમાય–સં० **दू, दावय्** પરથી પરિતાપ કરે, સંતાપ કરે.

૩૭ પુરંધિ–સં० **पुरन्धि**–પુષ્કળવયની સ્ત્રી. મેખ મેખેન ચૂકવું–મેખને મેખથી કાઢું (?) પરતિ• ન્યા–સં० **प्रतिज्ञा** સંધિ. સાંધી–જોડી, લીધી.

૩૮ આગઈ–આગે–પહેલાં. નિરગલી–સં० **निरर्गला** ?–અર્ગલા વગરની–ગમે ત્યાં જવા સ્વતંત્ર નિરંકુશ. નઈ–ને. પ્રીય આદેશ–વ્હાલાનો હુકમ. ઘૃત એટલે ઘીની આહૂતિ અગ્નિમાં મળે તો વિશેષ ધગધગે–જોશથી બળે.

૩૯ સયલ–સકલ, બધા. સિંગાર–શૃંગારી. ઊતરી–નીચે ભૂમિપર આવી. મંડે–શરૂ કરે. નાટારંભ નાટકનો આરંભ, નાટક નૃત્યના રંગ–નાટારંગ. સરખાવો ' એ નાટારંભ શ્રીહરિનો કહ્યો, પાંતરીસમો અધ્યાય પૂરણ થયો.' દશમ અ० ૩૬; 'સભામાંહે ફાટિકમણિના થંભ, થઇ રહ્યો છે નાટારંભ.' પ્રે० સુ० ૬–૧૪. નેહ–સં० **स्नेह**. સંરંભ–અ०; સં० **सरभसं** આવેશથી.

૪૦ હે મુનીશ્વર ! ભલે ભલે ભેટયો આવ–આવો કંઇક અર્થ અહીં છે. ભલે–સં० ભદ્રકં ના અર્થમાં જણાય છે. સરખાવો સં० **भवतु एवं**. સારૂં થયું ને એ અર્થમાં. આલિ–સં० **आली** સખી, વયસ્યા. કરિ–કરમાં. આલતિ–સં० **अलक्तक**. પ્રા० અલત્ત, અલત્તય; અળતો. સ્ત્રીઓ હાથપગને લાલ કરવા માટે જે રંગ લગાડે છે તે. જાણવતી–સાચવતી. મનભેદ–મનના રહસ્ય. કૂડઉ–ખોટો, બતાવવાનો.

૪૧ હે પ્રભુ ! જે ભોગ કાજે યોગસાધના કરીએ, કાયાને શોષવી દઇએ, તે આ લોકમાં પુણ્યપ્રભાવે આવે તો તેમાં તમને શું દોષ–વાંધો ? તપેશ્વર તે ભોગેશ્વર–રાજેશ્વર એટલે તપ કરવાથી આવતા ભવમાં ખૂબ ભોગ મળે છે એ માન્યતા ઉપર આ કથન છે.

૪૨ વચનગુણથી તેનાં શ્રવણ–કાન હરિ લે છે, વિનોદવિલાસથી હૃદય હરી લે છે. પોતાનું રૂપ–સૌંદર્ય બતાવી નેત્ર હરી લીધાં. તે રીતે તેને પાશમાં પાડી લીધો–પોતાના પાશમાં સપડાવ્યો. પાસિ–સં० **पाश**માં ઇ સાતમી વિભક્તિનો પ્રાચીન પ્રત્યય છે.

૪૩ પાપ સવારથ–દુષ્ટ સ્વાર્થ. મંડી–આદરી. આમ પોતાનો દુષ્ટ સ્વાર્થ આદરીને તાપસને સારી રીતે ભોળવી લીધો; (તે તાપસે) શીલરૂપ ચિંતામણી રત્ન ફેંકી દીધું અને કટકે કટકા કરી નાંખ્યું. ખંડોખંડિ–સં० **खंड** કટકો. ટૂકડે ટૂકડા.

૪૪ તિણિ–તેણી. અન્યાનિ–અજ્ઞાને, જ્ઞાન પરથી ગનાંન–ન્યાન થયેલ છે. કન્યાના ગર્ભને પૂરે દિને વનમાં નાંખી (સ્વર્ગમાં) પહોંચી; તાપસને ખોડ લાગી–કલંક લાગ્યું. ખોડ–ખોટ, ડાઘ, કલંક, બટ્ટો, નામોશી. સરખાવો 'પાછા રહિ આવસિ ખોડિ.' કા० પ્ર० ૪–૨૪૬.

૪૫ ઉલંઠ–સં० **उल्लण्ठ**. ઉદ્ધત. સરખાવો 'જંપતિ ઉલ્લંઠ–વયણાઇ' કાલકાચાર્ય કથાનક. કારણ કે બાળકની તેણે પણ પરવા ન કરી. ટલવલતું–વલખાં મારતું. ભાલ–જુઓ ઉપર સંભાલ.

Aho ! Shrutgyanam

૪૬ ભણી–ખાતર, માટે. સરખાવો શા ભણી–શા માટે. 'વિલંબ કીજિ શા ભણી જુ સ્વિય જાવૂ તેહ' (કાદંબરી ૧૧૧, ૧૮). 'નિજ તનુ તાપાવિ છિ શા ભણી ?' (નયસુંદરકૃત નળદમયંતી રાસ.) આનંદ૦ મૌ. ૬, પૃ૦ ૨૨૨–૬૫. ઊછેરી–સં૦ **उत्+श्रि. उच्छ्रय**–ઉછેરવું. પાલણપોષણથી મોટી કરી. તરૂ પરિ–ઝાડની પેઠે. ઝાડને જેમ પાણી પાઇ ઉછેરીએ તેમ. દેઅંત–દેતા. વાલ્હી–પ્રિય.

૪૭ સંભલિ–સાંભળી–સુણીને. પાસિ–પાસે. પૂહિ–પાછળ. એ–પણ. ઉલ્લાસિ ઉલ્લાસથી–આનંદથી. જેમ–અપ૦ ત્યાં તો. અનુરાગ–સં૦ પ્રેમ. બંનેનાં નયન, વચન અને મનથી શુદ્ધ પ્રીતિ મળી જવાનો લાગ થયો–સહાય મળી, ટેકો મળ્યો. લાગ–ટેકાવવાનું સાધન. સરખાવો ' ઉંચા આસન માંડયા લાગ, બોમ છાજે નહિ કોહાના પાગ.' ભા૦ નલા૦ ૧૧–૫૯.

૪૮ સખીય–સખીની સાખિ–સાક્ષિએ. સંખેપિ–સંક્ષેપે–ટુંકમાં. વેગિ–વેગથી–ઉતાવળથી. વીવાહિ–વિવાહે. આ બધામાં 'ઇ' પ્રત્યયનો સુંદર રીતે ઉપયોગ થયો છે. કુંઅરિ–સં૦ **कुमारी**. ભૂપતિ–રાજા(ને) ઊમાહિ–સં૦ **उन्माद**થી–અત્યંત આસક્તિથી. સહણુ ન જાઈ–કર્મણિ વિધ્યર્થ કૃદંત–સહ્યું ન જાય. હિં૦ સહા ન જાતા. અપભ્રંશ વાક્યરચના જુઓ, સિદ્ધ હે૦ ૮–૪–૪૪૧. સરખાવો ' રહણું ન જાઇ' કા૦ પ્ર૦ ૩, ૨૩૬:—'વિરહ વેદના માહરીજી, પીયુ વિણ રહણું ન જાઇ'. સહન કરતાંય વિરહ સહ્યો જાય નહિ (એટલે) કદલીના આરામ (વાડી–ઉપવન)માં અભ્યંતર એટલે અંદરના સ્થળે ત્યાં સુખ-વિલાસ વિલસે–ભોગવે છે.

૪૯ અણુસરી સં૦ **अनु+स्मृ.** અનુસ્મરીને–યાદ કરીને; બીજા અણુસરી શબ્દ માટે જુઓ કહી ૧૩. સંકયુ–શંકિત થયો. રાય–રાજા. પુરિ–શહેરમાં ઉચ્છહિઉ–સં૦ **उत्+सह्**. ઉત્સાહિત થયો. તરૂણિ–સં૦ યુવતિ. વિછાય–વિછોહી–છૂટી પડતી. 'વિચ્છોહા–વિરહે' (દે૦ ના૦ ૭, ૬૨) જૂઓ આ કાવ્યની ૭૬ મી કડી. સરખાવો 'એક છોરૂ માય બાપ વિછોહ્યાં' (કા૦ પ્ર૦ ૧, ૧૫૫), ટોળા વછોહી જ્યમ મૃગલી, ત્યમ કરે આક્રંદ ( ભાલણ નળા૦ ૨૦–૯ ). રખે–કદાચ, કદાપિ. ઘણે ઠેકાણે નિષેધના અર્થમાં વપરાય છે 'રૂખીપતની કહે સ્વામી માહારા, તમે રખે દેતા શાપ' ૧૩–૧૭ પ્રે૦ સુદામા ચરિત્ર. ઇણિ ઠામી–આ સ્થળે. મુઝ–મને નામાંકિત–નામથી અંકિત–ચિન્હવાળી. અસમાધિ–સં૦ અશાંતિ; નિવારી ટાળી.

૫૦ જિસઇ–જેવામાં. કુલપતિ–કુલનો પતિ–આશ્રમનો મુખી. પાણિગ્રહણ–સં૦ હસ્તમેળાપ–લગ્ન. પાણિ–સં૦ હાથ. તેહ–તેને. સખી પાઇ–સખી પાસે. પાઇ–સં૦ **पार्श्वेन** ઉપરથી પાસિં, પાહિં, પાઈ, પેં એ રીતે ઉત્ક્રાંતિ થઈ હોય એમ લાગે છે. જૂ૦ ગૂ૦ માં ભીમકૃત પ્રબોધ પ્રકાશમાં 'માતા પહિં તૂં અધિક'–માતાથી તૂં અધિક; અને કાન્હડદે પ્રબંધમાં ૧–૧૮૨ માં ' એક એક પાહિ સપરાણા'–એક એકથી મોટા–માં પાહિં અને 'પાહિ', 'પેં' ના એટલે 'થી'ના અર્થમાં છે. અહીં ' પાઈ'નો અર્થ પાસેથી એ અર્થમાં છે. જુઓ ભાલણ, કાદંબરી ઉત્તરાર્ધમાં મારફતના અર્થમાં વાપરે છે ' પ્રધાન પાઇ શીખ મંગાવી'. આ નામયોગી 'પાસિં' એ નામયોગિના સામિપ્યના અર્થમાં જળવાઇ રહ્યો છે. જૂઓ ભાલણ કા૦ પૂર્વાર્ધ પૃ. ૨૫૧, પૃ. ૭૮. અને આ કાવ્યની કહી ૪૭ ની પહેલી પંક્તિ. મુગધપણઇ–મુગ્ધતાથી, મોહવશતાથી, સં૦ **मुह्** પરથી **मुग्ध**. મુણિંદ–મુનીંદ્ર. વર પ્રસિદ્ધ વર્યો–મળ્યો. દુકકંત–સં૦ **दुष्यन्त**.

૫૧ આધાનવૃદ્ધિ–ગર્ભવૃદ્ધિ. ભરઇ–ભરાય. છઇ–છે. પૂરાણી આસ–આશા સિદ્ધ થઇ. ગર્ભ રહેવો તેને આશા રહેવી એમ લોકોમાં રૂઢિથી બોલાય છે. આશ્રમમાં પ્રસવ થાય તો અશુદ્ધિ થાય–એમ જાણી ઋષિરાય બોલે છે–કે હે વત્સ ! સાસરે પધારો અને મનના ભાવ પૂરા કરો.

Aho ! Shrutgyanam

૫૨ થવિરા–સં. **સ્થવિરા**–વૃદ્ધા. સાથઇ દીધા–આપ્યા, મોકલ્યા. વઉલાવી–વોળાવી. સં. **વલ્** ઉપરથી થએલા ગત્યર્થ પ્રાકૃત **બોલ્** ધાતુ ઉપરથી જૂ૦ ગૂ૦ માં પ્રેરકરૂપ વુલાવ કે વોલાવ થયું છે. ચાલુ ગૂ૦ માં વળ અને વળાવ વપરાય છે. વજ્યું–પાછો ફર્યો. હિતસીખ–હિતશિક્ષા. સંભારી–યાદ આપી.

૫૩ સરવરિ–સરોવરે, મૃગલોયણી–મૃગલોચના–મૃગનાં જેવાં લાંબાં અણિયાળાં નેત્રવાળી. તિહ–તેના. પઇસઈ–પેસે–પ્રવેશે. પરિસરિ–પાદરમાં–આસપાસના ભાગમાં. મુહ–મુખ, મોં. હીયડઉ–હૈયું.

૫૪ પોલિ–સં૦ **પ્રતોલી**, પ્રા૦ પઓલી–પોળ. ૧ નગરના અંદરનો રસ્તો, ૨ નગરનો દરવાજો; અહીં બીજો અર્થ છે. સ્થવિરા અને સુંદરીને નગરની પોળમાં મૂકી મેલ્હી–મૂકી રાજ–રાજસભા માંહે જઈને તાપસ જય જય એમ કરીને બોલે છે. આ કંઇ મુનિના શિષ્ય છે એમ કહેવામાં આવતાં નૃપ પ્રણામ કરે છે અને પૂછે છે કે–આશ્રમ ઠામમાં સુખ તપ નિરાબાધ–અબાધિત છે ? ઠામ–સં૦ **સ્થાન** પ્રા૦ **થામ**–ઠામ.

૫૫ તઈ રાજઇ–કર્તરી સપ્તમી. તું રાજ કરતે છતે. સાત–સહિત સુતા–પુત્રી સાધિ–સાધ, પૂરાંકર.

૫૬ દુવારિ–સં૦ **દ્વારે** દરવાજે. ગર્ભાધાર–ગર્ભવાળી. મજારિ–સં૦ **મધ્ય+અગાર** ઘર. હેમચંદ્ર દેશી૦ મજ્જાર. મોજાર પણ વપરાય છે. અહીં 'ઇ' વિશેષ લાગ્યો છે. બમણી સાતમી વિભક્તિ થઇ છે તે પ્રાસ પૂરવા માટે.

૫૭ સંભ્રમ–સં૦ ભ્રમણા, ભ્રાન્તિ. ઉતપનઉ–સં૦ **ઉત્પન્ન** થયો. સંપનઉ–સં૦ **સંપ્રાપ્ત** થયો. એકુણ–એ કોણ એવો દોષ થયો. કુણ–કવણ–કોણ શું. કૂડઉ–ખોટો. સોસ–સં૦ **શોષ**. અસમંજસ–સં૦ વિષમ, અયોગ્ય. નવિ–નહિ. રહઉ રહઉ–રહો રહો–રાખો રાખો મમ–નહિ. આલ–આળ, તહોમત. સરખાવો–'અધર્મ આળ ચડાવિઆં, જે ઓછું આપ્યું અન્ન.' પ્રે૦ કૃત નળા૦; 'જેણે ચડાવ્યાં આળ, બાળ રમતાં રોવડાવ્યાં'–શામળ. કુણ–સં૦ **કિમ્** શું. જીવદયાપ્રતિપાલ–જીવદયા ને હમેશાં સાચવનારા.

૫૮ કિમ–શું. મૂળ વગર ઝાડ નિપજે કે ? પાખઇ–પાખે, વિના. સીમ–ગામનો સીમાડો, હદ. તેનું નામ જ સાંભળ્યું નથી તો પછી પરણવું તો ક્યાંથી થાય ?

૫૯ તિજી–ત્યજી. વિરામ–આરામ, વિસામો.

૬૦ સંભલઉ–સાંભળો. વનરોઝ–વગડાના રોઝ પ્રાણી–કંઇ ન સમજે તેવો બૂબક, જડભરત, જંગલી. એ રાજ મૂકીને બીજે સ્થળે શોધીને જમાઈ કરજો. કરયો–કરજો.

૬૧ ભૃગુટિ–ભવાં. ભીષણ–ભયંકર, ધડહડી–ચડાવી. નારિલંપટ–વ્યભિચારી. મમ–મા મા, નહિ. મંડિ–આદર. નિટોલ–નિશ્ચયે.

૬૨ પ્રીછ્વઇ–જણાવે. સં૦ **પૃચ્છ્** પરથી પ્રીછવું–જાણવું–સમજવું. પ્રેરકના અર્થમાં જુઓ. દશમ-સ્કંધ. ક. ૧૩. બહુ રાજકાજમાં વીસરી ગઈ, પણ તે (થયું) હશે ચોક્કસ. નિદાનિ–ચોક્કસ.

૬૩ દૃષ્ટિ–દૃષ્ટિએ, નજરે. પરખીઇ–પરીક્ષા કરીએ. દેવઇ–દેવઇ–દૈવે. દીધઉ ધાત–માર માર્યો–ફટકો કર્યો.

૬૪ નરનાહ–નરનાથ, રાજા. કોપાટોપ–સં૦ કોપ–ક્રોધ અને આટોપ–વધી જવું તે. રઇ–સં૦ રતિ. કામ–ક્રીડા. રમતઈ–રમતમાં. વીસરયઉ–શો વિશ્વાસ. કુલવટહ–કુલવટનો–ખાનદાનીનો. હ પ્રત્યય છઠ્ઠી વિભક્તિના અર્થમાં છે. કીધુ–કીધો. લોપ–સં૦ નાશ.

૬૫ પૂછંતિ પૂછે છે. મુહતા–મહેતા, પ્રધાન. સં૦ **મહત્તર**. આ પદ પૂર્વે રાજકર્મચારિયોમાં ઘણું ઉંચું હતું. દક્ષિણના રાષ્ટ્રકૂટોના લેખોમાં '**મહત્તરાદીન્ સંબોધયતિ**' એમ લખેલું મળે છે. આનું

Aho ! Shrutgyanam

અપભ્રંશ 'મહેતા' ઉપાધિ છે કે જે બ્રાહ્મણ, ક્ષત્રી, મહાજન, કાયસ્થ, પારસી આદિ કેટલીએ જાતિઓના પુરૂષોનાં નામ સાથે તેમના જૂના માનના સૂચક હોદ્દાને હજુ સુધી ચાલી આવી છે. ફારસીમાં મહતર ઘણા પ્રતિષ્ઠિત અધિપતિનું સૂચક છે. જેમ કે ચિત્રાલના મહતર. સુંદરી–સુંદરીને. કિણિ–શું. અહિનાંણિ–સં० **अभिज्ञान**. સરખાવો અભિજ્ઞાન શાકુંતલ. એંધાણ, નિશાની. સા–સં० તેણી. તે શું બોલે છે કે? અહિઠાણ–સં० **अधिष्ठान**–સ્થળ. સરખાવો 'લાજઇ રાજગોત્ર અહિઠાણું' કા० પ્ર० ૨–૧૩૮.

૬૬ વલવતી–વલવલતી, વલોપાત કરતી. રાજા વલવલતી અબલાને કહે છે કે–જે બોલતાં લાજ નથી આવતી? ત્યારે ઋષિ બોલે છે કે–હે રાજન્! આજ એ સતીને ઉવેખવી યોગ્ય નથી. ઉવેખીઇ–સં० **उप+इक्ष्**–ઉપેક્ષા કરીએ–તરછોડીએ. સરખાવો 'માણસ કો વાટે મળે, તે જાએ ઉવેખી' ભા० નલાખ્યાન ૧૪–૧; 'શિશુ લડાવતાં મહાકવિ કાલે બોલે મતિ ઉવેખી' એજ ન० ૧–૧૦; 'જિનદત્ત નિજ સુત દેખી રાજ, દુઃખ નાંખે દુર ઉવેખી રાજ'–મોહનવિજયજી કૃત, રત્નપાલ વ્યવહારી રાસ પૃ. ૯૮.

૬૭ તો સભા બધી રાજાને જઇ કહે છે કે–બધું જાણી પછી વાત ઉચારો. સંકેત–નિશાનીથી ચેતન–ચેતના–સ્મરણશક્તિ જાગે અને તેનાથી સાચ હોય તે જણાય. અછઈ–છતે. સં० **अस्ति** પ્રા० **अच्छइ** અપ० અછઈ ઉપરથી.

૬૮ જાગઉ–જાગ્યો, ઉત્પન્ન થયો. જન્મ પામ્યો. કિણિ પરિ–કેવી રીતે. નેહ–સ્નેહ.

૬૯ સુકુમાલ–સુકુમાર. વાલભ–સં० **वल्लभ**. વીસારી–**वि+स्मृ**–વિસ્મરણ કર્યું.

૭૦ ભવપાતકપંક–ભવના પાપરૂપી કાદવ. સંસંક–સશંક–શંકિત.

૭૧ ચિત્તિ–ચિત્તમાં. ચમકઇ–ચમકે, સં० **चमत्+कृ**–એટલે વિસ્મિત કરવું. તે પરથી વિસ્મિત થવું તે ચમકવું. પરષદ્ સં० **परिषद्**–સભા, રાજ્યસભા. માય–હે માતા! જે થકી–જેથી. થકી એ પંચમીના અર્થમાં વપરાય છે. પતીજઇ–સં० **प्रति+इ**–વિશ્વાસ કરે, ની પ્રતીતિ થાય. તવ–ત્યારે. હાથ સામું શકુંતલા જોઈ રહી.

૭૨ અંગુલીય–આંગળીમાં. કુદ્રાવઇ–?–એકદમ? તંદ્રા–સં० ગ્લાનિ–સરખાવો 'આવી નિદ્રા કોઇને, તો કોઇ તંદ્રામાં તણાયા'–વલ્લભ. સંક–શંકા. હૂઓ–સં० **भूत** થયો. સવિપરિ–બધી રીતે; વિહિ–વિધિ–વિધાતા. વંક–સં० **वक्र** વાંકો.

૭૩ કિહ–સં० **क्व** ક્યાં. નરવર–રાજા. તાડી–ત્રાડી ત્રાડીને. થાપઇ–સ્થાપે–નિર્ણીત કરે કે આમાં કુડકપટ છે.

૭૪ હિવ–હવે. હસી હસી રાજા બોલે છે. જોઉ–જુઓ. કિમ–શું, કેવી રીતે. ધવ–ધણી–ભર્થાર. કુણ–શું. સીલ–શીલ–શિયલ–સત્ ચરિત્ર; સુલાજ. સારી આબરૂ.

૭૫ તર્જઇ–તર્જના કરે–ફટ કરે. સં० **तर्जय्** ધાતુ. સભૂપ–રાજા સહિત; અસતી–કુલટા. અદૃષ્ટઈ–અદૃશ્ય થાઓ.

૭૬ મેદણિ–સં० **मेदिनी**, ધરતી. પીહ–પાછળ નિહાલી–સં० **नि+भालय्**–જોઇ, નિરીક્ષણ કરી. મનિ વાસી–મન વાળીને, મનનું સાંત્વન કરીને. સંભાલી–સાચવી લઇને. વનપ્રત્યે જેમ પંગલાં ભરે તેમ સતી, વિછોહી–વિરહથી છૂટી પડેલી પાછળ આવે છે. તે મુનિબાલોએ હવે

૭૭ આક્રોસઇ–સં० **आक्रोश** નિંદા–ગાળ–અપવાદ–શાપ આપે. ક્રોધઇ–ક્રોધથી, ડારી–ડારો આપ્યો–ધમકાવી. 'ઋષિપતિએ તો વિષની વેલી વધારી; તેં તો કુલ અને શીલ બંને પર કલંક પ્રકાશ્યું–જાહેર કર્યું; અમારી સાથે દાસી જેવી તું આવીશ નહિ.

Aho ! Shrutgyanam

७८ आम तर्જી. વર્જી–છોડીને તપસ્વીબાલ તત્કાલ ( નિજસ્થાન ) પહોંચ્યા. તે સુંદરી પાછી આવે, ત્યારે ભૂપતિ વેગે–શીઘ્રતાથી. વરાવઇ–? અપમાનભર્યા શબ્દો કહે.

७९ નીર્લાજ–હે નિર્લજ્જ ! લાજ વગરની, બેશરમ. લાજ–શરમ. ઊવેખી–ઉપેક્ષા કરી, અવગણી. પાપ ઘટ–પાપનો ઘડો ભરાયેલો જોઈ શું આવે ને આવી દોડે છે. આ વાતથી કઇ જાતની અમારી સાથે સગાઈ છે ? અમારી સાથે શું સગાઇએ અહીં આવે છે ?

८० આમ વજ્રના ઘાત–પ્રહાર જેવાં વચન સાંભળીને ધડધડીને–એકદમ જોશમાં તૂટી પડીને; દ્રસક્કઇ–ડસકાં લે. ધરણિપાત–ભૂમી પર પડી જવું–ભૂમી પર પડી. સચેતન–ચેતનવાળી, સંજ્ઞાવાળી. વાય જોગિ–વાયુના યોગથી–વાયરો નાંખવાથી. નિરધારી–સં० **निराधार** આધાર વગરની. વિલવઇ. સં० **वि+लप्** વિલાપ કરે. બહૂય–ઘણા જ. સોગિ–સં० **शोक** વડે–શોકમાં.

८१ કિસી પરિ–કેવી રીતે. પરિ–સં० **प्रकार** પરથી. કિદ્ધ–સં० **कृत** તેમાં त् નો 'द' થાય છે. કિદ્ધુ, અપ० કીદ્ધઉ–કીધઉ. દિદ્ધ–સં० **दत्त** અપ० દીદ્ધઉ–દીધું. પ્રા० દિણ્ણ પણ ભૂ० ગૂ० માં વપરાય છે. દુહ–સં० **दुःख**. સ્યાં–થયાં. પરભવિયાં–પરભવનાં. ઉદયુ–ઉદય થયું. વ્યાપ–વ્યાપ્યું. ચોતરફ ફેલાઇ રહ્યું.

८२ કઇ–કે; મોડી–તોડી. ફોડી–ભાંગી. સજ્જલ–જલ ભરેલા એવા સરવર પાલિ–પાળ. ગાલ–સં० **गालि**. અકાલ–કવખતના, પાકયા પહેલાં.

८३ વિછોહઉ–જુઓ કડી ७६, છૂટો. માય–માથી. ખંડચા–ખંડિત કર્યા–ભાંગ્યાં. મંડચા–આદર્યા. કૂડજાલ–કપટપ્રપંચ. સંતાપ્યા–હેરાન કર્યા.

८४ અંતરાય–આડે આવનાર બાધ. હિવિ–સં० **अधुना**. કેહવુ–કેવો પૂર્વરૂપ. મઇ–મારે. ધરિણી–પૃથ્વી. મુજ્જ–મને. ઠાણુ–સ્થાન. જઇ–કે જેથી. શીલતણું પ્રમાણ સાચું થાય.

८५ કૂડ–ખોટું. દેખંતા–જોતજોતામાં. પુહવી–સં० **पृथ्वी**. વિવરી–પોલાણવાળી થાય–ફાટી હાહારવ–અરેરાટી; શોકરવ. વિરચઇ–કરે. લોકવૃંદ–લોકોનો સમૂહ. તતખિણુ–સં० **तत्क्षणं** તે ક્ષણે–તુરત જ. નરિંદ–સં० **नरेन्द्र**–રાજા.

८६ મહિમાહિ–પૃથ્વીમાં. સીલતણા વિનોદથી નાગેશ્રીએ પ્રમોદ–આનંદસહિત ઘેર આણી. ભુવન-વાસિ–મંદિરના આવાસમાં–રહેઠાણમાં. માની–સ્વીકારી. કિરિ–કરીને. વિસાસિ–સં० **विश्वस्त** વિશ્વાસવાળી–વિશ્વાસ આપીને.

८७ આસનઉ–સં० **आसन्न**–નજીક આવ્યો; પ્રસવાવસર–પ્રસૂતિ થવાનો અવસર–પ્રસંગ. પહુચ્ચાઇઇ–પહોંચાડે. પાસિ–પાસે. સુર–દેવ; ભણઈ–કહે. કિસુંય–કંઇએ. તણુ–તણો. છઠ્ઠી વિભક્તિનો કવિતામાં વપરાતો પ્રત્યય. સાપ–સં० શ્રાપ.

८८ માનઈ–સ્વીકારે. વયણનાગ–નાગનાં વચન. એ પણ બોલ્યો કે–હે સખિ ! આ શાપને લીધે છે. દિન પૂરે–પૂરે દિને. વિશેષણને વિભક્તિનો પ્રત્યય લાગ્યો છે, ત્યારે વિશેષ્યના વિભક્તિ પ્રત્યયનો લોપ કર્યો છે. સુત સં० પુત્ર. તુરંત–તરત જ. હવે વસ્તુ છંદ આવે છે. તેના લક્ષણ માટે જુઓ શ્રી હેમાચાર્ય રચિત છન્દોનુશાસન ૫–૩૦. એનું બીજું નામ રહા છે; એ મિશ્ર માત્રાબંધ છે. પહેલા ચરણમાં આરંભનો સાત માત્રાનો ખંડ ગૂજરાતીમાં બેવડાવેલ છે, તે અપભ્રંશમાં બેવડાતો નથી. કે. હ. ધ્રુવ.

८९ જેણ અવસરિ–જે અવસરે–કાલે–પ્રસંગે. સરહ–સં० **सरस्**–સરોવર. ઉપકંઠ–સં० સમીપ. **प्राप तालीवनश्याममुपकंठं महोदधेः**–રઘુવંશ. ४, ३४. પ્રાકૃત ઉવકંઠ, ઉવકંઠ. કરથકી–હાથથી. ઝલ-હલંતિ–સં० **जाज्वल्** ઝલકતી, ચમકતી. ધીવરહિં–સં० પ્રા० **धीवर**. મચ્છીમાર; તેણે. હિં–ત્રીજી

Aho ! Shrutgyanam

વિભક્તિનો પ્રત્યય છે. જવહરી–ઝવેરી. રાય નામ–રાજાનું નામ. તિણિ સેઠિ–તે શેઠે; પરખી–જોઈ. તેણે તે વીંટી તલવરને આપી. તલવર–કોટવાલ, તલાટી. સં० **तलारक्ष**. એ શબ્દ સંવત્ ૧૩૩૦ ના એક શિલાલેખમાં આવ્યો છે. તલારક્ષ અને તલાર બંને નામ કોઇ રાજકર્મચારીના સૂચક છે. અમુકને તલારક્ષ બનાવ્યો એવા લેખો મળે છે. એ પરથી એમ સૂચિત થાય છે કે તલારક્ષ યા તલાર નામ નગરની રક્ષા કરનારા અધિકારી ( કોટવાલ )ને અપાતું. સોઢ્ઢલ રચિત ઉદયસુંદરી કથામાં એક રાક્ષસનું વર્ણન કરતાં તેને નગરના તલારના જેવો કહ્યો છે. ત્યાં પણ કોટવાલનો સૂચક જણાય છે. અંચલગચ્છના માણિક્યસુંદરસૂરિએ સંવત્ ૧૪૭૮ માં જૂની ગૂજરાતીમાં પદ્યમાં રચેલ ' પૃથ્વીચંદ્રચરિત્ર 'માં રાજકીય અધિકારીઓની નામાવલિમાં ' તલવર ' અને ' તલવર્ગ ' એ નામ પણ છે. ( પ્રાચીન ગુર્જર કાવ્ય-સંગ્રહ–વડોદરા ગ્રંથમાલા પૃ. ૯૭ ). કોઇ કોઈ શિલાલેખોમાં ' તલવર્ગિક ' પણ આવે છે ને તે પણ તલા-રક્ષનું સૂચક જણાય છે. ગૂજરાતીમાં હજુ સુધી તલાટી શબ્દ પ્રચલિત છે, કે જે ' તલારક્ષ ' યા ' તલાર 'નું જ અપભ્રંશ હોવું જોઇએ. હમણાં ' તલાટી ' શબ્દ ' પટવારી 'નું સૂચક છે, પરંતુ પ્રાચીન-કાલમાં તલારક્ષ યા તલાર સૈનિક અધિકારીનું સૂચક હતું. તે સમયે પોલીસ પણ સેનાનું જ અંગ સમજવામાં આવતી. રા. બ. ઓઝાજી. નાગરી પ્ર. પત્રિકા ૩–૧ પૃ. ૨–૩. માછી–મચ્છિમાર. બંધ્યઉ બાંધ્યો, બંદિવાન કર્યો. તામ–તે વખતે. તે તલવર નૃપ પાસે વીંટી સાથે તે માછીને મેલ્હી–ઉભો કરી પ્રણામ કરે છે. હવે ઢાળ આવે છે તે ધુરિલી છે એટલે આરંભમાં જે છે તે જ આ ઢાળ છે એમ જણાવ્યું છે.

૯૦ લિવિ–હવે; દાહ–સં० **दाह** प्रा० **डाह** બળતરા. હીયડઇ–હૃદયમાંજ; અતિ–વિશેષ. અવતર્યઉ–ઉતર્યો–આવ્યો. સંભરી–યાદ આવી. પાતકપંકિ–પાપરૂપી પંક–એટલે કાદવમાં; ભર્યઉ–પ્રચુર થયો. જુઓ પછીની કડીમાં ભરિઉ.

૯૧ વંક–વાંક–દોષ. કિસી–કોઇ જાતની, સંક–શંકા. કે સતી કહે છે તે સાચું હશે એવી શંકા.

૯૨ નવિ–એટલે નહિ, તે આણી અને જાણી બંનેને લાગુ પડે છે. પખઈ–સં० **पक्षे** પડખામાં નારિપખઇ–નારિના પક્ષે–તરફ–ના લાભમાં–આબુએ. મનિ–મનમાં. રયું–શું. પરવસિ–પરવશ બની; સંનિપાતહિ–સંનિપાતવડે. એભાનપણે, ગાંડપણમાં, લવારીમાં, ધાત–સં० **धातु** વીર્ય. ધાત ફરી–આખું સ્વરૂપ ફરી ગયું, બદલાઇ ગયું. મદ ચડયઇ–મદ ચડવાથી, મદાંધ થઈને. મઇ–મેં મતિ–મતિપૂર્વક–બુદ્ધિ-પૂર્વક વનહિ–વનમાં, કવણ–શા માટે. ઘરણી–સં० **गृहिणी** સ્ત્રી. અવગુણી–ઉવેખી–અપમાનિત કરી. કિણિ પરઇ–કિણિપરી–કઇ રીતે લહીઇ–પ્રાપ્ત કરીએ સં० **लभ्यते** કિણઇ–કેને કહીઇ સં० **कथ्यते**. ઝંખ–ઝાંખ કલંક તે પરથી વિ० ઝાંખું. 'બહુ દેશપતિ થયા ઝાંખારે, જે કોઇ વિશ્વમાં ચાલતા વાંકારે'—કાળીદાસ.

૯૩ પૂછ્યઉ–સં० **पृच्छितः** પૂછાયો. મુદ્રિકાનું કામ એટલે કયાંથી મળી આવી તે. તામ–ત્યારે. લહી–પ્રાપ્ત કરી (હવે રાજા વિચારે છે) હોયસ્યઈ–હોશે. પીયતાં પીતાં, નીર–પાણી તીર–સં० કાંઠો તિણિ–તેણેઃ સહી નક્કી.

૯૪ તિણિ–તેણે. સહીય–નક્કી જ સરજલમાંહિ–સરોવરના પાણીમાં. કહિએ કહ્યું. નરનાહિ–નર-નાથે–રાજાએ પણ વિરહમાં પડેલો તે ટલવલે છે ને અવાહિ–અબાધા–શાંતિ નિશદિન છે નહિ. અવાહિ–સં० **अबाधा** બાધાનો અભાવ.

૯૫ જલચર જળનો જીવ. ટલવલઇ–ફડફડે. આ ભાવ સરખાવોઃ–' જૂ જલહીણી માછલીજી, જીવઈ નહી જગમાંહિ, કંત વિહૂણી કામનિજી, તિમ તિમ ખીણી થાઇ' કા. પ્ર. ૩–૨૩૭. નીંદ્ર–સં० **निद्रा** ઉંઘ. અવનિ–સં० પૃથ્વી. સુની–સં० **शून्य**. કરિકલઇ–સં० **कलकलाय्** પ્રા० **कलकल** કલકલ અવાજ કરે–

Aho ! Shrutgyanam

કોલાહલ કરે. નિવિ–મંત્રિ–નૃપ–મંત્રિને નિવ. પ્રા૦ णिव સં૦ નૃપ. તિણિ તે માટે. રાય–રાજા. તેડઇ–નિમંત્રે આગ્રહઇ–આગ્રહથી. વીસારવા–સં૦ **વિ+સ્મૃ**. ભૂલવા. ભણીય–માટે–ખાતર; કેલિ–ઉછવ–ક્રીડા ઉત્સવ. વહઇ–વહે–કરે.

૯૬ ધણુખિણિ–એ ક્ષણે–એટલામાં; સંભલ્યું–સાંભળ્યો–સુણ્યો. સાદ–અવાજ; નાદ–સં૦ ધ્વનિ. કરિ–કરે. આશ્રમિ–આશ્રમમાં. ગૂંજતઉ–ગુંજારવ કરતો, સં૦ **गुंज्**–ગણગણ કરવું, ગોકુલ–સં૦ ગાયોનું ધણ. રાખવા–સં૦ **रक्ष** પરથી રક્ષણ કરવા. જાઇ–જાયે–જાય; પાસઇ–પાસે, આગળ સિંહની પાસે. બલવંતઉ–બલવંતો–બલવાન.

૯૭ પુહવીપાલ–સં૦ પૃથ્વીપાલ–રાજા. વનિ–વનમાં. જિમ–જેવો, તિમ–તેવો. દેયતઉ–દેતો. હરિ–સં૦ સિંહ. પ્રતિ–તરફ. ફાલ–ફલાંગાં.

૯૮ અતુલબલ–જેનો તોલ ન થાય એવું. અસામાન્ય બલ. ઝૂઝઈ–સં૦ **युध्** પ્રા૦ **जुज्झ–झुज्झ** લડાઇ કરે. સખાઇ થયઉ–સાથે ભળ્યો. તિણિખિણિ–તત્ક્ષણ. નંખ્યું–નાંખ્યો. નિરદ્દલી–નિર્દલી–નિઃશેષ દલી એટલે સાવ મારી નાંખ્યો. અમીય–સં૦ **अमृत**. પૂરઇ–ભરાય રાયલોયણ–રાજાનાં લોચન એટલે નેત્ર. ઉલ્લસઇ–સં૦ **उल्लस्**. ઉલ્લાસમાન થાય. અલિંગન–સં૦ ભેટવું તે. સમોપી–સં૦ **सम्+अर्पय्**. સમર્પી–આપી. વછ–હે વત્સ ! કહે તું કયાં વસે છે.

૯૯ દુકકંત–દુષ્યંત. તાત–પિતા. માત–માતા. રિષિધુય–ઋષિપુત્રી. ધુય–સં૦ **दुहितृ** પ્રા૦ **धूआ**. પુત્રી. વાસ એટલે રહેઠાણ વનવાસમાં. આહાર એટલે ખોરાક ફલ ફૂલનો; પહિરણિ–એટલે વસ્ત્રમાં –પોશાકમાં સં૦ **परिधान**. સરખાવો 'पीलूं पट्टकूल पहिरणइ.' કા. પ્ર. ૩–૧૬૫. અથવા પહેરણિ એટલે પહેરવા માટે સરખાવો 'મુનિજન જાહારે દીઠી નારી, સુંદર વપુ નિ દુઃખ ભારી, અર્ધ વસ્ત્ર તે પેહેરણે અ' ભા૦ નળાખ્યાન ૨૧–૨. તરૂઅર–તરૂવર. વલકલા–સં૦ **वल्कल** (ઝાડની) અંતરછાલનાં વસ્ત્ર.

૧૦૦ જગવ્યો–જગાવ્યો, જાગ્રત કર્યો. નેહ–સ્નેહ. સ્નેહ–નેહ સહિત. તુહ–તુજ, તારી. માય–માતા. કિહિં–સં૦ **क्व** કયાં.

૧૦૧ દાખું. સં૦–**दर्शय्** દાખવું, બતાવું. સાથિ–સાથે. આયઉ–આવ્યો. વેગિ–વેગથી. ખામઇ–સં૦ **क्षामय्** ખમાવે–માફી માગે. કામઇ–સં૦ **कामय्**–વાંછવું, ચાહવું–ચાહે. થિર–સં૦ **स्थिर**. સાખિ–સાક્ષીએ સાપ–શ્રાપ. દૂષણ–સં૦ **दूषण** દોષ, વાંક. કિસ્યું–શું. તમ્હે–તમને, અમ્હ–અમે. દીજઇ–દઇએ. કરમ–કર્મ. મેલઉ–સં૦ **मलीन**, ખરાબ. આપણઉ–સં૦ **आत्मीय**–પોતાનો.

૧૦૨ ગયવર–સં૦ **गजवर** ઉત્તમ હાથી ગુડી–ગૂડી, નાની ધ્વજા. સરખાવો ગુડી પડવો. એટલે શાલિવાહનના શકના આરંભનો–પહેલો દિવસ ચૈત્ર શુદ પડવો, કારણ કે તે દિવસે ઘેર ઘેર નાની ધ્વજા ચઢાવવાનો રિવાજ દક્ષિણમાં છે. જુઓ કા૦ પ્ર૦ નું સ્ફુટ વિવેચન પૃ. ૧૩. આણીય–લાવીને. નયરિ–નગરમાં. મહોત્સવે–મહા ઉત્સાહપૂર્વક. બાલપણઇ–બાલપણે–નાની વયમાં. રંગિ–રંગથી, આનંદથી. યુવરાજ–સં૦ પાટવી કુંવર. હવઇ–સં૦ **स्थापय्** સ્થાપે.

૧૦૩ હવિઉ–સં૦ **स्थापित**–સ્થાપ્યો. સંગ્રહઇ–સં૦ **सं+गृह्**. સંગ્રહ કરે એટલે રક્ષણ કરે. **तथा ग्रामशतानां च कुर्याद् राष्ट्रस्य संग्रहः** મનુસ્મૃતિ ૭–૧૧૪. અરિઅણ–સં૦ **अरिजन** શત્રુઓથી, રાજ–રાજ્યનું, વંછિત–ઇચ્છિત, રાખતઉ–સાચવતો. કુલવટ લાજ–કુલરીતિ. જુઓ કડી ૬૪.

૧૦૪ ભાષઇ–સં૦ **भाष्** બોલે, મુખઇ–મુખથી. સુખઇ–સુખવડે. પાપ કસમલ–પાપરૂપી કશ્મલ એટલે મેલ; પરિહરઉ–સં૦ **परि+हृ** તજો. સૂધિ મારી બુદ્ધિવાળા, સીલ–શિયલ, સત્ ચરિત્ર. ઉપરિ–સં૦ **उपरि** ઉપર–પ્રત્યે. ખપ–ઉપયોગ. ખપ કરો–ઉપયોગમાં લાવો.

Aho ! Shrutgyanam

# આચાર્યવર્ય શ્રા હેમચંદ્ર પટ્ટશિષ્ય રામચંદ્ર વિરચિત

# नलविलास नाटक*

[ લેખકઃ-અધ્યાપક શ્રીયુત રામનારાયણ વિશ્વનાથ પાઠક ]

જૈન ધર્મે જેમ ગૂજરાતને અપ્રતિમ સ્થાપત્યની તથા ચિત્રકલાની અમર કૃતિઓ આપી છે તેમ તેનો સાહિત્યનો ફાળો પણ ઓછો નથી. જૈનસાહિત્ય, જો કે ઘણુંખરૂં સાંપ્રદાયિક છે, અને સાંપ્રદાયિક પ્રચારને માટે થયેલું છે તો પણ તેણે ભાષાવિકાસમાં જે ફાળો આપ્યો છે તે ઇતિહાસકારે હમેશાં નોંધવા જેવો છે. તે ઉપરાંત જેને શુદ્ધ સાહિત્ય કહીએ તેવું પણ ઘણું આપ્યું છે. ગૂજરાતને ગૂજરાતમાં બોલાતી અપભ્રંશનું પ્રથમ વ્યાકરણ આચાર્ય હેમચન્દ્રે આપેલું છે અને ગૂજરાતે તેને માટે અભિમાન ધરવું જોઇએ. અત્યાર સુધી તેની જોઈએ તેવી કદર નથી થઈ તે ગૂજરાતને માટે લાંછનપ્રદ છે. વળી કાવ્ય-સાહિત્યમાં પણ ઘણો ફાળો આપેલો છે.

હમણાં બહાર પડેલો આ નલવિલાસ ગ્રન્થ આચાર્ય હેમચન્દ્રના પટ્ટશિષ્ય રામચન્દ્રનો રચેલો છે. આ ગ્રન્થ કોઈ સાંપ્રદાયિક પ્રચારને અર્થે નથી લખ્યો; તેમાં એક પણ સાંપ્રદાયિક કટાક્ષ નથી. જૈન-ધર્મસાહિત્યમાં જે નળનું આખ્યાન આવે છે તેવા આખ્યાન ઉપરથી આ વસ્તુ લીધેલું લાગતું નથી પણ નાટકકારે મૂળ મહાભારતના વસ્તુનો બને ત્યાં સુધી આધાર લીધો છે એમ સ્પષ્ટ જણાય છે. આ ટૂંકા નિબંધમાં નાટકકારે મહાભારતકારના વસ્તુમાં કે ચાલતા આવેલા નલોપાખ્યાનના વસ્તુમાં શો ફેરફાર કર્યો અને તે કઈ દૃષ્ટિથી કર્યો તે મુખ્યત્વે જોઈશું અને તેમ કરતાં પ્રસંગવશાત્ તેને પ્રેમાનન્દના નળાખ્યાનના વસ્તુ સાથે પણ સરખાવી જોઈશું.

મહાભારતના આખ્યાનમાં દૈવી ચમત્કારો ઘણા છે. આખા મહાભારતમાં છે તેવા નળાખ્યાનમાં પણ છે. પણ મહાભારતના એ સર્વ ચમત્કારો પણ માનવ ભાવોને જ વ્યક્ત કરે છે અને કૈંક તે ભાવો વધારે સ્ફુટ અને સુરેખ વ્યક્ત કરવાને જ એ ચમત્કારો મૂકેલા હોય એમ જણાય છે. પ્રેમાનન્દ ચમત્કારોમાં ઉમેરો કરે છે. એ ચમત્કારો કાંઇ મૂળ ચમત્કારો કરતાં વધારે અસંભવિત એકંદર નથી પણ પ્રેમાનન્દના ચમત્કારોથી મહાભારતનું માનવસ્વભાવનું નિરૂપણ કંઈક વધારે ઝાંખું થયું છે એમ કહ્યા વિના ચાલે તેમ નથી. પણ આ પ્રસંગ પ્રેમાનન્દના નિરૂપણ વિશે વિશેષ કહેવાનો નથી.

રામચન્દ્રના નિરૂપણથી નલનું વસ્તુ વધારે માનવભૂમિકા ઉપર આપેલું છે; તેના નિરૂપણમાં ચમત્કાર લગભગ ચાલ્યો જાય છે. વાસ્તવિક રીતે કહેતાં મૂળ આખ્યાનમાંથી કાઢી નાંખી શકાય તેટલો ચમત્કાર તેણે કાઢી નાંખેલો છે. આમ કરવાનું એક કારણ, વસ્તુને નાટકને અનુકૂલ કરવું એ પણ છે, હંસની મારફત સંદેશા પહોંચાડવા, રાજાના પંડમાં કલિપ્રવેશ કરાવવો, પક્ષીઓ પાસે વસ્ત્ર ઉપડાવી લેવરાવવું, એ સર્વ નાટકમાં ભજવી બતાવવું અશક્ય છે. અને ભજવવાનું ન હોય તો કથન તરીકે જણાવવાથી નાટકના રસમાં ચમત્કૃતિ આવી શકે તેમ નથી; માટે આપણા નાટકકારે સૂક્ષ્મ વિવેકદૃષ્ટિથી તેને એકદમ છોડી જ દીધાં છે. પણ નળરાજાની શરીરવિકૃતિ મૂળ કથાનો રહસ્યભાગ છે, તે વિના બાહુક આવી શકે નહિ, ગુપ્તવાસ અશક્ય થઈ જાય, અને દમયન્તીના પ્રેમની લોકોત્તરતા પણ પ્રગટ કરી શકાય નહિ; માટે તે પ્રસંગ રાખેલો છે. જો કે તેને પણ, આપણે આગળ જોઈશું તેમ, પોતાના સમયના મન્તવ્યોને અનુકૂળ કરી માનવ ભૂમિકા પર લાવવા પ્રયત્ન કર્યો છે.

હવે આપણે ટૂંકમાં નલવિલાસનું વસ્તુ જોઇએ.

---

* આ નાટક થોડા સમય પહેલાં ગાયકવાડ ઓરિએન્ટલ સીરીઝમાં બહાર પડયું છે.

Aho ! Shrutgyanam

પ્રસ્તાવના પૂરી થતાં નલરાજા પોતાના મિત્ર કલહંસને કહે છે કે 'પરમેશ્વર યુગાદિદેવની સપર્યાથી અમે થાકી ગયા છીએ માટે વિશ્રામ લેવાને કોઈ છાયાવાળી જગા ઉદ્યાનમાં શોધી રાખે, એમ ખરમુખને કહે'. ખરમુખ વિદૂષક છે. પછી એવી જગાએ ત્રણેય મિત્રો બેસે છે અને વિદૂષકને યોગ્ય થોડી ટપાટપી ચાલે છે. વિદૂષક જરા રીસાય છે અને પાછો તરત રીઝી પણ જાય છે. રાજાએ પોતાને સ્વપ્ન આવેલું હતું તેનું ફળ જાણવા નૈમિત્તિક બ્રાહ્મણને બોલાવ્યો હતો અને તે તેના જ વિચારમાં હતો તેથી, વિદૂષકની આ ખીજ અને રીઝથી નળ તર્ક કરે છે કે સ્વપ્નનું ફળ પણ કાંઇ અંતરાયવાળું હશે. એ નાટકનાં પાત્રો આવો વહેમ એક બે જગાએ જરા વધારે પડતો બતાવે છે. રાજા નૈમિત્તિકને કહે છે કે રાત્રિના ચોથા પહોરે અમારા હાથમાં એક મુક્તાવલી ક્યાંકથી આવી પછી પડી ગઈ અને પછી પાછી અમારે કંઠે પહેરાઈ અને તેથી અમે તેજસ્વી થઈ ગયા. નૈમિત્તિક કહે છે કે સ્ત્રીનો લાભ એ સ્વપ્નનું ફળ છે. પરંતુ માલા એકવાર પડી ગઈ માટે તેમાં કંઇક વિઘ્ન છે, પણ અન્તે તે શુભપ્રદ છે. અને ફળ કથન સાચું છે તેની ખાત્રી કરી આપવા કહે છે કે થોડા જ સમયમાં તેનો પરચો જણાશે. ત્યાં નેપથ્યે કોઈ બોલે છે "નૈષધનાથને અમારું આગમન જાહેર કરો." અંદર આવનાર એક કાપાલિક હતો–વિદૂષક તો તેને જોઇને જ બ્હી જાય છે. રાજાને પણ વહેમ જાય છે કે આ માણસ કોઈ ગુપ્તચર હોવો જોઇએ અને નળના સવાલોના ઉડાઉ જવાબોથી તે વહેમ વધે છે. અન્તે ભેદ ઓચિંતો ફૂટે છે. વિદૂષક અને કાપાલિક વચ્ચે બોલાબોલી થાય છે, બોલાબોલીમાંથી સામસામા મારવા ઊભા થઇ જાય છે–રાજ્યના ગૌરવને આ હાનિકર્તા છે–અને તેમાં કાપાલિકની ઝૂંપમાંથી પોટકી પડી જાય છે અને અંદર જોતાં તેમાંથી એક લેખ નીકળે છે. લેખ 'મહારાજ ચિત્રસેન' ઉપરનો છે અને તેમાં કોષ્ટક પાસેથી છબી લઈ લેવાનું લખેલું હતું. આ નામ કોનાં તે ઓળખાતું નથી. આગળ જોતાં કોઇ સુંદર સ્ત્રીની છબી નીકળે છે. કાપાલિક તે કોઈ દેવીની હોવાનું કહે છે પણ ત્યાં રાજાની પરિચારિકા મકરિકા આવી પહોંચે છે અને તેનું પીઅર વિદર્ભ હોવાથી વિદર્ભરાજા ભીમરથની પુત્રી દમયન્તીને તે ઓળખી કાઢે છે અને કાપાલિક વિદર્ભથી આવતો હતો તે વાત મળી રહે છે. આ માણસ ગુપ્તચર હોવાનું સાબીત થાય છે અને તેને કેદમાં નાંખે છે. આ કાપાલિક કોણ તે અહીં નક્કી થતું નથી પણ આગળ જણાય છે કે તે ચેદી દેશના રાજા કલચુરિપતિ ચિત્રસેનનો ચર હતો. અને તે પોતાના રાજાનો વિવાહ દમયન્તી સાથે મેળવવા પ્રયત્ન કરતો હતો.

નાટકકાર પ્રેમાનન્દની પેઠે કવિ નારદ મારફત નળદમયન્તીનું ઓળખાણ કરાવતો નથી તેમ એની વચ્ચે સંદેશા મોકલવા હંસને પણ લાવતો નથી પણ એક પ્રસંગના અકસ્માતથી નળને દમયન્તીની છબી દેખાડી તેને પ્રથમ મુગ્ધ કરે છે. આમ કરવાનું બીજું ફળ એ આવે છે કે દમયન્તીને પરણવામાં નિષ્ફળ ગએલો કલચુરિપતિ જ કલિનું કામ કરે છે અને નળદમયન્તીની ઉપર પડતી સર્વ વિપત્તિઓનું મૂળ બને છે.

નળ દમયન્તીને મેળવવા પ્રયત્ન કરવા કલહંસ અને મકરિકાને વિદર્ભ મોકલે છે. ત્યાં પહેલો અંક પૂરો થાય છે.

બન્ને વિદર્ભથી પાછાં આવે છે ત્યાંથી બીજો અંક શરૂ થાય છે. વિદર્ભમાં મકરિકા દમયન્તીને મળી હતી, તેને નળની છબી બતાવી મોહિત કરી શકી હતી અને નળ સાથે પરણવાની યુક્તિ પણ દમયન્તીએ જ બતાવી હતી. મુશ્કેલી એ હતી કે ઘોરઘોણ નામના કાપાલિક ઉપર ભીમરથને વિશ્વાસ હતો. ઘોરઘોણે એવું ભવિષ્ય ભાખ્યું હતું કે દમયન્તી ચિત્રસેનની ભાર્યા થશે. હવે ઉપાય માત્ર એટલો જ હતો કે ઘોરઘોણની પત્ની લંબસ્તની જો નળ પતિ થવાનું ભવિષ્ય ભાખે તો બેઉનાં વચનોમાં ભેદ

Aho ! Shrutgyanam

પડવાથી રાજા સ્વયંવર કરે. માટે લંબસ્તનીને લાંચ આપી અનુકૂલ કરવી. કલહંસ આ કામ માટે લંબસ્તનીને સાથે લઇ આવેલ હતો. અંકની શરૂઆતમાં રાજા ઘણો જ ઉત્સુક થઇ દમયન્તીનું વર્ણન વગેરે કરાવે છે અને અંતે ઉપરની હકીકત જાણી લંબસ્તનીને આભરણો આપી તે પ્રમાણે વિદર્ભરાજ આગળ કહેવરાવવાનું કહે છે. આ અંક પૂરો થતાં પહેલાં એ પણ જણાય છે કે નળનો ભાઇ કૂબર ( પુષ્કરને બદલે આ નામ છે ) લંબોદર નામના કાપાલિકની સંગતે ચડ્યો છે અને એ વાત બહાર આવે છે. રાજાને એ અનિષ્ટ લાગે છે પણ નિષધરાજકુલમાં કંઈ ખરાબ થાય નહિ એમ સર્વ આશા રાખે છે. આ કાપાલિકો અને લંબસ્તની સર્વ ચિત્રસેનનાં જ માણસો હતાં.

ત્રીજા અંકના પ્રારંભમાં વિદર્ભરાજના બે નોકરોની વાતચીત ઉપરથી આપણે જાણીએ છીએ કે આવતી કાલે દમયન્તીનો સ્વયંવર થવાનો છે. વળી એ પણ જાણીએ છીએ કે ઘોરઘોણ કાપાલિકનો પ્રપંચ ફૂટી ગયો છે. મકરિકા દમયન્તીની છબી નિષધથી લેતી આવી હતી, તે છબી દમયન્તી પિતાને બતાવે છે અને તે કેવી રીતે નિષધ ગઇ તેની તપાસ કરતાં માલુમ પડે છે કે ઘોરઘોણ ચિત્રસેનનો મેષમુખ નામનો ચર હતો અને લંબોદર તેનો કોષ્ટક નામનો ચર હતો. તે હાલ નિષધમાં વસવા ગયો છે. નિષધનું નામ સાંભળી નેપથ્યમાંથી નલરાજ પૂછે છે ' કોણ નિષધમાં અત્યારે વસવા ગયો છે ?' તેને જવાબ મળે છે કે ' કાપાલિક ઘોરઘોણ '. નલ સમજે છે કે લંબોદરની સોબતથી યુવરાજ કૂબરે તેને બોલાવ્યો હશે. તે પછી રાજા ઉદ્યાનમાં વસન્તાવતારનું વર્ણન કરે છે. તે ઉદ્યાનમાં એક સુંદર જગાએ આવાસસ્થાન કલ્પે છે. ત્યાં દૂરથી અનક્ષરગીત ધ્વનિ સંભળાય છે. ત્યાં કોઇ દમયન્તીનું માણસ છે કે નહિ તે જાણવા મકરિકાને મોકલે છે. મકરિકા ખબર લાવે છે કે એ તો દમયન્તી પોતે જ તે ગાતી હતી. રાજા તેને સ્વેચ્છાથી બોલતી ચાલતી જોવાને વૃક્ષમાં સંતાઇ જાય છે. દમયન્તી ત્યાં મદનની પૂજા કરવા આવેલી. તે પોતાની બાજુ લઇ આવવા રાજા મકરિકાને કહે છે. વિચકિલવલ્ગી શોધવાને નિમિત્તે મકરિકા નલ સંતાયો છે તે તરફ તેને લઇ આવે છે. રાજા અને દમયન્તી અહીં મળે છે. રાજા તેને પોતે લખી રાખેલો શ્લોક આપે છે. બન્નેની વચ્ચે શૃંગારચેષ્ટા થાય છે. થોડીવાર પછી ચેટી દમયન્તીને સાદ કરે છે કે ' દેવી દમયન્તીને બોલાવે છે. ' દમયન્તી નીકળે છે. રાજા નિરાશ થાય છે અને ફરી કેમ મળાશે એવો ઉદ્‌ગાર કરે છે. વિદૂષક ખરમુખ પોતાની વિદ્યા બજાવે છે. તે ગધેડા જેવો અવાજ કરે છે તેથી અપશુકન થયા સમજી દમયન્તી પાછી આવે છે. વિદૂષક કહે છે કે અપશુકન કશા નહોતા એ તો બ્રાહ્મણને સ્વસ્તિ-વાચન આપવું રહી ગયું હતું. દમયન્તી તેને લે કહીને એક શ્લોક આપે છે. તેનો અર્થ એવો છે કે " મેઘો સૌદામિનીનો ત્યાગ કરે છે. પણ સૌદામિની તેમનો ત્યાગ કરતી નથી " કલહંસ કહે છે કે આ શ્લોકમાં એવું સૂચન છે કે નલ પરણ્યા પછી દમયન્તીનો ત્યાગ કરશે. ત્રીજો અંક લગભગ કંઇ પણ કાર્ય વિના અહીં પૂરો થાય છે.

ચોથા અંકમાં પણ વિશેષ કાર્ય થતું નથી. તેમાં દમયન્તીનો સ્વયંવર થાય છે. અનેક રાજાઓને કંઇ કંઇ બહાનું કહાડી ઉવેખતી દમયન્તી ચાલી જાય છે. એ વર્ણન રઘુવંશના ઇન્દુમતીસ્વયંવર-વર્ણનની કંઇક સ્મૃતિ આપે છે. લગ્નવેલા નજીક આવે છે. રાજા ભીમરથ હવે ઉતાવળ કરે છે. માગધ માધવસેન છેવટ નિષધનાથનું વર્ણન કરી તેને બતાવે છે. દમયન્તી મુગ્ધ ચકિત થઈ ત્યાં થોડીવાર થંભી જાય છે. ઉતાવળો ભીમરથ તેને જ શરણે જવાનું કરે છે. નલ પણ વિચારમાં પડે છે કે શું મને એટલી વારમાં ભૂલી ગઇ ? દમયન્તીની સખી પણ કહે છે કે ' હવે વિલંબ શેનો કરે છે ?' દમયન્તી કહે છે ' ત્યારે તું કહે છે એમ કરીશ. ' માળા આરોપે છે. સૌ સારૂં થયું એમ કહે છે. બંદી સંધ્યા સમય થઇ ગયાની ખબર શ્લોકમાં આપે છે. " માત્ર અંબરના વૈભવવાળો સૂર્ય દ્યૂતથી હારેલા રાજા

Aho ! Shrutgyanam

જેવો ધૂસરકર, ઘેરાતાં લોચનવાળી કમલિનીને છોડી તે દેશાન્તર જાય છે." ભીમનો અમાત્ય કહે છે કે આ, નળ દમયન્તીને છોડી દેશે એવું સૂચન છે. ભીમ સર્વનું કલ્યાણ ઇચ્છે છે.

અત્યાર સુધી અનેક અમંગળ સૂચનો થયાં છે તે પાંચમા અંકમાં પાકે પહોંચે છે. અંકના પ્રારંભમાં કલહંસ, આ અનેક રસ વાળા સંસારનાટકની વિચિત્ર ઘટનાનો વિચાર કરતો પ્રવેશ કરે છે. શૃંગાર અને અદ્‌ભૂત રસનો સ્વયંવર વિવાહ મહોત્સવ તો હજી હમણાં જ જોયો એટલામાં જુગટાથી હારેલા નળને માત્ર દમયન્તી સાથે વિદેશ જવા રૂપ આ કરુણ પ્રસંગ આવી લાગ્યો છે. આવું કામ નળે શાથી કર્યું ! વિધિની વિપરીતતા બીજું કશું નહિ. સામાન્ય કથામાં પરણ્યા પછી ઘણે વરસે, એ ફરજંદ થયા પછી જુગટાનો બનાવ આવે છે. અહીં આટલો ફેર કર્યો છે—કદાચ વિરોધથી કરુણને ઘન કરવા માટે.

ત્યાં રાજા દમયન્તી વિદૂષક કલહંસ સર્વ ભેગાં થાય છે. વિદૂષક અને કલહંસ રાજાની સાથે આવવા અરજ કરે છે. પણ નળ કહે છે કે દ્યૂતમાં હું સર્વસ્વ હાર્યો છું એટલે માત્ર પથિક તરીકે જ મારે જવું જોઇએ. દમયન્તીને પણ મારે તો છોડી દેવી છે પણ સ્ત્રીના આગ્રહથી તે આવે છે. રાજા તેને કહે છે કે માર્ગમાં ઘણાં દુઃખ પડશે પણ તે તો એકની બે થતી નથી. જતી વખતે દમયન્તી મકરિકાને પોતાની સ્થિતિનો સંદેશો પિયેર મોકલવા કહે છે. બધાં પરિજનો છેવટે જાય છે. રાજા દમયન્તીને પૂછે છે કે કઇ બાજુ જવું છે. દમયન્તી કહે છે વિદર્ભ ભણી. રાજા તે દિશાએ દમયન્તીને લઈ જાય છે. થોડે જતાં દમયન્તી થાકી જાય છે તેને તૃષા લાગે છે. રાજા પાણી શોધવા જાય છે. ત્યાં તાપસનો આશ્રમ જુવે છે. રાજાને વહેમ આવે છે કે આ તાપસ લંબોદર જેવો દેખાય છે. પણ તાપસને ખૂંધો અને લંગડો જોઈ વહેમ જતો રહે છે. તાપસની સાથે વાતો કરે છે. તેને વિદર્ભનો રસ્તો પૂછે છે. તાપસ કહે છે કે રાજ્યભ્રંશ અને સ્ત્રીસંગ એ બે બડી આફતો છે. સ્ત્રી હોય ત્યાં સુધી છડાં રહી ફરી શકાય નહિ. વળી કહે છે કે આવી અવસ્થામાં સસરાને ઘેર જવું એ પણ શરમાવા જેવું છે. રાજાને એ સાચું લાગે છે. તાપસને કહે છે "તમે મિત્ર સરખો ઉપદેશ આપ્યો." તાપસ કુંડિનપુરનો માર્ગ બતાવે છે. અને પછી મધ્યાહ્નસંધ્યાનો સમય થવાથી ચાલ્યો જાય છે. રાજા પાણી લઈ દમયન્તી પાસે જાય છે. દમયન્તી થાકથી ઊંઘી ગઈ છે. તેને ઊંઘતી છોડી જવાની ઇચ્છા થાય છે. પણ પાણી આપવા જગાડે છે. આ વિદર્ભ જવાનો સીધો રસ્તો એમ બતાવે છે. દમયન્તી તેથી ચમકે છે પણ તૃષાર્ત્ત આર્યપુત્રથી એમ બોલાઇ ગયું હશે એમ મન વાળે છે. રાજા આગળ ચાલવા કહે છે પણ દમયન્તી થાકેલી હોવાથી ત્યાં જ સૂઈ જવાની ઇચ્છા બતાવે છે. પોતાને કદાચ સૂતી મૂકીને નળ ચાલ્યો જાય એવી ભીતિથી દમયન્તી પોતાના વસ્ત્રથી નળને લપેટીને સૂઇ જાય છે. દમયન્તી તરત ઊંઘી જાય છે. હવે નળને તેને છોડી જવાની ઇચ્છા થાય છે. પણ નળ જાણે છે કે પોતે અતિ ક્રૂર કામ કરવા તત્પર થયો છે. તે પોતાને ઘણો જ નિન્દે છે. જે હાથે પાણીગ્રહણ કર્યું, જે હાથે વિશ્વાસ કર્યો, જે હાથે દ્યૂત કર્યું, તે જ હાથને વસ્ત્ર ફાડવાનું ક્રૂર કર્મ કરવા તે કહે છે. અહીં ઉત્તરરામચરિતમાં રામ, સીતા ત્યાગ કરનારા હાથને શંબૂકનો વધ કરવા મહેણાં મારી પ્રેરે છે તેનું સ્મરણ થાય છે. અનાયાસે મળી આવેલી તરવારથી વસ્ત્ર ફાડી નાંખે છે. એટલામાં પાણીની શોધમાં કોઇ કાફલાનો માણસ ત્યાં આવી ચડે છે. તેથી દમયન્તી જાગી જશે એમ ધારી નળ તરત નાસી જાય છે. કાફલાનો માણસ દમયન્તીને જુએ છે અને તેને કોઇ હેરાન કરશે એમ ધારી બોલાવે છે. પણ અતિ થાકથી સૂતેલી દમયન્તી જાગતી નથી એટલે તેને ઉપાડીને લઇ જાય છે. આ અંક અહીં પૂરો થાય છે.

છઠ્ઠા અંકમાં નળ બાહુકને વેષે પ્રવેશ કરે છે અને જુગટાની હાર, દેવીનો ત્યાગ વગેરે બાબત પશ્ચાત્તાપ કરે છે. તેનું સ્વરૂપ કેવી રીતે બદલાયું તે પણ આપણે તેના જ મહોંએ સાંભળીએ છીએ.

Aho ! Shrutgyanam

તેના પિતા નિષધે સર્પનું રૂપ લઈ તેને શું કરવું તે સમજાવ્યું. અને નળના રૂપનો ફેરફાર પણ તાતે જ કર્યો. હવે ઓળખાય તેવું રૂપ ન રહ્યું તેથી તે અયોધ્યાધિપતિ ( ઋતુપર્ણને બદલે તેનું નામ દધિપર્ણ છે ) ને ઘેર રસોયા તરીકે આરામથી રહી શકે છે. અહીં પણ વાર્તામાંથી અલૌકિક ચમત્કારનો અંશ કંઇક ઓછો થયો છે. કર્કોટકનું વૃત્તાંત કેવળ ચમત્કાર જ ગણાય પણ પૂર્વજ સર્પ થાય છે એવી માન્યતા ગૂજરાતમાં આજ સુધી છે. પૂર્વ વૃત્તાંત આપતાં આપતાં જ નળને યાદ આવે છે કે આજે તો દધિપર્ણની આજ્ઞાથી વિદર્ભથી આવેલા ભરતો (=નટો ) નાટક કરવાના છે. કદાચ નટો પાસેથી દમયન્તીની ખબર પણ મળે. એટલામાં દધિપર્ણ, તેનો અમાત્ય સપર્ણ, અને જીવલક નામનો રાજાનો ખાસદાર ત્યાં આવી પહોંચે છે. રાજા બાહુકના કલાકૌશલ્યને વખાણે છે. એટલામાં નટો આવી પહોંચે છે. અને નાટક શરૂ થાય છે.

નાટકમાં નાટકનું પ્રયોજન આ કવિ બહુ સારી રીતે સમજે છે એમ જણાય છેઃ ઉત્તરરામચરિત્રમાં ભવભૂતિ જેમ સીતાનો અગ્નિ પ્રવેશનો વૃત્તાન્ત લોકોને દેખાડવા માટે ગર્ભાંકમાં યોજે છે તેમ અહીં, દમયન્તીનો પછીનો વૃત્તાંત આ નાટકથી નળ જાણી શકે છે. બીજી રીતે જોતાં હેમ્લેટના નાટકમાં હેમ્લેટના પિતાનો ખરો ખૂની પકડી કાઢવા જેમ તેના પિતાના જેવા ખૂનનું નાટક ભજવાય છે તેમ અહીં પણ ખરો નળ શોધી કાઢવો એ પણ આ આંતર નાટકનું પ્રયોજન છે. અને એ પ્રયોજન અહીં બરાબર સધાય છે. સૂત્રધાર જણાવે છે કે નલાન્વેષણ* નામનું નવીન નાટક ભજવનાનું છે. નલને વિચાર થાય છે કે આ નામ પોતાને જ લક્ષે છે કે કોઈ બીજે નલ હશેઃ પણ ત્યાં તરત જ નેપથ્યે સંભળાય છેઃ " હા આર્યપુત્ર, મારૂં રક્ષણ કરો, ભયંકર અરણ્યમાં હું બ્હીઉં છું. " હજી નળ ધારે છે કે મારા જેવા કોઈ બીજા દુરાત્માએ પત્નીત્યાગ કર્યો હશે. ત્યાં સૂત્રધાર હાથ જોડી

જય થાવ તે પુરુષનો ત્રિકાલ તેને ત્રિધા નમસ્કાર,
ઇષ્ટવિયોગ તણું દુખ જેણે સ્વપ્ને ય ના દીઠું.

ગાઇ ચાલ્યો જાય છે અને ગન્ધાર અને પિંગલક નામના માણસો સાથે દમયન્તી પ્રવેશ કરે છે. અમે અચલપુર જનારા કાફલાના બે માણસો છીએ એવી ઓળખાણ આપી ગન્ધાર દમયન્તીને આશ્વાસન આપે છે. પણ દમયન્તી તો માત્ર ભર્તાને શોધી કાઢીશ એટલો જ જવાબ આપે છે. તારો પતિ કોણ એ પ્રશ્નના જવાબમાં સામાજિક[૧] નલને માલુમ પડે છે કે તે નિષધાધિપતિ નલને શોધે છે. તેણે ઊંઘતી દમયન્તીનો ત્યાગ કર્યો છે એમ જાણી નાટક જોતાં રાજા કહે છે કે એવા પુરુષનું સ્વપ્ને પણ મ્હોં ન જોવાય. નળ ઉમેરે છે કે એવા પુરુષનો સ્પર્શ ન કરાય તેનું નામ ન લેવાય કે ન સંભળાય. બીજી બાજુ દમયન્તી નલને પાણી લઇ આવવા કહે છે. ગન્ધાર તેને સમજાવે છે કે તને ઊંઘતી મૂકી ગયો તેવો ક્રૂર માણસ પાણી શું લઈ આવવાનો હતો. " એવું મા બોલ. હું તેને પાણીથી પણ વ્હાલી હતી " કહી દમયન્તી તેને વારે છે. દમયન્તી ચક્રવાકીને નળના ખબર પૂછે છે કારણ કે તે પ્રિય વિરહનું દુઃખ પ્રત્યક્ષ જાણનારી છે. સામાજિક રાજા કહે છે—

વીત્યું ન હોય જેને તે, ન જાણે રૂપ તેહનું;
સ્વતન્ત્ર જન શું જાણે, પરતન્ત્રતણી વ્યથા. !

વિક્રમોર્વશીયના પુરૂરવસની પેઠે દમયન્તી ચક્રવાકીને પૂછે છે, હાથણીને હાથ જોડી ખબર આપવા વીનવે છે, પોતાના અવાજના જ પડઘાથી જવાબ મળ્યો જાણી છેતરાય છે, પોતાની છાયાને જ નળ ધારી ઉન્માદમાં આવે છે. આવેશમાં આવી જઇ રાજા આવી પતિવ્રતાને નમસ્કાર કરે છે તેને તેનો હજૂરી

* નલનો શોધ. ૧ નાટક જોનાર

Aho ! Shrutgyanam

જીવલક યાદ આપે છે કે આ તો ખોટી નટની ઘટના છે. નાટક આગળ ચાલતાં અમાત્ય સપર્ણ પણ ભાન ભૂલી સ્ત્રીને છોડનાર પતિની ભર્ત્સના કરે છે. નટના કૌશલ્યથી અને વસ્તુના રસપ્રવાહમાં એમ વારાફરતી પ્રેક્ષકો ભાન ભૂલે છે, નલ પોતાપર વધારે કાબુ રાખે છે, બેદથી પૃથ્વીમાં પેસી જવા માગ થાય એમ ઇચ્છે છે. પણ છેવટ તે પણ કાબુ ખોઈ દે છે અને પોતે જ એ નિર્લજ્જ નલ છે એમ બોલી દે છે. રાજા તેને પૂછે છે 'તું કોણ છે?' અને નળ સુધારી લે છે કે પોતે તો બાહુક રસોયો જ છે. નાટક આગળ ચાલે છે. એક કેસરી પોતાને દુઃખથી છોડાવશે ધારી દમયન્તી તેની પાસે જાય છે. વળી નલનું ચિત્ત ભમી જાય છે. કેસરીનો ભક્ષ થવા પોતે રંગભૂમિ તરફ ધસે છે. રાજા તેને વારી રાખે છે. કેસરી પોતાને મારતો નથી જોઇ દમયન્તી એક આંબાની શાખાએ આત્મઘાત કરવા તત્પર થાય છે. વળી સામાજિકોનાં ચિત્તો ભ્રમિત થાય છે. રાજા ગભરાઇને ઊભો થઇ તેને સાહસ કરવા ના કહે છે. સપર્ણ પણ વારે છે. જીવલક પણ પતિની ખાતર પ્રાણ આપવા યોગ્ય નથી એમ જણાવે છે અને નલ મોટેથી બોલે છે કે 'મારા જેવા પાપીની ખાતર, સતીઓના ભૂષણ રૂપ તું, આત્માનો વધ ન કર' ગર્ભાકમાં ગન્ધાર પિંગલકને ગળે ફાંસો કાપવા કહે છે. પિંગલક કાપે છે. દમયન્તી મૂર્છા ખાઇ નીચે પડે છે તેને બન્ને ઉપાડી લઇ જાય છે. ગર્ભાક અહીં સમાપ્ત થાય છે.

નળ વારંવાર પોતે જ નળ હોય એમ બોલેલો હતો તેથી રાજા તેને પૂછાવે છે કે તું કોણ છે? પણ એટલામાં પ્રતીહાર ખબર આપે છે કે વિદર્ભથી ભદ્ર નામનો માણસ આવેલ છે. આ માણસ આવીને ખબર આપે છે કે ભીમરથની પ્રાણથી પણ પ્રિય પુત્રી દમયન્તીનો કાલે સ્વયંવર થવાનો છે. રાજા કહે છે કે સો યોજન એક રાતમાં શી રીતે જવાય. નલ ત્યાં જઈ આવો અધર્મ થતો અટકાવવા માટે જવાના વિચારથી કહે છે કે પોતે બધું ઠીક કરી આપશે. અને ગર્ભાક જોતાં દમયન્તીના સતીત્વથી એટલો દિંગ થઇ ગયેલો રાજા અત્યારે સ્વયંવરમાં જવાની હા પાડે છે! સાંજ પડી ગઈ છે. સર્વ પોત-પોતાને કામે જવા વિખરાય છે અને અંક સમાપ્ત થાય છે.

સાતમા અંકમાં કુંડિનપુરની પાસે ઉગતા પ્રભાતનું વર્ણન કરતા રાજા દધિપર્ણ અને બાહુક બને પ્રવેશ કરે છે. પણ એટલામાં સ્વયંવર વિરુદ્ધ અતિ કરુણ દૃશ્ય દેખાય છે. લોકો બધાં શોકવાળાં દેખાય છે. બાષ્પથી રૂંધાયેલા કંઠે આક્રન્દ સંભળાય છે. હકીકત જાણવા નળ એક વૃદ્ધ બ્રાહ્મણને પૂછે છે તે ઉપરથી જણાય છે કે સવારે કોઇ પરદેશીએ રાજકુલમાં જઈ કંઇક ખબર કરી તેથી દમયન્તી ચિતા-પ્રવેશ કરવા સજ્જ થઈ છે. સામે દૂર ચિતા દેખાય છે અને તેની પાસેની ચિતાઓમાં તેનો દાસવર્ગ ચિતાપ્રવેશ કરવાનો છે. આટલું કહી બ્રાહ્મણ જવાની ઉતાવળ કરે છે કારણ કે તેને અંતકાળનું દાન લેવા જવું છે. **પોતાના કાલના બ્રાહ્મણની હલકાઈ ઉપર આ સખ્ત કટાક્ષ છે અને ઉચિત છે.** રાજા સમજે છે કે સ્વયંવરની વાતથી આપણને કોઇકે છેતર્યા છે અને તેથી કોઇ ન દેખે તેમ રથ લઇ જવા કહે છે. નળ ક્ષણેક ત્યાં જ રાહ જોવા રાજાને કહી આગળ તપાસ કરવા જાય છે. ત્યાં નળ જુએ છે તો દમયન્તી પોતે પ્રાણત્યાગ કરવા જતી હોય છે અને તેની સાથે કપિંજલા, કલહંસ, ખરમુખ સર્વને જુએ છે. દમયન્તી ચિતા પ્રગટાવવા કહે છે. કપિંજલા તેને ધારણ રાખવા વીનવે છે. દમયન્તી કહે છે કે અશુભ વૃત્તાન્તો બોટાં પડતાં નથી માટે એવી વાત સાંભળ્યા પછી વિલંબ ઇચ્છતી નથી. નલ જઇને પૂછે છે કે આ શી વાત છે. દમયન્તી કહે છે "પરદેશી! આ મારું ચરિત કહેવાનો અવસર નથી. દાન લેવું હોય તો લે, નહિ તો રસ્તે પડ." કલહંસ તેને બધી હકીકત કહે છે કે "નિષધપતિ નળે તેનામાં આસક્ત દમયન્તીને વનમાં દોષ વિના છોડી દીધી." નળ વચમાં જ બોલી ઊઠે છે "સવારમાં એ ચંડાલનું નામ કયાં લીધું?" દમયન્તી ગુસ્સે થઇ કહે છે કે "આર્યપુત્રની નિન્દા કરનાર

Aho ! Shrutgyanam

કોણ છે ? મારો ત્યાગ કર્યો નથી. હું માર્ગમાં ભૂલી પડી છું." કલહંસ આગળ કહે છે કે એ નળ ગુજરી ગયો એવી વાત સંભળાય છે, માટે આ દેવી ચિતા ઉપર ચડે છે." નળ દમયન્તીને સમજાવે છે કે 'તેને એકલી છોડી જનાર માટે અગ્નિપ્રવેશ યોગ્ય નથી.' કલહંસ કહે છે કે દમયન્તી પ્રિયની પ્રાપ્તિ માટે કે ધર્મ માટે આ પ્રયત્ન કરતી નથી પણ પ્રિયને અપ્રિય ન થાય માટે આમ કરે છે. નળ વિચારે છે કે મેં તો તેને વનમાં એકલી ભયંકર પ્રાણીઓ આગળ મૂકી પણ તે તો મારા માટે પ્રાણ તજે છે. દમયન્તી હવે અગ્નિ પ્રગટાવવા કહે છે. કપિંજલા પણ અગ્નિ પ્રવેશ કરવા સજ્જ થાય છે. આ સર્વ સંહાર થવા બેઠેલો જોઈ નળ પૂછે છે કે ગમે ત્યાંથી જો પતિ પાસે આવે તો આ સાહસ બંધ કરો કે નહિ ? દમયન્તી કહે છે અરે પ્રવાસી શા માટે મારી મશ્કરી કરે છે ? વળી ખરમુખ કલહંસ વચ્ચે અગ્નિપ્રવેશની સ્પર્ધા ચાલે છે; નળ, ભુજંગે કહ્યા પ્રમાણે, પટ ઓઢીને પિતાનું સ્મરણ કરે છે ત્યાં ખરેખર નળ જ બની જાય છે. હજી દમયન્તીએ તેને જોયો નથી. નેપથ્યમાં દમયન્તીની માતાનું કલ્પાન્ત સંભળાય છે. દમયન્તી હવે ઉતાવળી થાય છે. નળ એકદમ જઈને તેના હાથ ઝાલી લે છે. અને પોતે જ પત્યાભાસી નિર્લજ્જ વિશ્વાસઘાતી નળ છે એમ કહે છે. નળનો પશ્ચાત્તાપ બહુ જ સરલ વાણીમાં એક પછી એક સરલ શ્લોકોમાં વહેવા માંડે છે. તેમનાં માણસો તેમને એમ કહેતાં ખાળે છે. છેવટે નળ પૂછે છે કે આવા અમંગળ ખબર કોણે આપ્યા. કલહંસ કહે છે કે એ ખબર આપનાર કોઈ લૂલો પરદેશી હતો. નળ તેને નજીક બોલાવી મગાવે છે. તે આવતાં તેને ઓળખે છે કે એ જ માણસે દમયન્તીનો પણ ત્યાગ કરાવ્યો હતો. તાપસ અરણ્યમાં મળ્યાનો ઇનકાર કરે છે. નળ તેને ગુસ્સામાં આવી જઇ માર મરાવે છે. છેવટે તે માની જાય છે કે તે પોતે જ લંબોદર છે. તેણે જ વિદર્ભમાંથી દેશવટો મળ્યા પછી ઘોરઘોણને કૂબર પાસે મોકલેલો અને ઘોરઘોણના કપટથી જ નળ હાર્યો. ઘોરઘોણના કહેવાથી જ તેણે અરણ્યમાં દમયન્તીનો ત્યાગ કરાવેલો અને તેણે જ નળના મરણની વાત કરેલી. નળ એને ઘોરઘોણની સાથે દેહાન્ત દંડ કરે છે. દમયન્તીનું વૃત્તાંત પૂછતાં જણાય છે કે નાટકમાં બતાવ્યા પ્રમાણે વણજના વેપારી સાથે અલકપુરે તે ઋતુપર્ણ પાસે ગઈ હતી અને ત્યાંથી અહીં આવી હતી. અહીં આવ્યા પછી સાંભળ્યું કે દધિપર્ણને ત્યાં સૂર્યપાક કરનારો રસોયો છે તે ઉપરથી તે જ નળ છે કે કેમ તેની પરીક્ષા કરવા મકરિકા કલહંસ ખરમુખ વગેરે પરિજનો પાસે નાટક કરાવ્યું. દમયન્તીને અહીં આવેલી સાંભળીને તેઓ અહીં આવ્યાં હતાં. પછી સ્વયંવરનું બહાનું કાઢી નળને અહીં બોલાવ્યો. નળ પણ પોતાનું વૃત્તાન્ત પછી કહે છે. દમયન્તીને છોડીને જતાં રસ્તામાં "બચાવો, બચાવો" એમ એક દવમાં બળતા સર્પને બોલતો સાંભળ્યો. તેને બહાર કાઢતાં નળને દંશીને તેણે આવું રૂપ કરી નાંખ્યું અને દેવતારૂપ લઇ કહ્યું કે "હું તારો પિતા છું અને તારા પર કૃપા કરવા આવ્યો છું. બાર વરસે તને પ્રિયાદર્શન થશે." પછી નળ દધિપર્ણને ત્યાં રસોયા તરીકે રહ્યો. ત્યાં દમયન્તીનો પિતા આવી પહોંચે છે. વૃદ્ધ થયો છું માટે મારૂં રાજ્ય તું લે એમ કહે છે. નળ પોતાનું જ રાજ્ય પાછું મેળવવાની ઇચ્છા બતાવે છે. દમયન્તીની માતા પુત્રીને ફરી નળને સોંપે છે. અને નળ કહે છે કે પતિવ્રતાવ્રતથી તે દમયન્તીનો વેચાણ છે. નાટક આ રીતે મંગલ અંતથી પૂરૂં થાય છે.

વિશેષ ચર્ચા વિના જોઈ શકાશે કે નાટક ઉપર સંસ્કૃત નાટકોની પુષ્કળ અસર છે. શ્લોકોનો પ્રવાહ અને શૈલી ઉત્તરરામચરિત્રની સચોટ છાપ બતાવે છે. પણ ભવભૂતિ કરતાં આમાં પાત્રો ઘણાં વધારે છે. નાટકમાંથી દૈવી ચમત્કારો છોડી દીધા છે અને તે યોગ્ય કર્યું છે. નળનો પિતા સર્પ થયો એ આપણી માન્યતાને અનુકૂળ કલ્પના છે પણ સર્પયોનિ અવગતિ બતાવે છે અને સર્પના દવદહનનો

Aho ! Shrutgyanam

ખુલાસો મળતો નથી. મહાભારતકાર કરતાં દમયન્તીનું પાત્ર કવિએ ઘણું જ કોમળ બનાવેલું છે. એવી કોમલ સ્ત્રીનો પરિત્યાગ કરવો એ આ જોતાં નળ માટે એટલું ક્રૂર જણાતું નથી, કંઇક આવશ્યક પણ લાગે છે. કલિને બદલે કલ્યુરિપતિ મૂક્યો છે તે યોગ્ય કર્યું છે તેના માણસો નળને હેરાન કરે છે તે સિવાય તે પાત્ર કંઈ સુધી તખ્તાપર આવી કશું કરતું નથી. ચરોની સંસ્થા કર્તાના સમયમાં પણ હશે એમ એ ઉપરથી અનુમાન થાય છે. કવિનો ભાષાવિભવ સમૃદ્ધ છે, સર્વત્ર વૈદર્ભી રીતિ છે એટલે વાંચવામાં પણ સરલતા માધુર્ય પ્રસાદ સારાં જણાય છે. પણ માનવસ્વભાવના જે ગંભીર નિરૂપણથી, કોઇ મહાન સત્યના દર્શનથી, કે રસની કોઇ પરાકોટિથી કવિઓ અમરત્વ પ્રાપ્ત કરે છે તે તો આમાં નથી એમ જ કહેવું જોઇએ. કવિઓના પ્રથમ વર્ગમાં આને ન મૂકી શકાય પણ ગૂજરાતના ૧૩મા સૈકામાં આવું નાટક લખાયું–ભજવાયું પણ હશે–તેને માટે ગૂજરાત મગરૂર જરૂર થઈ શકે.

# જૈન તત્ત્વ ચર્ચા

## નિગોદ જાતિના જીવસમૂહ વિષયક પ્રશ્નોત્તરો.

[ કલકત્તાના એક તત્ત્વજિજ્ઞાસુ બંધુએ ગત વર્ષે અધ્યાપક શ્રી **સુખલાલજી**ને જૈનમત સમ્મત નિગોદ અને તેવી હીનકોટિના જીવ સમૂહના કર્મબંધનને લગતાં બે'ક ગંભીર પ્રશ્નો પૂછ્યા હતા અને પંડિતજીએ તેના ઉત્તરો પણ તેવા જ વિચાર પરિપ્લુત આપ્યા હતા. એ પ્રશ્ન અને ઉત્તર અન્ય તત્ત્વજિજ્ઞાસુઓને પણ મનન કરવા લાયક હોવાથી અહિં પ્રકટ કરવામાં આવે છે. મૂળ પ્રશ્નોત્તરો હિન્દી ભાષામાં થએલાં છે. તેનું આ ગૂજરાતી ભાષાંતર શ્રીયુત **ચિમનલાલ દલસુખરામ શાહ. બી. કોમ.** એમણે કરેલું છે.

જૈન ધર્મની સાથે સંબંધ ધરાવતા આ જાતનાં તાત્ત્વિક, સામાજિક અને ઐતિહાસિક વિષયનાં વિવિધ પ્રશ્નોત્તરો, આ શિરોલેખ નીચે ચાલુ આપવાનો અમારો વિચાર છે.—**સંપાદક** ]

**૧ પ્રશ્નઃ કર્મબન્ધના હેતુ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ છે; તેમાં પણ કષાય અને યોગનું પ્રાધાન્ય છે. કષાયની તીવ્રતા જીવોના માનસિક વિકાસ પર અવલંબે છે; અર્થાત્ જે શ્રેણિના જીવોનું મન સંપૂર્ણ વિકસિત છે, તેઓના અધ્યવસાય જો કષાયમય થઈ જાય તો તેઓને તીવ્રતમ કષાયની સંભાવના છે. સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તના, અને ખાસ કરીને મનુષ્યના મનનો વિકાસ સંપૂર્ણ હોવાથી એકેન્દ્રિયાદિ જીવોની અપેક્ષાએ મનુષ્યમાં તીવ્રતમ રૂપે કષાયનો સંભવ છે; આ કારણસર એકેન્દ્રિય જીવોમાં તીવ્રતમ કષાયની ઉત્પત્તિનો સંભવ નથી.**

**ઉપર્યુક્ત વિચાર જો બરાબર હોય તો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે જે અવ્યવહાર રાશિના જીવ અનાદિ કાળથી સૂક્ષ્મ નિગોદમાંથી નિકળ્યા નથી અને વ્યવહાર રાશિમાં આવવા સમર્થ થયા નથી તેઓને, અનાદિકાળથી મન ન હોવા છતાં પણ એવા તીવ્ર કષાયનો બન્ધ કેવી રીતે થયો કે જેથી કરીને અનાદિકાળથી આજસુધી પણ તેમને સૂક્ષ્મ નિગોદમાં જ જન્મ મરણના ચક્રમાં ભમવું પડે છે અને એ રીતે જીવશ્રેણિના હીનતમ પર્યાયમાં રોકાઇ રહેવું પડે છે ? તેઓને એ પ્રકારના તીવ્ર કષાયોની ઉત્પત્તિ અને ચીકણા બન્ધ કરવાનો અવસર કયારે પ્રાપ્ત થયો ?**

Aho ! Shrutgyanam

ઉત્તરઃ જીવરાશિ, પુનર્જન્મ, બન્ધ અને મોક્ષ એ તત્ત્વો પ્રથમ તો આગમસિદ્ધ છે અને પછી સ્વસંવેદન ( સ્વાનુભવ ) સિદ્ધ પણ છે. જ્યારે બન્ધ, મોક્ષ અને જીવ રાશિને માન્ય કરી ત્યારે, અભવ્ય અને ભવ્યની કલ્પના તેમ જ અવ્યવહાર અને વ્યવહાર રાશિની કલ્પના પણ ઉત્પન્ન થઇ; આ જ કલ્પના સ્પષ્ટ રૂપે જૈન દર્શનમાં છે. જૈનેતર દર્શનોમાં પણ આ કલ્પનાનું બીજ જણાય છે, જેમ કે અનેકાત્મવાદી સાંખ્ય, ન્યાય આદિ દર્શનોમાં.

જીવની પ્રાથમિક સ્થિતિ અને અન્તિમ સ્થિતિ અત્યન્ત ભિન્ન હોવા છતાં પણ તે એક રૂપે સમાન છે. પ્રાથમિક સ્થિતિ અવ્યવહાર રાશિના જીવોની અને અન્તિમ સ્થિતિ મુક્ત જીવોની: બન્ને સ્થિતિ વચ્ચે અંતર માત્ર આત્મિક શક્તિઓની આવૃતતા ( અપ્રકટતા ) નું છે, છતાં બન્ને વચ્ચે સમાનતા પણ છે. તે સમાનતા એ છે કે મુક્ત જીવો વિસદૃશ ( વૈભાવિક અર્થાત્ કર્મજન્ય ) પરિણામ પ્રાપ્ત કરતા નથી; તે જ પ્રકારે અવ્યવહાર રાશિના જીવો અર્થાત્ અનાદિ અનન્ત અભવ્ય જીવો અથવા તો તેમાંથી કદી બહાર ન નીકળી શકનાર એવા જાતિભવ્ય જીવો પણ વિસદૃશ પરિણામ પ્રાપ્ત કરી શકતા નથી. એટલે કે જેમ મુક્ત જીવો મુક્તિરૂપ સદૃશ ( સ્વાભાવિક ) પરિણામનો નિરંતર અનુભવ કરે છે તેમ અવ્યવહાર રાશિના પેલા જીવો પણ નિગોદ અવસ્થા યોગ્ય ગાઢ અજ્ઞાન આદિ સદૃશ પર્યાય–પરંપરાનો જ અનુભવ કરે છે. મુક્ત જીવો મોહપૂર્વક સુખદુઃખનો અનુભવ કરતા નથી; અને અવ્યવહાર રાશિના જીવો પણ સુખ દુઃખને વ્યક્ત ( પ્રકટ ) પણે અનુભવી શકતા નથી. મુક્ત જીવોની તે અવસ્થા બદલાતી નથી; અને અવ્યવહાર રાશિના કાયમી જીવોની પણ તે અવસ્થા ધ્રુવ ( કાયમની ) છે. આ પ્રકારે બન્ને પ્રકારના જીવોમાં સમાનતા હોવા છતાં કોઇ નૈગોદિક અવસ્થાની ઉપાસના કરતું નથી; પરન્તુ સર્વ કોઈ મુક્તિની ઉપાસના કરે છે. જગતમાં ગમે તેવી આસમાની સુલતાની થઇ જાય તો પણ મુક્ત જીવોને શું ? તે જ પ્રકારે નિગોદના જીવોને પણ શું ?

મુક્ત જીવોને આર્ત રૌદ્ર ધ્યાનના પ્રસંગો નથી તેમ નૈગોદિક જીવોને પણ નથી; તો પછી નૈગોદિક અવસ્થાની ઉપાસના કરવામાં હરકત શી છે ? એકમાં જ્ઞાનપૂર્વક દુઃખનો અભાવ છે તો બીજીમાં અજ્ઞાનપૂર્વક દુઃખનો અભાવ છેઃ પરન્તુ દુઃખનો અભાવ તો બન્ને સ્થિતિમાં સમાન છે, છતાં પણ એક સ્થિતિ ઉપાદેય અને બીજી હોય છે, તેના કારણો શાં ? તેનો વિચાર કરવો જોઇયે. આ પ્રશ્નનો ઉત્તર ગર્ભિત રીતે તો મળી જ ગયો હશે; તો પણ તેને વધારે સ્પષ્ટ કરીએ.

અવ્યવહાર રાશિમાંથી નિકળવાની અવસ્થા અને અગિયારમા ગુણસ્થાનક સુધીની અવસ્થા વચ્ચે વિવિધ પરિવર્તન, ( ઉત્પાત નિપાત યા વિકાસ અને હ્રાસ અર્થાત્ ચઢાવ ઉતાર ) થયા કરે છે. દુઃખ સુખની અનેક અથડામણી તેમાં હોય છે. વિકાસ અને હ્રાસ જેને જૈન પરિભાષામાં અનુક્રમે વૃદ્ધિ અને હાનિ કહી છે તે આ સ્થિતિમાં સ્પષ્ટ જણાય છે.

અવ્યવહારરાશીય જીવો અને મુક્ત જીવોમાં ખાસ હ્રાસ અને વિકાસ કયો છે ?

વિકાસ અને હ્રાસ શબ્દ સાપેક્ષ છે; જેમાં હ્રાસ હોય તેમાં વિકાસ પણ હોય છે. મુક્તિમાં હ્રાસ નથી, તેથી તેમાં વિકાસનો પણ અવસર નથી. અવ્યવહાર રાશિમાં શું

Aho ! Shrutgyanam

હ્રાસ હોઇ શકે છે ? ના; તેથી જ તેમાં વિકાસ હોય એમ પણ કહી શકાય નહિ.

આત્માની સ્વાભાવિક શક્તિનો વિકાસ ( વૃદ્ધિ ) તે જ વૈભાવિક શક્તિનો હ્રાસ ( હાનિ ) છે; અને વૈભાવિકતાનો વિકાસ તે જ સ્વાભાવિકતાનો હ્રાસ છે. અવ્યવહાર રાશિના જીવોમાં સ્વાભાવિક શક્તિનો વિકાસ હોત તો, જરૂર કાષાયિક ( વૈભાવિક) સ્થિતિનો હ્રાસ હોત. પરન્તુ અવ્યવહાર રાશિના જીવોમાં સ્વાભાવિક શક્તિનો અંશે પણ વિકાસ હોતો નથી, તેથી તેમનામાં કષાયની માત્રા ( પ્રમાણ કે માપ ) સંજ્ઞી પંચેન્દ્રિય જીવોની અપેક્ષાએ ન્યૂન હોવા છતાં પણ વૈભાવિક શક્તિનો હ્રાસ સમજવાનો નથી. સૂતેલા અથવા તો મૂર્ચ્છા પામેલા મનુષ્યમાં ક્રોધ, લોભ આદિ કાષાયિક પરિણામનો સ્પષ્ટ પ્રાદુર્ભાવ ( આવિર્ભાવ કે પ્રકટતા ) નથી તેથી શું તે મનુષ્યને જાગ્રત મનુષ્યની અપેક્ષાએ વધારે વિકસિત કહેવો ? અર્થાત્ જેમ ગાઢ નિદ્રામાં સૂતેલા અથવા તો સખ્ત મૂર્ચ્છાને પામેલા મનુષ્યને કાષાયિક પ્રવૃત્તિ ન કરી શકવા માત્રથી, મન્દકષાયી કે વિકસિત કહી શકાય નહિ; તે જ પ્રકારે અવ્યવહાર રાશિગત જીવો સંજ્ઞી પંચેન્દ્રિય જીવો પ્રમાણે કાષાયિક પરિણામ ન કરી શકવા માત્રથી વિકસિત કહી શકાય નહિ. મૂળમાં તેનામાં જે કાષાયિક પરિણતિની માત્રા ઓછી છે તેનું કારણ આત્મિક અશુદ્ધિની ન્યૂનતા નહિ, પરન્તુ સાધનની અપૂર્ણતા અથવા તો નિર્બળતા માત્ર છે.

સંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં કષાયની માત્રા વધારે છે અને અવ્યવહાર રાશિના જીવોમાં ઓછી છે; કારણ કે અવ્યવહાર રાશિના જીવો એક કોટાકોટી સાગરોપમની સ્થિતિ પણ બાંધી શકતા નથી અને રસબન્ધ પણ બહુ જ થોડો કરી શકે છે, જ્યારે સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય સીત્તેર કોટાકોટી સાગરોપમની સ્થિતિ અને વધારેમાં વધારે રસબન્ધ કરી શકે છે. કાષાયિક માત્રામાં આટલો ફરક હોવા છતાં પણ અવ્યવહાર રાશિના જીવો નિકૃષ્ટ જ છે, તેનું કારણ એ છે કે તેમની આત્મિક અશુદ્ધિ અનાદિ કાળથી અત્યન્ત અધિક છે; અને સાધનના અભાવે અથવા તો શક્તિની ન્યૂનતાને કારણે અધિક માત્રામાં કષાય બન્ધ કરી શકતા નથી; સૂતેલા અને મૂર્ચ્છિત મનુષ્યની જેમ. પરન્તુ જો તેમને સાધનો અને શક્તિનો લાભ મળી જાય તો તે જ જીવો સંજ્ઞી જીવોના પ્રમાણે જ કષાયબન્ધ જરૂર કરી શકે છે. આમ હોવાથી યોગ્યતાની અપેક્ષાએ અવ્યવહાર રાશિગત જીવો વિકસિત નહિ, પરન્તુ નિકૃષ્ટ ( હીનતમ અર્થાત્ હલકામાં હલકી શ્રેણિના ) જ છે.

પરન્તુ આમાં એક વસ્તુ ખાસ ધ્યાનમાં લેવા યોગ્ય છે, જેના પર આપણું ધ્યાન હજી ગયું નથી. તે એ કે, સંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં જેમ કષાયની માત્રા અધિક હોય છે, તેમ જ તેની સાથે જ્ઞાન અને વીર્યના ક્ષયોપશમની માત્રા પણ અધિક હોય છે; આ ક્ષાયોપશમિક માત્રા પર જ વિકાસનો આધાર છે. નૈગોદિક એકેન્દ્રિય જીવમાં સ્પર્શનેન્દ્રિયાવરણના અત્યંત અલ્પ અંશનો તેમ જ વીર્યાન્તરાયના પણ અતિ અલ્પાંશનો ક્ષયોપશમ હોય છે, બાકીની સર્વ ઇન્દ્રિયોના આવરણકર્મોનો સર્વઘાતી રસ ઉદયમાં હોવાથી તે એકેન્દ્રિય જીવોને બીજી ઇન્દ્રિયો દ્વારા સ્વલ્પ પણ જ્ઞાન થઈ શકતું નથી; પરિણામે તે

Aho ! Shrutgyanam

જીવોનું અજ્ઞાન એટલું બધું ગાઢ હોય છે કે તેથી તે સુપ્ત કે મૂર્ચ્છિત બરાબર છે, વીર્યાન્તરાય કર્મનો પણ ક્ષયોપશમ એટલો અલ્પ હોય છે કે તે પોતાના સુખદુઃખનો અનુભવ સ્પષ્ટ પણે કરવામાં અસમર્થ છે. આ પ્રમાણે જ્ઞાન અને વીર્યની અત્યન્ત ન્યૂનતા તે જ તેઓની આત્મિક અશુદ્ધિ છે, તે જ અવિકસિતતા છે. કાષાયિક માત્રાની ન્યૂનતાનું કારણ પણ તે જ તેની ન્યૂનતાનો અર્થાત્ આત્મિક અશુદ્ધિ છે, અને નહિ કે સ્વાભાવિક શક્તિઓનો વિકાસ. જેમ એક શસ્ત્રાસ્ત્રસંપન્ન પ્રજા બીજી પ્રજાને સંપૂર્ણ રીતે પોતાના તાબામાં લઈ લે છે અને તેને ક્રોધ, માન, માયા અને લોભ આદિ વડે કચડી નાંખે છે; ત્યારે તેનાથી બીજી જંગલી, બાયલી, નામર્દ, પશુપ્રાયઃ, નગ્ન પ્રજા આક્રમણ કરતી પ્રજા સામે ઝૂઝવાને બદલે તેને દેખી નાસી જાય અને છુપાઈ જાય છે, તો શું તેથી તે જંગલી પ્રજાને વિકસિત કહી શકીએ ? કદી નહિ; કારણ કે જો કે હમણાં તેનામાં ક્રોધ, લોભ આદિ ઓછા દેખાય છે, પરન્તુ તેના બદલે ભય અધિક જણાય છે; અને તેને પરિણામે ક્રોધ, લોભ આદિ અધિક માત્રામાં દેખાવાનો પૂર્ણ સંભવ છે. આજ પ્રમાણે એકેન્દ્રિય જીવોના સંબંધી સમજવું જોઇએ.

**અનાદિ કાળથી કાષાયિક માત્રા ન્યૂન હોવા છતાં પણ જે એકેન્દ્રિય જીવો અવ્યવહાર રાશિમાંથી બહાર નીકળી શકયા નથી તેમ જ નીકળી શકવાના પણ નથી તેનું કારણ જ્ઞાન અને વીર્ય રૂપ આત્મિક શક્તિની આત્યંતિક ન્યૂનતા અર્થાત્ આત્મિક અશુદ્ધિ જ છે. એકવાર જ્ઞાન અને વીર્યની વૃદ્ધિની સાથે કાષાયિક માત્રા વધે તો પણ, તે જ જ્ઞાન અને વીર્ય દ્વારા ઉપયોગપૂર્વક તે જ કાષાયિક માત્રા ન્યૂન કરવાનો અને તેને અત્યન્ત નિર્મૂલ કરવાનો સંભવ સંજ્ઞી જીવોમાં છે; અને આ પ્રકારનો જે સંભવ તે જ વિકાસ છે. તેથી એકેન્દ્રિય જીવોમાં વિકાસનો પ્રશ્ન જ નથી. વિકાસનો આરંભ જ્ઞાન અને વીર્યની વૃદ્ધિની સાથે હોય છે; અને આ વૃદ્ધિ વૈભાવિક વિકાસની સહચારિણી હોય તો પણ, તેવી અવસ્થામાં કોઇને કોઈ વખત પણ સ્વાભાવિક વિકાસનો સંભવ છે.**

૨ પ્રશ્નઃ—અવ્યવહાર રાશિના નિગોદ જીવોને તીવ્ર કષાયનો ઉદય અનાદિકાળથી આજ સુધી અસંભવ હોવા છતાં તેઓએ નિગોદમાં જઇ જ્ઞાન તેમ જ વીર્યની આત્યન્તિક અભાવગ્રસ્ત અવસ્થા કેવી રીતે પ્રાપ્ત કરી? જો તેનો ઉત્તર એ જ હોય કે અનાદિ કાળથી તે જીવો એ જ સ્થિતિમાં છે તો તે મારી ક્ષુદ્રબુદ્ધિને ઠીક લાગતો નથી. કારણ કે કર્મ તો સ્વકૃત જ છે. જીવરાશિની હીનતમ અવસ્થામાં જવાને અને રહેવાને માટે જ્ઞાનાવરણીય અને વીર્યાન્તરાય કર્મનો જેટલો રસ અને સ્થિતિનો બન્ધ કરવાની જરૂર છે તેટલો બન્ધ કરવાનો અવસર તે જીવોને અત્યાર લગી પ્રાપ્ત થયો નથી. કેમ કે તે જીવો હજી સુધી વ્યવહાર રાશિમાં આવ્યા જ નથી. જ્યારે તે જીવોને અવ્યવહાર રાશિનું નામ આપ્યું છે ત્યારે આટલું તો માની લીધેલું જ છે કે તે જીવોએ સંજ્ઞી જીવોના

Aho ! Shrutgyanam

ભવને પ્રાપ્ત કર્યો નથી. તો પછી આવા ચીકણા કર્મ તે જીવોએ ક્યારે બાંધ્યા ? જો એમ કહેવામાં આવ્યું હોત કે નિગોદમાં જતાં પહેલાં તે જીવોએ અન્યાન્ય ભવોમાં ઘોર ચીકણા કર્મનો બંધ કરી લીધેલો, જેથી નિગોદમાં હીનતમરૂપે રહેવું પડે છે તો તે કહેવું ઠીક ગણાત. પરન્તુ જ્યારે આપણે કહીએ છીએ કે અનાદિ કાળથી તે જીવો નિગોદમાં જ છે તો પ્રશ્ન એ ઉદ્ભવે છે કે તેમણે એ ગાઢ ચીકણા કર્મનો ક્યારે બંધ કર્યો ? જો તેને અવ્યવહાર રાશિની સંજ્ઞા ન હોત તો એમ પણ કહી શકાત કે તેઓએ અનાદિ કાળમાં કોઈને કોઈ વખતે તીવ્ર કષાયના ઉદયને લઈને ચીકણા કર્મનો બંધ કર્યો હશે; પરન્તુ જ્યારે તેમને અવ્યવહાર રાશિ જ કહ્યા છે–અનાદિ કાળથી વર્તમાન કાળ સુધી તેઓ વ્યવહાર રાશિમાં આવ્યા જ નથી; ત્યારે, પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે તેઓએ એવા કર્મનો બંધ ક્યારે કર્યો ? આટલી આત્મિક અશુદ્ધિ ક્યાંથી આવી ?

શું કોઈ સૃષ્ટિકર્તાએ ઘોરકર્મ સહિત જીવોને ઉત્પન્ન કરી નિગોદમાં ભરી દીધા ? અદ્વૈતવાદીએ બ્રહ્મમાં માયા ( કર્મ ? ) ની ઉત્પત્તિ અર્થાત્ માયા યુક્ત બ્રહ્મમાં સંસારની ઉત્પત્તિ માનેલી છે, તે મતની કાંઈ સમાનતા જૈન નિગોદવાદમાં છે ?

બ્રહ્મ માયાયુક્ત થઈને અનન્ત જીવરાશિમાં પરિણામ પામ્યું, અને પછી એ જીવો નિગોદમાં આત્યન્તિક અજ્ઞાનમાં રહી સ્વાભાવિક રૂપે માયા ( કર્મ–અજ્ઞાનતા ? ) ને ક્ષીણ કરતા કરતા કાંઈક વીર્યનો વિકાસ પ્રાપ્ત કરી ક્રમશઃ આત્મિક શક્તિઓને વધારી ખીલવી મુક્તિ પ્રાપ્ત કરી બ્રહ્મમાં મળી જાય છે. એ મત, નિગોદજીવોની સંસ્થા દ્વારા શું આડકતરી રીતે પ્રતિપાદિત નથી થતો ?

આપે નિગોદના જીવોને ' જીવની પ્રાથમિક અવસ્થા'માં બતાવ્યા છે–તે 'પ્રાથમિક' શબ્દ શું આડકતરી રીતે સૃષ્ટિની રચનાની આદિ તો સૂચવતો નથી ?

**ઉત્તરઃ** અવ્યવહાર રાશિના જીવો કે જે કદી વ્યવહાર રાશિને પામ્યા નથી તેઓના કર્મપ્રવાહનું કારણ પ્રધાનતઃ મિથ્યાત્વ ( અજ્ઞાન યા અવિદ્યા ) છે; કષાય તથા યોગ અપ્રધાન (ગૌણ) કારણ છે. તેથી વ્યવહાર રાશિમાં ન આવવા છતાં અજ્ઞાનની તીવ્રતાને લઈ તેઓના કર્મબંધપ્રવાહમાં અનુપપત્તિ નથી. એ જીવોની હીનતમ અવસ્થાનું મુખ્ય કારણ અજ્ઞાનની તીવ્રતા છે.

હવે પ્રશ્ન એ રહ્યો કે તે અજ્ઞાન આવ્યું ક્યાંથી અને ક્યારે ? તેનો ઉત્તર અનાદિ કહેવા સિવાય બીજો નથી. વેદાન્તની પ્રક્રિયા માનવાથી પણ સમાધાન થઈ શકતું નથી; કેમ કે તે પ્રક્રિયામાં પણ એ જ પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે કે જે જૈન પ્રક્રિયામાં ઉદ્ભવે છે. બ્રહ્મમાં માયા ક્યાંથી આવી, ક્યારે આવી અને શા માટે આવી ? ઈશ્વરકૃત સૃષ્ટિ માનવાથી પણ બુદ્ધિને સંતોષ થાય તેમ નથી, કારણ કે બુદ્ધિ શબ્દચાતુર્ય માત્રથી રંજીત થતી નથી; તે તો ફરી પ્રશ્ન પૂછવા ખડી થઈ જાય છે કે ઈશ્વરે એ પ્રમાણે શા હેતુથી, ક્યારે અને ક્યાં કર્યું ? ઉત્તર ન મળવાથી તે ત્યાં થાકી જાય છે, અને ત્યારે ત્યાં પણ શ્રદ્ધા જ તેની જગ્યા લે છે. આ રીતે તો આવા પ્રશ્નોના વિષયમાં બુદ્ધિ કાર્ય

Aho ! Shrutgyanam

કરી શકતી નથી, તેથી ત્યાં શ્રદ્ધાથી જીજ્ઞાસાને તૃપ્ત કરવી જોઇએ; અથવા તો કાંઇ પણ છે જ નહિ એવું માની લઈ નાસ્તિક અથવા શૂન્યવાદી બની જવું જોઇએ, અથવા જીવ રાશિને ઉડાવી દઈ ચાર્વાક બની જવું જોઇએ. અને આ જ કારણને લઇને બહુ મનુષ્યોએ ચાર્વાકના પક્ષને ગ્રહણ કર્યો છે; બહુ શૂન્યવાદી પણ બન્યા છે; છતાં ઘણા શ્રદ્ધાજીવી પણ રહ્યા, અને જેઓએ માત્ર તર્કવાદનો આશ્રય લીધો છે તેઓ તો અંત સુધી અસંતુષ્ટ રહીને કાં તો પાગલ બન્યા છે અને કાં તો મરણ પણ પામ્યા છે.

હજી હું તો શ્રદ્ધાજીવી છું, મારી બુદ્ધિને હું જ્યાં ખડી કરૂં છું ત્યાં તે આગળ ને આગળ પ્રશ્ન ઉઠાવે છે અને તેને ગમે તેટલી દૂર લઇ જાઉં તો પણ ફરીને ફરી પ્રશ્નોની બાણવૃષ્ટિ કરી હેરાન કરે છે. આથી કરીને જ કેન્ટ, સ્પેન્સર આદિ વિદ્વાનોએ ઘણી ચર્ચાઓને અજ્ઞેય કહી છોડી દીધી છે.

આખરે હું પણ અંતમાં 'અજ્ઞેય' કહીને જ તેને છોડી દઉં છું. સર્વજ્ઞને પૂછવામાં આવે અને તે ઉત્તર દે, તો હું તેમને પણ આગળ પૂછી શકું કે 'ઠીક, તેનાથી આગળ શું, તે કહો.' આથી સર્વજ્ઞ પણ અનેક વિષયોમાં 'અનાદિ તેમ જ અનંત' શબ્દો જ ઉપયોગમાં લેશે. એથી બુદ્ધે તો આવા જીવનસ્પર્શ રહિત પ્રશ્નોમાં પડવાની જ સ્પષ્ટ મનાઇ કરી છેઃ 'જગતનો કોઇ કર્તા છે કે નહિ?' 'સંસાર સાદિ છે કે અનાદિ?' 'અવિદ્યા ક્યારે અને ક્યાંથી આવી?' 'જીવ નિત્ય છે કે અનિત્ય?' 'તે વ્યાપક છે કે અવ્યાપક?' આવા તર્કો કરવા જ નહિ જોઇએ, અથવા તો શ્રદ્ધાથી કાંઇને કાંઈ સમાધાન કરી લેવું જોઇયે; તેનાથી જીવનના વિકાસ પર કોઈ સારી નરસી અસર પડતી નથી.

વેદાન્ત સાથે કોઇક અંશમાં સમાનતા ભલે હોય, પરન્તુ સર્વાંશમાં તો નથી. મારો 'પ્રાથમિક' શબ્દ આપેક્ષિક છે, તે સાદિત્વનો દ્યોતક નથી.

---

Aho ! Shrutgyanam

# आवश्यकसूत्रना कर्ता कोण ?

[ લેખકઃ–અધ્યાપક શ્રીયુત પં. સુખલાલજી ]

૭ વર્ષ પહેલાં આત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડલ, આગ્રા તરફથી 'હિન્દી પંચ પ્રતિક્રમણ' પ્રસિદ્ધ થયેલું; તેની બે હજાર પ્રતો કાઢવામાં આવેલી અને તે કલકત્તાવાળા બાબુ દાલચંદજી સિંઘી તરફથી ભેટ રૂપે વહેંચવામાં આવેલી, તે નકલો જોતજોતામાં ખલાસ થઇ ગઈ. પાછળથી કિંમત આપીને પુસ્તક મેળવવાની હજારો માગણીઓ આવી, અને કોઈ ઉદાર ગૃહસ્થે તો પોતાના ખર્ચે ફરી તેવી આવૃત્તિ તૈયાર કરી છપાવી ભેટ આપવા માટે અમુક મોટી રકમ ખર્ચવાની પણ સ્પષ્ટ ઇચ્છા દર્શાવી; તેમ જ એ આવૃત્તિનાં બે અનુકરણો પણ થયાંઃ (૧) હિન્દીમાં જ બીજા ગચ્છના પ્રતિક્રમણરૂપે અને (૨) ગૂજરાતીમાં આત્માનંદ સભા તરફથી. લોકોની અધિક માગણી અને થયેલાં અનુકરણો એ સામાન્ય રીતે કોઇ પણ સંસ્કરણની લોકપ્રિયતા અગર વિશેષતાના સૂચક મનાય છે; પરન્તુ એ બન્ને બાબતો હોવા છતાં હું એ દૃષ્ટિએ એ આવૃત્તિને સફળ માનવા લલચાયો નથી, સફળતાની મારી કસોટી તો મારો આત્મસંતોષ છે. ગમે તેટલી માગણીઓ આવી અને અનુકરણો પણ થયાં, છતાં એ આવૃત્તિથી મને પૂર્ણ સંતોષ થયો જ છે એમ નથી, તેથી મારી કસોટીએ એ આવૃત્તિની સફળતા અધુરી જ છે; તેમ છતાં એ આવૃત્તિમાંથી મને જે થોડો ઘણો આશ્વાસ મળે છે તે એટલા જ સારૂ કે મેં તે વખતે તે આવૃત્તિ માટે મારાથી જે શકય હતું તે કરવામાં લેશ પણ ઉપેક્ષા કરી ન હતી. તે આવૃત્તિમાં મેં કેટલીક નવીનતાઓ દાખલ કરી છે, તેમાંની એક નવીનતા તો જૈનસમાજ માટે એ છે કે અત્યાર સુધીમાં આવશ્યક જેવા મહત્ત્વપૂર્ણ અને નિત્યકર્મ જેવા મનાતા વિષય તથા તે વિષયના સાહિત્ય ઉપર શાસ્ત્ર-ભાષામાં કે લોકભાષામાં નવીન દૃષ્ટિએ કશુંયે લખાયું ન હતું તેના શ્રીગણેશ થયા, અને પ્રસ્તાવના દ્વારા એ દિશામાં વિચાર કરવાની પહેલ કરી.

પ્રતિપાદક શૈલીએ આવશ્યકનાં મૂલતત્ત્વો સમજવવાં અને ઐતિહાસિક દૃષ્ટિએ આવશ્યકસૂત્રોના સમયનો તેમ જ કર્તાનો વિચાર કરવો, તેમ જ વળી હમણા હમણા વિદ્વન્માન્ય થયેલી તુલનાત્મક પદ્ધતિએ આવશ્યકગત વિચારો અને તેના પ્રતિપાદક સૂત્રોનું જૈનેતર સંપ્રદાયોના નિત્યકર્મ સાથે તોલન કરવું એ હિન્દી પ્રસ્તાવના લખતી વખતે મારી પ્રવૃત્તિનું ધ્યેય હતું. તે વખતે મેં તે માટે જ શ્રમ પણ પુષ્કળ કરેલો, તેમ છતાં પણ તેમાં આપવાના ઘણા મુદ્દાઓ અને બીજી ઘણી વિગતો મારી માંદગી અને બીજા કારણસર રહી જ ગઇ. તેને બીજી આવૃત્તિમાં દાખલ કરૂં અને પ્રથમની આવૃત્તિની ત્રુટિઓનું સંશોધન કરૂં તે પહેલાં જ હું એક બીજા જ માથું ઉંચુ ન કરી શકાય એવા કાર્યભાર નીચે દબાયો.

દરમિયાન હિન્દી પ્રસ્તાવના વાંચનાર કેટલાક એ તરફ આકર્ષાયા અને કેટલાકનો તે પ્રસ્તાવના માંહેના અમુક મુદ્દાઓ સાથે વિરોધ પણ જણાવા લાગ્યો. જો કે મતભેદ નહિ ધરાવનાર અવિરોધીઓની સંખ્યા મોટી હતી અને હજી પણ છે, તો પણ મતભેદ ધરાવનાર ટીકાકારોની નાની સંખ્યા તરફ જ મારૂં ધ્યાન આદરપૂર્વક ગયેલું છે. મેં જે વિચાર્યું છે અને જે લખ્યું છે તે જ સત્ય છે, તેમાં કશું જ પરિવર્તન કરવા જેવું ન હોઇ શકે એવો દાવો તો હું ત્યારે જ કરી શકું કે જો મને સાતિશય જ્ઞાન કે દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત થયાનું અભિમાન હોય. એ પ્રસ્તાવના લખતી વખતના કેટલાક મુદ્દાઓ સંબંધમાં મારા જે વિચારો હતા તેમાં આજે થોડું પરિવર્તન પણ થયું છે અને તે જ બાબતો જો અત્યારે મારે

Aho ! Shrutgyanam

લખવાની હોય તો તે હું બીજી જ રીતે લખું એમ મને લાગ્યા જ કરે છે; તેમ છતાં આવશ્યકસૂત્રના કર્તા વિષેનો મારો વિચાર હજી બદલાયો નથી એ મારે સ્પષ્ટપણે જણાવી દેવું જોઇયે.

પ્રસ્તાવનામાં કરાયેલાં આવશ્યકક્રિયાના સમર્થન સામે તો કોઇ પણ રૂઢિગામી સાંપ્રદાયિક સાધુ કે ગ્રહસ્થનો લેશ પણ વિરોધ કે મતભેદ ન હોય એ દેખીતું છે; એવા લોકો માટે તો મતભેદ કે વિરોધના વિષય માત્ર બે છેઃ (૧) આવશ્યકસૂત્રના કર્તા વિષેનો મારો મત અને (૨) જૈન આવશ્યકક્રિયાની જૈનેતર નિત્યકર્મ સાથે સરખાવવાની મારી પદ્ધતિ.

બીજા મુદ્દાના બચાવ ખાતર મારે ટીકાકારોને એટલું જ કહેવું જોઇયે કે આજે જે તુલનાત્મક પદ્ધતિએ અભ્યાસ શરૂ થયો છે અને જે લગભગ સાર્વત્રિક થતો જાય છે તેથી ડરવાને કશું જ કારણ નથી. જો આપણી વસ્તુ સર્વોત્તમ હોય તો તુલનામાં તે બતાવી શકાય, અને જો તેવી સર્વોત્તમ વસ્તુને એક અભ્યાસી બરાબર સરખામણી કરી તેની સર્વોત્તમતા સાબિત ન કરી શકે તો તે કાર્ય કોઈ બીજો કરે; પરન્તુ જ્યાં સુધી સરખામણીમાં કોઈ પણ વસ્તુને ઉતારવામાં ન આવે ત્યાં સુધી તેની સર્વોત્તમતા એ તો માત્ર પોતાની માની લીધેલી સર્વોત્તમતા જેવી જ માત્ર છે. અને વળી આપણી પ્રાચીન પ્રથામાં પણ સરખામણીને અવકાશ ક્યાં ઓછો છે? જ્યારે સાધુઓ વ્યાખ્યાન વાંચે છે ત્યારે જાણેઅજાણે પણ પોતાના ધર્મતત્ત્વોનું બીજા ધર્મતત્ત્વો સાથે યથાશક્તિ તોલન કરે જ છે; અલબત્ત, એ બને છે કે પ્રાચીન પ્રથા અનુસારી તોલનનો ઉદ્દેશ ગમે તે રીતે પોતાની વસ્તુને શ્રેષ્ઠ અને બીજાની વસ્તુને કનિષ્ઠ બતાવવાનો હોય છે, ત્યારે આ આધુનિક પ્રથામાં એ એકાંગીપણું કાંઇક દૂર થયેલું જોવામાં આવે છે. આચાર્યશ્રી હરિભદ્રજી અને ઉપાધ્યાયશ્રી યશોવિજયજીની કૃતિઓમાંથી એવા સંખ્યાબદ્ધ વિચારો તારવી શકાય એમ છે કે જે માત્ર તટસ્થ તુલનાત્મક દૃષ્ટિએ કરાયેલા છે. વળી આપણે પ્રાચીનકાળમાં થયેલું એ જ બધું ક્યાં કરીયે છીયે? ઘણુંયે જુનું છોડીયે છીયે અને નવું સ્વીકારીયે છીયે, જો તુલનાત્મક પદ્ધતિ સર્વગ્રાહ્ય થતી જતી હોય તો તે દૃષ્ટિએ આવશ્યકક્રિયાનું તોલન કરવામાં હું તેનું મહત્ત્વ જોઉં છું. સમભાવ એ મુખ્ય જૈનત્વ છે; તેનો આવિર્ભાવ માત્ર કુળ જૈન કે રૂઢ જૈનમાં જ હોય અને અન્યત્ર ન હોય એમ તો જૈનશાસ્ત્ર કહેતું જ નથી. જૈનશાસ્ત્ર ઉદાર અને સત્યગ્રાહી છે, તેથી તે જાતિ, દેશ, કાળ કે રૂઢિનું બન્ધન ન ગણકારતાં જ્યાં જેવું તત્ત્વ સંભવે ત્યાં તેવું જ વર્ણવે છે. આ કારણથી જૈન આવશ્યક ક્રિયાની જૈનેતર નિત્યકર્મ કે સન્ધ્યા આદિ સાથે તુલના કરવામાં જે બીજાઓ દૂષણ માને છે તેને જ હું ભૂષણ માનું છું, અને આ વાતને વધારે તો સમય જ સિદ્ધ કરશે.

પહેલા મતભેદનો વિષય કર્તાના સમયનો છે. ઉપલબ્ધ સંપૂર્ણ આવશ્યકસૂત્ર ગણધરકૃત નહિ, પણ અન્ય કોઇ સ્થવિરકૃત છે એવા મારા વિચારનું તાત્પર્ય જો કોઇ ટીકાકાર એવું કાઢતા હોય કે આ વિચાર આવશ્યકની પ્રાચીનતા વિષયક લોકશ્રદ્ધાનો લોપ કરે છે અને તે દ્વારા આવશ્યકક્રિયાની મહત્તા ઘટાડી અન્તે તેના હ્રાસમાં નિમિત્ત થાય છે તો ખરેખર તે ટીકાકારો મારા કરતાં સત્યને જ વધારે અન્યાય કરશે. હું સંપૂર્ણ મૂળ આવશ્યકને ગણધરકૃત નથી માનતો; પણ તેના કર્તા સ્થવીરોને લગભગ ગણધર સમકાલીન અગર લગભગ તેટલા જ પ્રાચીન માનું છું, અને તેથી આવશ્યકસૂત્રની પ્રાચીનતા જરાયે લુપ્ત થતી નથી. કદાચ કોઇ અંશમાં પ્રાચીનતા વિષે જો લોકવિશ્વાસ ઓછો થાય તો તેથી ડરવાનું શું? જો વસ્તુ સારી અને શ્રેષ્ઠ ન હોય તો તેને કેવળ પ્રાચીનતાનો પોષાક પહેરાવી જગતમાં કોઇ પણ વિશેષ પ્રતિષ્ઠિત નહિ કરી શકે; તેથી ઉલટું જે વસ્તુ સારી છે અને જે સત્ય છે તેના પર પ્રાચીનતાનો પોષાક નહિ હોય તો પણ તે પ્રતિષ્ઠિત જ થવાની, રહેવાની અને કાળક્રમે તે જ વસ્તુ પ્રાચીન બનવાની.

Aho ! Shrutgyanam

પરન્તુ આ પ્રલોભક તર્કજાળ માત્રથી હું કોઇને મારા વિચાર તરફ આકર્ષવા નથી ઇચ્છતો. પ્રસ્તાવના પ્રસિદ્ધ થયે આટલા વર્ષ વ્યતીત થયાં, તે દરમીયાન આવશ્યકસૂત્રના કર્તા સંબંધી મુદ્દાઓને અંગે મેં પોતે પણ વિચાર કર્યો છે, અન્ય વિદ્વાન મિત્રો સાથે પણ નિષ્પક્ષપાત ચર્ચા કરી છે અને મતભેદ ધરાવનાર ટીકાકારના પ્રમાણો પર પણ જીજ્ઞાસાપૂર્વક વિચાર કર્યો છે, ગ્રંથનો પૂર્વાપર સંબંધ પણ વિચાર્યો છે અને તેમ છતાં મને મારો અભિપ્રાય બદલવાને કારણ મળ્યું નથી.

આથી ઉલ્ટું મતભેદ ધરાવનાર ટીકાકારોએ જે પ્રમાણો ટાંક્યાં છે તેમાં પણ મને તો મારા વિચારનું પોષણ થતું સ્પષ્ટ લાગે છે અને ક્વચિત્ તેમ થતું નથી દેખાતું તો પણ તેવા પ્રમાણો મારા અભિપ્રાયનો સ્પષ્ટ રીતે બાધ કરતા તો જણાતા નથી જ. તે ઉપરાન્ત કેટલાંક એવા પ્રમાણો મને નવાં મળ્યાં છે કે જે મારા વિચારના સ્પષ્ટ સાધક છે અને સામા પક્ષના વિચારને બાધક છે; હું આ સ્થળે એ બધા પ્રમાણોને ટુંકમાં આપી તે તરફ વિચારકોનું ધ્યાન ખેંચું છું કે જેથી હવે પછી કોઇ, આ વિષય ઉપર સમભાવ અને સહનશીલતાપૂર્વક વિશેષ વિચાર કરશે અને પોતાના પક્ષના સાધક પ્રમાણોને સ્પષ્ટ રીતે મૂકશે તો હું તેના પર સાચી જિજ્ઞાસાબુદ્ધિએ જરૂર વિચાર કરીશ અને તેમાંથી તથ્ય જડશે તો સ્વમત કરતાં તેની જ કિંમત હું વધારે આંકીશ.

સંપૂર્ણ આવશ્યકશ્રુતસ્કન્ધ એ ગણધરકૃત નથી, પણ ગણધર ભિન્ન અન્ય પ્રાચીન અને પ્રતિષ્ઠિત શ્રુતસ્થવિરકૃત છે એવો મારો અભિપ્રાય જે પ્રમાણોને આધારે મેં પ્રકટ કર્યો છે તે પ્રમાણો નીચે પ્રમાણે છેઃ

(૧) વાચક શ્રી ઉમાસ્વાતીજી પોતાના શ્રી તત્વાર્થસૂત્ર ભાષ્યમાં શ્રુતના અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય એ બે ભેદનું વર્ણન આપતાં અંગબાહ્યના અનેક પ્રકારો બતાવે છે, તેમાં તેઓએ ' સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વન્દન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન એ છ આવશ્યકના અધ્યયનોને અંગબાહ્ય તરીકે ગણાવ્યાં છે. ભાષ્યનો પાઠ આ પ્રમાણે છેઃ

**अङ्गबाह्यमनेकविधम्। तद्यथा—सामायिकं, चतुर्विंशतिस्तवः, वन्दनम्, प्रतिक्रमणं, कायव्युत्सर्गः, प्रत्याख्यानं, दशवैकालिकं, उत्तराध्यायाः, दशाः, कल्पव्यवहारौ, निशीथमृषिभाषितानीत्येवमादि**

દે૦ લા૦ પુ૦ પ્રકાશિત તત્ત્વાર્થ ભાષ્ય. પૃ. ૯૦ ।

ત્યારબાદ તેઓશ્રી પોતે જ અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય એ બન્ને પ્રકારના શ્રુતની ભિન્નતાના કારણ વિષે પ્રશ્ન ઉઠાવી કહે છે કે જે તીર્થંકર ભગવાનના ઉપદેશને આધારે તેઓના સાક્ષાત્ શિષ્ય ગણધરોએ રચ્યું તે અંગપ્રવિષ્ટ અને જે ગધણર અનન્તર ભાવી વગેરે અર્થાત્ ગણધર વંશજ પરમ મેધાવી આચાર્યોએ રચ્યું તે અંગબાહ્ય. આ મતલબનો ભાષ્યનો પાઠ આ પ્રમાણે છેઃ

**अथ श्रुतज्ञानस्य द्विविधमनेकं द्वादशविधमिति किं कृतः प्रतिविशेष इति ?**

**वक्तृविशेषाद् द्वैविध्यम्। यद् भगवद्भिः सर्वज्ञैः सर्वदर्शिभिः परमर्षिभिरर्हद्भिस्तत्स्वाभाव्यात् परमशुभस्य च प्रवचनप्रतिष्ठापनफलस्य तीर्थंकरनामकर्मणोऽनुभावादुक्तं भगवच्छिष्यैरतिशयवद्भिरुत्तमातिशयवाग्बुद्धिसम्पन्नैर्गणधरैर्द्दब्धं तदङ्गप्रविष्टम्। गणधरानन्तर्यादिभिस्त्वत्यन्तविशुद्धागमैः परमप्रकृष्ट वाङ्मतिबुद्धिशक्तिभिराचार्यैः कालसंहननायुर्दोषादल्पशक्तीनां शिष्याणामनुग्रहाय यत् प्रोक्तं तदङ्गबाह्यमिति ॥**

તેજ તત્ત્વાર્થ. ભાષ્ય. પૃ. ૯૧–૯૨ ।

Aho ! Shrutgyanam

વાચકશ્રીનો આ ઉલ્લેખ બીજા બધા ઉલ્લેખો કરતાં વધારે પ્રાચીન અને મહત્ત્વનો છે; અન્ય પ્રમાણોનું બળાબળ તપાસતી વખતે પણ એટલું તો ધ્યાનમાં રાખવું જ જોઇયે કે વાચકશ્રી પોતે જો આવશ્યકને ગણધરકૃત માનતા હોત અગર ગણધર તથા અન્ય સ્થવીર એમ ઉભયકૃત માનતા હોત તો તેઓ માત્ર ' **गणधरपश्चात्भावी** ' વગેરે આચાર્યકૃત કહી કહેત નહિ. અંગબાહ્યમાં ગણાતા આવશ્યક, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, આદિ સૂત્રોના કર્તા સંબંધી બીજા બધા કરતાં તેઓશ્રીને જ વધારે સ્પષ્ટ માહિતી હોવાનો સંભવ છે; કેમકે (૧) તેઓશ્રી આગમના ખાસ અભ્યાસી હતા, (૨) તેઓશ્રી અને ભગવાન શ્રી મહાવીર વચ્ચે બહુ લાંબુ અન્તર નહિ, અને (૩) જૈન પરંપરામાં તે વખતે જૈનશાસ્ત્રના કર્તા સંબંધી જે માન્યતા ચાલી આવતી તેથી જરા પણ આડુ અવળું લખવાને તેમને કશું જ કારણ સંભવતું નથી. આ કારણોથી વાચકશ્રીનો જરા પણ સંદેહ વિનાનો ઉલ્લેખ મને મારો અભિપ્રાય બાંધવામાં પ્રથમ નિમિત્તભૂત થયો છે.

(૨) વાચકશ્રીના ઉપર ટાંકેલ ભાષ્ય ઉપર શ્રી સિદ્ધસેન ગણિની મોટી ટીકા છે, જે હજાર કરતાં વધારે વર્ષ જેટલી જુની તો છે જ; તે ટીકા પહેલાં પણ તત્ત્વાર્થ ભાષ્ય પર બીજી ટીકાઓ હતી તેના પ્રમાણો મળે છે, પ્રાચીન ટીકાઓને આધારે જ ઉક્તભાષ્યની વ્યાખ્યા તેઓશ્રીએ કરેલી હોવી જોઇયે. જો પ્રાચીન ટીકાઓ કરતાં તેમનો મત જુદો હોત તો જેમ તત્ત્વાર્થ ભાષ્યના અનેક સ્થળોમાં પ્રાચીન મત બતાવી પછી પોતાનો મતભેદ બતાવે છે તેમ પ્રસ્તુત ભાષ્યની ટીકામાં પણ તેઓ પ્રાચીન ટીકાકારોનો મતભેદ ટાંકત; પણ તેઓએ તેમ કર્યું નથી. તે ઉપરથી એ તો સ્પષ્ટ છે કે શ્રી સિદ્ધસેન ગણિને પ્રસ્તુત ભાષ્ય ઉપરની પ્રાચીન ટીકાઓમાં પોતે વ્યાખ્યા કરવા ધારે છે તે કરતાં કાંઇપણ મતભેદવાળું જણાયેલું નહિ, આ જ કારણથી શ્રી સિદ્ધસેનગણિનું પ્રસ્તુત ભાષ્યનું વિવેચન એ એમના વખત સુધીની અંગપ્રવિષ્ટ અને અંગબાહ્યના ભેદ સંબંધી ચાલતી જૈન પરંપરાનું સ્પષ્ટ નિર્દેશક છે, એમ કબુલ કર્યા વિના ચાલતું નથી. શ્રી સિદ્ધસેનગણિ ભાષ્યગત ' सामायिक.....प्रत्याख्यान ' આદિ શબ્દોનો અર્થ સ્પષ્ટ રીતે ' सामायिक अध्ययन.....प्रत्याख्यान अध्ययन ' એ પ્રમાણે જ કરે છે; અને ' **गणधरानन्तर्यादिभिः** ' એ પદનો અર્થ સ્પષ્ટપણે ગણધરશિષ્ય જંબુ, પ્રભવ વગેરે એટલો જ કરે છે, અને તે દ્વારા તેઓશ્રી તે પોતાનું ખાસ મન્તવ્ય સૂચવે છે કે અંગબાહ્ય જેમાં સમગ્ર આવશ્યક પણ સમ્મિલિત છે તે ગણધરકૃત નહિ, પણ ગણધરશિષ્ય જંબુ તથા પ્રભવ આદિ અન્ય આચાર્યકૃત છે. તેઓની પ્રસ્તુત ભાષ્યની ટીકા આ પ્રમાણે છે:

समभावो यत्राध्ययने वर्ण्यते तत्तेन वर्ण्यमानेनार्थेन निर्दिशति—सामायिकमिति । एवं सर्वेषु वक्ष्यमाणेष्वर्थसम्बन्धाद् व्यपदेशो द्रष्टयः । चतुर्विंशतीनां पूरणस्यारादुपकारिणो यत्र स्तवः शेषाणां च तीर्थकृतां वर्ण्यते स चतुर्विंशतिस्तव इति । वन्दनम्—प्रणामः स कस्मै कार्यः कस्मै च नेति यत्र वर्ण्यते तत् वन्दनम् । असंयमस्थानं प्राप्तस्य यतेस्तस्मात् प्रतिनिवर्तनं यत्र वर्ण्यते तत् प्रतिक्रमणम् । कृतस्य पापस्य यत्र कायपरित्यागेन क्रियमाणेन विशुद्धिराख्यायते स कायव्युत्सर्गः । प्रत्याख्यानं यत्र मूलगुणा उत्तरगुणाश्च धारणीया इत्ययमर्थः ख्याप्यते तत् प्रत्याख्यानम् ।

दे० ला० पु० प्रकाशित तत्त्वार्थ. टीका. पृ. ९० ।

કેટલાક એવી દલીલ કરે છે કે ભાષ્યમાં જે ' सामायिक, चतुर्विंशतिस्तव...प्रत्याख्यान ' આદિ શબ્દો છે તે આવશ્યકના અધ્યયનબોધક નહિ, પરન્તુ તે તે અધ્યયનની નિર્યુક્તિના બોધક છે; અર્થાત્

Aho ! Shrutgyanam

અંગબાહ્યમાં આવશ્યક ગણવું ન જોઇયે, પણ આવશ્યકનિર્યુક્તિ જ ગણવી જોઇયે. તેઓની આ દલીલ કેટલી ટકી શકે તેમ છે તે પણ જોઇયે.

(ક) જો વાચકશ્રીને સામાયિકાદિ પદોથી સામાયિક અધ્યયન આદિની નિર્યુક્તિ જ વિવક્ષિત હોત તો તેઓશ્રી પોતે જ નિર્યુક્તિનું સ્પષ્ટ કથન ન કરતાં લાક્ષણિક પ્રયોગ શા માટે કરે ?

(ખ) કોઇપણ શબ્દનો લાક્ષણિક અર્થ કરવામાં મૂળ અર્થનો બાધ હોવો જ જોઇયે; જ્યાં સુધી શબ્દનો મૂળ અર્થ બાધિત ન થતો હોય ત્યાં સુધી તેનો લાક્ષણિક અર્થ માનવો યા કરવો એ શબ્દ-શાસ્ત્ર, અલંકારશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રના નિયમોનું ઉત્થાપન કરવા જેવું છે.

(ગ) ઘડીવાર, મૂળ અર્થના બાધ વિના પણ લાક્ષણિક અર્થ કરવાની ધૃષ્ટતા કરી લઇયે, તો પણ, એ પ્રશ્ન તો થાય જ છે કે શ્રી સિદ્ધસેનગણિ જેઓ પોતાના પૂર્વ ટીકાકારોને અનુસર્યા છે તેઓ શું તેવો લાક્ષણિક અર્થ કરવાનું નહોતા જાણતા અથવા બીજી કોઇ પણ રીતે ભાષ્યના એ શબ્દો નિર્યુક્તિ-બોધક છે એવું સાબીત કરી શકતા ન હતા ?

(ઘ) ઘડીવાર એમ પણ માની લઇયે કે વાચકશ્રી શબ્દ પ્રયોગકુશળ ન હતા; ટીકાકાર શ્રી સિદ્ધસેન ગણિ પણ ભૂલ્યા, પરન્તુ એટલું બધું માન્યા પછી પણ સામાયિક આદિ પદોનો નિર્યુક્તિપરક અર્થ કાઢવા જતાં એક મહાન વિરોધ ઉપસ્થિત થાય છે જે નિર્યુક્તિના લાક્ષણિક અર્થની દલીલને ક્ષણ માત્ર પણ ટકવા દેતો જ નથી. તે વિરોધ તે આઃ—

અંગબાહ્યમાં વાચકશ્રીએ ' આવશ્યક ' પ્રથમ ગણાવ્યું છે, અને આવશ્યકનો અર્થ વિરોધી ટીકા-કારો ' આવશ્યકનિર્યુક્તિ ' કરે છે એટલે તેઓના કથન પ્રમાણે અંગબાહ્યમાં પ્રથમ આવશ્યકનિર્યુક્તિ આવે છે. હવે અંગબાહ્યના રચયિતા તરીકે ભાષ્યકાર અને ટીકાકાર બન્ને ' **गणधरानन्तर्यादिभिः** ' એ પદથી શ્રી જંબુસ્વામી તથા શ્રી પ્રભવસ્વામીનો નિર્દેશ કરે છે એટલે, અંગબાહ્યમાં પ્રથમ ગણાવેલ આવશ્યકનિર્યુક્તિ એ શ્રી જંબુસ્વામી કે શ્રી પ્રભવસ્વામીકૃત હોય એવું ભાન થાય છે કે જે અસંગત છે; કારણ કે નિર્યુક્તિકાર તો શ્રી ભદ્રબાહુ સ્વામી જ છે એ વાત જાણીતી જ છે. એટલે, આવશ્યક પદથી આવશ્યકનિર્યુક્તિ વિવક્ષિત હોય તો શ્રી ભદ્રબાહુ સ્વામીનું નામ છેવટે ટીકામાં તો આવવું જ જોઇયે, કે જે ક્યાંય પણ નિર્દિષ્ટ નથી.

[૩] ભાષ્ય અને તેની ટીકા એ બન્નેના ઉપર ટાંકેલા પ્રમાણો જે મત દર્શાવે છે તે જ મત ભાષ્યના છેલ્લામાં છેલ્લા અને મોટામાં મોટા ટીકાકાર ઉપાધ્યાય શ્રી યશોવિજયજી પણ સ્વીકારે છે, એ તેઓની ભાષ્ય ઉપરની વૃત્તિ જોવાથી અસંદિગ્ધપણે સ્પષ્ટ થાય છે. તેઓ પોતાની ભાષ્ય ઉપરની વૃત્તિમાં ' सामायिक.....प्रत्याख्यान ' આદિ આવશ્યકના છએ અધ્યયનોનો ' आवश्यकश्रुतस्कन्ध ' એ પ્રકારનો અર્થ સ્પષ્ટ શબ્દોમાં કરે છે, અને અંગબાહ્ય જેમાં તેઓશ્રી પોતે પ્રથમ જ ' આવશ્યક શ્રુત સ્કન્ધ 'નો સમાવેશ કરે છે તેને ગણધર પ્રશ્નાત્ભાવી શ્રી જંબુસ્વામી આદિ વડે રચાયાનું પ્રતિપાદન કરે છે; તેઓની વૃત્તિનો તે ભાગ નીચે પ્રમાણે છેઃ—

**गणधरा इन्द्रभूत्यादयः तेषामनन्तरे ये साधवस्तेऽनन्तर्याः शिष्या इत्यर्थः। ते गणधरानन्तर्याः जम्बूनामादयः आदिर्येषां प्रभवादीनां ते गणधरानन्तर्यादयः ।**

**सामायिकं समभावो यत्राध्ययने वर्ण्यते, चतुर्विंशतीनां पूरणस्यारादुपकारिणो यत्र स्तवः शेषाणां च तीर्थकृतां स चतुर्विंशतिस्तवः । वन्दनं गुणवतः प्रणामो यत्र वर्ण्यते तत् वन्दनम् । असंयमस्थानं प्राप्तस्य यतेस्तस्मात् प्रतिनिवर्तनं यत्र वर्ण्यते तत् प्रतिक्रमणम् । कृतस्य पापस्य यत्र**

Aho ! Shrutgyanam

स्थानमौनध्यानरूपकायत्यागेन विशुद्धिराख्यायते स कायव्युत्सर्गः । मूलोत्तरगुणधारणीयता यत्र ख्याप्यते तत् प्रत्याख्यानम् । एतैरध्ययनैरावश्यकश्रुतस्कन्ध उक्तः ।

**मनसुखभाई-भगुभाई-प्रकाशित श्रीयशोविजयजीकृत तत्त्वार्थव्याख्या, पृ० ५०।**

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી જેવા શાબ્દિક, આલંકારિક, નૈયાયિક અને આગમિક વિષે કોઇપણ એમ કહેવાનું સાહસ ભાગ્યે જ કરશે કે તેઓ ચાલતી શ્રુતપરંપરા કરતાં કાંઈ નવું જ લખી ગયા છે અથવા તો તેઓને લાક્ષણિક અર્થ કરવાનું સુઝયું નહિ. ઉપાધ્યાયજી વિશેષઆવશ્યક ભાષ્ય વગેરે અન્ય સમગ્ર આગમ ગ્રંથોના ઉંડા અભ્યાસી હતા અને વળી મલધારી શ્રી હેમચંદ્રની વૃત્તિ પણ તેઓની સામે હતી; તેથી જો તેઓને આવશ્યકનો અર્થ નિર્યુક્તિપરક કરવાનું યોગ્ય લાગ્યું હોત તો તેઓશ્રી પોતાની શ્રી તત્ત્વાર્થ ભાષ્યની વૃત્તિમાં તે પ્રમાણે જરૂર કરત; પરન્તુ તેમ ન કરતાં જે સીધો અર્થ કર્યો છે તે વાચકશ્રીના ભાષ્ય અને શ્રી સિદ્ધસેનગણિની ટીકાના વિચારનો પોષક છે એમ કબુલ કરવું જ પડશે.

( ૪ ) શ્રી તત્ત્વાર્થ ભાષ્ય અને તે ઉપરની બે ટીકાઓ એ ત્રણે પ્રમાણોનું સંવાદી અને બલવત્ સ્પષ્ટ પ્રમાણ એક ચોથું છે; અને તે સેન પ્રશ્નનું. સેન પ્રશ્નના પૃ० ૧૯ પ્રશ્ન ૧૩ આવશ્યક સૂત્રના કર્તા સંબંધમાં જ છે, તેમાં પૂછવામાં આવ્યું છે કે આચારાંગના બીજા અધ્યયનની ટીકામાં લોગસ્સ સૂત્રને શ્રી ભદ્રબાહુસ્વામીકૃત કહ્યું છે તો શું એ એક જ સૂત્ર શ્રી ભદ્રબાહુસ્વામીકૃત છે કે આવશ્યકના બધાં સૂત્રો શ્રી ભદ્રબાહુસ્વામીકૃત છે અગર તો એ બધાં સૂત્રો ગણધરકૃત છે? આનો ઉત્તર સેન પ્રશ્નમાં જે આપવામાં આવ્યો છે તે ખાસ ધ્યાન આપવા જેવો છે. તેમાં કહ્યું છે કે 'આચારાંગ આદિ અંગપ્રવિષ્ટશ્રુત ગણધરોએ રચેલું છે અને આવશ્યક આદિ અંગબાહ્યશ્રુત શ્રુતસ્થવિરોએ રચેલું છે, અને એ વાત વિચારામૃત સંગ્રહ, આવશ્યકવૃત્તિ આદિથી જણાય છે. તેથી લોગસ્સસૂત્રની રચના શ્રી ભદ્રબાહુસ્વામીની છે અને અન્ય આવશ્યક સૂત્રોની રચના નિર્યુક્તિ રૂપે તો તેઓની જ છે, અર્થાત્ લોગસ્સનું મૂલસૂત્ર શ્રી ભદ્રબાહુસ્વામીકૃત છે; અને બાકીના આવશ્યકસૂત્રોની-નિર્યુક્તિ જ માત્ર શ્રી ભદ્રબાહુસ્વામીકૃત છે. પરન્તુ લોગસ્સ સિવાયના અન્ય આવશ્યકના સૂત્રો તો શ્રી ભદ્રબાહુસ્વામીથી ભિન્ન અન્ય શ્રુતસ્થવિરોના રચેલાં છે. એ તે પ્રશ્નના ઉત્તરકથનનો સાર છે. સેન પ્રશ્નનો સંપૂર્ણ પાઠ આ પ્રમાણે છે;

आवश्यकान्तर्भूतश्चतुर्विंशतिस्तवस्त्वारातीयकालभाविना श्रीभद्रबाहुस्वामिनाऽकारीत्याचाराङ्गवृत्तौ द्वितीयाध्ययनस्यादौ तदत्र किमिदमेव सूत्रं भद्रबाहुनाऽकारि सर्व्वाणि वा आवश्यकसूत्राणि कृतान्युत पूर्वं गणधरैः कृतानीति किं तत्त्वमिति प्रश्नः ? अत्रोत्तरं-आचाराङ्गादिकमङ्गप्रविष्टं गणभृद्भिः कृतम्, आवश्यकादिकमनङ्गप्रविष्टमङ्गैकदेशोपजीवनेन श्रुतस्थविरैःकृतमिति विचारामृतसङ्ग्रहाऽऽवश्यकवृत्त्याद्यनुसारेण ज्ञायते, तेन भद्रबाहुस्वामिनाऽऽवश्यकान्तर्भूतचतुर्विंशतिस्तवरचनमपराऽऽवश्यकरचनं च निर्युक्तिरूपतया कृतमिति भावार्थः श्री आचाराङ्गवृत्तौ तत्रैवाधिकारेऽस्तीति बोध्यमिति ॥

**सेनप्रश्न, पृ० १९; प्रश्न १३।**

ઉપરના ચારે પ્રમાણો જ્યાંસુધી ખોટાં સાબિત ન થાય ત્યાંસુધી હું મારો અભિપ્રાય બદલું તો તેનો અર્થ એ જ થાય કે વિચાર વિનાની કોઇપણ એક રૂઢિ માત્રને સ્વીકારી લેવી.

Aho ! Shrutgyanam

આવસ્યકસૂત્ર ગણુધરકૃત નહિ, પરન્તુ અન્ય સ્થવિરકૃત છે એ અભિપ્રાયનું સમર્થન કરનાર જે પ્રમાણો મારા જોવામાં આવ્યાં તે ઉપર ટાંક્યા પછી હવે આવશ્યક સૂત્રને ગણુધરકૃત માનનાર પક્ષના પ્રમાણોનું પરીક્ષણ કરવાનું કાર્ય માત્ર બાકી રહે છે. મારા આ મતના વિરોધી તરીકે જે પ્રમાણો ટાંકવામાં આવે છે તે આગમોદય સમિતિદ્વારા પ્રકાશિત થયેલ વિશેષ આવસ્યક ભાષ્યના ગૂજરાતી અનુવાદ ભા. ૧માં ઉપોદ્દઘાતના પૃ૦ ૨ ઉપર જોવામાં આવે છે.

આ પ્રમાણોની પરીક્ષાની સગવડ ખાતર હું તે સર્વને ચાર વિભાગમાં વહેંચી નાખું છું: ( ૧ ) આવશ્યક કોણે કર્યું એ પ્રશ્નના ઉત્તર માટે ' **केनकृत** ' દ્વારનું વિવરણ, ( ૨ ) ભગવાન પાસેથી શ્રી ગૌતમાદિને સામાયિક આદિ સાંભળવાના પ્રયોજનનું વર્ણન, ( ૩ ) ભગવાનથી સામાયિક પ્રગટ થયાનું વર્ણન અને ( ૪ ) અંગપ્રવિષ્ટ તેમ જ અંગબાહ્ય શ્રુતની વ્યાખ્યાઓ.

( ૧ ) સામાયિક આવસ્યક કોણે રચ્યું ? એ પ્રશ્નના ઉત્તરમાં ભાષ્યકાર શ્રી જિનભદ્ર ક્ષમાશ્રમણની ગાથા નીચે પ્રમાણે છે:

**केणकयं ति य ववहारओ जिणिंदेण गणहरेहिं च ।**
**तस्सामिणा उ निच्छयनयस्स तत्तो जओ ऽणन्नं ॥**

**विशेषावश्यकसूत्र, गाथा ३३९२ ॥**

વિશેષ-આવસ્યક ભાષ્યના એ ગૂજરાતી અનુવાદની ઉપોદ્દઘાતની ટીપ્પણીમાં આ ગાથાનો અર્થ આ પ્રમાણે કર્યો છે: ' સામાયિક જે આવસ્યક સૂત્રનો એક પહેલો ભાગ છે તે અર્થથી શ્રી જિનેન્દ્ર ભગવાને કહ્યું અને સૂત્રથી શ્રી ગણુધર મહારાજે કર્યું છે; ' પરન્તુ મારે કહેવું જોઇએ કે આ અર્થ નથી ગાથામાંથી નીકળતો કે નથી તેની મલધારી શ્રી હેમચંદ્રકૃત ટીકામાંથી. ઉલ્ટું આ **केनकृत** દ્વારનું વર્ણન તો સામા પક્ષકારની તરફેણમાં નહિ, પરન્તુ વિરુદ્ધમાં જ જાય છે; આ દ્વારમાં એમ કહેવામાં આવ્યું છે કે ' સામાયિક કોણે કર્યું ? ' અને તેનો ઉત્તર ઉક્ત ગાથામાં એ પ્રમાણે આપ્યો છે કે ' વ્યવહારથી સામાયિક શ્રી તીર્થંકરો અને ગણુધરોએ કર્યું છે; પરન્તુ નિશ્ચય દૃષ્ટિએ સામાયિકના કર્તા તેના સ્વામી અર્થાત્ તેના અનુષ્ઠાન કરનારાઓ છે. ' સામાન્ય અભ્યાસીઓ **अत्थं भासन्ति अरहा, सूत्तं गन्थन्ति गणहरा निउणा** એ સર્વવિદિત કથન અનુસાર જરૂર એમ માનવા પ્રેરાય કે સામાયિક એ વસ્તુ રૂપે શ્રી તીર્થંકરોએ ઉપદેસ્યું અને સૂત્ર રૂપે શ્રી ગણુધરોએ રચ્યું; પરન્તુ **केनकृत** દ્વારની એ ગાથાનો એ અર્થ જ નથી, એનો ભાવ જુદો જ છે. એ ગાથામાં અર્થ દ્વારા સામાયિક કોણે કર્યું અને સૂત્ર દ્વારા કોણે રચ્યું એ પ્રશ્નનો ઉત્તર જ નથી, એમાં તો સામાયિક જે જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ આત્મિક પરિણામ છે, તેના વ્યવહાર અને નિશ્ચયદૃષ્ટિએ કરનારનું નિરૂપણ છે. એ ગાથામાં કહેવામાં આવ્યું છે કે સામાયિક રૂપ આત્મિકપરિણામના નિશ્ચયદૃષ્ટિથી કર્તા તેના અનુષ્ઠાન કરનારાઓ છે અને વ્યવહારદૃષ્ટિથી તેના કર્તાઓ એટલે ઉપદેશકો, પ્રયોજકો, પ્રેરકો અર્થાત્ સામાયિક રૂપ આચારનું ઉપદેશ દ્વારા પ્રવર્તન કરાવનારાઓ શ્રી તીર્થંકર, શ્રી ગણુધર આદિ છે; તે જ વ્યવહારદૃષ્ટિએ તેના કર્તા કહેવાય. આ અર્થ જો કે ગાથામાં વપરાયેલા ' સ્વામી ' શબ્દથી સ્પષ્ટ થાય છે, છતાં તેની ટીકામાં તો એ અર્થ એટલો બધો સ્પષ્ટ કર્યો છે અને તે ગાથાની આગળ પાછળનું પ્રકરણ તથા તે ઉપરની ટીકામાં આ મારો કહેલો જ અર્થ અસંદિગ્ધ રીતે પ્રતિપાદન કરવામાં આવ્યો છે. સારાંશ એ છે કે **केनकृत** દ્વારની પ્રસ્તુત ગાથા સામાયિક અધ્યયનના કર્તાનું પ્રતિપાદન નથી કરતી, પરન્તુ સામાયિક રૂપ આત્મિકગુણના વ્યાવહારિક અને નૈશ્ચયિક કર્તાનું નિરૂપણ કરે છે જેને શબ્દાત્મક સામાયિક અધ્યયનના કર્તાના નિરૂપણ સાથે કશો જ સંબંધ નથી.

Aho ! Shrutgyanam

( ૨ ) સામાયિક અધ્યયનને શ્રી ગણધરકૃત બતાવવા માટે બીજું પ્રમાણ ઉપર સૂચવેલ ગૂજરાતી અનુવાદના ટીપ્પણમાં જે મૂકવામાં આવ્યું છે તે એ છે કે જેમાં ભગવાનના સામાયિકપરના ભાષણનું પ્રયોજન બતાવ્યા બાદ ગણધરોએ સામાયિક સાંભળ્યાના પ્રયોજનનું વર્ણન છે. તે આ પ્રમાણે છે :

गोयममाई सामाइयं तु किं कारणं निसामेंति ।
नाणस्स तं तु सुन्दर-मङ्गुलभावाण उवलद्धी ॥

**विशेषावश्यकसूत्र, गाथा २१२५ ॥**

સામેના પક્ષકાર આ ગાથાઓ ઉપરથી એમ કહેતા લાગે છે કે સામાયિક ઉપદેશ્યું તો ભગવાને પણ રચ્યું ગણધરોએ; પરન્તુ કોઈપણ વિચારક આ ગાથાઓ કાઢી તેનો અર્થ વાંચી આગળ પાછળનું પ્રકરણ વિચારી જોશે તો તેને જણાશે કે એવો અર્થ કરવામાં કેટલી ભૂલ થાય છે ! અહીં તો એટલું જ ઉદ્દિષ્ટ છે કે સામાયિક આચારનું પ્રથમ નિરૂપણ ભગવાને શા માટે કર્યું અને તે આચારનું શ્રવણ ગણધરોએ પ્રથમ શા માટે કર્યું ? અર્થાત્ સામાયિક રૂપ જૈનધર્મના આત્માનું પ્રથમ પ્રથમ ગણધરોએ જે શ્રવણ કર્યું તેનું પ્રયોજન પરંપરાએ મોક્ષ છે એવું આ ગાથાઓમાં બતાવવામાં આવ્યું છે, તેમાં ગણધરોએ સામાયિક સૂત્ર રચ્યાની ગંધ સરખી પણ નથી. સામાયિક આચાર સાંભળવો, તેને જીવનમાં ઉતારવો, તેનું ફળ મેળવવું, તેનો વિચાર કરવો એ જુદી વાત છે અને સામાયિક સૂત્રની શાબ્દિક રચનાનો વિચાર એ જુદી વાત છે. સામાયિક આચારના શ્રવણ સાથે સામાયિક સૂત્રની શાબ્દિક રચનાને ભેળવી દેવી અને સામાયિક આચારના પ્રથમ સાંભળનારને સામાયિક સૂત્રના રચયિતા કહેવા એ ભ્રાંતિ નથી શું ?

( ૩ ) એ જ ગૂજરાતી અનુવાદના ઉપોદ્ઘાતની ટીપ્પણીમાં ત્રીજું પ્રમાણ નિર્ગમદ્વાર વિષેનું છે. તેને લગતી ગાથા આ છેઃ—

मिच्छत्ताइतमाओ स निग्गओ जह य केवलं पत्तो ।
जह य पमूयं तत्तो सामाइयं तं पवक्खामि ॥

**विशेषावश्यकसूत्र, गाथा १५४६ ॥**

આનો અર્થ સામા પક્ષકારની જરાયે તરફેણમાં નથી જ. આ ગાથામાં તો ભગવાન શ્રી મહાવીરનું મિથ્યાત્વથી નિર્ગમન થયું, તેઓશ્રી જે પ્રકારે કેવલજ્ઞાન પામ્યા અને તેઓશ્રીથી સામાયિક જે રીતે પ્રગટ થયું તેનું વર્ણન કરવાની પ્રતિજ્ઞા માત્ર છે. આમાં તો એટલું જ કથન છે કે ભગવાનથી સામાયિક આચાર શી રીતે ઉદ્ભવ્યો; પરન્તુ આ ગાથામાં સામાયિક સૂત્ર કે અન્ય આવશ્યક સૂત્રની શાબ્દિક રચના સંબંધમાં કશું જ સૂચન કે કથન નથી. સામાયિકધર્મ ભગવાને પ્રગટાવ્યો અને શ્રી ગણધરોએ ઝીલ્યો; તેની તો કોણ ના પાડે છે ? પ્રશ્ન સૂત્રરચનાનો છે, તેની સાથે આચારના ઉપદેશને સંબંધ નથી. તેથી આ પ્રમાણ પણ ગ્રાહ્ય થઈ શકતું નથી.

( ૪ ) ચોથું પ્રમાણ અંગપ્રવિષ્ટ અને અંગબાહ્યશ્રુતની વ્યાખ્યાઓ વિષેનું તે જ ટીપ્પણમાં ટાંકવામાં આવ્યું છે; તેની ગાથા આ છેઃ

गणहर-थेरकयं वा आएसा मुक्कवागरणओ वा ।
ध्रुव-चल विसेसओवा अंगा-णंगेसु नाणत्तं ॥

**विशेषावश्यकसूत्र, गा० ५५० ॥**

Aho ! Shrutgyanam

આ ગાથામાં અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય શ્રુતની ત્રણ વ્યાખ્યાઓ છે, અને આ વ્યાખ્યાઓ શબ્દાત્મક શ્રુતને લાગુ પડતી હોવાથી તે જ આવશ્યક સૂત્રના કર્તાનો નિર્ણય કરવામાં વધારે બલ્કે ખાસ ઉપયોગી છે. તેથી એ વ્યાખ્યા વિષેની પ્રસ્તુત ભાષ્ય ગાથા અને તેના ઉપરની મલધારીશ્રીકૃત ટીકા એ બન્નેનો આ સ્થલે પ્રસ્તુત પ્રશ્ન પરત્વે જરા વિસ્તારથી ઉહાપોહ કરી લેવો જરૂરનો છે.

વિશેષ–આવશ્યક ભાષ્યના પ્રણેતા શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ તત્ત્વાર્થ ભાષ્યના પ્રણેતા વાચક શ્રી ઉમાસ્વાતિના પછી થયેલા છે, એટલે વાચકશ્રી સામે એ ભાષ્ય નહિ, પણ તેનો મૂલભૂત ગ્રંથ ( આવશ્યકનિર્યુક્તિ ) હતો; તે વખતની આવશ્યકનિર્યુક્તિની કોઈ પ્રાચીન વ્યાખ્યા અગર તો તે વખતની ચાલુ અર્થપરંપરા વાચકશ્રી સામે હતી એમ માનવું જોઇયે. આવશ્યકનિર્યુક્તિની પ્રસ્તુત ગાથા આ પ્રમાણે છેઃ—

अक्खरसण्णीसम्मं साइयं खलु सपज्जवसियं च ।
गमियं अंगपविट्ठं सत्त वि एए सपडिवक्खा ॥

**विशेषावश्यकसूत्र, गा० ४५४।**

ઉપર્યુક્ત મૂલગાથામાં અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય શ્રુતનો નિર્દેશ છે; તે ગાથાની તે વખતની કોઈ પ્રાચીન વ્યાખ્યા અગર ચાલુ અર્થપરંપરાને આધારે જ વાચકશ્રીએ પોતાના શ્રી તત્ત્વાર્થ સૂત્રના ભાષ્યમાં અંગપ્રવિષ્ટ અને અંગબાહ્યનો વિવેક કરેલો હોવો જોઇયે, અથવા તો ઓછામાં ઓછું એ વિવેક કરતી વખતે આવશ્યકનિર્યુક્તિની એ ગાથાનો અર્થ એમના ધ્યાન બહાર ન જ હોવો જોઇયે. એટલે વાચકશ્રીએ અંગબાહ્યનું જે સ્વરૂપ બતાવ્યું છે અને જેને મેં પ્રમાણ તરીકે ઉપર પ્રથમ જ ટાંકેલ છે તે સ્વરૂપ ઉક્ત આવશ્યકનિર્યુક્તિની મૂલગાથાની અર્થપરંપરાને અનુસરતું જ હોવું જોઇયે; એમ માનવામાં જરાએ અસ્વાભાવિકતા નથી. આ ઉપરથી જે કહેવાનું છે તે એ કે–આવશ્યક-નિર્યુક્તિની એ ગાથામાં નિર્દિષ્ટ થયેલ અંગબાહ્યશ્રુતના સ્વરૂપનો નિર્ણય કરવામાં જુનામાં જુનો આધાર આપણી પાસે તત્ત્વાર્થ ભાષ્ય સિવાય બીજો એકે નથી, અને તત્ત્વાર્થ ભાષ્ય તો સ્પષ્ટ રીતે અંગબાહ્ય શ્રુતને ગણધર પશ્ચાત્‌ભાવી આચાર્યપ્રણીત કહે છે અને અંગબાહ્યશ્રુતમાં સૌથી પ્રથમ આવશ્યકના છ અધ્યયનને ગણાવે છે; જે પહેલાં બતાવવામાં આવ્યું છે. તેથી અંગબાહ્યની વ્યાખ્યા સંબંધી જો આવ-શ્યક નિર્યુક્તિની ગાથાનો ઉપયોગ કરવો જ હોય તો તે તત્ત્વાર્થ ભાષ્યના વક્તવ્ય કરતાં બીજું કાંઈ વધારે અથવા ભિન્ન સૂચવી શકે તેમ નથી.

હવે જોઇયે એ નિર્યુક્તિ–ગાથા ઉપરનું વિશેષ–આવશ્યક ભાષ્ય. આ ભાષ્ય જ અત્યારે આપણી સામે નિર્યુક્તિની જુનામાં જુની અને મોટામાં મોટી વ્યાખ્યા છે. ભાષ્યમાં અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય શ્રુતનો સ્પષ્ટ વિવેક કરવામાં આવ્યો છે. આ વિવેક ત્રણ પ્રકારે કરવામાં આવ્યો છે; અર્થાત્‌ ક્ષમાશ્રમણશ્રીએ અંગપ્રવિષ્ટ અને અંગબાહ્યશ્રુતનો ભેદ સૂચવતી ત્રણ વ્યાખ્યાઓ આપી છે. આ ત્રણે વ્યાખ્યાઓ આપ્યા છતાં મૂલભાષ્યમાં ભાષ્યકારે અંગપ્રવિષ્ટ અને અંગબાહ્યશ્રુતના ઉદાહરણ તરીકે કોઇ ગ્રંથનો નિર્દેશ કર્યો નથી. ઉદાહરણ તરીકેના ગ્રંથોનો નિર્દેશ ભાષ્યના ટીકાકાર મલધારી શ્રી હેમચંદ્રે પોતાની ટીકામાં કર્યો છે. સામાન્ય રીતે ભારતીય ટીકાકારોની અને ખાસ કરીને જૈન આચાર્યોની પ્રકૃતિપરંપરા જોતાં એમ માનવામાં કશી અડચણ નથી કે મલધારીશ્રીએ જે ઉદાહરણો ટાંક્યાં છે તે પોતાની પૂર્વવર્તી ભાષ્યની ટીકાઓને અનુસરતાં જ હોવાં જોઇયે. મલધારીશ્રીની ટીકા પહેલાં ભાષ્ય ઉપર બે ટીકાઓ હોવાનાં પ્રમાણો મળે છે; તેમાં એક તો સ્વોપજ્ઞ અર્થાત્‌ ક્ષમાશ્રમણશ્રીની પોતાની અને બીજી કોટ્યાચાર્યની.

Aho ! Shrutgyanam

તત્ત્વાર્થ ભાષ્યના ટીકાકાર શ્રી સિદ્ધસેન ગણિ મલયધારીશ્રીના પૂર્વવર્તી છે; તેમની સામે ઓછામાં ઓછું વિશેષ-આવશ્યક ભાષ્ય અને તેની સ્વોપજ્ઞ ટીકા એ બે તો અવશ્ય હોવાં જ જોઈયે; તેથી શ્રી સિદ્ધસેન ગણિની અંગબાહ્યના કર્તૃત્વબોધક **'गणधरानन्तर्यादिभिः'** એ તત્ત્વાર્થ ભાષ્યગત પદની વ્યાખ્યા જે પહેલાં ઉપર ટાંકી છે તે પ્રાચીન પરંપરાથી વિરુદ્ધ હોય એમ ન માની શકાય, અને શ્રી સિદ્ધસેનગણિ તો એ પદનો અર્થ ગણધરવંશજ, શ્રી જંબુસ્વામિ, શ્રી પ્રભવસ્વામી વગેરે આચાર્ય એવો સ્પષ્ટ કરે છે. તે ઉપરથી વિશેષ આવશ્યક ભાષ્ય અને તેની સ્વોપજ્ઞ ટીકાનો અંગબાહ્યના કર્તા વિષે આશય કાઢવો જ હોય તો એ જ કાઢી શકાય કે ગણધર ભિન્ન શ્રી જંબુ, પ્રભવ વગેરે સ્થવિરોએ જે શ્રુત રચ્યું તે જ અંગબાહ્ય.

વિશેષ-આવશ્યક ભાષ્યની ઉપલબ્ધ અને અતિ વિસ્તૃત ટીકા મલધારીશ્રી કૃત છે. એ ટીકામાં ભાષ્યગત ત્રણ વ્યાખ્યાઓના ઉદાહરણો પણ આપેલાં છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી અને સેનપ્રશ્નના પ્રણેતા સામે મૂલનિર્યુક્તિ, તે ઉપરનું વિશેષ આવશ્યક ભાષ્ય અને એ ભાષ્યની મલધારીશ્રી કૃત ટીકા એટલાં તો ઓછામાં ઓછાં હતાં જ; તેથી ઉપાધ્યાયશ્રીની તત્ત્વાર્થ ભાષ્ય ઉપરની ટીકામાં તથા સેનપ્રશ્નમાં અંગબાહ્યશ્રુતના કર્તા સંબંધે જે વિચાર છે અને જેને ઉપર ટાંકયો છે તે પ્રાચીન ગ્રંથકારોના અભિપ્રાયને લક્ષ્યમાં રાખ્યા સિવાય તો લખાયેલ ન જ હોવો જોઈયે. ઉપાધ્યાયશ્રીની વૃત્તિ અને સેનપ્રશ્ન તો સ્પષ્ટ રીતે અંગબાહ્યને ગણધર ભિન્ન આચાર્યપ્રણીત સૂચવે છે, જે ઉપર બતાવવામાં આવ્યું છે; પૂર્વાપર આચાર્યોના વિચારસામ્યની કલ્પના ઉપર ઉભી કરેલ અનુમાનાત્મક દલીલને છોડી હવે સીધી રીતે મલધારીશ્રીકૃત ટીકાને લઇ તેના ઉપર વિચાર કરીયે.

ભાષ્યની પ્રસ્તુત ગા૦ ૫૫૦ મીની મલધારીશ્રી કૃત ટીકા નીચે પ્રમાણે છે:

**अङ्गा-ऽनङ्गप्रविष्टश्रुतयोरिदं नानात्वमेतद् भेदकारणम् । किम्? इत्याह गणधरा गौतमस्वाम्यादयः, तत्कृतं श्रुतं द्वादशाङ्गरूपमङ्गप्रविष्टमुच्यते । स्थविरास्तु भद्रबाहुस्वाम्यादयः तत्कृतं श्रुतमावश्यकनिर्युक्त्यादिकमनङ्गप्रविष्टमङ्गबाह्यमुच्यते । अथवा वारत्रयं गणधरपृष्टस्य तीर्थकरस्य संबन्धी य आदेशः प्रतिवचनमुत्पाद-व्यय-ध्रौव्य वाचकं पदत्रयमित्यर्थः, तस्माद् यद् निष्पन्नं तदङ्गप्रविष्टं द्वादशाङ्गमेव, मुत्कं मुत्कलमप्रश्नपूर्वकं च यद् व्याकरणमर्थप्रतिपादनं, तस्माद् निष्पन्नमङ्गबाह्यमभिधीयते, तच्चावश्यकादिकम् । वा शब्दोऽङ्गाऽनङ्गप्रविष्टत्वे पूर्वोक्तभेदकारणादन्यत्वसूचकः । तृतीयभेदकारणमाह 'धुव-चलविसेसओ व त्ति' ध्रुवं सर्वतीर्थकरतीर्थेषु नियतं निश्चयभावि श्रुतमङ्गप्रविष्टमुच्यते द्वादशाङ्गमिति । यत् पुनश्चलमनियतभावि तत् तन्दुलवैकालिक प्रकरणादिश्रुतमङ्गबाह्यम् । वा शब्दोऽत्रापि भेदकारणान्तरत्वसूचकः । इदमुक्तं भवति-गणधरकृतं, पदत्रयलक्षणतीर्थकरादेशनिष्पन्नं, ध्रुवं च यच्छ्रुतं तदङ्गप्रविष्टमुच्यते, तच्च द्वादशाङ्गीरूपमेव । यत्पुनः स्थविरकृतं, मुत्कलार्थाभिधानं, चलं च तदावश्यकप्रकीर्णादि श्रुतमङ्गबाह्यमिति ॥**

આ ટીકામાં અંગપ્રવિષ્ટ અને અંગબાહ્યશ્રુતના ભાષ્યકારે કરેલ વિવેકના સ્પષ્ટીકરણ ઉપરાન્ત ત્રણે વ્યાખ્યાઓનાં જુદાં જુદાં ત્રણ ઉદાહરણો છે, જે ખાસ ધ્યાન ખેંચે છે.

(ક) પહેલી વ્યાખ્યામાં અંગપ્રવિષ્ટને શ્રી ગૌતમ આદિ ગણધરકૃત તરીકે ઓળખાવી તેના ઉદાહરણ તરીકે દ્વાદશાંગશ્રુતને મૂક્યું છે, અને અંગબાહ્યને શ્રી ભદ્રબાહુ આદિ સ્થવિરકૃત તરીકે ઓળખાવી તેના ઉદાહરણ રૂપે આવશ્યકનિર્યુક્તિ વગેરે શ્રુત દર્શાવ્યું છે.

Aho ! Shrutgyanam

(ख) બીજી વ્યાખ્યામાં ગણધરના પ્રશ્નના ઉત્તરમાં તીર્થંકરદ્વારા ઉપદેશાયેલ ત્રિપદી ઉપરથી રચાયેલ શ્રુતને અંગપ્રવિષ્ટ તરીકે ઓળખાવી તેનું ઉદાહરણ આપતાં એ શ્રુત તે દ્વાદશાંગી રૂપ જ છે એવો ખાસ ભાર મૂકી મલધારીશ્રીએ માત્ર દ્વાદશાંગીને અંગપ્રવિષ્ટ કહ્યું છે અને છુટું છવાયું તેમ જ પ્રશ્ન વિના જે અર્થપ્રતિપાદન થયું હોય તેના ઉપરથી રચાયેલ શ્રુતને અંગબાહ્ય તરીકે ઓળખાવી તેના ઉદાહરણમાં આવશ્યક આદિ શ્રુત અંગબાહ્ય છે એમ કહેવામાં આવ્યું છે.

(ग) ત્રીજી વ્યાખ્યામાં દરેક તીર્થંકરોના તીર્થમાં અવશ્યંભાવી તરીકે બતાવીને જ અંગપ્રવિષ્ટ કહેવામાં આવ્યું છે અને દરેક તીર્થમાં નિયમથી ન હોનાર શ્રુતને અંગબાહ્ય તરીકે ઓળખાવી તેના ઉદાહરણમાં તન્દુલવૈકાલિક આદિને મૂક્યું છે.

પહેલી વ્યાખ્યાના ઉદાહરણમાં શ્રી ભદ્રબાહુસ્વામી આદિ અને આવશ્યકનિર્યુક્તિ આદિ એ બે પદો ખાસ ધ્યાન ખેંચે છે, જ્યાં સુધી સંપૂર્ણ આવશ્યકસૂત્ર શ્રી ભદ્રબાહુસ્વામીકૃત છે એ મતલબનું સાધક પ્રમાણ ન મળે ત્યાંસુધી આવશ્યકનિર્યુક્તિ એ સામાસિકપદનો દ્વન્દ્વ સમાસને બદલે સામા પક્ષને અનુકુલ એવો તત્પુરૂષ સમાસ જ લેવો જોઇયે; અને એ સમાસ લેતાં તેનો અર્થ એટલો જ થાય કે આવશ્યક નિર્યુક્તિ વિગેરે જે શ્રુત શ્રી ભદ્રબાહુસ્વામી વગેરેનું બનાવેલું છે તેને અંગબાહ્ય સમજવું; નિર્યુક્તિ શ્રી ભદ્રબાહુસ્વામીની હોવાની પ્રસિદ્ધિ આબાલવૃદ્ધ પર્યંત જાણીતી છે તેથી જ તેનું ઉદાહરણ આપ્યું છે. આ પ્રથમ વ્યાખ્યાના ઉદાહરણ ઉપરથી મૂલ આવશ્યક સૂત્રના કર્તા વિષે કશો જ પ્રકાશ પડતો નથી. બીજી વ્યાખ્યામાં અંગબાહ્યના ઉદાહરણ તરીકે આવશ્યકને મુખ્યપણે મૂકેલું છે, અને એને છુટાછવાયા કે પ્રશ્ન વિનાના જ ભગવાનના ઉપદેશ ઉપરથી રચાયેલું કહેવામાં આવ્યું છે. જ્યાંસુધી ગણધરને આવશ્યકના કર્તા તરીકે અસંદિગ્ધપણે સાબિત કરતો પ્રાચીન ઉલ્લેખ મળી ન આવે ત્યાંસુધી આવશ્યક સૂત્રને અર્થ રૂપે શ્રી તીર્થંકર કથિત માનવા છતાં તેને શબ્દરૂપે ગણધરકૃત કેમ માની શકાય ? અને વલી જ્યારે ઉલટાં અનેક વિરોધી પ્રમાણો આવશ્યક સૂત્રને ગણધરભિન્ન આચાર્યપ્રણીત બતાવનારાં મળતાં હોય ત્યારે એમ માનવું એ તો સ્પષ્ટ પ્રમાણોની અવમાનના કરવા જેવું થાય. અલબત્ત, સ્થવિર શબ્દ ગણધરને પણ લાગુ પડે છે, પણ તેથી આવશ્યકસૂત્ર ગણધરકૃત જ છે એમ કાંઇ ફલિત થતું નથી. મલધારીશ્રીની ટીકાના ઉલ્લેખ ઉપરથી ( તત્ત્વાર્થભાષ્ય આદિના ઉલ્લેખોને ધ્યાનમાં લઇ ) અર્થ કાઢવા જઈયે તો સરલપણે એટલો જ અર્થ નીકળી શકે કે વગર પ્રશ્ને જ તીર્થંકરના ઉપદેશ ઉપરથી રચાયેલ જે આવશ્યક વગેરે શ્રુત તે અંગબાહ્ય. આટલો અર્થ આવશ્યકના કર્તા તરીકે કોઇ વ્યક્તિનો નિર્ણય કરવા બસ નથી. તેવા નિર્ણય માટે તો વિવાદગ્રસ્ત સ્થલમાં સ્પષ્ટ પ્રમાણો જોઇયે. જો તત્ત્વાર્થભાષ્ય આદિના ઉપર ટાંકેલા ચાર સ્પષ્ટ પ્રમાણો આપણી સામે ન હોત તો મલધારીશ્રીની ટીકાનો અધ્યહાર વાળો ઉલ્લેખ ગણધરને આવશ્યકના કર્તા તરીકે મનાવવા આપણને લલચાવત. ત્રીજી વ્યાખ્યા અને તેનાં ટાંકેલ ઉદાહરણ આપણને પ્રસ્તુત ચર્ચામાં કાંઈ ઉપયોગી નથી, તેથી તે પર વિચાર કરવો એ અસ્થાને છે. એકંદર ઉપર આપેલ મલધારીશ્રી હેમચંદ્રની ટીકા આવશ્યકને ગણધરકૃત સાબિત કરવા કોઈ સ્પષ્ટ પુરાવો પૂરો પાડતી નથી; તેથી મૂલ નિર્યુક્તિ, તેનું ભાષ્ય અને મલધારીશ્રી કૃત ટીકા એ બધાં તત્ત્વાર્થભાષ્ય આદિના પ્રથમ ટાંકેલ ઉલ્લેખોને સંવાદી બને એ રીતે જ ઘટાવવાં જોઇયે.

છેલ્લે એક પ્રશ્ન રહે છે; અને તે એ કે–ભગવાન શ્રી મહાવીરે પ્રતિક્રમણ ધર્મ ઉપદેશ્યો, જ્યારે તેઓશ્રીએ પોતાના શિષ્ય પરિવારને પ્રતિક્રમણનું વિધાન અવશ્ય કર્તવ્ય તરીકે ઉપદેશ્યું ત્યારે તે શિષ્ય પરિવાર એ વિધાનનું પાલન કરતી વખતે કાંઇને કાંઇ શબ્દો, વાક્યો, કે સૂત્રો બોલતા જ હશે; જો એ શિષ્ય પરિવાર સમક્ષ પ્રતિક્રમણ વિધાયી શબ્દ પાઠ ન હોય તો તે પ્રતિક્રમણ કરે જ કેવી રીતે ? અને

Aho ! Shrutgyanam

જો શબ્દ પાઠ હોય તો તે પાઠ ગણધર સિવાય અન્ય રચિત માનવામાં શું પ્રમાણ છે? અલબત્ત, આ પ્રશ્ન મને પહેલાં પણ થયેલો, અને અત્યારે પણ થાય છે; છતાં જ્યારે સંપૂર્ણ આવશ્યક ગણધર કૃત જ છે એ મતલબનું કોઇ સ્પષ્ટ પ્રમાણ જ નથી મળતું અને ગણધર ભિન્નકૃત હોવાના એકથી વધારે સ્પષ્ટ પ્રમાણો મલે છે ત્યારે એમ જ સમન્વય કરવાની ફરજ પડે છે કે અત્યારે જે આવશ્યક સૂત્રના કર્તાનો પ્રશ્ન ચર્ચવામાં આવે છે તે આવશ્યક સૂત્ર એ સમજવું જોઇયે કે જેના ઉપર શ્રી ભદ્રબાહુસ્વામીની નિર્યુક્તિ મલે છે તે. બધાં સૂત્રો નિર્યુક્તિથી પ્રાચીન તો છે જ અને એ સૂત્રોના કર્તાની જ આ સ્થલે ચર્ચા છે. આવશ્યક તરીકે આજે મનાતાં બધાં સૂત્રો અક્ષરશઃ નિર્યુક્તિપૂર્વભાવી નથી. ઘણાં સૂત્રો દેશ, કાલ આદિના પરિવર્તન સાથે લાભની સંભાવનાથી નિર્યુક્તિ પછી પણ રચાયેલાં છે અને ઉમેરાયેલાં પણ છે; અને આજે આપણે એ સૂત્રોને નિર્યુક્તિપૂર્વભાવી સૂત્ર જેટલાં જ અગત્યના માનીયે છીયે. તેવી રીતે ગણધર સુધર્માથી માંડી શ્રી ભદ્રબાહુસ્વામી સુધી પણ અનેક સૂત્રો રચાયેલાં હોવાં જ જોઇયે; તેથી જ શ્રી સિદ્ધસેન ગણિ વગેરે આવશ્યક સૂત્રને શ્રી જંબુ, પ્રભવ આદિ આચાર્ય પ્રણીત કહે છે. અલબત્ત, એ સૂત્ર સમૂહમાં કોઈ કોઇ સૂત્ર ગૌતમાદિ ગણધર કૃત પણ હોય એવી સંભાવનાને ખાસ સ્થાન છે; પણ અહીં મારો મુદ્દો સંપૂર્ણ ઉપલબ્ધ આવશ્યકના કર્તા સંબંધે છે. હું પહેલાં જ સૂચિત કરી ગયો છું કે ઉપલબ્ધ પ્રમાણો માત્ર એટલું જ સાબિત કરી શકે કે ઉપલબ્ધ સંપૂર્ણ આવશ્યકશ્રુતસ્કંધ ગણધર કૃત નથી; આથી કોઇ અમુક સૂત્ર ગણધરકૃત હોય એમ માનવામાં કશો જ બાદ નથી અને તેથી જ શ્રી હરિભદ્રસૂરિના 'ઇરિયાવહિય સૂત્ર ગણધર કથિત છે એવા મતલબના' ઉલ્લેખને પણ ઘટાવી શકાય તેમ છે.

સંપૂર્ણ આવશ્યકના સૂત્રો કોઇ એક જ કર્તાની કૃતિ હોય તેમ નથી. તેના કર્તા શ્રી જંબુ, પ્રભવ આદિ અનેક સ્થવિરો હોય તેવો સંભવ છે, અને તેમ છતાં તે આવશ્યકનું પ્રાચીનત્વ અને મહત્ત્વ જરાયે ઘટતું નથી. હવે પછી કોઇ વિચારક સંપૂર્ણ આવશ્યક સૂત્રને ગણધરકૃત સાબિત કરે એવા સ્પષ્ટ ઉલ્લેખો રજુ કરશે તો તે સંબંધમાં જરા પણ પૂર્વગ્રહ રાખ્યા સિવાય પ્રમાણાનુસારી વિચાર કરવા અને ફરી પ્રમાણોનું બલાબલ તપાસવા પ્રયત્ન થશે.

સંપૂર્ણ ઉપલબ્ધ આવશ્યકશ્રુતસ્કંધ ગણધરકૃત નથી. તેમ જ તેનાં બધાં સૂત્રો કોઈ એક કર્તાની કૃતિ નથી એ વાત જો ઉપરની વિચારસરણીથી સાબિત થતી હોય તો યે કેટલુંક ખાસ વિચારવાનું અને પરીક્ષણ કરવાનું કામ બાકી રહે છે. જેમ કે ભગવાન મહાવીરના સમયમાં ક્યાં ક્યાં આવશ્યકને લગતાં સૂત્રો વ્યવહારમાં આવતાં અને કયાં કયાં તે વખતે રચાયેલાં, તેમ જ તે પ્રાચીન સૂત્રો ચાલુ રહીને નવીન સૂત્રો કયાં કયાં ક્યારે ક્યારે ઉમેરાયાં; તેમ જ નવીન સૂત્રો દાખલ થતાં કયાં અને કેટલાં પ્રાચીન સૂત્રો વ્યવહારમાંથી અદૃશ્ય થયાં અગર તો રૂપાન્તર પામ્યાં; તેમ જ પ્રત્યેક પ્રાચીન કે ઉત્તર કાલીન સૂત્રો કોની કોની કૃતિ છેઃ આ અને આના જેવા અનેક વિચારણીય પ્રશ્નો છે. તેનો ઊહાપોહ કરવાનું મન નથી એમ તો નહિ જ. પણ અત્યારે એ કામ કરવા સાવકાશ ન હોવાથી વિચારક અને ઐતિહાસિક વિદ્વાનોનું આ બાબત તરફ લક્ષ્ય ખેંચું છું. આશા છે કે વિદ્વા-રસિકો આ બાબતમાં વધારે મહેનત કરી નવું ઘણું જાણવા જેવું ઉપસ્થિત કરશે.

Aho ! Shrutgyanam

અહાર પડી ચુકેલ છે.

# મહીલા-મહોદય

બીજી આવૃત્તિ

## ભાગ ૨ જો.

## –: જેમાં :–

**જીવન જીવવાની કળા—**

આહાર–વિહાર, ખાન–પાન, રહેણી–કરણીના અનુભવને અભાવે અકાળે કરમાઇ જતાં જીવનને નવપલ્લવિત કરી દીર્ઘાયુ બનાવવાની કળા આ ગ્રંથમાં તમે જોશો.

**સંતા। સિદ્ધિનો ચમત્કાર—**

ગર્ભ ન રહેવાના કારણોનું સંશોધન કરીને ગર્ભસ્થાનના દર્દોની ચિકિત્સા તથા તેને દૂર કરવાના પ્રયોગો (ક્ષેત્ર શુદ્ધિ) તેમજ પુરૂષોના ઋતુદાનને અંગેના દોષો તથા તેના ઉપચારો (બીજક શુદ્ધિ) તેની સંપૂર્ણ હકીકત સાથે મહર્ષિઓથી આદેશાયેલા અપ્રગટ હસ્ત લીખિત તાડપત્રો આદિમાંથી સંશોધન કરીને લેખકે બાસઠ બાસઠ વર્ષના એકધારા અનુભવ પછી ઘરગતુ ઉપચારો આપેલા છે; તેમજ શક્તિ, તેજ માટે સેંકડોના ભોગે મળતી ગુટિકાઓ, તૈલો, યાકુતિઓના સહજ–સુલભ વાજીકરણ પ્રયોગો પણ આ ગ્રંથમાં સ્પષ્ટ અને વિસ્તારથી જોશો.

**સુવાવડીનો સાથી—**

ગર્ભ ઉછેર તથા પ્રસુતિ પ્રસંગનું સંરક્ષણ જાણવાના અભાવે અનેક ઉગીને ઉભી થતી બહેનો જીવન ખોઇ બેસે છે. અથવા તો મુડદાલ–નિઃસત્વ બની જાય છે. તેમને આ પ્રકરણ આશિર્વાદરૂપ થઇ પડશે. કેમકે તેમાં ગર્ભ રહે ત્યારથી ગર્ભઉછેર અને ગર્ભવતીના આરોગ્ય માટે જરૂરી દરેક હકીકતો, તેમજ સુવાવડી અને સુવાણી (દાયા) માટે જરૂરી ઝીણી–મોટી સમજુતીનો સમાવેશ કર્યો છે.

**બાળઉછેરના જીવન મંત્રો—**

ગર્ભમાં અને જન્મ પછી બાળકોના પોષણ–રક્ષણ તેમજ વિકાસને લગતું વિસ્તૃત માર્ગદર્શન આ પ્રકરણમાં તમે જોશો.

એકંદર આ ગ્રંથ કેવળ વાંચવાનો પોથો નથી; પરંતુ **સ્ત્રીઓનું કલ્પવૃક્ષ** યાને **જીવન-રક્ષાનો રાજવૈદ્ય** છે. તેમ ખાત્રી થવાથી તેની પહેલી આવૃત્તિ એક મહીનામાંજ ઉપડી ગઇ છે, એટલુંજ નહીં પરંતુ મુંબઇ સરકાર તથા જુનાગઢ, ગોંડલ, વગેરે દેશી રાજ્યોના કેળવણીખાતાએ લાયબ્રેરીઓ તથા ઇનામ માટે **"મહીલા મહોદય"** ગ્રંથ મંજુર કરેલ છે. તેમજ તેની ઉપયોગીતા બતાવનારા સેંકડો પ્રમાણ પત્રો આવી પડયા છે. જે પૈકી કેટલાક પત્રોમાંથી ટુંક અવતરણો આ નીચે આપવા દુરસ્ત ધારીએ છીયે.

Abo I Shrutgyanam

+++પુસ્તકનું હેડીંગ વાંચતાં સ્ત્રીઓને બોધક ઉપયોગી પુસ્તક હશે એમ જણાય ખરૂં પણ તેની અંદર સ્ત્રીઓને તેમજ બાળકોને ઉપયોગી થઈ પડે તેવું આ એક ઉત્તમ વૈદ્યક પુસ્તક છે. +++દરદોના અનુભવી ઉપાયો આપવામાં આવેલા છે. "વૈદ્યકલ્પતરૂ"

* * *

આરોગ્યની દ્રષ્ટિએ કિમતી વિગતો સમાવવામાં આવી છે. પહેલા પરિચ્છેદમાં પ્રજોત્પત્તિ, બીજામાં ગર્ભરક્ષણ અને પ્રસૂતિ અને ત્રીજામાં સુવાવડ, બાળઉછેર અને આનુષંગિક વિષયોનું વિવેચન કરવામાં આવ્યું છે. +++આવા ૨૮૮ પાનાના કિમતી પુસ્તક માટે રૂા. બેની કિમ્મત વધારે કહી શકાય નહિ. તેનું ગેટઅપ, બાઈન્ડીંગ અને છપાઇ સારાં છે.

"મુંબઈ સમાચાર."

* * *

+++જ્યારથી પહેલો ભાગ પ્રકટ થયો ત્યારથીજ તેના વાંચકોને ઉત્કંઠા રહેલી હતી કે કયારે બીજો ભાગ પ્રકટ થાય? +++પહેલા ભાગમાં નિરોગી રહેવા માટે એવાં તત્વો સમર્પવામાં આવ્યાં છે કે—બીજાં વધુ તત્વો માટે મોહ રહી જાય. +++( બીજા ભાગમાં ) અનેક રોગો, કારણો, અને તેના ઘરગથ્થુ પુષ્કળ નુસ્ખાઓ આપેલા છે. +++ડોકટરોની ફી અને દવામાં પૈસા ખર્ચવાની જેમની શકિત ન હોય તેવા મધ્યમ અને ગરીબ વર્ગના લોકો માટે આ પુસ્તક અતિ ઉપયોગી થઇ પડે તેમ છે. "ગુજરાતી પંચ"—અમદાવાદ.

* * *

++માત્ર સ્ત્રીઓએજ આ પુસ્તકમાં લખેલી વિગતો જાણવાનીજ છે એમ નથી. એમાંનું ઘણું પુરૂષને પણ જાણવા જેવું છે. અને સામાન્ય વાંચકને ઉપયોગી થાય એવું ઘણું છે.

"બેડા વર્ત્તમાન."

* * *

અનેક દર્દોનાં લક્ષણો, અને તે ટાળવાના ઉપાય, આયુષ્યવૃદ્ધના નિયમો વગેરે સરસ, સુંદર અને સચોટ ભાષામાં વર્ણવેલ છે. આ પુસ્તકમાં દર્શાવેલા નિયમોનો અમલ કરવામાં આવે તો (સ્ત્રીઓ) તંદુરસ્તી સહેલાઇથી સાચવી શકે, વૈદ્ય ડોકટરોની ભાગ્યેજ આવશ્યકતા રહે. +++દરેક ગૃહસ્થોએ પોતાના ઘરમાં આ પુસ્તક ખાસ સંગ્રહ કરવા યોગ્ય છે. +++આવાં પુસ્તકો પ્રકટ થવાથી સ્ત્રીઓ પોતાની શારીરિક અને માનસિક સ્થિતિ સુધારવા ઉપરાંત પોતાનાં બાળકોની માવજત પ્રત્યે સંપૂર્ણ લક્ષ દોરવી ભવિષ્યના સંતતિને તંદુરસ્ત અને દીર્ઘાયુષી બનાવવા પ્રેરાશે. "હિતેચ્છુ" કરાંચી.

* * *

**ऐसी लोकोपयोगी पुस्तकको प्रकटकर निःसन्देह आपने सर्व साधारणका महान हित साधन कीया है।** जैन महावीर वांचनालय,

* * *

**उमर लायक कन्या, विधवा, सधवा और बाल बच्चेदार स्त्रीयां इससे बहोत लाभ उठा सकती है। हम रचयिताको शतशः धन्यवाद देते है।** "सरस्वती"

* * *

+++આ પુસ્તક સ્ત્રીજીવનના આધાર તરીકે અતિ ઉપયોગી છે. +++અમે ન્યાયથી કહીએ છીએ કે-હાલના વખતમાં એક નારીએ સન્નારી બનવાને આ પુસ્તક એક સુંદર સહાય સમાન છે. +++દરેક કુટુંબની દરેકે દરેક સ્ત્રીઓએ આવા પુસ્તકનો નિરંતર અભ્યાસ કરવો ઉચિત છે. સ્ત્રીઓના સર્વ ધર્મ આ પુસ્તકમાં ભરપુર છે. ગ્લેજ કાગળપર સુંદર છપાઇ સાથે કપડાના પાકા પુઠ્ઠાનું આ પુસ્તક છતાં બે રૂપિયા કિમ્મત રાખી છે તે કંઇ વિશેષ તો નથીજ.

"દેશીમિત્ર"—સુરત.

Aho ! Shrutgyanam

# આ ગ્રંથમાં આવેલ વિષયો પૈકી નીચેના પણ છે.

## પ્રથમ પરિચ્છેદ પ્રજોત્પત્તિ, ક્ષેત્રશુદ્ધિ વિભાગ.

વિષયાંક. વિષય.


૧ સંતતિનું મૂલ્ય.
૨ ગર્ભ ન રહેવાનાં કારણો.
૩ કમળાનું ફરી જવું.
૪ સ્ત્રીઓનાં સાત ગુપ્ત દર્દો, તેનાં લક્ષણો અને ઉપાયો.
૫ સલેમાન હકીમના ઉપાય.
૬ બાલી ગયેલ સ્ત્રીને ગર્ભ રહેવાના ઉપાય.
૭ ઋતુપ્રાપ્તિ ( અટકાવ. )
૮ ન્યૂનાર્ત્તવ.
૯ પીડિતાર્તવ.
૧૦ નષ્ટાર્તવ.
૧૧ લોહીવા.
૧૨ પ્રદરના ભેદ તથા ઉપાયો.
૧૩ મદનમોદક ગુટિકાની કૃતિ.
૧૪ મેથીના લાડુ.
૧૫ મોતીની ભસ્મ.
૧૬ સુંદર સૌભાગ્યપાક.
૧૭ ઘૃતકૂળ.
૧૮ ઋતુશુદ્ધિ.
૧૯ ગર્ભાશયનાં વિવિધ દર્દો દૂર કરી ગર્ભ રહેવાનાં ઉપાયો.
૨૦ ફળફળાદિની શક્તિ.
૨૧ મદનફળ.
૨૨ અંગત્રુટ અને પેટશૂળ.
૨૩ કેળાંનો પ્રયોગ.
૨૪ પીપળાનો પ્રયોગ.
૨૫ અશ્વગંધાનો પ્રયોગ.
૨૬ બાખરાનો પ્રયોગ.
૨૭ શિવલિંગીનો પ્રયોગ.
૨૮ બીજોરાંનો પ્રયોગ.
૨૯ ઉપચારોનું પૃથક્કરણ.
૩૦ પુત્ર કે પુત્રિપ્રાપ્તિ.


## બીજક્ષુદ્ધિ વિભાગ.


૩૧ સંતતિ ન થવાનાં કારણ માટે સ્ત્રી–પુરૂષની પરીક્ષા.
૩૨ દેહનો રાજા.
૩૩ બાળ લક્ષ્મ.
૩૪ ચા અને કૉફી.
૩૫ તમાકુ.
૩૬ વ્યસનો છોડવાના ઉપાય.
૩૭ વ્યસનહર ગુટિકા.
૩૮ કુદરતી શક્તિનો બળતો.
૩૯ ખાંડ કે ગુડ.
૪૦ સંચાનો લોટ.
૪૧ બ્હેનોના બંદવાડ.
૪૨ જીવવાનો હક્ક.
૪૩ દીર્ઘાયુષ્ય ભોગવનારાં મનુષ્યો.
૪૪ આત્મહત્યા.
૪૫ વિચારની નબળાઈ.
૪૬ આયુષ્ય ક્રમ ટૂટે છે ?
૪૭ ધાતુક્ષીણતા.
૪૮ ઉપવાસ.
૪૯ ધાતુપુષ્ટિ ( વીર્યવૃદ્ધિ ) ના ઉપાયો.
૫૦ ધાતુપૌષ્ટિક પાક.
૫૧ કામોદ્દીપન અને વીર્યસ્તંભન ઉપચારો.
૫૨ કામોદ્દીપન ગુટિકા.
૫૩ ધાતુસ્તંભન ટુચકા.
૫૪ શંઢોપચાર ( વાજીકરણ ).
૫૫ શંઢત્વવિનાશ લેપની કૃતિ.
૫૬ અમીરી ઉપચારો.
૫૭ મકરધ્વજ ગુટિકાની કૃતિ.
૫૮ કામદેવ ,, ,,
૫૯ યાકુતી.
૬૦ પ્રમેહના ભેદ અને ઉપચારો.
૬૧ ઉપદંશ ( ચાંદી–ટાંકી ) અને તેના ઉપચાર.
૬૨ ,, બાવાના ઉપચાર.
૬૩ મલમના ઉપચારો.
૬૪ ધૂમાડી આપવાનો ઉપાય.
૬૫ મોહું આણવું તથા વાળવું.
૬૬ અંડવૃદ્ધિ.
૬૭ સ્ત્રીઓનાં વૃષણ.
૬૮ ગળગુથી.
૬૯ અંડવૃદ્ધિનો લેપ અને ભેદ
૭૦ મુત્રકૃચ્છ તથા પથરી.
૭૧ ગર્ભ ન રહેવાના પ્રયોગો.


## દ્વિતીય પરિચ્છેદ–ગર્ભરક્ષણ અને પ્રસૂતિ.


૭૨ ગર્ભરક્ષણ.
૭૩ ગર્ભ રહેવાનાં ચિન્હો.
૭૪ ત્રણ મહીને ગર્ભપતન.
૭૫ વાધુ ચઢવો.
૭૬ લાંબના મહીના.
૭૭ ગર્ભિણીને ધ્યાનમાં લેવા યોગ્ય સૂચના.
૭૮ ગર્ભિણીનો ખોરાક.
૭૯ સગર્ભા સ્ત્રીનાં દર્દો અને ઉપાયો.
૮૦ સ્તન વૃદ્ધિ.
૮૧ ગર્ભિણીને પુષ્ટિકર ઉપાયો.
૮૨ ગર્ભવિનોદ રસ.
૮૩ ગર્ભવિલાસ રસ.
૮૪ કસુવાવડ.
૮૫ જોડીયો ગર્ભ.
૮૬ કસુવાવડ થતી અટકાવવાના ઉપાય.
૮૭ આવતી વેણો અટકાવવાનો ઉપાય.
૮૮ ગર્ભસ્રાવની ત્રણ અવસ્થા.
૮૯ અગમચેતી.
૯૦ બાર મહીનાનો વિધિ.
૯૧ છોડ.
૯૨ છોડનો નીકાલ.
૯૩ મૃઢ ગર્ભ.
૯૪ પ્રસવ બળ.
૯૫ રહેણીકરણી.
૯૬ પ્રસવના ચિન્હો.


Aho ! Shrutgyanam

૯૭ પ્રસૂતિગૃહ.
૯૮ ભેજ્યથી થતું નુકશાન.
૯૯ સુયાણી.
૧૦૦ પ્રસવવેદના શરૂ થવાના ચિન્હો.
૧૦૧ છોકરૂં સીધું છે કે આડું તેની તપાસ.
૧૦૨ ગર્ભ આડો કયારે હોય છે.
૧૦૩ મુવેલો ગર્ભ.
૧૦૪ પ્રસવની પહેલી અવસ્થા.
૧૦૫ જરાયુ.
૧૦૬ પ્રસવની બીજી અવસ્થા.
૧૦૭ ,, ત્રીજી અવસ્થા.
૧૦૮ નાળ.
૧૦૯ પ્રસવનો વેગ.
૧૧૦ બાળકનો જીવનશ્વાસ.
૧૧૧ નાળછેદન.
૧૧૨ ઓરનો નીકાલ.
૧૧૩ જરાયુની વ્યવસ્થા.

## તૃતીય પરિચ્છેદ–સુવાવડ અને બાળઉછેર.

૧૧૪ નવો અવતાર.
૧૧૫ શાંતિ.
૧૧૬ શેક.
૧૧૭ લોહીનો પ્રવાહ.
૧૧૮ હવાથી રક્ષણ.
૧૧૯ શરદી.
૧૨૦ ખુલ્લી હવા.
૧૨૧ શરીરશુદ્ધિ.
૧૨૨ ખાનપાન.
૧૨૩ મળશુદ્ધિ.
૧૨૪ પેટનો ચડાવો.
૧૨૫ સુવા રોગ.
૧૨૬ દેવદારાદિ કવાથ
૧૨૭ પંચજીરાદિ પાક
૧૨૮ સૌભાગ્ય સુંઠીપાક
૧૨૯ દશમૂલાદિ કવાથ
૧૩૦ સૂતિકા રોગહર કવાથ
૧૩૧ લાહી ચૂર્ણ.
૧૩૨ સુલેમાની ક્ષાર
૧૩૩ સૂતિકા વાતરોગ.
૧૩૪ યોની ભ્રંશ.
૧૩૫ ગુહ્યાંગ પ્રદેશદાહ.
૧૩૬ કમળનું ફરી જવું.
૧૩૭ યોની દદ.
૧૩૮ યોનીનાં ચાંદાં કે દુખાવો.
૧૩૯ મક્કલ રોગ.
૧૪૦ યોની તંગ
૧૪૧ સ્તન રોગ.
૧૪૨ સોજા.
૧૪૩ સૂતિકા સન્નિપાત.
૧૪૪ મનની નબળાઇ.
૧૪૫ હીસ્ટ્રીયા ( અપસ્માર )
૧૪૬ ,, ઉપાયો.
૧૪૭ સંયમ.
૧૪૮ ગુન્હાની સજા.
૧૪૯ માતાની ફરજ.
૧૫૦ બાળનું શિક્ષણ.
૧૫૧ બાળજિજ્ઞાસા.
૧૫૨ મિથ્યા ભયનું ઝેર.
૧૫૩ બુદ્ધિનો વિકાસ.
૧૫૪ બાળઉછેર.
૧૫૫ પ્રસવ પછીની બાળસંભાળ.
૧૫૬ અંઘાળ. ( શરીર શુદ્ધિ )
૧૫૭ ગળથુથી.
૧૫૮ આરામ.
૧૫૯ ધાવણ.
૧૬૦ સ્તનપાન.
૧૬૧ ધાવણની પરિક્ષા અને ધાવણ શુદ્ધિ.
૧૬૨ ધાવણની કિંમત.
૧૬૩ ધાવમાતા.
૧૬૪ ધાવણને બદલે દુધ
૧૬૫ ધાવણવૃદ્ધિનો ઉપાય.
૧૬૬ ધાવણને હિતકર ખોરાક અને સંભાળ.
૧૬૭ ધાવણની ઉલટી.
૧૬૮ બાળક ન ધાવતું હોય તો.
૧૬૯ બાળકના દદની દવા.
૧૭૦ બાળકનો રોગ ને માતાને દવા.
૧૭૧ દવાનું પ્રમાણ.
૧૭૨ બાળચાતુરભદ્ર.
૧૭૩ બાલામૃત.
૧૭૪ સામાન્ય પૌષ્ટિક ઉપાય.
૧૭૫ કૃમી ( કરીમ )
૧૭૬ તાવ.
૧૭૭ ભદ્ર મુક્તાદિ કવાથ.
૧૭૮ ઉધરસ.
૧૭૯ મોટી ઉધરસ. ( કુકડીયા ખાંસી )
૧૮૦ અસ્વચકી ( તાણ )
૧૮૧ ભરાઇ જવું.
૧૮૨ પેશાબનો બગાડ.
૧૮૩ મૂત્રકૃચ્છ.
૧૮૪ ઉલટી.
૧૮૫ ઝાડો, મરડો તથા અતિસાર
૧૮૬ ગળું પડવું ( બાળશોષ )
૧૮૭ બાળકનું તવાઇ જવું.
૧૮૮ નાભીનો પાક.
૧૮૯ ગુદા પાક.
૧૯૦ મોંનો પાક.
૧૯૧ ખુજલી ( ચામડીના વિકારો )
૧૯૨ જખમની ફોડલીઓ.
૧૯૩ કાનના ચાસકા.
૧૯૪ દાંત ફુટવા.
૧૯૫ રતવા.
૧૯૬ શીળસ.
૧૯૭ અછબડા.
૧૯૮ ઓરી.
૧૯૯ હાંક. વગેરે
૨૦૦ પારધલો.
૨૦૧ મુખશુદ્ધિ
૨૦૨ આંખો
૨૦૩ બાળકનો ખોરાક
૨૦૪ પશ્ચિમનું બાળરક્ષણ.
૨૦૫ પ્રકીર્ણ.
વિગેરે વિગેરે

આ અનુક્રમણિકા મહિલા મહોદય ભાગ ૨ જાની છે. જ્યારે પહેલા ભાગમાં સાત પરિચ્છેદ અને આવા જ ઉપયોગી અને તદ્દન નવાજ ૧૪૮ વિષયો જોશો. ( આ ગ્રંથ સચીત્ર છે. )

**દરેક ભાગની કીંમત રૂા. બે.** મળવાનું સ્થાન—જૈન પત્રની ઓફીસ-ભાવનગર.

Aho ! Shrutgyanam

# ઐતિહાસિક નોવેલો.

☞ જો તમારે ☜

ઇતિહાસને નામે કાલ્પનિક પાત્રો ઉભાં કરીને મનસ્વી રંગોના ઓપ ચઢાવેલાં નોવેલોની મલીન છાયાથી બચી જવું હોય—

તો

છેલ્લા એક હજાર વર્ષના લગભગ તેજ અરસામાં લખાએલ પ્રમાણિક ઇતિહાસ નજર સામે રાખીને લખાએલ નીચેના—

## પ્રમાણભૂત ઐતિહાસિક નોવેલો

વાંચવા ભલામણ છે.

# ગુજરાતનું ગૌરવ યાને

# વિમળમંત્રીનો વિજય.

ઇ. સ. ના અગ્યારમા સૈકામા ગુજરાતની આણ છેક સીંધ અને માળવા સુધી ફેલાવનાર—

## ભીમ બાણાવળી

ના સમયની આ ઐતિહાસિક નવલકથા ગુર્જર પ્રજાનાં શૌર્ય સત્તા અને જાગૃતિનો સ્પષ્ટ ખ્યાલ આપે છે.

૨૭ ફોર્મ. પાકું પૂઠું. છતાં કિં. રૂા. ૨–૦–૦

Aho ! Shrutgyanam

# બારમી સદીનું ગુજરાત

યાને

## ગુર્જરેશ્વર કુમારપાળ.

ગુજરાતની જાહોજલાલીનો સૂર્ય જ્યારે પૂરબહારમાં તપી રહ્યો હતો તે સમયનો સત્તાવાર ઇતિહાસ તેજ પ્રસંગે લખાયેલો મોજુદ છતાં ભાઇ મુન્શીએ આડંબરી શૈલીનો આશ્રય લઇ—

### —: ગુજરાતનો નાથ:—

વગેરે ઐતિહાસીક નવલકથાઓ દ્વારા ઘણા ઐતિહાસિક મહાપુરૂષોને અન્યાય આપ્યો છે. તે બંધું મિથ્યાપણું જોઇ શકાય તેમજ એ સમયમાં લખાએલા પ્રમાણિક ઇતિહાસને અનુસરી સત્ય વાતો જ બ્હાર આવે એ માટે આ નોવેલ રસપૂર્ણ શૈલીયે તૈયાર કરેલ છે. તેમાં—

### —: ગુર્જરપતિ સિધ્ધરાજ જયસિંહ :—

ના સમયનો ઇતિહાસ, માળવા, બુદેલખંડ, સૌરાષ્ટ્ર તેમજ મારવાડમાં વિજય, પટણીઓનું પ્રાધાન્ય વગેરે ૮૫ પ્રકરણો છે.

સત્તાવન ફર્મા. પાકું બાઇન્ડીંગ. કિં. રૂા. ૪–૦–૦

Aho ! Shrutgyanam

# પાટણની ચડતીપડતી

યાને

# વીરશિરોમણી વસ્તુપાળ.

( ભાગ ૧-૨-૩ )

卐

તેરમી સદીના પ્રારંભમાં દીલ્હીના ચૌહાણો, આબુના પરમારો વગેરે હિંદની રાજપુતસત્તાઓ સાથેની અથડામણીનો લાભ લઇ મુસ્લીમ સત્તાયે હિંદમાં શરૂ કરેલી જમાવટ–ભોળા ભીમદેવની ભોળાઇથી અણહીલપુરની આપત્તિ–ધવલપુર ( ધોળકા ) ના સોલંકી સરદાર–વાઘેલા—

## વીરધવલનું વીરત્વ

તથા મંત્રી વસ્તુપાળ અને સેનાપતિ તેજપાળનાં અદ્‌ભુત પરાક્રમોનો ઇતિહાસ આ નવલકથામાં એવો તો સચોટ અને સત્યપૂર્ણ વર્ણવ્યો છે કે તે વાંચવો શરૂ કરવા પછી ત્રણે ભાગ પૂરા વાંચવા જ પડશે.

દરેક ભાગની કીંમત રૂા. બબે.

એક સાથે કી. રૂા. ૫-૦-૦

# મેવાડનો પુનરૂદ્ધાર

કિંવા

ભાગ્ય વિધાયક ભામાશાહ.

મુગલ સત્તાની છાયામાં જ્યારે ધીમે ધીમે રાજપૂત તેજ ઝાંખું પડવા લાગ્યું હતું ત્યારે મેવાડપતિ

## મહારાણા પ્રતાપ

ના બાહુબળે રાષ્ટ્ર અને ધર્મનું રક્ષણ કેવી રીતે કર્યું ? તેનો શૌર્યભર્યો ઇતિહાસ આ નોવેલ દ્વારા વાંચવાથી કોઇપણ દેશાભિમાની ભાઇ બ્હેનના દીલમાં રાષ્ટ્રભાવનાનું નવું ચૈતન્ય રેડાયા વિના રહેશે નહિ.

કિં. રૂા. ૨-૦-૦

# ધર્મજીજ્ઞાસુ અકબર.

સમ્રાટ્ અકબરના સમયનો હિંદનો ઇતિહાસ જાણનારે આ નવલકથા અવશ્ય વાંચવી પડશે. તેમાં સમ્રાટ્ અકબરની રાજનીતિ –ધાર્મીક વલણ તથા આ૦ શ્રી હીરવિજયસૂરિનો પરિચય વગેરે ૨૮ પ્રકરણો છે.

પાકું પૂઠું. કિં. રૂા. ૨-૦-૦

Aho ! Shrutgyanam

# યાત્રાનાં ધામ.

પવિત્ર વાતાવરણનાં પૂંજ જ્યાં ઉભરાતાં હોય તે યાત્રાનાં ધામ કહેવાય.

આવા પવિત્ર સ્થાનનું સેવન–સ્પર્શન થતાં હૃદયનાં મેલ પીગળી જાય અને મહાન્ પ્રભુના ગુણકિર્તનમાં તદ્રૂપ થતાં મનના વેગ શમી જવાથી આત્માનું કલ્યાણ થાય છે.

એ પ્રભુના ધામોની પવિત્રતાના રક્ષણ અર્થે પૂર્વે આર્યરાજવીઓ માથાં મુકતાં–એ કાળજુનો ભાવ પલટાઇને આજે તેજ આર્ય રાજસપૂતોને પાશ્ચમના સત્તામોહી વાતાવરણે આંજી દેવાથી તીર્થદ્રવ્યની લાલચમાં લપટાયા હોય તેમ પુરવાર કરતો સપ્રમાણ અને સત્તાવાર ઇતિહાસ—

## જૈનો વિરૂદ્ધ પાલીતાણા

નામના ગ્રંથમાં સવિસ્તર વર્ણવ્યો છે કે જે જાણવાથી દરેક આર્યસંતાન તીર્થની પવિત્રતા સમજીને તેના રક્ષણ માટે–પોતપોતાની માનુષી જવાબદારી માટે તીર્થભક્ત અને વફાદાર થઇ શકશે.

કીં. રૂા. ૧૨–૦–૦

ઉપલા દરેક પુસ્તકો મળવાનું સ્થળ:—

લખો—

## જૈન પત્રની ઓફીસ—ભાવનગર.

Aho ! Shrutgyanam

जैनतत्त्वज्ञानना पिपासुओने खुष खबर

संस्कृत–प्राकृत भाषाना अभ्यासिओने सु समाचार

जैन साहित्यना ग्रंथ संग्राहकोने प्रिय निवेदन

# आर्हतमतप्रभाकर कार्यालयद्वारा प्रकाशित
# जैन साहित्यना उत्तमोत्तम
# संस्कृत–प्राकृत ग्रंथो.

आ संस्थाओ प्रारंभेल ग्रंथप्रकाशनकार्यना फळ रूपे हालमां दुष्प्राप्य एवा जैन आगम तथा पूर्वाचार्य रचित जैन न्याय, व्याकरणादिक अवश्य संग्रह करवा योग्य शास्त्रीय ग्रंथो विद्वानोनी सहायताथी संशोधन करवा-पूर्वक अर्थबोधक अने मतपरिचायक टिप्पणी, विस्तृत प्रस्तावना अने परिशिष्ट विगेरे अथवा इंग्लिश नोट्स, शब्दकोश विगेरे साथे सुन्दर बालबोध टाईपथी डेमी अष्ट पेजी पंचावन रतली ग्लेज कागळ उपर पुस्तकाकारे सुन्दर छपाया छे ने छपाई रह्या छे. जैन साहित्यनो प्रसार करवाना मुख्य उद्देशथी ज संस्थाओ ग्रंथनी किंमत तेने अंगे थयेला खर्च जेटली ज राखेली होवाथी एतद्देशीय तथा परदेशीय संस्थाओद्वारा प्रकाशित ग्रंथनी नजरे नजीवी छे. ए बाबत ग्रंथ जोतां ज दरेकनी खात्री थया विना कदापि नही रहे. आ ग्रंथोमांनां घणा खरा ग्रंथो मुंबाई, कलकत्ता विगेरे युनिवर्सिटीओ, श्रीमहावीर जैन विद्यालय तथा श्री वीरतत्त्व प्रकाशक मंडळ विगेरे आदर्श संस्थाओओ अभ्यासक्रम माटे नीम्यां होवाथी दरेक अभ्यासिओओ तथा तत्त्वजिज्ञासुओओ आ लाभ लेवा कदापि नही चुकवुं. ग्रंथनी नकलो थोडी ज होवाथी तेम ज ग्रंथो शिक्षणक्रममां निमाओला होवाथी ग्राहको तरफथी घणी मागणी आव्या करे छे, माटे तैयार ग्रंथो वी. पी. थी मंगावी लेवा अने छपाता माटे अगाउथी दरेक ग्रंथ पाछळ रूपिओ एक मोकली ग्राहक लीस्टमां नाम दाखल करावबा शीघ्रता करवी. जेथी संस्थाने उत्तेजन मळे अने साहित्य सेवानुं श्रेय संपादन करवामां संस्थाचालकोना सहभागी थई शकाय. तेमज भविष्यमां ग्रंथो न मळवाथी निराश थवानो प्रसंग न आवे.

१ कलिकालसर्वज्ञ श्री हेमचन्द्राचार्यरचित प्रमाणमीमांसा स्वोपज्ञवृत्तिसह पृष्ठ लगभग १४५ किंमत ३. १.

२ कलिकालसर्वज्ञ श्री हेमचन्द्राचार्यरचित अन्ययोगव्यवच्छेदिका श्री मल्लिषेणसूरिकृत स्याद्वादमंजरी टीका साथे पृष्ठ लगभग ३२० किं. ३. २.

पोष्टखर्च शिवाय,

## नीचेनां पुस्तको छपाय छे.

३ प्राकृतव्याकरण स्वोपज्ञवृत्ति सह.

४ छंदोऽनुशासन स्वोपज्ञवृत्ति सह.

५ जैन शासनना परमप्रभावक श्री वादिदेवसूरिकृत प्रमाणनयतत्त्वालोकालंकार स्वोपज्ञ स्याद्वादरत्नाकर (उपलब्ध भाग परिच्छेद ७ लगभग) बृहट्टीका साथे.

६ सभाष्य तत्त्वार्थाधिगमसूत्र आठ कर्मोना स्वरूप-दर्शक फोटाओ सहित.

७ श्रीमद् हरिभद्रसूरिकृत अनेकांतजयपताका स्वोपज्ञ वृत्ति अने श्रीमुनिचन्द्रसूरिकृत टिप्पणीसह

८ औपपातिक सूत्र (मूळ इंग्लिश नोट्स साथे)

९ सूत्रकृतांग सूत्र (मूळ इंग्लिश नोट्स साथे.)

## मळवानूं ठेकाणुं—

१ आर्हतमतप्रभाकर कार्यालय, पूना सिटी.

२ जैन साहित्य संशोधक कार्यालय, एलिस ब्रिज, अमदाबाद.

३ शा शंभुलाल जगशीभाई, ठे. उस्मानपुरा पुरातत्त्व मंदिर, अमदाबाद.

४ मेसर्स मोतीलाल बनारसीदास ठे सय्यद मिठ्ठा बजार, लाहोर. (पंजाब)


'हनुमान' प्रेस, पुणे शहर.

Aho ! Shrutgyanam

Aho ! Shrutgyanam

# आचार्य श्रीजिनविजय सम्पादित ग्रन्थोनी नामावली

१ जैन तत्त्वसार ( हिन्दी अनुवाद )

२ विज्ञप्ति त्रिवेणी ( स [redacted] हिन्दी प्रस्तावना )

३ कृपारस कोष ( ,, ,, ,, )

४ शत्रुंजय तीर्थोद्धार प्रबन्ध ,, ,,

५ द्रौपदी स्वयंवर नाटक ,, ,,

६ प्राचीन जैन लेख संग्रह भाग १ लो. ( प्राकृत मूळ-गुजराती विवेचन. )

७ ,, भाग २ जो ( ५५७ शिलालेखनो संग्रह. ,, )

८ जैन ऐतिहासिक गूर्जरकाव्य संचय (३३ ऐतिहासिक रासोनो मोटो संग्रह.)

९ हरिभद्राचार्यस्य समयनिर्णयः ( स्वतंत्र संस्कृत निबंध )

१० कुमारपाल प्रतिबोध ( प्राकृत भाषानो १२ हजार श्लोकनो महान् ग्रंथ. )

११ प्राकृत कथा संग्रह ( गूजरात पुरातत्त्व मंदिर ग्रंथावली ]

१२ पाली पाठावली ( पाली भाषानी पाठमाळा. गू. पु. मं. )

१३ अभिधानप्पदीपिका ( पाली भाषानो शब्दकोष गू. पु. मं. )

१४ जीतकल्पसूत्र-मूल, चूर्णि, टिप्पण समेत (विस्तृत गुजराती प्रस्तावना)

## हालमां छपाता ग्रंथो

१५ प्राचीन गूजराती गद्य संदर्भ ( १५ मा सैकाना गूजराती गद्यनो संग्रह. )

१६ गूजरातना इतिहासनो साधन-संग्रह, ग्रंथ १ लो.

(१) मेरुतुङ्गाचार्यरचित प्रबन्धचिन्तामणिः सटिप्पण।

१७ विजयदेवमाहात्म्य ( १७ मा सैकाना एक प्रसिद्ध जैनाचार्यनुं संस्कृत चरित्र )

१८ पट्टावलि संग्रहः भाग १ लो. ( खरतर गच्छनी अनेक प्राचीन पट्टावलीओ. )

## तैयार थता ग्रंथो

१९ कुवलयमाला कथा (८ मा सैकानी प्राकृतमां लखाएली एक उत्तम जैन कथा)

२० गूजरातना इतिहासनो साधनसंग्रह भाग २ जो. (शिलालेख वगेरे.)

मुद्रणस्थान : आदित्य मुद्रणालय, रायखडरोड-अमदावाद : मुद्रकः गजानन विश्वनाथ पाठक.

Aho ! Shrutgyanam